9663 (71)

૪ ● અંક : ૧ ● તા. ૧૬-૧-૧૯૯૩ ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## પક્ષ, વિપક્ષ, લઘુમતી, બહુમતી

અયોધ્યાની બાબરી મસ્જિદની ઘટનાના દેશવિદેશમાં ઘેરા ઘાતો પડ્યા. આગ અને ખૂનના અનેક કિસ્સાઓ મુંબઈ, સૂરત, દાવાદ, અને બીજાં ઘણાં શહેરોમાં બન્યા. પાડે પાડા લડે અને નો ખો થાય એના જેવી સ્થિતિ ભારતમાં રાજદ્વારી ક્ષેત્રે, ધર્મના સર્જાઈ.

અમુક વર્ગના લોકોની પ્રબળ ધર્મભાવનાના પરિણામ તરીકે એને વવા કરતાં સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચેના સત્તાસંઘર્ષનું જ એ ોષ પરિણામ હતું એમ કહી શકાય. એક ધ્યેય હાંસલ કરવા માટે હજારો નિર્દોષ લોકોના પ્રાણની અકારણ આહુતિ અપાઈ. ઝંડો લઈને ફરનારા કેટલાક રાજદ્વારી પુરુષો હૈયે તદ્દન નિષ્ઠુર . નબળો સત્તાધારી પક્ષ હોય, નબળી મધ્યમ કક્ષાની ધૃષ્ટ રી હોય ત્યારે અહિંસક રીતે, પ્રેમભર્યા નિખાલસ વાતાવરણમાં ઉકેલ આવતો નથી. સંકુચિત, દુષ્ટ પરિબળો જોર પકડે છે, અને પ્રજા લાચાર થઈને જોયા કરે છે. સામાજિક નેતાગીરી ેટલી નિર્બળ અને સ્વાર્થી હોય છે કે તે રાજદ્વારી નેતાગીરીની થવાની નૈતિક હિંમત ખોઈ બેસે છે અથવા તેનું કારણ ઊપજતું

જ્યારે માતૃભુમિના હિત કરતાં પક્ષીય રાજકારણનો સ્વાર્થ ચડી છે ત્યારે માતૃભૂમિને દેશભક્તિના નામે જ નુકસાન થાય છે. એક કે કહ્યું છે કે :

The best party is but a kind of conspiracy ainst the rest of the nation.

ભારતમાં લોકશાહી છે. દુનિયાની તે મોટામાં મોટી લોકશાહી છે. ા અનેક લાભ પણ છે, પરંતુ ભાષા, વર્ણ, ધર્મ અને પ્રાદેશિક ોના ઘણા બધા પ્રશ્નો ભારતમાં છે. અશિક્ષિત અને ગરીબ લોકોનું ાણ એટલું મોટું છે કે લોકશાહીના ધોરણોને તે નીચે પાડ્યા વગર નહિ. એમાં પણ રાજદ્વારી પક્ષો જ્યારે હીન આચરણ કરતાં ચકાતા નથી, અને હિંસાનો આશ્રય લે છે ત્યારે તો શરમથી માથું કે છે. લોકશાહી માટેનું ગૌરવ ઓસરી જાય છે.

સત્તાકાંક્ષી લઘુમતી પક્ષો સત્તાધારી પક્ષ માટે પ્રશ્નો, ઉપદ્રવો ઊભા રવામાં શૂરા હોય છે. કહેવાય છે કે The three ualifications of a political party are to stick to othing, to delight in flinging dirt and to slander the dark by guess.

અયોધ્યાની ઘટના પછી એના પ્રત્યાઘાત રૂપે કોમી રમખાણોની નાઓ ભારતમાં, પાકિસ્તાન અને બંગલાદેશમાં અને ઠેઠ લેન્ડમાં બની. એક ઘટનાનો પ્રત્યાઘાત કેટલે દૂર સૂધી કેટલા ાપક પ્રમાણમાં અને કેટલા લાંબા સમય સુધી પડી શકે છે અને સ્થૂલ યા સૂક્ષ્મ કેટલું મોટું નુકસાન પહોંચાડી શકે છે એ આવે પ્રસંગે જોઈ શકાય છે. ધર્માન્ધતા, સ્વાર્થ, અન્યાય, અથવા અન્યાયનો પ્રતિકાર વરેભાવ વગેરે દુષ્ટતત્ત્વો મનુષ્યના ચિત્ત ઉપર જ્યારે સવાર થઈ જાય છે ત્યારે સંહારલીલા વ્યાપક બની જાય છે. માનવજાતિ જ્યારે ડહાપણ ગુમાવી દે છે ત્યારે તે સુખશાંતિ અને સમૃદ્ધિમાંથી કેટલાંક કદમ પીછેહઠ કરે છે.

વર્ણ, જાતિ, ભાષા કે પ્રાદેશિક અસ્મિતા માટે થયેલાં રમખાણો કે યુદ્ધો કરતાં ધર્મના પ્રશ્ને વધુ રમખાણો કે યુદ્ધો થાય છે કારણ કે ધર્મનું ક્ષેત્ર જ અત્યંત સંવેદનશીલ છે અને ધાર્મિક નેતાઓની ઉશ્કેરણી લોકોને ઝનૂની બનાવી દે છે.

એવું નથી કે દરેક વખતે બે ધર્મના લોકો વચ્ચે જ અથડામણ થાય. એક જ ધર્મની બે શાખા કે વિશાખાના લોકો વચ્ચે પણ અથડામણ થાય છે. કોઈ એક ધર્મની એક નાની શાખાના જુદા જુદા મંડળો વચ્ચે પણ અથડામણો થાય છે. ઈતિહાસમાં એવા ઘણા દાખલા નોંધાયા છે. વળી એવું પણ નથી કે માત્ર ધર્મની બાબતમાં જ અથડામણ થાય. કેટલેક સ્થળે સ્થાનિક પ્રજા અને નવેસરથી આવીને વસેલી પ્રજા વચ્ચે પણ અથડામણો થાય છે. આનુવાંશિક જાતિઓ વચ્ચેની અથડામણોના ઘણા દાખલા વખતો વખત જોવા મળે છે. ભાષાકીય ભેદોને કારણે કે વર્ણ અથવા જાતિના ભેદોને લીધે તથા ગરીબ અને તવંગર વચ્ચેના ભેદભાવના કારણે પણ સશસ્ત્ર સંઘર્ષો થાય છે. સ્વાર્થહાનિ, અપમાન, અન્યાય વગેરે મોટાં પરિબળો આવા સંઘર્ષો થવા માટે નિમિત્તરૂપ બની જાય છે. જ્યારે રમખાણો ફાટી નીકળે છે ત્યારે વિવેક જેવું કંઈ રહેતું નથી. એકના છાંટા બીજા ઉપર ઊડે છે. ધર્મના કારણે થયેલા રમખાણો વધતાં વધતાં ભાષાભેદના રમખાણોમાં પરિણમે છે. તો ક્યારેક વર્ણ અને જાતિ વચ્ચે પણ રમખાણો થાય છે. દરેક વખતે લડવા નીકળેલ માણસો જ મરે છે એવું નથી, નિર્દોષ અને અજાણ્યા માણસો પણ એનો વધુ ભોગ બની જાય છે. ક્યારેક તો ભૂલમાં ને ભૂલમાં પોતાના જ વર્ગના માણસોને મારી નાખવાના કિસ્સા પણ બને છે.

કોઈ પણ દેશમાં અને વિશેષતઃ આર્થિક નબળા દેશોમાં જ્યારે રમખાણો ફાટી નીકળે છે ત્યારે બીજા જૂથ પ્રત્યે વેર લેવાની એક માત્ર વૃત્તિ જ તેમાં કામ કરે છે એવું નથી. અસામાજિક તત્ત્વો આવી તકનો પૂરો લાભ ઉઠાવે છે. લૂટફાટ ચાલુ થાય છે. સ્ત્રીઓ ઉપર બળાત્કારો થાય છે. અંગત વેર વસૂલ કરવાની તક પણ ઝડપી લેવાય છે. જૂની અદાવત ચાલતી હોય તેવા માણસો રમખાણો દરમિયાન એક બીજાનું ખૂન કરવા-કરાવવાના પ્રયાસો પણ કરી લે છે, કારણ કે એ ઘટના રમખાણમાં લેખાય છે અને પકડાય તો પણ કાયદાની છટકબારીનો લાભ મળી જાય છે. હિન્દુ-મુસલમાનના રમખાણો દરમિયાન હિન્દુઓ મુસલમાનોને મારે અને મને મુસલમાનો હિન્દુને મારે એ તો કુદરતી છે, પરંતુ આવી તકનો લાભ લઈ પોતાના વેરીને ખતમ કરવા

માટે મુસલમાન મુસલમાનને મારે કે મરાવે અને હિન્દુ હિન્દુને મારે કે મરાવે એવી ઘટનાઓ પણ બને છે. પોતાની કોમના માણસનાં માલ મિલ્કતને નુકસાન પહોંચાડવાની કે તે લૂંટી લેવાની ઘટનાઓ પણ આવી આશાથી પ્રેરાયેલી હોય છે.

દુનિયામાં જુદાં જુદાં દેશોમાં ભાષા, જાતિ, ધર્મ વગેરેના ભેદો ઘણા બધા છે. કોઈક ઠેકાણે શ્રીમંતો ઘણા અને ગરીબો થોડાં છે, તો કોઈક ઠેકાણે શ્રીમંતો થોડા અને ગરીબો ઘણા છે. ગરીબ અને શ્રીમંત વર્ગ વચ્ચેનું સ્થૂળ કે સૂક્ષ્મ વૈમનસ્ય સતત ચાલતું રહે છે. કોઈક સ્થળે એક ભાષાના લોકો બહુમતીમાં હોય છે તો બીજી ભાષાના લોકો દેખીતી રીતે લઘુમતીમાં હોય છે. આવા લોકો વચ્ચે ક્યારેક ભાષાકીય બાબતનો વિવાદ થાય છે. અને તે સંઘર્ષ હિંસાત્મક સ્વરૂપ પકડે છે ત્યારે તેના અનિષ્ટ પરિણામો બંને પક્ષને ભોગવવાનાં આવે છે. બાર ગાઉએ બોલી બદલાય એ કહેવત પ્રમાણે સરહદ પરના લોકોમાં બંને ભાષા બોલનારા લોકો હોય છે. તેઓ સુખેથી જીવન વિતાવે છે. પરંતુ કોઈક આવીને ત્યાં ચિનગારી ચાંપી જાય છે તો ત્યાં વિના કારણે દાવાનળ ભભૂકી ઊઠે છે.

સોવિયત યુનિયનના વિસર્જન પછી આર્મેનિયમ, જ્યોર્જિયા, આઝરબૈજાન, તુર્કમાન વગેરે પ્રજા વચ્ચે મોટા પાયા ઉપર અથડામણો થઈ અને સેંકડો માણસો મૃત્યુ પામ્યા. યુગોસ્લાવિયામાં બોસ્નિયન અને સર્બિયન લોકો વચ્ચેની અથડામણો હજુ પણ ચાલુ છે. ઝેક અને સ્લોવાક લોકો થોડી અથડામણો પછી છૂટા પડ્યા છે. ઈરાન અને ઈરાક વચ્ચેનું યુદ્ધ આઠ વર્ષ ચાલ્યું. અને બેય પક્ષે લાખો માણસોની ખુવારી થઈ. બ્રિટીશ અને આયરિશ લોકો વચ્ચે દુશ્મનાવટનાં છમકલાં થાય છે. આફ્રિકામાં કાળા અને ગોરા લોકો વચ્ચેની અને કાળા અને કાળા વચ્ચેની અથડામણો પણ ઘણા સમયથી ચાલ્યા કરે છે.

દુનિયાની વસતી ઘણી વધી ગઈ છે. આંતરરાષ્ટ્રીય વ્યવહાર પણ ઘણો વધી ગયો છે એટલે હવે દુનિયાનો કોઈ પણ દેશ પોતાની સરહદોનાં બારણાં બંધ રાખીને એકલો જીવી શકે તેમ નથી. બીજા શક્તિશાળી દેશો તેને જીવવા દે તેમ પણ નથી. આથી જ દુનિયાભરમાં આંતરરાષ્ટ્રીય સ્તરની વિવિધ સમસ્યાઓ ઊભી થઈ છે .ઘાતક શસ્ત્રોના સતત ઉત્પાદન અને વિતરણને કારણે આવી સમસ્યાને વધુ વેગ મળે છે. પાડોશી દેશ સળગતો રહે એ પોતાના દેશના અને પોતાની સત્તાના હિતમાં છે એવી અધમ મનોવૃત્તિ દુનિયાભરના રાજકારણમાં વધતી ચાલી છે. એમ કરવા માટે શસ્ત્રો અને ભાડૂતી માણસોને બીજા દેશમાં ઘુસાડવા અને હુલ્લડો મચાવવા માટેના પ્રયાસો પણ થઈ રહ્યા છે. મોટી નાણાકીય સહાય ખાનગીરીતે અમુક વર્ગને કરીને સમૃદ્ધ દેશો બીજા દેશોમાં આંતરવિગ્રહ જેવી કટોકટી સર્જે છે. દુનિયામાં રાષ્ટ્રો વચ્ચેની આર્થિક અસમાનતાને કારણે તથા પોતાના રાષ્ટ્રના અર્થતંત્રને જાળવી રાખવા માટે બીજા રાષ્ટ્રના અર્થતંત્રને નુકસાન પહોંચાડવું આવશ્યક બની જાય છે. એવે વખતે ગુપ્ત રીતે બીજા રાષ્ટ્રોની આર્થિક પાયમાલીનાં નિમિત્તો ઊભાં કરવાં એ કેટલાક સમૃદ્ધ રાષ્ટ્રોનું સ્થાપિત હિત હોય છે. આવાં રાષ્ટ્રો બીજા રાષ્ટ્રોમાં એટલા માટે હિંસાત્મક રમખાણો અને માલમિલ્કત, વેપાર-ઉદ્યોગને જબરું નુકસાન પહોંચે એવી તરકીબો પણ ગુપ્ત રીતે પોતાના એજન્ટો દ્વારા કરતા હોય છે. દુનિયાનું આ એક મોટું અનિષ્ટ દિવસે દિવસે વ્યાપક થતું ચાલ્યું છે. જે રાષ્ટ્રમાં આવી અથડામણો અને ભાંગફોડો થાય છે તે રાષ્ટ્રની વિકાસગતિ પાંચ-પંદર વર્ષ પાછળ ઠેલાય છે. પરંતુ એ સમજવા જેટલું ડહાપણ એ પ્રજામાં રાષ્ટ્રની પ્રજામાં આવતું નથી.

છેલ્લા કેટલાક દાયકાઓથી વિશ્વના રાજકારણમાં સરકાને વગોવવા માટે હિંસાનો આશ્રય લેવાની એક જુદી પદ્ધતિએ ઘણું જોર પકડ્યું છે. જૂના વખતમાં કેટલાક લોકો રાજ સામે બહારવટે ચઢતા અને કેટલાક બારવટિયાઓથી રાજાઓ પણ ત્રાસી જતા. આધુનિક શસ્ત્રો વિપુલ પ્રમાણમાં સુલભ બન્યા પછી સરકાર સામે કે દુશમનના રાજ્ય સામે ગેરીલા પદ્ધતિએ યુદ્ધ કરવું એટલે કે અચાનક છાપો મારીને ભાગી જઈને સંતાઈ જવું એ પદ્ધતિ વધુ પ્રચલિત બની છે. એવી જ રીતે પોતાની સરકારને વગોવવા માટે શેરીઓમાં વિભિન્ન વર્ગો વચ્ચે યુદ્ધ કરાવવું એ અસંતુષ્ટ રાજદ્વારી નેતાઓનું એક અપલક્ષણ ઉત્તરોઉતર વધતું ચાલ્યું છે. આ અનિષ્ટ ફક્ત ગુજરાત, મહારાષ્ટ્ર કે સમગ્ર ભારતમાં જ નહિ, પણ દુનિયાના ઘણા દેશોમાં ફેલાયું છે. સરકારને વગોવવા માટે વગર કારણે મોટી હડતાલો પડાવીને સરકારી તંત્રને ખોરવી નાખવાની વાત તો જાણે સમજ્યા, પણ રેલવે, બસ વ્યવહાર, વિમાન વ્યવહારમાં ભાંગફોડની પ્રવૃત્તિ કરીને અનેક નિર્દોષ લોકોના જાન લઈને સરકારને વગોવવોના દુષ્ટ પ્રયાસો રૂપી રાજકારણીઓની પાશવી અધમ લીલા પણ ઉત્તરોતર વધતી ચાલી છે.

કેટલાક રાજનેતાઓ કે ધર્મનેતાઓ પોતાનો અંગત સ્વાર્થ સાધવા માટે જ નિર્દય પણે આવા તોફાનો ચગાવે છે અને જેમ જેમ વધારે જાનહાનિ અને નુકસાન થાય તેમ તેમ તેઓ વધારે રાજી થાય છે. આવા નેતાઓને લોકોના સુખ કલ્યાણની કંઈ જ પડી હોતી નથી. પરંતુ પોતાનું સ્થાન, પોતાની સત્તા, પોતાની પ્રતિષ્ઠા, પ્રતિસ્પર્ધીને પરાજિત કરવાની ડંખીલીવૃત્તિ વગેરે જ એમાં ભાગ ભજવે છે. એવું કરનારા દરેક વખતે ફાવે છે જ એવું નથી. વખત જતાં લોકો પણ તેમને ઓળખી જાય છે. એમના આશયને પામી જાય છે અને ક્યારેક એવા નેતાઓને પ્રજા જ નીચે પછાડે છે.

જૂના વખતમાં કેટલાંક રાજ્યોમાં રાજા નો ધર્મ, એ પ્રજાનો ધર્મ આપોઆપ બની જતો. ક્યારેક રાજસત્તા તરફથી પ્રજાને બળાત્કારે રાજાનો ધર્મ સ્વીકારવાની ફરજ પડતી. ક્યારેક પ્રજા પોતે ભય, લાચારી, સ્વાર્થ વગેરેને કારણે ધર્માંતર કરીને રાજાનો ધર્મ સ્વીકારી લેતી. ક્યારેક પ્રજા હોંશે હોંશે પણ રાજાનો ધર્મ અપનાવે. હિન્દુ, જૈન, બૌદ્ધ કે ઇસ્લામ ધર્મી રાજાઓની પ્રજા ઉપર પડેલી અસરનાં પરિણામો ઇતિહાસકારોએ નોધ્યા છે. જ્યાં આવું ધર્મ પરિવર્તન કરવાનો ઇન્કાર થયો છે, ત્યાં સંઘર્ષ અને કત્લેઆમ પણ મોટે પાયે થઇ છે. કેટલાક સુજ્ઞ, ઉદારદિલ રાજાઓએ પ્રજાને પોતપોતાના ધર્મ પાળવાની સ્વતંત્રતા પણ આપી છે.

પ્રજામાં જ્યારે વ્યાપક હિંસા પ્રર્વતે છે ત્યારે તેને તરત કાબુમાં લેવાનું સરકાર માટે પણ અઘરું બની જાય છે. સરકારને માથે ધર્મસંકટ ઊભું થાય છે. વધારે બળ વાપરવામાં આવે તો ઘણી જાનહાનિ થાય છે અને સરકાર દોષપાત્ર ઠરે છે. જો ઓછું બળ વાપરે તો હિંસા જલદી કાબુમાં આવતી નથી. અને તેથી પણ સરકાર દોષિત ઠરે છે. સરકારે કેટલું બળ વાપરવું એનું કોઇ માપક યંત્ર હોતુ નથી. પ્રજા જ્યારે રોષે ભરાય છે ત્યારે તે પણ ભાન ભૂલે છે અને પોતાની મર્યાદા ઓળંગીને વધુ પડતો સંહાર કરી બેસે છે.

કેટલાક નેતાઓ ઉશ્કેરણીજનક ભાષણો કે નિવેદનો કરીને લોકોમાં વેરનો અગ્નિ પ્રગટાવે છે. પરંતુ ક્યારેક તેનાં પરિણામ પોતે ધાર્યા હોય તેના કરતાં પણ વધુ ભયંકર અને વ્યાપક આવે છે. દિવસે દિવસે વધતી વેરની જવાળાઓ પછી અંકુશમાં રહેતી નથી. હોળી સળગાવનાર નેતા પછીથી શાંતિ માટે ગમે તેટલા નિવેદનો કરે તો પણ પછીથી લોકો એનું માનતા નથી. પરિસ્થિતિ કાબુ બહાર આવી જાય છે. આવી પરિસ્થિતિમાં સ્વપક્ષે પણ ઘણું નુકસાન થાય છે. એવા નુકસાનની નેતાઓએ કલ્પના કરી હોતી નથી. પાછળથી તેઓને પસ્તાવાનો વારો આવે છે. પરંતુ એવો પશ્ચાત્તાપ જાહેરમાં વ્યક્ત કરવાની નૈતિક હિંમત હવે કોનામાં છે?

લઘુમતીના પ્રશ્નો અનાદિકાળથી છે અને અનંતકાળ સુધી રહેશે. કુદરતમાં જ અસમાનતાનું તત્ત્વ રહેલું છે. અસમાનતા એ જીવનની સ્વાભાવિક સ્થિતિ છે, કુદરતી ક્રમ છે. તે સ્વીકારીને માણસ જો ચાલે તો તે સાચા સુખનો અનુભવ કરી શકે છે. એક નાનુ સરખું કુટુંબ એ અસમાનતાની વચ્ચે સંવાદિતાનું ઉત્તમ પ્રતીક છે. કુટુંબમાં સ્ત્રીપુરુષનો ભેદ આવશ્યક છે. વળી કુટુંબના બધા સભ્યોની ઉંમર સરખી હોતી નથી, બધા સભ્યોની આકૃતિ, ઉંચાઈ, વજન,સ્વભાવ, આવડત, બૌદ્ધિક સ્તર જુદાં જુદાં હોય છે છતાં કુટુંબ સુખ-શાંતિથી પોતાનું જીવન ગુજારે છે. કારણકે એના પાયામાં સંવાદિતાનું, સહકારનું, સહિષ્ણુતાનું, પ્રેમનું તત્ત્વ રહેલું છે.

વૈવિધ્યમાં એકતા એ કુદરતનું તેમ માનવ જાતિનું એક શુભ લક્ષણ છે. એટલે જ માણસ જ્યારે શાંતિથી પોતાનું જીવન સુખે વિતાવે છે

ત્યારે લોકોમાં પ્રેમ, સહકાર, સંપ, સંવાદિતાની ભાવના વધુ પ્રબળ રહ્યા કરે છે.પરમત-સહિષ્ણુતા એ માનવ જીવનનું એક આગવું ગુણલક્ષણ છે. એ એના સ્વભાવમાં અંતર્ગત છે. એથીજ દુનિયામાં આવા ઉપદ્રવો વિનાના જ્યાં જ્યાં શાંત પ્રદેશો છે ત્યાંના માનવ જીવનનું અવલોકન કરવાથી સમજાય છે કે પરસ્પર કેટલી બધી વિભિન્નતા હોવા છતાં લોકો એક બીજાની સાથે મળીને કેટલું બધું સરસ, સંવાદિત, સુખમય જીવન ગુજારી શકે છે-ચિત્ત પ્રદૂષણ વિનાના આવા ક્ષેત્રોનો અભ્યાસ કરવાથી માનવજાત માટે હિતકારક એવા કેટલાંક તારણો અવશ્ય કાઢી શકાય.

એક બીજાને ન ઓળખતા એવા બે કચ્છી, સૂરતી, ઘોઘારી, ઝાલાવાડી, વગેરે પોતાના પ્રદેશની બહારના કોઇ પ્રદેશમાં મળે તો તરત પરસ્પર આત્મીયતા અનુભવે છે. બે અજાણ્યા ગુજરાતીઓ પછી ભલે તે કચ્છી હોય, કાઠીયાવાડી હોય, ચરોતરી કે સૂરતી હોય, ગુજરાત બહાર મળે તો તેઓને એક બીજાને મળતાં આનંદ થાય છે. બે ભારતીય માણસો યુરોપ કે અમેરિકામાં એક બીજાને જુએ તો એવા જુદા પ્રદેશમાં પણ તેઓને એક બીજા સાથે વાત કરવી ગમે છે. બે કાળા આફ્રિકન લોકો ટોકિયો કે મોસ્કોમાં એક બીજાને જુએ તો તરત એક બીજા સામે સ્મિત કરશે, વાતચીત કરશે. દૂર દૂરના નિર્જન જંગલમાં, રણમાં કે હિમપ્રદેશમાં બે અજાણ્યા મનુષ્યો એક બીજાને જુએ અને આસપાસ માઇલો સુધી કોઇ માનવ વસતી ન હોય ત્યારે એવા બે માણસો પણ પરસ્પર મળીને આનંદ અનુભવે છે. એક બીજાને સહાય પણ કરે છે. ધર્મ, જાતિ, ભાષા, પ્રદેશ વગેરેનાં સંકુચિત લક્ષણો ત્યારે વિગલિત થઇ જાય છે. માત્ર માનવતા જ આવિષ્કૃત થાય છે. એથી આગળ વિચારતાં, ધ્રુવપ્રદેશમાં માઇલો સુધીના બરફના નિર્જન વિસ્તારમાં દિવસો સુધી કોઇ પણ માણસનો ચહેરો જોવા ન મળ્યો હોય એવા કોઇક સાહસિકને સામેથી આવતું કોઈ કૂતરું દેખાય તો પણ એને વસતી જેવું લાગે છે અને એ આનંદ અનુભવે છે. કૂતરાની પાસે બેસીને એને પંપાળીને એની સાથે કાલીકાલી વાત કરે છે. કૂતરું પણ એવા માણસની સાથે હળી જાય છે. ત્યાં મનુષ્ય અને પ્રાણી વચ્ચે ભેદ પણ ઓગળી જાય છે. વસ્તુત : જ્યાં જીવન છે ત્યાં પ્રેમ છે, સદભાવ છે, સહકાર છે, પરસ્પર સહાય કરવાની તથા ત્યાગની ભાવના છે. માણસ જ્યારે સમૂહમાં આવે છે અને એનામાં ધર્મ, વર્ણ, જાતિ ભાષા વગેરેનાં વળગણો ચાલુ થાય છે ત્યારે એનામાં નિહિત એવા કેટલાક ઉત્તમ ગુણો દબાઇ જાય છે અને સ્વાર્થ સપાટી ઉપર આવે છે. આથી વિભિન્ન વર્ગો વચ્ચે ઘર્ષણ થાય છે.

આવાં રમખાણો ન થાય તે માટે જરૂર છે સદભાવ, સહકાર અને સમર્પણની ભાવનાની. એવી ભાવનાના પોષણ અને વિકાસને માટે સંગીન પણે કાર્ય કરવા માટે જરૂર છે એવા સમન્વયાત્મક પરિવાર મંડળોની. ધર્મ. ભાષા, જાતિ, વર્ણ વગેરેનાં મંડળો તો કુદરતી રીતે સ્થપાવાનાં. પરંતુ વિભિન્ન ધર્મ, જાતિ, ભાષા વગેરેના લોકોનાં સમન્વય મંડળો, બિરાદરી મંડળો વધુ સ્થપાય તો પરસ્પર પ્રેમ અને સદભાવ વધારે ટકી રહે અને કોઇ પણ ગૂંચ ઊભી થઇ હોય તો તેનો પરસ્પર વિચાર વિનિમયથી, શાંતિથી, હિંસાનો આશ્રય લીધા વિના ઉકેલ લાવી શકાય એને માટે પણ જરૂર છે ઊંચી કક્ષાની નેતાગીરીની. આજકાલ ઘણા નેતાઓ મોટી મોટી, ડાહી ડાહી વાતો કરે છે, પરંતુ જરાક સ્વાર્થહાનિના પ્રસંગો ઊભા થાય કે તરત એમનું સંકુચિત પોત પ્રકાશે છે. એમના પૂર્વગ્રહો, ગ્રંથીઓ વગેરેને વાચા મળવા લાગે છે. આઝાદીના આંદોલન વખતે ગાંધીજીએ પોતે પોતાના જીવનના શ્રેષ્ઠ ઉદાહરણથી અને એવી સરસ ઉત્તમ નેતાગીરી ઊભી કરીને સમગ્ર ભારતીય ઉપખંડમાં એવું વાતાવરણ સર્જ્યું હતું કે પેશાવરથી કન્યાકુમારી અને કરાંચીથી જગન્નાથપૂરી સુધીના તમામ લોકો એક બીજા સાથે પ્રેમથી હળી મળી શક્તા એકબીજા પ્રદેશના નેતાઓ પ્રત્યે આદરથી જોતા. આવી ઉચ્ચ ભાવનાશીલ નેતાગીરીનો દુકાળ આજે વર્તાય છે અને તેને કારણે જ ભારત, પાકિસ્તાન, બાંગલાદેશ વગેરેમાં વખતો વખત આનુવાંશિક સંઘર્ષો થયા કરે છે. સામૂહિક ડહાપણ એ કુદરતી રીતે ઊંચા સ્તરે રહ્યા કરે એવું પરિબળ નથી . એને ઊંચા સ્તરે ટકાવી રાખવા માટે સતત પુરુશાર્થની અપેક્ષા રહે છે. એવા પુરુષાર્થની લગની વિવિધ ક્ષેત્રોના નેતાઓને અને એમના અનુયાયી લોકોને લાગે એ જ ઇચ્છવું રહ્યું.

❑ રમણલાલ ચી. શાહ

# સાકેત સંતની સ્થિતપ્રજ્ઞતા

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

ભારતવર્ષની ભૂમિ જૈન, બૌદ્ધ અને વૈદિક ધર્મ અને સંસ્કૃતિથી બનેલી ત્રિવેણીના સંગમથી પવિત્ર થયેલી છે. બૌદ્ધ ધર્મના પ્રસ્થાપક ભગવાન બુદ્ધે નિર્વાણપદ પ્રાપ્ત કરવા માટે જ્ઞાન, તપ, ચારિત્ર, સંયમ, ઉપવાસ, સ્વાધ્યાય, ધ્યાનાદિ માર્ગો દ્વારા નિર્વાણપદ મેળવ્યું.

તેમના મૃત્યુ બાદ બૌદ્ધ ધર્મની મુખ્ય બે શાખાઓ મહાયાન અને હીનયાન વિકસી. પાછળથી તેમાંથી ચાર પ્રશાખાઓ જેવી કે : સૌત્રાન્તિક, ક્ષણિકવાદી, વિજ્ઞાનવાદી અને વૈભાષિક નિષ્પન્ન થઇ. મુખ્ય શાખાઓ માધ્યમિક, યોગાચાર, વૈભાષિક અને સૌત્રાન્તિક ગણાવાય છે.

પ્રસ્તુત લેખમાં ભગવાન બુદ્ધનાં જીવનના બે પ્રસંગો પર દ્રષ્ટિપાત કરીએ. બુદ્ધના જીવનમાં જે પ્રસંગ બન્યો તેવાં પ્રસંગો આપણા જીવનમાં પણ ક્યારેક બનતાં હોય છે, પરંતુ આપણે બધાં પ્રતિકર્મમાં માનનારાં છીએ. ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ, ભગવાન કૃષ્ણ જેવા મહાપુરુષો કર્મમાં જીવનારા હતા. તેમનાં જીવન પર દ્રષ્ટિપાત કરતાં પ્રતિકર્મનું નામનિશાન પણ દ્રષ્ટિગોચર થતું નથી.

એકવાર એક વ્યક્તિ ભગવાન પાસે આવી ઊભો રહ્યો અને તેમના પર થુંક્યો. તેની બુદ્ધ પર જરા પણ અસર ન થઇ. તેમના પુષ્પસમ પ્રફુલ્લિત અને પ્રમુદિત મુખ પર જરા જેટલી અસર ન થઇ. થુંકને લૂંછતાં તેમણે પૂછ્યું : "ભાઇ તારે બીજું કંઇ કહેવું છે ?" થુંક લૂંછતા કહ્યું.

થૂંકનાર વ્યક્તિ આથી વિસ્મિત થઇ, તેણે ઘૃણાસ્પદ કાર્ય કર્યું હતું, છતાં ક્રોધને બદલે મીઠા આવકારથી ચકિત થઇ તેણે જગતમાં આવી પ્રથમ વ્યક્તિ જોઇ.

થૂંકનારે સંકોચ અનુભવ્યો. શો જવાબ આપે ? બુદ્ધના મીઠા આવકારથી તે વધુ મૂંઝાયો. ભગવાન બુદ્ધે પ્રતિકર્મ કર્યો હોત તો પોતાના અણછાજતા વર્તનથી તે ક્રોધ કરત. તે માટે સહેજ પણ આશ્ચર્ય ન થાત. કારણ કે તે પ્રતિકર્મનો પ્રત્યુત્તર ઘડીને આવ્યો હતો, તેથી આવા અઘટિત કાર્ય માટે તેણે કશું વિચારવાનું જ ન હતું. ઉપરની પરિસ્થિતિ માટે આપણે સૌ પ્રતિકર્મ માટે કટિબદ્ધ જ રહીએ છીએ. બુદ્ધે પણ હસવાને બદલે એમ પૂછ્યું હોત કે આ રીતે થૂંકવાનું તારું શું પ્રયોજન છે ? તો સંકોચ વગર તેનો પ્રત્યુત્તર આપી દેત. આ જાતની પ્રાથમિક ભૂમિકાઓ આપણે તૈયાર રાખતાં હોઇએ છીએ-જેમકે, અમુક માણસ જો આમ કહેશે તો તેનો જવાબ આ રીતે આપીશ. ડગલેને પગલે જીવનમાં બનતાં પ્રસંગો માટે પ્રશ્નોના જવાબ આપવાની તૈયારી કરેલી જ હોય છે.

ભગવાન બુદ્ધ જેવા પ્રબુદ્ધ આત્મા તો કરોડો વર્ષે એકાદ થાય છે! આવાં ઉત્તમોત્તમ આત્માઓના જીવનમાં પ્રતિકર્મ શોધતાં પણ મળવું દુષ્કર છે.

થૂંકનાર માણસ મુંઝાઇ ગયો. કશો જ જવાબ ન જડવાથી કહે છે કે ' આપ શું પૂછો છો ?'

ભગવાને કહ્યું : 'હું પૂછું છું તમારે બીજું કહેવું છે ?'

તેણે કહ્યું હું તો માત્ર થૂંક્યો છું. મેં કશું કહ્યું નથી.

બુદ્ધે કહ્યું : 'ખરી વાત છે, તમે માત્ર થૂંક્યા છો, પરંતુ તેની આડમાં કશું અવશ્ય કહેવા માંગો છો. થૂંકવું એ પણ કહેવાની એક ચેષ્ટા છે. તમને મારા પર એટલો બધો ક્રોધ આવ્યો હશે તેથી શબ્દોથી નહીં પણ થૂંકીને કહ્યું હોય.

ભગવાને કહ્યું કે હું પણ કેટલીક વાર શબ્દોથી ન કહેતા ઇશારાથી કહું છું.

તેણે કહ્યું : 'આપ મારો આશય સમજ્યા નથી. મેં માત્ર ક્રોધની અભિવ્યક્તિ કરી છે.

ભગવાને કહ્યું : 'હું તમારી માનસિક ભૂમિકાને સ્પર્શ્યો છું. થૂંકવામાં તમારો ક્રોધ ભારોભાર વ્યક્ત થતો હતો તે મારી જાણ બહાર નથી.

તેણે કહ્યું : તો પછી ક્રોધનો જવાબ ક્રોધથી કેમ નથી આપતા ? બુદ્ધે કહ્યું : તમે મારા માલિક નથી, હું તમારો સેવક નથી. તમે કહો તેમ શું મારે કરવું ? તમે થૂંકીને ક્રોધની અભિવ્યક્તિ કરી. આ ચેષ્ટાથી ઉશ્કેરાઇને હું ક્રોધ કરું તો હું તમારો ગુલામ થઇ ગયો કહેવાઉં. હું તમારો અનુસર્તા કે અનુયાયી નથી. મારે શું કરવું તે મારી મુનસફીની વાત છે, તમારી ઇચ્છાની જેમ. તમારી જેમ મારે વર્તવું, મારા માટે આવશ્યક કે અનિવાર્ય નથી. પ્રત્યુત્તર સાંભળી તે ચાલી ગયો. બીજે દિવસે માફી માંગવા આવ્યો. માફ કરો. મારી ભૂલ થઇ. ભગવાનના ચરણોમાં માથું મૂકી પશ્ચાત્તાપના પવિત્ર અશ્રુથી પ્રક્ષાલવા લાગ્યો પગોને !

તે સ્વસ્થ થયો ત્યારે ભગવાને પૂછ્યું : 'તમારે બીજું કશું કહેવું છે?'

તે માણસે કહ્યું : 'આ કેવો પ્રશ્ન છે ?'

માણસ જ્યારે શબ્દોથી કહી શકતો નથી ત્યારે ઇશારાથી ચેષ્ટા દ્વારા કહે છે.

તેણે કહ્યું : પ્રભુ ! હું માફી માગું છું, મને ક્ષમા કરો. મેં સામો ક્રોધ કર્યો નથી તેથી ક્ષમાને અવકાશ નથી. ગઇકાલે થૂંકતા જોયા, આજે પગમાં માથું મૂકી રડતા જોઉં છું.

છેવટે તાત્પર્ય એ છે કે પ્રતિકર્મ ગુલામી છે. કોઇ આપણી પાસેથી ઇચ્છા વિરુદ્ધ પરાણે કાર્ય કઢાવી લે છે ત્યારે આપણે માલિક ન રહેતા, બીજા પ્રમાણે ચાલનારા, બીજાની ઇચ્છાને અનુસરનારા બની ગયા પછી બીજાનું આપણા ઉપર પ્રભુત્વ પ્રસ્થાપિત થઇ જાય છે.

એક વખતનો પ્રસંગ છે. ભગવાન બુદ્ધ કરુણા અને ધર્મનો પ્રચાર કરી રહ્યા હતા. આવા પાવન આત્માઓ સાથે વેરવૃત્તિ અને અસહિષ્ણુતાના વિષમ ભાવો રાખનારા જઘન્ય કોટિની વ્યક્તિઓ પણ હોય છે. વિહાર કરી રહેલા બુદ્ધના માર્ગમાં એક વ્યક્તિ આવ્યો અને ન કહેવાના શબ્દો કહેવા લાગ્યો. પ્રબુદ્ધ આત્મા બુદ્ધ તે શબ્દો પચાવી ગયા, ગળી ગયા, પી ગયા. પરંતુ તેમના શિષ્યોને તેનું આવું અસભ્ય વિવેકહીન વર્તન સહન ન થયું. ભગવાને કશી પ્રતિક્રિયા ન કરતાં શાંતિપૂર્વક તેના શબ્દો સાંભળી લીધા ત્યારે આનંદ નામના શિષ્યથી આ વાત સહન ન થઇ. તેણે કહ્યું : આવી ક્રૂરતાનો કશો જ જવાબ નહીં ?'

બુદ્ધ બોલ્યા : તે માણસ દૂરથી આટલી મહેનત લઇ આવા ભાવો સાથે આવી રહ્યો છે, તેના મનનો ઉભરો ઠાલવી રહ્યો છે. તેનો તે અધિકાર છે. એના એ સ્વાતંત્ર્ય અને અધિકારમાં દખલ કરનાર હું કોણ ? તેની વાણી મારા હૃદયમાં સ્પંદન, કંપન જન્માવી શકે, મારા અંતરાત્માને ડહોળાવી નાંખે તો મારો પોતાનો મારા પર અધિકાર નથી. તેથી મારા સંચાલનની દોરી હું તેને સોંપવા તૈયાર નથી. તે તેના મનનો માલિક, હું મારા મનનો માલિક છું. તેને યોગ્ય લાગે તેમ તે વર્તે, મને યોગ્ય લાગે તેમ હું વર્તું. તેનાથી દોરવાઇ જાઉં એવો તું મને નબળો ધારે છે ?

ભગવાનની આ પ્રકારની વાણીથી આનંદ ભાવવિભોર થઇ ગયો! આનંદના હૃદયને તે સ્પર્શી ગઇ. તેનું દુઃખ દૂર થઇ ગયું. ભગવાન બુદ્ધમાં અજબગજબના પ્રભુતાના દર્શન કર્યા.

આવી વિભૂતિને ગીતાના શબ્દોમાં સ્થિતપ્રજ્ઞ અને જૈન દર્શનની રીતે તેને સમક્તિ કહી શકીએ.

ગીતા કહે છે :-

સ્થિતપ્રજ્ઞસ્યા કા ભાષા, કિં આસિત વ્રજેત કિમ્ ।

.... સમત્વં યોગ ઉચ્યતે...

ટૂંકમાં, સ્થિતપ્રજ્ઞના લક્ષણો અને સમક્તિનાં લક્ષણો સમાન છે.

ભગવાન બુદ્ધે કે તેના અનુયાયીએ પ્રતિપાદિત કરેલા ક્ષણિકવાદના સિદ્ધાંતમાં રહેલી વિસંવાદિતા જરા જોઇએ. બુદ્ધે કહ્યું છે કે ૮૦ જન્મો પહેલાં કરેલા દુષ્કૃત્યનું ફળ ૮૦ ભવ પછી તે ભોગવી રહ્યા છે. ક્ષણિકવાદ સાથે આ ઘટના ઘટી શકે તેમ નથી. કારણ કે જો બધું ક્ષણિક છે એટલે કે તેનું અસ્તિત્વ બીજી ક્ષણે નષ્ટ થાય છે તો પછી પહેલી ક્ષણ અને બીજી ક્ષણ વચ્ચે સંબંધ પ્રસ્થાપિત ન કરી શકાતો હોવાથી બંને વ્યક્તિ જુદી જુદી છે. તો પછી પૂર્વના ૮૦ જન્મ પહેલાંની વ્યક્તિ ત્યારબાદના ૮૦ ભવ પછીની વ્યક્તિ ક્ષણિકવાદના હિસાબે કેવી રીતે એક હોઇ શકે ? તેથી ક્ષણિકવાદનો સિદ્ધાંત ટકી શકતો નથી.

બીજું બુદ્ધને ગાળ દેનાર તથા તેમના પર થૂંકનાર વ્યક્તિઓ ક્ષણિકવાદના સિદ્ધાંત પ્રમાણે ઘટી શકતી નથી. બંને વ્યક્તિઓ તથા બુદ્ધ ક્ષણ પછી બદલાતા હોવાથી કોણ કોના પર થૂંકે ? કોણ કોને ગાળ દે ?

ત્રીજો નાનો પ્રસંગ ગૌતમ બુદ્ધ અને શ્રીમંત યુવાન શિષ્ય અંકમાલનો છે. એકવાર અંકમાલે આની પાસે આવીને કહ્યું : 'હું ધર્મોપદેશ આપી જગતનો ઉદ્ધાર કરવા માગું છું. મને તે માટેની યાત્રાનો પ્રારંભ કરવાની રજા આપો.'

બુદ્ધે કહ્યું : 'તે માટે તું પ્રથમ યોગ્યતા પ્રાપ્ત કર.'

ગુરુદેવ મેં દશ વર્ષ સુધી સખત પરિશ્રમ કર્યો છે અને હું ૨૪ કલાકમાં પારંગત બની ચૂક્યો છું.'

બુદ્ધે કહ્યું : 'હું ફરી બોલાવું ત્યારે આવજે.' પરીક્ષા માટે બુદ્ધ વેશપલ્ટો કરી એક શિષ્યને તેની પાસે મોકલ્યો. તેણે તેનું ઘોર અપમાન કર્યું. અંકમાલ ખૂબ ચીડાયો અને ગુસ્સામાં તેની પાછળ દોડ્યો.

બીજે દિવસે બે શિષ્યોને રાજદૂતના વેશમાં મોકલ્યા. તેમણે કહ્યું: 'અમે સમ્રાટ હર્ષના અનુયાયી છીએ. રાજા તમને મંત્રીપદ પર આરૂઢ કરવા ઉત્સુક છે.' આ વાત સાંભળી તે ખૂબ હર્ષાન્વિત થયો અને સમ્રાટની માંગણી સ્વાકારવા કટિબદ્ધ થયો.

સાંજે સ્વયં બુદ્ધે પોતાની શિષ્યા આમ્રપાલીને લઇ તેની પાસે પહોંચ્યા. વાતચીત દરમ્યાન તે વાંરવાર આમ્રપાલી સામે ટીકી ટીકીને જોતો હતો.

ત્યારપછી ગૌતમ બુદ્ધે તેને કહ્યું. "તેં ૨૪ નહીં પણ ૨૪૦૦ કલામાં પ્રાવીણ્ય પ્રાપ્ત કર્યું હોય પણ તેં ક્રોધ, લોભ અને કામ ઉપર વિજય મેળવ્યો છે ? નથી મેળવ્યો " તું તે ત્રણ કષાયોથી પરાજિત છો તેજ તારી માગણીની અયોગ્યતાના પ્રમાણપત્રો છે.

બુદ્ધના જીવનના આવાં આવાં કેટલાંયે સુંદર પ્રસંગોની ગુંથણી જાતકમાલા વગેરે ગ્રંથોમાં ગુંથવામાં આવ્યાં છે.

મહર્ષિ ભારદ્વાજનો એક શિષ્ય બુદ્ધનો શિષ્ય બની ગયો, તેથી ભારદ્વાજને બુદ્ધ પર ખૂબ ક્રોધ થયો. બુદ્ધને તેણે ખૂબ ગાળો ભાંડી. ગૌતમ બુદ્ધ તો પણ મૌન રહ્યા. જ્યારે તે થાક્યા ત્યારે બુદ્ધ બોલ્યા.

તમારા આંગણે કોઇ મહેમાન આવે તેને તમે ૩૨ પકવાન અને ૩૩ શાક પીરસો. મહેમાન જો થાળને અડકે નહીં તો થાળનું શું થાય?

પોતાના ઘરમાં જ પડ્યા રહે બીજું શું થાય ?

તમે મને હમણાં આટલી બધી ગાળો દીધી, પરંતુ મેં તેમાંથી એકનો પણ સ્વીકાર કર્યો નથી, તો તેનું શું થાય ?

ઝંખવાણો પડેલો ભારદ્વાજ જવાબ આપવા પણ ત્યા ઊભો ન રહ્યો! ■ ■ ■

## મુલતવી રહેલા કાર્યક્રમો

'સંઘ'ના ઉપક્રમે યોજવામાં આવેલા નીચેના બે કાર્યક્રમો મુંબઈની અશાંત પરિસ્થિતિને કારણે અમને મુલતવી રાખવાની ફરજ પડી છે તે માટે અમે દિલગીર છીએ.

**(૧) વાર્ષિક સ્નેહમિલન**

**(૨) ચિખોદરાની મુલાકાત**

આ બંને કાર્યક્રમોની નવી તારીખ નિશ્ચિત થયે સભ્યોને જણાવવામાં આવશે.

નિરુબેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
મંત્રીઓ

# ધર્મપ્રેરિત કલાત્મક શિલ્પસ્થાપત્ય

❑ પ્રવીણચંદ્ર જી. રૂપારેલ

અનેક ધર્મ-સંપ્રદાયોના સમન્વય સમા આપણા દેશમાં ધર્મસ્થાનકો વિપુલ સંખ્યામાં હોય એ તો દેખીતું જ છે. એક રીતે, સમાજ-જીવનનાં- ધર્મ, સભ્યતા તથા સંસ્કૃતિના પર્યાય રૂપ બની જતાં આવા સ્થાનોમાં, મંદિરો ને તીર્થસ્થાનો જ મુખ્ય સ્થાન ધરાવે છે.

આવાં સ્થાનો સુંદર, સુઘડ ને કલાત્મક હોય, તો મુલાકાતીઓના આત્મા વધુ પ્રસન્નતાપૂર્વક ભક્તિનિમગ્ન થતા હોય છે.

આપણે ત્યાં આવાં કલાત્મક સ્થાનોનાં નિર્માણ તો પ્રાચીનકાળથી થતાં જ રહ્યાં છે. એમની સર્વગ્રાહી વિગતોમાં ઊતરવું હોય, તો અનેક ગ્રંથો રચાય ! એટલે આજની આપણી મર્યાદિત સમયની વાત, આવાં પ્રાચીન તથા મધ્યકાલીન ધર્મસ્થાનોની શિલ્પ-સ્થાપત્ય- કલાની સીમામાં રહીને જ કરીશું.

આપણી ત્યારની આવી કલાસમૃદ્ધિમાં બૌદ્ધ, હિંદુ તથા જૈન ધર્મનાં સ્થાપત્યોનો ફાળો મુખ્ય છે. આવાં હજારો સ્થાનોમાં કેટલાંક એવાં પણ છે, જ્યાં એક થી વધુ ધર્મનાં સ્થાનકો પણ હોય. ઇલોરા, રાજગિરિ, ખજુરાહો, ગિરનાર વગેરે જેવાં આ પ્રકારના ઘણા સ્થાનો આપણે ત્યાં છે. બૌદ્ધ સ્થાપત્યોના અનેક સ્થાનો ભારતભરમાં ફેલાયેલાં છે : અજંટા, ઇલોરા, બાઘ, કાર્લા, બોધગયા, સાંચી, રાજગિરિ, કૃષ્ણગિરિ, દક્ષિણનાં નાગાર્જુન કોંડા, અમરાવતી-એટલે કે ધાન્યકટક વગેરે આમાં અગત્યનાં છે.

આમાંયે પર્વતની ઉપત્યકાઓમાં, પ્રકૃતિને ખોળે રમતાં અજંટાના ગુફામંદિરો, વિશ્વભરમાં અદકેરું સ્થાન પામ્યાં છે. ચૈત્યો ને વિહારોમાં વિસ્તરેલાં આ મંદિરોમાં સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલાનો અદ્ભુત સમન્વય સધાયો છે. ૭૦૦-૮૦૦ વર્ષોની બૌદ્ધકલાની કથા અહીં સમાયેલી છે. બાઘનાં ગુફામંદિરો પણ આ જ પરિવારનાં છે.

સાંચી, બૌદ્ધોનું અતિ પ્રાચીન અને કદાચ, સૌથી વધુ સારી રીતે સચવાયેલું બૌદ્ધતીર્થ છે.. અહીં સ્તુપો જોડે, સંકળાયેલાં વિશિષ્ટ આકારનાં કલાત્મક તોરણો, વિશ્વનાં કલારસિકોનાં હૈયામાં વસી ગયાં છે.

લોનાવલા પાસેનું કાર્લાનું ગુફામંદિર, બૌદ્ધ સ્થાપત્યમાં મહત્વનું સ્થાન ધરાવે છે. અંદરની કલાત્મક કોતરણી અને પ્રવેશદ્વાર પરની બૌદ્ધ સંસ્કૃતિનું વૈશિષ્ટ્ય ધરાવતી કમાનમાં સમાયેલી પ્રકાશ-આયોજનની ખૂબી, આ સ્થાપત્યની આગવી ઉપલબ્ધિ છે. કાર્લા પાસેની ભાજા અને બેડસાની ગુફાઓ, બોરીવલી પાસેની કૃષ્ણગિરિની ગુફાઓ તથા અંધેરી પાસેની મકાલી ગુફાઓ નામે ઓળખાતી બૌદ્ધ હીનયાન સંપ્રદાયની ગુફાઓની પણ નોંધ લેવાવી જોઇએ.

બૌદ્ધ સંસ્કૃતિનું એક મહત્ત્વનું સ્થાન તે ઇલોરા. અહીં અર્ધચન્દ્ર આકારમાં વિસ્તરેલાં ૩૪ ગુફામંદિરોમાં, બૌદ્ધ, હિંદુ તથા જૈન સ્થાપત્યનું અપૂર્વ સંયોજન થયું છે.

દક્ષિણ તરફથી શરૂ કરતાં અહીં બાર બૌદ્ધ ચૈત્ય અને વિહારોનો સમૂહ છે; રચનામાં, અજંટાની ગુફાઓથી કંઇક ભિન્ન એવી આ ગુફાઓમાં પણ એક આગવાપણું છે. બે માળવાળી તથા ગેલેરી જેવી રચનાવાળાં અને પ્રમાણમાં વધારે વિસ્તાર તથા ઓરડાવાળાં અહીંના ગુફામંદિરો એક ઔર વાતાવરણ ખડું કરે છે. ક્યારેક સુંદર ચિત્રોથી ખચિત એવા આ ગુફામંદિરોમાં અત્યારે તો એ ચિત્રોનાં દર્શન દુર્લભ થઇ ગયાં છે.

આગળ વધતાં, ૧૯ ગુફામંદિરોનો સમૂહ, બ્રાહ્મણ સંસ્કૃતિનો, એટલે કે હિંદુ સંસ્કૃતિનો છે. અહીંની રચનાઓનું વૈવિધ્ય ખરેખર માણવા જેવું છે. અહીંના દશાવતાર ગુફામંદિરની રચના, હિંદુ સ્થાપત્યનું એક ઉત્કૃષ્ટ સર્જન છે. અહીંના પ્રત્યેક ગુફામંદિરની પોતાની વિશેષતા છે. જો કે, આ સૌમાંયે કૈલાસ મંદિરને તો એક ચમત્કાર જ ગણવું પડે. લગભગ ૧૦૦ ફૂટ ઊંચા એક નક્કર ખડકને ઉપરથી કોતરતાં જઇ, બે માળના મંદિરની રચના કરવી, ને તેમાં યે, પ્રાણીઓ, દેવી-દેવતા, રામાયણ-મહાભારતના પ્રસંગો તથા અનેક સુશોભનો સભર, સમૃદ્ધ કોતરણી કરવી, એ અનેરી સિદ્ધિ છે. ભગવાન શંકરના નિવાસ, કૈલાસ-શિખરનું સ્વરૂપ-ધરાવતું આ વિલક્ષણ મંદિર. કોઇ સાહસિક સ્વપ્નદ્રષ્ટાનું સર્જન છે. વાસ્તુકારની રૂપરેખાને તાદૃશ કરવામાં તથા મૂર્તિઓમાં પ્રાણ પૂરવાની કલામાં નિષ્ણાત ટાંકણિયાઓની નિષ્ઠા દ્વારા, અહીં ધાર્મિક અનુરક્તિ પરાકાષ્ઠાએ પહોંચી છે.

સ્વાભાવિક રીતે જ અહીં મુંબઇની ઘારાપુરીની એટલે કે એલિફન્ટાનાં ગુફામંદિરોના સંકુલમાંની વિશ્વવિખ્યાત ત્રિમૂર્તિ-એટલે કે મહેશમૂર્તિ યાદ આવે જ ને !

આગળ વધતાં, આ પછીનો પાંચ ગુફામંદિરોનો સમૂહ, જૈન સંસ્કૃતિનો છે. અહીંનાં બે મહત્ત્વનાં ગુફામંદિરો છે- ઇન્દ્રસભા અને જગન્નાથ સભા; ઇન્દ્રસભામાં ઉપરના માળની રચના, ઇલોરાની સર્વોત્તમ રચનાઓમાં સ્થાન ધરાવે છે. અહીં ભગવાન મહાવીરની મૂર્તિ છે અને ૨૪ તીર્થંકરોની મૂર્તિઓ પણ છે. જગન્નાથ સભા પણ લગભગ આ પ્રકારની જ છે, પણ પ્રમાણમાં કંઇક નાની છે.

એક વાત ખાસ નોંધવા જેવી છે કે બૌદ્ધ સંસ્કૃતિ સિવાયનાં ગુફામંદિરો, બૌદ્ધ શૈલકર્તન પરંપરાથી પ્રેરાઇને એટલે કે ખડકો કોતરીને ગુફામંદિરો નિર્માણ કરવાની બૌદ્ધ પરંપરાથી પ્રેરાઇને રચાયેલાં, પછીના કાળનાં છે. જો કે આ કાળ પછી, આમ ગુફામંદિરો કોતરવાની પરંપરા ધીમે ધીમને વિલુપ્ત થઇ ગઇ ને મંદિરોનું સ્થાપત્ય પ્રચલિત થતું ગયું.

જૈન સંસ્કૃતિનાં તો પુષ્કળ મંદિરો ભારતમાં છે. પણ આ સૌમાં, રાજસ્થાનના દેલવાડાનાં તથા રાણકપુરનાં મંદિરો ખૂબ જ મહત્ત્વનાં છે. આબુ પરના મંદિર સંકુલમાંના દેલવાડાનાં દહેરાઓમાં વિમલ વસહી અને લૂણવસહી મુખ્ય છે. મધ્યકાલીન સ્થાપત્ય શૈલીના ચરમ ઉત્કર્ષ સમા આ દહેરાં અત્યાધિક અલંકરણો ધરાવે છે. વિમલ વસહી, પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથને સમર્પિત થયું છે, જ્યારે ત્યાર પછી લગભગ ૨૦૦ વર્ષે, વસ્તુપાલ-તેજપાલ નિર્મિત લૂણવસહી શ્રી નેમિનાથને સમર્પિત થયેલું છે. આ દહેરાના ગભારા, સભામંડપને કમાનોની કોતરણી, પથ્થર પરના કોતરકામનું અપ્રતિમ ઉદાહરણ છે.

અરવલ્લીના પહાડોમાંનું રાણકપુર પણ એક મંદિર સંકુલ છે. અહીંનું ૨૯ કક્ષોનું દહેરું, વાસ્તુકલાના ચરમ ઉત્કર્ષનું દર્શન કરાવે છે. અહીંના જૈન દહેરાં, ૧૫મી-૧૬મી સદીના ગુજરાતી-રાજસ્થાની સ્થાપત્ય શૈલીનાં ઉજ્જવળ ઉદાહરણો છે. અહીં વાસ્તુકલાનું વૈવિધ્ય, છાયા-પ્રકાશનું વિશિષ્ટ આયોજન, તથા છત અને મૂર્તિઓનું અલંકરણ મંત્રમુગ્ધ કરે એવું છે.

દક્ષિણમાં શ્રવણબેલગોલા, બેંગલોરથી ૧૬૦ કિ.મી. દૂર છે. અહીં ઇન્દ્રગિરિ પર એક જ શિલામાં ઘડાયેલી, શ્રી ગોમતેશ્વરની ૫૭ ફૂટ ઊંચી અતિવિશાળ મૂર્તિ છે. આ મૂર્તિ સમગ્ર જૈન સમાજમાં જ નહીં, ભારતભરમાં અનોખું મહત્ત્વ ધરાવે છે. હજાર વર્ષ જૂની આ ભવ્ય મૂર્તિ જૈનોમાં અતિ શ્રદ્ધાભર્યું પવિત્ર સ્થાન ધરાવે છે. દર ૧૨ વર્ષે, ચોક્કસ નક્ષત્ર લગ્નમાં ત્યાં, એના મસ્તકાભિષેકનો મહોત્સવ ઉજવાય છે.

હિંદુ મંદિરોમાં, શૈવ, વૈષ્ણવ તથા સૂર્યમંદિરો મુખ્ય હોય છે. આ વર્ગના સ્થાપત્યોમાં ખજુરાહો, ભૂવનેશ્વર તથા દક્ષિણનાં મંદિરો સારું એવું મહત્ત્વ ધરાવે છે.

મધ્ય પ્રદેશના ખજુરાહો ગામનું અનેરું મંદિર સંકુલ, શૈવ, વૈષ્ણવ તથા જૈન મંદિરો ધરાવે છે. અહીં એક સૂર્યમંદિર પણ છે . અહીં સૌથી જૂનું મંદિર ૬૪ જોગણીઓનું છે, જે ભારતના જોગણીઓના મંદિરોમાં સર્વપ્રથમ ગણાય છે.

અહીંના બ્રહ્મા, લાલગુઆ, વરાહ અને માતંગેશ્વર મંદિરો બાદ કરતાં, બાકીનો મંદિરસમૂહ લગભગ સમાન શૈલીનો છે. સ્થાપત્યની

તત્કાલીન પરંપરામાં આ સમૂહે જાણે કોઇ ક્રાંતિ સર્જી હોય એમ એ સાવ જુદો પડે છે-એની તો એક આગવી જ શૈલી છે.

આ સંકુલમાં, લક્ષ્મણ મંદિર, વિશ્વનાથ મંદિર, પાર્શ્વનાથ મંદિર અને કંડાર્ય મહાદેવ મંદિર મહત્ત્વનાં છે. આ સૌમાં લક્ષ્મણ મંદિર સૌથી સારી રીતે સચવાયેલું છે. ઉત્તુંગ શ્રૃંગશ્રેણી ધરાવતાં ને ઊંચા ઓટલા પર ઊભેલાં તથા ત્યાંના વાતાવરણમાં સાવ અલગ પડી જતાં અહીંના મંદિરોની સંયોજિત-રચના , શિલ્પકલા, સમતુલા અને સ્થાપત્યની દૃષ્ટિએ, ભારતીય મંદિર-સ્થાપત્ય-કલાની સર્વશ્રેષ્ઠ ઉપલબ્ધિ છે.

-ને આ મહત્ત્વનાં મંદિરોમાં યે કંડાર્ય મહાદેવનું મંદિર, સૌથી ઊંચું છે. એની શૃંગાર પ્રચુર લલિત શિલ્પ ખચિત દીવાલો, કામ અને અધ્યાત્મનો અજબ સુસંવાદ સાધે છે.

ઓરિસ્સાનું ભૂવનેશ્વર તો મંદિરોનું નગર છે. ત્યાંના મંદિરસંકુલમાં, લિંગરાજ તથા મુક્તેશ્વર મંદિરોમાં ત્યાંની શિલ્પ સમૃદ્ધિની ઉત્તંગતાનાં દર્શન થાય છે. ૧૨૭ ફૂટ ઊંચું લિંગરાજ, ૧૨મી સદીના ભૂવનેશ્વરમાંનું, ઉડિયા સ્થાપત્ય શૈલીનું અગ્રણી છે,-તો મુક્તેશ્વર-ભલે નાનું, પણ રળિયામણું- એક સર્વાંગ સુંદર ઊર્મિગીત છે, અહીંના શૈવ મંદિરોના સમૂહમાં, એક વૈષ્ણવ મંદિર પણ છે-એ છે, અનંત વાસુદેવ મંદિર.

ઓરિસ્સાનું સૌથી જબરું આકર્ષણ તો ત્યાંના સૂર્યમંદિર 'કોણાર્ક'નું છે. સાત અશ્વવાળા સૂર્યરથના સ્વરૂપમાં એનું નિર્માણ થયેલું છે. આયોજનમાં ભવ્ય અને શિલ્પકલામાં અદ્વિતીય, આ મંદિર, ઉડિયા સ્થાપત્યકલાથી પરાકાષ્ઠારૂપ છે. આ વિશાળકાય મંદિરના પ્રાંગણમાં અન્ય મંદિરો પણ છે.

આપણા મહેસાણા જિલ્લાના મોઢેરાનું સૂર્યમંદિર પણ સોલંકી સ્થાપત્ય શૈલીનું ને સુસંગઠિત શિલ્પકલાનું શ્રેષ્ઠ સર્જન છે. ઊંચા ઓટલા પર ઊભેલું આ મંદિર ત્રણ ભાગોમાં વહેંચાયેલું છે. સુંદર કમાનદાર બે લલિત કોતરણીથી ખચિત આ મંદિરની દીવાલ પર બાર આદિત્યો પણ કંડારાયા છે. નાનાં મંદિરોથી વીંટળાયેલું આ મંદિર, સામે પગથિયાવાળું તળાવ પણ ધરાવે છે.

અન્ય મહત્વનાં આપણાં સૂર્યમંદિરોમાં કાશ્મીરનું માર્તંડ મંદિર અને ખજુરાહોનું ચિત્રગુપ્ત મંદિર મુખ્ય છે.

દક્ષિણ ભારત તો મંદિરોનો પ્રદેશ જ કહેવાય છે. વિદેશી પ્રભાવથી ઠીકઠીક બચેલાં અહીંના મંદિરો, દક્ષિણ ભારતની સૌથી પ્રાચીન કલાત્મક સંસ્કૃતિના દર્પણરૂપ છે.

કાંચીપુરમ્ અહીંની દ્રવિડ શૈલીના સ્થાપત્યનું પારણું ગણાય છે, જ્યારે ૧૧ ગોપુરમવાળું મિનાક્ષી મંદિર નિર્માણ કલાની ભવ્યતાનું દર્શન કરાવે છે.

અત્યારે સમુદ્રતટે ઊભેલું મહાબલિપુરમ્નું મંદિર, પહેલાં ૭ મંદિરોનું સંકુલ હતું-હવે રહેલા આ એક જ મંદિરમાં, સૌદર્યમંડિત એકાશ્મરથ દર્શનીય છે.

વારંગલનું ૧૦૦૦ સ્તંભોવાળું તારકાકાર મંદિર ચૌલુક્ય સ્થાપત્ય શૈલીનું રત્ન છે. અહીં શિવ, વિષ્ણુ અને સૂર્યનાં મંદિરો ઉપરાંત, જૈન મંદિર પણ છે. મૈસૂર પ્રદેશના હેલેલિડનું હોયસાલેશ્વર તથા બેલુરનું તારકાકાર ચન્નકેશવ મંદિર, ઉત્તર-દક્ષિણની અસર ધરાવતાં છતાં પોતાનું આગવું વ્યક્તિત્વ ધરાવે છે.

ઐહોલ તો મંદિરોનું નગર જ છે, અહીં શ્રીરંગમ્ ભારતમાંના વિશાળ મંદિરોનું એક છે. ગ્વાલિયરમાં આવેલું દક્ષિણ શૈલીનું 'તેલીકા મંદિર' પ્રતિહાર શૈલીનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

કોઇ જમાનામાં અનેક માળવાળું, ભરપૂર કોતરણીથી ખચિત, સિદ્ધપુરનું રુદ્રમાળ, હવે ભંગારના અતિઅલ્પ અવશેષ થઇને વેરવિખેર પડ્યું છે. એ તથા અનેકવાર જિર્ણોદ્ધાર અને નવનિર્માણ પામેલું, પ્રભાસપાટણનું સોમનાથ મંદિર, ભવ્ય ભૂતકાળ અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં હોવા છતાં, આજે એ ઠીક ઠીક મહત્ત્વ ગુમાવી બેઠાં છે.

એક અનેરા આકર્ષણનું કેન્દ્ર બનેલું અમૃતસરનું સુવર્ણમંદિર, શીખ કોમનું પવિત્ર ગુરુદ્વારા છે. ગ્રંથસાહેબ ધરાવતું આ મંદિર 'દરબાર સાહેબ' નામે પણ ઓળખાયું છે. પછીની રાજપૂત શૈલી તથા મુગલ શૈલીના અંશો અપનાવી, એમાં એમની નિજી વિશેષતાઓ ઉમેરી સર્જેલું આ આગવા સ્વરૂપનું સુવર્ણમંદિર, શીખ કોમનું મુખ્ય ધર્મસ્થાન છે-એટલું જ નહીં, એમના અન્ય ગુરુદ્વારાઓ માટે પણ આ માર્ગદર્શક થઇ પડ્યું છે.

આપણે ત્યાંની ઇસ્લામી સંસ્કૃતિમાં, આગ્રાના કિલ્લામાંની મોતી મસ્જિદ સંગેમરમરનું-કંઇક નઝાકતભર્યું કલાત્મક સર્જન છે; જો કે દિલ્હીની જામા મસ્જિદ વધુ ભવ્ય અને લાલિત્ય ધરાવતી સુંદર ઇમારત છે.

બહુ પ્રાચીન નહીં, પણ ઊંડી શ્રદ્ધા ને ધાર્મિક આદર ધરાવતાં ખ્રિસ્તી ચર્ચોમાં મુંબઇનું ગ્લોરિયા ચર્ચ તથા ગોવાનું સંત ઝેવિયર્સનો મૃતદેહ ધરાવતું ચર્ચ, મહત્ત્વનાં સ્થાન ધરાવે છે.

ધર્મ હવે અંગત શ્રદ્ધાનો વિષય ગણાય છે, એ ખરું ! પણ આપણી કલાત્મક સ્થાપત્ય-સંસ્કૃતિના ઇતિહાસમાં ધર્મસ્થાનોએ આપેલો આવો અમૂલ્ય ફાળો સદાય અવિસ્મરણીય રહેશે. ■ ■ ■

## સાભાર-સ્વીકાર

■ **ભગવાન મહાવીર જીવન દર્શન** ✦ લેખક-સંપાદક : મુનિશ્રી મૃગેન્દ્રમુનિજી ✦ પૃષ્ઠ-૧૪૮ ✦ મૂલ્ય રૂા. ૩૫ ✦ પ્રકાશક : શ્રી મહાવીર પ્રકાશન C/o. શ્રી પ્રાણલાલ જમનાદાસ શાહ, બી/ એફ, ગરીબદાસ કૉ.ઓપ. સોસાયટી, નોર્થ સાઉથ રોડ નં. ૫, જુહુસ્કિમ, અંધેરી [વેસ્ટ], મુંબઈ-૪૦૦ ૦૪૯.

■ **બુજ્ઝ ! બુજ્ઝ ! ચંડકોશિયા** ✦ લેખક : મુનિશ્રી મુક્તિવલ્લભવિજયજી ✦ પૃષ્ઠ-૨૮૨ ✦ મૂલ્ય રૂા ૪૦ ✦ પ્રકાશક : પ્રજ્ઞા પ્રબોધ પરિવાર, હીરેન પેપર માર્ટ, નિત્યાનંદનગર નં. ૩, બેન્ક ઓફ મહારાષ્ટ્રની સામે, સહાર રોડ, અંધેરી [ પૂર્વ], મુંબઈ-૪૦૦ ૦૬૯.

■ **આહારશુદ્ધિ** ✦ લેખક : આ. શ્રી રાજેન્દ્રસૂરિજી મહારાજ ✦ પૃષ્ઠ-૧૩૬ ✦ મૂલ્ય રૂા. ૮ ✦ પ્રકાશક : સુસંસ્કાર નીધિ ટ્રસ્ટ, C/o. નાનજી ધારશીની કું., ૨૩૮, ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.

■ **ભીતર સૂરજ હજાર** ✦ લેખક : મુનિ શ્રી વાત્સલ્યદીપ ✦ પૃષ્ઠ-૧૫૯ ✦ રૂા. ૧૨ ✦ પ્રકાશક : વાત્સલ્યદીપ ફાઉન્ડેશન, 'રવિ', ભગવાન નગરનો ટેકરો, ઉપાશ્રય પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

■ **તુમ ચંદન, હમ પાની** ✦ લેખક તથા પ્રકાશક ઉપર મુજબ ✦ પૃષ્ઠ-૭૧ ✦ મૂલ્ય રૂા. ૧૦

■ **ખંડેરમાં સર્ચલાઈટ** [સાધર્મિકોની વ્યથા] ✦ લેખક : ચંદ્રકાંત કડિયા ✦ પૃષ્ઠ-૪૦ ✦ મૂલ્ય : વાત્સલ્યભાવ ✦ પ્રકાશક : ચંદ્રકાંત કડિયા, શ્રી શ્વે. મૂ. જૈન બોર્ડીંગ, 'એફ' બ્લોક, એચ. એલ. કૉમર્સ હોસ્ટેલ નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

■ **કલ્યાણનો અતુલમ્ દીક્ષા વિશેષાંક** ✦ સંપાદક : અમૃતકુમાર રૂપાશંકર શર્મા ✦ પૃષ્ઠ-૨૭૦ ✦ મૂલ્ય રૂા. ૩૫ ✦ પ્રકાશક : કલ્યાણ પ્રકાશન મંદિર ટ્રસ્ટ, શિયાણીપોળ, વઢવાણ શહેર, [ સૌરાષ્ટ્ર]-૩૬૩ ૦૩૦

■ **ધરતીની અમીરાત** ✦ લેખક : જયમલ્લ પરમાર ✦ પૃષ્ઠ-૪૮૦ ✦ મૂલ્ય રૂા. ૯૪ ✦ પ્રકાશક : પ્રવીણ પુસ્તક ભંડાર, લાલ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, રાજકોટ [સૌરાષ્ટ્ર]-૩૬૦ ૦૦૧ .

■ **લોક સંસ્કૃતિનું બીલીપત્ર** [જયમલ્લ પરમાર સ્મૃતિ ગ્રંથ] ✦ સંપાદક : રાજુલ દવે ✦ પૃષ્ઠ-૪૩૭ ✦ મૂલ્ય રૂા. ૧૨૫ ✦ પ્રકાશક : ઉપર મુજબ

■ **પૂજ્ય ગોમતીબાઈ** ✦ સંપાદક : ગુલાબ દેઢિયા ✦ પૃષ્ઠ-૧૫૭ ✦ મૂલ્ય રૂા. ૫૦ ✦ પ્રકાશક : સાધનાશ્રમ, બિદડા [કચ્છ]-૩૭૦ ૪૩૫.

## સંઘ સંચાલિત-અસ્થિ સારવાર કેન્દ્ર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાનાં રોગોની નિઃશુલ્ક સારવાર દર રવિવારે સવારના ૧૦-૦૦ થી ૧-૩૦ સુધી પરમાનંદ કાપડિયા સભાગૃહ , ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, રસધારા કૉ-ઓપ. સોસાયટી, બીજે માળે, પ્રાર્થનાસમાજ, મુંબઈ-૪૦૦ ૦૦૪. (ફોન નં. ૩૫૦૦૨૯૬), ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત 'સંઘ'ના દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૩- ૦૦થી ૫-૦૦ સુધી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, ઝાલાવાડનગર, સી. ડી. બરફીવાળા માર્ગ, જુહુ લેન, અંધેરી [ પશ્ચિમ], મુંબઈ-૪૦૦ ૦૫૮.ખાતે ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોક્ત સારવાર વિનામૂલ્યે અપાય છે: જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

**પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ**
મંત્રી

**નિરુબેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ**
મંત્રીઓ

# સિદ્ધાંતનિષ્ઠ પુત્ર અને કર્મવીર

❑ 'સત્સંગી'

કુટુંબ નાનું હોય, ખાધેપીધે સુખી હોય, મિલકત પણ ધરાવતું હોય, આવાં કુટુંબના એકના એક દીકરાને કોલેજકાળથી જીવનપર્યંત ઘડીભેઘડી શીતળ છાંયડા સિવાય સદાય આર્થિક કટોકટીનો તાપ જ અનુભવવો પડે એવા દાખલા છેલ્લા બે દાયકાનાં ભારતમાં તો જોવા મળે એ શક્ય લાગતું નથી. પરંતુ આવો દાખલો ઈ.સ.૧૮૫૮માં સિલ્હટ જિલ્લામાં આવેલાં પોઇલ નામનાં ગામમાં જન્મેલા ધર્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસી, વિચારક, પત્રકાર, લેખક અને સંનિષ્ઠ દેશભક્ત બિપિનચંદ્ર પાલનો છે. સિલ્હટ ત્યારે બંગાળમાં હતું. તેમના પિતા રામચંદ્રપાલ. તે સમયમાં લાંચ ન લેનારા મૂર્ખ ગણાતા, તેથી તેમને ખુલ્લી રીતે મૂર્ખ કહેવામાં આવ્યા એવા પ્રામાણિક તેમજ ધર્મપરાયણ અને પુત્ર સોળ વરસનો થાય એટલે તેને મિત્ર ગણવો એવું આચરનાર હતા; છતાં કોલેજકાળથી બિપિનચંદ્રને સામાન્ય આજીવિકા માટે સતત સંઘર્ષ જ કરવો પડ્યો. સંઘર્ષ પણ કેવો કે કોઇ કોઇ પ્રસંગ વાંચતી વખતે હૈયું ભરાઇ આવે તેવો.

ઈ.સ.૧૮૭૪ના ડિસેમ્બરમાં બિપિનચંદ્ર કોલેજમાં અભ્યાસ કરવા માટે માતાપિતાના આશીર્વાદ લઇને કલકત્તા રવાના થયા. એ જ વરસમાં સિલ્હટ જીલ્લાને આસામ હેઠળ મૂકવામાં આવ્યો હતો. આસામ પછાત ગણાતો હોવાથી, જે વિદ્યાર્થી એન્ટ્રન્સ(મેટ્રિક) ના પરીક્ષામાં સફળ થાય તેને કોલેજમાં અભ્યાસ માટે મહિને દસ રૂપિયા શિષ્યવૃત્તિ આપવામાં આવશે એવી સરકારે જાહેરાત કરી હતી. તેથી તેઓ શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થી તરીકે કલકત્તાની પ્રેસિડન્સી કોલેજમાં અભ્યાસ કરવા લાગ્યા. ૧૮૭૫માં તેમની માતાનાં દુઃખદ અવસાનથી તેઓ ઘણા ખિન્ન બન્યા. ૧૮૭૬માં તેમને વિનયનનાં પહેલા વર્ષની પરીક્ષા આપવાનું થયું. પરીક્ષાથી બે માસ પહેલાં તેમને શીતળા નીકળ્યાં હતાં, તેથી તેઓ પૂરી તૈયારીના અભાવે પરીક્ષામાં બેઠા નહિ. શીતળા નીકળવાનાં સાચાં બહાનાંથી તેમના પિતા તેમને ઠપકો ન આપે એમ તો બન્યું; પરંતુ વાસ્તવમાં તેમના સાહિત્યપ્રેમને લીધે તેઓ પરીક્ષા ન આપી શક્યા. એન્ટ્રન્સ અથવા મેટ્રિકની પરીક્ષા પણ તેમણે પહેલી વાર ન આપી તેમાં પણ કારણ એ હતું કે તેઓ સાહિત્યના વાચનમાં સવિશેષ મશગૂલ રહેતા. કોલેજમાં પણ પોતાની શિષ્યવૃત્તિ જાય એ બીકે થોડા પીરિયડો ભરતા અને એ સિવાય કોલેજથી થોડે દૂર તેઓ કેનિંગ લાઇબ્રેરી નામની પુસ્તકોની દુકાનમાં કલાકો સુધી પુસ્તકો ફેંદ્યા કરતા. ૧૮૭૭માં વિનયનના પહેલા વર્ષની પરીક્ષામાં તેઓ બેઠા, પરંતુ ગણિતમાં નિષ્ફળ ગયા તેથી વર્ષ ફરી બગડ્યું.પછી બીજે વર્ષે પરીક્ષામાં બેસવાનું નક્કી કર્યું, પણ તેમના પિતાએ છ માસ સુધી કંઇ જ પૈસા મોકલ્યા નહિ. તેથી તેમનું મન અભ્યાસમાં ચોંટ્યું નહિ. પૈસા ન મોકલવાનું કારણ એ હતું કે પિતાપુત્ર વચ્ચે ધાર્મિક અને સામાજિક માન્યતા અંગે મતભેદ થયો હતો અને આ મતભેદ બિપિનચંદ્ર માટે હંમેશાં સિદ્ધાંતનિષ્ઠાનો પ્રશ્ન બની રહ્યો. આખરે પિતાએ બધા પૈસા એકીસાથે મોકલ્યા, તેથી બિપિનચંદ્ર પરીક્ષામાં તો બેઠા. પરંતુ શરુનો જે સમય બગડ્યો તેથી અભ્યાસની તૈયારી થઇ શકી નહિ. પરિણામે, ફરી પરીક્ષામાં ઉત્તિર્ણ ન થયા. અહીંથી તેમનો જીવનનો સંઘર્ષ શરુ થયો અને અભ્યાસની કારકિર્દી પણ સમાપ્ત થઇ.

હિંદુઓના રિવાજો સામે સુધારાવાદી ચળવળરૂપે સ્થપાયેલા બ્રહ્મો સમાજમાં બિપિનચંદ્ર જોડાયા તેની ખબર તેમના પિતાએ પરોક્ષ રીતે મેળવી ત્યારથી પિતાપુત્ર વચ્ચે મતભેદ ઉગ્ર બન્યો. તેમના પિતામાં પિતૃવાત્સલ્ય ભારોભાર હોવા છતાં પોતાનો પુત્ર પોતાની પાસે આવે અને પૂજા વગેરેના ધાર્મિક ઉત્સવોમાં હિંદુ ધર્મની રૂઢિ પ્રમાણે રહે એના આગ્રહી રહ્યા. જ્યારે બિપિનચંદ્ર હિંદુ ધર્મને કોઇ રીતે અપનાવવા માગતા નહોતા. પરિણામે, તેમના પિતા તેમને સઘળી આર્થિક સહાય કરી શકે તેમ હોવા છતાં આ ઉગ્ર મતભેદને કારણે બિપિનચંદ્રનો વસમો જીવનસંઘર્ષ શરુ થયો.

બ્રહ્મો સમાજમાં પણ મતભેદોથી ભાગલા પડ્યા. નવા સમાજનાં બંગાળી અઠવાડિકમાં તેમને લેખો લખવાનું આમંત્રણ મળ્યું, પરંતુ આ તો માનદ્ સેવા હતી. આ સમાજે સીટી સ્કૂલ શરુ કરી, પરંતુ તેમાં શિક્ષક તરીકે તેમની લાયકાત ઓછી હતી તેમજ તેઓ કલકત્તા જેવાં મોટાં શહેરના વિદ્યાર્થીઓમાં શિસ્ત રાખી શકે કે કેમ એવાં કારણોથી તેમને તે સ્કૂલમાં નોકરી ન મળી. ત્યાં તો તેમની શક્તિ પ્રત્યે માન ધરાવતા સદ્ગૃહસ્થે તેમને ઓરિસ્સામાં આવેલાં કટકમાં ઉચ્ચ અંગ્રેજી શાળામાં હેડમાસ્તર તરીકે આવવા માટે તેમને આમંત્રણ આપ્યું. તેઓ મહિને ૩૦ રૂપિયાના પગાર અને રહેવાની સગવડ સાથે ઇ.સ. ૧૮૭૯માં કટક ગયા. વેકેશન પહેલાં એન્ટ્રન્સ પરીક્ષામાં બેસવા માટે તેમણે ચાર વિદ્યાર્થીઓની પસંદગી કરી હતી. તેમનાં આવેદનપત્રોમાં સહી કરીને તે આવેદનપત્રો અને વિદ્યાર્થીઓની ફી શાળાના વ્યવસ્થાપકને આપીને તેઓ વેકેશનમાં કલકત્તા ગયા. જ્યારે તેઓ વેકેશન પછી કલકત્તાથી પાછા ફર્યા ત્યારે જે વિદ્યાર્થીને તેમણે પરીક્ષામાં બેસવાની ના પાડી દીધી હતી તેનું આવેદનપત્ર ભરવામાં આવ્યું હતું અને વ્યવસ્થાપકે તેમાં સહી કરી હતી. તેમણે સહી કરેલાં આવેદનપત્રોની જગ્યાએ તાજાં આવેદનપત્રો પોતાની સહી સાથે રાખ્યાં હતાં. તેઓ તેમનાં હક અને સત્તાનો નકાર સહન ન કરી શક્યા એટલે રાજીનામું આપી ત્યાંથી છૂટા થઇ ગયા. તેઓ ત્યાં દસ-અગિયાર માસ જ રહ્યા.

તેઓ કલકત્તા આવતા રહ્યા, પણ નોકરી તો શોધવાની હતી. તેમની સાથે જે બે મિત્રો કટક ગયા હતા તેઓ પણ રાજીનામું આપીને કલકત્તા આવતા રહ્યા હતા. આ જ અરસામાં સિલ્હટ મંડળ સિલ્હટમાં ઉચ્ચ અંગ્રેજી શાળા શરૂ કરવા સક્રિય બન્યું હતું. આખરે બિપિનચંદ્ર તેમના બંને સાથીદારો સાથે પોતાના વતનના જિલ્લામાં નોકરી માટે ગયા. તેમના પિતા ત્યાં આતુરતાથી તેમની રાહ જ જોતા હતા. પિતા-પુત્ર મળ્યા. પિતાએ કહ્યું, ' હું જાણું છું કે તને આ લાંબી મુસાફરી પછી ઘણી ભૂખ લાગી હશે. પરંતુ તારા અંગે શું કરવું એ મેં નક્કી કર્યું નથી. તેથી તારા માટે થોડા નાસ્તાની ગોઠવણ કરી છે, તેથી આ નાસ્તો તું ઓરડામાં લઇને રાત પસાર કરજે. આ કુટુંબમાં તારા હકનાં સ્થાન અંગે આવતી કાલે હું નક્કી કરીશ.' પરંતુ જ્ઞાતિના રિવાજો બિપિનચંદ્રને માન્ય નહોતા, તેથી બીજે દિવસે તેમના પિતાએ તેમના ભત્રીજાને સૂચના આપી કે તે બિપિનને ભોજન ભલે આપે પણ જ્યાં સુધી તેઓ સિલ્હટમાં હોય ત્યાં સુધી તેને કોઇ સંજોગોમાં રસોડામાં અને ભોજનખંડમાં આવવા દેવાનો નથી. પછી તેઓ તેમને ગામ પોઇલ ગયા. આમ પિતા-પુત્ર વચ્ચેની ફાટ વધુ બની.

બિપિનચંદ્રને સિલ્હટમાં બંગાળી અઠવાડિકના તંત્રી તરીકે કામ કરવાનું આમંત્રણ મળ્યું હતું. તેમને લેખનકાર્ય ખૂબ પ્રિય હતું. અહીં તેમણે ઘણો પરિશ્રમ કર્યો. એક સવારે તેમને મોંથી લોહી પડ્યું. તેથી સ્થાનિક ડૉક્ટરો ગભરાયા અને તરત જ રજા પર ઊતરી જવાની તેઓએ સલાહ આપી. સિલ્હટ ભેજવાળું સ્થળ હતું તેથી તેમને ફેફસાંની તકલીફ કદાચ હોય એવી શંકા થતાં તેમને સારવાર માટે ફરજીઆત કલકત્તા આવવાનું થયું. આરામ અને હવાફેર માટે તેમની પાસે પૈસા નહોતા. આ જવાબદારી તેમના મિત્રોએ લીધી. તેમને પૂછ્યા વિના તેમના મિત્રે તેમના પિતાને આ સઘળી પરિસ્થિતિની જાણ કરી. તેમના પિતાનો જવાબ આવ્યો કે બિપિન હિંદુ સમાજમાં આવે તો તેઓ સહકુટુંબ (બિપિનચંદ્ર બ્રહ્મોસમાજી બન્યા હતા એ મતભેદને લીધે પિતાને મળવા જઇ શકતા નહોતા , તેથી એકલતાની અકળામણથી તેમના પિતાએ બીજું લગ્ન કર્યું હતું.) કલકત્તા આવીને તેની સારવાર સંભાળે. જો બિપિનચંદ્ર આ દરખાસ્ત ન સ્વીકારે તો તેમના પિતાને તેમની સાથે પછી કોઇ સંબંધ ન રહે એવી મતલબનો આ પત્ર હતો. પરંતુ નિષ્ણાત ડૉક્ટરોને ફેફસાંની તકલીફ અંગે કંઇ જોવામાં ન આવ્યું, તો પણ ડક્ટરોએ તેમને સિલ્હટ જવાની સલાહ ન આપી. પછી તેમને ૧૮૮૧માં ઑગસ્ટમાં મહીસુરમાં બેંગ્લોરની એક ઉચ્ચ અંગ્રેજી શાળામાં આચાર્ય તરીકે જવાનું થયું.

બેંગ્લોર જતાં પહેલાં, શિવનાથ શાસ્ત્રીએ જે એક બાળવિધવાને પોતાની પુત્રી જેવું સ્થાન આપ્યું હતું તે નૃત્યકલિ સાથે બિપિનચંદ્રનું વેવિશાળ નક્કી કરાયું. બિપિનચંદ્રને શિવનાથ શાસ્ત્રી પ્રત્યે પૂજ્યભાવ હતો. ત્યારે મુંબઇ થઇને મદ્રાસ જવાતું. તેઓ એક અઠવાડિયું મુંબઇ રોકાયા અને ત્યાંથી મદ્રાસ ગયા. બેંગ્લોરમાં તેઓ સ્થિર થાય પછી થોડા દિવસ કલકત્તા આવે ત્યારે લગ્ન કરવાં એમ નક્કી થયું હતું. મુંબઇમાં જ્યાં તેઓ મહેમાન બન્યા હતા તે લોકોએ બ્રહ્મોસમાજી લગ્ન મુંબઇમાં જ કરવાં એવો આગ્રહ રાખ્યો. આ લગ્ન ગિરગામમાં પ્રાર્થનાસમાજ મંદિરમાં થયું. જે મુંબઇમાં પહેલું બ્રહ્મોસમાજી લગ્ન હતું, અલબત્ત વર-કન્યા મુંબઇનાં નહોતાં, પણ બંગાળી હતાં.

નાતાલ પછી બિપિનચંદ્ર બેંગ્લોર જવા ઉપડ્યા. પંડિત શિવનાથ શાસ્ત્રી બોરીબંદર સ્ટેશને નવદંપતીને વળાવવા આવ્યા હતા. ગાડી ઉપડતી વખતે તેમણે બિપિનચંદ્રને પૂછ્યું, "તમારી પાસે આરામથી બેંગ્લોર પહોંચવા પૂરતા પૈસા છે ને ?" બિપિનચંદ્રે હા પાડી. હકીકતમાં લગેજનું ભાડું ચૂકવ્યા પછી તેમની પાસે ફક્ત ૧૪ આના રહ્યા હતા. તે વખતે મુંબઇથી પૂના સુધી સ્ત્રીઓને બત્તીવાળા અલગ ડબ્બામાં બેસવાનું હતું. બિપિનચંદ્ર રસ્તામાં મૂંઝાયા કે આટલા પૈસામાં ખાવા-પીવાનું કેમ થશે ? પૂના આવ્યા ત્યારે તેમણે ખૂબ પાણી પીધું અને પછી તેમનાં પત્નીને કહ્યું કે તેમનું પેટ ભરેલું છે એટલે કંઇ લેવું નથી. "સસ્તાં ફળ અને તળેલા ચણાથી ચાલશે, સવારે કંઇક લેશું અને પછી તો મદ્રાસ પહોંચી જવાશે," એમ કહીને તેમનાં પત્નીએ પતિનો ભાર હળવો કરી નાખ્યો. સવારમાં ચા-બિસ્કીટ લીધા પછી તેમની પાસે ફક્ત બે આના હતા. રાયચુર જંકશને બીજી ગાડીમાં સામાન મૂકાવીને બંને પ્લેટફોર્મ પર આંટા મારતાં હતા, ત્યારે તારવાળો તેમનું નામ પૂછતો તેમની પાસે આવ્યો. શિવનાથ શાસ્ત્રીએ તેમને તારથી દસ રૂપિયા મોકલ્યા હતા.

તેઓ બેંગ્લોર ૧૮૮૦ના ઑગસ્ટમાં ગયા. ડિસેમ્બરમાં લગ્ન કર્યાં અને ડિસેમ્બર, ૧૮૮૨માં તેમણે નોકરી છોડી. તેમનું સ્વમાન ઘવાય એવા બનાવો બનવાથી વ્યવસ્થાપક સાથે તેમના સંબંધો બગડ્યા એટલે તેમણે રાજીનામું આપી દીધું. તે જ સમયે કલકત્તાથી તેમના જાણીતા સદ્‌ગૃહસ્થ આવ્યા. તે વખતે તેમનાં પત્નીની તબિયત નબળી હતી. તે ગૃહસ્થે તેમની તબિયતનુ કારણ પૂછ્યું. તેમણે કહ્યું કે તેને બેંગ્લોરનું હવામાન માફક આવતું નથી. તેમણે બિપિનચંદ્રને તેમનાં પત્નીને બીજે સ્થળે લઇ જવાનું સૂચવ્યું. બિપિનચંદ્રે કહ્યુ કે તે માટે તેમને નોકરી જોઇએ અને કલકત્તા પહોંચવાના પૈસા જોઇએ. એટલે તે ગૃહસ્થે તેમને કહ્યું કે તેઓ તેમનાં બંને પુત્રોને આઇ.સી. એસ માટે મોકલવા માગે છે, તેથી તેઓ કલકત્તા આવીને તેમને બધો સમય ભણાવે અને રસ્તાનું ખર્ચ પણ તેઓ આપશે. ૧૮૮૨ના અંતભાગમાં, જ્યાં સારી ચાહના મેળવી હતી તે બેંગ્લોર છોડીને બિપિનચંદ્ર પાછા કલકત્તા આવી ગયા.

૧૮૮૪માં બંગાળ પબ્લિક ઓપિનિઅન નામનાં પત્રના સહતંત્રી તરીકે તેમને મહિને ૭૦ રૂપિયા મળતા. ૧૮૮૫ સુધીમાં તેઓ બે પુત્રીઓના પિતા બન્યા હતા. બંગાળી પત્રોમાં લખીને તેઓ દર મહિને વીસ-પચ્ચીસ રૂપિયા બીજા મેળવતા. ૧૮૮૪ના અંતમાં બંગાળ પબ્લિક ઓપિનિઅન બંધ થયું. ફરી તેમને આજીવિકાનો સંઘર્ષ થયો. સિલ્હટના બે-ત્રણ વિદ્યાર્થીઓ અભ્યાસ માટે કલકત્તા આવ્યા હતા. તેઓ તેમને ત્યાં પેઇંગ ગેસ્ટ તરીકે રહ્યા જે તેમને માટે મદદ બની. ૧૮૮૫ના ઑગસ્ટમાં તેમની દસ મહિનાની બીજી પુત્રી બીમાર પડી. ડૉક્ટરે બીજે સ્થળે જવાની તેમને સલાહ આપી. પરંતુ બિપિનચંદ્ર પાસે પૈસા નહોતા. બાબુ દુર્ગામોહનદાસે તેમને રહેવા માટે સારા વિસ્તારમાં તેમનું ઘર આપ્યું. આ અરસામાં તેમના પિતાએ પોતાની તબિયત લથડવા લાગી છે એવો સંદેશો તેમને કહેવડાવ્યો. બિપિનચંદ્રને થયું કે તેમના પિતા તેમને મળવા માગે છે. બાબુ દુર્ગામોહનદાસે પણ એ જ અર્થ ઘટાવ્યો.

તે વખતે તેમનાં પત્નીએ એક બાળકનો જન્મ આપ્યો હતો. એવી સ્થિતિમાં તેમને કેવી રીતે છોડી જવા એ પ્રશ્ન હતો. વળી, ઘેર પહોંચવા માટે પૈસા પણ જોઇએ. બાબુ દુર્ગામોહનદાસે બંને પ્રશ્નોની જવાબદારી સંભાળી લીધી, તેથી તેઓ પિતાને મળવા ગયા. તેમની નિઃસ્વાર્થવૃત્તિથી તેમના પિતામાં પરિવર્તન આવ્યું, તેથી કલકત્તાથી કુટુંબ લઇ આવવાનું તેમને કહ્યું અને જવા-આવવાના પૈસા આપ્યા. તેમણે તેમના પિતાનાં પરિવર્તન માટે તેમનાં પત્નીનાં વ્યક્તિત્વને યશ આપ્યો. આખરે ૧૮૮૬ના આરંભમાં પિતા-પુત્રનું સુખદ મિલન વતનનાં પોઇલ ગામમાં થયું. ત્યાં તેમનાં પત્નીને કોલેરા થયો. ચિંતાજનક પરિસ્થિતિ થઇ. તેમના પિતાએ પુત્રવધૂની સારવાર માટે હિંદુ રૂઢિચુસ્તતાને છોડીને પણ અંગત દેખરેખ રાખી. તેમનાં પત્ની બચી ગયાં. પરંતુ તેઓ હજી બરાબર સ્વસ્થ નહોતાં થયાં ત્યાં તેમના પિતા એ ચેપમાં પથારીવશ થયા. મરણપથારીએ તેમણે પહેલાંનું વસિયતનામું જેમાં બિપિનચંદ્રને બાતલ કર્યા હતા તે રદ કરાવ્યું અને નવું વસિયતનામું લખાવડાવ્યું, જેમાં બિપિનચંદ્રને વસિયતનામાના કર્તાહર્તાની સત્તા આપી. પિતાએ પોતાના પુત્રને નિષ્કપટ અને પ્રામાણિક ગણાવ્યા. તેમના છેલ્લા શબ્દો વહુમાની ખાવા-પીવાની કાળજી અંગેના હતા.

તેમના પિતાના અવસાન બાદ તેમણે થોડો વખત ગામના જમીનદારનું પાત્ર ભજવ્યું પણ તેમને ન ફાવે એ દેખીતું છે. તેમના પિતાએ તેમની સ્થાવર મિલકત મોટી રકમ લઇને ગીરો મૂકી હતી. બિપિનચંદ્રે વતનમાં સ્થિર થવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તેમના કોઇ વાંક વિના એક અમલદાર સાથે સંબંધો બગડ્યા અને બાળકોને ત્યાંનું હવામાન માફક ન આવ્યું. છેવટે તેમના પિતાની મિલકત વેચીને દેવું ચૂકવીને તેઓ ૧૮૮૬ની આખરમાં કલકત્તા પાછા આવી ગયા. પરંતુ બંગાળી પત્ર બંધ થઇ ગયું હતું અથવા લખનારને તેઓ કંઇ આપી શકે તેમ નહોતા. બીજા પત્ર સાથે સંબંધ ન રાખી શકાય એવું તે ક્રાંતિકારી બન્યું હતું. તેમને જે થોડી મિલકત મળી હતી તેના આધારે તેમને તત્કાળ ગુજરાનની ચિંતા નહોતી. તેથી તેઓ બ્રહ્મોસમાજના ઉપક્રમે વ્યાખ્યાનો અને ઉપદેશનું કામ કરતા રહેતા. આ સમય દરમ્યાન તેમણે રાણી વિક્ટોરિઆ અને અકાળે અવસાન પામેલા તેમના નિકટના મિત્ર બાબુ પ્રમાદચરણ સેનનાં જીવનચરિત્રો બંગાળી ભાષામાં લખ્યાં.

૧૮૮૭ના ઓક્ટોબરમાં તેમને લાહોરમાં ટ્રિબ્યુન પત્રમાં સહતંત્રી તરીકેની નોકરી મળી. ત્યાં થોડા જ દિવસોમાં તે પત્રના તંત્રી રજા પર ગયા, તેથી તેમણે પાંચ માસ તંત્રીનું સ્થાન સંભાળ્યું. તેમની સાહિત્યિક કાર્ય માટેની અનોખી ધગશ હોવાથી તેમણે તંત્રીની ગેરહાજરીમાં પત્રની નામના સારી વધારી. તંત્રીએ રજા પરથી આવ્યા બાદ બિપિનચંદ્રને આખરી પ્રૂફ તપાસવાનું અને દિવસ દરમ્યાન થયેલી આવકની દેખરેખનું કામ સોંપ્યું. તેમણે સહતંત્રી તરીકે આવું કામ ન સ્વીકાર્યું અને રાજીનામું આપી દીધું. તેમના એક પ્રશંસકે પત્રના માલિક સાથે તેમની મુલાકાત થાય એવું ગોઠવી આપ્યું. પરંતુ તેઓ તંત્રીને ડખલ થાય એમ ઇચ્છતા નહોતા, તેથી પત્રના માલિક આગળ પોતાનાં રાજીનામાની યોગ્યતા ગણાવી છૂટા થયા. તેઓ ફરી કલકત્તા પાછા આવ્યા. પોતાને મળેલો વારસો બચે તેટલા માટે તેઓ લાહોર ગયા હતા. પણ એ સફરથી ૩૦૦૦ રૂપિયા ઓછા થયા હતા.

તેમનાં પત્નીને વરસે સવા વરસે પ્રસૂતિ આવતી, તેથી તેમનું સ્વાસ્થ્ય જોખમાયું હતું. પરંતુ સારી તબીબી સારવારથી તેઓ સ્વસ્થ થઇ ગયાં હતાં. એક વાર તેઓ તેમનાં મકાનની સામે જ પ્રાર્થનાખંડમાં ગયા હતાં. ત્યાં પડી ગયાં. સારી તબીબી સારવારથી તેમની તબિયત બરાબર થઇ ગઇ હતી. ત્યાર પછી થોડા દિવસો બાદ તેમને એકાએક તાવ આવ્યો. તરત જ સારી તબીબી સારવાર થઇ, પણ તબિયતે જુદો જ વળાંક લીધો અને થોડા જ કલાકોમાં તેમણે છેલ્લો શ્વાસ લીધો. બિપિનચંદ્રને આ આઘાત ઘણો વસમો લાગ્યો. તેમના ધાર્મિક વિચારોમાં પરિવર્તન આવ્યું. તેમણે એમર્સન અને ટેનિસના વિચારોમાંથી સતત આશ્વાસન મેળવ્યું. એમર્સન તો તેમના સતત સાથીદાર તરીકે એક વર્ષ લગી રહ્યા. તેમના ધાર્મિક વિચારો વ્યવસ્થિત, ગંભીર અને શ્રદ્ધાપૂર્ણ બન્યા. દોઢ વર્ષ પછી તેમણે ફરી લગ્ન કર્યું.

તેમની પત્નીનાં ૧૮૯૦ના ફેબ્રુઆરીમાં અવસાન બાદ તેમને કલકત્તા પબ્લિક લાઇબ્રેરીમાં ગ્રંથપાલ અને મંત્રી તરીકે નોકરી મળી. ત્યાં તેઓ બહુ રહી ન શક્યા. સમિતિના ૧૨ સભ્યોમાંના કેટલાક તેમને તેમના અંગત નોકર ગણતા હોય એવી તેમને લાગણી થઇ. તેથી તેમણે તે નોકરી પણ છોડી. પરંતુ સમિતિના પ્રમુખ શ્રી લીને તેમના પ્રત્યે આદર હતો. તેમણે તેમને કલકત્તા મ્યુનિસિપાલિટીમાં લાઇસન્સ ઇન્સ્પેક્ટર તરીકેની હંગામી નોકરી અપાવી. આ નોકરીમાં પણ તેઓ વધારે રહી ન શક્યા, કારણકે તેમની આજીવન લેખન અને ઉપદેશની તીવ્ર ઉત્કંઠાને લીધે પોતાના અને પોતાના પરિવારના નિભાવની ચિંતા ભગવાનને ચરણે છોડીને બ્રહ્મો સમાજનાં અને સાહિત્યિક કાર્ય માટે તેમણે તેમનું જીવન અર્પણ કરી દીધું.

૧૮૯૮માં તેઓ બ્રહ્મોસમાજી કાર્યકર તરીકે વિદેશી શિષ્યવૃત્તિ સાથે બે વર્ષના અભ્યાસક્રમ માટે ઇંગ્લેંડ ગયા. ત્યાંથી પછી તેઓ અમેરિકા ગયા. ત્યારપછી તેમના ૧૯૩૨ સુધીના જીવનકાળ દરમ્યાન તેઓ પત્રકાર, લેખક, દેશભક્ત તેમજ વક્તા તરીકે કાર્યરત રહ્યા. વચ્ચે વચ્ચે વિદેશ જવાનું પણ બનતું. થોડો શીતળ છાંયડો બાદ કરતાં, તેમણે દયાજનક આર્થિક કટોકટી તો છેક સુધી ભોગવી. તેઓ પોતાનો સિદ્ધાંત છોડીને આર્થિક પ્રલોભનને વશ થતા જ નહિ. આજે થોડી વાર બત્તી જાય એટલી અગવડ માણસથી સહન થતી નથી, ત્યારે આ વીર પુરુષ પોતાના વિચારો ખાતર, સિદ્ધાંતો ખાતર અને સ્વમાન ખાતર સદાય અકિંચનતાની અતિ વસમી અગવડ સ્વીકારતા રહ્યા અને પોતાને જે સત્ય લાગે તે સમજાવવાનું કાર્ય અનન્ય ધગશથી કરતા રહ્યા- આવું તેમનું ઉદાત્ત જીવન સૌને પ્રેરણારૂપ બની રહો.

■ ■ ■

# સિદ્ધ પરમાત્મા

❑ રમણલાલ ચી. શાહ

[ગતાંકથી સંપૂર્ણ]

અરિહંત પરમાત્માની પ્રતિમા-પૂજા તેમના સિદ્ધ સ્વરૂપે જ કરવાની હોય છે. અરિહંત પરમાત્મા તીર્થ પ્રવર્તાવ્યા પહેલાં, કેવળજ્ઞાન પૂર્વે, ઊઠતાં, બેસતાં, ચાલતાં એમ વિવિધ સ્થિતિમાં વિવિધ આકારે જોવા મળે અને તીર્થ પ્રવર્તાવ્યા પછી પણ વિવિધ આકારે જોવા મળે. પરંતુ તેઓ ફક્ત પર્યંકાસને અથવા કાયોત્સર્ગ મુદ્રાએ જ નિર્વાણ પામે, સિદ્ધગતિ પામે. એટલે તીર્થંકર ભગવાનની પ્રતિમા આ બે અવસ્થામાં જ હોય. તીર્થંકર ભગવાન સમવસરણમાં પાદપીઠ ઉપર પગ રાખીને દેશના આપતા હોય છે, તો પણ તેમની પ્રતિમા-પૂજા તો તેમના સિદ્ધ સ્વરૂપે જ કરવામાં આવે છે. જે તીર્થંકર ભગવાન હજુ નિર્વાણ નથી પામ્યા એવા વીસ વિહરમાન જિનેશ્વરોની તથા અનાગત તીર્થંકરોની પ્રતિમા પણ નિર્વાણ મુદ્રામાં જ કરવામાં આવે છે.

આમ, બધી દૃષ્ટિએ વિચારતાં અરિહંત અને સિદ્ધ એ બે પદ લગભગ એકબીજાના પર્યાય જેવાં હોવાથી નવકારમંત્રમાં અરિહંત પરમાત્માને પ્રથમ નમસ્કાર કરાય તે જ સર્વથા ઉચિત છે.

જગતના જીવોમાં કર્મની વિચિત્ર લીલાને કારણે અનંત પ્રકારનું વૈવિધ્ય જોવા મળે છે. એમાં એટલી જ અસમાનતા, વિષમતા, વિચિત્રતા રહેલી છે. સિદ્ધ દશામાં સર્વ જીવો સમાન છે. તીર્થંકર ભગવાન સિદ્ધ થાય કે સામાન્ય કેવલી સિદ્ધ થાય, તેમની સિદ્ધ દશામાં ઊંચનીચપણું, અસામાનતા નથા. વ્યવહારમાં દાખલો આપવામાં આવે છે કે જેમ રાજા અને ભિખારીના જીવનમાં આભજમીનનો ફરક હોય છે, પરંતુ મૃત્યુ પામ્યા પછી ચિતા પર ચડેલા બંનેનાં શબ વચ્ચે એવું કોઈ અંતર નથી તેમ જુદા જુદા જીવો ગમે તે પ્રકારનાં જન્મમરણ કરીને આવ્યા હોય અથવા ગમે તે ભેદે સિદ્ધગતિ પામ્યા હોય, પણ સિદ્ધ દશામાં તેઓ બધા સરખા જ છે, સરખું જ શિવસુખ અનુભવે છે.

કેવા પ્રકારના જીવો કેવી કેવી રીતે સિદ્ધગતિ પામે છે તેને આધારે સિદ્ધના પંદર પ્રકારો બતાવવામાં આવે છે. પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે, 'સિદ્ધા પણ્ણરસવિહા પણ્ણતા' 'નવતત્ત્વ પ્રકરણ' માં કહ્યું છે :

जिण अजिण तित्थऽतित्था
गिहि अन्न सलिंग थी नर नपुंसा ॥
पत्तेय सयंबुद्धा
बुद्धाबोहिय इक्क–णिक्कवा य ॥

સિદ્ધોના પંદર પ્રકાર નીચે પ્રમાણે છે.

(૧) તીર્થસિદ્ધ -તીર્થંકર પરમાત્માના શાસનકાળ દરમિયાન જે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા કેવળજ્ઞાન પામી સિદ્ધ થાય તે તીર્થસિદ્ધ કહેવાય. ઉ.ત. ગણધરો સર્વ તીર્થસિદ્ધ હોય છે.

(૨) અતીર્થસિદ્ધ - તીર્થંકર ભગવાન તીર્થની સ્થાપના કરે તે પહેલાં અથવા તીર્થનો વિચ્છેદ થઈ ગયા પછી જે સિદ્ધ થાય તે અતીર્થસિદ્ધ કહેવાય. ઉ.ત. ઋષભદેવ ભગવાનનાં માતા મરુદેવા અતીર્થસિદ્ધ કહેવાય છે.

(૩) તીર્થંકર સિદ્ધ(અજિનસિદ્ધ)- જેઓ તીર્થંકરપદ પામીને, તીર્થ પ્રવર્તાવ્યા પછી સિદ્ધગતિ પામે તે 'તીર્થંકર સિદ્ધ' કહેવાય.. ઉ.ત. નેમિનાથ ભગવાન, પાર્શ્વનાથ ભગવાન, મહાવીરસ્વામી, વગેરે તીર્થંકર સિદ્ધ કહેવાય.

(૪) અતીર્થંકર સિદ્ધ(જિનસિદ્ધ)- જે સામાન્ય કેવળીઓ હોય તે સિદ્ધ ગતિ પામે તેમને અતીર્થંકર સિદ્ધ કહેવામાં આવે છે.

(૫) સ્વયંસંબુદ્ધ સિદ્ધ- જાતિ સ્મરણાદિ જ્ઞાન થતાં, ગુરુ વિના સ્વયં દીક્ષા ધારણ કરીને જેઓ સિદ્ધ થાય તે સ્વયંસંબુદ્ધ સિદ્ધ કહેવાય છે. ઉ.ત.કપિલ મુનિ.

(૬) પ્રત્યેકબુદ્ધ સિદ્ધ -જેઓ ધજા, વૃક્ષ, વૃષભ કે એવા કોઈ પદાર્થને વ્યક્તિને કે સ્થળ વગેરે જોઈ અનિત્યાદિ ભાવના ભાવતાં ભાવતાં, સ્વયં દીક્ષા લઈ કેવળજ્ઞાન પામી સિદ્ધ થાય તે પ્રત્યેક બુદ્ધ સિદ્ધ કહેવાય છે. ઉ.ત. કરકંડુ મુનિ પ્રત્યેક બુદ્ધ સિદ્ધ હતા.

(૭) બુદ્ધબોધિત સિદ્ધ -જેઓ દીક્ષા લઈ આચાર્યાદિના પ્રતિબોધથી આત્મવિકાસ કરતાં કરતાં કેવળજ્ઞાન પામી સિદ્ધ થાય તે બુદ્ધબોધિત સિદ્ધ કહેવાય.

(૮) સ્ત્રીલિંગ સિદ્ધ-વેદ વિકારનો ક્ષય કરી, માત્ર સ્ત્રીના અવયવ રૂપ શરીરથી સિદ્ધ થાય તે 'સ્ત્રીલિંગ સિદ્ધ' કહેવાય. ઉ.ત. ચંદનબાળા, મૃગાવત્તી વગેરે સ્ત્રીલિંગ કહેવાય છે.

(૯) પુરુષલિંગ સિદ્ધ -વેદ વિકારનો ક્ષય કરી, માત્ર પુરુષના અવયવ રૂપ શરીરથી સિદ્ધ થાય તે 'પુરુષલિંગ સિદ્ધ' કહેવાય છે. ઉ.ત. ગૌતમસ્વામી વગેરે ગણધરો પુરુષલિંગ સિદ્ધ કહેવાય છે.

(૧૦) નપુંસકલિંગ સિદ્ધ - વેદ વિકારનો ક્ષય કરી, માત્ર નપુંસક એવા શરીરથી સિદ્ધ થાય તે 'નપુંસકલિંગ સિદ્ધ' કહેવાય છે. ઉ.ત. ગાંગેય મુનિ નપુંસકલિંગ સિદ્ધ કહેવાય છે.

(૧૧) સ્વલિંગ સિદ્ધ - સર્વવિરતિધર સાધુ, જેઓ મુહપત્તિ રજોહરણ ઈત્યાદિ સાધુનાં વેષ-ચિહ્નધારણ કરનાર સિદ્ધ થાય તે 'સ્વલિંગ સિદ્ધ' કહેવાય. ઉ.ત.જૈન સાધુઓ સ્વલિંગ સિદ્ધ કહેવાય.

(૧૨) અન્યલિંગ સિદ્ધ - કોઈક વ્યક્તિ જૈન ધર્મની ન હોય, અન્ય ધર્મની હોય, અન્ય પ્રકારનો વેષ ધારણ કર્યો હોય પરંતુ દુષ્કર તપ વગેરે કરી વિભંગજ્ઞાની થાય અને સંસારનું સ્વરૂપ તથા તત્ત્વ સમજાતાં, વિશુદ્ધ પરિણામે ચડતાં ચડતાં પરમ અવધિએ પહોંચે અને કેવળજ્ઞાન પામે અને આયુષ્ય પૂર્ણ થવામાં હોય અને સાધુનો વેષ ધારણ કરવા પહેલાં સિદ્ધ થાય તે ' અન્યલિંગ સિદ્ધ' કહેવાય. ઉ.ત. વલ્કલચીરી 'અન્યલિંગ સિદ્ધ' કહેવાય છે.

(૧૩) ગૃહસ્થલિંગ સિદ્ધ - સર્વવિરતિધર સાધુ ન થયા હોય અને જેમને ગૃહસ્થપણામાં ધર્માચરણ કરતાં કરતાં, વિશુદ્ધ ભાવના ભાવતાં ભાવતાં કેવળજ્ઞાન થાય અને સિદ્ધ થાય તે 'ગૃહસ્થલિંગ સિદ્ધ' કહેવાય. ઉ.ત. ભરત ચક્રવર્તી ગૃહસ્થલિંગ સિદ્ધ કહેવાય છે.

(૧૪) એક સિદ્ધ - એક સમયમાં ફક્ત એક સિદ્ધ થાય તે એક સિદ્ધ કહેવાય. ઉ.ત. મહાવીરસ્વામી એક સિદ્ધ કહેવાય.

(૧૫) અનેક સિદ્ધ - એક સમયમા એક સાથે બેથી માંડીને ૧૦૮ સુધી સિદ્ધ થાય તે અનેક સિદ્ધ કહેવાય. ઉ.ત. ઋષભદેવ ભગવાન અનેક સિદ્ધ કહેવાય છે. એક સમયમાં ૧૦૮ થી વધુ સિદ્ધ થાય નહિ.

(દિગંબરો સ્ત્રીલિંગ સિદ્ધ અને નપુસકલિંગ સિદ્ધમાં માનતા નથી.)

શ્રી સિદ્ધ પરમાત્માનો મહિમા અને એમનાં મહત્ત્વનાં લક્ષણો દર્શાવતાં શાસ્ત્રકાર કહે છે.

असरीरा जीवघणा उवउत्ता दंसणे अ नाणे अ ।
सागारमणागारं लकखणमेअं तु सिद्धाणं ॥

केवलनाणुवउत्ता जाणंती सव्वभावगुणभावे ।
पासंति सव्वओ खलु केवल दिट्ठीहिऽणंताहिं ॥

[ અશરીરી (શરીરવિનાના), જીવના પ્રદેશો વડે ઘન, દર્શન અને જ્ઞાનમાં ઉપયુક્ત તથા સાકારી અને અનાકારી એ સિદ્ધોનું લક્ષણ છે. તેઓ કેવળજ્ઞાનમાં ઉપયુક્ત હોવાથી સર્વ ભાવોના ગુણપર્યાયને જાણી રહ્યા છે તથા તેને જ અનન્ત એવી કેવળદૃષ્ટિ વડે જોઈ રહ્યા છે.]

સિદ્ધ ભગવંતો અમૂર્ત છે, અદૃષ્ટ છે. એ દૃષ્ટિ એ તેઓ નિરાકારી છે અને તેમની અવગાહના તેમના ચરમ શરીર અનુસાર હોય છે માટે તેઓ સાકારી છે.

'સિરિ સિરિવાલ કહા' માં શ્રી રત્નશેખર સૂરિ કહે છે.

जे अ अणंता अपुणब्भवाय असरीरया अणाबाधा ।
दंसण नाणुवउत्ता ते सिद्धा दिंतु मे सिद्धिं ॥

[ જે અનંત છે, અપુનર્ભવ છે, અશરીર છે, અવ્યાબાધ છે, દર્શનજ્ઞાનથી ઉપયુક્ત છે તે સિદ્ધ ભગવંતો મને સિદ્ધિ આપો.]

જીવવિચાર પ્રકરણમાં કહ્યું છે.

सिद्धाणं नत्थि देहो
न आउ कम्मं न पाण जोणीओ ।
साइ अनंता तेसिं ठिइ
जिणिंदागमे भणिआ ॥

[ સિદ્ધ ભગવંતોને દેહ નથી, આયુષ્ય નથી, કર્મ નથી, દ્રવ્ય પ્રાણ નથી, અને યોનિ નથી, તેમની સાદિ અનંત સ્થિતિ જિનેશ્વરના આગમમાં કહી છે.]

*અજ અવિનાશી, અકલ, અજરામર, કેવલદંસણ નાણીજી,*
*અવ્યા બાધ, અનંતુ વીરજ, સિદ્ધ પ્રણમો ગુણખાણીજી.*

આમ, ગતિરહિતતા, ઈન્દ્રિયરહિતતા, શરીરરહિતતા, યોગરહિતતા, વેદરહિતતા, કષાયરહિતતા, નામરહિતતા, ગોત્રરહિતતા, આયુરહિતતા ઇત્યાદિ સિદ્ધ ભગવંતોનાં લક્ષણો છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'નવપદજીની પૂજા' માં લખ્યું છે.

*સકલ કરમમલ ક્ષય કરી, પૂરણ શુદ્ધ સ્વરૂપોજી,*
*અવ્યાબાધ પ્રભુતામયી, આતમ સંપત્તિ ભૂપોજી.*
*જેહ ભૂપ આતમ સહજ સંપત્તિ, શક્તિ વ્યક્તિ પણે કરી,*
*સ્વદ્રવ્યક્ષેય સ્વકાલભાવે, ગુણ અનંતા આદરી.*
*સુસ્વભાવ ગુણ પર્યાય પરિણતિ, સિદ્ધ સાધન પરભણી,*
*મુનિરાજ માનસહંસ સમવડ, નમો સિદ્ધ મહામુણી.*

સિદ્ધ ભગવંતો સકલ કર્મનો ક્ષય કરી પોતાના શુદ્ધ સ્વરૂપને પામે છે. તેઓ જ્ઞાયક સ્વભાવમાં રમણ કરે છે. હવે તેમને વૈભાવિક દશા રહેતી નથી. તેઓ આત્મ સંપત્તિ વાળા રાજા છે. તેમની આત્મ સંપત્તિ પ્રભુતામય છે. હવે તેઓને બીજા કશા ઉપર આધાર રાખવાનો રહેતો નથી. તેઓના એક એક ગુણનો જો ગહનતાપૂર્વક વિચાર કરવામાં આવે તો સ્વ-દ્રવ્યથી, સ્વ- ક્ષેત્રથી, સ્વ-કાલથી અને સ્વ-ભાવથી સિદ્ધ ભગવંતોમાં અનંત ગુણો હોય છે. વળી સિદ્ધ ભગવંતોને શુદ્ધ જ્ઞાનાદિ ગુણોનીપરિણતિ થયેલી છે તથા અશરીરત્વ, નિરંજનત્વ વગેરે શુદ્ધપર્યાયોની પણ પરિણતિ થયેલી છે. આ પરિણતિ શાશ્વત કાળ માટે થયેલી છે.

આઠ કર્મના ક્ષયથી સિદ્ધ પરમાત્મામાં ક્ષાયિક સમ્યક્ત્વ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અવ્યાબાધત્વ, અનંત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહનત્વ, અગુરુલઘુત્વ એ આઠ ગુણ પ્રગટ થાય છે તેમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચાર ઉમેરી તે બાર ગુણ પણ ગણાવવામાં આવે છે.

આમ, સિદ્ધ પરમાત્મા સર્વજ્ઞ છે, સર્વ કર્મથી મુક્ત છે, અપુનર્ભવ છે, અશરીર છે, જ્ઞાનશરીર છે, જ્યોતિરૂપ છે, નિરંજન છે, નિત્ય છે, શાશ્વત છે, કૃતકૃત્ય છે, અનવદ્ય છે, અકલ છે, અસંગ છે,નિર્મમ - નિર્વિકાર છે, અવ્યય છે, અક્ષય છે, અવ્યાબાધ છે, સ્વતંત્ર છે, પરમ પ્રભુત્વને પ્રાપ્ત કરનાર છે, શુદ્ધ ચેતનામય છે, કેવળ જ્ઞાનના અને કેવળ દર્શનના ઉપયોગથી યુક્ત છે, જ્ઞાતાદ્રષ્ટા છે, પરમ શાન્તિમય છે, નિષ્કંપ છે, લોકાગ્રે સ્થિત છે, સ્વસ્વરૂપમાં લીન છે, સર્વથા દુઃખરહિત છે તથા અનંત સુખના ભોક્તા છે.

કર્મમુક્તિ થતાં આ મુક્તાત્માઓ દેહ છોડીને શું કરે છે ? તેઓ સીધા ઉર્ધ્વગમન કરી બીજા સમયે સિદ્ધ શિલા ઉપર બિરાજમાન થાય છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'નવપદજીની પૂજા' માં સિદ્ધ પદ માટે કહ્યું છે.

*ત્રિભાગોન દેહાવગાહત્મ દેશા,*
*રહ્યા જ્ઞાનમય જાત વર્ણાદિ લેશ્યા,*
*સદાનંદ સૌખ્યાશ્રિતા જ્યોતિરૂપા,*
*અનાબાધ અપુનર્ભવાદિ સ્વરૂપા,*

ચાર ઘાતિ કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામેલા તીર્થંકરોના કે સામાન્ય કેવલીના જીવો બાકીનાં ચાર અઘાતિ કર્મનો જ્યારે ક્ષયે કરે અને મુક્તિ પામે ત્યારે તેઓ ક્યારે, શાં માટે અને કેવી રીતે લોકાગ્રે પહોંચી જાય છે તે પણ બહુ સૂક્ષ્મ વિચારણીય વિષય છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી 'શ્રીપાળ રાસ' માં લખે છે :

*સમય પએસ અણફરસી, ચરમ તિભાગ વિશેષ*
*અવગાહન લહી જે શિવ પહોતા, સિદ્ધ નમો તે અશેષ રે.*
*પૂર્વ પ્રયોગ ને ગત પરિણામે, બંધન છેદ અસંગ,*
*સમય એક ઊર્ધ્વ ગતિ જે હતી તે સિદ્ધ પ્રણમો સંત રે.*
*નિર્મળ સિદ્ધશિલાની ઉપરે જોયણ એક લોગંત,*
*સાદિ અનંત તિહાં સ્થિતિ જેહની, તે સિદ્ધ પ્રણમો રંગ રે.*

તેરમે - સયોગી કેવલીના - ગુણસ્થાનકેથી જીવ ચૌદમા અયોગી કેવલીના ગુણ સ્થાનકે પહોંચે છે ત્યારે અંત સમયે યોગનિરોધ અને શૈલેશીકરણ કરવાને કારણે તેના એ ચરમ શરીરમાં નાસિકાદિ છિદ્રો વાળી, પોલાણવાળી જગ્યામાં આત્મપ્રદેશો ઘન બનતાં શરીરનો એક તૃતીયાંશ જેટલો ભાગ ઓછો થાય છે અને બે તૃતીયાંશ જેટલી થયેલી આત્મજ્યોતિ સીધી ઊર્ધ્વગમન કરી સિદ્ધશિલાની ઉપર પહોંચે છે. એમાં કેટલી વાર લાગે છે ? જીવ બીજા જ સમયે ત્યાં પહોંચી જાય છે. વચ્ચે એક સમયનું પણ આંતરું પડતું નથી. મુક્તાત્મા અસ્પૃશદ્ ગતિએ ત્યાં પહોંચે છે એક પણ આકાશ પ્રદેશને સ્પર્શ કર્યા વિના તે જાય છે. (જો સિદ્ધાત્મા એક એક આકાશપ્રદેશને એક 'સમય' જેટલો અલ્પતમ કાળ સ્પર્શીને સાત રાજલોક ઉપર જાય તો તેમ કરવામાં અસંખ્યાત અવસર્પિણી અને ઉત્સર્પિણી જેટલો કાળ સિદ્ધશિલા ઉપર પહોંચતાં લાગે) સ્પર્શ કરવાનું તેમને હવે કોઇ પ્રયોજન કે કારણ હોતું નથી.

સંસારી જીવો એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે તો તેને લઇ જનાર કર્મ છે. પરંતુ મુક્તિ પામનાર જીવોને તો કોઇ જ કર્મ રહ્યાં નહિ. તો તેમની ઊર્ધ્વ ગતિ કેવી રીતે થઇ શકે ? દેહરહિત વિશુદ્ધ આત્માનો સ્વભાવ ઊર્ધ્વ ગતિ કરવાનો છે. તત્ત્વાર્થસૂત્રમાં વાચક ઉમાસ્વાતિએ કહ્યું છે.

पूर्वप्रयोगादसंगत्वाद् बन्धच्छेदात्तथागतिपरिणामाच्च ।
आविद्धकुलालचक्रव्यपगतलेपालाबुवदेरण्डबीजवदग्निशिखावच्च ।

આ સૂત્રમાં સિદ્ધોની ઊર્ધ્વગતિ માટે ચાર હેતુ દષ્ટાન્ત દર્શાવવામાં આવ્યાં છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ ઉપરની કડીમાં શાસ્ત્રાનુસાર આ ચાર કારણનો નિર્દેશ કર્યો છે. (૧) પૂર્વપ્રયોગ, (૨) ગતિપરિણામ, (૩)બંધન છેદ અને (૪)અસંગ. ' વિશેષાવશ્યક ભાષ્ય ' માં પણ આ ચાર હેતુઓ સમજાવવામાં આવ્યા છે, અને તેનાં દષ્ટાન્તો આપવામાં આવ્યાં છે.

(૧) પૂર્વ પ્રયોગ - એ માટે બાણની ગતિ અથવા કુંભારના ચાકડાની ગતિનું દષ્ટાન્ત આપવામાં આવે છે. ધનુષ્યમાંથી બાણ છૂટીને ગતિ કરે છે, પણ તે પૂર્વે કશુંક કરવામાં આવ્યું હોય તો જ બાણ છૂટે. બાણ છોડતાં પહેલાં ધનુષ્યની પણછ ખેંચવામાં આવે છે. એથી ધનુષ્ય પણ વાંકું વળે છે અને પણછ પણ વાંકી ખેંચાય છે. આ પૂર્વપ્રયોગ પછી પણછ અને ધનુષ્ય પોતાના મૂળ સ્થાને આવે કે તરત બાણ છૂટીને ગતિ કરે છે.

બાણને પણછનો જે ધક્કો વાગે છે તે તેનો પૂર્વપ્રયોગ છે, તેવી રીતે કુંભારના ચાકડામાં દાંડો ભરાવી તેને જોરથી ફરવવામાં આવે છે. પછી દાંડો કાઢી લીધા પછી પણ ચાકડો ઘણી વાર સુધી ફરતો રહે છે, એમાં દાંડા વડે ચાકડાને ફેરવવો તે એનો પૂર્વપ્રયોગ છે.

આવી જ રીતે સર્વથા કર્મમુક્ત થવું એ જીવનો પૂર્વપ્રયોગ છે. એમ થતાં મુક્ત જીવની ઊર્ધ્વગતિ થાય છે.

(૨) ગતિ પરિણામ - એ માટે અગ્નિની જવાળા અને ધુમાડાનું દષ્ટાન્ત આપવામાં આવે છે. જ્યારે આગ લાગે છે ત્યારે એની જવાળા અને ધુમાડો સ્વભાવથી સહજ રીતે જ ઊંચે ગતિ કરે છે. તેવી રીતે જીવ સંપૂર્ણ કર્મક્ષય કરે છે ત્યારે એના પરિણામરૂપે સ્વભાવથી સહજ રીતે ઊર્ધ્વ ગતિ કરે છે.

(૩) બંધન - છેદ - એ માટે એરંડાના બીજનું દષ્ટાન્ત આપવામાં આવે છે. એરંડાના છોડ ઉપર એનું ફળ પાકે છે. એમાં એનું બીજ રહેલું

હોય છે. આ ફળ ડાળીના છેડા ઉપર રહેલું હોય છે, અને છેડા નીચેના કોશને લાગેલો હોય છે. જ્યારે કોશ સુકાઇ જાય છે ત્યારે બીજ ફટાક કરતું છૂટું પડે છે અને ઊંચે ઊડે છે.

બંધન - છદેનું બીજું દ્દષ્ટાન્ત વૃક્ષની ડાળીનું આપવામાં આવે છે. વૃક્ષની ડાળીને નીચે નમાવી,દોરીથી બાંધવામાં આવે તો તે નીચે બંધાયેલી રહે છે. પરંતુ દોરીને જો છેદી નાખવામાં આવે તો બંધન જતું રહેતાં ડાળી પોતાની મેળે તરત ઊંચે જતી રહે છે.

આવી રીતે જીવને કર્મ બંધન છેદાઇ જતાં તે સહજ રીતે ઊંચે ગતિ કરે છે એ એનો સ્વભાવ છે.

(૪) અસંગ - એ માટે માટીથી લપેટેલા તુંબડાનું દ્દષ્ટાન્ત આપવામાં આવે છે. તુંબડું પાણીમાં તરવાના સ્વભાવવાળું છે. પરંતુ એના ઉપર જો માટીનો થોડો લેપ કરવામાં આવે અને પછી એને પાણીમાં મૂકવામાં આવે તો માટીના સંગથી એ તળિયે ડૂબી જશે. પરંતુ જેમ જેમ માટી ઓગળતી જશે તેમ તેમ એ ઉપર આવતું જશે અને બધી જ માટી ઓગળતાં તે માટીથી અસંગ થઇ પાણીમાં ઉપર તરવા લાગશે.

એ પ્રમાણે કર્મરૂપી મલ આત્મામાંથી પૂરેપૂરો નીકળી જતાં આત્મા કર્મમલથી અસંગ બની ઊર્ધ્વગતિ કરે છે. ઊર્ધ્વગમન કરીને વિશુદ્ધ આત્મા ક્યાં જાય છે ? ચૌદ રાજલોકમાં ઉપરના ભાગમાં આવેલી સિદ્ધશિલાની ઉપર શાશ્વત કાળને માટે તે સ્થિર, અચલ થઇ જાય છે. ત્યાંથી એને હવે પાછા સંસારમાં ફરવાનું નથી. મોક્ષે ગયેલા આત્માઓને પાછું ફરવાનું નથી એ તત્ત્વ અન્ય કેટલાંક દર્શનોને પણ માન્ય છે.

બૃહદ્ આરણ્યક ઉપનિષદ્‌માં કહ્યું છે.

तेषु ब्रह्मलोकेषु परापरावतो वसन्ति । तेषां न पुनरावृत्तिः

[એ બ્રહ્મલોકમાં મુક્ત આત્માઓ અનંતકાળ સુધી નિવાસ કરે છે. તેઓનું સંસારમાં પુનરાગમન થતું નથી.]

એવી જ રીતે 'પ્રશ્નોપનિષદ્'માં પણ કહ્યું છે કે મુક્ત આત્માઓ ત્યાં જાય છે કે જ્યાંથી સંસારમાં પણ પાછા આવવાનું હોતું નથી.

एतस्मान्न पुनरावर्तन्ते ।

[એ સ્થાનથી મુક્ત આત્માઓ ફરીથી ભવભ્રમણમાં આવતા નથી.]

હિંદુ ધર્મમાં મુક્તાત્માઓના આ સ્થાનને બ્રહ્મલોક તરીકે ઓળખવવામાં આવે છે. જૈન દર્શનમાં સમગ્ર વિશ્વનો નકશો આપી તેમાં સિદ્ધશિલાનું સ્થાન બતાવવામાં આવ્યું છે. કેવી છે આ સિદ્ધશિલા? શાસ્ત્રકારો વર્ણવે છે :

तन्वी मनोज्ञा सुरभि पुण्या परमभास्वरा ।
प्राग्भार् नाम वसुधा लोकमूर्ध्नि व्यवस्थिता ॥

(અંતિમોપદેશ કારિકા)

* * *

महा उज्जवल निर्मल गोक्षीरहार संकास पांडुरा ।
उत्तान छत्र संस्थान संस्थिता भणिता जिनवरेन्द्रैः ॥

* * *

एदाए बहुमज्झे श्वेतं णामेण ईसिपब्भारं ।
अज्जुण सुवण्ण सरिसं णाणारयणेहिं परिपुण्णं ॥
उत्ताणधवल छत्तोवमाण संहाणसुंदर एदं ।
पंचत्तालं जोयणया अंगुलं पि यंताम्मि ॥

(તિલોયપણ્ણત્તિ)

સિદ્ધશિલાને પ્રાગ્ભાર અથવા ઇશત્પ્રાગ્ભાર પણ કહેવામાં આવે છે. સિદ્ધશિલા માટે બીજા પણ કેટલાંક નામો છે, જેમ કે (૧) ઈસીતિવા, (૨) ઈસીપ્રભારાતિવા, (૩) તણુતિવા, (૪) તણુયરિયતિવા, (૫) સિદ્ધિતિવા, (૬) સિદ્ધાલયતિવા, (૭) મુત્તિતિવા, (૮)મુત્તાલયતિવા, (૯) લોયગ્ગતિવા, (૧૦) લોયગ્ગ થુભિયાતિવા, (૧૧) લોયગ્ગ બુજઝમાનતિવા, (૧૨) સવ્વપાણભૂયજીવ સત્ત સુહાવહાતિવા

શ્રી લલિત વિજયજી મહારાજે સિદ્ધશિલાનો પરિચય મનહર છંદમાં પોતે લખેલી નીચેની કાવ્યપંક્તિઓમાં આપ્યો છે૧૧

*સર્વાર્થસિદ્ધ વૈમાન, ધ્વજાથી જોજન બાર,*
*ઉત્તાન છત્રની પેરે, સિદ્ધશિલા ઠામ છે;*
*લાંબી પહોળી પિસ્તાલીસ લાખ તે જોજન માન,*
*'ઈશત્પ્રાગ્ભારા' એવું એનું બીજું નામ છે.*
*અર્જુન સુવર્ણ સમ, સ્ફટિક રત્નની પેરે,*
*ઉજ્જ્વળ ગોદુગ્ધ એમ જાણે મોતી દામ છે;*
*છેડે માંખ પાંખ, વચ્ચે જાડી આઠ જોજન છે,*
*જોજન અંતે 'લલિત' સિદ્ધનો વિશ્રામ છે.*

ચૌદ રાજ(રજ્જુ) લોકમય આ સમગ્ર વિશ્વના ૩૪૩ ઘનાકાર રજ્જુ ગણવામાં આવે છે. તેમાં સર્વાર્થ સિદ્ધ વિમાનની ઉપર અલૉક સુધીનો શેષ લોકભાગ અગિયાર ઘનરજ્જુ જેટલો છે. તેમાં સિદ્ધશિલા આવેલી છે. આ સિદ્ધશિલા સર્વાર્થ સિદ્ધ વિમાનની ધ્વજાથી બાર યોજન ઉપર આવેલી છે, આ સિદ્ધશિલાની પરિધિ ૧,૪૨, ૩૨૭૧૭ (અથવા ૧,૪૨,૩૦૨૪૯) યોજનની છે. આ સિદ્ધશિલા ઉપર સિદ્ધગતિના જીવો રહે છે. તેઓ સિદ્ધશિલાને અડીને નહિ, પણ ઊંચે રહે છે. કેટલા ઊંચે ? બતાવામાં આવે છે કે એક જોજનના ચોવીસ ભાગ કરવામાં આવે અને તેના તેવીસ ભાગ છોડીને, નીચે મૂકીને, ઉપરના ચોવીસમા ભાગમાં (અથવા એક કોસના છઠ્ઠા ભાગમાં) સિદ્ધાતત્માઓ બિરાજે છે. એ ચોવીસમો ભાગ કેટલો છે ? ૩૩૩ ધનુષ અને ૩૨ આંગળનાં માપનો છે. (ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યના દેહમાનવાળા જીવની અવગાહના પડે તેટલો)

માત્ર મનુષ્ય ગતિમાં જ મુક્તિ છે. માત્ર મનુષ્યગતિ માંથી જ સિદ્ધગતિ પ્રાપ્ત થઇ શકે છે. મનુષ્યલોક પિસ્તાલીસ લાખ યોજન પ્રમાણ છે. બરાબર એની ઉપર, લોકના અગ્ર ભાગમાં પિસ્તાલીસ લાખ યોજન પ્રમાણ લાંબી અને પહોળી સિદ્ધશિલા છે. આ વર્તુળાકાર સિદ્ધશિલા મધ્યમાં આઠ યોજન જાડી છે અને ચારે તરફ ઘટતી ઘટતી કિનારે માખીની પાંખ જેટલી પાતળી છે. તેનો આકાર નગારા જેવો, અડધી કાપેલી માસંબી જેવો, કટોરા જેવો કે ચત્તા છત્ર જેવો છે. કોઇક ગ્રંથમાં સિદ્ધશિલાનો આકાર અષ્ટમીના ચંદ્ર જેવો બતાવ્યો છે, તો કોઈકમાં બીજના ચંદ્ર જેવો બતાવ્યો છે, એટલે સ્વસ્તિકમાં સિદ્ધશિલાની આકૃતિ બંને પ્રકારની જોવા મળશે. જુદી જુદી અપેક્ષાએ બંને સાચા છે. નીચેથી સિદ્ધશિલા જોવામાં આવે તો તે બીજના ચંદ્ર જેવી દેખાય અને અને સામેથી, સમાન કક્ષાએથી જોવામાં આવે તો અષ્ટમીના ચંદ્ર જેવી દેખાય.

ઉવવાઇ સૂત્ર માં 'સિદ્ધ' વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યો છે.

कहिं पडिहया सिद्धा कहिं सिद्धा पइठ्ठिया
कहिं बोंदिं चइत्ताणं कत्थ गंतुणु सिज्झइ ॥

[ હે ભગવાન ! સિદ્ધ ભગવાન ક્યાં જઇને થોભ્યા છે ? સિદ્ધ ભગવાન ક્યાં જઇને સ્થિર રહ્યા છે ? સિદ્ધ ભગવાને શરીર ક્યાં છોડ્યું છે ? સિદ્ધ ભગવાન ક્યાં જઇને સિદ્ધ થયા છે ? ]

अलोए पडिहया सिद्धा लोयग्गेय पइठ्ठिया ।
इहं बोंदिं चइत्ताणं तत्थ गंतूण सिज्झइ ॥

[ હે શિષ્ય ! અલોક આગળ સિદ્ધ ભગવાન થોભ્યા છે. લોકના અગ્રભાગમાં પહોંચીને સિદ્ધ ભગવાન સ્થિર રૂપે રહેલા છે. સિદ્ધ ભગવાને આ લોકમાં દેહનો ત્યાગ કર્યો છે. સિદ્ધ ભગવાન લોકના અગ્રભાગે પહોંચીને સિદ્ધ થયા છે. ]

જીવ આઠ કર્મનો ક્ષય કરી ઊર્ધ્વ ગતિ કરી સિદ્ધશિલા ઉપર લોકાગ્રે બિરાજે છે. કોઇકને પ્રશ્ન થાય કે તે લોકાગ્રે જ શા માટે બિરાજે છે ? તેનું કારણ એ છે કે ઉર્ધ્વ ગતિ કરવી એ કર્મમળથી સર્વથા મુક્ત થઇને વિશુદ્ધ બનેલા આત્માનો સ્વભાવ છે. આત્મા લોકાગ્રે અટકી જાય છે કારકે ગતિમાં સહાય કરનારું ધર્માસ્તિકાય તત્ત્વ અને સ્થિતિમાં સહાય કરનારું અધર્માસ્તિકાય તત્ત્વ ફક્ત ચૌદ રાજમય લોકમાં જ છે, અલોકમાં નથી. એટલે જીવ લોકના અગ્રભાગે પહોંચીને અટકી જાય છે. સિદ્ધ બનેલો જીવ જ્યારે એનું ચરમ શરીર છોડે છે ત્યારે એ શરીરના ૨/૩ ભાગ જેટલી એની આત્મજ્યોતિ-અવગાહના (પોતાના આત્મપ્રદેશોમાં વ્યાપીને રહેવું.) લોકાંતે બિરાજે છે. સિદ્ધ બનેલા બધા

જીવોનાં ચરમ શરીર એક સરખાં માપનાં નથી હોતાં; નાનાંમોટાં હોય છે. એટલે દરેકની અવગાહના એક સરખા માપની નથી હોતી, પરંતુ નાની મોટી હોય છે. હવે સિદ્ધનાં જીવો જ્યારે ઊર્ધ્વ ગતિ કરે છે ત્યારે તેમનું મસ્તક ઉપર હોય છે એટલે જ્યાં લોક પૂરો થાય છે (અને અલોક શરૂ થાય છે) ત્યાં એમનું મસ્તક અડે છે. એટલે જ આપણે તીર્થંકર પરમાત્માની નવાંગી પૂજા કરતી વખતે, મસ્તકે તિલક કરતાં એનો મહામા ગાઇએ છીએ કે :

*સિદ્ધશિલા ગુણ ઊજળી, લોકાંતે ભગવંત*
*વસિયા તેને કારણે ભવિ શિરશિખા પૂજંત.*

આ રીતે સિદ્ધશિલાનું આખું દ્રશ્ય જો નજર સમક્ષ કરીએ તો અનંત આત્માજ્યોતિઓનો મસ્તકનો ઉપરનો ભાગ લોકના અંતની લીટીએ એક સરખો અડીને રહેલો છે. તેમાં મસ્તકાકાર નાનાંમોટાં છે, પરંતુ તે બધા એક સરખા એક રેખાએ અડીને રહેલા છે. પરંતુમસ્તકની નીચેની શરીરનો અવગાહનાની ભાગ બધાંનો એક સરખો નથી, કારણ કે દરેકનું ચરમ દેહપ્રમાણ એક સરખું નથી, અને મોક્ષગતિ વખતની તેમની આસનમુદ્રા પણ એક સરખી નથી. એટલે સિદ્ધગતિ નાં જીવોની અવગાહના મસ્તકે-ઉપરના ભાગમાં સદૃશ છે અને નીચેના ભાગમાં વિસદૃશ છે.

સિદ્ધશિલા પિસ્તાલીસ લાખ યોજનપ્રમાણ છે અને તેની ઉપર સિદ્ધાત્માઓની અવગાહના રહેલી છે. સિદ્ધશિલાની ઉપર પ્રત્યેક પ્રદેશે અનંતા સિદ્ધાત્માઓ રહેલા છે એમ શાસ્ત્રકારો કહે છે. મુક્તિ પામનાર જીવો સમશ્રેણીએ સીધી ગતિએ બીજા સમયે સિદ્ધશિલા ઉપર લોકાગ્રે પહોંચી જાય છે. હવે મનુષ્યલોકમાં અકર્મભૂમિની સીધી દિશાએ ઉપર સિદ્ધશિલાની ઉપર રહેલા પ્રદેશોમાં પણ અનંતા સિદ્ધો રહેલા છે. પરંતુ અકર્મભૂમિમાં કેવળજ્ઞાન નથી, તો સિદ્ધશિલાની ઉપરના એ પ્રત્યેક પ્રદેશે અનંતા સિદ્ધાત્માઓ કેવી રીતે સંભવે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે કાળ અનંત છે. એમા સંહરણ થયેલ કેવળજ્ઞાની અકર્મ ભૂમિમાં મોક્ષે જાય તો તે સિદ્ધશિલાની ઉપર એ પ્રદેશમાં પહોંચીને સ્થિત થાય. આવી રીતે અનંત કાળચક્રમાં અનંત જીવો ત્યાં પણ સિદ્ધાવસ્થા પામ્યા છે એ રીતે વિચારતાં અકર્મભૂમિ ઉપર આવેલા સિદ્ધશિલાના એ ભાગમાં પ્રત્યેક પ્રદેશે અનંતા સિદ્ધો રહેલા છે એ સમજાય એવું છે.

જીવો બે પ્રકારના છેઃ (૧) સિદ્ધ અને (૨) સંસારી. સિદ્ધશિલા ઉપર સિદ્ધ જીવો તો હોય છે. પણ શું સંસારી જીવો પણ ત્યાં હોઇ શકે? હા, કારણ કે ચૌદ રાજલોક સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોથી ઠાંસી ઠાંસીને ભરેલો છે. એટલે સૂક્ષ્મ નિગોદના એકેન્દ્રિય જીવો સિદ્ધશિલા ઉપર પણ અનંતા છે. ત્યાં જવાનું તેમનું પ્રયોજન કે કારણ ? તેમની તેવી કર્મની ગતિ. સિદ્ધશિલા ઉપર ગયેલા સિદ્ધના પ્રકારના જીવો ત્યાં જ્યોતિરૂપે અનંત કાળ માટે નિષ્કંપ, સ્થિર છે. એમને હવે નીચે ઊતરવાપણું, સંસારનું પરિભ્રમણ રહ્યું નથી. પરંતુ સૂક્ષ્મ સ્થાવરકાય એકેન્દ્રિય જીવોનો ત્યાં સ્થિરવાસ નથી. કર્મવશ તેમને પણનીચે ઊતરવાનું, સંસારમાં પરિભ્રમણ કરવાનું રહે જ છે. આવી રીતે એ પ્રકારના સંસારી જીવો અનંતવાર સિદ્ધશિલા ઉપર જઇ આવ્યા હોવા છતાં અને સિદ્ધ ભગવંતોના આત્મપ્રદેશોની લગોલગ રહેવા છતાં, કર્મની ગતિને કારણે તેમને તેઓનો કશો લાભ મળતો નથી. વળી સિદ્ધશિલા ઉપર કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓ પણ હોવા છતાં સિદ્ધ ભગવંતોના આત્મપ્રદેશોને તે સ્પર્શી શકતાં નથી.

સિદ્ધાત્માઓ સિદ્ધશિલા ઉપર બિરાજમાન થાય છે. સિદ્ધશિલા ભલે પિસ્તાલીસ લાખ યોજનપ્રમાણ હોય, પણ ચૌદ રાજલોકની દ્રષ્ટિએ એ અલ્પ પ્રમાણ ગણાય. એના ઉપર અનંત સિદ્ધાત્માઓ કેવી રીતે બિરાજમાન થઇ શકે ? વળી સિદ્ધગતિ તો નિરંતર ચાલુ છે એટલે કે નવા નવા સિદ્ધાત્માઓ ત્યાં પહોંચે છે. તો પછી એ બધાનો સમાવેશ ત્યાં કેવી રીતે થઇ શકે ? આવી જિજ્ઞાસા થવી સ્વાભાવિક છે. એનો ઉત્તર એ છે કે સિદ્ધાત્માઓની અવગાહના ત્યાં પરસ્પર અવિરોધથી સમાઈ શકે છે. સિદ્ધાત્માઓ નિજ નિજ પ્રમાણ અમૂર્ત અવગાહનારૂપ હોય છે. જેમ કોઇ વિશાળ ખંડમાં હજાર દીવા મૂકવામાં આવ્યા હોય તો તે બધાના પ્રકાશ એકબીજા સાથે ભળીને સમાય છે. તેની વચ્ચે સંઘર્ષ થતો નથી. વળી એ ખંડમા બીજા હજાર કે વધુ દીવા મૂકવામાં આવે તો તેનો પ્રકાશ પણ તેમાં અવિરોધથી સમાઇ જાય છે અને દરેક દીવાનો પોતાનો સ્વતંત્ર પ્રકાશ હોય છે. તેવી રીતે સિદ્ધશિલા ઉપર સિદ્ધાત્માઓની અશિરીરી અમૂર્ત આત્મજ્યોતિ અવગાહના કે છાયારૂપે ત્યાં સમાઇ શકે છે. જો દ્રશ્યમાન, મૂર્ત દીપક પ્રકાશ એક સ્થળે સમાઇ શકે તો અમૂર્ત, અદ્રશ્યમાન અવગાહનાની તો વાત જ શી ?

સિદ્ધ ભગવંત સિદ્ધશિલા ઉપર શાશ્વત કાળને માટે બિરાજમાન થાય છે, તો પછી તેમને ક્યાંય જવાઆવવાનું નહિ ? કશું કરવાનું નહિ? એવી રીતે રહેવામાં કંટાળો ન આવે ? આવા નિષ્ક્રિય જીવનની મજા શી ?

આવા આવા પ્રશ્નો થવા એ સામાન્ય જિજ્ઞાસુ માણસોને માટે સ્વાભાવિક છે. આપણે જે સુખ અનુભવીએ છીએ તે ઇન્દ્રિયાધીન છે, ઇન્દ્રિયો દ્વારા તે સુખ ચિત્ત અનુભવે છે. એ સુખ પુદ્ગલ પદાર્થના સંસર્ગનું છે. એટલે ખાવુંપીવું, હરવુંફરવું, ભોગ ભોગવવા વગેરેમાં આપણને સુખ લાગે છે. તેવી જ રીતે તેના અભાવથી આપણને દુઃખનો અનુભવ થાય છે. આ સુખ-દુઃખને પણ મર્યાદા છે, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની. આ સુખ અનંત કાળ માટે અનુભવી શકાતું નથી. વળી તેનો અતિભોગ પણ થઇ શકતો નથી. એના અનુભવમાં પરાધીનપણું છે. જ્યાં રાગ છે, આસક્તિ છે, તૃષ્ણા છે, અપેક્ષા છે, ઔત્સુક્ય છે ત્યાં તેના સંતોષથી આ સુખ અનુભવાય છે. પરંતુ તે સુખ કર્માધીન છે. ક્યારેક અનુભવની ઇચ્છા છતાં તે અનુભવવા ન મળે. ક્યારેક સુખ અનુભવવા જતાં, મધવાળી તલવાર ચાટવા જવાની જેમ, અતિશય દુઃખ સહન કરવાનો વખત પણ આવે.

સિદ્ધગતિનું સુખ અક્ષય, આવ્યાબાધ, શાશ્વત છે. તે પુદ્ગલ પદાર્થ પર અવલંબતું નથી. તે સ્વ-સ્વભાવમાં રમણતારૂપ છે. શરીરરહિત અવસ્થાનું એ સુખ કેવું છે તે સમજાવવા માટે, સરખામણી કરવા માટે જગતમાં કોઇ પદાર્થ કે પરિસ્થિતિ નથી. ખુદ સર્વજ્ઞ ભગવંતો, એ સુખ કેવું છે તે જાણવા છતાં વર્ણવી શકતા નથી. ભાષાનું માધ્યમ ત્યાં અપૂર્ણ છે. એ વર્ણવવા માટે શક્તિ પરિમિત છે. એ સુખ માત્ર અનુભવગમ્ય છે. 'અપૂર્વ અવસર'માં શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે :

*જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,*
*કહી શક્યા નહિ પણ તે શ્રી ભગવાન જો;*
*તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?*
*અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.*

જ્યાં આસક્તિ, ઔત્સુક્ય, અપેક્ષા, તૃષ્ણા, અપૂર્ણતા ઇત્યાદિ હોય છે ત્યાં ક્રિયાથી ઇન્દ્રિયગમ્ય આનંદનો અનુભવ થાય છે અને તે પણ અત્યંત પરિમિત પ્રકારનો. જ્યાં પૂર્ણતા છે, તથા આશા, તૃષ્ણા, અપેક્ષાનો અભાવ છે, ત્યાં ક્રિયાની કોઇ આવશ્યક્તા કે અપેક્ષા રહેતી નથી. એટલે જ સિદ્ધગતિમાં નિષ્ક્રિયતા નથી. ત્યાંથી બીજે ક્યાંય જવાની જરૂર નથી, જવાપણું રહેતું નથી. સિદ્ધત્વ એ જીવનો પારિણામિક ભાવ છે, એ જીવનો સ્વભાવવ્યંજન પર્યાય છે. વસ્તુતઃ અશરીર અવસ્થામાં, વિશુદ્ધ સ્વરૂપમાં રમણતાનો જે આનંદ છે તેની તોલે આવે એવો આપણો કોઇ જ આનંદ નથી. ઔપપાતિક (ઉવવાઇ) સૂત્રમાં કહ્યું છે :

णवि अत्थि मणुस्साणं तं सोक्खं ण वि य सव्वदेवाणं ।
जं सिद्धाणं सोक्खं अव्वाबाहं उवगयाणं ॥
जं देवाणं सोक्ख सव्वद्धा पिंडियं अणंतगुणं ।
ण य पावइ मुत्तिसुहं णंताहिं वग्ग-वग्गूहिं ॥

[નિરાબાધ અવસ્થા જેમણે પ્રાપ્ત કરી લીધી છે એવા સિદ્ધો જે સુખ અનુભવે છે તેવું સુખ મનુષ્યોની પાસે નથી તથા સર્વ પ્રકારના દેવો પાસે નથી. દેવતાઓના ત્રણે કાળ (ભૂત, વર્તન અને ભવિષ્ય)નાં સુખોને એકત્રિત કરવામાં આવે અને એને અનંતવાર વર્ગ-વર્ગિત (એટલે ગુણિત-Square) કરવામાં આવે તો પણ મુક્તિ સુખની તોલે તે ન આવે.]

યોગશાસ્ત્રમાં શ્રી હેમચન્દ્રાચાર્યે પણ કહ્યું છે :

सुरासुरनरेन्द्राणां यत्सुखं भुवनत्रये ।
तत्स्यादनन्तभागोपि न मोक्षसुखसंपदः ॥

[સુર, અસુર અને નરેન્દ્રોને આ ત્રણ ભુવનમાં જે સુખ છે તે સુક્ષ્મ મોક્ષસુખની સંપદા પાસે અનંતમાં ભાગ જેટલું પણ નથી.]

'પ્રશમરતિ'માં વાચક ઉમાસ્વાતિ કહે છે :

देहमनोवृत्तिभ्यां भवतः शारीर मानसे दुःखे ।
तदभावस्तदभावे सिद्धं सिद्धस्य सिद्धिसुखम् ॥

'સિરિસિરિવાલ કહા'માં શ્રી રત્નશેખરસૂરિએ કહ્યું છે :

जे अ अणंतमणुत्तरमणोवमं सासयं सयाणंदं ।
सिद्धिसुहं संपत्ता ते सिद्धा दिंतु मे सिद्धिं ॥

'તત્ત્વાનુશાસન'માં કહ્યું છે :

आत्मायत्तं निरावाधमतीन्द्रियमनीश्वरम् ।
घातिकर्मक्षयोद्भूतं—यत्तन्मोक्षसुखं विदुः ॥

[જે સુખ સ્વાધીન છે, બાધારહિત છે, ઇન્દ્રિયોથી પર છે, આત્મિક છે, અવિનાશી છે તથા ઘાતિ કર્મોના ક્ષયથી પ્રગટ થયું છે તેને 'મોક્ષસુખ' કહેવામાં આવે છે.]

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી 'શ્રીપાળ રાસ'માં લખે છે :

*ઉપમા વિણ નાણી ભવમાંહે,*
*તે સિદ્ધ દિયો ઉલ્લાસ રે.*
*જ્યોતિશું જ્યોતિ મળી જસ અનુપમ,*
*વિરમી સકલ ઉપાધિ.*
*આતમરામ રમાપતિ સમરો*
*તે સિદ્ધ સહજ સમાધિ રે.*

પંડિત દોલતરામજીએ 'છહ ઢાળા'માં સિદ્ધ પરમાત્માનું વર્ણન કરતાં લખ્યું છે :

*જ્ઞાન શરીરી ત્રિવિધ કર્મમલ વર્જિત સિદ્ધ મહંતા,*
*તે હૈ નિકલ અમલ પરમાત્મા ભોગે શર્મ અનન્તા.*

[જ્ઞાન એ જ માત્ર જેઓનું હવે શરીર છે અને જેઓ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એ ત્રિવિધ પ્રકારના કર્મના મલથી રહિત છે એવા નિર્મળ સિદ્ધ પરમાત્મા અનંત કાળ સુધી અનંત (અસીમિત) સુખ ભોગવે છે.]

પ્રત્યેક સંસારી જીવમાં સિદ્ધત્વ સત્તાથી રહેલું છે, પરંતુ તે કર્મના આવરણથી યુક્ત છે. જીવોમાંથી ફક્ત ભવ્ય જીવો સિદ્ધત્વ પ્રાપ્ત કરી શકે છે. અભવ્ય કે જાતિભવ્ય જીવો ક્યારેય સિદ્ધગતિ પામી શકવાના નથી. ભવ્ય જીવોમાંથી પણ કોણ, ક્યારે, કેટલી સંખ્યામાં સિદ્ધગતિ પામી શકે તે વિશે આગમ સૂત્રોમાં સ્પષ્ટ વિધાનો છે. ઉ.ત. ઔપપાતિક સૂત્રમાં કહ્યું છે :

जीवेण भन्ते । सिज्झमाणे कयरंमि आउए सिज्झइ ? गोयमा॥ जहन्नेणं साइरेगट्ठवासाए उक्कोसेणं पुव्वकोडियाउए सिज्झइ॥

[ભગવન્ ! જીવ કેટલા આયુષ્યમાં સિદ્ધમુક્ત થઇ શકે છે ? ગૌતમ ! જઘન્ય આઠ વર્ષથી અધિક આયુષ્યમાં અને ઉત્કૃષ્ટ કરોડ પૂર્વના આયુષ્યમાં જીવ સિદ્ધ થઇ શકે છે.]

'સિદ્ધપ્રાભૃત', 'સિદ્ધપંચાશિકા', 'નવતત્ત્વપ્રકરણ' વગેરે ગ્રંથોમાં સિદ્ધપદની આઠ દ્વારે, નવ દ્વારે અને પંદર દ્વારે એમ ભિન્ન ભિન્ન દૃષ્ટિએ પ્રરૂપણા કરવામાં આવી છે. આઠ દ્વાર આ પ્રમાણે છે : (૧) સત્ પદ (૨) દ્રવ્ય પ્રમાણ, (૩) ક્ષેત્ર, (૪) સ્પર્શના, (૫) કાળ, (૬) અંતર, (૭) ભાવ, (૮) અલ્પબહુત્વ. આ આઠ દ્વારમાં 'ભાગદ્વાર' ઉમેરી નવ દ્વારે વિચારણા કરવામાં આવે છે. સિદ્ધપદની પંદર દ્વારે પ્રરૂપણા આ પ્રમાણે કરવામાં આવે છે : (૧) ક્ષેત્ર, (૨) કાળ, (૩) ગતિ, (૪) વેદ, (૫) તીર્થ, (૬) લિંગ, (૭) ચારિત્ર, (૮) બુદ્ધ, (૯) જ્ઞાન, (૧૦) અવગાહના, (૧૧) ઉત્કર્ષ, (૧૨) અંતર, (૧૩) અનુસમય, (૧૪) ગણના અને (૧૫) અલ્પબહુત્વ.

આ પંદર દ્વારમાંથી કેટલીક મહત્ત્વની વિગતો નીચે પ્રમાણે આપવામાં આવી છે. (વધુ વિગતો માટે 'સિદ્ધપ્રાભૃત', 'સિદ્ધ પંચાશિકા'' વગેરે ગ્રંથો જોવા)

જુદા જુદા પ્રકારના સિદ્ધની અપેક્ષાએ એક સમયમાં વધુમાં વધુ કેટલા સિદ્ધ થાય ? એ માટે નીચે પ્રમાણે બતાવવામાં આવે છે :

(૧) તીર્થંકરના શાસનકાળ દરમિયાન અર્થાત્ તીર્થની પ્રવૃત્તિમાં એક 'સમય'માં વધુમાં વધુ ૧૦૮ સિદ્ધ થાય.

(૨) તીર્થના વિચ્છેદના કાળમાં એક સમયમાં વધુમાં વધુ ૧૦ સિદ્ધ થાય.

(૩) એક સમયમાં વધુમાં વધુ ૨૦ તીર્થંકરો સિદ્ધ થાય.

(૪) એક સમયમાં વધુમાં વધુ ૧૦૮ સામાન્ય કેવલીઓ સિદ્ધ થાય.

(૫) એક સમયમાં વધુમાં વધુ ૧૦૮ સ્વયંસંબુદ્ધ સિદ્ધ થાય.

(૬) એક સમયમાં વધુમાં વધુ ૧૦ પ્રત્યેક બુદ્ધ સિદ્ધ થાય.

(૭) એક સમયમાં વધુમાં વધુ ૧૦૮ બુદ્ધબોધિત સિદ્ધ થાય.

(૮) એક સમયમાં વધુમાં વધુ ૧૦૮ સ્વલિંગી સિદ્ધ થાય.

(૯) એક સમયમાં વધુમાં વધુ ૧૦ અન્યલિંગી સિદ્ધ થાય.

(૧૦) એક સમયમાં વધુમાં વધુ ૪ ગૃહસ્થલિંગી સિદ્ધ થાય.

(૧૧) એક સમયમાં વધુમાં વધુ ૧૦૮ પુરુષલિંગી સિદ્ધ થાય.

(૧૨) એક સમયમાં વધુમાં વધુ ૨૦ સ્ત્રીલિંગી સિદ્ધ થાય.

(૧૩) એક સમયમાં વધુમાં વધુ ૧૦ નપુંસકલિંગી સિદ્ધ થાય.

(૧૪) આ બધા જુદા જુદા પ્રકારના ભેગા મળીને કોઈપણ એક સમયે વધુમાં વધુ ૧૦૮ સિદ્ધ થાય.

સિદ્ધગતિનાં દ્વાર નિરંતર ખુલ્લાં છે, છતાં ક્યારેય કોઇ સિદ્ધ ન થાય એવો અંતર કાળ કેટલો ? એટલે કે બે સિદ્ધો વચ્ચેનું જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર કેટલું ? જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટ છ મહિનાનું અંતર સિદ્ધ થયા વિનાનું છે.

અવગાહના આશ્રીને સિદ્ધો નીચે પ્રમાણે થાય :

(૧) જઘન્ય બે હાથની કાયાવાળા (વામન સંસ્થાનવાળા) એક સમયમાં વધુમાં વધુ ૪ સિદ્ધ થાય. (તેમની અવગાહના એક હાથ અને ૮ અંગૂલની રહે.)

(૨) મધ્યમ કાયાવાળા એક સમયમાં વધુમાં વધુ ૧૦૮ સિદ્ધ થાય. તેમની અવગાહના તેમની કાયાના લગભગ ૨/૩ ભાગ જેટલી રહે.

(૩) ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ્યની કાયાવાળા એક સમયમાં વધુમાં વધુ બે સિદ્ધ થાય. તેમની અવગાહના ૩૩૩ ધનુષ્ય અને ૩૨ અંગૂલ જેટલી રહે. (ઋષભદેવ ભગવાનના કાળમાં તેમના સહિત ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ્યની કાયાવાળા ૧૦૮ જીવો એક સાથે એક સમયમાં મોક્ષે ગયા તેને અચ્છેરા તરીકે ગણવામાં આવે છે.)

તીર્થંકરો હંમેશાં જઘન્યથી સાત હાથની કાયાવાળા અને ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્યની કાયાવાળા જ સિદ્ધ થાય.

મરુદેવી માતા પરપ ધનુષ્યની કાયાવાળાં હતાં, પરંતુ તેઓ બેઠાં બેઠાં મોક્ષે ગયાં હતાં.

કાળ આશ્રીને નીચે પ્રમાણે સિદ્ધ થાય :

(૧) પહેલા અને બીજા આરામાં એક સમયમાં વધુમાં વધુ ૪ સિદ્ધ થાય.

(૨) ત્રીજા અને ચોથા આરામાં એક સમયમાં વધુમાં વધુ ૧૦૮ સિદ્ધ થાય.

(૩) પાંચમાં આરામાં અને છઠ્ઠાના આરંભમાં એક સમયમાં વધુમાં વધુ ૪ સિદ્ધ થાય.

વળી, 'સિદ્ધ પંચાશિકા'માં બતાવ્યું છે, તેમ આસન આશ્રીને નીચે પ્રમાણે સિદ્ધ થાય :

उम्मंथिअ उद्धट्ठिअ, उक्कडि वीरासणे निउंजे अ ।
पासिल्लग उत्ताणग सिद्धा उ कमेण संखगुणा ॥

[ઉન્મથિત આસને સિદ્ધ થયેલા થોડા, તેથી ઊર્ધ્વસ્થિત આસને, ઉત્કટ આસને, વીરાસને, ન્યુબ્જાસને (નીચી દૃષ્ટિ રાખી બેઠેલા), પાસિલ્લગ આસને (એક પડખે સૂઇ રહેલા), તથા ઉત્તાનાસને (ચત્તા સૂઇ રહેલા) સિદ્ધ થયેલા અનુક્રમે સંખ્યાતાગુણા જાણવા.]

પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે :

तीसा अडयाला सट्ठी बावत्तरि य बोघव्वा ।
चुलसीई छिन्नुवई य दुरहिय अट्ठुत्तरसयं च ॥

એક સમયમાં (સૂક્ષ્મમાં સૂક્ષ્મ ક્ષણમાં) વધુમાં વધુ કેટલા જીવો સિદ્ધગતિ પામી શકે ? અને તે નિરંતર કેટલા સમય સુધી ?

આ પ્રશ્નના ઉત્તરમાં નીચે પ્રમાણે બતાવવામાં આવે છે :

(૧) એક સમયમાં એક, બે, ત્રણ એમ કરતાં વધુમાં વધુ બત્રીસ જીવો જો એકસાથે સિદ્ધગતિ પામે તો તે નિરંતર-સતત આઠ સમય સુધી સિદ્ધગતિ પામી શકે. ત્યારપછી અવશ્ય અંતર પડે.

(૨) એક સમયમાં તે પ્રમાણે તેત્રીસથી અડતાલીસની સંખ્યા સુધી જીવો જો એક સાથે સિદ્ધગતિ પામે તો તે નિરંતર-સતત સાત સમય સુધી પામી શકે. ત્યાર પછી અવશ્ય અંતર પડે.

(૩) એક સમયમાં તે પ્રમાણે ઓગણપચાસથી સાઠની સંખ્યા સુધી જીવો જો એકસાથે સિદ્ધગતિ પામે તો તે નિરંતર-સતત છ સમય સુધી પામી શકે. ત્યાર પછી અવશ્ય અંતર પડે.

(૪) એક સમયમાં તે પ્રમાણે જો એકસઠથી બોતેરની સંખ્યા સુધી જીવો એક સાથે જો સિદ્ધગતિ પામે તો તે નિરંતર પાંચ સમય સુધી પામી શકે. ત્યારપછી અવશ્ય અંતર પડે.

(૫) એક સમયમાં તે પ્રમાણે જો તોંતેરથી ચોર્યાસીની સંખ્યા સુધી જીવો એક સાથે જો સિદ્ધગતિ પામે તો તે નિરંતર ચાર સમય સુધી પામી શકે. ત્યાર પછી અવશ્ય અંતર પડે.

(૬) એક સમયમાં તે પ્રમાણે પંચાસીથી છન્નુની સંખ્યા સુધી જીવો એક સાથે જો સિદ્ધગતિ પામે તો તે નિરંતર ત્રણ સમય સુધી પામી શકે. ત્યાર પછી અવશ્ય અંતર પડે.

(૭) એક સમયમાં તે પ્રમાણે સત્તાણુથી એકસો-બે (૧૦૨)ની સંખ્યા સુધી જીવો એક સાથે જો સિદ્ધગતિ પામે તો તેવી રીતે નિરંતર બે સમય સુધી પામી શકે. ત્યાર પછી અવશ્ય અંતર પડે.

(૮) એક સમયમાં તે પ્રમાણે એકસો ત્રણથી એક સો આઠની સંખ્યા સુધી જીવો એક સાથે જો સિદ્ધગતિ પામે તો તેવી રીતે ફક્ત એક સમયે જ સિદ્ધગતિ પામી શકે. ત્યાર પછી એટલે કે બીજે સમયે અવશ્ય અંતર પડે.

આમ, કોઈ પણ એક સમયે જઘન્ય એક જીવ અને ઉત્કૃષ્ટ ૧૦૮ જીવ મોક્ષગતિ પામી શકે.

અનંત કાળથી જીવો મોક્ષે જાય છે, તો પણ તેઓ સંસારી જીવોના અનંતમાં ભાગના હોય છે. જ્યારે પણ આ પ્રશ્ન પૂછવામાં આવે ત્યારે તેનો આ જ જવાબ હશે. અનંત કાળ પછી પણ આ જ જવાબ રહેશે :

નવતત્ત્વ પ્રકરણમાં કહ્યું છે :

जइआइ होइ पुच्छा जिणाण मग्गम्मि उत्तरं तइया ।

इक्कस्स निगोयस्स अणंतभागो अ सिद्धिगओ ॥

જ્યારે કોઈ જિનેશ્વર ભગવાનને પ્રશ્ન કરે કે અત્યાર સુધીમાં કેટલા જીવો મોક્ષે ગયા છે ? ત્યારે જિનેશ્વર ભગવાન ઉત્તર આપે કે અત્યાર સુધીમાં એક નિગોદના અનંતમા ભાગ જેટલા જીવો મોક્ષે ગયા છે.

કોઈક પ્રશ્ન કરે કે અત્યાર સુધીમાં સંસારમાંથી કેટલા જીવો સિદ્ધ પરમાત્મા બન્યા ? ઉત્તર છે : અનંત જીવો, કારણ કે જીવો સંસાર પરિભ્રમણમાંથી મુક્ત થઈ સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરે એ ઘટના અનાદિ-અનંત છે. ભૂતકાળમાં અનંત જીવો સિદ્ધ થઈ ગયા છે, વર્તમાનકાળે પણ (મહાવિદેહ ક્ષેત્રમાંથી) અનેક જીવો સિદ્ધ થાય છે અને ભવિષ્યમાં પણ અનંત જીવો સિદ્ધ થશે.

જૈન દર્શન પ્રમાણે સંસારમાં જેટલા જીવો છે અને સિદ્ધાવસ્થામાં જેટલા જીવો છે તે કુલ જીવોમાંથી એક પણ જીવ ક્યારે ઓછો થવાનો નથી કે એક પણ નવો જીવ તેમાં ઉમેરાવાનો નથી. સંસારી જીવો સિદ્ધ બને એ ઘટના અનાદિ કાળથી નિરંતર બને છે અને અનંત કાળ સુધી બનતી રહેશે. જૈન દર્શન પ્રમાણે જ્યારે એક જીવ સિદ્ધ થાય છે ત્યારે એક જીવ સૂક્ષ્મ નિગોદમાંથી નીકળી વ્યવહારરાશિમાં આવે છે. કોઈક પ્રશ્ન કરે કે જો આવી રીતે જીવો નિરંતર સિદ્ધાવસ્થા પામતા જાય તો એનો અર્થ એ થયો કે સંસારી જીવોમાંથી એટલા જીવો ઓછા થયા. તો પછી એમ કરતાં કરતાં એવો વખત ન આવે કે બધા જ જીવો સિદ્ધ બની જાય ? એનો ઉત્તર એ છે કે સિદ્ધ ગતિમાં હાલ અનંત જીવો છે અને હવે પછી ગમે તેટલા જીવો ત્યાં જાય તો પણ તે અનંત જ રહેવાના. તેવી રીતે સૂક્ષ્મ નિગોદમાંથી નીકળી વ્યવહાર રાશિમાં આવી, ક્રમે ક્રમે જીવ ઊંચે ચડતો જઈ સિદ્ધ બને તો પણ નિગોદના અનંત જીવો તે અનંત જ રહેવાના. એટલા માટે જ કહેવાય છે : ઘટે ન રાશિ નિગોદ કી, બઢે ન સિદ્ધ અનંત.

જૈન દર્શન પ્રમાણે આંકડાઓના ત્રણ મુખ્ય વિભાગ (રાશિ) બતાવવામાં આવે છે : (૧) સંખ્યાત (૨) અસંખ્યાત અને (૩) અનંત. આમાં અનંત રાશિને આય (+) અને વ્યય (-) ઈત્યાદિની કોઈ અસર થતી નથી. એટલે તેનો ક્યારેય વિચ્છેદ થતો નથી. આ વાત ગણિતશાસ્ત્ર અને વિજ્ઞાન પણ માન્ય રાખે છે : જેમકે અનંત+અનંત=અનંત ($\infty+\infty=\infty$) અનંત-અનંત=અનંત ($\infty-\infty=\infty$), અનંતxઅનંત=અનંત ($\infty \times \infty=\infty$), અનંત÷અનંત=અનંત ($\infty \div \infty=\infty$) એટલે સંસારના અનંત જીવોમાંથી અનંત જીવો મોક્ષે જાય તો પણ સંસારમાં અનંત જીવો શેષ રહે. એટલે ગમે તેટલા જીવો સિદ્ધ બને તો પણ સંસાર ખાલી થઈ જવાનો પ્રશ્ન જ રહેતો નથી.

આવી રીતે સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરવાની ઘટના જો નિરંતર ચાલતી હોય અને સંસારમાં ભવભ્રમણ કરતા જીવોનું અંતિમ લક્ષ્ય મોક્ષસુખ પામવાનું હોય એ વાતમાં આપણને જો સમ્યક્ શ્રદ્ધા હોય તો આપણે પોતે એમ વિચારવું ઘટે કે કોઈક કાળે કોઈક ભવ્યાત્માએ ભવ્ય પુરુષાર્થ કરી સિદ્ધદશા પ્રાપ્ત કરી હશે ત્યારે તેમની સાથેના કોઈક ઋણાનુબંધથી મારો જીવ સૂક્ષ્મ નિગોદમાંથી છૂટો પડી વ્યવહાર રાશિમાં આવ્યો હશે. જો તેમ ન થયું હોત તો હું હજુ પણ નિગોદના અનંતાનંત જીવોની જેમ નિગોદનું મહાદુઃખ વેઠી રહ્યો હોત. મને નિગોદમાંથી મુક્ત કરાવનાર એ સિદ્ધાત્માનો મારા ઉપર અનંત ઉપકાર થયો છે. માટે એ સિદ્ધાત્મા મારે માટે પરમ વંદનીય છે. એ સિદ્ધાત્માના ઉપકારનો બદલો હું કઈ રીતે વાળી શકું ? વળી તેઓ તો હવે એવી દશામાં છે કે જ્યાં એમને કશું લેવાપણું પણ રહ્યું નથી. મારે એ ઋણમાંથી મુક્ત થવાનું તો બાકી જ છે. અનંત ભવભ્રમણ કરતાં કરતાં હું મનુષ્યગતિમાં આવી પહોંચ્યો છું અને મને જો હવે ધર્મરુચિ થઈ છે અને ઋણમુક્ત થવાના કર્તવ્યની સમજ આવી છે તથા સિદ્ધાત્માએ કરેલા પુરુષાર્થનો પ્રેરક, ઉપકારક આદર્શ મારી નજર સામે છે. તો મારું એ જ કર્તવ્ય છે કે મારે પણ સૂક્ષ્મ નિગોદના કોઈક એક જીવને મુક્ત કરીને વ્યવહાર રાશિમાં લાવવો જોઈએ. આ હું ત્યારે જ કરી શકું કે જ્યારે પ્રબળ પુરુષાર્થ કરી હું પોતે સિદ્ધગતિ પામી શકું. એમ હું જ્યારે કરી શકીશ ત્યારે મારા બે મુખ્ય હેતુ સરશે. જે સિદ્ધાત્માએ નિગોદમાંથી મને બહાર કાઢ્યો અને સિદ્ધદશાનો આદર્શ મારી સમક્ષ મૂક્યો છે તે હું પરિપૂર્ણ કરી શકીશ અને નિગોદમાંથી એક જીવને વ્યવહાર રાશિમાં લાવીને હું ઋણમુક્ત બની શકીશ.'

આમ, મોક્ષપુરુષાર્થ એ ભવ્ય જીવોનું ઉભય દૃષ્ટિ એ પરમ કર્તવ્ય બની રહે છે. સિદ્ધ ભગવંતોને વંદન કરવાનું સપ્રયોજન છે એની પણ આથી પ્રતીતિ થશે.

સિદ્ધ ભગવંતો મંગલરૂપ છે. અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી પ્રણીત ધર્મ એ ચાર મંગલ, ચાર લોકોત્તમ અને ચાર શરણરૂપ છે. આ ચારમાં બીજે ક્રમે સિદ્ધ ભગવંત છે. કોઈક કદાચ પ્રશ્ન કરે કે અરિહંત પરમાત્મા તો અનેક જીવોને ધર્મ પમાડે છે. સાધુ ભગવંતો દ્વારા અને કેવલી પ્રણીત ધર્મ દ્વારા પણ અનેક જીવોનું કલ્યાણ થાય છે. પરંતુ સિદ્ધ ભગવંતો તો સિદ્ધદશામાં સિદ્ધશિલા ઉપર અનંત કાળ માટે સ્થિર છે. એમને કશું કરવાપણું નથી. તેઓ આપણું કશું કરી શકે તેમ નથી. તો પછી તેમને કેવી રીતે આપણે મંગલરૂપ કહી શકીએ ? તેઓ કઈ રીતે આપણને ઉપયોગી થઈ શકે ? એનો ઉત્તર એ છે કે જો ખુદ અરિહંતો ભગવંતો માટે પણ સિદ્ધ પરમાત્મા મંગલરૂપ છે તો આપણા માટે તો કેમ ન હોઈ શકે ? વળી સિદ્ધ ભગવંતો પોતાના સિદ્ધપણા દ્વારા આપણને મોક્ષ માર્ગ દર્શાવે છે. એ એમનો ઉપકાર પણ અનહદ છે. કોઈ મહાત્મા સૈકાઓ પૂર્વે થઈ ગયા હોય, આપણે એમને જોયા ન હોય તો પણ જો એમનું જીવન આપણે માટે પ્રેરણારૂપ બની જાય, પરોક્ષ રીતે તેમનો આપણા ઉપર ઘણો બધો ઉપકાર થાય, તેમ સિદ્ધ

પરમાત્માઓ અષ્ટકર્મનો ક્ષય કરી મુક્તદશા દ્વારા આપણને પરોક્ષ રીતે સમજાવે છે, પ્રેરણા આપે છે અને તે તરફ ગતિ કરવાનું બળ આપે છે. આ રીતે સિદ્ધ પરમાત્મા આપણે માટે મંગળરૂપ અને વંદનીય છે.

કોઇકને પ્રશ્ન થાય કે સિદ્ધ પરમાત્માને કોણે જોયા છે? સિદ્ધશિલા કોણે જોઇ છે? કોણ ત્યાં જઇ આવ્યું છે? માટે આ બધી વાતો માન્યમાં આવે એવી નથી. એના ઉત્તરમાં કહેવાનું કે આ વિશ્વમાં બધી જ બાબતો દૃશ્યમાન અને પ્રત્યક્ષ હોતી નથી. વર્તમાન વાસ્તવિક જીવનમાં પણ કેટકેટલી વાતો માટે આપણે બીજા ઉપર આધાર રાખવો પડે છે, તે કહેનાર વ્યક્તિ કોણ છે તે મહત્ત્વનું છે. પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ એમ કહેવાય છે. એટલે સર્વજ્ઞ ભગવંતોએ જે સિદ્ધ પરમાત્માની વાત કહી હોય તે માનવામા આપણને કશો વાંધો ન હોઇ શકે. વળી તેઓ એવી દશાએ પહોંચેલા હોય છે કે અન્યથા કહેવા માટે તેમને કોઇ પ્રયોજન નથી. વળી, આકાશ સામે નજર કરીએ છીએ તો એની અનંતતાનો ખ્યાલ આવે છે. એમાં રહેલી કેટકેટલી વસ્તુઓ વિશેની જાણકારી એ આપણી પહોંચ બહારની વાત છે. આવી અદૃષ્ટ, અગમ્ય વાત કોઇ આપણને પોતાની જ્ઞાનલબ્ધિથી કહે તો તે ન માનવા માટે કોઇ કારણ રહેતું નથી. તે માટે શ્રદ્ધા જોઇએ. બુદ્ધિ અને તર્ક કરતાં શ્રદ્ધાનું ક્ષેત્ર આ વિશ્વમાં ઘણું મોટું છે. પરંતુ તેવા જ્ઞાનીનો યોગ અને સમ્યક્ શ્રદ્ધા અત્યંત્ત દુર્લભ મનાયાં છે. શાસ્ત્રકારોએ કહ્યું છે કે મોક્ષ તત્ત્વમાં શ્રદ્ધા અને રુચિ ન થવાં એ અભવ્ય જીવનું લક્ષણ છે. અભવ્ય જીવોને નવ તત્ત્વમાંથી આઠ તત્ત્વ સુધી શ્રદ્ધા હોય છે, તેઓ ચારિત્ર લે છે અને સારી રીતે તેનું પાલન પણ કરે છે, પરંતુ અંતરમાં તેમને નવમા તત્ત્વની- સિદ્ધગતિની- મોક્ષગતિની શ્રદ્ધા હોતી નથી.

સિદ્ધગતિમાં, મોક્ષપદમાં શ્રદ્ધા થવી એ ભવ્યપણાની નિશાની છે. જેમને એવી શ્રદ્ધા છે તેમને માટે સિદ્ધ ભગવંતો પરમ વંદનીય છે.

આમ, અરિહંત પરમાત્માની જેમ સિદ્ધ પરમાત્માને પણ નમસ્કાર કરવા જોઇએ. શ્રી અભયદેવસૂરિ ભગવતી સૂત્રની ટીકામાં લખે છે :
नमस्करणीयता चैषामविप्रणाशिज्ञानदर्शन सुखवीर्यादिगुणयुक्त तयास्वविषयप्रमोदप्रकर्षोत्पादनेन भव्यानामतीवोपकार हे तुत्वादिति।

[ સિદ્ધ ભગવંતો અવિનાશી એવા જ્ઞાન, દર્શન, સુખ, વિર્યાદિ ગુણોથી યુક્ત હોવાથી, સ્વવિષયમાં પ્રમોદનો ઉત્કર્ષ ઉત્પન્ન કરનારા હોવાથી તથા ભવ્ય જીવોને ખૂબ ઉપકાર કરનારા હોવાથી નમસ્કાર કરવાને યોગ્ય છે.]

સિદ્ધ પરમાત્માને નમસ્કાર કરવાથી કેવા કેવા લાભ થાય છે તે વિશે 'આવશ્યક નિર્યુક્તિ' શ્રી ભદ્રબાહુસ્વામી કહે છે :

सिद्धाण नमुक्कारो जीवं मोएइ भवसहस्साओ ।
भावेण कीरमाणो होइ पुणो बोहिलाभाए ॥
सिद्धाण नमुक्कारो धन्नाणं भवक्खयं कुणंताणं ।
हिअयं अणुम्मुयंतो विसोत्तियावारओ होइ ॥
सिद्धाण नमुक्कारो एस खलु वन्निओ महत्थोत्ति ।
जो मरणम्मि उवग्गे अभिक्खणं कीरइ बहुसो ॥
सिद्धाण नमुक्कारो सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ॥

[શ્રી સિદ્ધ પરમાત્માઓને કરેલો નમસ્કાર જીવને હજારો ભવથી મુક્ત કરાવે છે. તેઓને ભાવપૂર્વક કરાતો નમસ્કાર તો વળી બોધિલાભને માટે થાય છે. શ્રી સિદ્ધ પરમાત્માને કરેલો નમસ્કાર ધન્ય પુરુષોના ભવનો ક્ષય કરનાર થાય છે. હૃદયમાં તેનું અનુકરણ કરવાથી દુર્ધ્યાનનો નાશ થાય છે.

શ્રી સિદ્ધ પરમાત્માને કરેલો નમસ્કાર ખરેખર મહાઅર્થવાળો વર્ણવેલો છે, જે મરણ વખતે બહુવાર સતત કરવામાં આવે છે.

શ્રી સિદ્ધ પરમાત્માને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે તથા સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.]

કોઇક કદાચ પ્રશ્ન કરે કે મોક્ષે ગયેલા જીવોને આપણે નમસ્કાર કરીએ છીએ. તો પછી 'નમો મુત્તાણં'ને બદલે નમો સિદ્ધાણં બોલવાની શી જરૂર? અનો ઉત્તર એ છે કે જીવનું લક્ષ્ય તો આઠ પ્રકારનાં કર્મનો - સર્વ કર્મ નો ક્ષય કરી સંસાર- પરિભ્રમણમાંથી મુક્તિ મેળવવાનું છે. જે જીવો મુક્તિ પામ્યા છે તેમને આપણે નમસ્કાર કરીએ છીએ એ સાચું. 'મુક્ત' અને ' સિદ્ધ' એ બે શબ્દો આમતો સમાન અર્થવાળા છે. છતાં તે બંને વચ્ચે સૂક્ષ્મ અર્થભેદ છે. એટલે જ આપણે 'નમો મુત્તાણં' નથી બોલતા, પણ 'નમો સિદ્ધાણં' બોલીએ છીએ. સર્વ કર્મનો ક્ષય કરીને મુક્ત થવું અને અનંત ચતુષ્ટયી પ્રાપ્ત કરી સિદ્ધ બનવું એ બે વચ્ચે સમયાંતરનો ફરક છે. શ્રી સાગરાનંદસૂરિએ સમજાવ્યું છે કે જેલ માંથી છૂટવું એ કેદીનું પ્રથમ લક્ષ્ય હોય છે, પરંતુ છૂટ્યા પછી સ્વગૃહે આવીને રહેવાનો આનંદ ભોગવવો એ એનું અંતિમ લક્ષ્ય હોય છે. તેવી રીતે કાયારૂપી જેલમાંથી, સંસાર પરિભ્રમણમાંથી છૂટવું એ જીવનું પ્રથમ લક્ષ્ય છે અને સિદ્ધશિલા ઉપર બિરાજમાન થઈ, શુદ્ધ સ્વરૂપમાં રહી અવ્યાબાધ સુખ અનુભવવું એ જીવનું અંતિમ લક્ષ્ય છે. એટલા માટે 'નમો મુત્તાણં,' ને બદલે 'નમો સિદ્ધાણં' જ યોગ્ય પાઠ છે.

નવકાર મંત્રમાં આપણે પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરીએ છીએ. એમાં સિદ્ધ ભગવંતને કરેલો નમસ્કાર આવી જાય છે. દરેક પદની જે જુદી જુદી આરાધના કરવામાં આવે છે તેમાં પણ સિદ્ધ પદની જુદી આરાધના થાય છે. નવપદની આરાધનામાં અને વીસ સ્થાનકની આરાધનામાં પણ સિદ્ધ પદની આરાધના આવી જાય છે.

આત્મરક્ષા મંત્રમાં દર્શાવ્યા પ્રમાણે સિદ્ધ ભગવંતો મુખ ઉપર શ્રેષ્ઠ વસ્ત્ર તરીકે રહેલા છે. (મુખે મુખપટં વરમ્) જિનપંજર સ્તોત્રમાં દર્શાવ્યા પ્રમાણે સિદ્ધ ભગવંતોની આરાધના ચક્ષુરિન્દ્રિય અને લલાટના રક્ષણ માટે કરાય છે. શરીરમાં રહેલા મૂલાધાર વગેરે સાત સૂક્ષ્મ ચક્રોમાં નવકાર મંત્રનાં પદોનું ધ્યાન ધરાય છે, તેમાં 'નમો સિદ્ધાણ પદ'નું ધ્યાન મસ્તકમાં રહેલા સહસ્ત્રાર ચક્રમાં અથવા લલાટમાં આજ્ઞાચક્રમાં ધરવામાં આવે છે. હૃદયના સ્થાને અષ્ટદલ કમળમાં નવકારમંત્રનં ધ્યાન ધરાય છે, તેમાં મધ્યમાં કર્ણિકામાં અરિહંત પરમાત્માના ધ્યાન પછી ઉપરની પાંદડીમાં સિદ્ધ પરમાત્માનું રક્તવર્ણે ધ્યાન ધરવામાં આવે છે. આમ, ધ્યાનની વિવિધ પદ્ધતિઓ છે.

તદુપરાંત 'નમો સિદ્ધાણં'ના જાપ અને ધ્યાનથી 'ગરિમા સિદ્ધિ' પ્રાપ્ત થાય છે, કારણ કે 'સિદ્ધાણં' પદમાં ત્રણે ગુરુ માત્રાઓ રહેલી છે, સિદ્ધ પદ પાંચે પદમાં મોટું છે-ગુરુ છે અને તેમાં 'સિદ્ધા' પદ સિદ્ધેશ્વરી યોગિની માટે વપરાય છે અને તે ગરિમા સિદ્ધિ આપનાર છે. આમ 'નમો સિદ્ધાણં'ના જાપ તથા ધ્યાનથી આવા લૌકિક લાભો થાય છે. અલબત્ત સાધકનું લક્ષ્ય તો સિદ્ધપદ પામવાનું જ હોવુ જોઇએ.

નવપદજીમાં, સિદ્ધચક્રમાં સિદ્ધ પરમાત્માનો રંગ બાલ સૂર્ય જેવો લાલ બતાવવામાં આવ્યો છે અને તે રંગની એમની આકૃતિનું ધ્યાન ધરવાનું ફરમાવવામાં આવ્યું છે. પંચ પરમેષ્ઠિમાં અરિહંતનો શ્વેત, સિદ્ધનો લાલ, આચાર્યનો પીળો, ઉપાધ્યાયનો લીલો અને સાધુનો કાળો એમ રંગો બતાવવામાં આવ્યા છે. વસ્તુતઃ પંચપરમેષ્ઠીઓનો પોતાનો આવો કોઇ રંગ હોતો નથી, પરંતુ શાસ્ત્રકાર મહર્ષિઓએ પંચ પરમેષ્ઠિના ધ્યાન અને આરાધના માટે આ પ્રતીક રૂપ રંગોની સહેતુક સંકલના કરી છે અને તે યથાર્થ તથા રહસ્યપૂર્ણ છે. સિદ્ધ પરમાત્માને આઠે કર્મોને બાળીને ભસ્મ કરી નાખ્યાં છે એટલે કર્મરૂપી ઇંધનને બાળનાર અગ્નિના પ્રતીક રૂપે તેમનો રંગ લાલ રાખવામાં આવ્યો છે. સિદ્ધ પરમાત્માએ પોતાના આત્માને તપાવીને, સર્વ કર્મનો ક્ષય કર્યો. તપાવેલું રક્તવર્ણી સોનું જેમ મલિનતા વિનાનું સાવ શુદ્ધ થઇ જાય છે, તેમ સિદ્ધ પરમાત્માના વિશુદ્ધ આત્માનું ધ્યાન તપાવેલા સુવર્ણ જેવા રક્ત રંગથી કરવાનું હોય છે. જેમ સંપૂર્ણ નિરામય માણસનું રક્ત લાલ રંગનું હોય છે, તેમ કર્મના કોઇ પણ પ્રકારના રોગથી રહિત સિદ્ધ પરમાત્માનું ધ્યાન રક્તવર્ણથી કરવાનું હોય છે. મંત્રશાસ્ત્રમાં રક્ત વર્ણ વશીકરણ-આકર્ષણના હેતુ માટે મનાય છે. સિદ્ધાત્માઓ મુક્તિરૂપી વધૂનું આકર્ષણ કરનારા છે, તેથી તથા જગતના સર્વ જીવોને પોતાના તરફ આકર્ષી રહ્યા છે, તેથી તેમનું ધ્યાન રક્ત વર્ણથી કરવાનું હોય છે. બધા રંગોમાં લાલ રંગ સૌભાગ્યનો મનાય છે. શુકનવંતો ગણાય છે. સિદ્ધ પરમાત્માઓ મુક્તિરૂપી લક્ષ્મીનું સર્વશ્રેષ્ઠ સૌભાગ્ય અપાવનારા છે માટે લાલ રંગથી એમનું ધ્યાન ધરવાનું હોય છે. બધા રંગોમાં લાલ રંગ ઘણે દૂર સુધી જોઇ શકાય છે. (સિગ્નલ વગેરેમાં

એટલે જ લાલ રંગ વપરાય છે.) સિદ્ધ પરમાત્મા ચૌદ રાજલોકના ઠેઠ ઉપરના છેડે બિરાજમાન છે, છતાં સારી આંખવાળા (સમ્યક દૃષ્ટિવાળા) જીવો એમને પોતાના ધ્યાનમાં જોઇ શકે છે. લાલ રંગ ચેતવણીનો, થોભી જવાનો રંગ છે. સિદ્ધ પરમાત્મા આપણને નવા કર્મબંધનથી થોભી જવા માટે ચેતવે છે.

એટલા માટે અષ્ટદલ કમળમાં નવપદજીનું ધ્યાન ધરવામાં સિદ્ધ પરમાત્માનું રક્ત વર્ણથી ધ્યાન ધરવાનું હોય છે. સિદ્ધ પરમાત્માના રક્ત રંગનાં ઉદાહરણો આપતાં એક બાલાવબોધકારે લખ્યું છે, 'જે સિદ્ધ રક્તકાન્તિ ધરતા, જિસ્યું ઊગતો સૂર્ય, હિંગુળનો વર્ણ, દાડિમ-જાસુદનું ફૂલ, અર્ધગુંજારંગ, નિષધ પર્વત, રક્તોત્પલ કમલ, મરકત રત્ન, ચોળનો રંગ, કંકુનો રોળ, ચુના સહિત તંબોળ, ઇસી રક્તવર્ણે સિદ્ધની પાંખડી ધ્યાઇએ.'

યુવાચાર્ય શ્રી નથમલજી પંચ પરમેષ્ઠિના ધ્યાનની પ્રક્રિયામાં સિદ્ધ પરમાત્માનું ધ્યાન દર્શન કેન્દ્રમાં ચિત્તને કેન્દ્રિત કરી, પોતાના શ્વાસ વડે આકાશમાં 'નમો સિદ્ધાણં' એમ અક્ષરો લખી, પહેલાં માતૃકાઓનું પછી પદનું, પછી અર્થનું અને પછી પોતાનામાં રહેલા સિદ્ધ સ્વરૂપનું ધ્યાન, બાલ સૂર્ય અને પછી પૂર્ણિમાના શીતલ ચન્દ્રના રૂપમાં સાક્ષાત્કાર સહિત, કરવાનું સમજાવ્યું છે.

હેમચંદ્રાચાર્યે દર્શાવેલ પદસ્થ, પિંડસ્થ, રૂપસ્થ અને રૂપાતીત એ ક્રમે સિદ્ધ પરમાત્માનું ધ્યાન ધરવામાં આવે છે.

નવપદની આરાધનામાં બીજા દિવસે સિદ્ધ પદની આરાધના કરવાની હોય છે એ માટે ઉપાધ્યાય યશોવિજયજીએ લખેલો નીચેનો દૂહો બોલી સિદ્ધ ભગવંતને નમસ્કાર કરાય છે :

રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણ નાણી રે;
તે ધ્યાતા નિજ આતમા, હોય સિદ્ધ ગુણ ખાણી રે.

એ દિવસે 'ૐ હ્રીં નમો સિદ્ધાણં'ની વીસ નવકારવાળી ગણવાની હોય છે.

એ દિવસે આઠ કાઉસગ્ગ, આઠ સાથિયા, આઠ પ્રદક્ષિણા અને આઠ ખમાસમણ-એ પ્રમાણે વિધિ કરવાની હોય છે. સિદ્ધ ભગવંતના આઠ ગુણ છે. તે પ્રત્યેક બોલીને સિદ્ધ ભગવંતને નમસ્કાર કરાય છે, જેમ કે (૧) અનંત જ્ઞાન સંયુતાય શ્રી સિદ્ધાય નમઃ, (૨) અનંત દર્શન સંયુતાય શ્રી સિદ્ધાય નમઃ (૩) અવ્યાબાદ ગુણ સંયુતાય શ્રી સિદ્ધાય નમઃ (૪) અનંત ચારિત્ર ગુણ સંયુતાય શ્રી સિદ્ધાય નમઃ, (૫) અક્ષમ સ્થિતિ ગુણ સંયુતાય શ્રી સિદ્ધાય નમઃ, (૬) અરૂપી નિરંજન ગુણ સંયુતાય શ્રી સિદ્ધાય નમઃ (૭) અગુરુલઘુ ગુણ સંયુતાય શ્રી સિદ્ધાય નમઃ (૮) અનંતવીર્ય ગુણ સંયુતાય શ્રી સિદ્ધાય નમઃ.

એ દિવસે ગોધુમ (લાલ ઘઉં)ના સાથિયા કરાય છે. શક્તિ સંપન્ન વ્યક્તિ આઠ સાથિયા ઉપર આઠ માણેક મૂકે છે. એક ધાનનું આયંબિલ કરનાર ઘઉંની વાનગી વાપરે છે.

વીસ સ્થાનક તપની આરાધનાના દૂહાઓમાં સિદ્ધ પરમાત્માને નીચેનો દૂહો બોલી નમસ્કાર કરવામાં આવે છે.

*ગુણ અનંત નિર્મળ થયા, સહજ સ્વરૂપ ઉજાસ,*
*અષ્ટ કર્મ મળ ક્ષય કરી, ભયે સિદ્ધ નમો તાસ.*

એ દિવસે 'ૐ નમો સિદ્ધાણં'ની વીસ નવકારવાળી ગણવાની હોય છે. તદુપરાંત ૩૧ સાથિયા, ૩૧ ખમાસમણ તથા ૩૧ કાઉસગ્ગ કરવાના હોય છે. પ્રત્યેક ખમાસમણ વખતે સિદ્ધપદના એક એક એમ ૩૧ ગુણ (આઠ કર્મની ૩૧ મુખ્ય પ્રકૃતિ)ના નિર્દેશ સાથે નમસ્કાર કરાય છે. ઉ.ત. શ્રી મતિજ્ઞાનાવરણીય કર્મરહિતાય શ્રી સિદ્ધાય નમઃ. વળી પ્રત્યેક ખમાસમણ વખતે ઉપરનો દૂહો બોલવાનો હોય છે. ખમાસમણ પછી ૩૧ લોગસ્સનો કાઉસગ્ગ કરવાનો હોય છે. તથા સિદ્ધપદનું ધ્યાન રક્ત વર્ણે કરવાનું હોય છે.

સિદ્ધપદની આવી આરાધનાથી હસ્તિપાળ રાજા તીર્થંકર થયા હતા. સિદ્ધપદના સાચા આરાધક જીવો અવશ્ય સિદ્ધપદ પામે છે.

એટલે જ ચતુર્વિંશતિસ્તવ-લોગસ્સસૂત્રમાં પણ છેલ્લી ગાથામાં સિદ્ધગતિ માટે જ પ્રાર્થના કરવામાં આવી છે :

चंदेसु निम्मलयरा आइच्चेसु अहियं पयासयरा ।
सागर वर गंभीरा सिद्धा सिद्धिं मम दिसंतु ॥

સિદ્ધ પરમાત્મા પાસે સિદ્ધિગતિ માટે જ પ્રાર્થના કરવાની હોય છે. આચાર્ય શ્રી સિદ્ધસેને કહ્યું છે કે 'નમો સિદ્ધાણ' પદમાં પાંચ અક્ષર છે તે ઔદારિક વગેરે પાંચ પ્રકારનાં શરીરનો નાશ કરનાર, પંચત્વ (મરણ)ના પ્રપંચોને દૂર કરનાર તથા 'પંચમ ગતિ' (મોક્ષ ગતિ) અપાવનારા છે.

આ પંચમ ગતિ મેળવવાનું પોતાનું લક્ષ્ય રહે અને તેને યોગ્ય પુરુષાર્થ કરવાનું બળ મળી રહે એવી જીવની અભિલાષા હોવી ઘટે.

## परिशिष्ट

### શ્રી સિદ્ધપદનું ચૈત્યવંદન

*શ્રી શૈલેશી પૂર્વપ્રાંત, તનુ હીન ત્રિભાગી;*
*પૂર્વપ્રયોગ પ્રસંગથી, ઉરધ ગતિ જાગી.*
*સમય એકમાં લોકપ્રાંત, ગયા નિગુણ નિરાગી;*
*ચેતન ભૂપે આત્મરૂપ, સુદિશા લહી સાગી.*
*કેવલ દંસણ નાણથી એ, રૂપાતીત સ્વભાવ;*
*સિદ્ધ ભયે તસુ હીરધર્મ, વંદે ધરી શુભ ભાવ.*

### શ્રી સિદ્ધપદનું સ્તવન

*શ્રી સિદ્ધપદ આરાધીએ રે,*
*ક્ષય કીધાં અડ કર્મ રે શિવ વસીયા.*
*અરિહંતે પણ માનીયા રે,*
*સાદી અનંત સ્થિર શર્મ રે. ૧*
*ગુણ એકત્રીસ પરમાત્મા રે,*
*તુરિય દશા આસ્વાદ રે.*
*એવંભૂત નયે સિદ્ધ થયા રે*
*ગુણગણનો આહલાદ રે. ૨*
*સુરગણ સુખ ત્રિહું કાળનાં રે,*
*અનંતગુણા તે કીધ રે*
*અનંત વર્ગે વર્ગિત કર્યા રે,*
*તો પણ સુખ સમીધ રે. ૩*
*બંધ ઉદય ઉદીરણા રે,*
*સત્તા કર્મ અભાવ રે.*
*ઉર્ધ્વ ગતિ કરે સિદ્ધજી રે,*
*પૂર્વપ્રયોગ સદ્‌ભાવ રે.*
*ગતિ પારિણામિક ભાવથી રે,*
*બંધન છેદન યોગ રે.*
*અસંગ ક્રિયા બળે નિર્મળો રે,*
*સિદ્ધગતિનો ઉદ્યોગ રે.*
*પએસઅંતર અણફરસતા રે,*
*એક સમયમાં સિદ્ધ રે. ૪*
*ચરમ ત્રિભાગ વિશેષથી રે,*
*અવગાહન ઘન કીધ રે. ૫*
*સિદ્ધશિલાની ઉપરે રે,*
*જ્યોતિમાં જ્યોતિ નિવાસ રે. ૬*
*હસ્તિપાલં પરે સેવતાં રે,*
*સૌભાગ્યલક્ષ્મી પ્રકાશ રે. ૭*

### શ્રી સિદ્ધપદની સ્તુતિ

*અષ્ટ કરમ હું દહન કરીને, ગમન કિયો શિવવાસીજી,*
*અવ્યાબાધ સાદિ અનંત ચિદાનંદ ચિદરાશિજી;*
*પરમાતમ પદ પૂરણ વિલાસી અઘઘન દાઘ વિનાશીજી,*
*અનંત ચતુષ્ટય શિવપદ ધ્યાવો, કેવલજ્ઞાની ભાખીજી.*

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● ● સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૪ ● અંક : ૨ ● તા. ૧૬-૨-૧૯૯૩ ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## અળશ

અળશ અથવા અળછ એટલે કચરો. અળશ એટલે જૂની નકામી નાખી દેવાની વસ્તુ.

કચરો તે કંઇ લેખનો વિષય હોઇ શકે એમ કોઇકને લાગે. અલબત્ત, કચરા વિશે કચરા જેવું લખવાનો કંઇ અર્થ નથી.

કચરો માનવજાતનો સનાતન વિષય છે. જ્યાં સુધી માનવજાત છે ત્યાં સુધી કચરો એને છોડવાનો નથી.

વર્તમાન જગત કચરા માટે વધુ સભાન બન્યું છે. છેલ્લા એક સૈકામાં પ્લાસ્ટિક, રાસાયણિક પદાર્થો, તેલ, અણુ વગેરેના કચરાને કારણે કચરાનું વૈવિધ્ય ઘણું વધ્યું છે. કચરાની સાથે પર્યાવરણના પ્રશ્નો ઊભા થયા છે. કચરાના અયોગ્ય કે વિલંબિત નિકાલને કારણે રોગચાળાની સમસ્યાઓ પણ ચાલુ થઇ છે. કેટલાક નવા નવા રોગો કચરાને કારણે અસ્તિત્વમાં આવ્યા છે. કેટલાક રોગો તો હોસ્પિટલના કચરામાંથી જ ફેલાવા લાગ્યા છે.

કચરો દુનિયાની એક તુચ્છ, ક્ષુદ્ર વસ્તુ છે. પણ એની તુચ્છતા કે ક્ષુદ્રતાની અવગણના કરવાનું માનવજાતને પોષાય એવું નથી.

સમગ્ર દુનિયાના બધાં રાષ્ટ્રોની દૃષ્ટિએ વિચારીએ તો ફક્ત કચરાના નિકાલ માટે સરકારી સ્તરે કુલ રોજના એક સો અબજ કરતાં વધું રૂપિયાનું ખર્ચ થાય છે. વ્યક્તિગત કે કૌટુંબિક સ્તરે રોજ થતા કચરા માટેના ખર્ચની વાત તો જુદી છે. ઘર, દુકાન કે કારખાનામાંથી બહાર આવેલા કચરાના નિકાલ માટે સુધરાઇ કે સરકારની જવાબદારી દિવસે દિવસે મોટી થતી જાય છે. હવે કચરાના નિકાલ માટે માત્ર લોરી કે ટ્રકનો જ ઉપયોગ નથી થતો. સ્પેશિયલ ટ્રેન અને સ્ટીમરોનો ઉપયોગ પણ થવા લાગ્યો છે. ક્યારેક વિમાનનો ઉપયોગ પણ થયો છે. નજીકના ભવિષ્યમાં સમૃદ્ધ દેશોમાં મધદરિયે કચરાનો નિકાલ કરવા માટે કાર્ગો વિમાનની નિયમિત અવરજવર થવા લાગે તો નવાઇ નહિ.

માનવસર્જિત કચરો દુનિયાના દૂર દૂરના ખૂણામાં પહોંચી ગયો છે. અલાસ્કામાં પોઇન્ટ બેરોમાં અમે હતાં ત્યાં જોયું કે બરફના એ દેશમાં ઠેર ઠેર કચરાના ઢગ હતા. ઉનાળો આવે, બરફ ઓગળે અને સ્ટીમરો આવતી થાય અને કચરો લઇ જાય ત્યાં સુધી એસ્કિમો લોકોને રાહ જોવી પડે છે. એવરેસ્ટના શિખર ઉપર સાહસિકોની ટુકડીઓ દ્વારા થતો કચરો વખતો વખત વધતો જાય છે. એ સાફ કરાવવા માટે લાખો રૂપિયાની જરૂર પડે એમ છે. સમુદ્રમાં ટેન્કરોના ઓઇલથી થતો કચરો સાફ કરાવવા માટે કેટલાયે દેશોને વાર્ષિક બજેટ બનાવવું પડે છે. અલાસ્કામાં વાલ્ડિઝમાં કપ્તાનની બેદરકારીને લીધે ખડક સાથે અથડાઇ ગયેલા ટેન્કરમાંથી વહી ગયેલા લાખો ગેલન ઓઇલને કારણે પ્રદૂષિત થયેલા પાણીને સાફ કરવા અમેરિકાને કરોડો ડોલરનું ખર્ચ કરવું પડ્યું છે.

થોડા વખત પહેલાં છાપામાં વાંચ્યું હતું કે અમેરિકામાં ન્યુયોર્ક સ્ટેટની કચરો ભરેલી એક સ્પેશિયલ ટ્રેન બીજા રાજ્યના દરિયામાં કચરો ફેંકવા માટે ગઇ હતી, પરંતુ તે રાજ્યે પોતાના વિસ્તારમાં કચરો ફેંકવાની પરવાનગી આપી નહિ એટલે એ ટ્રેન ત્યાંથી ત્રીજા રાજ્યમાં ગઇ. ત્યાંથી પણ પરવાનગી મળી નહિ. આમ ત્રણ ચાર રાજ્યમાં ફરીને ટ્રેન છેવટે પાછી ન્યુયોર્ક આવી પહોંચી અને ન્યુયોર્ક રાજ્યે એ કચરાના નિકાલ માટે છેવટે જુદી જ વ્યવસ્થા કરવી પડી.

આમ, દુનિયામાના ઘણા દેશોમાં, ખાસ કરીને સમૃદ્ધ દેશોમાં કચરાનો નિકાલ દિવસે દિવસે મોંઘો થતો જાય છે. અમેરિકાના કેટલાક મહત્ત્વના પ્રશ્નોમાં કચરાના નિકાલનો પ્રશ્ન અત્યંત ગંભીર છે. કચરો દુનિયાના અર્થતંત્રમાં એક મહત્ત્વનો વિષય બની ગયો છે.

છેલ્લા એક બે દાયકામાં દુનિયાનાં કેટલાય મોટા મોટા શહેરોમાં વસતીની સંખ્યાનો આંક એક કરોડ ઉપર નીકળી ગયો છે. ટોકયો, સાઓ પાઉલો, મેક્સિકો જેવાં કેટલાંક શહેરો તો બે કરોડની વસતી સુધી પહોંચી જવા આવ્યાં છે. આટલાં મોટાં શહેરોની સ્વચ્છતાનો, કચરાના નિકાલનો પ્રશ્ન ઘણો વિકટ બની ગયો છે. લંડન, પેરીસ કે ન્યુયોર્ક જેવાં એક જમાનામાં અત્યંત સ્વચ્છ ગણાતાં શહેરોમાં પણ હવે કેટલાયે વિસ્તારોમાં અસ્વચ્છતા જોવા મળે છે. એશિયાના શહેરોમાં ટોકયો અને સિંગાપુરે પોતાની સ્વચ્છતાનું પ્રમાણ જાળવી રાખ્યું છે. તેમ છતાં તે શહેરોનું કચરાનું પ્રમાણ ઘણું મોટું છે. આખી દુનિયામાં સૌથી વધુ કચરો કાઢનાર શહેર તરીકે ટોકયો ગણાય છે. વીસ હજાર ટન જેટલો કચરો ટોકયો રોજે રોજ દરિયામાં ઠાલવે છે. વસ્તુતઃ ટોકયો પાસે દરિયામાં કચરાના એક ટાપુનું નિર્માણ થઇ ગયું છે.

જાપાનમાં કચરાનું પ્રમાણ ઘણું વધુ રહે છે એના કારણોમાં ત્યાંના અર્થતંત્રીઓ જાપાનીઓની પેકિંગ કરવાની લાક્ષણિક પદ્ધતિને પણ ગણાવે છે. કોઇ પણ ચીજવસ્તુ લેવી કે આપવી હોય તો સારી રીતે વીંટાળ્યા વગર આપી ન શકાય. મોટી મોટી દુકાનોની, સ્ટોર્સની કેટલીક શક્તિ સુશોભિત પેકિંગ કરવામાં વપરાય છે અને લોકોની શક્તિ તે ખોલાવામાં વપરાય છે અને તેનો કચરો વધતો જાય છે. કેટલાક વાર તો વસ્તુની કિંમત કરતાં પેકિંગ વધારે હોય છે. કેટલાંક વર્ષ પહેલાં જાપાનમાં હું હતો ત્યારે એક મિત્રે કોઇકનો પરિચય કરાવ્યો. એ અપરિચિત ભાઇએ ભેટનુ એક મોટું સુશોભિત પેકેટ આપ્યું. મેં કહ્યું આટલી મોટી ભેટ મારાથી લેવાય નહિ. મેં તમારું એવું કંઇ કામ નથી કર્યું. એમણે કહ્યું 'ડૉ. શાહ, આ તો એક પ્રતીક રૂપે નાની સરખી ભેટ છે. તમારે એ લેવી જ જોઇશે.' એ ભેટ લઇને, હોટેલ પર આવીને મેં ખોલી. સુશોભિત રિબનવાળું પૂઠું ખોલ્યું. એમાંથી એક સુશોભિત ખોખું નીકળ્યું. એ ખોલતાં એક સુશોભિત કવર નીકળ્યું. એ ખોલતાં રંગબેરંગી સુશોભિત કાગળમાં વીંટાળેલી કોઇ ચીજ હતી. મેં ઉત્સુકતાપૂર્વક એ કાગળ ઉખાડ્યો તો એમાંથી એક સાવ નાની ખિસ્સા માટેની ટેલિફોન ડાયરી નીકળી. હું આશ્ચર્યચકિત થયો. ડાયરી કરતાં પેકિંગમાં રકમ અને સમય વધું વપરાયાં હતાં. એ અપરિચિત ભાઇએ સાચે જ નજીવી ભેટ આપી હતી. પ્રેમથી આપી હતી. પણ ભેટ કરતાં તેનું પેકિંગ ભારે આકર્ષક હતું, જે છેવટે કચરામાં ગયું. કચરાની ટોપલી આખી ભરાઈ ગઈ.

વીસમી સદીમાં આ પેકિંગના કલ્ચરને કારણે દુનિયાના ઘણા દેશોમાં કચરાનો પ્રશ્ન વધુ ગંભીર બની ગયો છે.

# અમરત્વ પ્રાપ્તિની પ્રક્રિયા

❑ પં. પનાલાલ જગજીવનદાસ ગાંધી

મુક્તિ વર્તમાન કાળે જ છે. અહીં અને આ ક્ષણે જ મુક્તિ છે. મુક્તિ ક્યાંય દૂર નથી. મુક્તિ કાંઇ કોઇ એક સ્થાને પડેલી વસ્તુ નથી કે ત્યાં જઇને તે લઇ આવવાની છે. તેમ તે બજારમાં વેચાતી મળતી ચીજ પણ નથી કે બજારમાં જઇ તેને ખરીદી લાવી શકાય. મુક્તિ આપણી પોતાની અંદર અર્થાત આપણા પોતાના આત્મામાં જ છે .

મુક્તિ એટલે અમરત્વ ! મુક્તિનો સંબંધ આત્મા સાથે છે. આત્માં બંધાયો છે અને આત્માને જ મુક્ત કરવાનો છે. આત્મા અમર છે. અમરત્વ એ આત્માનો સ્વભાવ છે. મરણ તો દેહનું થાય છે . દેહ જન્મે છે અને દેહ મરે છે. આત્મા નથી તો જન્મતો કે નથી તો મરતો. આત્મા તો કેવળ ખોળિયા કહેતાં દેહ-કલેવર બદલ્યા કરે છે. આપણા આત્માએ અનંતા દેહ ધારણ કર્યાં અને મૂક્યા-છોડ્યાં. એ બધાં ય દેહ આજે આત્મા સાથે નથી અને તે દેહની સ્મૃતિ પણ નથી. પરંતુ એ દેહને ધારણ કરનાર આત્મા તો આજના દેહ સાથે આજે ય છે જ ! આત્માનું અસ્તિત્વ હાજર જ છે. આત્માનું આ અસ્તિત્વ જે જન્મોજન્મ-ભવોભવ અકબંધ રહે છે તે જ આત્માનું અમરત્વ છે. આ અમરત્વ પર અનાદિ કાળથી જે મૃત્યુરૂપી તાળું મરાયેલું છે એને ખોલવાનું છે. આ સંદર્ભમાં જ તો વેદાંતીઓએ આત્માને કુટસ્થ કહ્યો છે.

બીજાંઓને મરતાં જોઇને આપણે માની લીધું છે કે આપણે પણ મરી જવાના છીએ ! મરણને આપણે આપણો સ્વભાવ માની લીધો છે. મરવાનો સ્વભાવ તો આત્માને વળગેલા દેહનો છે. દેહ કાંઇ આપણો નથી. જે આપણું નથી, જે પોતાનું નથી તેનો સ્વભાવ આપણો કેવી રીતે બની શકે ? આત્મા જ કેવળ આપણો છે. આત્મા ક્યારેય વિખૂટો પડતો નથી. જન્મમાં ય નહિ, મરણમાં ય નહિ, જન્મ-મરણના વચગાળાના સમયમાં પણ નહિ અને અમરત્વમાં પણ નહિ. આત્મા સદૈવ ઉપસ્થિત હોય છે. એવાં એ સદા, સર્વદા, સર્વત્ર, સાથે-સંલગ્ન રહેનાર, આત્માનો સ્વભાવ એ જ યથાર્થ આપણો સાચો સ્વભાવ છે.

છતાંય અજ્ઞાનના કારણે, અનાદિકાળના સંસ્કારના કારણે, કે જોઇતી હિંમતના અભાવે, આપણે પ્રતિપળ મૃત્યુનું જ અનુસંધાન કરીને જીવીએ છીએ. અમરત્વ સાથે અનુસંધાન કરીને જીવવાનું આપણે ભૂલી જ ગયા છીએ.. જો મુક્તિની ચાહના છે, મુક્ત બનવું છે તો આત્માના અમરત્વના સ્વભાવ સાથે જીવવું પડશે. મૃત્યુંનો સંબંધ છોડવો પડશે.

આ મૃત્યુ શું છે ? મૃત્યુ બીજું કાંઇ નથી પણ રતિ, અરતિ, ભય, હાસ્ય, શોક, દુગંછા, સ્ત્રી-પુરુષ-નપુંસક વેદાદિ નોકષાય ભાવો છે. રતિ-અરતિ-ભય-શોક-દુગંછાદિ જ મૃત્યુ છે. કેમકે આ બધાં ભાવોની પાછળ અર્થાત નોકષાયના ભાવોની પાછળ પાછળ જ ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયની ફોજ ચાલી આવે છે.

કર્મના ઉદયથી જીવને સંજોગો, પ્રસંગો, પરિસ્થિતિ, અન્ય જીવો સાથેનો સંબંધ અને વર્તમાનનો સ્વયં પોતે મળે છે. સિદ્ધ પરમાત્માને બાદ કરતાં જે જીવો દેહધારી છે યાવત્ અરિહંત, કેવળજ્ઞાની પરમાત્માઓને પણ, જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી, આ પાંચ સાથે કે પાંચની વચ્ચે જીવવાનું છે. જીવ પ્રતિપળ સંયોગો, પ્રસંગો, પરિસ્થિતિ અને બીજાં જીવોની સાથે અને વચ્ચે જીવે છે, તેની સાથે તદાત્મ્ય કેળવે છે, તદરૂપ ને તદાકાર બની જાય છે તે જ જીવની પાયાની ભૂલ છે.

વસ્તુઓ, વ્યક્તિઓ, સંયોગો, પ્રસંગો અને પરિસ્થિતિની કોઇ તાકાત નથી કે તે આપણને એટલે કે જીવને દુ:ખ પહોંચાડી શકે કે મૃત્યુ આપી શકે. આ બધાં તો જીવને આવી મળેલાં છે. આવી મળેલાં એ બધાંને જીવે પોતાના માની ગળે વળગાડ્યાં છે. વાસ્તવમાં તેનાથી જીવ કહેતાં આત્મા તો પર છે. એ મળ્યાં ભલે ! આપણે ભળ્યાં શાને ? નિર્લેપભાવે આપણે વ્યક્તિઓને મળતાં નથી. અબંધભાવે-નિસ્પૃહ રહી સંયોગો-પ્રસંગોને પરિસ્થિતિને જોતાં નથી કે મૂલવતા નથી. અને તેમ કરી અમરત્વનું વેદન કરતાં નથી. માટે જ પારકા આપણને પીડે છે. આત્માના અમરત્વને અનુભવતા નથી અને મૃત્યુરૂપી અરતિ, ભય, શોક, દુગંછા આદિ અને તેની પાછળ ચાલ્યા આવતા ક્રોધ, માન, માયા, લોભ આદિને વેદિએ છીએ. પરિણામે આપણે દુ:ખી થઇએ છીએ.

માનસિક દુ:ખ છે, કારણ વીતરાગતા ઉપર આપણું લક્ષ્ય ગયું જ નથી. દેહના દુ:ખ અને મનના દુ:ખ ન વેદીએ અર્થાત એ દુ:ખો હોવા છતાં ય, એ દુ:ખો સાથે કશો જ સંબંધ ન બાંધીએ, તો ક્ષપકશ્રેણિના સોપાન ચડીને કેળવજ્ઞાન લઇ શકાય. પરંતુ અજ્ઞાન અને મોહ દશાથી, દુ:ખોથી દુ:ખી થઇએ અને એ દુ:ખોને છાતીએ લગાડીને જીવીએ તો કાળના કાળ વીતે તો પણ ભવોનો અંત થવાનો નથી.

આપણે પ્રત્યેક પળે રાગમાં સુખ માનીએ છીએ. અને રાગ પ્રમાણે મળશે કે કેમ તે શંકાથી દુ:ખી થઇએ છીએ. આપણે હંમેશા અનુકૂળની જ ઇચ્છા કરીએ છીએ. અનુકૂળતાના સંયોગો ઓછા છે અને પ્રતિકૂળતાના સંયોગો વધુ છે. આનું ય કારણ છે. કારણ એ છે કે જીવ શુભ કરતાં અશુભના ભાવો વિશેષે કરે છે. અહીં એ પણ જાણવું ખાસ જરૂરી છે કે અનુકૂળની ઇચ્છા કરવી એટલે કે સુખની કામના કરવી. સુખ ઇચ્છવું તે પાયાનો અશુભ ભાવ છે. અનુકૂળતામાં સુખ ને પ્રતિકૂળતામાં દુ:ખ આમ આપણે જે સુખને દુ:ખની વ્યાખ્યા બાંધીએ છીએ તેથી આત્માના અમરત્વનો અનુભવ થતો નથી.

આત્મદર્શન કરીએ, આંતરદર્શન કરીએ, અંતરમુખ થઇએ અને ભીતર થતી ક્રિયા, પ્રતિક્રિયાઓને જોઇએ, જાણીએ તો જણાશે કે રાગ જેમ અંદર છે, તેમ વીતરાગતા પણ અંદર છે. અજ્ઞાન અંદર છે, તેમ જ્ઞાન પણ અંદર છે. જ્ઞાન-અજ્ઞાન, રાગ-વીતરાગતા, બહાર નથી. બંને ભીતરમાં જ છે. બહાર તો છે વસ્તુ-વ્યક્તિ, સંયોગો-પ્રસંગો ને પરિસ્થિતિ. એ પાંચેયમાં જો વીતરાગતા કેળવાય, નિર્લેપતા સધાય તો દુ:ખ મુક્ત થવાય અને અનંત સુખની પ્રાપ્તિ કરી શકાય.

સુખ-દુ:ખના સંબંધમાં આપણે સ્વીકારી લીધું છે કે સુખ-દુ:ખ એ જ આપણે છીએ. પરંતુ આપણે સ્વયં શાતા-અશાતા વેદનીય નથી. શાતા-અશાતામાં મતલબ કે સુખ-દુ:ખમાં આપણે સ્વતંત્ર નથી. તે બંને કર્મના ઉદયને આધીન છે. પૂર્વ કૃત બાંધેલાં શાતા- અશાતાના કર્મ એ તો ભાથામાંથી છૂટેલાં તીર જેવાં છે. તે પાછા ભાથામાં આવતા નથી. જ્યારે રતિ, અરતિ આદિ ભાવો કરવામાં તો આપણે સ્વતંત્ર છીએ. આપણે રતિ-અરતિ કરીએ છીએ., એટલે તે થાય છે. રોગ કાંઇ આપણે પોતે ઉભાં કરતાં નથી. રોગ તો આવે છે. રોગનું આવવું પૂર્વકૃત કર્મના ઉદયને આધીન છે. રતિ-અરતિ ભાવો તો આપણે પોતે કરીએ છીએ. આ ભાવો પરતંત્ર રહીને વેદીએ તો આપણું ભાવિ પરતંત્ર નિર્માણ થાય છે. અને એ ભાવોને ન વેદતા ધર્મ પુરુષાર્થ આદરીએ તો આપણે આત્માનું અમરત્વ વેદીએ છીએ અને કાળક્રમે મુક્તિને પામીએ છીએ.

અનાદિકાળના આપણને કુસંસ્કાર પડી ગયા છે, કે આપણે અનુકૂળતામાં રાગ કરીએ છીએ અને પ્રતિકૂળતામાં દ્વેષ કરીએ છીએ. રાગ-દ્વેષ કરીને આપણે અરતિ-શોક-ભય-દુગંછા આદિ ભાવો ખરીદીએ છીએ. પણ કહ્યું છે કે...

*'સત્તા શુદ્ધ અરૂપી તે હરી, નહિ જગ કો વ્યાપાર;*
*કા કહીએ કછુ કહ્યો ન જાય, તું પ્રભું અલખ અપાર.'*

રતિ-અરતિ આપણો સ્વ સ્વભાવ નથી. આત્માની એ સત્તા નથી. આ બધાં રતિ-અરતિ આદિ ભાવો પરસત્તા છે. એ બધાં વિભાવ છે. વિવેકથી, ભેદ-જ્ઞાનથી આપણે રતિ-અરતિ-શોક-ભય-દુગંછા આદિ ભાવોને દૂર કરવાના છે. અલબત્ત કાળના બળથી પણ આ ભાવો ક્ષીણ-જીર્ણ થાય છે. દુ:ખનું ઓસડ દહાડા એમ દિવસો વીતતા રતિ-અરતિ આદિ ભાવો દૂર થઇ જાય છે. પરંતુ દિવસોની રાહ જોયા વિના જ્યારે

પણ આ ભાવો પેદા થાય ત્યારે જ સ્વબળ અને સ્વસત્તાથી તેને દૂર કરવાના છે. આ જ છે સાચો આધ્યાત્મ ! આ છે અભ્યંતર અંતરક્રિયા જે કરતાં આત્માના અમરત્વનું અનુસંધાન થાય છે અને અમરત્વ પ્રાપ્ત થાય છે.

'દેહમાંથી જીવનું ચાલ્યા જવું એ મૃત્યુ,' તે વ્યવહારની મૃત્યુ વિષેની વ્યાખ્યા છે. આધ્યાત્મમાં મૃત્યુની વ્યાખ્યા આથી ભિન્ન છે. જરા વારમાં માસો અને જરા વારમાં તોલો. ખીણ માસો ખીણ તોલો થઇએ છીએ તેને આધ્યાત્મામાં મૃત્યુ કહે છે. ક્ષણમાં રાજી ને ક્ષણમાં નારાજી, સવારે આશા ને સાંજે નિરાશા. આશા-નિરાશાના આ જે ઝોલા છે; મનની આ જે ચંચળતા-વિહવળતા છે ભાવોની જે અનિત્યતા છે તેને જ આધ્યાત્મ ક્ષેત્રે મૃત્યુ ગણવામાં આવે છે.

જીવ નિત્યતાથી અમર છે. જીવે સ્થિરતા અને નિત્યતા જાળવવી જોઇએ. વસ્તુઓ અને વ્યક્તિ ગમે તેવી હોય, સંજોગો અને પરિસ્થિતિ પણ ગમે તેવાં હોય, એ બધાં ગમતાં હોય, કે અણગમતાં હોય, પરંતુ એ પાંચેની વચ્ચે, કશાજ સંકલ્પ વિકલ્પ કર્યા વિના રહેવું જોઇએ. As it is- જેવાં છે તેવાં રહેવું આ ' જેવાં છે તેવાં રહેવું' એ જ ધર્મ છે, એ પાંચેયની સાથે સ્થિરભાવે રહી શકીએ તો જીવનમાં નિશ્ચયથી ધર્મ આવ્યો છે એમ કહેવાય.

જીવનના તમામ વ્યવહારમાં વસ્તુઓ, સંજોગો, પ્રસંગો, પરિસ્થિતિ અને અન્ય જીવોને વચમાં નથી લાવવાના, તેનાથી જ ઘેરાઇ જવાનું નથી. આ પાંચ ઉપરાંત છઠ્ઠા આપણે સ્વયં પણ છીએ જેને ય યાદ રાખવાનો છે. અને તેને જ ઉપયોગમાં લાવવાનો છે.

દેહ પર વસ્તુ છે. પરમાં પરતંત્ર છીએ અને પરાધીન છીએ. આત્મા સ્વ વસ્તુ છે. સ્વમાં સ્વતંત્ર છીએ, સ્વાધીન છીએ પરતંત્રમાં ઉદ્યમ નથી હોતો. પરતંત્રમાં કર્મને ભાવિ હોય છે. ભૂતકાળના કર્મ પરતંત્ર છે. ભાવ કરવામાં સ્વતંત્ર છીએ. ભાવ કરીએ એટલે ઉદ્યમ આવે. આપણે સ્વ અને સ્વતંત્ર છીએ આથી ઉદ્યમ ત્યાં કરી શકીએ !

ઉદ્યમ વર્તમાનકાળ રૂપે છે. ઉદ્યમ ભાવિ નથી ઉદ્યમ આજે અને અત્યારે આ પળે જ થાય છે. ક્રિયાશીલ પ્રવૃતિશીલનો કાળ વર્તમાન જ છે. આત્માનું મૂળ સ્વરૂપ શુદ્ધ સ્વરૂપ નિશ્ચલ, નિત્ય, સ્થિર આદિ છે. આત્માના સ્વ સ્વરૂપમાં રહેવાનો 'As it is for ever' ઉદ્યમ કરવાનો છે,

સાધુ ભગવંત કહે છે 'વર્તમાન જોગ !' શા માટે આમ કહે છે ? શા માટે આવો શબ્દ પ્રયોગ કરે છે ? શું અર્થ છે આનો ? વર્તમાન જોગ સૂચવે છે કે સાધુ ભગવંત વર્તમાનમાં રહે છે. નથી તેઓ ભૂતકાળમાં રહેતાં કે નથી તેઓ ભાવિમાં રહેતાં. અતીતની સ્મૃતિને સાધુ ભગવંત વાગોળતા નથી અને અનાગતના સ્વપ્નમાં રાચતા નથી. સાધુ ભગવંત તો માત્ર વર્તમાનમાં જ જીવે છે. અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગોમાં 'ધર્મલાભ'! કહીને તેઓ સમસ્થિતિમાં સમભાવમાં રહે છે. પાંચેયથી ચલિત અને અસ્થિર થયા વિના જેવાં મૂળ સ્વરૂપે છે 'As it is' તેવા સ્વરૂપે સ્થિર રહે છે.

સાધુ ભગવંત જ્ઞાતાભાવે જીવે છે, સ્વરૂપ દૃષ્ટા બનીને જીવે છે. પાંચેય વસ્તુઓ સાથે રહીને તે છઠ્ઠા પોતાને-ખુદને જ જુવે છે. આથી જ સાધુ ભગવંત માટે આપણે કહીએ છીએ કે તે કાળધર્મ પામ્યા. કાળધર્મ એટલે દેહનો ક્ષીણ થવાનો, નાશ પામવાનો સ્વભાવ છે. આયુષ્ય પૂરુ થવાથી દેહ નાશ પામ્યો, જે સાધુ ભગવંત એ દેહમાં હતા તે તો દેહના ભાવોના જ્ઞાતા-દૃષ્ટા હતાં. કાળ પૂરો થયો, આયુષ્ય પૂરું થયું એટલે દેહ મૂકીને ગયા અને ધર્મ પામી ગયા. વસ્તુ સ્વભાવ ધર્મ પ્રમાણે તે સિદ્ધત્વને પામ્યા.

આપણે પણ બાહ્ય બધાં દૃશ્યો વચ્ચે, પાંચેય વસ્તુઓ વચ્ચે રહીને સ્વરૂપદૃષ્ટા બનવાનું છે. આપણી આસપાસ કે આપણી ભીતર જે કાંઇ થાય છે તેને માત્ર જોવાનું છે, જાણવાનું છે. જોઇ અને જાણીને આ પ્રિય છે, આ અપ્રિય છે, એવી કશી જ તુલના કરવાની નથી. સ્વપ્ન જોઇએ છીએ પણ જાગતાં જ એ સ્વપ્ન ખતમ થઇ જાય છે. એ સ્વપ્નને સત્ય નથી માનતા. સંસારના સુખ અને દુ:ખ બંનેય સ્વપ્ન છે. આત્મા હજી ઊંઘમાં છે. એથી સંસારના સુખ એને સુખ લાગે છે. અને દુ:ખ એને દુ:ખી કરે છે. આત્મ જાગરણ થાય, આત્મ સ્વરૂપનું જ્ઞાન થાય તો સ્વપ્ન સમા સંસારના બધાં જ સુખ-દુ:ખ આપોઆપ દૂર થઇ જાય.

તમામ દુ:ખોની જડ હોય તો તે છે સુખની આશા, સુખની લાલસા. આજે આપણે સુખ-દુ:ખને પદાર્થમાં-વસ્તુઓ ને વ્યક્તિમાં આરોપિત કર્યાં છે. આ સુખની આશાને લાલસાના કારણે જ દુ:ખને ભય જન્મે છે. કશાયમાં અને કોઇમાં ય જો સુખ સ્થાપિત ન કરીએ તો જીવનમાં ન કોઇ દુ:ખ છે, ન કોઇ ભય છે.

દેહ છે ત્યાં સુધી જગત સાથે સંબંધ રહેવાનો છે. દેહ છે ત્યાં સુધી અન્ય વ્યક્તિઓ અને વસ્તુઓના સંબંધ વિના ચાલવાનું નથી. દેહને ભોગવવા માટે જગતના ભોગ્ય જડ પદાર્થની જરૂરત રહેવાની છે. પણ આ બધું કુટુંબ અને સમાજ વગેરે જગતના અંશરૂપ છે.

દેહ છે અને તેમાં આત્મા છે તો દેહ અને આત્માને ભિન્ન જાણીને પાંચેયથી પર રહેવાનું છે. શુદ્ધ આત્મભાવથી આ પાંચેય સાથે રહીને જીવીએ તો નિર્મોહતા આવશે. અને અરતિ આદિ ખતમ થશે. રતિ-અરતિ-ભય-શોક-દુગંછા આદિ જે થાય છે તેથી જ કેવળજ્ઞાન થતું નથી. એ ભાવો જો ખત્મ થાય તો કેવળજ્ઞાન પ્રગટે. જેઓ કેવળજ્ઞાન પામ્યા છે, જેઓ કેવળજ્ઞાની બન્યા છે, તેઓ મુક્તિ સુખ તે કાળે જ અનુભવે છે.

સહુ કોઇ આ પાંચે વસ્તુ-વ્યક્તિ-સંયોગો-પ્રસંગો ને પરિસ્થિતિની વચ્ચે તેનાથી નિર્લેપ રહી, આત્મભાવમાં દૃઢ રહી મુક્તિને પામો એવી અભ્યર્થના!

❑ અવતરણકાર : **સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી**

❑ ❑ ❑

## સંઘ સમાચાર

❑ સંઘના ઉપક્રમે શ્રીમતી વિદ્યાબહેન મહાસુખલાલ ખંભાતવાલાના આર્થિક સહયોગથી વાર્ષિક સ્નેહ મિલનનો કાર્યક્રમ (જે અશાંત પરિસ્થિતિના કારણે મુલતવી રહ્યો હતો તે) હવે રવિવાર, તા. ૨૮મી માર્ચ, ૧૯૯૩ના રોજ સવારે ૧૦-૩૦ વાગે બિરલા ક્રીડાકેન્દ્રમાં યોજવામાં આવ્યો છે. શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી મહાવીર વંદનાનો ભક્તિગીતોનો કાર્યક્રમ આ પ્રસંગે રજૂ કરશે. આ કાર્યક્રમ ફક્ત સંઘના સભ્યો માટે જ છે. સભ્યોને કાર્ડ મોકલવામાં આવ્યાં છે.

❑ સંઘના ઉપક્રમે મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્ર, ચિંચણી (જિ. થાણા) મુકામે બુધવાર, તા. ૨૪મી માર્ચ, ૧૯૯૩ના રોજ નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જે સભ્યો આ નેત્રયજ્ઞની મુલાકાત લેવા ઇચ્છતા હોય તેઓને તા. ૧૫મી માર્ચ સુધીમાં સંઘના કાર્યાલયમાં સંપર્ક સાધવા વિનંતી છે.

❑ સંઘના ઉપક્રમે આનંદઘનજીનાં પદોનો (ભક્તિ સંગીત સહિત પ્રવચનનો) કાર્યક્રમ તા. ૧૭ અને તા. ૧૮, માર્ચ, ૧૯૯૩ના રોજ સાંજના ૪-૧૫ વાગે સંઘના પરમાનંદ કાપડિયા હોલમાં યોજવામાં આવ્યો છે. ભક્તિ સંગીત : વર્ગની બહેનો, પ્રવચન : ડૉ. રમણલાલ ચી. શાહ.

❑ સંઘના આર્થિક સહયોગથી સ્વ. ધીરજબહેન દીપચંદ શાહના સ્મરણાર્થે રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ ચિખોદરા દ્વારા શનિવાર, તા. ૧૪મી એપ્રિલ, ૧૯૯૩ના રોજ ખંભાત મુકામે નેત્રયજ્ઞનું આયોજન થયું છે.

❑ સંઘના ઉપક્રમે ડૉ. કુમુદ પ્રવીણ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ધરમપુર તાલુકાના આદિવાસી વિસ્તારમાં કપરાડા મુકામે ચામડીના રોગો માટે એપ્રિલ-મે, ૧૯૯૩માં કેમ્પનું આયોજન થયું છે.

**- મંત્રીઓ**

# નરસિંહની કવિતામાં વેદાન્ત

❑ પ્રો. ચન્દ્રશંકર ભટ્ટ

નરસિંહ સન્માન પુરસ્કારના સ્વીકાર પ્રસંગે દશકિ તેનાં પ્રભાતિયાં અને પદો વિશે તદ્દન યોગ્ય જ કહ્યું છે કે નરસિંહની એક કવિતાની તોલે ગુજરાતી સો કવિતા ન આવે. ભક્તિ, જ્ઞાન અને કવિતા, રક્તમાં હિમોગ્લોબિનની રીતે તેની સર્જકતામાં ભળેલાં છે. તે જેટલો ઊંચી કોટિનો ભક્ત અને જ્ઞાની છે તેથી સવાયો કવિ છે અને જેટલો ઊંચી કોટિનો કવિ છે તેથી સવાયો ભક્ત અને જ્ઞાની છે. તેનાં પદો અપ્રતિમ છે. એ પદો અને ગુજરાતી કવિતાના આભરણરૂપ તેનાં પ્રભાતિયાં, તેના એકતારાના રણકાર અને કરતાલના મધુર તાલથી બ્રાહ્મમુહૂર્તને ગુંજતું કરી, ઊર્ધ્વની કેવી અ-લૌકિક અનુભૂતિ માનવહૃદયના ચૈતન્યને કરાવતાં હશે !

આમ તો નરસિંહ ભારતના શ્રેષ્ઠ સંતો-ભક્તોની હરોળમાં આદરપાત્ર સ્થાન ધરાવે તેવો વરદાન પામેલો કૃષ્ણભક્ત વૈષ્ણવ છે. સાચા વૈષ્ણવ તેને પ્રાણથી પણ અધિક વહાલા છે, તેથી સ્વમુખે કહે છે:

*'પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા...'*

તેથી પણ આગળ જઈ, જ્ઞાતિજનોની ટીકાનો વૈષ્ણવને શોભે તેવી વિનમ્રતાથી માત્ર એટલો જ ઉત્તર આપે છે :

*'કર જોડીને કહે નરસૈંયો, વૈષ્ણવ તણો મુજને આધાર.'*

'વૈષ્ણવ જન તો..' એ પ્રસિદ્ધ પદમાં, પોતાને પ્રાણથી વ્હાલા વૈષ્ણવનાં, પોતાના જીવનમાં ચરિતાર્થ કરેલાં સરસ અને આજે પણ પ્રસ્તુત એવાં લક્ષણો દર્શાવ્યાં છે. મોટી વાત તો એ છે કે તે પોતાના આરાધ્ય અને પોતાને પ્રસન્ન શ્રીકૃષ્ણનું પ્રત્યક્ષ દર્શન પામેલો ભક્ત છે. તેથી તે જ ગાઈ શકે છે :

*'હું તો વારી રે ગિરિધરલાલ તમારા લટકાને,*
*એવા એવા લટકા છે ઘણેરા લટકા લાખકરોડ રે,'*
*લટકાળો મે'તા નરસિંહનો સ્વામી હીંડે મોઢામોઢ-તમારા લટકાને*

આવી 'હીંડે મોઢામોઢ'એ વાણી કોણ ઉચ્ચારી શકે ! પ્રત્યક્ષ દર્શન પામ્યા વિના આ શબ્દો ઉચ્ચારવાની કોઈની તાકાત નથી. આમ તો શ્રીકૃષ્ણના જીવનમાં થતા પ્રવેશની રળિયામણી ધન્ય ક્ષણનું એક મહામુલું પદ છે. તેમાં પણ પ્રત્યક્ષ દર્શનના આનન્દને વ્યક્ત કરતાં તે ઉદ્ગારે છે :

*'આજની ઘડી તે રળિયામણી,*
*મારો વ્હાલોજી આવ્યાની વધામણી*
*હો જી રે, આજની ઘડી તે રળિયામણી.*
*જી રે રથ વાઘ્યો છે અતિ મીઠડો,*
*મે'તા નરસૈંનો સ્વામી દીઠડો હો જી રે,*
*આજની ઘડી તે રળિયામણી.'*

કૃષ્ણનું આવું પ્રત્યક્ષ દર્શન નરસિંહ વિના કોણ કરી શકે ! અહીં 'મીઠડો' સાથે પ્રાસ મેળવવા 'દીઠડો' શબ્દ મૂક્યો નથી. તે તેના દર્શનમાંથી જન્મ્યો છે. પ્રાસનો નિષ્ણાંત કોઈ કવિ આ પ્રાસ કદાચ મેળવે તો પણ નરસિંહના જેવી ભક્તિ અને તેવા દર્શન વિનાની વાણી અને પ્રાસ, તેના બોદાપણાને ખુલ્લું પાડ્યા વિના ન રહે. જ્યારે નરસિંહની આ વાણી તો તેના દર્શનના રણકારથી રણઝણતી છે.

નરસિંહ જેમ શ્રીકૃષ્ણનો પ્રત્યક્ષ દર્શનનું વરદાન પામેલો પરમ કૃષ્ણભક્ત છે તેમ તે સકળ લોક-ચૌદ લોક અને બ્રહ્માંડના અણુઅણુમાં વ્યાપ્ત બ્રહ્મ નું પૂર્ણ દર્શન અને તેના ચૈતન્યની અનુભૂતિ પામેલો છે. તેમાં ઉદ્ગાર પામેલું વેદાંતજ્ઞાન શંકરનું કેવાલદ્વૈત છે. તેનું પાયાનું સુત્ર એ છે કે એકમાત્ર બ્રહ્મ જ સત્ય છે, જગત મિથ્યા-માયા છે. જીવ સ્વયં બ્રહ્મ જ છે. 'ब्रह्म सत्यं जगत मिथ्या जीवः ब्रह्म एव नापरा.' નરસિંહે આ જોયું અને અનુભવ્યું છે તેથી તો તે ગાય છે :

*'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપ અનન્ત ભાસે.'*

આ જગતનાં જૂજવાં રૂપે તે જ પ્રગટ થયો છે, તે જ તેમાં સમાયો છે. આ જૂજવાં રૂપોની ભૌતિકતા નાશવંત છે, પણ તેમાં વસેલું બ્રહ્મચૈતન્ય તો અવિનાશી અને અનન્ત છે. નરસિંહ તેને 'શ્રી હરિ'થી ભલે સંબોધે, પરંતુ તે બ્રહ્મ ના અર્થમાં જ વપરાયો છે, તે સંદર્ભ અને આગળની પંક્તિઓથી સમજાય છે. આ જગતના પંચમહાભૂત તત્ત્વોમાં પણ તે બ્રહ્મને જ જુએ છે :

*'પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા !*
*વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;*
*વિવિધ રચના કરી અનેક રસ લેવાને,*
*શિવ થકી જીવ થયો એ જ આશે.'*

આ સૃષ્ટિ, પંચમહાભૂતો બ્રહ્મ નાં સરજેલાં જ નહિ, તે સર્વ તે સ્વયં જ છે. તે જ આ ભૂમિનો આધાર અને ધારણ કરનાર 'ભૂધરા' છે અને તે જ જીવરૂપે, આપ ઈચ્છાએ, અનેક રસ લેવાને પ્રગટ થાય છે. આ જીવરૂપો તેનાં જ છે છતાં તે અગોચર છે. બ્રહ્મ દૃષ્ટિ ઊઘડી હોય તેને જ તે દેખાય. આ ચૌદ લોક અને બ્રહ્માંડ તેનાં સર્જેલાં છે અને ભેદ કરી જે વિવિધ રચના કરી તે સર્જનમાં તેણે મબલખ વૈવિધ્ય પણ સર્જ્યું છે. નરસિંહની બ્રહ્મદૃષ્ટિ ઊઘડેલી છે તેથી તેણે જોયું છે કે :

*'જીવ ને શિવ તે આપ-ઈચ્છાએ થયા,*
*રચી ચૌદ લોક જેણે ભેદ કીધા;*
*ભણે નરસૈંયો એ તે જ તું તે જ તું,*
*એને સમર્યાથી કંઈ સંત સીધ્યા.'*

નરસિંહ ફરી ફરીને કહે છે, પ્રતીતિપૂર્વક કહે છે, બ્રહ્મનું જ અખિલ આ સર્જન છે અને અને તે જ સકળમાં વ્યાપેલો તો છે જ. પણ પુનરુક્તિ કરીને દૃઢતાથી કહે છે સકળ 'તે જ તું તે જ તું' એટલે તું જ છે. તે જ એક માત્ર સનાતન, અવિનાશી અને સકળ વ્યાપ્ત સત્ય છે. આ સઘળો વિલાસ તેનો જ છે. દેખાતાં જૂજવાં રૂપનો ભેદ અર્થાત્ વિવિધતા તેનાં સર્જેલા છે. આ સૃષ્ટિની વિવિધ રચના તેણે તાટસ્થ્યથી ખેલ જોવા કરી. આપણે ત્યાં કહેવાયું છે : 'ए कोऽहं बहुस्याम्' 'એ કોઽ હં બહુસ્યામ્'-હું એકલો છું અને એકમાંથી અનેક થયો છું. એકલાથી લીલા થાય કેવી રીતે ! 'एकाकी न रमते' તે ભલે અનેક રૂપે પ્રગટ થયો, પણ તે સઘળાં રૂપોમાં તે જ છે, એક બ્રહ્મ જ સત્ય છે. નરસિંહ આ પામ્યો છે. તેથી તે કહે છે :

*'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ,*
*જૂજવે રૂપ અનન્ત ભાસે.'*

હવે જાણે સ્વયં બ્રહ્મ જ કહેતો હોય તેમ નરસિંહ કહે છે :

*''નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો,*
*'તે જ હું તે જ હું' શબ્દ બોલે.''*

સકળમાં હું જ ઘૂમી રહ્યો છું. હું જ આપ ઈચ્છાથી એકમાંથી અનેક થઈ નિખિલમાં વ્યાપેલો છું. મેં જ સઘળા ભેદ અને વૈવિધ્ય સજર્યાં છે, અને તે લીલા માટે, અનેક રસ લેવા માટે. વેદાન્તની બ્રહ્મસત્ય એ વાત પવન, પાણી ભૂમિ વગેરેના આપણા નિત્યના અનુભવથી નરસિંહ સરળ અને સહજ વાણીથી આપણી ચેતનામાં સ્થાપી, તરત એક રમણીય ચિત્ર આપણાં નેત્રમાં ગતિમાન કરતાં કહે છે :

'વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે.'

નિત્ય જોવા છતાં આપણને વૃક્ષમાં બ્રહ્મનું દર્શન થતું નથી. ક્યાંથી થાય ! અજ્ઞાનનાં પડળ ખસે અને જ્ઞાનદર્શન થાય તો ને ! નરસિંહને બ્રહ્મદર્શન થયું છે, તેથી એક ધન્ય ક્ષણે તેને વૃક્ષ બ્રહ્મરૂપે દેખાયું છે. વૃક્ષની જેમ જ બ્રહ્મ પણ પ્રતિપલ આકાશમાં નિરંતર ફાલીફૂલી રહ્યો છે અર્થાત ઘુમી રહ્યો છે, લીલા કરી રહ્યો છે: વૃક્ષના આ ગતિશીલ ચિત્રથી નરસિંહ બ્રહ્મના બ્રહ્માંડવ્યાપી ચૈતન્યવિલાસની ગતિશીલતા આપણા અંતરમાં રમતી કરી દે છે, માત્ર 'ફૂલી' ક્રિયાપદથી. વૃક્ષની ગતિશીલતાનું ચિત્ર રમણીય તો છે જ, જેમાં નરસિંહની સૌન્દર્યદૃષ્ટિ આસ્વાદ્ય છે. આકાશમાં ફાલીફૂલી રહેતા, ઝૂલતા વૃક્ષના સૌન્દર્યને જેણે નયન ભરીને જોયું-પીધું હોય તેનાથી જ આ પમાય. તે દૃશ્ય રમણીય છે તેમ ભવ્ય પણ લાગે છે. અનન્ત આકાશની પીઠિકામાં ફાલેલા ફૂલેલા અને ઝૂલતા વૃક્ષનું દૃશ્ય ઓછું રમણીય કે ભવ્ય નથી.

કેવી રીતે જોવો પડે અને તેના આનન્દનો સંનાતન રસ કેવી રીતે પિવાય અને અનુભવાય તે વિશે સ્વાનુભવ ખુલ્લો કરતાં નરસિંહ માર્ગદર્શન આપે છે :

*'નેત્ર વિણ નીરખવો, રૂપ વિણ પરખવો,*
*વણ જીહ્વાએ રસ સરસ પીવો.'*

નેત્ર વિના નીરખવાની, રૂપ વિનાનાને પારખવાની, અને તેના આનન્દના સરસ રસને વગર જીહ્વાએ પી સ્વાદ લેવાની શરતો કપરી છે; પણ તે વિના બ્રહ્મનો અનુભવ શક્ય પણ નથી. જે નિરાકાર અનન્ત આકાશ જેવો, અપ્રત્યક્ષ પવન જેવો છે તેને જોવા સ્થૂળ ઇન્દ્રિયો કેવી રીતે ખપ લાગે ! જેનો રસ અવિનાશ સચ્ચિદાનંદ છે, જે કેવળ ચૈતન્યથી જ અનુભવી શકાય તેને જીભથી કેવી રીતે પી અને અનુભવી શકાય ! આ સામાન્ય આનન્દ નથી, અ-લૌકિક આનન્દ છે. બ્રહ્મનો પ્રકાશપુંજ સનાતન, અવિચલ અને શુદ્ધ છે તથા નિરંતર ઝળક્યા જ કરે છે તે દર્શાવવા નરસિંહ માત્ર 'સદા' અને 'વિમલ' શબ્દો જ વાપરે છે. આ અ-લૌકિક અનુભૂતિની અદ્‌ભુતતા દર્શાવવા તે શબ્દોની, વિશેષણોની લાંબીલચક યાદી કરતો નથી. નરસિંહની અભિવ્યક્તિનું લાઘવ એવું અસરકારક છે કે તરત નોંધપાત્ર બને છે. આ પ્રકાશપુંજનું દર્શન પામેલો નરસિંહ તેના ભવ્ય અને દિવ્ય સ્વરૂપને ત્રીજા નેત્રની પ્રસાદીરૂપ વાણીથી વર્ણવતાં રમણીય પદાવલિથી લલકારી ઊઠે છે :

*'ઝળહળ જ્યોત ઉદ્યોત રવિ કોટમાં હેમની કોર જ્યાં નીસરે તોલે;'*

કરોડ કરોડ સૂર્યના ઊગતા પૂર્વેના, ગગનમાં પ્રસરતા ઝળહળતા પ્રકાશનું નેત્રને જ નહિ ચિદાકાશને ભરી દે તેવું ભવ્ય પ્રકાશચિત્ર સંકેતથી ભરપૂર ભરેલું છે. બ્રહ્મનું દર્શન કરનારના ચિતમાં પ્રકાશ પથરાય જાય છે એમ જે કહેવાયું છે તેનો અનુભવ પામેલો નરસિંહ જ આવો આનન્દ લલકાર કરી શકે. આપણા ચિત્તમાં એ પ્રકાશ પાથરી નરસિંહ આપણી નજરમાં ઊગતા સૂર્યની માત્ર સ્હેજ જ સોનાની કોર બતાવી, બ્રહ્મના ઝળહળતા સ્વરૂપની અલપઝલપ ઝાંખી કરાવે છે; કારણકે બ્રહ્મનું પૂર્ણ દર્શન કરવું કપરું છે. તે આંજી નાખે તેવું પ્રતાપ પૂર્ણ હોય છે. પ્રખર બ્રહ્મદ્રષ્ટા પણ સતત તે દર્શન જીરવી શકે નહિ. તેનું દર્શન અલપઝલપ જ હોય. એકસૂર્ય સામે આપણે સતત જોઇ શકતા નથી, તો પછી જેનો પ્રતાપ કોટિકોટિ સૂર્ય જેવો અને જેટલો હોય તો તે દર્શન જીરવાય કેવી રીતે ! નરસિંહ આ દર્શન પામેલો હોઇ તે માત્ર સૂર્યની કોર જ બતાવેને ! અલપઝલપ દર્શનની અનુભૂતિ અનિર્વચનીય છે. નરસિંહ આ અવાચ્ય, અગમ્ય, અપ્રત્યક્ષ, અલૌકિક દર્શનની અનુભૂતિને સૂર્યની કોરના કલ્પનથી પ્રત્યક્ષ કરાવે છે. આ બ્રહ્મના દર્શનને આપણા ચિત્તમાં પ્રસ્થાપિત કરવા, તેની લીલાને પ્રત્યક્ષ કરાવતાં તે અનુભૂતિથી રણઝણતી ઉદાત્ત અને રમ્ય વાણી લલકારે છે :

*'સચ્ચિદાનંદ આનન્દ ક્રીડા કરે, સોનાના પારણા માંહી ઝૂલે.'*

બ્રહ્મના સચ્ચિદાનંદ સ્વરૂપની આ વાણી નરસિંહની બ્રહ્મનુભૂતિ અને સર્જકતાનું સર્વોચ્ચ આંખને આંજી દે તેવું ઝગારા મારતું શિખર છે. દશકિ કહ્યું તેમ નરસિંહનું એક કાવ્ય તો ખરું જ, પણ આ બે પંક્તિઓની તોલે ગુજરાતી કવિતાની સઘળી પંક્તિઓ પણ આવે ખરી! હજી સુધી તો કોઇ કવિ આ કક્ષાની પંક્તિ લખી શક્યો નથી. આ પંક્તિઓનું આંર્તસૌન્દર્ય અને તેમાં અનુભવાતી અનુભૂતિનો રણઝણાટ અ-પૂર્વ, અતલાન્ત અને ગહન છે. માત્ર આ બે પંક્તિઓથી નરસિંહ બ્રહ્મના સચ્ચિદાનંદ રમણીય અને તેજોમય સ્વરૂપને અને તેની આ અખિલ બ્રહ્માંડ, વિશ્વ અને જગતની આનન્દ લીલાને પ્રત્યક્ષ કરાવી દે છે. અદીઠ, અપ્રત્યક્ષના પ્રત્યક્ષીકરણની તેની સર્જકતા અભિભૂત કરી દે તેવી છે. કરોડ કરોડ સૂર્યના ઝગમગતા સોના જેવા પ્રકાશના પારણામાં હેમની કોર જેટલા બ્રહ્મને સોનાના પારણામાં ઝૂલતાં આનન્દ ક્રીડા કરતા દર્શાવવામાં, નરસિંહે પારણામાં કિલ્લોલ કરતાં, ઝૂલતા બાળકના દૃશ્યના આપણા સંસ્કારને ખપમાં લીધો છે. અલખ અને અનિર્વચનીયનું આ ભવ્ય, રમ્ય અને દિવ્ય ચિત્ર કેવું મનહર, મનભર અને ધન્યધન્ય કરી દે તેવું છે તે કહેવું મુશ્કેલ છે. તે અનુભવવાનું જ હોય . નરસિંહનું ચિત્ત બ્રહ્મના ચૈતન્યમાં તદરૂપ હોવાથી તે આ દાખવી શકે છે. પ્રત્યક્ષ અનુભવ્યા વિના કોઇ આ દાખવી ન શકે.

નરસિંહનું આ વેદાન્ત જ્ઞાન, શુષ્ક કે કેવળ બૌદ્ધિક જ્ઞાન નથી . તે તેના અનુભવમાંથી નીપજેલું છે. આ વેદાન્ત શંકરનું કેવલાદ્વૈત છે. ધર્માચરણની જપ, તપ, દાન, તીર્થયાત્રા અને તીર્થસ્થાન જેવા બાહ્ય આચારની અમુક હદ સુધી ઉપયોગિતા સ્વીકારીને પણ નરસિંહને કહેવું છે કે, તેનાથી બ્રહ્મચૈતન્યની અનુભૂતિ ન થાય.તેવા બાહ્ય આચારમાં જ અટવાઇ જનારનો મનખા દેહ એળે જાય છે. તે ચોખ્ખું કહે છે :

*'શું થયું સ્નાન, સંધ્યા ને પૂજા થકી ?*
*શું થયું ઘેર રહી દાન કીધે ?*
*શું થયું ધરી જટા ભસ્મલેપન કર્યે ?*
*શું થયું વાળ લુંચન કીધે ?*
*શું થયું જપ-તપ તીરથ કીધા થકી ?*
*શું થયું માળ ગ્રહ નામ લીધે ?*
*શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી ?*
*શું થયું ગંગજળ પાન કીધે ?*

આ ક્રિયાઓનું મિથ્યાત્વ બતાવી નરસિંહ બ્રહ્મચૈતન્યની અનુભૂતિ શી રીતે થાય તે દર્શાવતાં આત્માપ્રત્યયથી કહે છે :

*'જ્યાં લગી આતમાતત્ત્વ ચીન્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જૂઠી'*

અને હવે બ્રહ્મચૈતન્યના અનુભવ વિના મનખાદેહ એળે ગયાનું કહેતાં લખે છે :

*'મનખાદેહ તારો એમ એળે ગયો, માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી.'*

બ્રહ્મજ્ઞાન અને બ્રહ્મચૈતન્યનું મહત્વ સ્થાપી તે હવે આ બધી સાધનાની અર્થહીનતાને પેટ ભરવાના પ્રપંચ કહેતાં સ્પષ્ટ જણાવે છે :

*'એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, જ્યાંહાં લગી પરિબ્રહ્મ ન જોયો;'*

પરિબ્રહ્મને જોયા વિના જન્મરૂપ રત્નચિંતામણિ ખોઇ નાખ્યાનું કહે છે :

*'ભણે નરસૈંયો તત્ત્વદર્શન વિના, રત્નચિંતામણિ જન્મ ખોયો.'*

એક વરદાન પામેલા વંદ્ય ભક્ત ઉપરાંત નરસિંહ પરિબ્રહ્મદ્રષ્ટા છે. તેનું વેદાન્તદર્શન સ્હેજે ધૂંધળું, શુષ્ક કે પોપટિયું જ્ઞાન નથી; કારણકે તે અનુભૂત દર્શન છે. આ દર્શન તેણે માત્ર થોડાંક જ પદોથી રણકતી વાણીમાં અખિલાઇથી તંતોતંત અભિવ્યક્ત કર્યું છે. તંબૂરાના રણકાર અને કરતાલના તાલથી મધુર રીતે જગાડતો હોય તેમ તે લલકારીને સ્નેહપૂર્વક વિનવતો હોય તેમ કહે છે :

*'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો, તે જ હું તે જ હું શબ્દ બોલે;'*

એકમાત્ર 'નીરખીને' શબ્દથી નરસિંહ આપણી દૃષ્ટિને ગગનના અનન્ત વ્યાપમાં અને ગહન ઊર્ધ્વમાં દોરી જાય છે. એટલું જ નહિ 'નીરખને' શબ્દના 'ને' પ્રત્યયથી તે આપણને આત્મીયતા અને મૃદુતાભર્યા વ્હાલથી જાણે કહે છે, 'જોને, જોને, ભલા જોને, આ ગગનમાં કોણ ઘૂમી રહ્યો છે ! 'નીરખને' શબ્દનો 'ને' પ્રત્યય સ્હેજ છૂટો પાડી બોલતાં જન્મતા લ્હેકાથી તેણે અદ્‌ભુત કામ લીધું છે ને ! આવાં અને બીજા પ્રકારનાં ઘણાં દૃષ્ટાંત નરસિંહની કવિતામાં મળે તેમ છે. માત્ર 'નીરખને ગગનમાં' શબ્દથી નરસિંહ આપણી દૃષ્ટિને એક સાથે ગગનના અનન્ત વ્યાપમાં અને ઊર્ધ્વમાં દોરી જાય છે તે સર્જનાત્મક સિદ્ધિ વિરલ છે. અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થ તેના 'સોલીટરી રીપર' કાવ્યના આરંભના 'Behold' શબ્દથી આપણી દૃષ્ટિને માત્ર ભૂમિના Horizontal વ્યાપમાં લઇ જાય છે, જ્યારે નરસિંહની પંક્તિની અપૂર્વતા કેટલી મોટી છે તે સમજાશે. કેવલાદ્વૈત વેદાન્ત જેવા જ્ઞાનના ગૂઢ અને રહસ્યમય વિષયને બ્રહ્મના સ્વાનુભવથી થોડાં જ પદોથી ભવ્યોદાત્ત અને લલિતમનોહર સર્જનાત્મ વૈવિધ્યપૂર્ણ વાણીથી પૂર્ણતાથી વ્યક્ત કરનાર નરસિંહ કેટલા મોટા ગજાનો કવિ છે !

નરસિંહની આવી કવિતા વિવેચનની પરિભાષાથી કદાચ કંઇક સમજાય તો પણ તે પૂરેપૂરી પામી શકાય તેમ નથી. વળી કવિતા સમજવાની નહિ , તેથી આગળ વધી તેને પામવાની, અનુભવવાની હોય છે. તેમાંય નરસિંહની કવિતા તેના ચૈતન્યસભર શબ્દની અનુભૂતિથી રસાસ્વાદ દ્વારા જ પામી, અનુભવી શકાય તેવી છે. જેની સર્જકચેતનામાં શબ્દ સ્વયં રૂંવેરૂંવે રણઝણે છે અને જે શબ્દમાં તદરૂપ થઇ રેલાઇ ગયો છે. આવો એકમાત્ર દર્શનપૂત કવિ તો કેવળ નરસિંહ જ છે. તેનાં દર્શન અને ચેતનાથી રણકતી અનુભૂત વાણીને પહોંચવાનું ગજું દુર્લભ છે.

❑ ❑ ❑

# જયવંતસૂરિ : કવિ અને કવિ-લક્ષણ

❑ જયંત કોઠારી

મધ્યકાળના સાહિત્યનાં આપણાં મૂલ્યાંકનો ઘણી વાર પ્રમાણભૂત બની રહેતાં નથી. આનું કારણ એ છે કે મધ્યકાળની આપણી સમજ ઊણી પડે છે. આપણે ચાલુ અભિપ્રાયોથી દોરવાઈએ છીએ અને ખંડદર્શન કરીને અભિપ્રાયો બાંધીએ છીએ. નરસિંહ, પ્રેમાનંદ, શામળ જેવા સિદ્ધપ્રસિદ્ધ કવિઓની તો પ્રશંસા જ કરવાની હોય એમ માનીને આપણે ચાલીએ અને એમની રચનાઓના નિર્બળ અંશોનાં પણ આપણાથી ગુણગાન થઇ જાય. તો સામે વિશ્વનાથ જાની, ગણપતિ, જયવંતસૂરિ જેવા કવિઓના ખરા ઊંચા કવિત્વને આપણે પારખી ન શકીએ અને એમની ઉચિત કદર કરવામાં આપણે સંકોચ અનુભવીએ.

હા, જયવંતસૂરિ વિશે આવું જ થયું છે. એમની એક અત્યંત સુંદર કૃતિ 'શૃંગારમંજરી'નો પીએચ. ડી. માટે ઊંડો અભ્યાસ કરનાર કનુભાઇ શેઠ એમને વિશે કહે છે કે 'એ ભલે પ્રતિભાશાળી કવિ નથી, પણ એક સારા 'રાસકવિ' તો છે જ.' આ વિધાનમાં જયવંતસૂરિની પ્રતિભાનો સ્વીકાર કરવામાં હિચકિચાટ વરતાય છે. સારા રાસકવિ તે પ્રતિભાશાળી કવિ નહિ ? કદાચ કનુભાઈ શેઠને સારા રાસકવિ એ શબ્દપ્રયોગમાં કથાકથનની શક્તિ જ અભિપ્રેત છે. પણ છે એથી કંઇક જુદું જ. જયવંતસૂરિની રાસસંકૃતિઓનો વિશેષ પણ એમાંનું કાવ્યત્વ-વર્ણન, ભાવનિરૂપણ, અલંકારપ્રયોજન, છંદ-લયસિદ્ધિ, સમસ્યા-સુભાષિત-પ્રાસરચનાદિનું કૌશલ વગેરે છે. કથાઓ તો પરંપરાગત છે. જયવંતસૂરિ કવિ પહેલા છે, અને રાસકાર પછી. સાચા અને પૂરા અર્થમાં પ્રતિભાશાળી કહી શકાય એવા કવિ છે. કાવ્યનાં સર્વ અંગોની એમની સજ્જતા અસાધારણ છે અને એમની રસદૃષ્ટિ સતેજ છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જેમને ગૌરવભર્યું સ્થાન આપવું પડે એવા એ કવિ છે.

કવિ પોતાને જયવંત પંડિત કે જયવંતસૂરિ તરીકે ઓળખાવે છે. પહેલાં પંડિતપદ મળ્યું હશે, પછી સૂરિપદ. એ પોતાનું અપરનામ ગુણસૌભાગ્યસૂરિ પણ આપે છે. સૂરિપદ પછીનું આ નામ હોવાની શક્યતા છે, પણ એમણે પોતાની કૃતિઓમાં પોતાને 'જયવંત પંડિત' કે 'જયવંતસૂરિ' તરીકે જ ઓળખાવવાનું મોટે ભાગે પસંદ કર્યું છે. એમની જ કૃતિઓના ગુટકામાં (લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, હસ્તપ્રત, ક્રમાંક ૩૫૫૮) કેટલીક કૃતિઓને અંતે ' સજન પંડિત' એવી નામ છાપ મળે છે. જે કૃતિઓ અન્ય સ્થાને ' જયવંત પંડિત' ને નામે છે. આથી 'સજન પંડિત' એમણે સ્વીકારેલુ ઉપનામ હોવાનું સમજાય છે. એ વડતપગચ્છની રત્નાકર શાખાના સાધુ હતા. એમની કૃતિઓમાં એમની ગુરુપરંપરા આ રીતે નિર્દેશાઇ છે : વિજયરત્નસૂરિ-ધર્મરત્નસૂરિ-વિનયમંડન ઉપાધ્યાય-જયવંતસૂરિ. ગુરુના એ સૌથી નાના શિષ્ય હતા.

કવિની જીવનઘટનાઓના સમયનિર્દેશો સાંપડતા નથી. એમનો જીવનકાળ એમની કૃતિઓના જીવનકાળને આધારે જ નક્કી કરવાનો રહે છે. ' શૃંગારમંજરી' ૧૫૫૮માં અને 'ઋષિદત્તા રાસ' ૧૫૮૭માં રચાયેલ છે, તેમજ 'સીમંધરસ્વામી લેખ' આસો સુદ પૂનમ ને શુક્રવારે લખ્યાનું કવિએ જણાવ્યું છે. તે તિથિ-વાર સં. ૧૫૯૯ એટલે ઇ. ૧૫૪૩માં પડે છે (કનુભાઇ શેઠ, 'શૃંગારમંજરી' પ્રસ્તા. પૃ. ૧૦) તેથી કવિનો કવનકાળ સોળમી સદી મધ્યભાગ અને ઉત્તરાર્ધ નિશ્ચિત થાય છે.

જીવનકાળ વિશેના અન્ય એક-બે આધારો પણ મળે છે. ૧૫૩૧માં થયેલા શત્રુંજયઉદ્ધાર વખતે ગુરુ વિનયમંડનની સાથે જયવંત પંડિત પણ હશે એવું માનીને એ વખતે એમની ઓછામાં ઓછી ઉંમર ૨૦ વર્ષની અંદાજવામાં આવી છે (મો. દ. દેશાઇ, જૈન ગૂર્જર કવિઓ, ભા. ૨, પૃ. ૭૧). બીજી બાજુ, એમણે જ્ઞાનભંડારમાં મુકાવેલી તથા એમની આજ્ઞાથી ધર્મલક્ષ્મી પ્રવર્તિનીએ લખેલી ગોપાલ ભટ્ટની ' કાવ્યપ્રકાશ' પરની 'વિમર્શિની' ટીકાની પ્રત ૧૫૯૬ની છે. આ રીતે કવિનો જીવનકાળ સમગ્ર સોળમી સદીમાં વિસ્તરતો ગણાય. જોકે 'શૃંગારમંજરી' પોતે લઘુ વયે રચેલી છે એમ જયવંતસૂરિએ કહ્યું છે. ૧૫૩૧માં એ વીસ વર્ષના હોય તો 'શૃંગારમંજરી'ની રચના વેળાએ એમની ઉંમર ૪૭ વર્ષની ઠરે. એથી શત્રુંજયઉદ્ધાર વખતે એ ઉપસ્થિત હોય અને એમની ઉંમર વીસ વર્ષની હોય એ હકીકત શંકાસ્પદ બને છે. 'લઘુ વય' એટલે વીસ-પચીસ વર્ષ એવો જ અર્થ કરીએ તો 'સીમંધરસ્વામી લેખ'નું રચનાવર્ષ ૧૫૪૩ પણ શંકાસ્પદ ઠરે.

કવિને પંડિતપદ મળ્યાનું વર્ષ કનુભાઇ શેઠ (પ્રસ્તા. પૃ. ૧૧) ૧૫૫૮ અનુમાને છે. પરંતુ આ યથાર્થ નથી. એમના અનુમાનના આધારો ભૂલભરેલા છે. એ વર્ષમાં રચાયેલ બે કૃતિઓમાંથી એક 'શૃંગારમંજરી'માં કવિ પોતાને 'પંડિત' તરીકે અને 'નેમિનાથ બારમાસ વેલપ્રબંધ'માં 'સૂરિ' તરીકે ઉલ્લેખે છે તેથી એ વર્ષના અંતમાં કવિને સૂરિપદવી મળી હશે એવું શેઠે અનુમાન કર્યું છે. પરંતુ 'શૃંગારમંજરી' (કડી ૧૭)માં 'જયવંતસૂરિ' એવો ઉલ્લેખ મળે જ છે (જોકે કેટલીક પ્રતોમાં 'જયવંત પંડિત' એવો પાઠ છે) અને 'નેમિનાથ બારમાસ વેલપ્રબંધ'માં રચના સમયનો નિર્દેશ નથી. ડૉ. સાંડેસરાએ ' શૃંગારમંજરી'ને આધારે એ વર્ષ મૂકેલું છે. જેનો શેઠે આધાર લીધો છે. આમ, કવિને સૂરિપદવી મળ્યાનું વર્ષ અનિર્ણીત જ રહે છે.

જયવંતસૂરિ જૈન સાધુકવિ છે. એટલે ધર્મબોધનું તત્ત્વ એમની રચનાઓમાં સ્વાભાવિક રીતે જ આવે. એમની બન્ને રાસકૃતિઓમાં નાયકનાયિકા અંતે દીક્ષા લે છે, નેમિનાથ અને સ્થૂલિભદ્ર વિશેનાં ગીતો અંતે સંયમજીવનની વાત પર આવી ઠરે છે ને રાસકૃતિમાં પ્રસંગોપાત્ત ધર્મબોધ વણાયો છે. પરંતુ કેવળ ધર્મબોધની ને સાંપ્રદાયિક કહી શકાય એવી એમની કૃતિ બહુ થોડી છે-થોડાં ગીતો અને 'બાર ભાવના સજ્ઝાય' માત્ર. તીર્થંકરોને અનુલક્ષીને કરેલી એમની રચનાઓ પણ પ્રબળ પણે ભાવાત્મક છે. ઘણીવાર એ પ્રેમભક્તિની રચનાઓ બની આવી છે, તો 'શૃંગારમંજરી' 'ઋષિદત્તા રાસ' તથા રાજુલ ને કોશાનાં ગીતોમાં સ્નેહરસની જે જમાવટ જોવા મળે છે તે તો અનન્ય છે. 'સ્થૂલિભદ્ર કોશા પ્રેમવિલાસ ફાગ' જેવી કેટલીક કૃતિઓ તો જૈન કથાસંદર્ભને બાદ કરતાં નરી કાવ્યકૃતિ જ છે-એ જૈન સાધુકવિની રચના હોવાની એમાં બીજી કોઇ નિશાની નથી. આ બધામાંથી જયવંતસૂરિની શુદ્ધ કાવ્યદૃષ્ટિ દેખાઇ આવે છે.

જયવંતસૂરિ પંડિત કવિ છે. શાસ્ત્રજ્ઞ, લોકવ્યવહારજ્ઞ અને રસજ્ઞ કવિ છે. એટલે કે જેમણે લોક, શાસ્ત્ર અને કાવ્યનું અવેક્ષણ કર્યું હોય એવા કવિ છે. 'કાવ્યપ્રકાશ'ની ટીકાઓ ભેગી કરવામાં કાવ્યશાસ્ત્રની, દશ સ્મરદશા વિરહદશાની ગણનામાં કામશાસ્ત્ર-રસશાસ્ત્ર, વિવિધ શકુનોનાં ફલ નોંધવામાં શકુનશાસ્ત્રની, દ્વિવ્યસ્તજાતિ, સર્વતોભદ્રજાતિ, વર્ધમાનાક્ષરજાતિ, અપહ્નુતિજાતિ જેવા અનેક સમસ્યાબંધો નામનિર્દેશપૂર્વક પ્રયોજનવામાં સમસ્યાશાસ્ત્રની, સંખ્યાબંધ રાગોના નિર્દેશોમાં સંગીતશાસ્ત્રની-એમ જાતભાતની વિદ્યાઓની કવિની અભિજ્ઞતા દેખાય છે. 'શૃંગારમંજરી'નાં નગરવર્ણન તથા વનકેલિવર્ણનમાં કવિના દૃષ્ટિકેમેરાએ ઝીલેલી લાક્ષણિક માનવચેષ્ટાઓની છબીઓ તેમજ ડહાપણભર્યા સુભાષિતો ને લોકપરિચિત ઉપમાનો એમના સંસારવ્યવહારના બારીક નિરીક્ષણનાં ફળ છે. કવિના કાવ્યપરંપરાના પરિચયની તો શી વાત કરવી ? એ તો પ્રગાઢ છે. ઋતુવર્ણનો શું કે રસનિરૂપણો શું. અલંકારરચનાઓ શું કે ઉક્તિભંગિઓ શું-સર્વત્ર સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યની સુગંધ અનુભવાય છે. 'ઋષિદત્તા રાસ'માં ઋષિદત્તાની પિતાના આશ્રમેથી વિદાય કાલિદાસના 'શાકુન્તલ'માંની શકુન્તલાની વિદાયને યાદ કરાવે છે. અણખિયાં, પનિહાં, બારમાસી વગેરે કાવ્યપ્રકારો, પ્રાસ, ધ્રુવા, પદરચનાનાં વૈચિત્ર્ય-એ બધું

કાવ્યપરંપરા સાથેનું ગાઢ અનુસંધાન બતાવે છે. મધ્યકાળમાં તો વિરલ કહેવાય એવી કવિની સજ્જતા પરખાય છે.

આવા કવિ પોતાની કૃતિઓના વાચક-શ્રોતા પણ કેવા રસજ્ઞ જોઇએ ? એથી જ એ 'શૃંગારમંજરી'ને આરંભે રસજ્ઞ શ્રોતાનો મહિમા કરે છે :-

શાસ્ત્ર કરંતા દોહિલા, દોહિલા વક્તા હોઇ,
તે પહિં શ્રોતા થોડિલા, મહીમંડલિ કો જોઇ. ૧૮
સુજન વિસ્તરઇ સહુ દિસિ, કવીયણ સરસ પ્રબંધ,
સરવર પ્રસવઇ કમલનઇ, સમિર વધારઇ ગંધ. ૧૯

અને મૂર્ખ-અજ્ઞાન શ્રોતાનો તિરસ્કાર કરે છે :

ગાહા ગીય સુમાંણસહ, રસ નવિ જાણ્યા જેણ,
તિણિ મુરખિ નિજ દીહડા, નીંગમીઆ આલેણ. ૩૧

જયવંતસૂરિની બન્ને રાસકૃતિઓની કથા કૌતુકરસિક છે. એમાં કથારસ પણ પર્યાપ્ત માત્રામાં છે-કથારસિયાઓ તૃપ્ત થાય એટલે. પણ જયવંતસૂરિને મન કથારસ એટલો મહત્ત્વનો નથી. કથાગથનમાં કે કથાકથનમાં એમનું વિશિષ્ટ કૌશલ નથી. કથામાં કેટલુંક અછડતું અને અધ્ધર રહી જાય છે, કેટલુક ઉતાવળે ચાલતું જણાય છે, કેટલુંક અસ્વાભાવિક પણ પ્રતીત થાય છે. શીલવતીને રાત્રે બહાર જતી જોઇને એનો ખુલાસો પૂછ્યા વગર અજિતસેન એને કાઢી મૂકવાનો નિર્ણય લઇ લે, ખરું કારણ આપ્યા વિના, તેડાવવાનો પત્ર આવ્યો છે એમ કહી એને પિયર વળાવવામાં આવે અને શીલવતી પતિનું મન ઓળખી જવા છતાં કશો ખુલાસો કર્યા વિના જવા તૈયાર થઇ જાય-આ બધું અસ્વાભાવિક છે. રુખ્મિણિને પરણવા નીકળેલો કનકરથ રસ્તામાં રોકાઇ જાય, ઋષિદત્તાના પ્રેમમાં પડે, એની સાથે લગ્ન કરે, ત્યાં રહે ઋષિદત્તાના પિતા એ દરમિયાન જ અગ્નિપ્રવેશ કરે અને અજિતસેન કાબેરી નગરી ગયા વિના, ત્યાં કશું જણાવ્યા વિના પાછો ફરી જાય એ ઘટનાઓ પણ કંઇક અ-સામાન્ય લાગે છે. લોકવાર્તાઓમાં સ્વાભાવિકતાની, સુસંગતતાની ઝાઝી અપેક્ષા નથી હોતી એ ખરું પણ જયવંતસૂરિ જેવા પંડિત કવિ આ ઘટનાઓને સ્વાભાવિકતા અર્પવા કંઇક કરે એવી અપેક્ષા તો રહે જ- એ કંઇ લાઘવમાં માનતા નથી-પણ એ અપેક્ષા સંતોષાતી નથી. 'શૃંગારમંજરી'માં તો બધે વખતે કથાભાગ ઝડપથી આટોપાઇ જાય છે અને કવિ સુભાષિતવાણીમાં તથા મનોભાવનિરૂપણમાં સરી પડે છે. કથા જાણે એક ખીંટી હોય એવું લાગે છે.

એ નોંધપાત્ર છે કે જયવંતસૂરિની બન્ને રાસકૃતિઓ નાયિકાપ્રધાન છે. કૃતિઓનાં શીર્ષક-'શીલવતી ચરિત્ર' અને ' ઋષિદત્તા રાસ'-માં એ દર્શાવાયું છે અને કથાઓ મૂળભૂતપણે સતીચરિત્રની છે, પણ તે સિવાય કવિએ નાયક કરતાં નાયિકાનાં વ્યક્તિત્વને વધારે પ્રભાવક રીતે આલેખ્યાં છે. આપણા મન પર નાયિકાઓ જ છાઇ રહે છે. એજ વિશેષ ક્રિયાશીલ છે અને એમનો જ વિજય વર્ણવાયો છે નાયકો તો સાધનરૂપ જ હોય એવું લાગે છે.

બન્ને નાયિકાઓનાં વ્યક્તિત્વ વિભિન્ન છે એ હકીકત નજરે ચડ્યા વિના રહે તેવી નથી. શીલવતીમાં વિશિષ્ટ જ્ઞાનની શક્તિ છે-એ પશુપંખીની બોલી સમજે છે, સંસાર ડહાપણ છે-રાજાના સવાલના જવાબ એ પોતાના પતિને આપે છે, બુદ્ધિ-ચાતુર્ય છે- રાજાએ એના શીલની પરીક્ષા કરવા મોકલલા પ્રધાનોને એ યુક્તિપૂર્વક ભોંયરામાં પૂરી દે છે. ઋષિદત્તા કોમળ હૃદયની છે- લોહીમાંસની ગંધ પણ એ સહન કરી શક્તી નથી, ખુલ્લી પાળી જોઇને પણ એને ડર લાગે છે, સરલ અને રાંક સ્વભાવની છે-પોતે નિર્દોષ છતાં આવી પડેલી શિક્ષા, વિનાવિરોધે, કોઇના પ્રત્યે ફરિયાદ વિના, પૂર્વજન્મના કર્મના પરિણામ તરીકે સ્વીકારી લે છે. ઉદાર મનની છે. પોતાના માટે દુઃખનાં ઝાડ ઉગાડનાર રુખ્મિણિને એ પતિના ક્રોધમાંથી બચાવે છે. માફી અપાવે છે અને પતિ પાસે એનો સ્વીકાર કરાવડાવે છે, એનામાં ડહાપણભરી સમજણ અને સમજાવટ છે-કનકરથને એ બે વાર આત્મહત્યા વહોરતો બચાવે છે, ગાઢ વનપ્રીતિ છે-પતિ સાથે જતી વેળાએ એ વૃક્ષવેલીરોપ, પોપટહંસમૃગલીમૃગબાલક તથા વનદેવતાની ભાવભરી વિદાય માગે છે, અને દિવ્ય પવિત્રતા છે-એની સામે દેખીતા પુરાવા હોવાછતાં કનકરથ એને દોષિત માની શક્તો નથી, મુનિવેશે પણ એ કનકરથને પ્રભાવિત કરે છે, એને મારી નાખવાની સુલસાની હિંમત ચાલતી નથી.

બન્ને કૃતિઓની નાયિકાઓની જેમ એના નાયકો પણ વિભિન્ન વ્યક્તિત્વ ધરાવે છે. અજિતસેન શીલવતી પર સહસા શંકા લાવે છે , ત્યારે કનકરથને ઋષિદત્તાની નિર્દોષતાની પ્રતીતિમાંથી કશું ચળાવી શક્તું નથી. અજિતસેનને શીલવતીની નિર્દોષતા જાણવા મળે છે ત્યારે ખૂબ લજ્જા પામે છે. પણ જેની સાથે ગાઢ સ્નેહ હોય તેની સાથે એક વાર તો કલહ કરી એની પરીક્ષા કરવી જોઇએ. અજ્ઞાનપણે જે કર્યું તે દોષ ન કહેવાય એ બચાવો કરે છે. કનકરથ ઋષિદત્તા પર આળ આવે છે ને એને કાઢી મૂકવાની થાય છે ત્યારે પોતે એને બચાવી શકતો નથી એનું ભારે દુઃખ અનુભવે છે અને એના વિયોગના વિચારમાત્રથી આત્મહત્યા કરવા તૈયાર થાય છે તથા રુખ્મિણિ પાસેથી ખરી હકીકત જાણવા મળે છે ત્યારે ફરીને ઊંડો શોક અનુભવે છે અને બળી મરવા તૈયાર થાય છે. કનકરથનો પ્રેમ ઘણો ઊંડો અને સાચો હોવાનું પ્રતીત થાય છે.

'ઋષિદત્તા રાસ'નાં અન્ય પાત્રો પણ પોતાનું કંઈ વિશિષ્ઠ વ્યક્તિત્વ લઇને આવે છે અને એનું સાક્ષાત્કારક નિરૂપણ પણ થયું છે. 'શૃંગાર મંજરી'માં અન્ય પાત્રો કથાઘટના માટેનાં સોગઠાં હોય એમ જ જણાય છે. એકંદર એમ લાગે છે કે ' શૃંગારમંજરી'માં પાત્રાલેખન તરફ કવિનું લક્ષ જ નથી.' ઋષિદત્તા રાસ'માં એમણે પાત્રાલેખનની પોતાની શકિતને મોકળી મૂકી છે.

જયવંતસૂરિની અલંકારરચનાઓ ઔચિત્ય, અનુરૂપતા, સૌંદર્ય-સામર્થ્ય-સૂઝ, નૂતનતા, ચમત્કૃતિ, સંકુલતા અને સરલતા, વિદગ્ધતા અને તળપદાપણું, બહુલતા આદિ ગુણોએ ઓપતી છે. બહુલતા તો એવી કે જયવંતસૂરિને અલંકારકવિ કહેવાનું આપણને મન થાય. 'શૃંગારમંજરી'માં પાતાલસુંદરીના વર્ણનમાં અલંકારોની છોળો ઊડે છે, વિવિધ ઉપમાનોના આશ્રયથી વેણી(કેશપાશ)નું વર્ણન ચાર કડી સુધી, નયનનું દશ કડી સુધી અને સ્તનનું વીસ કડી સુધી વિસ્તરે ! નયન, સ્તન વગેરેની વાત બીજા અંગની વાત સાથે ગૂંથાઈને આવી હોય તે તો જુદી. પચાસ જેટલી કડી સુધી વિસ્તરતા આ વર્ણન માટે પણ કવિ તો એમ કહે છે કે 'વર્ણન કહૂં સંખેવી.' (કડી ૧૫૦૧થી ૧૫૫૦) કવિની વાત એ રીતે સાચી કહેવાય કે ઘણાં અંગો-ઉદર, કટિ, જંઘા, ચરણ વગેરે-ને તો એમને આ વર્ણનમાંથી છોડી દેવાં પડ્યાં છે.

વિશાળ સૃષ્ટિજ્ઞાન અને મૌલિક કલ્પનાબળ ધરાવતા આ કવિએ પરંપરાગત અલંકારરચનાઓ ટાળી નથી. 'ઋષિદત્તા રાસ'માં તો બહુધા પરંપરાગત અલંકારો પાસેથી જ કામ લીધું છે. પરંપરાગત અલંકારચિત્ર પણ અનુરૂપતાથી અને રસસૂઝથી યોજાયેલ હોય ત્યારે મનોરમ જ બની રહે છે. ઉદાહરણ તરીકે, ઋષિદત્તાના વર્ણન (૪, ૧૯-૨૯)માં પરંપરાગત અલંકારો જ જોવા મળે છે-વેણી તે ભુજંગ, આઠમના ચંદ્ર જેવું ભાલ, લોચન વડે મૃગને જીત્યાં, નાસિકા દીપશિખા સમી, આંગળી પરવાળા જેવી, ઉરુ કેળના થંભ જેવાં વગેરે. પણ એ અલંકારોમાં ઉપમા, રૂપક, વ્યતિરેક, ઉત્પ્રેક્ષા વગેરે જુદાજુદા પ્રકારો જોવા મળે છે, અલંકારો કેટલીક વાર વ્યંજિત રૂપે મુકાયા છે ને વર્ણનમાં કેટલીક નિરલંકાર સૌન્દર્યરેખાઓ છે, જે બધું મળીને ઋષિદત્તાનું એક હૃદયહારી પ્રભાવક ચિત્ર સર્જે છે.

અલંકારનું બળ કવિને ઠેરઠેર કામિયાબ નીવડ્યું છે-વર્ણનોમાં, મનોભાવનિરૂપણમાં, સુભાષિતોમાં, બોધવચનોમાં. સુભાષિતો તો દૃષ્ટાંતોથી ઊભરાય છે ને બોધવચનોમાં પણ કેટલીક વાર સમુચિત દૃષ્ટાંતનું સામર્થ્ય ઉમેરાયું છે. જયવંતસૂરિની અલંકાર સજ્જતા અસાધારણ ભાસે છે.

જયવંતસૂરિને સર્વ પ્રકારનાં કવિકૌશલ માટે આકર્ષણ છે અને એમને એના પર પ્રભુત્વ પણ છે. એટલે એમણે શબ્દાલંકારની શોભાનો ઘણીવાર આશ્રય લીધો છે. વર્ણાનુપ્રાસ મધ્યકાલીન કવિતાને સહજ છે એમ જયવંતસૂરિને પણ છે. એના દાખલા તો જોઈએ એટલા આપી શકાય. નવાઈભર્યું એ લાગે છે કે એમણે કડીઓ સુધી એક વર્ણના અનુપ્રાસને લંબાવવાના સ્થૂળ ચાતુર્યમાં પણ રસ લીધો છે

(શૃંગારમંજરી,૧૫૬૧-૬૬).. અલબત્ત આવું ક્વચિત જ થયું છે અને એમાં કોઈ કોઈ શબ્દ અન્ય વર્ણથી આરંભાતા આવવા દઈને આ રીતિને એમણે બાલિશ થઈ જતી બચાવી છે. લંબાયેલો વર્ણાનુપ્રાસ સ્વાભાવિકતાથી સિદ્ધ થયાના પણ દાખલા મળે છે. નારીસૌન્દર્યના વર્ણનમાં 'કઈ કલકંઠી કોમલ કંઠિઈ કાંઇ કામણ કીધું' એ પંક્તિમાં (બારમાસ) દીર્ઘ વર્ણાનુપ્રાસ કેવી સ્વાભાવિકતાથી આવી ગયો છે !

સર્વ કવિકૌશલનું લક્ષ્ય તો છે રસસિદ્ધિ. જયવંતસૂરિ સ્થૂળ કવિકૌશલમાં અટવાઈ ગયા નથી, રસસિદ્ધ તરફ એમનું અવ્યગ્ર લક્ષ રહ્યું છે. એમનો સૌથી પ્રિય રસ છે શૃંગાર. અથવા વધારે સાચી રીતે એને સ્નેહરસ કહેવો જોઈએ, કેમકે એમાં માત્ર સ્ત્રીપુરુષસ્નેહનો જ નહિ, મિત્રસ્નેહ, પિતાપુત્રીસ્નેહ, પ્રકૃતિસ્નેહ ને પ્રભુસ્નેહનો પણ સમાવેશ છે. આમા પણ સંયોગી અવસ્થાના સ્નેહ કરતાં વિયોગી અવસ્થાનો સ્નેહ કવિએ વધારે ગાયો છે. સ્ત્રીપુરુષના સંયોગશૃંગારનું આલેખન વૈરાગ્યધર્મી જૈન સાધુની કલમમાંથી ઝાઝું ન મળે તો એમાં આશ્ચર્ય જેવું નથી.

સાર્થવાહ અને પાતાલસુંદરી જેવાં કામવિવશ પાત્રોનોયે સંયોગશૃંગાર વર્ણવવાની તક કવિએ લીધી નથી, પાતાલસુંદરીનાં મદીલાં અંગોનું વર્ણન કરીને ઇતિશ્રી માની છે. બન્ને કથાકૃતિઓનાં નાયક-નાયિકા તો મર્યાદાયુક્ત શીલધર્મનાં વાહક છે. એમનો કામવિહાર આલેખવાનું કવિએ ઇચ્છ્યું નથી. અજિતસેન શીલવતીની એકાંત પ્રણયક્રીડાનું વર્ણન તો છે પણ એ મધુર, મર્યાદાશીલ વર્ણન છે-ક્યારેક પ્રશ્નપ્રહેલી, ક્યારેક સોગઠાંબાજી ક્યારેક ભાષાવિનોદ, ક્યારેક કરપલ્લવી, ક્યારેક પ્રેમરસે સામાસામું જોઇ રહેવું અને ક્યારેક આલિંગન . (શૃંગારમંજરી, ૭૩૪-૩૭) કનકરથ-ઋષિદત્તાના પ્રણયોપચારોનું આછું ચિત્ર વિરહી કનકરથના વિલાપમાં પૂર્વસ્મૃતિ રૂપે. પરોક્ષભાવે અંકાયુ છે-

સ્નેહરોસઈં તું લેતી અબોલા, તવ હું વ્યાકુલ થાતઉ રે,
વારવાર તુઝ ચરણે લાગી, મીહનતિ કરી મનાવતઉ રે. ૨૨.૭
આ તે નાગરવેલી મંડપ, જિહાં મઈં પાલવિ સાહી રે,
લાજતી નવતન નેહ-સમાગમં, જાતી મુહનઈં વાહી રે. ૨૬.૪

વગેરે

વિરહભાવનાં નિરૂપણોથી તો જયવંતસૂરિની કૃતિઓ છલકાય છે. વિપ્રલંભશૃંગારના બે પ્રકારો છે-એક, અભિલાષનિમિત્તક એટલેકે જેમાં મિલન પૂર્વેની અભિલાષાની સ્થિતિ વર્ણવાઇ હોય. અને બે, વિયોગનિમિત્તક એટલે જેમાં મિલન પછીનાં વિયોગની સ્થિતિ વર્ણવાઇ હોઇ. પ્રભુ પ્રાર્થનાના ઘણાં ગીતો તથા 'સીમંધરસ્વામી લેખ' વગેરે ઘણાં કાવ્યો અભિલાષપ્રીતિને, પ્રભુમિલનની ઝંખનાને વ્યક્ત કરે છે. 'સ્થૂલિભદ્રચંદ્રાયણિ'માં સ્થૂલિભદ્રને જોઇને કોશાના હૃદયમાં પ્રેમ જાગે છે ને એ ઉત્કટ અનંગપીડા અનુભવે છે એનું ચિત્રણ થયેલું છે.

શું અભિલાષનિમિત્તક કે શું વિયોગનિમિત્તક, વિપ્રલંભશૃંગારનું-વિરહસ્નેહનું કવિએ કરેલું સીધું વર્ણન ઓછું છે, બહુધા પાત્રોદ્ગારો દ્વારા જ એને અભિવ્યક્તિ મળી છે. પ્રભુની મિલનઝંખના પ્રેમી ભક્ત-મનના ઉદ્ગારોમાં જ વહે છે, તો ઘણાંબધાં ગીતોમાં તથા સ્થૂલિભદ્ર-કોશા અને નેમિનાથ -રાજિમતી વિશેનાં અન્ય કાવ્યો-બારમાસ, ફાગુ, સ્તવન વગેરેમાં કોશા અને રાજિમતીના વિરહના ઉદ્ગારો જ રજૂ થયા છે. અજિતસેન-શીલવતીને વિયોગની ઘડી આવે છે ત્યારે અને એમની વિયોગવસ્થામાં એમના ઉદ્ગારોથી જ કામ લેવામાં આવ્યું છે તો સાર્થવાહ પાતાલસુંદરીને પરસ્પર થયેલી આસક્તિ, છૂટા પડવાની સ્થિતિ આવતાં થયેલી વ્યથા, રાજાને પણ મિત્ર સાર્થવાહ સ્વદેશ જતાં ઊપજેલો વિષાદ વગેરે સઘળું ઉદ્ગારો રૂપે જ આપણી સમક્ષ આવે છે. આ ઉદ્ગારો મનોમન હોય છે કે પ્રિયતમને, સખીને અથવા ચંદ્ર વગેરેને સંબોધન રૂપે. એમાં દૃષ્ટાંતો, અન્યોક્તિઓ, વ્યંગોક્તિઓ, લોકોક્તિઓ વ્યવહારાનુભવની વાતો, સુભાષિતો વગેરે ગૂંથાય છે અને અભિવ્યક્તિનું અદ્ભૂત વૈવિધ્ય અને અનન્ય માર્મિકતા સિદ્ધ થાય છે. મનોભાવછટાઓ તો સાગરનાં મોજાંની જેમ અવિરતપણે એક પછી બીજી એમ અપરંપરા આવ્યે જાય છે-અભિલાષ આરત, વિક્ષોભ-વિકલતા, દૈન્ય-અપરાધભાવ, ઈર્ષા-અભિમાન, પરિતાપ-પશ્ચાતાપ, પ્રેમદુહહાઈ-પ્રેમભગ્નતા, આશાનિરાશા-પ્રતીક્ષા, પ્રેમપરવશતા-અસહાયતા-અધીરાઇ, રીસ-રોષ, વિનય-અનુનય, પ્રિયજનપ્રશંસા-નિંદા-ઉપાલંભ, તર્ક-તરંગો, સ્મરણ-નિવેદન, ચિંતા-ભય વગેરે વગેરે.

જયવંતસૂરિ સુભાષિતોના ભારે રસિયા છે. 'શૃંગારમંજરી'ને સુભાષિતમંજરી બનાવી દીધી છે એ એનું જ્વલંત ઉદાહરણ છે. પણ કવિ માત્ર સુભાષિતોના રસિયા નથી. એમાં એમની ભારે પ્રવીણતા પણ છે. એમની કૃતિમાં સુભાષિતો કેવળ બોધાત્મક લટકણિયા તરીકે નથી આવતા. એ કૃતિનો જડ નિષ્ક્રિય અંશ નથી હોતો, કાર્યશીલ અંશ હોય છે. એ પ્રસંગમાંથી ફૂટે છે, પાત્રોના મનોભાવ સાથે સંકળાય છે (ઘણીવાર તો પાત્રોદ્ગારો રૂપે આવે છે), જગતના વિશાળ અનુભવના નિચોડરૂપને આપણને ચોટ લગાવે, ચમત્કૃત કરે કે આપણા માટે ભાથું બનીને રહે એવા જાતભાતના, અવનવીન વિચારોનું એ નજરાણું હોય છે તથા સૂત્રાત્મકતા, વાણીની વક્રતા ને વેધકતા તેમજ સરલસહજ છતાં આબાદ રીતે વિચારસમર્થક સાદૃશ્યો ને દૃષ્ટાંતો વડે પ્રભાવક બનેલાં હોય છે. 'શૃંગારમંજરી'માં સ્નેહને કેન્દ્રમાં રાખીને કવિએ કેટલાબધા વિષયો આવરી લીધા છે !-પ્રીતિલક્ષણ, અનુરૂપ સ્ત્રીપુરુષયુગલ, સંયોગપ્રેમ, વિરહપ્રેમ, પ્રીતિભંગ, પ્રીતિને ખાતર પીડાસહન, મૈત્રી, સજ્જનલક્ષણ, સજ્જનપ્રીતિ,સજ્જનસ્મૃતિ, ગુણપ્રીતિ, સજ્જન- દુર્જન- સંબંધ, કુબોલનો પ્રભાવ, લઘુપણાનો મહિમા, ગુરુમહિમા, કાવ્યરસ, પ્રબંધગુણ, ગીત-સંગીતનો મહિમા, રસિક અને મૂર્ખ શ્રોતા, સુકવિવચન, કુકવિવચન વગેરે-એ કવિની અપાર વિચારસમૃદ્ધિ દર્શાવે છે.

કવિ જે કંઇ સિદ્ધ કરે છે તે છેવટે ભાષા દ્વારા જ સિદ્ધ કરે છે ને ? તેથી જ ભાષાસજ્ઞ ને ભાષાસમર્થ ન હોય અને કવિ હોય એ બને શી રીતે ? પણ ભાષાસજ્ઞતા અને ભાષાસામર્થ્ય જુદાજુદા પ્રકારનાં હોય છે, જુદીજુદી કોટિનાં હોય છે, ભાષાના અનેક પહેલુઓમાંથી એક યા બીજાનો ઉપયોગ કરનારાં હોય છે. જયવંતસૂરિના ભાષાવિનિયોગનાં પણ કેટલાંક લક્ષણો તારવી શકાય. એક તો, એ વિવિધ ભાષાભેદોને ઔચિત્યથી, કાર્યક્ષમતાથી, સહજપણે પ્રયોજે છે. એમનામાં સંસ્કૃત તત્સમ શબ્દોને સમાસરચનાઓ જડે છે, જે પ્રશિષ્ટતાની, શ્લિલિષ્ટતાનની, ગૌરવની અને પ્રૌઢિની આબોહવા ઊભી કરે છે. આપણે પ્રાચીન કાવ્યપરંપરાનું અનુસંધાન અનુભવીએ છીએ અને માણીએ છીએ. પ્રાકૃત ભાષાના પ્રયોગો એમાં થોડી જુદી સુગંધ પૂરે છે. વર્ણનોમાં આલંકારિક ચિત્રણોમાં, શ્લેષ, યમક જેવા શબ્દાલંકારોમાં કવિની આ ભાષાસજ્ઞતાનું ઘણું અર્પણ છે. પણ સાથે જ તળપદી બોલાતી ગુજરાતી ભાષા પણ કવિને એટલી જ હાથવગી છે. સુભાષિતો, પાત્રોદ્ગારો વગેરેમાં એનું પ્રવર્તન જોઇ શકાય છે. એનાથી કાવ્યમાં સ્ફૂર્તિ, તાજગી અને આત્મીયતાનો અનુભવ આપણે કરીએ છીએ. પ્રસંગે વજહિન્દીનો પ્રયોગ પણ કવિ કરે છે. સુલસા યોગિનીએ નગરમાં વર્તાવેલા ઉત્પાતનું વર્ણન વજહિંદીની ભાષાછટામાં થયું છે તે કેટલું ઔચિત્યપૂર્ણ અને અસરકારક લાગે છે!- કેટલાંક પદો હિંદીમાં જ રચાયેલાં છે ને હિંદીનાં છાંટણાં તો કવિની ગુજરાતી કૃતિઓમાં અવારનવાર મળે છે. ઉર્દુ-ફારસી શબ્દો પણ એના વિશિષ્ટ રણકા સાથે અવારનવાર મળે છે.

કાવ્યકલાનાં સર્વ અંગોમાં અનુપમ કૌશલ દર્શાવતા જયવંતસૂરિ મધ્યકાળમાં વિરલ એવા પંડિત, રસજ્ઞ, સર્જક કવિ છે. એમની કાવ્યસૃષ્ટિ આજે પણ કાવ્યરસિકોને પરમ હૃદ્ય બને એવી છે. ❑❑❑

## વિદ્યાર્થીઓ માટે ગીત-સંગીતના વર્ગો

સંઘના ઉપક્રમે ઉનાળાની રજાઓ દરમિયાન શનિવાર, તા. ૧૭મી એપ્રિલ, ૧૯૯૩થી શનિવાર, તા. ૧૨મી જૂન, ૧૯૯૩ સુધી દર શનિવારે બપોરના ૩-૦૦ થી ૫-૦૦ સુધીમાં આઠ વર્ષથી પંદર વર્ષ સુધીનાં વિદ્યાર્થીઓ માટે ગીત-સંગીતના વર્ગો યોજવામાં આવનાર છે. આ વર્ગોનું સંચાલન કુ. જ્યોતિબહેન પારેખ સંભાળશે. જે વિદ્યાર્થી ભાઇ-બહેનો આ વર્ગોમાં જોડાવા ઇચ્છતા હોય તેમણે પોતાના નામ રૂા. ૧૫-૦૦ ભરીને સંઘના કાર્યાલયમાં નોંધાવવા વિનંતી છે. વર્ગ માટે કોઇ ફી રાખવામાં આવી નથી, પરંતુ હાજરી નિયમિત આપવાની રહેશે.

બંસરીબહેન પારેખ
સંયોજક

નિરુબહેન એસ. શાહ,
પ્રવીણચંદ્ર કે. શાહ -મંત્રીઓ

વર્ષ : ૪ ● અંક : ૩ ● તા. ૧૬-૩-૧૯૯૩ ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## લેખન-પઠન, ઉચ્ચારણ-શ્રવણ

લખ્યા વગર અને વાંચ્યા વગર કોઇ વ્યક્તિ યુનિવર્સિટીની ગ્રેજ્યુએટ થઇ શકે ખરી ? આ પ્રશ્ન ઉખાણા જેવો હોય તો કોઇક કહે કે 'હા; અંધ વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા તથા પરીક્ષા માટે 'રાઇટર' અને 'રીડર' રાખીને, જાતે કશું વાંચ્યા કે લખ્યા વગર દુનિયાની કોઇ પણ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થઇ શકે છે.' મુંબઇ, ગુજરાત કે દિલ્હી યુનિવર્સિટીના કેટલાય અંધ વિદ્યાર્થીઓ એના ઉદાહરણ રૂપ છે. અહીં એવા વિદ્યાર્થીઓની વાત નથી. અહીં તો એવા વિદ્યાર્થીની વાત છે કે જેઓ દેખતા છે.' જેઓને સારું લખતાં-વાંચતાં આવડે છે અને છતાં જેઓ પોતાના અભ્યાસક્રમ વિશે જાતે કશું વાંચ્યા કે લખ્યા વગર યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ થઇ શકે છે.

અમેરિકા અને બીજા કેટલાક દેશોમાં એવા ટી. વી. વીડિયો કોર્સ ચાલુ થયા છે કે જેમાં વિદ્યાર્થીઓને લખવા-વાંચવાની કંઇ જરૂર રહેતી નથી. વિશેષતઃ મોટી ઉંમરની નોકરી કરતી વ્યક્તિઓ માટે યુનિવર્સિટી જાહેરખબરો આપે છે કે 'તમે ટી. વી. જુઓ અને ગ્રેજ્યુએટ થાવ.' યુનિવર્સિટીઓ પોતાના જુદા જુદા કોર્સની ડિગ્રી માટે એવી વ્યવસ્થા કરે છે કે રાતના આઠ-નવ વાગ્યાથી બાર વાગ્યા સુધી અને સવારના ચાર-પાંચ વાગ્યાથી સાત વાગ્યા સુધી ટી. વી. ઉપર પોતાની યુનિવર્સિટીમાં ચાલેલા તે તે વિષયના પોતાના વર્ગના આખા પિરિયડનું સંપૂર્ણ વીડિયોરેકોર્ડિંગ બતાવે છે. ઘરે રહીને અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને માટે ફી ભરીને યુનિવર્સિટીમાં પોતાનું નામ નોંધાવવાનું હોય છે. એવા વિદ્યાર્થીઓને કેબલ ટી. વી. દ્વારા એમના ઘરે અમુક જુદી ચેનલ ઉપર યુનિવર્સિટીના એ વર્ગનું રેકોર્ડીંગ જોવા મળે છે. ફક્ત ફી ભરનારને જ આ કેબલ ટી. વી.નું જોડાણ મળે છે. મોટી ઉંમરના વિદ્યાર્થીઓ નોકરી કરનાર હોવાથી એ કાર્યક્રમોનું પ્રસારણ રાતને વખતે, કરવામાં આવે છે. તેનું ટાઇમટેબલ અગાઉથી વિદ્યાર્થીને મળી જાય છે. વિદ્યાર્થી કામમાં હોય કે સૂતા હોય તો પોતે તે વર્ગના કાર્યક્રમનું ટી. વી. ઉપરથી ( ટાઇમર મૂકીને) વીડિયો રેકોર્ડિંગ કરી શકે છે અને ઇચ્છા મુજબ પછીથી તે જોઇ શકે છે. કોઇ રેકોર્ડિંગ રહી ગયું હોય તો યુનિવર્સિટીને ફોન કરીને તેની વધારાની ફી ભરીને તે રેકોર્ડિંગ ફરીથી મેળવી શકાય છે. કોર્સ અંગે વિદ્યાર્થીને કંઇ પૂછવું હોય તો તે વિષયના પ્રોફેસરને ટેલિફોન નંબર મફત (Toll-Free) જોડીને પૂછી શકાય છે. કોર્સ પૂરો થયા પછી વિદ્યાર્થીની પૂરેપૂરી તૈયારી થઇ ગઇ હોય ત્યારે નિશ્ચિત સમયે મૌખિક પરીક્ષા લેવાય છે અને સંતોષકારક જવાબો હોય તો તેને ડિગ્રી આપવામાં આવે છે. (અલબત્ત કોઇને લેખિત સામગ્રી જોઇતી હોય અને લેખિત પરીક્ષા આપવી હોય તો તેની છૂટ હોય જ છે.) આ કોઇ કાલ્પનિક વાત નથી, પણ સત્ય હકીકત છે. શિક્ષણના ક્ષેત્રે કેવી પ્રગતિ થતી જાય છે તે આ ઉદાહરણ ઉપરથી જોઇ શકાય છે.

લેખન-પઠન વિના સ્નાતક થવાનું તો પ્રાચીન કાળમાં ભારતમાં પણ પ્રચલિત હતું. જ્યારે લખવા વાંચવાનાં સાધનો નહોતાં ત્યારે ગુરુના આશ્રમમાં રહીને ગુરુ જે વિદ્યાઓ મૌખિક રીતે શીખવે તે શીખીને વિદ્યાર્થી મૌખિક પરીક્ષા આપીને સ્નાતક થઇ શકતો. કેટલાક વિષયો સારી રીતે યાદ રહી જાય એટલા માટે તો ઘણાંખરાં શાસ્ત્રો શ્લોકબદ્ધ રહેતાં. ભારતીય સંસ્કૃતિના વિકાસમાં પ્રાચીન શ્રુત પરંપરાએ ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે. 'શ્રુતિ', 'સ્મૃતિ' જેવા શબ્દો જ એ દર્શાવવાને માટે પર્યાપ્ત છે.

ભાષાવૈજ્ઞાનિકો માને છે કે મનુષ્ય જ્યારે જંગલી દશામાં પ્રાકૃતિક અવસ્થામાં હતો ત્યારે એની પાસે ભાષા નહોતી. ક્રમે ક્રમે જુદા જુદા ધ્વનિઓના ઉચ્ચારણ દ્વારા સાંકેતિક ભાષા પ્રચલિત થઇ અને વખત જતાં તે ભાષા સ્વરૂપે વિકાસ પામી. ભાષાના ઉચ્ચારણ પછી લખવા માટે લિપિ તો ઘણી મોડી ઉદ્ભવી.

બાળક પહેલાં બોલતાં શીખે છે અને પછી લખતાં શીખે છે. પોતે જે બોલે છે તે પ્રમાણે લખાય છે અથવા જેવું લખ્યું છે તેવું બરાબર વાંચી શકે છે એવું જ્યારે તે જાણે છે ત્યારે તેના આનંદનો પાર રહેતો નથી. કેટલી વાર લખવાનું શીખ્યા પછી બાળકના ઉચ્ચારોમાં પણ શુદ્ધિ આવે છે. લેખન વાંચનનું મહત્ત્વ એ દૃષ્ટિએ કેટલું બધું છે તે જોઇ શકાય છે.

અલબત્ત, સામાન્ય પ્રકારનું જીવન જીવવા માટે લેખન-વાંચનની કશી અનિવાર્યતા નથી. દુનિયામાં હજુ કેટલીય આદિવાસી જાતિઓ છે જે જાતિઓનાં લોકોમાં લખવા-વાંચવાની પ્રથા નથી. એમની પાસે ભાષા છે, પણ લિપિ નથી. છતાં એમનો જીવન વ્યવહાર સરળતાથી ચાલે છે. રેડિયો ટી. વી. ના આગમન પહેલાં પણ ઘણા સુધરેલા દેશોમાં પણ ખેતી, મજૂરી વગેરે વ્યવસાયો કરનારા લોકો દિવસોના દિવસો સુધી લખવા-વાંચવાની પ્રવૃત્તિ વિના જીવન-વ્યવહાર આનંદપૂર્વક પસાર કરી શકતા હતા.

કેટલાક લોકો માને છે કે જીવનની સફળતા એ સૌથી મહત્ત્વની વસ્તુ છે. ભાષાની શ્રેષ્ઠતા હોય અને છતાં જીવનની નિષ્ફળતા હોય તેના કરતાં ભાષાની નિષ્ફળતા અને જીવનની સફળતા હોય એ વધુ પસંદ કરવા યોગ્ય છે. એક સંસ્કૃત સુભાષિતકારે તો કહ્યું છે-भाषा रंडायाःकिम् प्रयोजनम् ? કવિ અખાએ પણ કહ્યું છે કે 'ભાષાને શું વળગે ભૂર (મૂર્ખ) ? જે રણમાં જીતે શૂર.' આવી રીતે ભાષાના માધ્યમને ઉતારી પાડવાના પ્રયાસો પણ થયા છે . તો બીજી બાજુ અધ્યાત્મની ઊંડી અનુભૂતિના ક્ષેત્રમાં પણ મૌનનું મહત્ત્વ અને વૈખરી વાણીની નિરર્થકતા દર્શાવાઇ છે.

આમ ભાષાનું લેખન-પઠન સામાન્ય જીવન વ્યવહારમાં એક ગૌણ માધ્યમ ગણાય છે. એ ન હોય તો પણ પોતાના જીવન વ્યવહારમાં કશી મુશ્કેલી નડતી નથી.

જૈન ધર્મ પ્રમાણે ભગવાન ઋષભદેવે જંગલી દશામાં રહેતા લોકોને જીવન-વ્યવસ્થા શીખવી. અસિ, મસિ અને કૃષિ એમ ત્રણ વિદ્યાઓ ભગવાન ઋષભદેવે લોકોને શીખવી. એમાં અસિ એટલે તલવાર એટલે કે સ્વરક્ષણ કરવાનું શીખવ્યું. મસિ એટલે શાહી એટલે કે ભાષાજ્ઞાન શીખવ્યું અને કૃષિ એટલે ખેતી. ભગવાન ઋષભદેવે પોતાની બે પુત્રીઓમાંથી બ્રાહ્મીને લિપિ શીખવી. અને સુંદરીને અંક- ગણિત શીખવ્યું. આથી જ દુનિયાની જૂનામાં જૂની લિપિ તે બ્રાહ્મી લિપિ ગણાય છે. એમાંથી વખત જતાં દેવનાગરી લિપિનો વિકાસ થયો.

લોકોને લખતાં અને વાંચતાં આવડ્યું હતું છતાં પ્રાચીન ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં શ્રવણશક્તિ અને સ્મરણશક્તિ ઉપર વધુ ભાર મૂકવામાં આવતો હતો. વેદો, ઉપનિષદો, આગમો, ત્રિપિટકો જેવા શાસ્ત્ર ગ્રંથો શ્રુત પરંપરાથી સૈકાઓ સુધી ચાલ્યા આવ્યા. ગુરુ પોતાના શિષ્યને ઉચ્ચાર શુદ્ધિ અને આરોહ અવરોહ સાથે ગાથાઓ કંઠસ્થ કરાવે અને એ રીતે શાસ્ત્ર ગ્રંથો કંઠાગ્રે રહેતા. હજારો નહિ બલકે લાખો ગાથાઓ ધુરંધર પંડિતોને કંઠસ્થ રહેતી. 'વિદ્યા પાઠે અને ગરથ ગાંઠે' એવી લોકોક્તિ

પ્રચલિત થઇ તે આ રીતે શ્લોકો વગેરે કંઠસ્થ કરવાની આવી શક્તિના મહિમા માટે થયેલી હતી.

મનુષ્યના પરસ્પરના વ્યવહારનું સાધન છે ભાષા. પોતાના મનની વાતની અભિવ્યક્તિમાટે માધ્યમની જરૂર પડે છે. ઈંગિત-અભિનય ઉપરાંત ધ્વનિઓના ઉચ્ચારણમાંથી ભાષાનો વિકાસ થયો. ભાષાની સાથે લિપિનો, લેખન-પઠનની કલા-પદ્ધતિનો ઉદ્ભવ અને વિકાસ થયો. ઉચ્ચારણ-શ્રવણની સાથે લેખન-પઠન ઉમેરાતાં ભાષાવ્યવહારનું ક્ષેત્ર અસીમિત બની ગયું.

અન્ય પ્રાણીઓ કરતાં મનુષ્યના ઉચ્ચારણ અવયવો અને સ્વરતંત્રીઓ વધુ વિકસિત હોવાને કારણે મનુષ્ય પાસે ઉચ્ચારણ-ધ્વનિઓનું વૈવિધ્ય છે અને સાંકેતિક ધ્વનિઓના વિભિન્ન પ્રકારના સંમિશ્રણ દ્વારા શબ્દોનું-ભાષાનું વૈવિધ્ય છે.

કંઠ અને જિહ્વા દ્વારા ઉચ્ચારેલા શબ્દોનું શ્રવણેન્દ્રિય દ્વારા બીજાના ચિત્તમાં સંક્રમણ થાય છે. ભાષાના માધ્યમ દ્વારા વિચારના સંક્રમણ માટે બોલનાર અને સાંભળનાર એમ ઉભય પક્ષે મળીને બે ઇન્દ્રિયોનો ઉપયોગ થાય છે અને બંને વ્યક્તિની સહોપસ્થિતિ અપેક્ષિત રહે છે. પરંતુ માનવજાતે લિપિનું માધ્યમ વિકસાવ્યું કે જેથી એકના ચિત્તમાંથી નીકળેલા શબ્દો સ્થળ અને કાળનું અંતર ભેદીને લિપિ દ્વારા બીજાની પાસે જઇ શકે છે. રામાયણ, મહાભારત તથા કાલિદાસ, હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય વગેરેના ગ્રંથો લિપિ દ્વારા આપણને ઉપલબ્ધ થયા છે. આવી રીતે વિચારસંક્રમણ થવા માટે ઉભય પક્ષે ફક્ત એક જ ઇન્દ્રિયની-ચક્ષુરિન્દ્રયની જરૂર રહે છે. જ્યાં રસેન્દ્રિય અને શ્રવણેન્દ્રિય દ્વારા, ભાષાના માધ્યમ દ્વારા વિચાર સંક્રમણ થાય છે ત્યાં ઉભયપક્ષે અંધ વ્યક્તિઓ વચ્ચે પણ વ્યવહાર થઇ શકે છે. જ્યાં લિપિ દ્વારા વિચાર સંક્રમણ થાય છે ત્યાં મૂંગી અને બહેરી વ્યક્તિઓ વચ્ચે પણ વ્યવહાર થઇ શકે છે. સ્થળ કાળનું અંતર ભેદવા માટે લિપિ કાર્ય કરે છે. હવે રેડિયો ટી. વી. અને રેકોર્ડિંગની શોધ થતાં તે દ્વારા બોલાયેલી ભાષા સ્થળ કાળનું અંતર વટાવી શકે છે. ન્યૂયોર્કમાં થતું કોઇનું ભાષણ કે ગીત-સંગીત લંડન કે ટોક્યોમાં બેઠેલા માણસો તરત સાંભળી શકે છે. અથવા ઓડિયો- વીડિયો રેકોર્ડિંગ દ્વારા પચીસ-પચાસ વર્ષ પછી પણ તે સાંભળી શકાય છે. લિપિ અને ધ્વનિ-મુદ્રાંકન એ બંને માધ્યમોની ઉપલબ્ધિથી માનવજાત માટે ભાષાનું ક્ષેત્ર અત્યંત વિશાળ બની ગયું છે. અનેક પ્રકારની નવી નવી શક્યતાઓ-ક્ષમતાઓ ઊભી થવા લાગી છે. ભાષાની ક્ષિતિજો ઘણી વિસ્તાર પામવા લાગી છે. (એના દુરુપયોગનો અવકાશ પણ વધવા લાગ્યો છે.)

ટી. વી. ના આગમન-આક્રમણ પછી આખી દુનિયામાં સારા સારા લોકોની પણ વાંચવાની ટેવ ઓછી થતી જાય છે. એને લીધે લેખન ઉપરનું પ્રભુત્વ ઓછું થતું જાય છે. ટી. વી. તથા વીડિયોને લીધે સરેરાશ માણસની જાણકારી વધતી જાય છે, દૂર દૂરનાં દૃશ્યો , બનતી ઘટનાઓ ઘેર બેઠાં પ્રત્યક્ષ જોવા મળે છે: મનોરંજન આંગળીને ટેરવે સુલભ બની ગયું છે. પરંતુ વાંચવા માટે અવકાશ અને વૃત્તિ ઓછાં થતાં જાય છે. એક લેખકે કહ્યું છે People in general do not willingly read, if they can have anything else to amuse them.

ચક્ષુરિન્દ્રિય કરતાં શ્રવણેન્દ્રિયને થાક ઓછો લાગે છે. લખવા-વાંચવાનું કામ માણસ બહું લાંબો વખત કરી શકતો નથી. કેટલાકને તો લખવા-વાંચવાને કારણે માથું પણ દુઃખવા આવે છે, કેટલાકને સતત લેખન વાંચનને કારણે ગરદનના મણકાની તકલીફ પણ થાય છે. કેટલાક લેખકોને સતત લખવાને કારણે Writers cramp થાય છે. લખતાં હાથ ધ્રૂજે છે. શ્રવણેન્દ્રિય દ્વારા પોતાનો વ્યવહાર ચલાવનારાઓને આવી કોઇ તકલીફ થતી નથી. કેટલાક એવા લોકો તો કશુંક જાણવા-માણવા માટે વાંચતા નથી, પણ ઊંઘ લાવવા માટે વાંચે છે. ચેસ્ટર્ટને કહ્યું છે 'There is a great deal of difference between the eager man who wants to read a book and the tired man who wants a book to read.'

કેટલાક લોકો નાનપણમાં જો ભણ્યા ન હોય તો પછી મોટી ઉંમરે એમને ભણવાનો કંટાળો આવે છે. ટી. વી. ના આગમન પછી તો એવી કેટલીય વ્યક્તિઓને લખવા વાંચવાની કશી અનિવાર્યતા જણાતી નથી. કેટલાંક વર્ષ પહેલાં ન્યૂઝીલેન્ડમાં એક ગુજરાતી ભાઇને ત્યાં મારો ઉતારો હતો. હું એમને ઓળખતો ન હતો, પરંતુ ફિજીથી ન્યૂઝીલેન્ડ જતી વખતે એક મિત્ર દ્વારા તેમને ત્યાં ઊતરવાનું નક્કી થયું હતું. એમણે મારી ઘણી સારી આગતા સ્વાગતા કરી. ચારેક દિવસ એમને ત્યાં મહેમાન તરીકે રહીને મુંબઇ પાછો ફરતો હતો. એ વખતે મેં એમને કહ્યું કે 'હવે મુંબઇ પહોંચીને હું આપને પત્ર લખીશ અને આપ પણ મને જરૂર અનુકૂળતાએ પત્ર લખતા રહેશો તો ગમશે.' એમણે કહ્યું, 'રમણભાઇ, સાચું કહું, તમે મને પત્ર લખતા નહિ. અને હું પણ તમને પત્ર લખવાનો નથી.' એમના આવા જવાબથી મને આશ્ચર્ય થયું. મેં કહ્યું, 'તમે અહીં જન્મેલા છો, એટલે કદાચ ગુજરાતીમાં પત્ર વાંચતાં ન આવડે તો હું તમને અંગ્રેજીમાં પત્ર લખીશ. તમારી અંગ્રેજી ભાષા પણ ઘણી સરસ છે.' તેમણે કહ્યું કે 'અમે ઘરમાં ગુજરાતી બોલીએ છીએ અને અંગ્રેજી પણ બોલીએ છીએ, પણ મને ગુજરાતીમાં કે અંગ્રેજીમાં લખતાં વાંચતાં આવડતું નથી. અમે મૂળ નવસારી બાજુના ખેડૂત લોકો. અહીં આવીને કશું ભણ્યા નથી. પરંતુ ધંધો કરીને સારું કમાયા છીએ.' મેં પૂછયું, 'તમારા વ્યવસાયમાં તમને એથી કંઇ મુશ્કેલી પડતી નથી ? તમે અંગ્રેજી ભાષા તો બહુ સરસ બોલો છો, પણ તમને લખતાં વાંચતાં બિલકુલ નથી આવડતું એ જાણીને મને આશ્ચર્ય થાય છે.' એમણે કહ્યું, કે ' અત્યારે સુધીમાં મેં ત્રણ-ચાર નોકરી બદલી છે, પરંતુ હું એવી નોકરી પસંદ કરું છું કે જેમાં બોલવાનું અને કામ કરવાનું હોય, પણ કંઇ લખવાનું ન હોય. એ માટે હું પહેલેથી સ્પષ્ટતા કરી દઉં છું.' એટલે મને કોઇ મુશ્કેલી નડતી નથી. અહીંના લોકો સાથે અમે બધે જ સારી રીતે હળીમળી શકીએ છીએ. ટી. વી. જોઇએ છીએ. બધું જ સમજાય છે. માત્ર આ લખવાની કડાકૂટમાં હું પડ્યો નથી. મારા જેવા બીજા પણ અહીં કેટલાક ગુજરાતીઓ છે. પરંતુ અમને ક્યારેય લખતાં વાંચતા નથી આવડ્યું અને એની ઊણપ જણાઇ નથી.

સમૃદ્ધ દેશોમાં ટી. વી. ઉપર ઘણી બધી ચેનલો હોય છે અને મનપસંદ કાર્યક્રમ ધારીએ ત્યારે જોઇ શકાય છે. ટી. વી.ના કાર્યક્રમો ન જોવા હોય તો ઇચ્છ મુજબ જુદા જુદા વિષયની વીડિયો ફિલ્મ ખરીદીને, ભાડે લાવીને કે લાયબ્રેરીમાંથી મેળવીને પણ જોઇ શકાય છે. એને લીધે દુનિયભરમાં, વિશેષતઃ મોટા શહેરોમાં લોકોની અને ખાસ કરીને વિદ્યાર્થીઓની વાંચનની ટેવ ઓછી થતી જાય છે. શૈક્ષણિક જગતની આ એક મોટી સમસ્યા છે. અલબત્ત, ગઇ પેઢી કરતાં વર્તમાન પેઢીના વિદ્યાર્થીઓ વધુ સુસજ્જ થવા લાગ્યાં છે. નવાં નવાં શૈક્ષણિક સાધનો વધ્યાં છે અને તેનો લાભ અસાધારણ દેખાય છે. પરંતુ લેખન- વાંચનની બાબતમાં શિક્ષણશાસ્ત્રીઓ ચિંતાતુર રહે છે.

ધનાઢ્ય દેશોમાં રજાઓમાં શાળાના કેટલાયે વિદ્યાર્થીઓને હવે વાંચવું ગમતું નથી એવું પશ્ચિમના કેટલાંક નિરીક્ષકોનું માનવું છે. એ માટે હવે સર્વેક્ષણ, અભ્યાસ અને સંશોધન પણ થવા લાગ્યાં છે. બાલ-મનોવૈજ્ઞાનિકોનો પણ એવો જ મત છે. તેઓનું નિરીક્ષણ છે કે બે-ત્રણ મહિનાની ઉનાળાની રજાઓ પછી બાળક જ્યારે શાળામાં ફરી નવા વર્ગમાં આવે છે ત્યારે તેની વાંચવાની ઝડપ ઘટી ગયેલી હોય છે. કેટલાય શબ્દોની જોડણીમાં તે ભૂલ કરવા લાગે છે. આથી જ કેટલાક શિક્ષકો મા બાપને એવી ભલામણ કરે છે કે ઉનાળાની રજાઓ દરમિયાન વખતોવખત થોડું થોડું લખવા વાંચવાની ટેવ પોતાનાં બાળકોને પાડતા રહેવું જોઇએ ટી. વી. વીડિયો તથા કોમ્પ્યૂટર તથા તેની રમતોનો લાભ ઘણો મળતો હોવા છતાં વિદ્યાર્થીઓની આ શક્તિને કુંઠિત થવા દેવી ન જોઇએ.

વાંચન એ પણ એક કલા છે. કેટલાક લોકોની વાંચનની શક્તિ ગજબની હોય છે. કેટલાક મંદબુદ્ધિવાળા લોકો એકનું એક લખાણ ત્રણ ચાર વાર વાંચે તો પણ તે તેમને સમજાતું નથી. કેટલાક લોકોને પ્રથમ વાચને જ બધું જ સ્પષ્ટ સમજાઇ જાય છે. ગ્રહણશક્તિની સાથે સ્મરણ- શક્તિ પણ સારી હોય તો વાંચેલું યાદ પણ રહી જાય છે. ભૂતકાળમાં કેટલીય એવી વ્યક્તિઓ થઇ ગઇ કે જેઓ રોજના સો બસો કે તેથી વધારે શ્લોકો કંઠસ્થ કરી શકતા. કેટલાકની ગ્રહણશક્તિ એટલી સારી હોય છે કે તેઓને આખું વાક્ય શબ્દશઃ વાંચવાની જરૂર નથી હોતી. તેઓ વચ્ચેના શબ્દો વાંચતાં જ આખા વાક્યનો ભાવાર્થ સમજી જાય છે. કેટલાક તો વાક્યો વાંચવાને બદલે આખી કંડિકા ઉપર નજર ફેરવીને વક્તવ્ય ગ્રહણ કરી લે છે. સ્વામી વિવેકાનંદ કહેતા કે I don't read by sentences, I read by paragraphs' તેમનામાં આવી વિશિષ્ટ ગ્રહણશક્તિ હતી.

જૈનધર્મ પ્રમાણે પદાનુસારી લબ્ધિ એક એવા પ્રકારની શક્તિ છે કે થોડાં પદ એટલે કે શબ્દ વાંચતાં જ બાકીનાં પદોમાં, વાક્યોમાં કે કંડિકાઓમાં લખનારને શું કહેવું છે તેનું તાત્પર્ય સ્પષ્ટપણે તરત સમજાઇ જાય. વસ્તુતઃ તેઓ કંડિકા વાંચે છે એમ કહેવા કરતાં લેખકના ચિત્તમાં રહેલા આશયને વાંચી લે છે. વાચન-કલાનો આ એક ઊંચો આદર્શ છે. એ કોઇ સાધનાના રૂપમાં રહેલો છે. જૈન ધર્મ પ્રમાણે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી આવી લબ્ધિ પ્રગટ થાય છે. ગૌતમસ્વામી, વજ્રસ્વામી વગેરેમાં આવી લબ્ધિ હતી.

લેખનકલાના વિકાસ પછી શ્રુતિ પરંપરા કરતાં વધુ સાહિત્ય લખાવા અને સચવાવા લાગ્યું. મુદ્રણકલાની શોધ પછી તો રોજેરોજ એટલું બધું લખાણ દુનિયામાં છપાઇ રહ્યું છે કે જેમાંથી તો એંસી-નેવું ટકા જેટલું ક્ષણજીવી થવા માટે જ નિર્માયું હોય છે. જેટલું પ્રકાશિત થાય છે તેટલું બધું જ વાંચી શકાય નહિ, વાંચવા જેવું હોતું નથી. એક લેખકે કહ્યું છે કે A

Learned fool is one who has read everything and remembered it.

જે માણસોને સતત વાંચનનો મહાવરો હોય એવા કેટલાંક માણસોને અતિ વિશાળ વાંચનને કારણે ઉત્તરાવસ્થામાં કોઇ પણ ગ્રંથનું બધું જ લખાણ ક્રમાનુસાર વાંચવાની જરૂર રહેતી નથી કે તેવી વૃત્તિ થતી નથી. કેટલીકવાર તો ગ્રંથ લેખક કરતાં તેઓ વિશેષ જાણતા હોય છે. વળી ઉમરના વધવા સાથે રસના વિષયો પણ બદલાતા જતા હોય છે. મુ. શ્રી સ્વ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને જ્યારે મળવા જતો ત્યારે તેઓ કહેતા કે હું હવે જૈન સાધુઓની ગોચરીની જેમ પુસ્તકો વાંચુ છું.' એમની આસપાસ પાંચ-પંદર પુસ્તકો પડ્યાં હોય. તેમાંથી જે સમયે જે ઇચ્છા થાય તે પુસ્તકમાંથી ગમે તે પાનું ઉઘાડીને તેઓ નજર ફેરવવા લાગતા. તેમાંથી કંઇ નવું જાણવા મળે અને રસ પડે તો વાંચે, નહિ તો પાનાં ઉથલાવે. મુ. સ્વ. બચુભાઇ રાવતે મને એક વખત કહ્યું હતું કે 'યુવાનીના વર્ષોમાં ગ્રંથો હું વ્યવસ્થિત અભ્યાસની દૃષ્ટિથી વાંચી જતો, પરંતુ હવે ગ્રંથો ઘણા આવે છે અને સમય ઓછો રહે છે. એટલે હવે હું ગ્રંથોનું માત્ર Browsing-ઉપર ઉપરથી આકલન-કરી લઉં છું. આમછતાં કોઇ ગ્રંથમાંથી મેં કશું ગુમાવ્યું હોય એવું ક્યારેય મને લાગ્યું નથી.' પશ્ચિમના કોઈક લેખકે પણ કહ્યું છે કે Desultory reading has always been my great pleasure.

જેમ કેલ્ક્યુલેટરની શોધ થયા પછી એના રાત દિવસ નિયમિત વપરાશને કારણે માણસની મોંઢે હિસાબ કરવાની શક્તિ ઓછી થઇ ગઇ છે, તેમ હવે કોમ્પ્યૂટરની શોધ પછી જાતે લખવાની માણસની શક્તિ ઓછી થતી જશે. કોમ્પ્યૂટર પોતે વાપરનારની વ્યાકરણ અને જોડણીની ભૂલો પણ સુધારી શકે છે Grammar Checker તથા Spell- Checkerની મદદથી કોમ્પ્યૂટર દ્વારા લખાણ આપણી પાસે આવે છે ત્યારે એ ભાષાશુદ્ધિ સાથે આવે છે. પરંતુ એનો અર્થ એવો નથી કે દરેક વાપરનારની પોતાની એટલી ભાષાશુદ્ધિ હશે જ. ભાષાના શ્રવણ વ્યવહાર કરતાં દિવસે દિવસે લેખન વ્યવહાર ઓછો થવાને કારણે સારા સારા લેખકોની પણ જોડણીમાં હવે વધુ અને વધુ ભૂલો થવા લાગે તો તે બહુ આશ્ચર્ય પામવા જેવી વાત નહિ ગણાય.

થોડા વખત પહેલાં અમેરિકાના ભૂતપૂર્વ ઉપપ્રમુખ ક્વાઇલેએ એક સભામાં અંગ્રેજી 'Potato' શબ્દની જોડણી 'Pohotato' એવી કરી હતી, એથી અંગ્રેજી ભાષાની જોડણી વિષેના એમના અજ્ઞાનની અમેરિકામાં ઘણી ટીકા થઇ. એમનાં વ્યંગચિત્રો અને ટૂચકાઓ પણ પ્રચલિત થયા. રાષ્ટ્રના લગભગ સર્વોચ્ચ સ્થાને બિરાજતી વ્યક્તિનું ભાષા વિષેનું આટલું બધું અજ્ઞાન કોઇકને પણ ખૂંચે, પરંતુ અમેરિકામાં તો બધું જ ચાલે. વસ્તુતઃ આવી ભૂલ થવા પાછળનું કારણ શું ? કારણ એ જ કે લખવા વાંચવાનો મહાવરો ઓછો થતો ગયો છે અને જોવા સાંભળવાનો મહાવરો વધતો ગયો છે. મોંઢે હિસાબ કરવાની કે શબ્દોની જોડણી યાદ રાખવાની મનુષ્યની શક્તિ ઓછી થતી જાય છે તેથી બહુ અફસોસ કરવા જેવું નથી એમ કેટલાક વિચારકોને લાગે છે, કારણ કે છેવટે તો પરિણામ કેવું આવે છે તે મહત્ત્વનું છે. રાઇફલ ગનની શોધ પછી તલવાર કે ભાલો વાપરવાની માણસની આવડત ઓછી થઇ, સ્ટીમર આવ્યા પછી હલેસા મારવાની શક્તિ ઓછી થઇ, નળ આવ્યા પછી કૂવામાંથી પાણી કાઢવાની તાકાત ઘટી ગઇ તો તે અફસોસ કરવાનો વિષય નથી, મનુષ્ય જીવનમાં કાલાનુક્રમે આવી શારીરિક તથા માનસિક શક્તિની વધઘટ રહ્યા કરવાની.

લેખનમાં જેમ જોડણીની શુદ્ધિનો પ્રશ્ન અગત્યનો છે તેમ બોલવામાં ઉચ્ચારણ શુદ્ધિનો પ્રશ્ન પણ મહત્ત્વનો છે. આમ છતાં લેખનમાં જોડણીની જેટલી એકવાક્યતા uniformity આખી દુનિયામાં સાચવી શકાય છે તેટલી ઉચ્ચારણમાં સાચવવાનું સરળ નથી, કારણ કે દરેક પ્રજાની ઉચ્ચારણની કેટલીક ખાસિયતો હોય છે. ઠંડા પ્રદેશના લોકો મોંઢું ઓછુ ખોલવાની ટેવને કારણે નાકમાંથી ઉચ્ચારો- અનુનાસિક ઉચ્ચારો વધુ કરે છે અને પછી એ ખાસિયત એની વારસાગત બની જાય છે. ધ્વનિનું વૈવિધ્ય જેટલું સંસ્કૃતમાં અને તેમાંથી ઊતરેલી ભાષાઓમાં છે તેટલું અન્ય ભાષાઓમાં નથી. સ, શ, ષ, ટ, ત, ડ, દ, ન, ણ, લ, ળ, વગેરેના ઉચ્ચારણોમાં સભાન આયાસની અપેક્ષા રહે છે. ફ્રેન્ચ લોકો ટ, ડ જેવા વર્ણો સરળતાથી ઉચ્ચારી શકતા નથી. જાપાની લોકો ર અને લ ના ઉચ્ચારમાં વ્યત્યય કરી નાખે છે. જૂના વખતમાં પારસી લોકો ડ અને દ માં ફરક જાણવા માટે પૂછતા કે 'દાદાભાઇ'નો ડ લખું કે 'ડોસાભાઇ'નો ડ લખું ? આપણા નવલકથાકાર ઇશ્વર પેટલીકર બોલતા કે 'દારધોકરી બહુ ગરી છે, થોરી મોરી હોત તો સારી લાગત.' 'Tomato જેવા શબ્દના ઉચ્ચાર ટમાટર, ટોમેટો, ટમેટો, ટમઇટો, ટોમેઇટો, તમેતો વગેરે પ્રદેશભેદે થાય છે.

લખાતી કે બોલાતી ભાષામાં શુદ્ધિનું ધોરણ સાપેક્ષ જ રહેવાનું, કારણ કે ભાષા એ વહેતી નદી જેવી છે. ગઇકાલની અશુદ્ધિ વધુ વપરાશને કારણે રૂઢ થતાં વર્તમાનમાં શુદ્ધ સ્વરૂપે સ્વીકારાય છે. બાર ગાઉએ બોલી બદલાય એવી કહેવતમાં તથ્ય રહેલું છે. ભાષાની અશુદ્ધિ માટે શાળા-કોલેજમાં વિદ્યાર્થીને શિક્ષા કરી શકાય છે, પરીક્ષામાં નપાસ કરી શકાય છે, પરંતુ સમગ્ર પ્રજાને પોતાના જીવન વ્યવહારમાં અશુદ્ધ લખવા-બોલવા માટે શિક્ષા કરી શકાતી નથી. ભાષા સતત વહેતી છે, પરંતુ એનો પ્રવાહ અત્યંત મંદગતિનો છે. એટલે જૂનાં રૂપો નીકળી જવાની અને નવાં રૂપો દાખલ થવાની પ્રક્રિયા તરત નજરે નથી આવતી.

લિપિના-લેખન પદ્ધતિના-વિકાસ પછી તેમાં ચિત્રકલાનો ઉમેરો થયો. સારા મરોડદાર અક્ષરોનું આકર્ષણ વધ્યું. તેવી રીતે ઉચ્ચારણ પઠનની સાથે સંગીતકલાનો, લયનો ઉમેરો થતાં લખેલા વક્તવ્યનું સરસ, સચોટ પઠન કરવાનની શક્તિનો મહિમા વધ્યો, રેડિયો અને ટી. વી. ઉપર સરસ પઠન કરનારાને પ્રથમ પસંદગી અપાવા લાગી. વ્યાખ્યાનોમાં, નાટકમાં, સંભાષણમાં વક્તવ્યની રજૂઆતની અવનવી ખૂબીઓ વિકાસ પામી.

અક્ષર માણસના વ્યક્તિત્ત્વને પ્રગટ કરે છે. દુનિયયામાં બે માણસના ચહેરા જેમ ભાગ્યે જ મળતા આવે, તેમ બે માણસના અક્ષર પણ જવલ્લે જ મળતા આવે. દરેક માણસની સહી જુદી હોય છે. (કોઇક નકલ કરી શકે એ જુદી વાત છે.) એટલે જ માણસની સહીનું આટલું બધું મહત્ત્વ સ્વીકારાયું છે.

માણસના અક્ષરો પરથી એના ચારિત્રની પરખ મળે છે એ સાચું, પણ એનો અર્થ એ નથી કે મહાન માણસોના અક્ષર સારા, મોતીના દાણા જેવા હોવા જોઇએ. ગાંધીજીના હસ્તાક્ષર એનું ઉત્તમ ઉદાહરણ છે. આપણા સાક્ષર સ્વ. અગરચંદજી નાહટાના અક્ષર વર્ષો સુધી સતત લખવાને કારણે એટલા ખરાબ થઈ ગયા હતા કે એમનો પત્ર શબ્દશઃ વાંચતાં અને સમજતાં બે-ત્રણ કલાક નીકળી જાય.

એક એવી માન્યતા છે કે ડૉક્ટરોના અક્ષરો ખરાબ હોય છે. તેમનું પ્રિસ્ક્રિપ્શન કેમિસ્ટ સિવાય બીજા જલદી વાંચી ન શકે. ડૉક્ટરો જાણી જોઇને ખરાબ અક્ષર કાઢતા હોય છે એવું પણ મજાકમાં કહેવાય છે; કારણ કે થોડે થોડે વખતે નવી નવી આવતી દવાઓના નામના સ્પેલિંગ તેઓને મોઢે યાદ રહેતા નથી એટલે જ કહેવાય છે કે પ્રિસ્ક્રિપ્શનમાં ડૉક્ટરોના અક્ષરો ભલે ખરાબ હોય, બિલમાં તો એમના અક્ષર સ્પષ્ટ વાંચી શકાય એવા હોય છે.

શિક્ષકોના અક્ષર એકંદરે સારા હોય છે. વિદ્યાર્થીઓ પાસે કોપીબુક લખાવનાર પ્રાથમિક શાળાના શિક્ષકો અથવા બ્લેકબોર્ડ ઉપર લખનાર અધ્યાપકોના અક્ષર પણ એકંદરે સારા જ હોય છે, સારા હોવા જરૂરી છે. છતાં કોઇ અધ્યાપકના અક્ષર ખરાબ પણ હોઇ શકે. એક વિદ્યાર્થીના પેપરમાં અધ્યાપકે કંઇક સૂચના લખી હતી. અધ્યાપકના અક્ષર એટલા બધા ખરાબ હતા કે સૂચનામાં શું લખ્યું છે તે ઊકલતું નહોતું. વિદ્યાર્થીએ અધ્યાપક પાસે જઇને તેમાં શું લખ્યું છે તે જાણવા પૂછ્યું. અધ્યાપકે સૂચનામાં લખ્યું હતું, 'તમારા અક્ષર બહુ ખરાબ છે. સારા અક્ષર કાઢો' ગમે તેટલા ખરાબ અક્ષર હોય, પણ પોતાના અક્ષર તો માણસ પોતે વાંચી જ શકે છે. કોઇક જ એવી અપવાદરૂપ વ્યક્તિ હોય કે જે પોતે લખેલું પોતે જ ન વાંચી શકે.

મુદ્રણકલાની શોધ થઈ તે પહેલાં હાથે લખવાની પ્રથા સૈકાઓ સુધી ચાલી હતી. ગ્રંથો હસ્તલિખિત પ્રતોરૂપે મળતા. સારા મરોળદાર અક્ષરો લખનારને ઘણું સારું મહેનતાણું મળતું. લખતાં લહિયો થાય એવી કહેવત ત્યારે પ્રચલિત બનેલી. લહિયાઓએ સરસ લેખનકળા વિકસાવેલી. સમયે સમયે લિપિના મરોળમાં પણ ફરક પડતો ગયેલો. હજારો હસ્તપ્રતોના વાંચન-અવલોકનના મહાવરાને લીધે સ્વ. પુણ્યવિજયજી મહારાજ હસ્તપ્રત હાથમાં લેતાં જ લિપિના મરોડ પરથી કહી શકતા કે તે કયા સૈકાની છે.

શું લેખન-પઠન વિના માનવજાતને નહિ ચાલે ? લેખન-પઠનની અનિવાર્યતા ઓછી થતી જતી દેખાય છે, તેમ છતાં જીવનના વિભિન્ન વ્યવહારમાં તેનું મૂલ્ય ઓછું નહિ આંકી શકાય. લેખન-પઠન દ્વારા માણસમાં સંસ્કારિતાનો વિકાસ થાય છે. વિદ્યાર્થીઓના વ્યક્તિત્વના ઘડતરમાં લેખન-પઠન બળ પૂરનાર ચાલક તત્ત્વ ગણાય છે. એથી જ શ્રાવ્ય માધ્યમોનો વિવિધ રૂપમાં વિકાસ થયો હોવા છતાં પાશ્ચાત્ય શિક્ષણશાસ્ત્રીઓ અને બાલમનોવૈજ્ઞાનિકો વિદ્યાર્થીઓમાં વાંચવાની ટેવ ચાલું રહે એ એ વાત ઉપર વખતો વખત ભાર મૂક્તા રહ્યા છે.

❑ રમણલાલ ચી. શાહ

# સ્યાદ્ અને પંચાસ્તિકાય નામરહસ્ય

❑ પં. પનાલાલ જગજીવનદાસ ગાંધી

❑ **સાપેક્ષવાદ :**

વિશ્વમાં એકથી અધિક સજાતીય વિજાતીય પદાર્થનું અસ્તિત્વ જો ન હોય તો સાપેક્ષ તત્ત્વની આવશ્યકતા જ ન હોત.

પ્રત્યક્ષ અનુભવથી વિશ્વમાં અને આપણા રોજબરોજના વ્યવહારમાં એકથી અધિક પદાર્થનું અસ્તિત્વ પ્રતીત થાય છે. એટલે સાપેક્ષતા આવશ્યક છે.

સાપેક્ષનું મૂળ નિરપેક્ષ છે અને સાપેક્ષનું ફળ પણ નિરપેક્ષ છે. વિશ્વમાં રહેલ પદાર્થો અર્થાત દ્રવ્યો મૂળ રૂપમાં પાંચ અસ્તિકાય સ્વરૂપ છે. જે સ્વયંભૂ, સ્વસત્તાધીન, અનાદિ, અનંત, અનુત્પન્ન અને અવિનાશી હોવાને લઇને તેનાં અસ્તિત્વ માટે કોઈ અન્ય પદાર્થની અપેક્ષા નથી. માટે જ એ બધાં ય પાંચે દ્રવ્યો પર અપેક્ષા રહીત હોવાથી સ્વયંભૂરૂપે નિરપેક્ષ છે. અને છતાં ય એકથી અધિક પદાર્થોની એક ક્ષેત્રે વિદ્યમાનતા હોવાથી સાપેક્ષતા ઊભી થાય છે.

❑ **સ્યાદવાદ :**

સ્યાદ્ એટલે કથંચિત, કંઇક અથવા તો જે સર્વરૂપ નથી એવું દેશરૂપ. સમષ્ટિ-વિશ્વકાર્ય જે ચાલી રહ્યું છે, તે એક એક દ્રવ્યના સ્વભાવરૂપ કાર્ય ક્રિયા-પ્રદાનથી અને પાંચે ય દ્રવ્યોના સંગઠનથી ચાલી રહ્યું છે. એટલે કે એક કાર્યમાં બધાય દ્રવ્યો પોતપોતાના સ્વભાવનું કામ કરે છે અને તે કાર્ય ઘટે છે. એક દ્રવ્ય પોતાના સ્વભાવ પ્રમાણે કામ કરવા સિવાય, બીજાંના અર્થાત અન્ય દ્રવ્યના સ્વભાવ પ્રમાણે કાર્ય કરી શકે નહિ. તેથી એમ કહી શકાય કે, એક સમષ્ટિ કાર્યમાં પ્રત્યેક દ્રવ્ય પોતાના ભાગે પડતો ફાળો આપે છે. માટે જ કોઇપણ એક દ્રવ્ય સમષ્ટિ વિશ્વમાં-બ્રહ્માંડમાં સ્યાદ્ રૂપે છે.

સ્યાદ્નું મૂળ અસ્યાદ્ છે અને તેનુ ફળ પણ અસ્યાદ્ છે.

પ્રત્યેક દ્રવ્ય પોતાના સ્વભાવ અનુસાર, પોતાના ફાળે આવેલો ભાગ ભજવવામાં, અર્થાત કાર્ય કરવામાં પૂર્ણપણે કાર્યશીલ છે. એટલે પોતા તરફથી જે કાર્ય કરી આપવાનું છે, ભાગ ભજવવાનો છે તે પૂર્ણપણે અદા કરે છે, ને તેમાં કોઇ અધૂરાપણું, અપૂર્ણતા કે ત્રુટિ રહેતી નથી. માટે સ્વકાર્યક્ષેત્રે અસ્યાદ્ છે. પરંતુ એક દ્રવ્ય બીજાં દ્રવ્યનું કાર્ય કરી આપવામાં અસમર્થ છે. તેથી પરદ્રવ્ય કાર્યક્ષેત્રે અસમર્થતા હોવાથી તે સ્યાદ્ છે.

આ સ્યાદ્શૈલી જીવ તત્ત્વે ખાસ વિચારવા જૈવી છે, કારણકે જીવ પોતાના જ્ઞાન અને વેદન સ્વભાવમાં સ્વ પ્રતિ અને પર પ્રતિ કામ આપવામાં જે કથંચિત છે, કંઇક પણું છે, આંશિકતા છે, અધૂરપ છે, અપૂર્ણતા છે.તે જ સ્યાદ્ હોવાપણું છે, જે જીવને કલંકરૂપ છે. જેમ ધર્માસ્તિકાય દ્રવ્ય, અધર્માસ્તિકાય દ્રવ્ય અને આકાશાસ્તિકાય દ્રવ્ય પોતપોતાના સ્વકાર્ય વિષયક કાર્યશીલતામાં સ્યાદ્ (કથંચિત) નથી, પણ પૂર્ણ (અસ્યાદ્) છે . તેવી રીતે આત્મા પણ પૂર્ણ (અસ્યાદ્) છે તેવી રીતે આત્માં પોતાના જ્ઞાન અને વેદનમાં પોતાનું સ્વક્ષેત્ર સ્વભાવ હોવા છતાં પૂર્ણ નથી માટે સ્યાદ્ છે. આમ સ્યાદ્ શબ્દથી ચોંકવાનું હોય તો જીવે જ ચોંકવાનું છે, કે મૂળે અસ્યાદ એવા સ્વયંના જ્ઞાન અને વેદન સ્યાદ્-કથંચિત-આંશિક-અધૂરા-અપૂર્ણ છે, જેને પૂર્ણ બનાવી અસ્યાદ્ થવાની આવશ્યકતા છે. જ્ઞાન જે અજ્ઞાનરૂપે, વિભંગજ્ઞાનરૂપે, મિથ્યાજ્ઞાનરૂપે, પરિણમેલ છે એને સમ્યગ બનાવી કેવલજ્ઞાન રૂપે પરિણમાવવાનું છે અને સર્વજ્ઞ થવાનું છે. જ્યારે વેદન, જે સુખ દુઃખ રૂપ છે, શાતા-અશાતારૂપે છે તેને આનંદ સ્વરૂપ બનાવવાનું છે, અર્થાત પુદ્ગલાનંદી મટી સચ્ચિદાનંદી થવાનું છે.

❑ **અનેકાન્ત વાદ :**

વિશ્વમાં રહેલાં પાંચ અસ્તિકાયદ્રવ્યમાંથી એક એક દ્રવ્યમાં-એક એક અસ્તિકાયમાં એકથી અધિક ધર્મ જો ન હોય તો અનેકાન્ત વાદ ન હોત.

અંત શબ્દનો અર્થ છે વિભાગ અથવા છેડો અનેકાન્તનું મૂળ એકાન્ત છે અને ફળ પણ એકાન્ત છે. એકાન્ત એટલે પ્રત્યેક દ્રવ્ય અનાદિ-અનંત જે પોતાનો પરમભાવ છે, તે બીજાં વિરોધી ભાવધર્મ અથવા તો વિરુદ્ધ ગુણવાળા પદાર્થોની સાથે એકક્ષેત્રી રહેવાં છતાં, પોતે પોતાના સ્વરૂપમાં એક જ રૂપ રહે છે, અર્થાત ભેગાં રહેવાં છતાં પોતે જે સ્વરૂપમાં હોય છે તે જ સ્વરૂપમાં રહે છે અને બદલાતો નથી.એટલે કે જાત્યાંતર થતું નથી-દ્રવ્યાંતર થતું નથી. આકાશમાં રહેવા છતાં ધર્માસ્તિકાય ધર્માસ્તિકાય જ રહે છે. તેવી જ રીતે આકાશાસ્તિકાય આકાશાસ્તિકાય જ રહે છે. આકાશાસ્તિકાય ધર્માસ્તિકાય થતું નથી, કે ધર્માસ્તિકાય આકાશાસ્તિકાય થતું નથી. એટલું તો જવા દો પણ જીવાસ્તિકાય (જીવ)ને પુદ્ગલાસ્તિકાય ક્ષીરનીર રૂપ શરીરને આત્મા એક થવાં છતાં ય જીવ કદી અજીવ-પુદ્ગલ બનતો નથી અને જીવ સાથે એકમેક જેવો થઇને રહેવા છતાં ય પુદ્ગલ કાંઇ જીવ બની જતો નથી.

આમ પ્રત્યેક પદાર્થનું એક દર્શન છે અર્થાત એક જ ભેદે દર્શન છે. જેમકે જીવનું જીવરૂપે અને પુદ્ગલનું પુદ્ગલરૂપે જ દર્શન છે. અનેકાન્ત એટલે જીવને પુદ્ગલનું, જડ-ચેતનનું, જીવ -અજીવનું, રૂપી-અરૂપીનું; મૂર્ત-અમૂર્તનું પરસ્પર બંને રૂપે દર્શન નથી. આમ મૂળમાં-એના શુદ્ધ સ્વરૂપમાં, પ્રત્યેક દ્રવ્યો એક રૂપે જ છે માટે મૂળમાં એકાન્ત છે.

પ્રત્યેક દ્રવ્યો-પાંચે અસ્તિકાય, વિશ્વકાર્યમાં પરસ્પર એક ક્ષેત્રી રહેવા છતાં, નિમિત્ત નૈમિત્તિક હોવા છતાં, જાત્યાંતર-દ્રવ્યાંતર થતું નથી. પોતે પોતાના સ્વરૂપમાં- મૂળરૂપમાં રહીને જ વિશ્વકાર્યરૂપમાં પોતાનો ફાળો આપે છે, ભાગ ભજવે છે. આમ, મૂળમાં એકાન્ત છે તે આપણે સમજ્યા. હવે ફળમાં પણ એકાન્ત છે એ ય સમજવા જેવું છે. જીવ ચૈતન્ય સ્વરૂપ -ચેતન જાતિનો હોવા છતાં જડ એવાં પુદ્ગલ દ્રવ્ય સાથે અનાદિકાળથી ક્ષીરનીરની માફક અથવા તો કહો લોહાગ્નિની જેમ મિશ્રરૂપ છે. તે તેની એટલે કે જીવની ખોટી દશા છે. સાચી દશા નથી પણ અશુદ્ધ દશા છે, ભેળસેળવાળી અવસ્થા છે. આવી આ મિશ્ર -અશુદ્ધ-ખોટી દશામાંથી સાચી દશામાં-શુદ્ધ દશામાં-મૂળ સ્વરૂપમાં આવવું પોતે જ પુદ્ગલ પ્રતિ કરેલા મોહમાંથી પુદ્ગલમાં સ્થાપેલ ભોગવૃત્તિ સુખબુદ્ધિમાંથી છૂટવું અને પોતાના શુદ્ધ સ્વરૂપમાં આવવું, તે જીવને માટે સર્વ દુઃખ મુક્તિ અને પરમાનંદની પ્રાપ્તિ રૂપ છે. તે ફળ રૂપ છે અને તે ફળ ત્રિકાલ એકરૂપ એકાન્ત છે. જીવને પુદ્ગલના મિશ્ર સ્વરૂપે દ્વૈતમાંથી અદ્વૈતમાં આવવા રૂપ છે.

અદ્વૈત, એકાન્તિક, આત્યાંતિક એવા શબ્દપ્રયોગો સિદ્ધ પરમાત્માના સ્વરૂપ માટે થયાં છે, તે જીવને સ્વ સ્વરૂપની પ્રાપ્તિની સાધનાનું અંતિમ ફળ છે, જે એકાન્ત છે.

પ્રો. આઇન્સ્ટાઇનનો 'Theory of Relativity' અર્થાત સાપેક્ષવાદનો જે અર્વાચીન વૈજ્ઞાનિક સિદ્ધાંત, જે હાલ ખૂબ પ્રચલિત છે તે લૌકિક ક્ષેત્રનો દુન્યવી સિદ્ધાંત છે, જે અપૂર્ણની સામે અપૂર્ણની સાપેક્ષતા અંગેની વાત છે. પરંતુ સર્વજ્ઞ વીતરાગ ભગવંત મહાવીર સ્વામી પ્રરૂપિત જે સાપેક્ષવાદ છે, તે અપૂર્ણની સામે અપૂર્ણ વિષેનો સાપેક્ષવાદ હોવા સાથે સાથે પૂર્ણની સામે અપૂર્ણ વિષેનો સાપેક્ષવાદ પણ છે. અર્થાત જે પૂર્ણ છે તે નિરપેક્ષ છે એ નિરપેક્ષની સરખામણી, તુલનામાં અપૂર્ણની સાપેક્ષતા શું છે તેની વિશેષ વિચારણા છે.

સાપેક્ષવાદ, નિરપેક્ષ એવાં આત્મસ્વરૂપની પ્રાપ્તિના સાધન માટે છે. નહિ કે માત્ર અનાદિઅનંત જગતની વ્યવસ્થા માટે. પૂર્ણની સામે પૂર્ણની સાપેક્ષતા હોય નહિ. કેમકે પૂર્ણ એક જ ભેદે હોય, અદ્વૈત હોવાથી નિરપેક્ષ છે. જ્યારે તેની સામે અપૂર્ણ જે દ્વૈત છે તે અનંત ભેદે છે. અપૂર્ણની સામે જ્યારે અપૂર્ણ હોય છે ત્યારે અનેક અપેક્ષાઓ પરસ્પર ઊભી થતી હોય છે. જીવને અનાદિકાળથી પુદ્ગલ સંગે અને પોતાના વ્યામોહની વિકૃતિ અંગે જે વિનાશિતા, પરાધીનતા, વિકારિતા, અપૂર્ણતાની પ્રાપ્તિ થઇ છે તે મોહભાવો અનેક ભેદે છે. અને છતાં ય તે વિકૃતિનું મૂળ અવિનાશિતા, સ્વાધીનતા, વીતરાગતા

અને પૂર્ણતા છે, જે જીવમાં સતાગત રહેલ છે તેની પ્રાપ્તિની અર્થાત તેના પ્રગટીકરણની આવશ્યકતા છે.

દરેક દ્રવ્યે પોતાના મૂળ ભાવમાં એટલે કે મૂળ સ્વભાવમાં રહેવું તે તેનો અનાદિસિદ્ધ હક છે. માટે પૂર્ણની સામે અપૂર્ણતા સહિતનો, અપૂર્ણ ની સામે અપૂર્ણતા દર્શાવનારો જિનેશ્વર પ્રરૂપિત જે સાપેક્ષવાદ છે તે આધ્યાત્મિક સાપેક્ષવાદ છે અને તેથી જ તે લોકોત્તર સાપેક્ષવાદ છે. કેમકે તે નિરપેક્ષ અર્થાત પૂર્ણના લક્ષ્યે અપૂર્ણની અપૂર્ણતા-સાપેક્ષવસ્થા દર્શાવનાર છે. જ્યારે Theory of Relativityનો અર્વાચીન વૈજ્ઞાનિક સાપેક્ષવાદનો જે સિદ્ધાંત છે તે અજ્ઞાની, અવિવેકી, મુઢ (મૂર્છિત-મોહિત) દશામાં રહેનારા જીવો માટેનો અને સમયે સમયે પરિવર્તન પામનાર એવાં પુદ્ગલ દ્રવ્યો માટેનો લૌકિક સાપેક્ષવાદ છે.

અનેકાંતવાદ, સાપેક્ષવાદ અને સ્યાદવાદ એ વિવાદ માટેના વાદ નથી પણ જીવની દૃષ્ટિ છે, જીવના ભાવ છે અને તેથી જ તેને 'સ્યાદવાદ દર્શન' કહેલ છે. જીવનો સ્વયંનો વ્યવહાર તેમજ જગત સમસ્તનો વ્યવહાર પણ ઉપર્યુક્ત દૃષ્ટિ અને ભાવ ઉપર ચાલે છે.

અનેકાન્ત, સાપેક્ષ અને સ્યાદ્ એ મૂળ અને ફળરૂપે એકાન્ત, નિરપેક્ષ અને અસ્યાદ્‌ની વચગાળાની સ્થિતિ કહો કે વિગત કહો તો તે છે. સ્થૂળ ઉદાહરણ લઇએ તો આપણા જીવનવ્યવહારમાં આપણે જોઇએ છીએ. કે ફળમાં રહેલ બી જ એ ફળના મૂળમાં-પાયામાં રહેલ છે કે જેના વાવેતરથી અને સંવર્ધનના પરિણામ રૂપ ફળ પ્રાપ્ત થયું, જેમાં પણ તે મૂળમાં રહેલ બી ફળમાં ય પાછું ફળયુક્ત સ્વરૂપે પરિણમેલ સાંપડે છે.

એટલું જ નહિ પરન્તુ જીવને અહિતમાંથી પરહિતને સ્વહિત માટે, અરિહતમાંથી અરિહન્ત થવા માટે, તથા અશાંતિમાંથી શાંતિની પ્રાપ્તિ માટે, તેમજ સ્વયંનાં દૃષ્ટિ અને ભાવ સુધારવા માટે, અંતઃકરણમાં રહેલ આ ઉત્તમ સાધન છે. એ વડે ઊંચી સાધનાને પામીને ફળ રૂપે એકાન્ત એટલે કે એકરૂપ, નિરપેક્ષ એટલે કે અનૈમિત્તિક સ્વાધીન અને અસ્યાદ્ એટલે કે સ્વગુણધર્મ સ્વ-પ્રતિ-પૂર્ણ અને સ્વસર્વ કાર્ય રૂપ એવી આત્યંતિક દશાને જીવ પામે છે.

સાપેક્ષતા એટલે અપેક્ષા સહિત અપેક્ષા એટલે એક પદાર્થને પોતાની સ્થિતિ અથવા દશા અથવા રૂપાંતર પામવા માટે કોઇ બીજાં અન્ય પદાર્થની નિમિતતા અથવા આવશ્યકતા રહેવી તે.

આ દેખાતું દૃશ્ય જગત જેને આપણે પ્રત્યક્ષ જોઇ રહ્યાં છીએ તે સ્થાવર અને જંગમ દ્રવ્યોનો સમૂહ છે. વળી તે સ્થાવર અને જંગમ દ્રવ્યો નિરંતર ગતિમાન છે એટલે કે ગતિશીલ હોય, ક્ષણે ક્ષણે પરિવર્તન-રૂપાંતરને પામી રહ્યાં છે કે જે પરિવર્તન-રૂપાંતરને અટકાવી શકવાને કોઇ શક્તિમાન નથી કે કોઇ એવી કાર્યશક્તિ નથી. આસર્વના અનુભવની વાત છે.

અપેક્ષાના નીચે મુજબના અર્થો પણ થઇ શકે છે

(૧) એક બીજાં દ્રવ્યોનો કંઇક ને કંઇક કાર્ય કારણ રૂપે અરસપરસનો સંબંધ.

(૨) એક બીજાં દ્રવ્યની સમાનતા કે અસમાનતા અને એનું કોઇ સંબંધે થતું કાર્ય.

(૩) એકબીજાં દ્રવ્યનો સમન્વય કે સહકારિત્વ.

આ સમગ્ર બ્રહ્માંડમાં મૂળરૂપ પાંચ અસ્તિકાયની રમત અથવા ખેલ છે. એ પાંચમાંના ત્રણ અસ્તિકાય એટલે કે ત્રણ દ્રવ્યો અનાદિ અનંત, કાયમ સ્થિર છે. એ ત્રણ સ્થિર દ્રવ્યોના નામ છે, આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય. બાકીનાં બીજાં બે દ્રવ્યોના નામ છે, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય જીવાસ્તિકાય એટલે જીવ, ચેતન, આત્મા, આપણે પોતે આમાં નામાંતર છે, પરંતુ પદાર્થ એકનો એક છે વળી આ પદાર્થ-દ્રવ્ય જન્તુ, ભૂત, પ્રાણી, સત્વ ઇત્યાદિ શબ્દોથી પણ ઓળખાય છે.

આકાશદ્રવ્ય જે અનાદિ-અનંત સ્થર છે અને અસીમ છે એમાં બાકીના ચાર પદાર્થો, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય (Matter-જડ) રહેલાં છે.

'પુદ્ગલ' શબ્દ એટલે પુરન અને ગલન પુરન એટલે પુરાવું, આવી મળવું, ભેગાં થવું અને ગલન એટલે કે ગળાવું, ગળી જવું, પુદ્ગલને વ્યવહારમાં પંચભૂત પણ કહેવાય છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ઇત્યાદિ મૂળ દ્રવ્યો છે જેનાથી જીવ નામનું દ્રવ્ય છે તેનો વ્યવહાર ચાલે છે.

જીવ અને પુદ્ગલની ત્રણ દશા છે. એક તો આકાશમાં અવગાહના લઈ રહેવું, બીજું સ્થિર રહેવું અર્થાત્ ગતિ નહિ કરવી, અને ત્રીજી દશા છે કે અસ્થિર હોવું અર્થાત ગતિ કરવી ગતિશીલ થવું. માત્ર સમજવા માટે એક ઉદાહરણ લઇએ. એક ઇમારત છે એનો પાયો, એની દિવાલો વગેરેની દૃષ્ટિએ સ્થિર છે. પરંતુ એ ઇમારતમાં રહેલાં ફર્નિચર, વાસણો, ચીજ વસ્તુઓ તથા અન્ય પદાર્થો ઇત્યાદિ સ્થાનાંતર પામતા રહે છે, એટલે કે અસ્થિર છે.

આ પદાર્થો ભલે સ્થિર જણાતા હોય પરંતુ બંનેની દશા ઇમારત અને ઇમારતમાં રહેલ પદાર્થોની દશા ગતિપૂર્વક સ્થિતિ ને સ્થિતિપૂર્વક ગતિની છે. આકાશમાં રહેવા પૂર્વક આ બંને દ્રવ્યો ગતિ અને સ્થિતિ ની પરસ્પર ઉભય દશાવાળા છે. આકાશમાં રહેવું એક સ્વતંત્ર વાત છે. ઇમારતમાં હોવું તે એક વાત છે અને આકાશમાં રહીને ગતિશીલ થવું કે સ્થિર રહેવું તે એક બીજી વાત છે. ઇમારતમાં રહેવા છતાં ઇમારતમાં જ એ પદાર્થો, ચીજવસ્તુ સ્થિર એક ઠેકાણે પડી રહેવી કે એક ખૂણેથી બીજે ખૂણે એક ખંડમાંથી બીજા ખંડમાં ગતિશીલ થવું તે એક બીજી વાત છે. પરન્તુ એ નહિ ભૂલવું કે ગતિ હોય ત્યારે સ્થિતિ નથી હોતી અને સ્થિતિ હોય છે ત્યારે ગતિ નથી હોતી. વ્યક્તિ મરી ગઇ હોય તો જીવતી નહિ હોય અને જો જીવતી હોય તો તે મરેલી નથી. જીવન- મરણ ઉભય યુગપદ્ એક સાથે ન હોય. તેથી સિદ્ધ થાય છે કે રહેવા માટે અવગાહના માટે આકાશની જરૂર હોય છે, તેમ ગતિ ને સ્થિતિ એવી સ્વતંત્ર એક એક દશા માટે બીજાં બે પદાર્થોની અપેક્ષા કલ્પી શકાય એમ છે. આવા ગતિપ્રદાયક ગતિસહાયક દ્રવ્યને જૈનદર્શનમાં ધર્માસ્તિકાય કહેવાય છે. અને ગતિથી સ્થિતિ વિરોધી હોવાથી સ્થિતિદાયક પદાર્થની પણ સ્વતંત્ર રૂપે કલ્પના કરી શકાય છે. જે પદાર્થને અધર્માસ્તિકાય કહે છે. આ ઉભય દ્રવ્યો પોતે આકાશ દ્રવ્યમાં અવગાહના લઇ સ્થિર રહેલાં છે, જીવ તથા પુદ્ગલ દ્રવ્યોને ગતિ, ને સ્થિતિમાં ઉદાસીન નિમિત્ત સહાયક છે. આ પદાર્થો આપણી આંખનો વિષય નથી કારણકે આવા સૂક્ષ્મ પદાર્થને સ્થૂલ ચર્મ ચક્ષુ જોઇ શકે નહિ. પરન્તુ બુદ્ધિ સૂક્ષ્મ છે, એના વડે તર્ક કરીને આવા પદાર્થના અસ્તિત્વની વિચારણા થઇ શકે છે. જીવ અને પુદ્ગલનું આકાશમાં રહેવું અને તેમાં પાછું ગમનાગમન આવજા થવી, ક્ષેત્રાંતર-સ્થાનાંતર થવું એ સર્વેનો વ્યવહાર આપણો પ્રત્યક્ષ અનુભવ છે.

જીવ અને પંચભૂત કહેવાતા પુદ્ગલની સંખ્યા અનંત છે. તેની દશા એવી છે કે તે ઠામઠામ રખડે છે, ભટકે છે અને અનેક પ્રકારના પરિવર્તનને પામે છે અર્થાત સ્થાનાંતર ને રૂપાંતરની એટલે કે પરિભ્રમણને પરિવર્તનની પ્રક્રિયા ચાલુ જ રહે છે. રૂપાંતર એટલે રૂપમાં ફેરફાર, પરિવર્તન. ઉત્પાદનો વ્યય થવો. ઉત્પન્ન થવું ને નાશ પામવું. એટલે કે એ રૂપે વિનાશિતાને અનિત્યતાને પામ્યા કરવું.

જ્યાં એકથી અનેક (અધિક) હોય અને વળી એકમાં પોતામાં જ અનેકતા (વિવિધતા) હોય ત્યા અનેક અપેક્ષાઓ ઊભી થાય છે જ.

આવી દશા અનાદિ-અનંત પુદ્ગલ દ્રવ્યની છે, તે કદી ટાળી ટળે એમ નથી. તે તો હંમેશા મર્યાદિત કાળે બને અને બગડે, મળે અને ટળે. અર્થાત આવે, રહે અને જાય. આ પદાર્થ નજરે દેખાય તેવાં સ્થૂલ પણ છે અને ચર્મચક્ષુથી અદૃષ્ટ એવાં સૂક્ષ્મ પણ છે.

હવે વિચાર એ કરવાનો છે કે આ જે ઉપર્યુક્ત સ્વરૂપ પુદ્ગલનું વર્ણવ્યું તેવું સ્વરૂપ શું જીવનું પણ છે? જો નથી તો પછી જીવનું સ્વરૂપ શું છે? અને તે કેવું છે? આ બાબત પણ વિચારણીય છે. બલ્કે વિશેષરૂપે વિચારણીય છે, કારણકે આ બધું ય જાણનાર જો કોઇ હોય તો તે જીવ છે અને જે પદાર્થો જણાવ્યા તેનો જણાવનાર અને તેનો જાણનાર જીવ પોતે છે. માટે જાણનાર કરતાં તો જણાવનાર અર્થાત જાણનારાને જાણવો, એનું સ્વરૂપ કેવું છે તેજ ખરું જાણવા જેવુ છે.

અહીં હવે પ્રશ્ન એ ઉદ્ભવે કે જીવ અને પુદ્ગલને પોતા વડે થતી અથવા કરાતી ગતિ ને સ્થિતિ એ ઉભય પ્રક્રિયામાં નિમિત્ત બનનારાં દ્રવ્યોનાં નામ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એવાં કેમ પાડ્યા ? આવા નામથી તો ગુંચવાડો ઊભો થાય છે કેમકે ધર્મ ને અધર્મ શબ્દના અર્થો વ્યવહારમાં સુકૃત-દુષ્કૃત; કરણીય અકરણીય, પુણ્ય, પાપ; ઉપાદેય, હેય, ગુણ-દોષ ઇત્યાદિ થાય છે. આનો ખુલાસો-સમાધાન નીચે મુજબ છે :

આપણે મનુષ્ય યોનિ અથવા મનુષ્યગતિમાં છીએ. મુનષ્યયોનિમાં ચાર પ્રકારના પુરુષાર્થ હોય છે. પુરુષાર્થ એટલે સક્રિયતા અથવા ક્રિયાશીલતા-સક્રિયતા એટલે કંઇક કરવા પણું. અને કરવા પણું એટલે ગતિ અને પ્રગતિ. આવી ગતિ પ્રગતિની પરંપરા ક્રમબદ્ધ, શ્રેણીબદ્ધ, પંક્તિબદ્ધ, શૃંખલાબદ્ધ ચાલુ જ છે. આ થઇ પુરુષાર્થની વ્યાખ્યા. આવા આ ક્રિયાત્મક પુરુષાર્થના પ્રકાર ચાર છે. એને ધર્મપુરુષાર્થ, અર્થપુરુષાર્થ, કામપુરુષાર્થ અને મોક્ષપુરુષાર્થ કહેવામાં આવે છે. આ ચારમાં મોક્ષ સંબંધી બે વિકલ્પ છે. મોક્ષ એટલે બંધનથી મુક્તિ અર્થાત છૂટકારો મુક્તિ પામ્યા બાદ, મુક્તિ મળ્યા બાદ કાંઇ કરવા પણું રહેતું નથી. પ્રાપ્ત થયેલી મુક્તિ અક્રિય છે. પછી એમાં પુરુષાર્થનો પ્રશ્ન રહેતો નથી જ્યારે પ્રાપ્ત કરવા યોગ્ય મુક્તિ-મોક્ષની સાધના સક્રિય છે, માટે મોક્ષને પુરુષાર્થ કહેલ છે. એટલે મોક્ષ પુરુષાર્થ સંબંધી મુક્તિ પ્રાપ્તિ સુધીના કાળને મોક્ષ પુરુષાર્થ કહી સક્રિય જણાવેલ છે. કાર્યસિદ્ધિ, લક્ષ્યસિદ્ધિ, સાધ્યસિદ્ધિ પછીની જે સિદ્ધ અવસ્થા છે તે તૃપ્ત અવસ્થા, પૂર્ણકામ અવસ્થા છે, કૃતકૃત્યાવસ્થા છે, જે અક્રિય અવસ્થા છે. એટલું ખ્યાલમાં રહે કે તે કાંઇ નિષ્ક્રિયતા કે સુશુપ્ત અવસ્થા નથી. એ તો પૂર્ણાવસ્થા છે. આત્યંતિક અવસ્થા છે ચરમ એવી પરમદશા છે અને તેથી તે અક્રિય સ્થિતિ છે.

મોક્ષ પુરુષાર્થની જેમ જ ધર્મ પુરુષાર્થ પણ સક્રિય હોય છે. પરંતુ ધર્મ પુરુષાર્થ, પણ બંધનથી મુક્તિ મળ્યા બાદ, મોક્ષગતિ પછી વિરામ પામે છે. હવે રહ્યા કામ અને અર્થ પુરુષાર્થ. અર્થ અને કામના પુરુષાર્થ વિપરીત છે. એમાં ક્યારેય પણ વિરામ નથી.

ધર્મ ને મોક્ષ પુરુષાર્થની પ્રધાનતા મનુષ્યયોનિમાં છે. મોક્ષ પુરુષાર્થ માટે ધર્મ પુરુષાર્થની ગતિ અને પ્રગતિ છે. મોક્ષ પ્રાપ્તિ માટે થતો ધર્મ તેને ધર્મપુરુષાર્થ અને મોક્ષપુરુષાર્થ ઉભય કહેવાય. આ રીતે ધર્મ ગતિશીલ ને ક્રિયાશીલ છે તેનેઅનુસરીને ગતિપ્રદાન તત્વ-દ્રવ્યનું નામ ધર્માસ્તિકાય રાખવામાં આવ્યું એવી તાર્કીક કલ્પના કરી શકાય. અને તેજ પ્રમાણે પ્રાપ્ત મુક્તિ-સિદ્ધાવસ્થા અક્રિય હોવાથી સ્થિર છે. શાસ્ત્રીય વિધાન છે કે સિદ્ધાવસ્થા એ સાદિ અનંત સ્થિર અક્રિય અવસ્થા છે. ગતિથી વિરામ પછી સ્થિતિ હોય છે-સ્થિરતા હોય છે તેથી સ્થિતિપ્રદાન દ્રવ્યનું નામાભિધાન ધર્માસ્તિકાયની વિરોધી સ્થિતિ અંગે અધર્માસ્તિકાય રાખવામાં આવ્યું હોય એવી તાર્કીક વિચારણા કરી શકાય છે. એટલે જ આ બંને દ્રવ્યોના નામો જે ધર્મ અને અધર્મ છે તેના અર્થો ધર્મપુરુષાર્થના જે અર્થો છે તેવા ન કરી શકાય.

ધર્માસ્તિકાયનો અર્થ, ધર્મપુરુષાર્થ સંબંધી ધર્મના જે અર્થો કર્તવ્ય, પુણ્ય, ગુણ, સુકૃત કર્યા છે, એવો ન કરવો. તેમ અધર્માસ્તિકાયનો અર્થ અધર્મ કહેતાં પાપ, દુર્ગુણ, દુષ્કૃત, ફરજચ્યુતતા-અકર્તવ્ય આદિ નહિ કરવો. એ પણ ભૂલવું ન જોઇએ કે પાપ, દુર્ગુણ, દુષ્કૃત આદિમાં પણ ક્રિયા તત્વ છે જે ગતિ ને ક્રિયાત્મક છે.

ધર્મ અને મોક્ષ પુરુષાર્થના સ્વરૂપ ઉપરથી અથવાં તો ચારે પુરુષાર્થના સ્વરૂપ ઉપરથી લક્ષણાથી કે ઉપલક્ષણથી, ગતિપ્રદાયકને સ્થિતિપ્રદાયક પદાર્થોના નામ અનુક્રમે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સમજવાં જોઇએ. આપણાં રોજ બ રોજના વ્યવહારમાં જીવનમાં બનતા બનાવો ઉપરથી પદાર્થોનાં અને ક્ષેત્રોનાં નામ ક્યાં નથી પડતાં ?

ઉદાહરણ તરીકે આપણા દેશનું નામ 'ભારત' હોવા છતાં ' હિંદુસ્તાન' નામ પડ્યું. આપણા દેશમાં કદિ અનાર્યો હતાં નહિ. આર્યો જ હતાં અને આર્યોનો જ દેશ હતો. આર્યો એટલે ધર્મને (મોક્ષ પુરુષાર્થને) પ્રધાન ઉપાદેય અને અર્થને કામ પુરુષાર્થને હેય ગૌણ માનનારી પ્રજા એટલે જ સંત વિનોબાજીએ હિંદુની વ્યાખ્યા એવી કરી છે કે હિંસા કરતાં જે દુભાય છે- જેને દુઃખ થાય છે તે હિંદુ છે. જ્યારે અનાર્ય અર્થને કામ પુરુષાર્થને જ સર્વસ્વ માનનારી પ્રજા. ધર્મને મોક્ષ શબ્દોનો કદાચ અનાર્યો પ્રયોગ કરતાં હોય તે કેવળ નામરૂપ જ હોય છે. પરંતુ અર્થરૂપ, ભાવરૂપને કર્તવ્યરૂપ કરણીરૂપ નથી હોતા.

જેમ કે એક વ્યક્તિનું નામ લક્ષ્મીચંદ પાડવામાં આવ્યું પરંતુ તે જો ભીખ જ માંગતો હોય તો તેનું લક્ષ્મીચંદ એવું નામ તે માત્ર નામ જ છે. તે અર્થને ભાવરૂપ નથી. આ રીતે આપણા દેશમાં વસનાર આર્યો ઉપરથી આર્યદેશ, આર્યાવર્ત એવું નામ પડ્યું અને આર્યોને જ્યારે હિંદુ કહેવાયા ત્યારે તેઓ જે દેશમાં વસતાં હતાં તે દેશનું નામ હિન્દુસ્તાન પડ્યું.

સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલ જૈન ધર્મમાં ચૌદ રાજલોક પ્રમાણ લોકાકાશ ક્ષેત્રમાં તીછર્લોક આવેલ છે એવું જૈન ભૂગોળ જણાવે છે. આ તીર્છાલોકમાં મહાવિદેહ નામના ક્ષેત્રો આવેલ છે. એ ક્ષેત્રોનું નામ મહાવિદેહ કેમ પડ્યું ? એ નામ રહસ્ય જાણવા જેવું છે. ત્રણેય કાળમાં એટલે કે હંમેશા જે ક્ષેત્રમાં વિદેહી અર્થાત દેહભાવ વિનાના-દેહભાવ રહિત આત્માઓ વિદ્યમાન છે તે ક્ષેત્રને વિદેહ ક્ષેત્ર કહેવાયું. વિદેહ એટલે દેહભાવ રહિત કેવલજ્ઞાની ભગવંત. આ ક્ષેત્રો સિવાય અન્યત્ર વિદેહી એવાં કેવળી ભગવંતો ત્રણેય કાળમાં અર્થાત હંમેશ વિદ્યમાન હોતાં નથી. તો પછી વિદેહીનો જ્યાં વસવાટ છે એવાં ક્ષેત્રને મહાવિદેહ કેમ કહ્યું ? એનું સમાધાન એ છે કે આવા વિદેહી કેવળી ભગવંતો તે તે ક્ષેત્રમાં પાંચ પચાસની સંખ્યામાં નહિ પરંતુ લાખોની સંખ્યામાં વિદ્યમાન હોય છે. તેથી મહા શબ્દને જોડી તેનું નામાભિધાન મહાવિદેહ રખાયું. વળી આત્માની જાતમાં વિદેહી કેવળી ભગવંતોના આત્માને જ મહાન આત્મા કહી શકાય કેમકે આત્માની તે જ પરમ અવસ્થા અર્થાત પરમાત્માવસ્થા છે તેથી કરીને પણ મહા વિશેષણથી તે ક્ષેત્રોને મહાવિદેહ કહેવામાં આવે છે.

આપણે જ્યાં જે ક્ષેત્રમાં વર્તમાનમાં વસીએ છીએ તે ક્ષેત્રને જૈન તેમજ વૈદિક ભૂગોળમાં જંબૂદ્વીપ તરીકે ઓળખવામાં આવે છે કેમકે તે ક્ષેત્રના મધ્યભાગમાં એક મહાન જંબૂવૃક્ષ આવેલ હતું.

આમ નામ એ વસ્તુ-વ્યક્તિને ક્ષેત્રની ઓળખ છે અને તે તેની વિશિષ્ટતા દર્શાવે છે. વ્યક્તિનું નામ એક હોય અને એના વિશિષ્ટ ગુણને કારણે તે અન્ય નામે ઓળખાતી હોય. જેમકે જન્મનું નામ વલ્લભભાઇ પરંતુ દૃઢ લોખંડી સ્વભાવને કારણે તેમજ સરદારીના ગુણના કારણએ તેઓ ઓળખાયા લોખંડી પુરુષ અથવા સરદાર તરીકે.

ધર્માસ્તિકાયને અધર્માસ્તિકાય એવાં બે નામો પણ ઉપર જણાવ્યા મુજબ જીવમાં રહેલ ક્રિયાત્મક ભાવોને અનુસરીને પાડવામાં આવેલ છે. હવે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે તો પછી અવગાહના પ્રદાયક પદાર્થને આકાશ કેમ કહેવામાં આવ્યો ?

આકાશ શબ્દનો સીધો અર્થ જ અવગાહના આપવી એવો થાય છે. અવગાહના આપવી એટલે કે બીજાં પદાર્થોને પોતામાં સ્થાન આપવું- પોતામાં સમાવવા.

હવે બીજાંને પોતામાં સમાવવા એ અર્થમાં આકાશ આકાશાસ્તિકાય દ્રવ્ય કરતાં પણ આ વિશ્વમાં આત્મા એવો એવો પદાર્થ છે, દ્રવ્ય છે અને એ આત્માદ્રવ્યમાં એવી અદ્વિતીય શક્તિ છે કે જે પોતામાં-પોતાના નાનામાં નાના આત્મપ્રદેશમાં મોટાંમાં મોટાં આકાશ જેવાં અસીમ મહાન ક્ષેત્રને આકાશદ્રવ્યને સમાવી શકે છે . આ જ સંદર્ભમાં તો આત્માને 'અણોરપિ અણિયાન મહતોપિ મહિયાન' કહેલ છે. કદાચ તરત બુદ્ધિગમ્ય ન લાગે, પરંતુ આ તો એના જેવું છે કે પર્વત મોટો ને આંખ નાની. નાની અમથી આંખમાં મોટો એવો પર્વત સમાઇ જાય અર્થાત નાની એવી આંખ મોટાં એવાં પર્વતને નિહાળી શકે તેના જેવું છે. મોટા એવાં ગ્રંથને માઇક્રો ફિલ્મ ઉતારીને નાનો નથી બનાવી શકાતો ?

આત્માનું સ્વરૂપ જ્ઞાન છે. અને જ્ઞાનનો અર્થ જાણ પણ છે. વળી જ્ઞાનનું સ્વરૂપ કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન એટલે સર્વજ્ઞાન અર્થાત સર્વ જ્ઞાયક એવો જ્ઞાની એટલે કેવળજ્ઞાની અર્થાત સર્વજ્ઞ. અહીં સર્વ જ્ઞાયકમાંના સર્વનો અર્થ, સર્વ પદાર્થોમાં રહેલાં સર્વ ત્રિકાલિક ભાવો યાને કે ગુણ પર્યાય, એવો થાય છે.

જેમ એક અરીસો એનામાં ગમે એટલાં નાના-મોટા, જાડા-પાતળા બધાં ય આકારના ને બધાં ય ચિત્ર વિચિત્ર રંગ ઢંગવાળાને આકાર પ્રકારવાળા પદાર્થોને, પ્રતિબિંબિત કરી સમાવી શકે છે તેમ આત્માના જ્ઞાનનું સર્વજ્ઞપણું પણ એક મહાન અરીસા રૂપ અથવા તો બિંબ અને આદર્શરૂપ છે, કે જેમાં આકાશ જેવું અસીમ ક્ષેત્રમહાન દ્રવ્ય અનાદિ અનંત સંસારી જીવને પુદ્ગલ દ્રવ્ય જે ક્રમથી અનંત આકારોને પામી રહ્યાં છે તેના અનંતભૂતને અનંત ભવિષ્યવત આકારોને યુગપદ એક જ સમયમાં પોતાની ચિદ્જ્ઞાયક શક્તિમાં અર્થાત ચીદાકાશમાં સમાવી શકે છે આત્માની આ ચિદશક્તિને તેથી જ તો ચિદાકાશ કહેલ છે. જડ એવાં આકાશદ્રવ્યમાં ચાર અસ્તિકાયના માત્ર પ્રદેશો જ સમાય છે. પરંતુ તે સર્વ અસ્તિકાયના પ્રદેશોમાં રહેલાં ગુણ-પર્યાયોને એટલે કે ભાવોને સમાવી શકતું નથી.

ઉદાહરણ તરીકે...સાકરનો એક ગાંગડો અથવા કણસમૂહ સ્કંધ છે જે આકાશમાં સમાયેલ છે અર્થાત આકાશમાં રહેલ છે. પરંતુ તે પુદ્ગલ સ્કંધ ગાંગડામાં રહેલ મીઠાસ, ચીકાસ, શ્વેતતા આદિ જે છે તે સાકરના ગુણ-ભાવ એ કણસમૂહ સ્કંધમાં સમાયેલ છે. એટલે કે શ્વેતતા, ચીકાશ, મીઠાશનું ક્ષેત્ર સાકરનો કણ સમૂહ છે અને નહિ કે આકાશાસ્તિકાય ! જેમકે ટેબલ ઉપર રહેલ દૂધનો કપ. કપ ટેબલ ઉપર રહેલ છે. પરંતુ દૂધ કપમાં રહેલ છે. આમ ક્ષેત્રના બે ભેદ પડ્યાં. એક તો પદાર્થમાં રહેલ સ્વગુણ ભાવોનું ક્ષેત્ર અને તે સ્વગુણ ભાવોના આધાર રૂપ દ્રવ્ય (પદાર્થ)નું ક્ષેત્ર. સ્વદ્રવ્ય એ ક્ષેત્ર કહેવાય અને તે દ્રવ્યમાં રહેલ તે દ્રવ્યના ગુણ-પર્યાયો (ભાવ) ક્ષેત્રી કહેવાય.

સ્વગુણપર્યાય (સ્વભાવ)ને સમાવનાર જે દ્રવ્ય છે. તે સ્વદ્રવ્ય છે સ્વક્ષેત્ર છે. એ સ્વપ્રદેશના સમૂહરૂપ એક દ્રવ્ય છે. વળી એ સ્વપ્રદેશના સમૂહરૂપ દ્રવ્ય આકાશાસ્તિકાય દ્રવ્યમાં સમાયેલ છે.

આમ આકાશાસ્તિકાય એ ક્ષેત્ર છે. અને તેમાં સમાયેલ રહેલ બાકીના ચાર અસ્તિકાય દ્રવ્યો ક્ષેત્રી છે. અને તે ચાર અસ્તિકાય દ્રવ્યોના પ્રદેશપિંડમાં સમાયેલ, રહેલ ગુણભાવો ક્ષેત્રી છે અને તે દ્રવ્ય પ્રદેશપિંડ એ ગુણભાવોનું સ્વક્ષેત્ર છે, સ્વદ્રવ્ય છે.

આ પ્રમાણે ક્ષેત્ર-ક્ષેત્રી ભાવ બે રીતે ઘટાવાય ! એક ગુણ પર્યાયભાવોનું ક્ષેત્ર અને ગુણ-પર્યાય-ભાવના ક્ષેત્રનું ક્ષેત્ર. જેને આકાશાસ્તિકાય કહેવાય. ઉદાહરણ તરીકે હું વિમાનમાં છું. અને વિમાન આકાશમાં છે. હું નું સ્થાન-ક્ષેત્ર વિમાન અને વિમાનનું સ્થાન ક્ષેત્ર આકાશ.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિનું ક્ષેત્ર પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય અને પુદ્ગલાસ્તિકાય દ્રવ્યનું ક્ષેત્ર આકાશાસ્તિકાય દ્રવ્ય એટલે કે આકાશ ક્ષેત્ર અને પુદ્ગલ-પ્રદેશપિંડ ક્ષેત્રી. એટલે વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિનું ક્ષેત્ર આકાશ દ્રવ્ય નહિ પણ પુદ્ગલપ્રદેશપિંડ.

વળી આ આકાશાસ્તિકાય દ્રવ્યનો પોતાનો ગુણ પોતાનો ભાવ આવગાહના પ્રદાન શક્તિ છે. તેથી નિશ્ચયથી આકાશદ્રવ્ય એ અવાગાહના પ્રદાન સ્વગુણનું ક્ષેત્ર છે જ્યારે વ્યવહારથી ધર્મ, અધર્મ, જીવ, પુદ્ગલ એ ચાર દ્રવ્યોના પ્રદેશપિંડનું ક્ષેત્ર છે. પરંતુ તે ચાર દ્રવ્યમાં સ્થિત સ્વગુણભાવનું ક્ષેત્ર આકાશદ્રવ્ય નથી એ ખ્યાલમાં રાખવું.

જ્ઞાન દર્શન વેદનાદિ ભાવોનું ક્ષેત્ર આત્મપ્રદેશ છે. અને આત્મપ્રદેશ આકાશ દ્રવ્યમાં રહેલ છે. જો તે શુદ્ધાત્મા, સિદ્ધાત્માના આત્મપ્રદેશ હોય તો પરંતુ સંસારી જીવોના અશુદ્ધાત્માના આત્મપ્રદેશો દેહમાં રહેલ છે અને દેહ આકાશમાં રહેલ છે. આટલી સમજણ બાદ હવે મોટો પ્રશ્ન આપણને એ ઉદ્ભવે છે કે ચારેય અસ્તિકાયના પ્રદેશપિંડો જો આકાશમાં સમાયેલ છે તો સ્વયં આકાશ શેમાં સમાયેલ છે ? બધાં ય દ્રવ્યોને સમાવનાર મૂળ આધારરૂપ અથવા કારણરૂપ આકાશદ્રવ્ય છે . સિદ્ધાંત એ છે કે આધારનો મૂળાધારનો કોઇ આધાર ન હોય. મૂળ કારણનું કોઇ કારણ ન હોય અને અંતિમ કાર્યનું પછી આગળ કોઇ કાર્ય ન હોય ! થયા પછી થવાપણું આગળ ન હોય !

એક અસદ્ કલ્પના કરીને માની લો કે આકાશને સમાવનાર બીજો આકાશ છે. તો તે બીજો આકાશ શેમાં સમાયો ? એ પ્રમાણે બીજા, ત્રીજા, ચોથા કેટલાં આકાશ ઊભા કરીશું ? આકાશનો પોતાનો જ ગુણ સમાવવાનો છે, અવગાહના આપવાનો છે. જેનામાં પોતામાં જ સમાવવાની ક્ષમતા છે એને પોતાને બીજામાં સમાવાની આવશ્યકતા રહેતી નથી. પાણીની પરબમાં બેસી વટેમાર્ગુને પાણી પાનારા એ પાણી પીવા માટે બીજે જવાનું રહેતું નથી. પાણી પાનારો કેમ તરસ્યો હોય ? મૂળાધારનો કોઇ આધાર ન હોય ! અનાથોનો નાથ સ્વયં નાથ હોય સર્વશક્તિમાન હોય ! એથી તો લોક કહેવત છે કે 'ધણીનો કોઇ ધણી છે ?' ધણીનો કોઇ ધણી ન હોય !

ઉપર જણાવ્યા મુજબ મૂળાધારનો કોઇ આધાર નથી, અંતિમ મૂળ કારણનું કોઇ કારણ નથી તેમ અંતિમ છેવટના કાર્યનું કોઇ કાર્ય નથી હોતું.

આ વિશ્વમાં કારણ કાર્યની પરંપરા માત્ર જીવ અને પુદ્ગલ દ્રવ્યોમાં જ ચાલી રહી છે. પુદ્ગલદ્રવ્યમાં અનાદિકાળથી કારણ કાર્ય અને નિમિત્ત નૈમિત્તિક ભાવો ગતિમાન છે. પુદ્ગલદ્રવ્ય વિષે એ કારણ કાર્ય અને નિમિત્ત નૈમિત્તિક ભાવોની પરંપરા કદી અટકનાર નથી. એટલે કે તે પરંપરા અનાદિથી ચાલું છે અને અનંત કાળ સુધી ચાલું જ રહેવાની છે. તેથી તે પુદ્ગલ દ્રવ્ય વિષે અનંત કાળે પણ અંતિમ કાર્ય નથી. સંસારી જીવ પણ અનાદિકાળથી પુદ્ગલના સંગે એજ રંગે રંગાયેલ છે. તેનાથી એટલે કે પુદ્ગલના સંગથી છૂટી, પોતાના સ્વરૂપને શુદ્ધ કરી સંસારી જીવ, જ્યારે પોતાના સિદ્ધ સ્વરૂપ પરમાત્મા સ્વરૂપનું પ્રગટીકરણ કરે છે તે સંસારી જીવ વિષેનું અંતિમ કાર્ય છે. આ એવંભૂત નય છે. એ કાર્ય થયા બાદ આગળ કોઇ કારણ, ક્રિયા કે કાર્ય થવું રહેતું નથી. આવા આ કાર્યને અંતિમ કાર્ય કહે છે. જીવ જાતનો અવિનાશી છે એટલે એને અંતિમકાર્ય સ્વ સ્વરૂપ પરમાત્મ સ્વરૂપ પ્રગટીકરણ હોય છે. જ્યારે પુદ્ગલ સ્વરૂપથી જ વિનાશી હોવાથી તેનું અંતિમકાર્ય હોતું નથી. પુદ્ગલ વિષે માત્ર વિનાશી પરંપરા જ હોય છે.

જીવનું સત્ય સ્વરૂપ અવિનાશી છે. જીવને સંસારમાં પ્રાપ્ત થયેલ જન્મ-મરણાદિ, ભવ-ભવાન્તરાદિ વિનાશી દશા પુદ્ગલ દ્રવ્યના સંગે અને રંગે છે. આમ સંસારી જીવની જાત-પોત અવિનાશીની છે, પણ ભાત વિનાશી એવાં પુદ્ગલની છે.

જ્યારે જીવ પુદ્ગલાનંદી મટી જઇ વીતરાગી બને છે ત્યારે પુદ્ગલદ્રવ્યનો રાગી-સંગી-રંગી મટી જઇ મુક્ત બને છે અને પોતાના સ્વભાવમાં, સ્વરૂપમાં, શુદ્ધાવસ્થામાં આવે છે અને તેના પરમાત્મસ્વરૂપનું પ્રગટીકરણ થાય છે. જીવ પોતાના સચ્ચિદાનંદ, અવિનાશી, અવિકારી સ્વરૂપને પામે છે. એ જીવની આત્યંતિક અવસ્થા છે અને એ અંતિમકાર્ય છે. પછી કાંઇ કરવાપણું કે થવાપણું રહેતું નથી. આ જ તો જીવને પુદ્ગલના અવિનાશી અને વિનાશીના એવા ભેદ છે.

હવે આકાશદ્રવ્યના નામકરણ વિષે વિચારીએ. અવગાહના આપનાર દ્રવ્યનું નામ આકાશ આપવામાં આવ્યું છે તે આત્માની જ્ઞાયકભાવની ચિદ્શક્તિના અનુસંધાનમાં આપવામાં આવ્યું છે. આત્માની સર્વજ્ઞતા ચિદ્શક્તિને ચિદાકાશ કહેલ છે કેમકે તે ચિદાકાશમાં સર્વદ્રવ્યોના પ્રદેશપિંડો અને તેમાં રહેલ ગુણભાવો સમાઇ જાય છે. આ વાતને લગતું એક સૂત્ર પણ વેદમાં સાંપડે છે જે નીચે પ્રમાણે છે.

આકાશવત સર્વગતશ્ચ નિત્યમહતો મહિયાન...એટલે કે આકાશ જેમ સર્વગત, નિત્ય અને ક્ષેત્રમહાન છે, એનાં કરતાં ય આત્મા મહાન છે. કારણકે આકાશ ચાર અસ્તિકાયોના પ્રદેશોને જ અવગાહના આપે છે, તેના ગુણભાવોને નહિ. આત્મા તો પોતાની જ્ઞાયકશક્તિ-ચિદાકાશમાં આકાશદ્રવ્ય સહિતના સર્વ દ્રવ્યના ગુણભાવોને પોતામાં અવગાહના આપે છે અર્થાત કેવળજ્ઞાનમાં સર્વ જ્ઞેય, તેના સર્વ ગુણભાવો સહિત, પ્રતિબિંબિત થાય છે. વળી આત્મા સર્વદ્રવ્યનો પ્રકાશક છે. સર્વદ્રવ્યને ખ્યાતિ આપનાર આત્મા છે.

આમ આત્માની જ્ઞાયક શક્તિ ઉપરથી અવગાહના આપનાર દ્રવ્યનું નામ આકાશ પડ્યું.

આ રીતે આત્મદ્રવ્ય પોતાના ગુણ અને શક્તિથી આ વિશ્વમાં સર્વદ્રવ્યોમાં સર્વોપરી એવું સર્વોચ્ચ દ્રવ્ય છે. સર્વને આત (અંદર)

સમાવનાર એવાં એ સર્વોપરી દ્રવ્યમું નામ આત્મા પડ્યું. જેના પેટાળમાં સર્વ છે તે આત્મા છે.

જીવની સરખામણીમાં ધર્મ, અધર્મને આકાશ દ્રવ્યો જડ હોવા છતાં તે દ્રવ્યોમાં સમાનતા નીચે પ્રમાણે છે.

અગુરૂલઘુગુણ, અક્ષયસ્થિતિ, અવ્યાબાધતા, અમૂર્તતા અને અરૂપીપણું એ ગુણો જીવ, ધર્મ, અધર્મ ને આકાશમાં સરખાં છે.

અગુરૂલઘુગુણ એટલે હાનિ-વૃદ્ધિ રહિતતાસમ અવસ્થા. વધઘટ રહિતતા સમત્વ.

અક્ષયસ્થિતિ એટલે ઉત્પાદ-વ્યય રહિતતા અવિનાશિતા.

અવ્યાબાદતા એટલે શૂન્યાવસ્થા-અસર અભાવ. ચારે દ્રવ્યો એક ક્ષેત્રીય હોવાં છતાં ન તો બાધા (અસર) પામે છે કે ન તો અસર બાધા બીજાં દ્રવ્યોને પહોંચાડે છે. આમ અવ્યાબાધતા એટલે બાધ્ય બાધક ભાવથી રહિતતા.

અમૂર્તતા એટલે ધર્મ અધર્માસ્તિકાયનું ચૌદ રાજલોક પ્રમાણ. કેડે હાથ દઇ ઊભેલ પ્રદેશપિંડ પુરુષાકાર આકૃતિ-સંસ્થાન જે છે તે સદા સર્વદા એવડીને એવડી જ રહે છે. ન તો તે સંકોચ પામે છે કે ન તો તેનો વિસ્તાર થાય છે. આકૃતિ નાની કે મોટી થતી નથી. એટલે કે મૂર્ત મૂર્તાતર નથી માટે અમૂર્ત છે. તેના પ્રદેશપિંડનો ઘેરાવો અર્થાત હદ ને કદ ત્રણે ય કાળમાં અનાદિ અનંત સમ રહે છે.

અરૂપીપણું એટલે ધર્મ અધર્મ આકાશનું જે સ્વરૂપ છે તે ગતિ સ્થિતિ અવગાહના પ્રદાન તે સ્વરૂપમાં કોઇ ફેરફાર કોઇ કાળે થતો નથી અર્થાત રૂપાંતર ન થતાં એક જ રૂપે તે રહે છે.

આવાં આ ગુણ, જીવ આત્મા જ્યારે પોતાના સિદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે ત્યારે તે આત્માના પ્રદેશપિંડને લાગુ પડે છે કેમકે તેની તે શુદ્ધાવસ્થા-સ્વરૂપાવસ્થા-સ્વભાવદશામાં તેની પ્રદેશપિંડ આકૃતિ ને તેના જ્ઞાન દર્શન અને આનંદ વેદનાદિ ગુણભાવો જ્યારે ક્ષાયિકભાવને પામ્યા ત્યારે ચાર ઘાતિકર્મના ક્ષયથી અવિનાશી. સ્વાધીન, અવિકારી પૂર્ણ બન્યા. ત્યારથી જે અગુરૂલઘુ આદિ ચાર ગુણ લાગુ પડી ગયા તે જ્યારે ચાર અઘાતિકર્મોનો ક્ષય થાય છે ત્યારે તે અગુરૂલઘુ આદિ ચાર ગુણો માત્ર પ્રદેશપિંડને લાગુ પડે છે. એવી અગુરૂલઘુ-અક્ષય અવ્યાબાધ-અમૂર્ત-અરૂપી દશા સંસારીજીવને લાગુ નહિ પડે. આ રીતે જડ હોવા છતાં આવી સમાનતા જીવાત્માની ધર્મ-અધર્મ-આકાશ સાથે છે. જો કોઇ ભેદ-અસમાનતા ફરક હોય તો તે એટલો જ છે કે જ્ઞાયકતા-વેદકતા ગુણથી જીવાત્મા ચેતન છે, જ્યારે ધર્મ અધર્મ આકાશ જડ છે. અને બીજી અસમાનતા હોય તો તે પ્રદેશ સંખ્યા બાબત છે. ધર્મ અધર્મ આકાશ દ્રવ્યો તે એક એક દ્રવ્ય છે. જ્યારે જીવ આત્મા અનંત દ્રવ્ય છે એટલે કે એક એક આત્મા સ્વતંત્ર દ્રવ્ય છે ને એવાં અનંત દ્રવ્યો છે.

બીજી બાજુ પુદ્ગલ અને ધર્મ અધર્મ આકાશ દ્રવ્યો વિષે જો કોઇ સમાનતા હોય તો તેમના જડત્વગુણની અચેતનતાની જ સમાનતા છે બાકી અનેક રીતે પુદ્ગલદ્રવ્ય જુદું પડે છે જે અસમાનતા છે.

પુદ્ગલદ્રવ્યના એક પરમાણુને પણ પુદ્ગલદ્રવ્ય કહેવાય અને એવાં ઘણાં પરમાણુ મળીને જે પુદ્ગલ સ્કંધ બને તેને ય પુદ્ગલદ્રવ્ય કહેવાય. વળી પુદ્ગલ પરમાણુ જ્યારે પુદ્ગલ સ્કંધમાં ભળે ત્યારે તે સ્કંધનો તે પુદ્ગલ પરમાણુ એક વિભાગ બની જાય છે, અંશ બની જાય છે. ત્યારે તે પુદ્ગલ પરમાણુને અંશ કે પર્યાય કહેવાય છે એ અપેક્ષાએ તે પુદ્ગલ પરમાણુને તે પુદ્ગલ સ્કંધનો દ્રવ્યાંશ પર્યાય તરીકે કહેવાય છે.

જેમ પ્રત્યેક દ્રવ્યમાં પોત પોતાના ગુણ હોય છે. તેમ પુદ્ગલ દ્રવ્યમાં એકથી અધિક ત્રિકાળ પ્રાપ્ત વર્ણ ગંધ રસને સ્પર્શ એવાં ચાર ગુણ હોય છે. જ્યારે તેથી વિરુદ્ધ ધર્મ અધર્મ આકાશ અને આત્માના મુખ્ય એક એક ગુણ હોય છે જે અનુક્રમે ગતિ, સ્થિતિ, અવગાહના ને ઉપયોગ લક્ષણ છે. આ ઉપરાંત પુદ્ગલ દ્રવ્યના સ્કંધોના અનેક ભેદો છે એ ભેદોનું વર્ગીકરણ મુખ્ય આઠ ભેદમાં કરવામાં આવેલ છે. એને આઠ વર્ગણા કહેવામાં આવે છે. એ આઠ વર્ગણાને ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, કાર્મણ, શ્વાસોશ્વાસ, ભાષા અને મન તરીકે ઓળખવામાં આવે છે.

આ આઠે વર્ગણાનું ભેદ સ્વરૂપ એ છે કે તે એકેક વર્ગણા એકેક કામ આપી શકે છે. આઠે વર્ગણા ચૌદ રાજલોકમાં સર્વક્ષેત્રે વ્યાપક છે.

જ્યારે આપણે બોલીએ ત્યારે ભાષાવર્ગણાના પુદ્ગલો ભાષા રૂપે પરિણમી વચનયોગ બને છે. શ્વાસ લઇએ ત્યારે તે પ્રાણરૂપ પરિણમે છે, વિચારીએ ત્યારે તે મનોયોગ બને છે.

આ રીતે પુદ્ગલદ્રવ્યમાં અનેક ભેદો છે અને વળી તે ભેદોના પણ પાછા પ્રભેદ છે. આમ ભેદની પરંપરા છે. એ બધી ભેદ પરંપરા અનેક રીતે વિષમ છે. આમ હોવાથી પુદ્ગલ દ્રવ્ય જડની જાતિનું તો છે જ પણ તે ઉપરાંત તેમાં ખંડ ખંડ પણું, ગુણોમાં વિનાશી પણું (અર્થાત ઉત્પાદ-વ્યય, આવવા જવા પણુ, પુરન ગલન) છે. આવી અનેક વિચિત્રતા-વિવિધતા ને વિષમતા છે. આથી પુદ્ગલદ્રવ્યની ધર્મ-અધર્મને આકાશથી અસમાનતા છે. આ અસમાનતાઓ ઉપરાંત પુદ્ગલદ્રવ્ય જીવથી વિરુદ્ધ છે. તે અજીવ જડ છે. બે જીવ સાથે વધારાની એ અસમાનતા વિજાતીયતા છે.

પુદ્ગલદ્રવ્ય બીજાં બધાય દ્રવ્યથી જુદું પડી જતું હોવાથી એના દ્રવ્ય ગુણને પર્યાયની પ્રક્રિયાના ભેદથી સ્વભાવ પ્રમાણે પુરન ગલન જેમાં છે તે પુદ્ગલ એવું સ્વતંત્ર નામકરણ કરવામાં આવેલ છે. જ્યારે ધર્મ અધર્મ આકાશને આત્માના ગુણભાવ સાથે કાંઇક સંબંધ હોવાને લઇને તેને અનુલક્ષીને તે તે દ્રવ્યોનું નામકરણ કરેલ છે.

જીવની સ્યાદ દશાને અને પંચાસ્તિકાયના સ્વરૂપને સમજીને આપણે ધર્મપુરુષાર્થને મોક્ષપુરુષાર્થ આદરી આત્માના પરમાત્મ સ્વરૂપનું પ્રગટીકરણ કરી, જન્મમરણના ચકાવામાંથી, સુખદુ:ખના દ્વંદ્વમાંથી છૂટી સચ્ચિદાનંદ સ્વરૂપને પામીએ એવી અલ્પર્થના !

❑ સંકલન : સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી


## પ્રબુદ્ધ જીવન

(રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ રુલ્સ ૧૯૫૬ના અન્વયે)

(ફોર્મ નં. ૪)

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | |
|---|---|
| ૧. પ્રસિદ્ધિનું સ્થળ | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, |
| | : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪. |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : દર મહિનાની સોળમી તારીખ. |
| ૩. મુદ્રકનું નામ | : ચીમનલાલ જે. શાહ |
| ક્યા દેશના | : ભારતીય |
| ૪. ઠેકાણું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, |
| | : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪. |
| ૫. પ્રકાશકનું નામ | : ચીમનલાલ જે. શાહ |
| ક્યા દેશના | : ભારતીય |
| ઠેકાણું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી |
| | : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪. |
| ૬. તંત્રીનું નામ | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| ક્યા દેશના | : ભારતીય |
| ઠેકાણું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, |
| | : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪. |
| ૭. માલિકનું નામ | : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, |
| અને સરનામું | : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪ |

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧-૩-'૯૩ રમણલાલ ચી. શાહ

# વધુ પડતી અપેક્ષા

❑ 'સત્સંગી'

બર્નાર્ડ શૉનાં નાટક 'You never can tell'માં શ્રીમતી કલેન્ડન તેનાં ત્રણેય મોટાં સંતાનોને લઇને લંડન આવે છે. આ સંતાનોનો પિતા કોણ છે તેની માહિતી શ્રીમતી કલેન્ડન અને તેના પતિ બંનેના મિત્ર M'comas આપે એ દૃશ્ય આવે છે ત્યારે પોતાની વાત સૌ ગંભીરતાથી લેશે એમ M'comas કહે છે. ત્યારેતેના પ્રતિભાવ તરીકે શ્રીમતી કલેન્ડનનો પુત્ર ફિલિપ કહે છે 'My knowledge of human nature teaches me not to expect too much. અર્થાત માનુષી સ્વભાવનું મને મારું જ્ઞાન વધુ પડતી અપેક્ષા ન રાખવાનું મને શીખવે છે.' 'વધુ પડતી અપેક્ષા ન રાખવી' એ સૂત્રનું સત્ય માણસમાત્રને પોતાનાં રોજબરોજનાં જીવનમાં તેમજ સમગ્ર જીવનની દૃષ્ટિએ અત્યંત લાભદાયી છે.

માણસ કુટુંબમાં રહે છે; તેને સગાંસંબંધીઓ, મિત્રો, સ્નેહીજનો, વ્યવસાયના સહકાર્યકરો, પડોશીઓ વગેરે સાથે સંબંધો છે. આવા સંબધોનું મહત્વ છે, મૂલ્ય છે. માણસ સ્વતંત્ર એકમ નથી, પરંતુ તેને ઘણી વ્યક્તિઓ પર આધાર રાખવો પડે એવું આ સંબંધોનું મોટું વર્તુળ છે. તેથી માણસ સહજ રીતે જ આ વર્તુળના સભ્યો પાસેથી કંઇક અપેક્ષા રાખે અને તે અનિવાર્ય છે. અપેક્ષા રાખવા સામે વાંધો ન જ હોય, પરંતુ વધુ પડતી અપેક્ષા રાખવાથી સઘળી ગડબડ થાય છે. કોઈ માણસે બીજા માણસ પાસેથી વધુ પડતી અપેક્ષા રાખી હોય છતાં તે એમ જ માને અને કહે, 'આટલી આશા તો સ્વજન પાસે રહેને?' ત્યારે સામી વ્યક્તિ એમ કહે છે, 'આ વધુ પડતી અપેક્ષા છે.' અર્થાત્ તેનાથી સામી વ્યક્તિની અપેક્ષા સંતોષી શકાય એમ નથી.

કોઇ ઉત્સાહી યુવાને લગ્ન વખતે હોંશભર્યા અરમાન રાખ્યાં હોય, પરંતુ લગ્ન પછી પોતાની પત્ની સાથેના સહવાસ અને પરિચય દરમ્યાન તેની પત્નીનાં પ્રેમ, સમજ, સ્ત્રીત્વ વગેરે અંગે યુવાનનું મન ન માને એમ પણ બને તેની આ નિરાશા પ્રાજ્ઞ લોકની અદાલતમાં ન્યાયી ઠરે ખરી? પ્રાજ્ઞ લોકોની અદાલતનો આ ચુકાદો હશે, 'ભાઇ, તેં નાટકો અને નવલકથાઓ વાંચ્યાં હશે. ભલે વાંચ્યાં. પરંતુ તું કોઇ નાટક કે નવલકથાની નાયિકા સાથે નથી પરણ્યો. તું આ ધરતી પરની છોકરીઓ જેવી એક છોકરીને પરણ્યો છે. તેમ છતાં તારે નાટક કે નવલકથાની નાયિકા જોઇતી હોય તો તારી પત્નીને તારી મિત્ર બનાવ. શરત એટલી જ છે કે તું તારી પત્ની પાસે વધુ પડતી આશા ન રાખ.' તેવી જ રીતે કોઇ યુવતી લગ્ન પછી પોતાના પતિ અંગે નિરાશા અનુભવે તો પ્રાજ્ઞ લોકોની અદાલતનો આ ચુકાદો હોય, 'તારે તારા પતિમાં નાટક કે નવલકથા કે ચલચિત્રના નાયકનાં દર્શન કરવાં હોય તો તેનામાં પરમેશ્વરનો ભાવ રાખીને તેને મિત્ર ગણ. તેને પ્રેમ અને હૂંફ આપ. વધુ પડતી અપેક્ષા રાખ્યાં વિના સદા તેની પડખે ઊભી રહે.'

રોજબરોજનાં દાંપત્યજીવનમાં પણ વધુ પડતી અપેક્ષા અશાંતિ ઊભી કરે છે. પતિ ઘેર આવે ત્યારે પત્નીનો આવકાર, પીરસવું, વાતચીત વગેરેમાં તે તેની કલ્પનાના પ્રેમની અપેક્ષા રાખે છે . જે ધરતી પર શક્ય નથી. જે શક્ય છે અને જે ખરેખર હોય છે તે તે જોઇ શક્તો નથી. તેના મનમાં બંધાયેલા ખ્યાલ પ્રમાણેનો પ્રેમ તેની પત્નીમાં હોય તો તે તેને જોવા ઉત્સુક બને. પોતે પોતાની પત્નીને કેટલો પ્રેમ આપે છે તેવાં આત્મનિરીક્ષણની તેને સ્મૃતિ પણ ન રહેતી હોય એવું બને. તેવીજ રીતે પત્ની તેના પતિનાં વાણી અને વર્તનમાં પોતાની ધારણાના પ્રેમની શોધ કર્યા કરે તો તેને નિરાશ પણ થવું પડે. ઘડીભર પ્રેમલગ્ન હોય તો પણ પરણવાથી પતિના પ્રેમનું ઝરણું એકાએક ફૂટી નીકળતું નથી. અહીં બંને પક્ષે વધુ પડતી અપેક્ષા છે અને વાસ્તવિકતાનો અસ્વીકાર છે.

'મારે ઘણા મિત્રો છે' એમ કોઇ વ્યક્તિ ગૌરવથી કહે છે; તો વળી બીજી વ્યક્તિ બોલે છે, 'મારે એટલા મિત્રો છે કે પ્રસંગે બધાને મળી પણ શકતો નથી.' આમાં તાળીમિત્રો કેટલા અને ખરા મિત્ર કેટલા એ તો બોલનાર વ્યક્તિને જ ખબર હોય. 'મૈત્રી' ઘડીભર થવા પામે, પણ ભાગ્યે જ વધારે સમય ટકતી હોય છે. મૈત્રી ન ટકવાનું મુખ્ય કારણ 'વધુ પડતી અપેક્ષા' જ છે. મિત્ર ધનવાન હોય અથવા વગવાળો હોય. માણસને અનેક પ્રશ્નો હોય તેથી મિત્ર વિશેષ મદદરૂપ થયા કરે એવી અપેક્ષા રહેવા લાગે છે. થોડા સમય પછી આવી વધુ પડતી અપેક્ષાના પરિણામે તાળીમિત્રના જેવી મૈત્રી બની જાય અને કેટલીકવાર તો સામા મળવાનું બને ત્યારે પેલો મિત્ર રસ્તો બદલાવી નાખે એવો તેને અણગમો પણ આવી જાય. જ્યાં વધુ પડતી અપેક્ષા નથી, પણ કેવળ સદ્‌ભાવ છે; મિત્રનાં સુખમાં રાજી અને દુઃખમાં સહાનુભૂતિ હોય ત્યાં જ ખરી મૈત્રી છે અને તે મૈત્રી ટકતી હોય છે.

મોટે ભાગે સગાં સંબંધીઓ વચ્ચે ઔપચારિક વ્યવહાર રહે છે, પણ હેત-ભાવ-મીઠાશ રહેતાં હોતાં નથી. 'વધુ પડતી અપેક્ષા'ને લીધે મનદુઃખ થતાં વાર લાગતી નથી. દીકરીવાળા દીકરાવાળાને વગર માગ્યે આપ્યા જ કરે, સેવાભાવ રાખ્યા કરે તો દીકરાવાળાઓને સારું લાગે. એમાં સહેજ ફેર પડે એટલે પારકી દીકરી પ્રત્યે વલણમાં ફેર પડે અને વેવાઇ અંગે કચવાટ શરૂ થાય. જમાઇ પુત્રતુલ્ય ગણાય, પરંતુ જમાઇની ફરજ સાસુસસરા પાસેથી અપેક્ષા અને પ્રાપ્તિની જ રહે એવી જમાઇની વિચારણા આશ્ચર્યજનક નથી? પિતરાઇ ભાઇ-બહેનોના સંબંધ કેવા હોય એ સમજવા માટે કૌરવ-પાંડવોનો સંબંધ યાદ કરી લેવો બસ છે. વ્યાસ વલ્લભરામ સુરજરામકૃત ગેય મહાભારતમાં જ્યારે ભીમ દુર્યોધન પાસેથી બળજબરીથી પાંડવોનાં હકના બેતાળીસ હજાર દેશ લખાવી લે છે ત્યારબાદ કેવે સ્થળે રહેવા જવું એ સંબંધમાં ભાભી કહે છે,

**'પાણીનો સુકાળ સગાંનો દુકાળ,**
**હોય તેવે સ્થળે રહીએ;**
**આપણે આપણું રાજ્ય કરીશું,**
**ચાલો ઇન્દ્રપ્રસ્થ જઇએ.' (આદ્યપર્વ)**

આપણે કહીએ છીએ 'સગાવહાલાં' 'સ્વજનો', પરંતુ વધુ પડતી અપેક્ષાને લીધે સગાં દવલાં બને છે અને અંતર એટલું વધી જાય છે કે 'સ્વજન' શબ્દ જીભ પર આવી શકતો નથી.

પહેલું સગું પાડોશી એવી લોકવાયકા બની છે. સગું કામ ન આવે પણ સારો પડોશી જરૂર કામ આવે. પડોશીનો સદ્‌ભાવ કબૂલવાની સાથે એમ કહેવું જ પડે છે કે માણસ પડોશી પાસેથી વધુ પડતી અપેક્ષા રાખતો થઇ ગયો તેથી આજે પડોશી પડોશીના સંબંધો તંગ બની ગયા છે. એવું જ વ્યવસાયના સહકાર્યકરો સાથે થાય છે. સહકાર્યકરો સાથેનો સંબંધ ૩-૪ કે સાત કલાક સુધીનો હોય છે. સૌએ પોતાનું કામ કરવાનું હોય છે, પરંતુ સમય જતાં સરખે સરખા વચ્ચે મિત્ર જેવો સંબંધ બંધાય, મોટેરાઓ સાથે વડીલ-નાનેરા જેવા સંબંધો પણ બંધાય. આ સંબંધોની ભૂમિકામાં એકબીજા હળેમળે અને પરસ્પર સહકારનું વલણ રાખે તેમાં કંઇ જ ખોટું નથી. પરંતુ સમય જતાં આર્થિક ફાયદા, લાગવગ, આવડત, વગેરેની ભૂમિકામાં જે પ્રશ્નો વ્યક્તિના ઉદ્‌ભવે તેમાં સહકાર્યકરો પાસે વધુ પડતી અપેક્ષા રાખવાનું વલણ થવા લાગે છે. પરિણામે, જે સારા સંબંધો થયા હોય તેમાં તિરાડ પડતાં વાર લાગતી હોતી નથી. તેવી જ રીતે વ્યવહારમાં કોઇ વડીલ સાથે સંબંધનું નિર્માણ થયું. પણ પછી વડીલ પિતાતુલ્ય બનીને અવાનનાવાર હૂંફ, માર્ગદર્શન, પૈસાની મદદ, તેમના આશીર્વાદ વગેરે આપતા રહે એવી

અપેક્ષા ખરેખર 'બેહદ અપેક્ષા' છે. આવી અપેક્ષા સંબંધો ટકાવી શકતી નથી.

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારીએ તો સત્ય એ છે કે માણસને નાનીમોટી ઇચ્છાઓ રહેતી હોય છે. તેની તે ઇચ્છાઓ તૃપ્ત થાય તેવી માણસની ઝંખના રહેતી હોય છે. જ્યારે તેનું વાસ્તવિક જીવન એવું છે કે તેની કોઇ ઇચ્છા સંતોષાઇ શકે તેમ નથી. માણસ તે ઇચ્છાઓ સંતોષવા આતુર હોય છે. તેથી જેમ તેની ઇચ્છાઓ સ્વપ્ન કે દિવાસ્વપ્ન દ્વારા સંતોષાય છે તેમ તેની કેટલીક ઇચ્છાઓ જાણે સંતોષાઇ છે એવો માનસિક અનુભવ એ જ 'વધુ પડતી અપેક્ષા'. માણસ ગમે તેના પ્રત્યે 'વધુ પડતી અપેક્ષા' સેવે એ દ્વારા જાણે તેની કેટલીક ઇચ્છાઓ સંતોષાઇ રહી છે એવો તેને માનસિક અનુભવ થતો હોય છે. આ માનસિક અનુભવ એટલો મીઠો હોય છે કે તે તેમાંથી બહાર નીકળીને વાસ્તવિકતાનો ખ્યાલ કરી શકતો નથી. જ્યારે તે સભાનપણે વાસ્તવિકતાનો ખ્યાલ લે છે, ત્યારે તેણે માની લીધેલી કડવી વાસ્તવિકતાથી તે ખિન્નતા અનુભવે છે; તેથી તે વધુ પડતી અપેક્ષા રાખીને મનનગમતી પરિસ્થિતિનો કાલ્પનિક સંતોષ મેળવે છે. પરંતુ 'વધુ પડતી અપેક્ષા'નું પરિણામ આઘાતજનક આવે છે ત્યારે તે નિરાશ બને છે; પોતાનો વાંક કાઢવાને બદલે તે અન્ય વ્યક્તિઓ અને સંજોગોનો વાંક કાઢે છે.

ખરી રીતે જોતાં માણસને તેની બાલ્યાવસ્થાથી સતત યોગ્ય માર્ગદર્શનની જરૂર છે. માબાપ, શિક્ષકો, સાધુસંતો અને મિત્રો દ્વારા તેના પોતાના પગ પર ઊભા રહેવું એ જ યોગ્ય જીવન છે એવું માર્ગદર્શન મળતું રહે તો તે પુખ્ત વય સુધીમાં 'વધુ પડતી અપેક્ષા'ની ભૂમિકા પરનાં દિવાસ્વપ્નમાંથી બચવા પામે. માણસ પોતાની દુનિયા કરતાં બીજાંની દુનિયા વધારે આકર્ષક અનુભવે છે એટલે પોતાની દુનિયાનો સહજ રીતે સ્વીકાર કરી શકતો નથી. વધારે સારા સંજોગોની કલ્પના 'વધુ પડતી અપેક્ષા'ને જન્મ આપે છે. તેથી જ જીવનનાં ઘડતર માટે ધાર્મિક માર્ગદર્શન વડીલો અને સંતોનાં આચરણ અને શબ્દો દ્વારા અત્યંત અનિવાર્ય જ છે. પોતાની પરિસ્થિતિના સ્વીકાર સંબંધમાં અમેરિકાના મહાન વિચારક એમર્સને કહ્યું છે, 'Accept the place the divine providence has found for you, the society of your contemporaries, the connection of events. અર્થાત દૈવી સત્તાએ તને જે સ્થાન આપ્યું છે તે, સમકાલીનોનો સમાજ, જે રીતે બનાવોનો સંબંધ ચાલ્યો આવતો હોય તે સઘળાંનો સ્વીકાર કરો.'

સાધુ ટી. એલ. વાસવાણી 'Accept-સ્વીકાર કરો' પર ખૂબજ ભાર મૂકતા હતા. માણસ પોતાની જે પરિસ્થિતિ હોય તેનો સહર્ષ સ્વીકાર કરે, વાસ્તવિકતાને રાજી થઇને વધાવી લે તો તેનાં યોગ્ય જીવનની ઘણી સુંદર શરુઆત થઇ ચૂકી જ ગણાય. 'રાજી રહેવું' એ માનવજીવનનો કદાચ મોટામાં મોટો કોયડો છે. જ્યારે માણસ પોતાની પરિસ્થિતિ જે છે તે બરાબર છે એવી છાપ તેના પર મારે છે ત્યારે તેને માટે રાજી થવાની કપરામાં કપરી વાતની શરુઆત થાય છે. પછી તેને 'વધુ પડતી અપેક્ષા'નું ભૂત વળગે એવી શક્યતા રહેશે નહિ, કારણ કે જે પરિસિથિતિ હોય તેને વધાવી લેવાની વાત તેનાં માનસિક જીવનમાં ઠસાતી જ રહે છે. અલબત્ત, માણસનાં ચંચળ મન માટે 'Accept-સ્વીકારી લો'નું સૂત્ર અત્યંત અઘરું છે જ.

'Accept-વધાવી લો'નાં સૂત્રમાં ભારોભાર ડહાપણ રહેલું હોવા છતાં માણસનો રોજિંદો અને સમગ્ર વ્યવહાર 'વધુ પડતી અપેક્ષા'ના દુ:ખદ માર્ગ પર ચાલતો રહે છે. વેપારી પોતાની દુકાનના થડા પર સવારથી બેસી જાય છે. સારો વકરો થશે એવી વધુ પડતી આશાનાં
૭ દિવાસ્વપ્નમાં રાચતો ગ્રાહકોની રાહ તે જોતો રહે છે. સાંજે જે વકરો થયો તેથી તેને દુ:ખ થયું, આઘાત લાગ્યો. અવારનવાર આઘાત લાગે એવું વેપારની દુનિયામાં બનતું જ રહે. આ પ્રકારની નિરાશાના પરિણામે બ્લડ પ્રેસરની તકલીફ પણ થઇ આવે. પરંતુ જે કમાણી થાય તે જૈન ધર્મની પરિભાષામાં કર્મોદય પ્રમાણે કમાણી થઇ અને હિંદુ ધર્મની ભાષામાં ભગવાનની ઇચ્છા પ્રમાણે થઇ એવો ભાવ સતત સહજ રીતે રહે તો તબિયતની તકલિફ ઊભી કરે એવી નિરાશામાંથી બચી જવાય. ખરી વસ્તુ આ છે: 'વેપારી દુકાને જાય અને જે વેપાર થાય તે તેણે સ્વસ્થતાથી સ્વીકારી લેવો. તે પ્રમાણે પોતાનાં ખર્ચ, રહેણીકરણી વગેરે રાખવાં.' આવું તંદુરસ્ત વલણ કેળવવાથી વેપાર અને જીવન બંનેમાં આનંદ રહેશે. પોતાના ધંધાની પ્રગતિ માટે 'વધુ પડતી અપેક્ષા'માં રાચવાને બદલે ગ્રાહકોને સંતોષવા માટે કંઇક નક્કર પગલાં લેવાં જોઇએ. તે અંગે પોતાનાં વ્યક્તિત્વમાં કંઇ ખામી હોય તો તે સુધારવી જોઇએ. ધર્મની આરાધના હાર્દિક રીતે કરવી ઘટે, માત્ર વેપારના હેતુ માટે નહિ, પરંતુ પોતાનાં જીવન અને વ્યક્તિત્વને માટે. પરિણામે, પોતાનાં વ્યવસાયમાં પ્રગતિ અને સંતોષ થાય એવી પૂરી શક્યતા રહેલી છે.

'વધુ પડતી અપેક્ષા'માં રાચવાથી માનસિક આનંદ રહેલો છે, પરંતુ જ્યારે વાસ્તવિકતાનું ભાન થાય ત્યારે નિરાશ તો બનાય, પણ સાથે સાથે વસમી વાસ્તવિકતાની વ્યથા પણ થાય. આવો આંચકો અનુભવવાને બદલે 'વધુ પડતી અપેક્ષા'માં નથી રહેવું એવો ઐચ્છિક આંચકો સ્વીકારી લેવાથી વાસ્તવિકતાની માનસિક યાતના જે અનુભવવી પડે તેમાંથી બચી જવાય. આ ઐચ્છિક આંચકો અને નિરાશાજન્ય આંચકો બંને વચ્ચે જમીન આસમાનનો ફરક છે. આ ઐચ્છિક આંચકાથી થોડો વખત બેચેની લાગશે અને 'આવાં સુખસગવડ માટે મારે અધિકાર જ નહિ !' એવી દુ:ખદ લાગણી પણ થોડો સમય રહે. પરંતુ સાથે સાથે સમયમાં આવતું જશે કે અશક્યની આશામાં શા માટે રાચવું ? સમય જતાં મનની સ્વસ્થતા પ્રાપ્ત થશે. વધુ પડતી અપેક્ષા રાખનાર લોકોને જમવામાં પણ નિરાંત હોતી નથી, જ્યારે વધુ પડતી અપેક્ષા છોડનારને સાદા ખોરાકમાં પણ અનન્ય આનંદ મળશે; પોતાના પરિવારથી માંડીને સમગ્ર વર્તુળમાં સંબંધો મીઠા રહેશે જે જીવનનો લહાવો છે. અન્ય લોક પાસેથી વધુ પડતી અપેક્ષા રાખવાથી જે કંઇ નહોતું વળતું અને કેવળ લોહીબળતરા રહેતી તેને બદલે વધુ પડતી અપેક્ષા ત્યજવાથી તન અને મનની સ્વસ્થતા રહે અને પરિણામે પોતાનાં ક્ષેત્રમાં યોગ્ય પ્રગતિ પણ થાય અને તે દ્વારા અનુકુળતા નિર્માણ થાય. વધુ પડતી અપેક્ષા ત્યજવાથી જળવાયેલી શક્તિ ભગવદ્ભજન અને પરહિતનાં કાર્યો પ્રત્યે વળે એવી પૂરી શક્યતા રહેલી છે.

વધુ પડતી અપેક્ષા રાખનારનો સહવાસ માણસને ટાળવા જેવો લાગે છે, જ્યારે વધુ પડતી અપેક્ષા છોડનારનો સહવાસ આપણે ઝંખવા લાગીએ છીએ. વધુ પડતી અપેક્ષા રાખનારો માણસ તરત અળખામણો બને છે, જ્યારે વધુ પડતી અપેક્ષા ન રાખનાર માણસ આવકાર્ય બને છે. પરસ્પર વધુ પડતી અપેક્ષામાંથી દામ્પત્યજીવન દુ:ખદ બને છે અને કોઇ કોઇ કિસ્સામાં તો ત્રાસદાયી પણ બને છે. કેવળ સ્વાર્થની ગણતરીમાં રસ ધરાવતો માણસ પોતાનું ખરું કર્તવ્ય તો સમજી શકતો નથી, પણ પરેશાનીના ગર્તામાં ધકેલાતો રહે છે. 'વધુ પડતી અપેક્ષા'નાં મૂળમાં ઇંદ્રિયસુખોની પ્રબળ વાસના અને અન્ય લોકો સાથેની દેખાદેખી મહત્વનો ભાગ ભજવે છે. આ રસ્તો માણસને આકર્ષક જરૂર લાગે છે પરંતુ કોઇને માટે પણ તે શ્રેયસ્કર નીવડ્યો નથી. માટે જ હકીકતોના સ્વીકાર સાથે શ્રમ અને નિષ્ઠાભર્યા ફરજપાલન દ્વારા જે મળે તેમાં રાજી રહેવું અને વધુ પડતી અપેક્ષામાં મન ચકડોળે ચડાવવાને બદલે અવકાશે ઇશ્વરભજન, ધાર્મિક વાચન-મનન કરવાં અને નિ:સ્વાર્થભાવે યથાશક્તિ સેવાકાર્ય કરવું એ સુંદર જીવન છે.

❑❑❑

## જામનગરના પીઢ રાજકીય નેતા, ઉદારદિલ વયોવૃદ્ધ સમાજસેવક

# સ્વ. કે. પી. શાહ

❑ રમણલાલ ચી. શાહ

જામનગરના પીઢ રાજકીય નેતા અને ઉદારદિલ, વયોવૃદ્ધ સમાજસેવક શ્રી કાન્તિલાલ પી. શાહનું થોડા સમય પહેલાં અમદાવાદમાં ૮૬ વર્ષની વયે અવસાન થયું. તેઓ પોતાના કાન્તિલાલના નામ કરતાં કે. પી. શાહના નામથી વધુ જાણીતા હતા. જામનગર જિલ્લામાં તો ફક્ત 'કે. પી.' એટલા બે અક્ષર જ એમની ઓળખાણ માટે પૂરતા હતા. કેટલાંક વર્ષ પહેલાં એમનો પત્ર આવેલો, પરંતુ પત્રમાં સરનામું નહોતું લખ્યું એટલે હું જવાબ લખી શકયો નહતો...તેઓ મળ્યા ત્યારે કહ્યું 'કે. પી. શાહ, જામનગર' એટલું લખો તો પણ પત્ર મને મળી જાય. સ્વ. કે. પી. શાહની સુવાસ કેટલી મોટી હશે તે આટલી નાની વાત પરથી પણ સમજાય. સ્વ. કે. પી. શાહનું જીવન એટલે માનવતાની સુવાસથી સભર જીવન. કુશાગ્ર બુદ્ધિ, કુશળ વહીવટી શક્તિ, દીર્ઘદૃષ્ટિ, તીવ્ર સ્મરણશક્તિ, વેપાર ઉદ્યોગની ઊંડી સમજ, સાહિત્યવાંચનનો શોખ, રાજકીય પ્રવાહોનો તલસ્પર્શી અભ્યાસ, મીઠાશભર્યા સંબંધો સાચવવાની કળા, સ્વપાર્જિત ધન સન્માર્ગે વાપરવાની ભાવના, ભક્તિપરાયણતા, અધ્યાત્મરસિકતા, મૃદુભાષિતા, પરગજુપણું અને હાથ નીચેના માણસો સાથે પણ પ્રેમભર્યો વ્યવહાર વગેરે ગુણોથી એમનું જીવન મધમધતું હતું.

સ્વ. કે. પી. શાહ વતની લીંબડીના હતા. એમનો જન્મ લીંબડીમાં થયો હતો. ત્યારે એમની કૌટુંબિક આર્થિક સ્થિતિ સાધારણ હતી. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લીંબડીમાં લઇ તેઓ ભાવનગરની શામળદાસ કોલેજમાં જોડાયા હતા. ત્યાંથી ગ્રેજ્યુએટ થયા પછી નોકરી માટે તેઓ મુંબઇ આવીને રહ્યાં હતા. એક ખાનગી પેઢીમાં કારકૂન તરીકે એમણે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. પરંતુ તેમાં પોતાની બુદ્ધિશક્તિ અને પ્રામાણિકતાથી તેઓ સારી પ્રગતિ કરતા રહ્યા હતા. તક મળતાં તેઓ વ્યવસાય અર્થે જામનગર આવીને રહ્યાં. ત્યાં તેમની ચડતી થતી ગઇ. વખત જતાં એમણે પોતાનો સ્વતંત્ર વ્યવસાય વિકસાવ્યો. આર્થિક ઉન્નતિ ઘણી સારી થઇ અને પછી તો જામનગરને જ એમણે પોતાનું વતન બનાવી દીધું. જામનગરના સમાજજીવન સાથે તેઓ એકરૂપ થઇ ગયા.

સ્વ. કે. પી. શાહને પહેલવહેલા મેં જોયેલા ૧૯૫૩માં અલિયાબાડામાં. જામનગર પાસે અલિયાબાડા નામના ગામમાં દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય તરફથી ગુજરાતી વિષયના અધ્યાપકોનું સંમેલન હતું. સ્વ. ડોલરરાય માંકડ યજમાન હતા. હું અને મારાં પત્ની ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે આ સંમેલનમાં ભાગ લેવા ગયાં હતાં. કે. પી. શાહ અલિયાબાડાના દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલયના (ગંગાજળા વિદ્યાપીઠના) એક ટ્રસ્ટી હતા. એ સંસ્થાની સ્થાપનામાં એમનો મુખ્ય ફાળો હતો.

એ સંમેલનમાં કે. પી. શાહ અમને મળ્યા તે વખતે જૂની ઓળખાણ નીકળી. કે. પી. શાહ આઝાદી પૂર્વેના સમયમાં મુંબઇમાં લુહારચાલમાં રહેતા હતા. મારા સસરા શ્રી દીપચંદ ત્રિભોવનદાસ શાહ ત્યારે પ્રિન્સેસ સ્ટ્રીટમાં રહેતા હતા. તેઓ બંને ગાઢ મિત્રો હતા. તેઓ સાથે મળીને મુંબઇમાં સામાજિક કાર્યો કરતા હતા. પછી ધંધાર્થે કે. પી. શાહ મુંબઇ છોડીને જામનગર જઇને વસ્યા.

એ વાતને વર્ષો થઇ ગયાં એટલે કે. પી. શાહ અમને તો ક્યાંથી ઓળખે? અલિયાબાડામાં આ અમારા કૌટુંબિક સંબંધનો ઉલ્લેખ તાજો થતાં કે. પી. શાહને ઘણો આનંદ થયો. જામનગર આવવા માટે એમણે અમને બહુ જ આગ્રહ કર્યો અને પોતાની ગાડીમાં અમને તેઓ જામનગર લઇ ગયા. અમે એમના ઘરે ત્રણેક દિવસ રહ્યા. જામનગરમાં બધે ફર્યા. તદુપરાંત ઓખા, દ્વારકા, મીઠાપુર વગેરે સ્થળે ફરવા માટે પણ અમને સગવડ કરી આપી. એને લીધે અમારો આ પ્રવાસ સ્મરણીય બની ગયો હતો.

આ વાતને પણ પછી તો વર્ષો વીતી ગયાં. પરસ્પર સંપર્ક પણ ધીમે ધીમે છૂટી ગયો.

પાંચેક વર્ષ પહેલાં એક દિવસ સવારના મને ફોન આવ્યો. 'જામનગરથી શ્રી કે. પી. શાહ અહીં આવ્યા છે, તમને મળવા માગે છે. તમારા ઘરે ક્યારે આવે?' મેં કહ્યું. 'કે. પી. શાહ તો અમારા વડીલ છે. મારે એમને મળવા આવવું જોઇએ.' પણ કે. પી. શાહનો આગ્રહ મારે ઘરે જ આવવાનો હતો. મેં સમય આપ્યો. તેઓ મારે ઘરે આવી પહોંચ્યા. મેં કહ્યું કે ઘણાં વર્ષો થઇ ગયાં એટલે આપને યાદ નહિ હોય, પરંતુ ઇ. સ. ૧૯૫૩માં અમે જામનગરમાં આપના ઘરે રહ્યાં છીએ. સાડાત્રણ દાયકા જેટલી એ જૂની વાત છે.' અને આખો સંદર્ભ કહ્યો; મુંબઇ ના એમના જૂના દિવસોની પણ યાદ અપાવી. આ જાણીને કે. પી. શાહને બહુ જ આનંદ થયો. કૌટુંબિક નાતો ફરી તાજો થયો.

કે. પી. શાહે ત્યાર પછી કહ્યું, 'હું ખાસ તો આવ્યો છું તમને અભિનંદન આપવા માટે. હું તમારું 'પ્રબુદ્ધ જીવન' નિયમિત વાંચું છું. તમારા લેખોમાં વિષયની સારી છણાવટ હોય છે. તમે જૈન ધર્મ વિશે પણ નવા નવા વિષયો લઇ બહુ ઊંડાણથી જે લખો છો તેવું કોઇ જૈન સામયિકોમાં પણ જોવા મળતું નથી.'

મેં કહ્યું, 'પણ અમારા ભૂતપૂર્વ તંત્રી શ્રી ચીમનલાલ ચકુભાઇ રાજદ્વારી વિષયો પર સરસ લેખો લખતા હતા. હું એવા વિષયો પર લખતો નથી એ મારી ત્રુટિ છે. રાજકારણ મારા રસનો કે અભ્યાસનો વિષય નથી.' ચીમનભાઇની વાત જુદી હતી. ત્યારનું રાજકારણ પણ જુદુ હતું.

એમણે કહ્યું, 'તમે રાજદ્વારી વિષયો પર અભ્યાસ કરીને લખતા હોત તો પણ હું તમને સલાહ આપત કે એવા વિષયો પર લખીને તમારી કલમને બગાડવાની જરૂર નથી. ચીમનલાલ ચકુભાઇ અમારા લીંબડીના વતની હતાં. મારા કરતાં ઉંમરમાં સાતેક વર્ષ મોટા. તેઓ રાજકારણના માણસ હતા. સરસ લખતા. પણ હવે પહેલાં જેવું રાજકારણ રહ્યું નથી. ભ્રષ્ટાચાર, ગંદવાડ, ખટપટ, હિંસા એટલાં બધાં વધી ગયાં છે કે મેં પોતે રાજકારણમાંથી ઘણા વર્ષોથી નિવૃત્તિ લઇ લીધી છે. હવે તો રાજકારણની મને સૂગ ચડે છે એટલે તમે જે વિષયો પર લખો છો તે જ બરાબર છે. હું તો ખાસ તમને અભિનંદન આપવા એટલા માટે આવ્યો છું કે ચીમનલાલ ચકુભાઇના અવસાન વખતે મેં ધાર્યું હતું કે હવે 'પ્રબુદ્ધ જીવન' બંધ થઇ જશે. ગંભીર ચિંતનાત્મક વિષયો ઉપર લખવું એ સહેલી વાત નથી. કદાચ થોડો વખત કોઇ ચલાવે પણ ખરું પણ માનદ સેવા તરીકે આટલાં વર્ષથી તમે નિયમિત 'પ્રબુદ્ધ જીવન' ચલાવતાં રહ્યા છો એથી મને બહુ આનંદ થાય છે.

કે. પી. શાહ સાથે પછી તો મુંબઇ, જામનગર અને ગુજરાતના સમાજજીવનની ઘણી વાતો નીકળી. એમના વાત્સલ્યભાવનો એટલો સરસ અમને અનુભવ થયો કે અમે પણ એમનાં સંતાનોની જેમ 'બાપુજી' કહીને બોલાવવા લાગ્યા. કે. પી. શાહનો દર વર્ષે એક બે વખત મુંબઇમાં આવીને રહેવાનો નિયમ. એમનાં એક પુત્રી રંજનબહેન અમદાવાદમાં રહે, બીજાં પુત્રી રમીલાબહેન મુંબઇમાં રહે. ઋતુની અનુકૂળતા અને તબિયતને લક્ષમાં રાખી ઘણો ખરો વખત જામનગરમાં પુત્ર અરવિંદભાઇ સાથે રહે અને પછી અમદાવાદ, મુંબઇ આવે. જ્યારે મુંબઇ આવે ત્યારે મારે ઘરે પોતે જ આવવાનો આગ્રહ રાખે. આવડા મોટા માણસ છતાં જરા પણ મોટાઇ વરતાવા ન દે. નિરાંતે બેસે અને ઘણા અનુભવો કહે.

જામનગરમાં જઇને વસવાટ કર્યા પછી આર્થિક દૃષ્ટિએ નિશ્ચિંત થતાં કે. પી. શાહે જાહેર પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવાનું ચાલું કર્યું હતું. ત્યારે તો જામનગરનું દેશી રાજ્ય હતું. આઝાદી પછી દેશી રાજ્યોનું વિલીનકરણ થતાં સૌરાષ્ટ્ર રાજ્યમાં ઢેબરભાઇના વખતમાં કે. પી. શાહ એક યુવાન તેજસ્વી કાર્યકર્તા તરીકે ઝળકવા લાગ્યા હતા. કે. પી. શાહની વહીવટી શક્તિ અને સૂઝનો પરિચય તો લોકોને વધુ

સારી રીતે ત્યારે મળ્યો હતો કે જ્યારે તેમણે ૧૯૫૩ થી ૧૯૫૬ સુધી જામનગરની નગરપાલિકાના પ્રમુખ તરીકે જામનગર શહેરને વિકસાવવામાં સંગીન કામ કર્યું.

ત્યાર પછી સૌરાષ્ટ્રના ક્ષેત્રમાંથી સમગ્ર ગુજરાતના રાજકારણમાં તેમનો પ્રવેશ થયો અને ઇ. સ. ૧૯૬૬ થી ૧૯૬૮ સુધી ગુજરાત એસ. ટી. નિગમના અધ્યક્ષ તરીકે તેમણે કામ કર્યું. એમણે પોતાના આ સત્તાકાળ દરમિયાન ગુજરાતના એસ. ટી. વ્યવહારને શિસ્ત, સમયપાલન તથા નાનાં નાનાં ગામડાઓ સુધી એસ. ટી. ને પહોંચાડવી, દૂર દૂરના નગરો અને તીર્થસ્થળો વચ્ચે સીધી એસ. ટી. સેવા દાખલ કરવી તથા વેપારી કુનેહથી એસ. ટી. ને સારી કમાણી કરતી કરી દેવી આ બધાને લીધે શ્રી કે. પી. શાહનો વહીવટ ઘણો વખણાયો અને સમગ્ર ભારતનાં તમામ રાજ્યોની એસ.ટી. સેવામાં ગુજરાતની એસ. ટી. સેવાની કામગીરી સૌથી ચઢિયાતી ગણાઇ.

શ્રી કે. પી. શાહે ત્યાર પછી રાજ્યમાં ફાઇનાન્સ કોર્પોરેશનના અધ્યક્ષ તરીકે અને ત્યાર પછી ટેક્ષટાઇલ કોર્પોરેશન અધ્યક્ષ તરીકે ઘણી સંગીન સેવા આપી હતી. રાજકારણના ક્ષેત્રે શ્રી. કે. પી. શાહ ૧૯૭૨માં સૌરાષ્ટ્રમાં ધ્રોળ-જોડિયા વિભાગમાંથી કોંગ્રેસના સભ્ય તરીકે વિધાનસભાની ચૂંટણી જીતીને ધારાસભ્ય તરીકે જોડાયા હતા. આમ રાજકારણમાં તેમની એક પીઢ અગ્રણી કાર્યકર્તા તરીકે ગણના થવા લાગી હતી. સમગ્ર જામનગર જિલ્લામાં એમનું વર્ચસ્વ ઘણું મોટું રહ્યું હતું. પરંતુ લગભગ સીત્તેર વર્ષની વયે એમણે રાજકારણમાંથી અચાનક નિવૃત્તિ લઇ લીધી અને જીવનના અંત પર્યંત રાજદ્વારી મંચ સાથે કોઇ નાતો રાખ્યો નહિ.

શ્રી કે. પી. શાહે રાજકારણમાંથી નિવૃત્તિ લીધી પણ પછીથી એમણે પોતાનાં શેષ વર્ષો લોકસેવાના ક્ષેત્રે સંગીન અને સક્રિય કાર્યો કરવામાં ગાળ્યાં. તેઓ પોતાના કે. પી. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી જામનગર જિલ્લામાં જુદાં જુદાં સ્થળે નેત્રયજ્ઞો અને સર્વ રોગ નિદાનયજ્ઞનું આયોજન કરવા લાગ્યા. દરેક કેમ્પમાં તેઓ જાતે હાજર રહેતા. વળી તેમને જામનગરમાં જુદી જુદી સંસ્થાઓને વિકસાવવામાં તથા કેટલીક નવી સંસ્થાઓની સ્થાપનામાં, કેળવણીના ક્ષેત્રે, તબીબી ક્ષેત્રે અને ધર્મક્ષેત્રે ઘણું સરસ કાર્ય કર્યું. જામનગરમાં વૃદ્ધાશ્રમ, આયુર્વેદનું સંશોધન કેન્દ્ર, કોમર્સ કોલેજ, દેરાસર અને ઉપાશ્રય વગેરેની સ્થાપનામાં એમણે સક્રિય ફાળો આપ્યો. તેમનો બધો જ સમય આ રીતે લોકસેવાનાં કાર્યોમાં સારી રીતે પસાર થતો રહ્યો. રાજકારણ એ તો જાણે જીવનમાં એક સ્વપ્નની જેમ આવ્યું અને ગયું. એનો એમને રજ માત્ર પણ અફસોસ રહ્યો નહોતો. બલકે પોતે રાજકારણમાંથી વેળાસર નિવૃત્ત થઇ ગયા એને તેઓ પોતાના જીવનનું મોટું સદ્‌ભાગ્ય સમજતા હતા.

જીવનના છેલ્લાં થોડાંક વર્ષોથી શ્રી. કે. પી. શાહ લેખનની પ્રવૃત્તિ તરફ વળ્યા હતા. શ્રીમદ્ રાજચંદ્રનો તેમના ઉપર ઘણો મોટો પ્રભાવ હતો અને આત્મસિદ્ધિના આધારે 'આત્મદર્શન' નામની એક પુસ્તિકા એમણે પ્રગટ કરી હતી. તદુપરાંત સમાજની સ્થાપના અને એના ઘડતરના પરિબળો વિશે પ્રાગ ઐતિહાસિક કાળની દૃષ્ટિએ એમણે કેટલુંક મૌલિક તર્કયુક્ત ચિંતન કર્યું હતું. પ્રશ્નોત્તર રૂપે લખવાનું એમને વધુ ફાવતું હતું. એમની આ પુસ્તિકા માટે મેં આમુખ પણ લખી આપ્યો હતો. થોડાં વખત પહેલાં એમણે નવકાર મંત્ર વિશે પાઠશાળાના વિદ્યાર્થીઓને રસ અને સમજ પડે એ દૃષ્ટિએ અને સરળ શૈલીએ પ્રશ્નોત્તરરૂપે એક નાની પરિચય પુસ્તિકાનું લેખન કાર્ય કર્યું હતું. એમણે અમદાવાદ જઇને મને એ લખાણ મોકલી આપ્યું હતું. અને એમાં યથાયોગ્ય સુધારા વધારા કરીને મેં એ પાછું મોકલ્યું તેનો હર્ષ પ્રગટ કરતો આભાર પત્ર મને અમદાવાદથી મળી ગયો હતો.

શ્રી કે. પી. શાહનું ચિંતન મૌલિક, વ્યવસ્થિત, મુદ્દાસરનું, સરળ ભાષામાં અને અત્યંત સ્પષ્ટ રહેતું. જીવનની ઉત્તરાવસ્થામાં આવું લેખનકાર્ય કરવામાં તેઓ અત્યંત આનંદ અનુભવતા રહ્યા હતા. આ નિમિત્તે છેલ્લાં કેટલાંક વર્ષથી અમારી વચ્ચે નિયમિત પત્રવ્યવહાર રહેતો હતો.

૧૯૫૩માં જામનગર ગયા પછી ત્યાં ફરી જવાનો અવસર અમને ક્યારેય પ્રાપ્ત થયો નહોતો. છેલ્લાં પાંચેક વર્ષમાં કે. પી. શાહે ત્રણ ચાર વાર અમારા વ્યાખ્યાનો જામનગરમાં ગોઠવ્યાં હતાં. પરંતુ દરેક વખતે કંઇક કારણ આવી પડતાં છેલ્લી ઘડીએ તે બંધ રહ્યા હતાં.

ગયા ઓક્ટોબર મહિનામાં પૂ. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજે જામનગરના ચાતુર્માસ દરમિયાન હરિભદ્રસૂરિકૃત 'યોગશતક'ની વાચનાનો કાર્યક્રમ રાખ્યો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે હું અને મારાં પત્ની જામનગર ગયાં હતા. લગભગ ચાલીસ વર્ષ પછી જામનગર બીજી વાર જવાનું અમારે પ્રાપ્ત થયું હતું. જામનગર જઇએ એટલે મુ. શ્રી કે. પી. શાહનો સંપર્ક કર્યા વગર રહીએ નહિ. એમને ખબર આપી એટલે તરત જ એમને પોતાના ડ્રાઇવરને અમારે ત્યાં મોકલાવ્યો, અમે મળ્યા, પોતાને ત્યાં ન ઊતરવા માટે ઠપકો આપ્યો. પણ વાચનાની દૃષ્ટિએ બીજાઓની સાથે અમારે રહેવું જોઇએ તે કારણ અમે સમજાવ્યું. છેવટે ભોજન તો સાથે જ લેવાનો આગ્રહ એમણે રાખ્યો. વાચના પછી સાંજે સમય મળતો તેમાં શ્રી કે. પી. શાહ સાથે ઘણી વાતો થઇ હતી. એમણે રાજકારણમાંથી નિવૃત્તિ શા માટે લીધી એની પણ વાત થઇ. એક જમાનામાં શ્રી કે. પી. શાહ સૌરાષ્ટ્રના રાજકારણમાં એક અગ્રણી હતા. પરંતુ શ્રીમતી ઇન્દિરા ગાંધીના સત્તાકાળ દરમિયાન ઇન્દિરા ગાંધીએ શ્રી કે. પી. શાહને કેટલીક ગેરરીતિઓ કરવા માટે ટેલિફોન કર્યો. એટલે કે. પી. શાહે એ વાતનો સ્પષ્ટ ઇન્કાર કરી દીધો. એને પરિણામે ઇન્દિરા ગાંધીની સાથેના તેમના સંબંધો બગડ્યા. એથી ઇન્દિરા ગાંધીએ સરકારી અમલદારો દ્વારા એમને ત્રાસ આપવાનું ચાલુ કર્યું. એથી કે. પી. શાહને લાગ્યું કે રાજકારણમાં દિવસે દિવસે નાણાંનો ભ્રષ્ટાચાર વધતો જાય છે, આંટીઘૂંટીઓ થતી જાય છે, ગેરરીતિઓ આચરવામાં આવે છે, પૈસા આપીને પક્ષપલ્ટો કરાવવામાં આવે છે. આ બધું જોતાં પોતે નક્કી કર્યું કે રાજકારણને હવે કાયમને માટે તિલાંજલિ આપવી. જો ઇન્દિરા ગાંધીને કે. પી. શાહે ભ્રષ્ટાચારમાં સહકાર આપ્યો હોત તો ગુજરાતમાં અને કેન્દ્રમાં તેઓ ઘણા મોટા સત્તાસ્થાને પહોંચી શક્યા હોત. પરંતુ એવી ખોટી રીતે મોટા સત્તાસ્થાન મેળવવાની તેમણે લાલસા રાખી નહિ, એટલું જ નહિ રાજકારણનું ક્ષેત્ર છોડ્યા પછી રાજકારણીઓ સાથે એમણે સંપર્ક પણ છોડી દીધો.

શ્રી કે. પી. શાહમાં માનવતાનો ગુણ ઘણો મોટો હતો. પોતાના આંગણે આવેલા કોઇપણ ગરીબ માણસની વાત તેઓ પૂરી શાંતિથી સાંભળતા અને દરેકને યથાયોગ્ય મદદ કરવા માટે તત્પર રહેતા. શ્રી કે. પી. શાહની માનવતાનું ઉત્તમ ઉદાહરણ તો એ કે તેઓ પોતાના ઘરમાં નોકર ચાકરોને પણ સ્વજનની જેમ રાખતા. અમે એમના ઘરે નજરે જોયું હતું કે એમના નોકરો ચાકરો પણ 'બાપુજી' 'બાપુજી' કહીને એમનો પડ્યો બોલ ઝીલવા માટે હંમેશાં તત્પર રહેતા.

જામનગરની દરિયાની હવા માફક ન આવવાને કારણે દર વર્ષની જેમ આ વર્ષે પણ તેઓ ડિસેમ્બર જાન્યુઆરીમાં અમદાવાદમાં એમનાં દીકરીને ઘરે ગયા. પરંતુ ત્યાં એક દિવસ પડી જવાથી, વૃદ્ધાવસ્થાને લીધે તાવ આવ્યો અને તબિયત વધુ બગડતાં એમણે ૮૬ વર્ષની વયે દેહ છોડ્યો.

સ્વ. કે. પી. શાહના મૃતદેહને અમદાવાદથી જામનગર લઇ જવામાં આવ્યો. એમના અંતિમ દર્શન માટે 'અનસૂયાગૃહ' નામના એમના નિવાસસ્થાને અનેક માણસો આવ્યા હતા. એમની સ્મશાનયાત્રામાં સૌરાષ્ટ્રના વિશેષતઃ જામનગર જિલ્લાના જુદા જુદા ક્ષેત્રના ઘણા અગ્રણીઓ સહિત સેંકડો માણસો જોડાયા હતા. કે. પી. શાહની સુવાસ કેટલી બધી હતી તેની પ્રતીતિ કરાવતી હતી.

કે. પી. શાહના સ્વર્ગવાસથી અમે તો પિતાતુલ્ય એક વાત્સલ્યમૂર્તિને ગુમાવ્યાનું દુઃખ અનુભવ્યું.

પ્રભુ એમના આત્માને શાંતિ આપો ! ❖ ❖ ❖

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૯૯ ખાડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૪ ● અંક : ૪-૫ ● તા. ૧૬-૫-૧૯૯૩ ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## मायन्ने असणपाणस्स

-ભગવાન મહાવીર

## પોતાના ખાનપાનની માત્રાના જાણકાર

શ્રમણ ભગવાન મહાવીરે જૈન સાધુઓના બાવીસ પરીષહ (કષ્ટો) વિશે ઉત્તરાધ્યયન સૂત્રમાં સચોટ ઉપદેશ આપ્યો છે. આ બાવીસ પરીષહમાં સૌથી પ્રથમ સ્થાન ક્ષુધા પરીષહને આપવામાં આવ્યું છે. ક્ષુધા પરીષહ સહન કરનારા સાધુઓને માટે તેમણે કહ્યું છે કે તેઓ ખાનપાનની માત્રાના, મર્યાદાના જાણકાર હોવા જોઈએ. ક્ષુધા પરીષહની ગાથા આ પ્રમાણે છે :

कालीपव्वंगसंकासे किसे धमणिसंतए ।
मायन्ने असणपाणस्स अदीणमणसो चरे ॥

(ભૂખથી સૂકાઈને શરીર કાકજંઘા (એક પ્રકારનો છોડ અથવા કાગડાની ટાંગ) જેવું પાતળું થઈ જાય, શરીરની ધમનીઓ ઢીલી પડી જાય તો પણ ખાનપાનની માત્રાના જાણકાર (मायन्न-માત્રજ્ઞ) એવા મુનિઓ અદીનભાવથી વિચરે.)

જે મુનિઓ પોતાના ખાનપાનની મર્યાદાને જાણે છે તેઓને દીનતાનો, લાચારીનો, પરવશતાનો અનુભવ થતો નથી. જે માણસો પોતાના ખાનપાનને બરાબર જાણતા નથી તે માણસો રોગ વગેરે થતાં પરવશ, દીન, લાચાર બની જાય છે. એકાદ ગંભીર રોગ થતાં ભલભલા બહાદુર, અભિમાની માણસો ગરીબડા થઈ જાય છે, ક્યારેક રડી પણ પડે છે. પોતાના તનના કે ધનના જોરે ઘાંટો પાડીને બીજાને ધ્રુજાવનારા પણ તીવ્ર શારીરિક પીડા થતાં ચીસાચીસ કરવા લાગે છે. તે વખતે તેમની સ્થિતિ જોવા જેવી હોય છે.

જે સાધક પોતાના આહાર-પાણીને બરાબર જાણે છે અને તે અનુસાર આહાર લે છે તે સાધકને માંદા પડવાનો અવસર જવલ્લે જ આવે છે. કેટલાયે સાધુ મહાત્માઓ એવા હોય છે કે જેમને આખી જિંદગીમાં કોઈ દિવસ તાવ આવ્યો હોય કે માથું દુ:ખ્યું હોય એવી નાની સરખી બીમારી પણ આવી નથી હોતી. કેટલાક એવા મહાત્માઓ છેલ્લે અન્નપાણીના ત્યાગ દ્વારા દેહનું વિસર્જન પણ સ્વેચ્છાએ સમાધિપૂર્વક કરે છે. આવા મહાત્માઓને જીવનમાં કોઈ પણ પ્રકારની દીનતા, લાચારી, પરવશતા વગેરે અનુભવવાં નથી પડતાં. એટલે જ એવી દશા જેઓને પ્રાપ્ત કરવી છે તેઓએ આહારની બાબતમાં સજાગ અને સભાન રહેવાની જરૂર છે.

કોઈ વ્યક્તિ પોતાના ખાનપાનની બરાબર જાણકાર છે અને એ પ્રમાણે જ આહારાદિ લે છે એની કસોટી કઈ ? સામાન્ય નિયમ એવો છે કે પોતાના શરીરનો બાંધો અને પોતાની શારીરિક પ્રકૃતિ અનુસાર જેઓ યોગ્ય ખોરાક, યોગ્ય સમયે, યોગ્ય પ્રમાણમાં લે છે તેને ક્યારેય માંદા પડવાનો વખત આવતો નથી. પરંતુ આથી પણ ચડિયાતી અને કઠિન કસોટી પણ છે. હિમાલયમાં એક યોગી મહાત્માએ કહ્યું હતું કે માણસ યોગ્ય આહાર લે છે કે કેમ એની કસોટી એના નિહાર (શૌચ) ઉપરથી થઈ શકે છે. માણસની ઉત્તમ નિહારક્રિયા એ કે જે વધુમાં વધુ પાંચ સેકન્ડમાં પતી જાય અને જે માટે એને પાણી, કાગળ કે હાથનો ઉપયોગ કરવો ન પડે અને છતાં એનું શરીર સ્વચ્છ, શુદ્ધ અને દુર્ગંધરહિત હોય. કેટલાયે યોગી મહાત્માઓનાં શરીર આ પ્રકારનાં હોય છે.

ખાનપાનની સામાન્ય જાણકારી ભિન્નભિન્ન કક્ષાના લોકોની ભિન્નભિન્ન દૃષ્ટિબિન્દુથી ભિન્નભિન્ન હોઈ શકે. કોઈ સ્વાદની દૃષ્ટિએ, કોઈ આરોગ્ય અને તાકાતની દૃષ્ટિએ, કોઈ ઇન્દ્રિય સંયમની દૃષ્ટિએ, કોઈ ધ્યાન અને અધ્યાત્મની દૃષ્ટિએ એનો વિચાર કરી શકે. સામાન્ય માણસો ખાનપાનના જાણકાર હોય, વૈદ ખાનપાનના જાણકાર હોય અને સાધુ સંન્યાસીઓ ખાનપાનના જાણકાર હોય એ દરેકમાં ઘણો તફાવત રહેલો છે. જૈનો, વિશેષતઃ જૈન મુનિઓ માટે ઇન્દ્રિયસંયમ, જીવદયા, કર્મ સિદ્ધાન્ત ઇત્યાદિની દૃષ્ટિએ ખાનપાનનો, ભક્ષ્યાભક્ષ્યનો ઝીણવટપૂર્વક વિચાર વિમર્શ થયો છે.

મનુષ્ય અને ઇતર પ્રાણી સૃષ્ટિ વચ્ચે એક મોટો તફાવત એ છે કે પશુપક્ષીઓ આહારને સુંઘીને ખાય છે; પોતાની આહાર સંજ્ઞા અનુસાર પોતાને પથ્ય હોય તેવો અને પોતાને પાચન થાય તેટલો જ આહાર તે કુદરતી ક્રમે ગ્રહણ કરે છે. પોતાને યોગ્ય આહાર ન મળે એવી દુકાળ જેવી વિકટ પરિસ્થિતિમાં પ્રાણીઓ પણ અપથ્ય આહાર ગ્રહણ કરે એવું કેટલીકવાર બને છે ખરું, પરંતુ એકંદરે તો પશુ પક્ષીઓ કુદરતી સંજ્ઞાને કારણે પોતાની આહાર મર્યાદાને જાણે છે અને તેને અનુસરે છે. મનુષ્યના આહારનું ક્ષેત્ર અત્યંત વિશાળ છે, વિરાટ છે. પશુ પક્ષીઓ, તથા જીવજંતુઓનું આહારનું ક્ષેત્ર બહુ મર્યાદિત છે. મનુષ્યનું આહાર ક્ષેત્ર એટલે તમામ પ્રકારની વનસ્પતિ અને તમામ પ્રકારનાં પશુપક્ષીઓ. ઉંદર, દેડકા, સાપ અને ઢેડગરોળી ખાનારા માણસો પણ દુનિયામાં છે. મરેલાં પ્રાણીઓની ચરબી ખાનારાં અને ગાયભેંસનું તાજું દૂધ નહિ પણ તાજું લોહી પીનારા આદિવાસીઓ પણ છે. મનુષ્યના આહારને કોઈ સીમા નથી. દુનિયામાં સમયે સમયે નવી નવી ખાદ્ય વાનગીઓ શોધાતી આવે છે. પ્રેમાનંદ કે શામળના સમયમાં ચા-કોફી ન હોતાં. નર્મદ કે દલપતરામના સમયમાં કોકોકોલા જેવાં પીણાં નહોતાં. છેલ્લા ચાર પાંચ દાયકામાં તો ખાદ્ય વાનગીઓના ક્ષેત્રે દુનિયાએ મોટી હરણફાળ ભરી છે. રેફ્રિજરેટર, મિક્ષર, અવન, માઈક્રોવેવ અને એવાં બધાં ઈલેક્ટ્રિક સ્વયં સંચાલિત સાધનોના પ્રચાર પછી જુદા જુદા ખાદ્ય પદાર્થોના સંમિશ્રણ અને તેના વધતા-ઓછા પ્રમાણ અનુસાર અનેક જાતની વાનગીઓ બજારમાં આવી છે. અમેરિકામાં યોગર્ટ (દહીં), આઈસક્રીમ, બિસ્કિટ વગેરે પચાસથી

અધિક જાતનાં મળે છે. તે દરેકના સ્વાદ જુદા જુદા. પચાસ કે સો વર્ષ પછી કેવી કેવી નવી વાનગીઓ આવશે તેની કલ્ના કરવી મુશ્કેલ છે.

ઝડપી વિમાન વ્યવહારને કારણે જુદા જુદા દેશની પ્રજાઓની અવરજવર ઘણી વધી ગઇ છે. દરેક પ્રજાની પોતાની ખાદ્ય પદાર્થની એક લાક્ષણિકતા હોય છે. તેની સાથે તેની આત્મીયતા જડાયેલી હોય છે. ઘણા લાંબા દિવસ સુધી પોતાનો ખોરાક ન મળ્યો હોય તો માણસ તેને માટે ઝંખે છે. એથી દુનિયાનાં મોટાં મોટાં શહેરોમાં બીજા દેશોની ખાદ્ય વાનગી પીરસતી રેસ્ટોરાંઓ વધતી જાય છે. જાપાનમાં પિત્ઝા ખાનાર, લંડનમાં દાળ-ભાત, રોટલી ખાનાર, અમેરિકામાં જાપાની ટેમ્પુરા કે સુકીયાકી ખાનાર, રશિયામાં મેકિસકન તાકો-બરીતો ખાનાર, કેનેડામાં ઇડલી-ઢોસા ખાનાર, ફિલિપાઇન્સમાં સ્પગેટી ખાનાર માણસોની હવે જરાપણ નવાઇ નથી, કારણ કે વિભિન્ન દેશોની વિવિધ પ્રકારની વાનગીઓ બનાવનારી રેસ્ટોરાં દુનિયામાં ઉત્તરોત્તર વધુ પ્રચલિત બનવા લાગી છે.

વિવધ ખાદ્ય પદાર્થોનું વિવિધ ઉષ્ણતામાન સાથે વિવિધ પ્રકારનું સંમિશ્રણ કરીને નવી નવી વાનગીઓ બનાવવા સાથે વિવિધ પ્રકારનાં સાધનોની એવી એવી શોધ થતી રહી છે કે ઓછા સમયમાં ઓછા શ્રમે વ્યવસ્થિત રીતે તૈયાર થયેલી વાનગી માણસો આરોગવા લાગ્યા છે. બાવીસમી સદીમાં તો કોમ્પ્યુટરાઇઝ્ડ કિચન આવી જતાં માણસ એક બટન દબાવીને પોતાની મનપસંદ વાનગી પાંચ પંદર મિનિટમાં મેળવી શકશે.

છેલ્લા થોડા સૈકા દરમિયાન દુનિયાભરમાં સાંસ્કૃતિક દૃષ્ટિએ ભોજનની બાબતમાં ઘણું મોટું પરિવર્તન આવ્યું છે. દુનિયાભરમાં દિવસે દિવસે રેસ્ટોરાં વધતાં ચાલ્યાં છે. એથી માણસની ઘરની બહાર ખાવાની પ્રવૃત્તિ વધી ગઇ છે. બીજી બાજુ રહેઠાણો શૌચાદિની સગવડવાળાં બનતાં રહ્યાં છે. જૂની પરંપરા પ્રમાણે લોકો ઘરમાં આહાર લે અને શૌચાદિ માટે ઘરની બહાર દૂર દૂર સુધી જાય. (જંગલે જવું જેવો રૂઢપ્રયોગ એ દર્શાવે છે) નવી પરંપરા પ્રમાણે લોકો ખાવા માટે બહાર દૂર દૂર સુધી જાય છે અને શૌચાદિ ઘરમાં કરે. આહાર-વિહારની બાબતમાં સાંસ્કૃતિક દૃષ્ટિએ આ એક મોટો વિપર્યાસ છે. આહાર-નિહારની એટલી બધી સગવડો થઇ ગઇ છે કે માણસ દિવસોના દિવસો સુધી ઘરે ન આવે અથવા ઘરની બહાર ન જાય તો પણ એ સુખેથી જીવી શકે.

જેટલી જેટલી ખાદ્ય અને પેય વાનગીઓ છે તે બધી જ દરેક વ્યક્તિને ભાવે એવું નથી. કેટલાય લોકોને બોલતા સાંભળીએ છીએ કે અમુક વાનગી પોતાને બહુ ભાવે છે અથવા અમુક વાનગી પોતાને બિલકુલ ભાવતી નથી. કોઇ જમણવારમાં પીરસનારા જો બરાબર અવલોકન કરે તો કઇ વ્યક્તિ કઇ વાનગી વધારે ઝાપટે છે અને કઇ વ્યક્તિ કઇ વાનગીને બિલકુલ અડતી નથી તે તેને તરત જણાઇ આવે. આરોગ્યના નિયમોને કારણ કે ત્યાગ તપશ્ચર્યાના નિયમને કારણે કોઇક વ્યક્તિ કોઇ વાનગી ન ખાય તે જુદી વાત છે. પરંતુ પોતાને બધા જ પ્રકારની વાનગી ભાવે એવી વ્યક્તિઓ ઓછી હોય છે. તેમાં પણ મસાલાના વત્તાઓછાપણું હોય તો પણ બધી વાનગી ભાવે એવી વ્યક્તિઓ તો એથી પણ ઓછી હોય છે.

જેની સ્વાદેન્દ્રિય વધુ ઉત્તેજિત રહેતી હોય, ખાવાપીવાના જેને બહુ ચટકા હોય અને ખાવાપીવાની બાબતમાં બહુ ચીકણા અને વાંધા વચકાવાળા માણસો હોય તેઓને અજાણી જગ્યાએ ઘણી તકલીફ પડે છે. દેશ વિદેશમાં પોતાની પ્રિય વાનગી ક્યાં મળે છે તે શોધવા માટે ઘણા પ્રવાસીઓ રખડતા હોય છે અને પોતાની ઇચ્છા પ્રમાણે પોતાની પ્રિય વાનગી ખાવા ન મળે તો અતિશય નિરાશ થઇ જાય છે. જે માણસે દુનિયામાં ઘણો પ્રવાસ કરવો હોય એ માણસે આહાર વિશેની પોતાના ધર્મની મર્યાદા અનુસાર 'બધું જ ભાવે અને બધું જ ફાવે' એ સૂત્રને પોતાનું સૂત્ર બનાવી લેવું જોઇએ.

આહારનો પ્રશ્ન માનવજાતનો એક સનાતન પ્રશ્ન છે. દરેક જીવની ઘણીખરી પ્રવૃત્તિ આહારની આસપાસ ગોઠવાયેલી હોય છે. બીજાં પ્રાણીઓ કરતાં મનુષ્યનું આહારક્ષેત્ર અત્યંત વિશાળ છે. એથી જ માનવ જાતના કેટલા બધા કલાકો રોજે રોજ આહાર પાછળ વપરાય છે. જીવવા માટે ખાવું થી માંડીને ખાવા માટે જીવવું ત્યાં સુધીમાં કેટલી બધી કક્ષા હોય છે! ઘરે ઘરે જુદાં જુદાં રસોડાંને બદલે સ્થળે સ્થળે મોટાં સ્વચ્છ, સુઘડ, સુંદર સામુદાયિક રસોડાં ચાલતાં હોય તો કેટલા બધા માનવ કલાકો ઇતર સર્જનાત્મક, સંશોધનાત્મક, મનોરંજક કે આધ્યાત્મિક પ્રવૃત્તિઓ માટે વાપરી શકાય. પરંતુ માનવજાતિના ભાગ્યમાં એ લખાયું નથી, કારણ કે મનુષ્યની પ્રકૃતિ તેને અનુરૂપ નથી. વળી જો તેમ થાય તો પણ બચેલા કલાકો મનુષ્ય સર્જનાત્મક પ્રવૃત્તિમાં વાપરશે કે સંહારાત્મક, ખંડનાત્મક પ્રવૃત્તિમાં તેની કોઇ ખાતરી નથી.

પોતાના ઘરે રાંધીને ખાવું કે બહાર જાહેર સ્થળમાં કોઇકના હાથનું રાંધેલું ખાવું એ પ્રશ્ન સમૃદ્ધ દેશો કરતાં અવિકસિત દેશોને વધારે મૂંઝવનારો છે. સમૃદ્ધ દેશોમાં મોટી સારી સારી સ્વચ્છ રેસ્ટોરાં અને હોટેલોમાં ભેળસેળ વગરની, સારી રીતે પકાવેલી સ્વાદિષ્ટ વાનગીઓ પીરસાય છે. એથી રોગચાળો થવાનો સંભવ ઓછો રહે છે. માણસ પોતાનો શોખ પૂરો કરવા માટે જુદી જુદી વાનગી માટે વખણાતી જુદી જુદી રેસ્ટોરામાં જઇને ખાવાનો શોખ સંતોષે છે. એવી રીતે ખાવું તે ઘર કરતાં મોંઘું પડતું હોવા છતાં લોકોને તે પોસાય છે અને પોતાની મહેનત બચે છે એમ માને છે.

અવિકસિત દેશોમાં બહારનું ખાઇને માણસો માંદા પડયા હોય એવી ફરિયાદો વારંવાર સાંભળવા મળે છે. એક સાથે ઘણા લોકો માટે વાનગી રાંધનારાઓ પોતે સ્વચ્છ હોતા નથી. તેમના કપડાં સ્વચ્છ નથી હોતા. તેમનું રસોડું સ્વચ્છ હોતું નથી (ક્યારેક તો રસોડા જેવું પણ કશું હોતું નથી.) તેમનાં વાસણો સ્વચ્છ હોતાં નથી. તદુપરાંત કમાવાની વૃત્તિને કારણે આહારની અંદર ભેળસેળ થાય છે. સડેલાં શાકભાજી વપરાય છે. વાસી જૂની વાનગીઓ ફેંકી ન દેતાં નવી વાનગીઓ સાથે તે ભેળવાય છે. રસોઇયાની બેદરકારીને કારણે, તેવા પ્રકારના જરૂરી જ્ઞાનના અભાવના કારણે ઉઘાડા રાખેલાં વાસણોમાં માખી, કીડી, વાંદા, જીવડાં વગેરે પડે છે. ક્યારેક તો ઢેડગરોળી પડે છે અને એને કારણે એ વાનગી ખાનાર અનેક લોકોને ઝાડા-ઊલટી થાય છે. એથી કેટલાક મૃત્યુ પણ પામે છે. ખુલ્લામાં રખાયેલી રસોઇમાં ધૂળ કે કચરો પણ ઊડીને પડતો હોય છે. એકંદરે જાહેર લોજ, વીશી, ખાનાવળ વગેરેમાં સતત વધુ દિવસ ખાવાથી માણસ માંદો પડે છે; મરડો થાય છે; પેટ કે આંતરડાનાં દરદો થાય છે. બહારનું ખાવાથી આરોગ્ય સચવાતું નથી એવી ફરિયાદ અવિકસિત દેશોમાં એકંદરે સાચી ઠરે છે.

કેટલાક માને છે કે રાંધનાર વ્યકિતના મનના ભાવો અશુભ હોય તો તેની અસર રસોઇ ઉપર થાય છે. રજસ્વલા સ્ત્રીઓ રસોઇ કરે તો તેની અસર પણ થાય છે. કેટલાક મરજાદી લોકો બીજાના ઘરનું રાંધેલું ખાતા નથી. કેટલાક પુરુષો ઘરમાં પત્ની હોવા છતાં જીવનભર સ્વયંપાકી રહ્યા હોય એવા દાખલા સાંભળ્યા છે.

માણસની ખાવાની શક્તિ અને વૃત્તિ અમર્યાદ છે. માણસ રોજ રોજ વધારે ખાતો જાય તો તેની હોજરી મોટી થતી જાય છે અને તેનું પેટ ગાગાર જેવું ગોળ મટોળ બનતું જાય છે. સ્વાદવૃત્તિ ઉત્તેજિત થાય એવી વાનગીઓનું વૈવિધ્ય હોય તો માણસ રોજ કરતાં વધુ ખાઇ લે છે. 'શાકે સવાયું, દૂધે દોઢું અને મિષ્ટાન્ને બમણું' ખવાય છે એવી માન્યતા જૂના વખતમાં પ્રચલિત હતી.

'દૂધ અને રોટલા,  
દહીં અને ભાત,  
લાડવા અને વાલ,  
ખાવ મારા લાલ,

આવી લોકોક્તિઓ કઇ વાનગી સાથે કઇ વાનગી વધારે ભળે અને ભાવે તે દર્શાવે છે.

કોઇ પણ પ્રજાની આર્થિક સમૃદ્ધિ વધતી ચાલે છે તેમ તેમ ખાનપાનના એના શોખ વધવા લાગે છે. આજે ધનાઢ્ય દેશોમાં સરખે સરખા માણસોની મંડળી જામી હોય તો તેમની વાતચીતના વિષયોમાં FOOD અને MOTORCAR એ બે વિષયો અગ્રસ્થાને હોય છે. નવરા શ્રીમંત માણસોને નવું નવું ખાવાનો શોખ જાગે છે અને તેમને પોસાય પણ છે. પરંતુ વખત જતાં તેમનું જીવન પ્રમાદી અને નિષ્ક્રિય

બની જાય છે. આવા વધુ પડતા શોખને કારણે જ એવી સંસ્કૃતિઓનું કાળક્રમે પતન થાય છે. લોકોની પ્રતિકાર શક્તિ ઓછી થઇ જાય છે. જીવન બેઠાડુ બની જાય છે અને પાડોશી દુશ્મનોનું આક્રમણ થતાં તેઓ પરાજિત થઇ જાય છે. પ્રાચીન સમયમાં સમૃદ્ધ રોમન લોકોનો ખાવાપીવાનો શોખ એટલી હદ સુધી વધી ગયો હતો કે પેટ ભરીને ખાધા પછી ફરી જલદી ભૂખ લાગે એટલા માટે તેઓ ખાધેલું વમન થઇ જાય એવાં ચૂર્ણ લેતા.

વૈજ્ઞાનિકો એમ માને છે કે માણસના શરીરના પોષણ માટે બહુ આહારની જરૂર નથી. માણસ પેટ ભરીને જે ખાય છે તેના કરતાં થોડું ઓછું ખાય તો પણ એના આરોગ્યને અને આયુષ્યને વાંધો આવે નહિ. વૈજ્ઞાનિકો, તબીબો કહે છે કે વધુ ખાવાથી માણસના આરોગ્ય ઉપર માઠી અસર થાય છે. દિગમ્બર સાધુઓ જીવન પર્યન્ત દિવસમાં ફક્ત એક જ વાર આહાર લેતા હોય છે અને તે પણ બત્રીસ કોળિયા જેટલા મર્યાદિત પ્રમાણમાં. તો પણ તેઓના સરેરાશ આયુષ્યને કોઇ વાંધો આવતો નથી, એટલું જ નહિ, આવી દિનચર્યાને કારણે કેટલાક તો એંશી નેવું કે સો વર્ષ સુધી જીવે છે. ભૂખ કરતાં થોડુંક ઓછું ખાવાથી, ઉણોદર રહેવાથી આરોગ્ય એકંદરે સારું રહે છે એ તો સર્વ સ્વીકૃત મત છે. શરીરને જોઇએ તેના કરતાં વધુ આહાર જો લેવામાં આવે તો પાચનમાં તકલીફ ઊભી થાય છે, શરીરમાં તે ચરબી રૂપે જમા થાય છે અને ચરબીને કારણે માણસને બીજા ઘણા રોગો થાય છે.

માણસ વધુ આહાર લે અને તે પચાવવા માટે તેની સાથે વધુ વ્યાયામ કરે તો તે આહારનું પાચન થઇ જાય છે, પરંતુ શરીરમાં ચરબી તો જમા થાય જ છે. જાપાનમાં 'સુમો'ના નામથી જાણીતા કુસ્તીબાજો રોજેરોજ ઘણું બધું ખાય છે. તેની સાથે ઘણી બધી કસરત કરે છે, તેમના શરીરમાં ઘણી તાકાત હોય છે. આમ, તેઓ શરીર જમાવતા જાય છે. એટલે એક 'સુમો' કુસ્તીબાજ સરેરાશ પાંચ-છ માણસના કુલ વજન કરતાં વધુ વજનવાળો હોય છે. આમ છતાં વધુ પડતી ચરબી અને વધુ પડતા વજનને કારણે 'સુમો' કુસ્તીબાજનું સરેરાશ આયુષ્ય ૪૫-૫૦ વર્ષથી વધુ નથી હોતું.

ઓછું ખાવું એ વ્યક્તિના હિતની વાત છે. મજાકમાં એમ કહેવાય છે. કે માણસ પેટ ભરીને રોજ જમે છે તેમાં બે તૃતીયાંશ ખોરાક એના પોતાના પોષણ માટે હોય છે અને એક તૃતીયાંશ ખોરાક વૈદ્ય કે ડૉક્ટરોના પોષણને માટે હોય છે.

જે માણસો પોતાના પથ્ય આહારને જાણતા નથી તેઓ અને જાણ્યા પછી જેઓ એને અમલમાં મૂકતા નથી તેઓ મોટા રોગોને નોતરે છે. જન્મથી માંડીને મૃત્યુ પર્યન્ત વધતી જતી વય અનુસાર માણસના ખોરાકમાં ફરક પડતો જાય છે. ત્રણ મુખ્ય સ્વાદનું પાચન જીવન પર્યન્ત એક સરખું તો બહુ ઓછા માણસોને રહે. કોઇક ગળપણને ન પચાવી શકે અને મધુપ્રમેહ થાય, કોઇ ખટાશને ન પચાવી શકે અને અમ્લપિત્ત થાય અને કોઇ તીખાશને ન પચાવી શકે અને હરસ, ચાઢું વગેરે થાય. કોઇક શીત પ્રકૃતિના હોય અને કોઇક ઉષ્ણ પ્રકૃતિના હોય. વૈદો માણસની નાડ જોઇને કફ, પિત્ત અને વાયુનો કેટલો પ્રકોપ છે કે વિચારીને પથ્યાપથ્ય આહાર દર્દીને સૂચવે છે. અપથ્ય આહાર દર્દી છોડી ન શકે તો એને પ્રેમથી સમજાવે. એમ કહેવાય છે કે કોઇ એક યુવાન દર્દી વૈદ્ય પાસે આવ્યો. એનો દમનો વ્યાધિ ઘણો ઉગ્ર થઇ ગયો હતો. ખાંસી ખાતાં તે બેવડ વળી જતો. વાત કરતાં તે હાંફી જતો. વૈદ્યે એને પડીકી આપી અને શું શું ન ખાવું તે સમજાવ્યું. યુવાન યુવાનીના તોરમાં હતો. એણે કહ્યું, 'જુઓ વૈદરાજ, બધી વાત સાચી, પણ તમે કહેલી એક પણ વાનગી હું છોડી શકું એમ નથી. એ મારી પ્રિય વાનગીઓ છે. અને મને એના વિના જરા પણ ચાલતું નથી.' વૈદે કહ્યું, 'એમ છે ? તો તારા જેવો કોઇ સુખી માણસ નહિ ?'

યુવાને કહ્યું 'વૈદરાજ, તમે કટાક્ષમાં કહો છો ?' વૈદે કહ્યું, 'ના સાચું કહું છું, તને કુદરતનાં ત્રણ મોટાં વરદાન મળશે.'

યુવાને જિજ્ઞાસાથી પૂછ્યું, 'ક્યાં વરદાન ?' વૈદે કહ્યું, 'જો, ભાઇ પહેલું વરદાન એ કે તને જિંદગીમાં કોઇ દિવસ કૂતરું કરડશે નહિ. બીજું વરદાન એ કે તારા ઘરમાં કોઇ દિવસ ચોરી થશે નહિ. અને ત્રીજુ વરદાન એ કે તારા વાળ ધોળા નહિ થાય.'

યુવાને કહ્યુ, 'વૈદરાજ, આ તો તમે ગપ્પાં મારો છો.'

વૈદે કહ્યું 'ના ભાઇ, સાચું કહું છું. જો તારો રોગ એટલો બધો આગળ વધી ગયો છે કે હવે થોડા દિવસમાં જ તારે લાકડીને ટેકે ચાલવું પડશે. જેના હાથમાં લાકડી હોય. તેનાથી કૂતરાં આઘાં ભાગે; કરડે નહિ. વળી દમને લીધે આખી રાત તું સૂઇ નહિ શકે. બેઠાં બેઠાં આખી રાત કાઢવી પડશે. તું જાગતો બેઠો હોય તો તારા ઘરમાં ચોર કેવી રીતે આવે ? અને તારા વાળ ધોળા થાય તે પહેલાં તો તારું આયુષ્ય પૂરું થઇ ગયું હશે. કાળા વાળ સાથે તું જશે.'

વૈદે માર્મિક રીતે મીઠાશથી યુવનને સમજાવ્યું. યુવાને તરત જ વૈદરાજે કહ્યુ તે પ્રમાણે ચરી પાળવાનું સ્વીકારી લીધું.

ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં, હિન્દુ ધર્મમાં અન્નને બ્રહ્મ તરીકે ઓળખાવામાં આવે છે. અન્નને આધારે આખું વિશ્વ ચાલ્યા કરે છે. અન્ન ન હોય તો પ્રજોત્પતિ ન હોય, અન્ન ન હોય તો જીવન ન હોય, શક્તિ ન હોય અને શક્તિ ન હોય તો સાધના ન હોય. शरीरमाद्यम् खलु धर्म साधनम् । ધર્મ સાધના માટે શરીરની પહેલી આવશ્યકતા છે. શરીરમાટે આહારની પહેલી આવશ્યકતા છે. માટે અન્નનું મહત્ત્વ આધ્યાત્મિક ક્ષેત્રે પણ સ્વીકારાયું છે.

આહારના વિવિધ પ્રકારના પ્રયોગો થાય છે. અમુક પ્રકારની વિશિષ્ટ શક્તિ આહાર દ્વારા મેળવાય છે. કેટલીક લબ્ધિ-સિદ્ધિ પણ આહાર ઉપર આધારિત છે. ભગવાન મહાવીરે ગોશાલકને તેજોલેશ્યા કેવી રીતે પ્રાપ્ત કરવી તેની જે વિદ્યા શીખવી હતી એમાં બાફેલા અડદના દાણાનું મહત્ત્વ ઘણું હતું. ચોવીસ કલાકમાં અનાજનો ફક્ત એક જ રાંધેલો દાણો લઇને એનો વિધિપૂર્વક આહાર કરવાની તપશ્ચર્યા (એક સિત્થ તપ) પણ વિશિષ્ટ પ્રકારની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિ જન્માવે છે. અકબર પ્રતિબોધક શ્રી હીર-વિજયસૂરિ મહારાજે આવી 'એક સિત્થ'ના પ્રકારની કેટલીક તપશ્ચર્યા કરી હતી.

વળી આહાર અંગે અનશન, ઉણોદરી, આયંબિલ, વૃત્તિસંપેક્ષ, રસત્યાગ વગેરે વિવિધ પ્રકારની તપશ્ચર્યા પણ બતાવવામાં આવી છે. જેઓ આવી તપશ્ચર્યા ન કરી શકે તેઓ એક કે વધુ વાનગી અમુક સમય સુધી ન ખાવાની બાધા લઇ શકે છે. જેઓને ઊંડી આધ્યાત્મિક સાધના કરવી છે તેઓને આહાર ઉપર વિજય મેળવ્યા વિના છૂટકો નથી. જે માણસની સ્વાદેન્દ્રિય લોલુપ હોય તે માણસ ઊંડી આધ્યાત્મિક સાધના કરી શકે નહિ.

આહાર કરતી વખતે સાચા જૈને નીચે પ્રમાણેની પાંચ પ્રકારની ભાવના ભાવવી જોઇએ. (૧) મારા આહાર માટે જે કોઇ એકેન્દ્રિય જીવની હિંસા-વિરાધના થઇ છે તે સર્વજીવોની ક્ષમા માંગુ છું. (૨) આ આહાર મારા મુખ સુધી પહોંચાડવામાં જે કોઇ જીવને જે કોઇ પ્રકારનું કષ્ટ પડ્યું હોય તે માટે તે જીવોની ક્ષમા માંગુ છું. (૩) હું આહાર લઉં છું, પરંતુ મારા આત્માના અણાહારી પદનું મને ક્યારેય વિસ્મરણ ન થશો. (૪) મેં લીધેલો આહાર મારા દેહમાં એવી શુભ રીતે પરિણામો કે જેથી મારા અધ્યવસાયો શુભ રહે અને સંયમની વિરાધના ન થાય. (૫) વિશ્વમાં સર્વત્ર ક્ષુધા વેદનીય કર્મનો જ્યાં જ્યાં ઉદય હોય ત્યાં ત્યાં તે શાંત થાવ. (તપસ્વીને શાતા અને ભૂખ્યાને ભોજન મળી રહો.)

આહારથી અનાહારી પદ સુધીનું સ્થૂલ અને સૂક્ષ્મ ક્ષેત્ર કેટલું વિરાટ અને કેટલું વિસ્મયજનક છે !

❑ રમણલાલ ચી. શાહ

❑❑❑

## સંયુક્ત અંક

'પ્રબુદ્ધ જીવન'નો એપ્રિલ તથા મે, ૧૯૯૩નો આ અંક સંયુક્ત અંક તરીકે, પ્રકાશિત થાય છે તેની નોંધ લેવા વાચકોને વિનંતી છે.

❑ તંત્રી

# પળમાં પેલે પાર

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

પ્રત્યેક જીવનું અંતિમ ધ્યેય મોક્ષ મેળવવાનું રહેવું જોઇએ. અનંતાનંત પુદ્‌ગલ પરાવર્તનમાં ભટકતો જીવ અવ્યવહાર રાશિમાંથી નીકળી વ્યવહાર રાશિમાં પ્રવેશે છે. આ પ્રક્રિયા નદીના પ્રવાહમાં ધકેલાતો પથ્થર ગોળ બને છે, તેના જેવી છે. નદી ઘોલન્યાયે અસંખ્ય ભવો પછી જીવ જ્યારે વ્યવહાર રાશિમાં આવે ત્યારે ઉત્ક્રાંતિની શરૂઆત થયેલી ગણી શકાય. અહીંથી જીવ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચતુર્ન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય. સંજ્ઞી પંચેન્દ્રિય ભવ મેળવવા ભાગ્યશાળી સકામ નિર્જરા થકી થઇ શકે છે. ૨૦૦૦ સાગરોપમ સમય દરમ્યાન જો તેની મુક્તિ ન થાય તો ફરીથી એકડે એક એટલે નિગોદ સુધી જવું પડે ! પરંતુ આત્માનું વીર્ય સ્ફોરવી જો તે પ્રથમ ગુણ સ્થાનકથી પગથિયાં ચઢતાં ચઢતાં, ક્ષપકશ્રેણીએ આરૂઢ થાય તો ૧૨-૧૩-૧૪ શ્રેણી ચઢી શૈલેશી સ્થિતિ પ્રાપ્ત કરી સિદ્ધશિલા પર પહોંચી જાય. આ ક્રમ જેટલો બોલવો કે વાંચવો સહેલો લાગે છે, તેટલો સહેલો નથી. કારણ કે, આપણે અસંખ્ય પુદ્‌ગલ પરાવર્તનો થયા છતાં હજી સંસારમાં રખડી રહ્યાં છીએ. ક્ષપકશ્રેણીની જેમ બીજી શ્રેણી ક્ષયોપશમિક શ્રેણી છે, જ્યાં ૧૦માં ગુણસ્થાનકથી પણ પડવાની સંભાવના રહે છે અને તે પ્રથમ ગુણસ્થાનકે પણ પહોંચી જાય. તેથી યથાર્થ કહેવાયું છે કે, 'ભાવના ભવનાશિની', 'ભાવના ભવોદધિ જહાજ', 'ભાવના ભવ ઔષધિ', 'ભાવના મોહ વિનાશિની'.

પ્રસ્તુત લેખમાં કેટલાંક એવાં દ્રષ્ટાન્તો જોઇશું કે જેમાં તે ભવ્ય જીવને હૃદયમાં તીવ્ર વેદના થતાં, ઝાટકો કે ખટકો થતાં મોક્ષ પામી જાય છે, તીવ્ર પશ્ચાત્તાપ કે અપૂર્વ પરિણતિથી.

મરુદેવીમાતાને પ્રથમ સ્થાન આપીએ. પૂર્વ ભવમાં તેઓ કેળ હતા, તેની લગોલગ બાવળના કાંટાનું વૃક્ષ હતું. પવન સાથે તે કાંટા ભોંકાતા કેળનું પાન પરિષહ સહન કરતું. ત્યાંથી તે જીવ નિર્જરા થકી મરુદેવી તરીકે જન્મ લે છે. કોઇ પણ જાતના અનુષ્ઠાનો કર્યા નથી. પોતાનો પુત્ર ઋષભ તેના સામું પણ જોતો નથી, તે ઉદ્વેગથી ૧૦૦૦ વર્ષો રડી રડીને આંખનું નૂર ગુમાવી દે છે. હાથી પર બિરાજી ઋષભદેવ જે તીર્થંકર બન્યા છે, તેની ઋદ્ધિ જોવા જતાં પુત્રમોહની નિરર્થકતા પર ભાવના ભાવતા મોક્ષનગરીના દ્વારે પુત્રની પહેલાં પહોંચી ગયા ! પુત્ર પ્રત્યેનો મોહ નષ્ટ થતાં, વિવેક પ્રગટ્યો, પછી આત્મલક્ષી શુદ્ધોપયોગ અને સીધું કર્મક્ષય-મુક્તિ.

તેનો પુત્ર ભરત ચક્રવર્તિ સ્નાનાગારમાં અંગુલિ પરથી વીંટી પડી જતાં વિચારે છે કે બાહ્ય પરિસ્થિતિથી તે સુંદર છે કે આંતરિક આત્મગુણથી ? અનિત્ય ભાવે ચઢી જતાં કેવળજ્ઞાન સુધી પહોંચી જાય છે.

તેના બીજા ભાઇ બાહુબલી તેનું ચક્રવર્તિપણું સ્વીકારતા નથી. દેવેન્દ્રની સમજાવટથી અનેક નિર્દોષ સૈનિકોનું મૃત્યુ ટાળી પ્રથમ નેત્રયુદ્ધ, પછી બાહુયુદ્ધ વગેરે યુદ્ધો પછી મસ્તક પરથી બાહુબલી આયુધ લેવા કટિબદ્ધ થાય છે. મસ્તક પર હાથ જતાં પોતે અણગાર છે, તેનું ભાન થાય છે. લાંબા તપથી તેના શરીર પર વેલા તથા દાઢી વગેરેના વાળમાં પક્ષીઓએ માળા કર્યા છે. તે પછી યુદ્ધથી અટકી ગયા. છતાં પણ કેવળજ્ઞાન દૂરનું દૂર જ રહે છે. ભગવાન ઋષભદેવ પોતાની બે પુત્રી બ્રાહ્મી અને સુંદરીને મોકલે છે. 'ગજ થકી ઉતરો રે વીરા' એ સંબોધનથી પોતે અભિમાન રૂપી હાથી પર બેઠા છે, તેનું ભાન થતાં અનિત્યાદિ ભાવના ભાવતા કેવળજ્ઞાન મેળવે છે. એક વર્ષ સુધી જળ વગરના ચોવિહાર ઉપવાસ તથા કાર્યોત્સર્ગ કર્યા હોય છે. ભગવાન મહાવીરસ્વામીના અગિયાર ગણધરોમાં વડેરું સ્થાન ભોગવનારા, પોતાના અધિક જ્ઞાનથી ફૂલીને ફાલકો થનારા ગણધર ગૌતમસ્વામી ભગવાનના અનન્ય ભક્ત તથા વિનીત શિષ્ય હોવા છતાં કેવળજ્ઞાન નથી મેળવી શકતા ! ચાર જ્ઞાનના ધારક તથા પ્રશ્નોના પ્રત્યુત્તર જાણતા હોવા છતાં પણ ભગવાનના મુખે સાંભળતા ગૌરવ અનુભવતા. તેના ૫૦,૦૦૦ શિષ્યો કેવળી થઇ ગયા હતા. જેના મસ્તક પર હાથ મૂકે તે કેવળજ્ઞાન મેળવતા. ભગવાનના દેહાંત સમયે દેવશર્મા બ્રાહ્મણને બોધવા મોકલે છે. સ્નેહનો છેલ્લો તંતુ, જે અવરોધક હતો, તે તૂટી જતાં મોહથી મુક્ત થઇ કેવળી થયા. 'અનંતલબ્ધિ નિધાન' ગૌતમસ્વામી જંઘાચરણ લબ્ધિ વડે સૂર્યના કિરણો પકડી અષ્ટાપદ પર્વત પર ચઢી કેવળજ્ઞાન (નૂતન વર્ષના પ્રભાતે) પ્રાપ્ત કરે છે.

પુરોહિત પુત્ર અનપઢ હોવાથી પિતાના મૃત્યુ બાદ કપિલને રાજપુરોહિત પદ ન મળ્યું. માતાના નયનમાં અશ્રુ જોઇ ભણવા કૃતનિશ્ચયી થાય છે. વિદ્યાભ્યાસમાં અંતરાય રૂપ ભોજનની પ્રક્રિયા આડી આવતી હોવાથી એક વિધવાને ત્યાં ભોજનનું ગોઠવે છે. બે નયનો મળતા પ્રેમ પ્રગટે છે, વિધવા સગર્ભા થઇ. તે માટે રાજા પાસે માંગવા જાય છે. જે માંગે તે આપું એ આશ્વાસનથી બે, ચાર, દસ, સો, હજાર, લાખ, કરોડ, આખું રાજ્ય માંગવાનો મનસુબો કરે છે. છેવટે તૃષ્ણા આકાશ જેટલી વિશાળ દેખાય છે. અનિત્ય ભાવના ભાવતા કપિલ કેવળી બને છે.

પશુઓનો કાળો કકળાટ સાંભળી રાજીમતીનો હાથ ન પકડનાર નેમિકુંવર પાસે, દીક્ષિત થયેલા નેમિનાથ પાસે મસ્તકે હાથ મૂકાવી દીક્ષા લીધા પછી, એકવાર ભીંજાયેલા વસ્ત્રો સુકવતા નિર્વસ્ત્ર રાજીમતીને પૂર્વે પ્રવેશેલા રથનેમિ વિષય ભોગવવા જણાવે છે. સુંદર સદ્‌બોધથી પથ પર લાવેલા રથનેમિ ભગવાન પાસે (પશ્ચાતાપપૂર્વક) આલોચના કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને રાજીમતી પણ કેવળી બને છે. હૃદયમાં લાગેલા તીવ્ર ડંખથી કેવું પરિવર્તન !

ઢંઢણકુમાર કૃષ્ણ વાસુદેવના પુત્ર હતા. અનેક કન્યાઓ સાથેના લગ્નને તિલાંજલિ આપી નેમિનાથ સ્વામીજીની દેશના સાંભળી વૈરાગ્યવાસિત થઇ દીક્ષા લીધી. તેમના જોરદાર લાભાંતરાય કર્મથી જે કોઇ તેની સાથે જોડાય તે સાધુને પણ ભિક્ષા ન મળે ! પૂર્વભવ પ્રભુ પાસે સાંભળી અભિગ્રહ કર્યો કે, 'બીજાની લબ્ધિથી મેળવેલી ભિક્ષા વાપરવી નહિ.'

પ્રભુને કૃષ્ણે પ્રશ્ન કર્યો કે, આપના મુનિમાંથી મહાદુષ્કરકારી કોણ? પ્રભુએ ઢંઢણનું નામ સૂચવ્યું.

ઢંઢણ જ્યારે ભિક્ષા માટે ફરે છે, ત્યારે લોકોને તેના આગમનથી નફરત થાય છે, બહાર નીકળો, કેમ આવ્યા છો ? હે ગંદાવસ્ત્રધારી ! ઓ મૂંડિયા ! તેં અપશુકન કર્યું વગેરે.

તેઓ અપાર સમતામાં રહી તે વાક્યો તેમને અમૃતસમાન લાગે છે. ઢંઢણના દર્શન થતાં હાથી પરથી નીચે ઉતરી કૃષ્ણ તેમને વંદનાદિ કરે છે. તે જોઇ નજીકના ઘરવાળા ભિક્ષાર્થે બોલાવે છે.

શું મારો લાભાંતરાય દૂર થયો ?

મુનિએ પ્રભુને પૂછ્યું. પ્રભુએ કહ્યું, 'ના... કૃષ્ણની લબ્ધિથી ભિક્ષા મળી છે.'

ભિક્ષાને પરઠવા તેઓ નિર્જીવ ભૂમિમાં જઇ ભિક્ષાનો ચૂરો કરતાં કરતાં પોતાના ચીકણા કર્મોનો તથા પોતાના ભારે કર્મીપણાનો તીવ્ર પ્રશ્ચાત્તાપ કરતાં જ કૈવલ્ય પામી, ઘનઘાતી કર્મોનો ક્ષય થઇ ગયો ! અને મોક્ષ !

છ છ જીવોની નિર્દય હત્યા કરનાર દ્રઢપ્રહારીએ જ્યારે તેઓના જીવનના કરુણ અંતનું દ્રશ્ય જોઇ અંત લાવવા વિચાર કર્યો ત્યારે વનમાં મળી ગયેલા મુનિરાજના ઉપદેશથી સાધુ થઇ પાપ ધોવાનો મનસુબો કર્યો. તેણે પ્રતિજ્ઞા કરી કે જે દિવસે કોઇ પણ પાપ યાદ આવે તે દિવસે નિર્જલ ઉપવાસ કરવો, આ જ પ્રદેશમાં રહેવું.

ભિક્ષાર્થે જનારા આ મુનિને જોઇ આ પોતાના સ્વજનનો હત્યારો છે. તેથી ખૂબ મારતા, પાપનું સ્મરણ થતાં પાછા ફરતા, ઉપવાસ કરતા. ભારે સમતાથી મારપીટ કરનારા મારા ઉપકારી એમ ગણી ઘોર ઉપસર્ગ છ માસ સહન કરી કૈવલ્ય મેળવ્યું. એકવાર જ્યારે ખંધક (સ્કંદક) મુનિ જિનકલ્પની આરાધના કરતાં ત્યારે આમરણ ઉપસર્ગ તેમના ઉપર આવ્યો. ચામડી ઉતરડાઇ ગઇ છતાં ભારે સમતાથી ઉપસર્ગ સહન કરી કૈવલ્ય પામી મોક્ષે ગયા. ગરમીથી બચવા પિતાએ તેના માટે છત્રીધર રાખ્યો હતો, તે આ ખંધકમુનિ.

અજૈન રાજા સોમચંદ્રને રાણીએ દૂત આવ્યો એમ કહી જાગ્રત કર્યા. સગર્ભા રાણીનો પળનો પણ વિલંબ કર્યા વગર તેણે સંન્યાસ સ્વીકાર્યો,

પ્રસન્નચંદ્રના માથે રાજ્યભાર નાંખ્યો. રાણી મૃત્યુ પામી અને નવજાતનું નામ વલ્કલચીરી પાડ્યું. તેના વિરહમાં પિતાએ દ્રષ્ટિ ગુમાવી. એકવાર બે ભાઇઓ તેમની પાસે આવ્યા, તેના આનંદથી આંખમાં ફરી દ્રષ્ટિ આવી. આશ્રમના દૈનિક કામ કરી રહેલા વલ્કલચીરીને જાતિસ્મરણ જ્ઞાન થયું. પિતામુનિ તથા મોટા ભાઇ પ્રસન્નચંદ્રને સમ્યક્તિનું દાન કર્યું અને કૈવલ્ય પ્રાપ્ત કર્યું.

કૃષ્ણના નાના ભાઇ ગજસુકુમારનું લગ્ન પ્રભાવતી તથા સોમિલ બ્રાહ્મણની પુત્રી સોમા સાથે તે અતિ રૂપવતી હોવાથી કૃષ્ણે કરાવ્યું.

નેમિનાથજીની દેશનાથી વિરક્ત થઇ તે ત્રણે દીક્ષિત થયા. કર્મક્ષય કરવા વધુ સંકટો સહન કરવા ગજસુકુમાર મુનિ સ્મશાનમાં કાર્યોત્સર્ગમાં રહ્યાં. રોષે ભરાયેલા સોમિલ સસરાએ માથે અંગારા ભરી મોક્ષની પાઘડી પહેરાવી.

બીજે દિવસે નેમિનાથને વંદન કરવા જઇ રહેલા કૃષ્ણે વૃદ્ધપુરુષને ઇંટના કાર્યમાં મદદ કરી. કૃષ્ણે ભગવાનને ગજસુકુમારના ક્ષેમકુશળ પૂછ્યા.

પ્રભુએ ફરમાવ્યું, હે કૃષ્ણ ! તે મોક્ષ પામી ગયા. જેવી રીતે તેં પેલા ડોસાને મદદ કરી તેમ સોમિલે ગજસુકુમારને મોક્ષ મેળવવામાં માથે દેવતાની પાઘડી બાંધી મદદ કરી છે. ભવના ફેરામાં છેલ્લી મા કરજે એવી માતા દેવકીની આશાપૂર્ણ કરી, ફળિભૂત બનાવી મોક્ષગામી થઇને.

પર્યુષણ મહાપર્વમાં જેના નિમિત્તે અઠ્ઠમ તપ કરાય છે, તે નાગકેતુ પૂર્વભવમાં વાણિયાનો પુત્ર હતો. માતાના મૃત્યુથી પિતાએ બીજી પત્ની કરી, જે તેને દુઃખ દેતી હતી. મિત્ર પાસેથી જાણ્યા પછી પર્યુષણમાં અઠ્ઠમ તપ કરીશ એ વિચાર સાથે સુઇ ગયો. ઝૂંપડીમાં અગ્નિ નાંખી ઓરમાન માએ તેને મારી નાંખ્યો. શુભ ધ્યાનથી શ્રીકાંત શેઠને ત્યાં જન્મ્યો. અઠ્ઠમ તપ કરી તે મરી ગયો જાણી તેને દાટી દીધો. બાળકનું નામ નાગકેતુ પાડ્યું હતું. ધરણેન્દ્રે તે મર્યો નથી તેમ બતાવ્યું તથા ગળામાં હાર પહેરાવી ચાલી ગયો. તે ધર્મની આરાધના કરે છે. જિનપ્રાસાદ પર પડતી શિલાને નવકારમંત્રથી અટકાવી તેથી તે દેવને નાગકેતુની તપશક્તિ સહન ન થતા શિલાને સંહારી લઇ સ્વસ્થાને ગયો. એક વાર નાગકેતુ પુષ્પોથી જિનપૂજા કરતો હતો. તેમાંથી નીકળેલા તંબોલી સર્પે દંશ દીધો. શરીરે ઝેર વ્યાપી ગયું. પીડા તરફ આંખ આડા કાન કરી શુભ ધ્યાનથી ક્ષપકશ્રેણી પર આરૂઢ થઇ કેવળજ્ઞાન પામ્યા.

તેથી પર્યુષણપર્વમાં છઠ, અઠ્ઠમાદિ તપ કરી જે ભાવુકો કલ્પસૂત્ર સાંભળે છે, તે જીવો પ્રાયઃ સાત-આઠ ભવમાં મોક્ષે જાય છે, તેવી માન્યતા પ્રવર્તે છે.

શ્રેણિક રાજા ચિત્રશાલા બંધાવે છે. તેનો દરવાજો તૂટી જાય છે. તે માટે બત્રિશ લક્ષણાનો વધ મુકરર થાય છે. પડહ વગાડ્યો અમરના માતા-પિતા તેના જેટલું સોનું સાટામાં લઇ વધ માટે આપે છે. ગુરુએ આપેલા નવકારમંત્રનો અમર શ્રદ્ધાપૂર્વક જાપ જપે છે. સર્વ જીવોને ખમાવી દે છે. અગ્નિકુંડ સિંહાસન બને છે. ત્યારબાદ તે સ્મશાનમાં કાઉસગ્ગ ધ્યાનમાં હોય છે, ત્યારે માતા તેને મારી નાંખે છે. મૃત્યુબાદ મહાવિદેહમાં જન્મે છે . ચારિત્ર લઇ ઘાતીકર્મો ખપાવી કેવળજ્ઞાન-કેવળ દર્શન મેળવે છે.

પ્રતિષ્ઠાનપુરના રાજવીનો કુંવર મદનબ્રહ્મ બત્રીશ કન્યા પરણે છે. તપસ્વી મુનિની વાણી સાંભળી પત્નીનો ત્યાગ કરી અણગાર બન્યા. વિહાર કરતાં મધ્યાહ્ન સમયે બાર-બાર વર્ષોથી વિરહાગ્નિથી બળી રહેલી યુવતીએ તેમને પધારવા આમંત્રણ આપ્યું . મદનવિહ્વલા માનિનીએ ધર્મલાભ સાટે (ભોગ માટે) કહ્યું. જઇ રહેલા મુનિના પગમાં ઝાંઝર પરોવી દીધું, ત્યારથી તે ઝાંઝરિયા મુનિ તરીકે ખ્યાતનામ થયા. વિહાર કરતાં અનુક્રમે કંચનપુર પધાર્યા. ગોચરી માટે રાજમાર્ગથી પસાર થઇ રહેલા મુનિને ઝરૂખામાં સોગઠાબાજી રમી રહેલી મહારાણી જોતાંવેંત પોતાના ભાઇને ઓળખવાથી તેની અશ્રુ ભીની આંખો રાજાએ જોઇ. કલ્પી લીધું કે તે તેનો જાર હશે, તેથી ખાડામાં નાંખી ગરદન ઉડાવી દેવા સેવકોને કહ્યું. તેના માટે તૈયાર કરેલા ખાડામાં મુનિવર સમતા રસમાં ઝીલવા લાગ્યા. મન-વચન-કાયાથી વિશ્વના સકલ જીવોને ખમાવી, ચાર શરણા સ્વીકારી, આત્મ ધ્યાનમાં લીન થયા.

લોહી ખરડાયેલો તેમનો ઓઘો અને મુહપત્તિ રાજાના ચોકમાં પડ્યા . મુનિએ રાગ-દ્વેષથી પર થઇ, સમશત્રુ મિત્રભાવધારી, ક્ષપક શ્રેણીએ ચઢી, ઘાતિ કર્મોનો ચૂરો કરી, શુકલધ્યાનમાં લીન થઇ આયુષ્ય ક્ષય થતાં અંતકૃત કેવળી થયા.

આ તરફ રાણીનું રુદન સાંભળી દોડી આવેલા રાજાને ખરી સ્થિતિનું ભાન થતાં ખેદપૂર્વક તીવ્ર પશ્ચાત્તાપ કરી, દુષ્કૃત્ય ગર્હાદિ કરી, અનિત્ય ભાવનામાં ચઢે છે. સાચા દીલના પશ્ચાત્તાપથી પાપનો પૂંજ પ્રજળી ગયો અને તે ક્ષણે રાજાને પણ કેવળજ્ઞાન થયું !

નાસ્તિક શિરોમણી શ્રેણિકરાજા જ્યારે અનાથમુનિના સમાગમમાં આવ્યા ત્યારપછી ક્ષાયિક સમ્યકત્વી બની જૈન ધર્મના અનુરાગી બન્યા. દેવની અવકૃપાથી મેતરાજના લગ્નમાં ભંગ પડ્યો. ફરીથી તેના લગ્ન આઠ કન્યા સાથે તથા ત્રણ ચમત્કારોથી ચકિત કરેલા શ્રેણિકે પણ પોતાની કન્યા તેને પરણાવી. નવ નવયૌવના સાથે હવે મેતરાજ રાજમહેલમાં ભોગ ભોગવે છે. પૂર્વભવનો દેવ ફરીથી પ્રતિબોધે છે, તેથી સંપૂર્ણ સાહ્યબીને સર્પ જેવી રીતે કાંચળીને ત્યજી દે તેમ સુખવૈભવાદિને તિલાંજલિ આપી સાધુપણું અંગિકાર કરે છે.

તેઓ એકવાર માસક્ષમણના પારણે ધર્મલાભ આપી સાધુ સોનીને ઘેર પ્રવેશે છે. અનેરા ભાવથી વહોરાવે છે. ધર્મલાભ આપી ચાલ્યા જાય છે.

આ સોની પ્રતિદિન શ્રેણિક માટે નવાં નવાં સોનાના જવલાં ઘડે છે. મુનિના ગયા પછી જવલાં ગુમ થયા. તે મુનિ પાછળ દોડ્યો. જવલા આપી દેવા જણાવ્યું. પક્ષી તે હડપ કરી ગયું છે, તેમ જાણતા હોવાથી મુનિ મૌન રહ્યા. ખૂબ ધમકાવે છે. ન કહેવાના શબ્દો ક્રોધથી કહે છે. મુનિએ મૌન ગ્રહણ કરી એક અક્ષર પણ ઉચ્ચાર્યો નહીં. તેણે મુનિના મસ્તક પર લીલી વાધરી વીંટાળી. તડકે ઊભા રાખ્યા. ઘોર વેદના સમતાપૂર્વક સહન કરી. તેઓ જીવરાશિને ખમાવે છે, પાપનો પશ્ચાત્તાપ કરે છે. વાધરીથી આંખના ડોળા બહાર નીકળી ગયા, નસો ખેંચાઇ, સમભાવમાં કર્મોના બંધ ફટોફટ તૂટી ગયા. કેવળજ્ઞાન થયું !

સોનીએ ત્યાં ત્યારપછી લાકડાનો ભારો ભોંય પર પછાડ્યો. તેના અવાજથી જવલા ચણી ગયેલું પક્ષી ચરક્યું અને તેમાં જવલા જોયા. શ્રેણિકથી ગભરાઇ તેણે મુનિના વસ્ત્રાદિ ગ્રહણ કરી લીધા, તેથી તેને અણગાર દશામાં જોઇ શ્રેણિકે દીક્ષા માટે છોડી દઉં છું, જો તે છોડીશ તો તારો ઘાટ ઘડીશ.

નબીરો ઇલાચીકુમાર રૂપાળી નટડી પાછળ પાગલ બન્યો હતો. વારંવાર ખેલ કરવા છતાં રાજા તુષ્ટ ન થવાથી પાંચમી વાર વાંસ પર ચઢ્યો. રાજા ખુશ થાય છે, તે થાક્યો છે, નીચે પડે તો નટકન્યા મને મળે, એમ રાજા વિચારે છે.

પરંતુ રાજમહેલની સામેની હવેલીમાં નવયૌવના શેઠાણી રંગબેરંગી ઝીણાં ઝીણાં વસ્ત્રોમાં સજ્જ થઇને મુનિવરને ગોચરી માટે આમંત્રે છે.

મુનિ યુવાન છે, લલાટ ચમકી રહ્યું છે, ચહેરો તેજ મારે છે. લાભ આપવા પધારે છે. મોદકના થાળમાંથી લાભ આપવા આગ્રહપૂર્વક વહોરાવે છે. તેઓ નિર્વિકાર નીચી દ્રષ્ટિ રાખી ઊભા છે.

ઇલાચીના જીવનમાં પરિવર્તન થાય છે. મુનિરાજને કોટિકોટિ વંદન . પોતાને ધિક્કારે છે. પશ્ચાત્તાપ કરે છે. અનિત્ય ભાવનામાં ચઢે છે. એવી ભાવધારાની અભિવૃદ્ધિ થઇ કે તેણે ચાર ઘાતિ કર્મોનો ચૂરો કર્યો. વાંસ પર કેવળજ્ઞાન ! દેવો કેવલીનો મહિમા કરવા આવ્યા.

આ ઘટના જોઇ મહારાણી, રાજા અને નટડી પણ કેવળજ્ઞાન પામે છે. ઘાતિ કર્મોની બેડી તૂટતાં ત્રણે કેવળી ! ભાવધર્મની પ્રધાનતા પર શાસ્ત્રકારો આ દ્રષ્ટાંત આપે છે. ચાર ચાર ઉત્તમ આત્માઓ કેવળી થઇ મુક્તિપુરીના મહેમાન બને છે !

શ્રી ઋષભદેવના પાદપદ્મથી પુનિત થયેલી અયોધ્યામાં હરિસિંહનું શાસન હતું. પદ્માવતી પટરાણીથી પૃથ્વીચંદ્ર નામના પુત્રની પ્રાપ્તિ થઇ, પુત્ર પહેલેથી વિરાગી હતો. ઠીક થઇ રહેશે, એમ માની આઠ કન્યા સાથે લગ્ન કરાવ્યા. પૃથ્વીચંદ્ર અગમનિગમના વિચારમાં ચઢે છે. સોળે શણગાર સજી પ્રેમરસથી તરબોળ કરવા પત્નીઓ અવનવા ઉપાયો અજમાવે છે. સિંહાસન પર બેઠેલા હોવા છતાં રીઝવવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો.

તે આત્મધ્યાનમાં મસ્ત છે. ઉદાસીન ભાવમાં આરૂઢ થયા. સંસાર નીરસ લાગે છે. હૃદય વૈરાગ્ય રંગથી રંગાઇ ગયું છે. પૃથ્વીચંદ્રે રાજ્યરોહણ પછી સમસ્ત પ્રજાને ધર્મમાં મસ્ત કરી દીધી. અલિપ્ત અને નિર્લેપ થઇ રાજ્યની ધૂરા વહે છે. સદ્‌ગુરુના સંયોગની આશા સેવે છે, કેમકે તેમના સાનિધ્યમાં આત્મકલ્યાણ કરી શકે.

તે દરમ્યાન એક વેપારી આવ્યો. કૌતુકનું વર્ણન કરે છે. ગુણસાગરને લગ્નની ચોરીમાં કેવળજ્ઞાન થયું. પૃથ્વીચંદ્રે ગુણસાગરના જીવન પરિવર્તન પર વિચાર કરતાં હું ક્યારે મહામોહને જીતી કેવળ લક્ષ્મીને પામીશ? ક્યારે દીક્ષા લઇ ગુરુ સેવા કરીશ? ક્યારે પર્વત પર કે ગિરિ ગુહામાં કે શૂન્યાગારમાં કાર્યોત્સર્ગમાં તદાકાર, તલ્લીન થઇશ? ભાવનારૂપ પવનના વાયરામાં ઘનઘાતિ કર્મોનો ચૂરો થયો. રાજ્યસભામાં સિંહાસન પર પૃથ્વીચંદ્રને કેવળજ્ઞાન થાય છે!

કેવળી ભગવંતના મુખથી પૂર્વભવનું વર્ણન સાંભળી રાજારાણીને જાતિસ્મરણ જ્ઞાન થયું. તમામ સ્ત્રીઓ ઉત્તમ ભાવના ભાવે છે. તે ક્ષણે ઘાતિ કર્મોનો ચૂરો કરી કેવળજ્ઞાન પળમાં પ્રાપ્ત કરે છે. આ અલૌકિક ઘટનાથી અયોધ્યામાં અપૂર્વ આનંદની છોળો ઉછળી. ગુણસાગરને લગ્નની ચોરીમાં વિધિ દરમ્યાન કેવળજ્ઞાન!

હસ્તિનાપુરમાં રત્નસંચય નામના મહાન ધર્માત્મા શ્રેષ્ઠીને લક્ષ્મીના અવતાર સમી સુમંગલા નામની પત્ની છે. ગુણના સાગર જેવો પુત્ર થયો. માતાને સ્વપ્નમાં સાગરનું પાન કરવાનું સ્વપ્નું આવ્યું. તેને અનુરૂપ પુત્રનું નામ ગુણસાગર પાડ્યું. યૌવન પ્રાપ્ત થતાં અવનવી વિદ્યા તથા કળાનો સ્વામી બન્યો. એક શ્રીમંતની આઠ કન્યા સાથે લગ્નનું માગું આવ્યું.

એકદા રાજમહેલના ઝરૂખામાંથી શ્વેત વસ્ત્રથી સજ્જ મુનિરાજ જોયા. જાતિસ્મરણ જ્ઞાન થયું. લગ્ન કરવા નથી પણ બંધનો ત્યજી ચારિત્ર ગ્રહણ કરવાની ભાવના છે. દ્રઢનિશ્ચયી પુત્ર છે, તેમ જાણી લગ્નને બીજે દિવસે દીક્ષા લેવા અનુમતિ આપી. આઠે કન્યાના પિતાને વાકેફ કર્યા. પુત્રીઓ તેની સાથે લગ્ન કરવા તૈયાર થઇ. લગ્નની સર્વ પ્રક્રિયામાંથી વૈરાગ્યપૂરક અર્થ કાઢ્યો. સાવધાન સાવધાનના પોકારો સાથે સાવધાન થઇ સંવેગ રંગની ઊંચી ભાવનામાં ચઢે છે, સંયમ લઇ પાપોને દૂર કરી, ક્ષપકશ્રેણીએ આરૂઢ થઇ ઘાતિ કર્મો તોડી નાંખે છે. કેવળજ્ઞાન થાય છે. કેવળીનો મહોત્સવ ઉજવવા દેવો ઉતરી આવે છે.

આ તરફ પત્નીઓ પણ આવા પતિ માટે મગરૂર બને છે. સમતા રસમાં લીન બનેલા આવા પતિ શું સંસારમાં લેપાય ખરા! ખરેખર આપણે ભાગ્યશાળી છીએ કે મુક્તિગામી ભરથાર મળ્યો. સર્વ સ્ત્રીઓ ભાવનારસમાં ચઢે છે. અધ્યાત્મ શિખર ઉપર આરૂઢ થાય છે. ભાવનાના બળે ચોરીમાં જ સઘળાં કેવળજ્ઞાન પામે છે. આકાશમાં દુન્દુભિ વાગે છે.

લગ્નના મંડપમાં કેવળજ્ઞાન! મહામોહન સામ્રાજ્યમાં કેવળજ્ઞાન! લોકો મોંમાં આંગળાં નાંખવા લાગ્યા!

રાજગૃહી નગરીમાં સિંહરથ રાજાના સમયનો આ પ્રસંગ છે મધ્યાહ્ન સમયે બુદ્ધિનિધાન અને લબ્ધિનિધાન અષાઢાભૂતિ મુનિવર ગોચરી લેવા પધાર્યા છે. નટકારના આંગણે ધર્મલાભ આપી પ્રવેશ કર્યો. મઘમઘતા સુંદર મોદક વહોરાવ્યા. તેની આસક્તિથી ફરી ફરી તે' માટે પ્રવેશ કર્યો. કામના છે તેમ જાણી નટકારના ગૃહમાં તેની પુત્રીથી લટ્ટુ બની લપસી પડ્યા. એકવાર તેઓની વ્રતભંગની દશા જોઇ ઘરનો ત્યાગ કરે તે પૂર્વે તેના દ્વારા રાજસભામાં ભરતરાજાનો એક પ્રસંગ હૂબહૂ રજૂ થઇ રહ્યો છે. આનંદવિભોર પ્રેક્ષકો તાલીઓથી વધાવી રહ્યા છે. અરિસાભુવનમાં ૫૦૦ રાજપુત્રો સાથે અષાઢાભૂતિની વીંટી આંગળીએ થઈ સરી પડતાં ભરતની જેમ અનિત્યભાવના ભાવતા કેવળજ્ઞાન થયું. પાંચસો રાજપુત્રોની સાથે અષાઢાભૂતિ પણ કેવળી થાય છે. દેવોએ અર્પણ કરેલો સાધુવેશ ગ્રહણ કરે છે. તેથી કહેવાયું છે કે: 'ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન'

જ્યારે ગણધર ગૌતમની આંગળી ઝાલી અઇમુત્ત (અતિમુક્ત) પોતાના ઘેર ગોચરી માટે લઇ આવતો ત્યારે રાજરાણી, શ્રીદેવી તેની મા, હર્ષવિભોર થઇ મુનિનુ ભાવભીનું સ્વાગત કરે છે. તેમની સાથે તેના ગુરુ ભગવાન મહાવીરને જોવા જતાં જતાં તેમની ઝોળી ઉંચકી લેવા કહે છે. ગૌતમ કહે છે તને તે ન અપાય. અમારા જેવા જ તે ઉપાડી શકે. ગૌતમ સાથે મહાવીરને જોઇ, તેમની વાણી સાંભળી દીક્ષિત થવા માતા સાથે અનેકાનેક તર્ક-દલીલો કરી છેવટે છ વર્ષની વયે સાધુ બને છે.

એક વાર વરસાદના પાણીમાં બાળસુલભ ચેષ્ટા રૂપે પોતાનું પાત્ર પાણીમાં પ્રવાહિત કરે છે. અન્ય સ્થવિરો તેનો ઉપહાસ કરે છે. ભગવાન મહાવીર તેઓને કહે છે કે આ હળુકર્મી જીવ એકાવતારી મોક્ષે જશે. અપકાયના જીવોની વિરાધનાથી ઇરિયાવહીના પણગ-દગ, પણગ-દગ પર ધ્યાનસ્થ થઇ ભાવના ભાવતા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે જ્યારે અન્ય સાધુઓ ત્યાંના ત્યાંજ રહી જાય છે! આપણે પણ સામાયિકાદિમાં ઇરિયાવહી બોલીએ છીએ પણ હજુ સુધી ઉદ્ધાર થયો નથી! ક્યાં અઇમુત્ત (અતિમુક્ત) અને ક્યાં આપણે?

રૌદ્રધ્યાનનું પરિણામ બહુ કનિષ્ઠ આવે છે. જીવન ધર્મમય ગાળ્યું હોય, પરંતુ રૌદ્રધ્યાન આવે અને તે સમયે આયુષ્ય બંધાઇ જાય તો નરકનું બંધાય.

પ્રસન્નચંદ્ર રાજર્ષિ મહાસંયમી મનોમન લડાઇ અને હિંસાના ધ્યાનમાં ચડ્યા, અને તે જ વખતે શ્રેણિકરાજાએ મહાવીર ભગવાનને એમની ગતિ પૂછી પ્રભુએ કહ્યુ કે હમણાં મરે તો સાતમી નરકે જાય, બીજી ક્ષણે દેવદુંદુભિ અને મોક્ષ!

વાત એમ બની કે સમવસરણમાં આવી રહેલા શ્રેણિકના બે સૈનિકો બાળકુંવરને રાજ્ય સોંપી ભગત બનનાર પ્રસન્નચંદ્રની ટીકા કરી રહ્યા હતા. તેના કાકા રાજ્ય ખૂંચવી લેવા તૈયાર છે. આતાપના લઇ રહેલા પ્રસન્નચંદ્ર આ શબ્દો સાંભળી જાય છે. મનોમન એક પછી એક શસ્ત્રો લઇ યુદ્ધ કરે છે. એમ કરતાં મસ્તકનો મુગટ હાથમાં આવી જતાં ખરી સ્થિતિનો ખ્યાલ આવતાં પશ્ચાત્તાપના પાવક અગ્નિમાં દુષ્ટવિચાર ભસ્મ કરતાં કરતાં ક્ષપક શ્રેણિએ ચઢે છે. તેથી હવે જુદી જુદી નરકો ભગવાન બતાવે છે અને તેટલા માં દેવદુન્દુભિ સંભળાય છે અને તેઓ ઘનઘાતિ કર્મો નષ્ટ કરી કેવળી બની જાય છે.

ભગવાન મહાવીરસ્વામીના હસ્તે દીક્ષિત થયેલી છત્રીશ હજાર સાધ્વીના અગ્રણી ચંદનબાળા સમવસરણમાંથી સૂર્યાસ્ત થતાં પાછા આવી ગયા. દેવોના આગમનથી મૃગાવતીને તે ધ્યાનમાં ન રહ્યું. મોડા આવતા ચંદનબાળાએ ઠપકો આપ્યો. ઠપકો આકરો લાગતાં ભાવનાના ઉચ્ચતમ શિખરે આરૂઢ થઇ ક્ષપકશ્રેણિએ કર્મક્ષય કરતાં મૃગાવતીને કેવળજ્ઞાન થયું.

રાત્રિના ગાઢ અંધકારમાં નિદ્રાધીન ચંદનબાળાના હાથ પાસેથી સાપ સરકી રહ્યો હતો. મૃગાવતીએ હાથ ખસેડ્યો. જાગી ગયેલા ચંદનબાળાએ તેમ કરવાનું કારણ પૂછ્યું. ખરી હકીકત જાણતાં કેવળીની આશાતના કરવાની કાર્યની નિદાં કરતા તેમને પણ કેવળજ્ઞાન થયું.

શીતલાચાર્યના ચાર ભાણેજ શિષ્યોને વંદન માટે મોડું થતાં ઉશ્કેરાઇ તેઓને કહે છે કે હું તમને વંદન કરું? તેઓ કહે છે જેવી તમારી મરજી. ગુસ્સામાં વંદન કરે છે. તેઓ કહે છે કે આ તો દ્રવ્યવંદન કર્યું. ઘરસ્ફોટ થતાં તેઓ દુષ્કૃત્યની નિદાં કરતાં ક્ષપકશ્રેણિ અને પળમાં કેવળી! ચારે ભાણેજો મામાને વંદન કરવામાં મોડું થતાં તે પર ચિંતન કરતાં કરતાં આચાર્યની પહેલા કેવળી બની ગયા હોય છે.

ચંડરૂદ્રાચાર્ય મસ્તકમાં, વાંકુ ચાલનાર નવપરિણિત સાધુના પર પ્રહારો કરે છે. ગુરુને અસુવિધા થતી જાણી વિચારની ઉત્કૃષ્ટ કક્ષાએ પહોંચી કેવળી બને છે. સીધું હવે કેમ ચલાય છે? તેના જવાબમાં કહે છે કે આપની કૃપાથી. સફાળા ચંડરૂદ્રાચાર્ય અપ્રતિપાતિ જ્ઞાનીની આશાતનાથી દુઃખી થઇ પશ્ચાત્તાપ કરી તેઓ પણ કેવળી બને છે.

રાજવી માતાપિતાની પુત્રી ભાઇ સાથેના લગ્નથી દુઃખી થઇ પતિની ઇચ્છા પ્રમાણે સાધ્વી તરીકે જીવે છે. વૃદ્ધ ગુરુની સેવા-વૈયાવચ્ચ કરનારી પુષ્પચૂલા પ્રતિદિન અર્ણિકાપુત્રને માટે માફક જોઇએ તેટલી ગોચરી લાવવી હોય છે.

એક વાર અર્ણિકાપુત્ર આ કેવી રીતે શક્ય બને છે તે જાણવા પ્રશ્ન પૂછે છે. તમારી કૃપાથી આ શક્ય બને છે. કેવળી તરીકે તેમને જાણી પોતાને ક્યારે કેવળજ્ઞાન થશે તેમ પૂછ્યું. પુષ્પચૂલાએ કહ્યું કે નદી તરી પેલે પાર જતાં. તેઓએ લાવેલી ગોચરી બાજુ પર રાખી નદી પાર કરવા જાય છે. દુષ્ટ દેવના ભાલાથી વિંધાઇ જાય છે. પાણીમાં પડી રહેલા

લોહીના ટીપાંથી અપકાયની વિરાધના થતાં ઉચ્ચ ભાવનાના બળ વડે તેઓ પણ કેવળી બને છે, પુષ્પચૂલા કેવળી બની ચૂકી છે.

લલિતાંગ મુનિની અદ્વિતીય સિદ્ધિ જેવી કે નદીના પુરથી બચી જવું, અગ્નિ વચ્ચે હોવા છતાં પણ કશી ઇજા ન થવી તેવાં પ્રસંગોથી નાસ્તિક શિરોમણી અસંમતે મહાત્મા પ્રત્યે ઈર્ષા, ધર્મ અને ધર્મીનો દ્વેષ અને દ્રોહ માટે પારાવાર પશ્ચાત્તાપ કર્યો આત્મા, પરમાત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, મોક્ષદિ પર શ્રદ્ધાન્વિત થઇ તેણે કાયા અને કાયિક સુખાદિની પરાધીનતા ત્યજી, આત્માનું ખરેખરું વીર્ય પ્રગટાવી, અશુભ ભાવના અલગ કરી, શુભ ભાવમાં ચઢ્યો, શરીર-આત્માનો ભેદ સમજી, ચિંતનમાં ચિત્ત પરોવી શુભ ભાવે શુક્લ ધ્યાન, ક્ષપકશ્રેણિ મોહનીઆદી કર્મો, જ્ઞાનાવરણાદિ ઘાતી કર્મોનો સર્વથા સંહાર કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

'અનંત લબ્ધિભંડાર' ગણધર ગૌતમસ્વામીને હજી કેવળજ્ઞાન થયું નથી. પ્રભુની પ્રેરણાથી એક જ દિવસમાં અષ્ટાપદ પર જઇ પૂજા કરે તો કેવળજ્ઞાન પ્રગટે એવું જાણ્યા પછી તે માટેનો પ્રયત્ન કરે છે. માર્ગમાં ૧૫૦૦ તાપસોને અક્ષીણ મહાનસી લબ્ધિ વડે પાત્રમાં અંગૂઠો મૂકી ક્ષીરપાન કરાવે છે. તે પછી તેઓમાંના ૫૦૦ને ક્ષીરપાન કરવાથી, બીજા પાંચસોને સમવસરણના ત્રણ પ્રકાર જોવાથી અને ત્રીજા પાંચસોને જિનવાણી સાંભળતા કેવળજ્ઞાન થયું. લબ્ધિનિધાન ગૌતમ જેના મસ્તક પર હાથ મૂકે તેને કેવળજ્ઞાન થાય. આમ તેના ૫૦,૦૦૦ શિષ્યોને કેવળજ્ઞાન થયું ! પોતે હજી કોરા જ રહ્યા હતા. જ્યારે આ ૧૫૦૦ શિષ્યો કેવળીની પર્ષદામાં બેસવા જાય છે ત્યારે ગૌતમસ્વામી તેઓને ટોકે છે કે સમવસરણમાં કેવળીની સાથે ન બેસાય. ત્યારે ભગવાન કહે છે કે, 'હે ગૌતમ, તેઓની લાયકાત ત્યાં બેસવાની છે કેમકે તેઓ કેવળી થયા છે.' આથી ગૌતમ ચોંકી ઉઠે છે તથા પોતાની છદમસ્થ દશાથી ખિન્ન થાય છે.દેવશર્માને પ્રતિબોધ્યા પછી તેઓ પણ કેવળી થયા.

આહાર સંજ્ઞાના ક્ષય માટે ઉગ્ર તપસ્વી દમસાર મુનિશ્રી તીર્થંકરને પૂછે કે હું ચરમશરીર કે અચરમ શરીરી ? મને કેવળજ્ઞાન ક્યારે પ્રાપ્ત થશે ?

પરિણામની વિશુદ્ધ ધારા ચાલે તો પહોરમાં થાય. પરંતુ માસક્ષમણના પારણે ક્રોધ-કષાયનું નિમિત્ત મળતાં તે ગુમાવી દેશો અને કેવળજ્ઞાન દૂર હડસેલાઇ જશે, અને ત્યાર બાદ મળશે.

કાયાની મમતા રહી હોવાથી નિર્દોષ આહાર માટે જતાં માર્ગમાં એક ક્ષત્રિય મળ્યો. અપશુકન માની તેને અવળે માર્ગે ચઢાવી દીધા. ક્ષત્રિય પર ગુસ્સો કર્યો.

દમસાર મુનિએ ફરીથી સમુત્થાન શ્રુતની લબ્ધિ વડે સમસ્ત પ્રજાને ભયમુક્ત કરી પ્રભુ પાસે માફી માંગી. ઘાતિ કર્મોનો ક્ષય કરી પ્રભુના જણાવ્યા પ્રમાણે સાતમે દિવસે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયું.

રાજર્ષિ કીર્તિધર અને તેમના પુત્ર સુકોશલ બંને ભયાનક વનમાંથી પસાર થતાં હતા. એક વિકરાળ વાઘણ સુકોશલ મુનિના શરીર પર કુદી. ભયંકર પંજા અને વિકરાળ દાંતથી તેમના શરીરને ફાડવા લાગી. સુકોશલ મુનિ શાંત દશામાં છે. હૃદયને પવિત્ર કરી રહ્યા છે. સમતા રસમાં ઝુમવા લાગ્યા. છેલ્લી હદે પહોંચ્યા અને કેવળજ્ઞાન થયું. બંનેને સમતાના બળે કેવળજ્ઞાન થયું હતું.

જ્યારે સ્કંદકાચાર્યે પરમાત્મા મુનિસુવ્રતસ્વામી પાસે વિહાર માટે આજ્ઞા માંગી ત્યારે પ્રભુએ કહ્યું કે ત્યાં તમને અને તમારા સાધુ વૃન્દને મરણાંત ઉપસર્ગ થશે.

સ્કંદકાચાર્યે પૂછ્યું, ભગવન્ ! ભલે ઉપપસર્ગ થાય પણ અમે આરાધક કે વિરાધક ?

ભગવાનને કહ્યું કે તમારા સિવાય બધાં આરાધક થશે. સ્કંદકાચાર્યે ૫૦૦ શિષ્યો સાથે વિહાર કરી એવા ઠેકાણે ગયા કે જ્યાં જૈન ધર્મના કટ્ટર પ્રધાને રાજાને ભરમાવી એવું કાવતરું કર્યું કે સ્કંદકાચાર્ય અને તેમના ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલવાનું નક્કી થયું. પાપી પાલકે તે પ્રમાણે ઘાણીમાં પીલવાનું શરૂ કર્યું.

તેમણે પ્રત્યેક સાધુને અંત સમયની આરાધના કરાવી કે જેથી તેઓ પાપકર્મ લઇને આવેલા, (પરંતુ શુભાનિબંધી એટલે કે વૈરાગ્ય આદિ સદ્દબુદ્ધિના સંસ્કારવાળા પાપકર્મ) તેથી શરીર પર રાગ ન રાખ્યો યંત્રમાં પીલવાની ઘોર વેદના છતાં જ્વલંત વૈરાગ્ય ! સમતા ! ને તેથી ૭મા, ૮મા, ૯મા, ૧૦મા ગુણસ્થાનકે ચઢી તેથી આગળ વધુ ઉંચે ૧૩મે કેવળજ્ઞાન અને ૧૪માના અંતે મોક્ષ પામી ગયા ! તે બધાંને આરાધના કરાવનાર સ્કંદકાચાર્યે બાળમુનિની પહેલાં તેમને પીલો એવી માંગણી નકારતા તેઓ રૌદ્ર ધ્યાનમાં સરી પડ્યા અને વિરાધક બન્યા !

પૂર્વ જન્મમાં કરેલા તીવ્ર પાપને લીધે ક્ષુધાવેદનીય કર્મના તીવ્ર ઉદયથી ભૂખ્યા ન રહી શકનારા કુરગડુ મુનિ સાંવત્સરિક મહાપર્વના પનોતા દિવસે ઘડો ભરી ચોખા વહોરી લાવ્યા. ચાર મહિનાના ઉપવાસી મહાતપસ્વી મુનિઓની અમીદૃષ્ટિથી ભોજનને પવિત્ર કરવા આ અણગારે ભાતનું ભોજન તેમને દેખાડ્યું. આ તપસ્વીઓને કુરગડુનું આત્મલઘુતાસૂચક વિનય અને નમ્રતાપૂર્ણ શુભ વર્તન નફ્ફટાઇ અને ઉદ્ધતાઇના પ્રદર્શન રૂપે લાગ્યું. તેઓ અણગમો છાનો ન રાખી શક્યા. પાત્રમાં તેઓ થૂંક્યા.

ભોજનના પાત્રમાં મુનિઓનું થૂંક જોઇને કુરગડુ નાચી ઉઠ્યા. મારા લૂખા ભાતમાં તેઓએ ઘી નાખ્યું ! મારું દળદર ફીટ્યું. તેઓનું થૂંક મહાઔષધિ છે. તેનાથી મારા તીવ્ર ક્ષુધાવેદનીયનનો રોગ નાબૂદ થઇ જશે. ભાવનાની ધારાએ ચઢેલા કુરગડુ, તપસ્વીના તપને હોંશે હોંશે અનુમોદતા ભાત ખાઇ ગયા.

કુરગડુએ ઉપશમભાવના વડે કષાયના મેલને કેવો કાઢ્યો હશે ! જેથી તેમનું હૃદય આવું પારદર્શક બન્યું ! ન કોઇ ક્રોધ, ન કોઇ પ્રતિક્રિયા, ન કોઇ ઠપકો, ઉલટું શાંતિ ! થૂંકમાં ઘીની કલ્પના કરવા માટે મન કષાયની પીડાથી કેવું મુક્ત જોઇએ અને ગુણાનુરાગ કેવો તીવ્રતમ કક્ષાનો હોવો જોઇએ !

થૂંકથી મિશ્રિત ભાત ખાતાં મુનિશ્રેષ્ઠના હૃદયમાં ભાવસૃષ્ટિ સર્જન પામી. ઉપશમભાવનાએ સીમાડાઓ ઉલ્લંઘી, તેઓ ક્ષણાર્ધમાં એક ભવ્ય ભાવના નિકુંજમાં પહોંચ્યા; જ્યાં અનંતલબ્ધિ તેમના ચરણકમળમાં આળોટવા લાગી, વીતરાગદશાએ પહોચ્યા, અનંતજ્ઞાન-દર્શન-વીર્યાદિ તેમની મૂડી બન્યું. શૈલીશી સ્થિતિ પ્રાપ્ત કરી. ક્ષમાભાવનું શુભ ફળ- આત્મસ્વરૂપનું પ્રાગટ્ય પ્રાપ્ત કર્યું. આથી પોતાની ભૂલનો પશ્ચાત્તાપ કરી રહેલા ચાર મુનિઓને પણ કેવળજ્ઞાન થયું. કુરગડુએ જો ક્રોધ કર્યો હોત તો કેવળજ્ઞાન દૂર રહ્યું હોત ને ?

મહાનિશીથમાં આલોચનાની વિધિ બતાવી છે. આયંબિલ, અઠ્ઠમ, આયંબિલ ખમાવવું વગેરે. સાધ્વીઓને આલોચનાની ભયંકરતા લાગી. આલોચના માટે બે અધ્યયનો જોરદાર છે. અનાલોચિત કશું રખાય નહીં, તેવું ભાન થતાં ગુરુ પાસે જઇને પેટ છૂટી વાત કરવાની ભાવના થતાં ગુરુ પાસે જતાં પહેલાં જ કેવળજ્ઞાન કેટલીક ગુરુ પાસે જવા ઊભી થઇ; મારું બધું જ પાપ કહી દઉં પોતાની જાત પર અત્યંત ઘૃણા થઇ દેહની ખોટી આસક્તિ અને અનાસકત ભાવમાં આગળ કદમ રાખતાં વિતરાગી દશા અને કેવળજ્ઞાન ! મહાનિશીથ પ્રમાણે કેટલીક સાધ્વીઓ હાય ! કેવું મેં અધમ પાપ કર્યું? ચાલ ગુરુ પાસે આલોચી શુદ્ધિ કરું એમ વિચારી ગુરુ પાસે ચાલવા લાગી, પહોંચી નથી, ત્યાં રસ્તામાં શુભ ભાવ વિકસતા કેવળજ્ઞાન ! કેટલીક ગુરુ પાસે આલોચન-નિવેદન કરતાં કરતાં કેવળી બની ગયાં ! ત્યારે કેટલીક પ્રાયશ્ચિત યાચતાં કેટલીક ગુરુદત્ત પ્રાયશ્ચિત સ્વીકારતાં ભાવવૃદ્ધિમાં કેવળજ્ઞાન પામ્યાં !

કુમ્માપુત્તચરિયમમાં (કૂર્મપુત્ર ચરિતં) કુમ્માપુત્ર માતાપિતાની અનન્યભાવે તલ્લીન થઇ છ મહિના સેવા વૈયાવચ્ચ કરે છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

સિદ્ધપદની આરાધના કરવાથી હસ્તિપાલ રાજા તીર્થંકર થયા હતા.

એકવાર ભગવાન મહાવીરસ્વામીની આજ્ઞાથી ગૌતમ ભગવંત દીક્ષિત થયેલા મામા મહારાજ, સાલમુનિ અને મહાસાલમુનિ જે તેમના પુત્ર હતા તેમને સાથે લઇ ભાણેજ ગાગલી રાજાને પ્રતિબોધિત કરવા ચંપાનગરીમાં પધાર્યા. દેશના સાંભળી વિરક્ત ગાગલીએ પુત્રને રાજ્યભાર સોંપી માતા-પિતા સાથે દીક્ષા લીધી. પાંચેય મુનિવરો સાથે તેઓ ભગવાન પાસે જઇ રહ્યા હતા ત્યારે માર્ગમાં જ પાંચેયને કેવળજ્ઞાન થયું !

બધાં ચંપાપુરીમાં આવ્યા. પાંચેય પ્રભુને પ્રદક્ષિણા તથા ગણધર ગૌતમને વંદના કરી કેવલીની પર્ષદામાં બેસી ગયા.

તરત ગૌતમે તેઓને કહ્યું : 'પ્રભુને વંદન કરો.' પરમાત્માએ કહ્યું: 'ગૌતમ, કેવલીની આશાતના ન કરો.' પાંચેયને માર્ગમાં કેવળજ્ઞાન પ્રગટ્યું છે.'

પંદરસો કેવલી તાપસો પણ જ્યારે કેવલી પર્ષદામાં બેસવા જતાં હતાં ત્યારે ગૌતમસ્વામીએ તેમને તેમ કરતાં રોક્યા હતા. પરંતુ ભગવાને કેવલીની આશાતના ન કરવા ફરમાવ્યું હતું.

આ પ્રસંગે વિગતે સમજીએ. ગૌતમસ્વામી પોતાના પચાસહજાર શિષ્યો તથા પંદરસો તાપસ શિષ્યોને કેવળજ્ઞાન થતાં હતાશ થઇ ગયા. તેમને યાદ આવ્યું કે જે વ્યક્તિ સ્વલબ્ધિથી એક દિવસ અષ્ટાપદ પર્વત પર પહોંચી દેવાર્ચના-વંદના કરે તેને કેવળજ્ઞાન થાય. તે વિધિ પાર ઉતારી પુંડરિક અધ્યયનની રચના કરી; માર્ગમાં મળેલા પંદરસો તાપસોને દીક્ષિત કરી તેઓને અક્ષીણ મહાનસી લબ્ધિ વડે ક્ષીરાન્નથી જમાડ્યા પછી, તેમાંના પાંચસો ગુરુના ગુરુ મહાવીરસ્વામી વિષે ખીર વાપરતા આ પ્રમાણે વિચારે છે : પ્રભુવીર જેવા જગદ્ગુરુ આપણને મળ્યા. કેવું પરમોચ્ચ સદ્ભાગ્ય ! એવી ભાવના ભાવતા કેવળજ્ઞાન, બીજા પાંચસોને અષ્ટપ્રાતિહાર્યનું દૂરથી દર્શન કરતાં ક્ષપકશ્રેણિ અને કૈવલ્ય પ્રાપ્ત થયું. તથા બાકીના ૫૦૦ ને દૂરથી પ્રભુનું દર્શન કરતાં જ કૈવલ્ય પ્રાપ્ત થયું.

પરમાત્મા આદિનાથ શત્રુંજય તીર્થની યાત્રા કરી વિહાર કરતા હતા ત્યારે ગણધર પુંડરિક તથા અન્યને રોકાઇ જવાનું કહ્યું; કેમકે તમે તીર્થના પ્રભાવથી કેવળી બનશો. પ્રથમ તીર્થંકર ઋષભદેવના ગણધર પુંડરિકસ્વામી વિમલાચલ પર્વત પર પાંચ કરોડ શિષ્યો સાથે મોક્ષે ગયાનો ઉલ્લેખ છે. પુંડરિકસ્વામી ચૈત્રી પૂર્ણિમાએ એક મહિનાનું અનશન કરી તીર્થભૂમિમાં કેવળજ્ઞાન પામ્યા.

શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની માન્યતા પ્રમાણે તેમના ૪૫ આગમો પૈકી ૮મું આગમ અંતગડ દસામાં (અંતકૃત દશા) જેમણે સંસારનો અંત આણ્યો છે તેમને અંતકૃત કહેવાય છે.

તેના પ્રથમ વગ્ગમાં અન્ધકવૃષ્ણિ રાજાની ધારિણીદેવીના દશ પુત્રો ભગવાન નેમિનાથ પાસે દીક્ષા લઇ બાર ભિક્ષુપ્રતિમા સેવી. 'ગુણરત્નસંવત્સર' તપ કરી શત્રુંજયગિરિ પર અનશન કરી મોક્ષે ગયાનો અધિકાર છે.

બીજા વગ્ગમાં રાજારાણીના અન્ય આઠ પુત્રો વિષે પણ આવો ઉલ્લેખ છે.

ત્રીજા વગ્ગમાં ગજસુકુમારનો ઉલ્લેખ છે. ચોથા વગ્ગમાં દસ યાદવકુમારો જેવાંકે : જાલિ, મયાલિ, ઉવયાલિ, પુરિસસેણ, વારિસેણ, પદ્યુમ્ન, સંબ, અનિરુદ્ધ, સચ્ચનેમિ અને દૃઢનેમિનો અધિકાર છે. દસે નેમિનાથ પાસે દીક્ષા લઇ, અંતકૃત કેવલી થઇ શત્રુંજય પર અનશન કરી મોક્ષે ગયા છે.

પાંચમાં વગ્ગમાં કૃષ્ણની આઠ રાણી (ઉમાવતી, ગોરી, ગાંધારી લકખણા, સુસીમા, જંબુવઇ, સચ્ચભામા, રૂપ્પિણી) અને એના પુત્ર શામ્બની બે પત્ની દીક્ષા લઇ મોક્ષે જાય છે એ અધિકાર છે.

છઠ્ઠા વગ્ગના ૧૫મા અજ્ઝયણમાં બાલમુનિ અતિમુક્તનો અધિકાર છે. તેમણે પણ ગુણરત્નસંવત્સરાદિ તપશ્ચર્યા કરી કેવળી બને છે. ૧૬મા અજ્ઝયણમાં રાજા અલકખ (અલક્ષ) નેમિનાથ પાસે દીક્ષા લઇ મોક્ષે જાય છે એમ કહ્યું છે.

સાતમા વગ્ગમાં શ્રેણિક રજાની ૧૩ રાણીની વાત આવે છે. આઠમામાં તેની બીજી ૧૦ રાણીનો અધિકાર છે. પહેલી ચાર રાણી અનુક્રમે રત્નાવલી, કનકાવલી, લઘુસિંહનિષ્ક્રીડિત અને મહાસિંહનિષ્ક્રીડિત તપો કરે છે; પાંચમાથી આઠમી સપ્તસપ્તમિકા, લઘુસર્વતોભદ્રા, મહાસર્વતોભદ્રા અને ભદ્રોત્તર પ્રતિમાનું અનુક્રમે આરાધના કરે છે. નવમી રાણી મુક્તાવલી અને દસમી રાણી આયંબિલ વદ્ધમાણ (આનામ્લ વર્ધમાન) તપ કરે છે.

શિયળને અણિશુદ્ધ રીતે પાળીને નવ નારદો મુક્તિમાં ગયા તેને ઉદ્દેશીને લખ્યું છે કે : 'એક જ શિયળ તણે બળે ગયા મુક્તિ મોઝાર રે.'

જેણે પ્રભુના દેવદર્શન કર્યા સિવાય મોંમાં કશું ન નાંખવું તેવું વ્રત-અભિગ્રહ ધારણ કર્યું હતું. તેની કસોટીમાં સાત- સાત દિવસો સુધી અણરોક્યો વરસાદ વરસી રહ્યો હતો; તેથી તેને સાત દિવસના ઉપવાસ થયા. ચક્રેશ્વરી દેવી વરદાન આપવા આવ્યા છે. દુનિયાની રિદ્ધિ-સિદ્ધિ આપે તેમ છે; પરંતુ આ ગરીબ નોકર હાથી વેચી ગધેડો ખરીદવા તૈયાર નથી. અરિહંત-ભક્તિ ઉપરાંત વૈરાગ્ય નિસ્પૃહતાદિ ગુણોથી આગળ વધતાં તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જનારો બન્યો. આ હતો ગરીબ દેવપાલ.

ઢોર ચરાવનાર એક સમયનો નોકર માત્ર એક 'નમો અરિહંતાણં' પદ પામે છે. તેની રટણા એટલી જોરદાર કે પ્રવૃત્તિ સાથે વૈરાગ્ય-નિસ્પૃહતા તીવ્ર કરી નાંખ્યા. 'નમો અરિહંતાણં'ની રટણાના બદલામાં કશી દુન્યવી વસ્તુની સ્પૃહા રાખી નહીં-પાણીને પૂરમાં તરી જતાં પેટમાં લાકડાનો ખૂંટો પેસી ગયો. સમતાપૂર્વક 'નમો અરિહંતાણં'ની રટણા ચાલુ રાખી. તેથી ચરમશરીરી મોક્ષગામી થયો. પૂર્વભવના પુણ્યાનુબંધથી આ વ્યક્તિ તે સુદર્શન શેઠ. અભયા રાણીના તહોમતથી સુદર્શન શેઠને શૂળીએ ચઢાવાનો હુકમ થયો છે. તેની પત્નીએ અભિભવ કાયોત્સર્ગ ધારણ કર્યું છે. પૂર્વ જન્મમાં સમતાપૂર્વકના નમસ્કાર મહામંત્રના રટણથી શૂળીનું સિંહાસન થયુ અને તે ભવે ચરમશરીરી કેવળી થયા.

ઉપરના વિવિધ દૃષ્ટાન્તોમાં જોઇ શકા છે કે આ વ્યક્તિઓએ બાર ભાવના જેવી કે અન્યત્વ, એકત્વ અશરણત્વ, અશુચિત્વાદિ ભાવનાથી ભાવિત થયેલા આત્મામાં અસંપ્રજ્ઞાત પણે આત્મતત્ત્વનું આરોપણ કર્યું હતું અને તેના પરિપાકરૂપે આત્મામાં એટલી તીવ્ર ઝણઝણાટી-ગદ્ગદતા ક્રિયામાણ બની કે એથી સાતમાં અપ્રમત્ત ગુણસ્થાનકે પહોંચી ગયા, પછી આત્મનિષ્ઠ, શાન્ત-પ્રશાન્ત બની અનાસકતભાવ-અસંગયોગ સમતાયોગમાં આરૂઢ થઇ વીતરાગ થવામાં શુકલધ્યાનના ચાર પાયા અને ત્યાંથી સીધો કુદકો મારી શૈલેશી સ્થિતિમાં પહોંચી કેવળજ્ઞાન અથવા મોક્ષ. ઝણઝણાટી, ગદ્ગદતા અને શુભ ભાવોલ્લાસના ઉછાળા વિનાની માત્ર કોરી અનિત્ય ભાવના ચિંતવી હોત તો આમાનું કશું પામેત નહીં.

માષતુષ મુનિએ પૂર્વભવમાં જ્ઞાનની વિરાધના કરી હતી તેથી તેમને ફક્ત બે શબ્દો જેવાં કે મા તુષ, મા તુષ પણ કંઠસ્થ કરી શકાતા ન હતા. પરંતુ તેનાથી જેનું નામ માષતુષ પડ્યું છે તેમણે કંઠસ્થ કરવાનું ચાલું રાખ્યું અને એ ભાવનામાં ચઢી જતાં કેવળજ્ઞાન આત્મસાત કરી લીધું; કારણ કે તેમણે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવાળી આઠ પ્રવચન માતાનું પરિપાલન પરિપૂર્ણ પદ્ધતિએ કર્યું છે.

વિજયસેનસૂરિ મહારાજના એક શિષ્યને સ્વપ્નું આવ્યું કે 'પાંચસો સુંદર હાથી ચાલ્યા આવે છે અને તેનો નાયક ભૂંડ છે' વિનયપૂર્વક શિષ્યે અષ્ટાંગનિમિત્તના સારા જાણકાર ગુરુને તે વિષે પૂછ્યું કે આ સ્વપ્ન શું સૂચવે છે ?

ગુરુએ કહ્યું કે આજે પાંચસો શિષ્યોથી પરિવરેલા રુદ્રાચાર્ય આવે છે. ગુરુએ કહ્યુ કે આ સાધુઓ સુવિહિત છે અને આચાર્ય અભવ્ય છે. આ કેવી રીતે જાણવું ?

લઘુશંકાના સ્થાન પર ગુરુએ અંગારા પથરાવી દીધા. લઘુશંકા કરવા ગયેલા શિષ્યોના પગ નીચે કોયલા દબાવવાથી ચૂં ચૂં અવાજ થવા લાગ્યો. 'નક્કી અમારા પગ નીચે ત્રસ જીવો ચંપાયા' એમ માની પ્રતિક્રમણ કરવા તૈયાર થયા.

થોડા સમય પછી રુદ્રાચાર્ય લઘુનીતિ કરવા ઉઠ્યા.

તેઓ સમજ્યા કે ત્રસ જીવો મારા પગની નીચે ચંપાઇ રહ્યા છે. તેઓ વધારે જોરથી પગ મૂકી બોલ્યા કે 'આ કોઇ અરિહંતના જીવો પોકારતા લાગે છે.' સૂરિજીના શિષ્યોએ આ શબ્દો સાંભળ્યા. તેઓને ખાતરી થઇ કે આચાર્ય અભવ્ય છે કેમકે જેમને અરિહંત દેવમાં, તેમના પ્રવચનમાં, તેમનાં પ્રરૂપાયેલાં અહિંસા, સંયમ અને તપની મંગલમયતામાં શ્રદ્ધા નથી તેથી તેમનામાં સમ્યકત્વ કેવી રીતે સંભવી શકે ?

સવારે શ્રી વિજયસેનસૂરીશ્વરે કહ્યુ કે 'હે શ્રમણો ! તમારે આ ગુરુ સેવવા લાયક નથી, કેમકે તેઓ કુગુરુ છે. આ હિતશિક્ષા સાંભળી જેવી રીતે સાપ કાંચળીનો ત્યાગ કરે તેમ તેઓએ કુગુરુનો ત્યાગ કર્યો. શુદ્ધ ચારિત્રનું પાલન કરી ક્રમિક રીતે મોક્ષની પ્રાપ્તિ કરી. અંગારમર્દક રુદ્રાચાર્યનો જીવ સમ્યકત્વના અભાવે સંસારમાં અનંતકાળ સુધી પરિભ્રમણ કર્યા કરતો રહેશે !

મોક્ષ મળે પણ તે પળમાં નહીં, પણ ઘણા ભવે તેનું એક ઉદાહરણ જોઇએ. જૈન શાસ્ત્રમાં દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય પણ ઉપલક્ષણાથી

ભક્ષણ કરનારની હાલત ઘણી કફોડી થાય છે. જેમકે દેવદ્રવ્ય અંગે સાગરશેઠની કથા વિખ્યાત છે.

તેમણે દેવદ્રવ્યનો વેપારાદિ માટે ઉપયોગ કર્યો તેથી આલેચના વગર મૃત્યુ પામતાં ઘણાં ઘણાં ભવો જેવાંકે મત્સ્ય, ચોથી નરકે, સાતમી નરકે, શ્વાન, ભુંડ, ગધેડો, એકેન્દ્રિયના હજારો ભવો, વગેરેમાં જન્મી જિનમંદિરો બંધાવ્યા, બંધાવેલાંની સારસંભાળ, દેવદ્રવ્યની વૃદ્ધિના ઉપાયો, વગેરેથી લાંબા સમય સુધી સત્કાર્ય કરતાં જિનનામકર્મ બાંધ્યું, પછી ગીતાર્થ ગુરુ પાસે દીક્ષા લઇ, પ્રથમ સ્થાનકની આરાધના કરી, સર્વાર્થસિદ્ધ વિમાનમા દેવપણે ઉત્પન્ન થઇ, ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં ઉત્પન્ન થઇ મોક્ષમાં જશે.

તેતલીપુર નગરના કનકરથ નામે રાજાને પદ્માવતી નામની સુંદર અને ગુણીયલ પત્ની હતી. તેને તેતલીપુત્ર નામનો મહામાત્ય હતો . ગાદીના મોહને લીધે સંતાનને ખોડખાપણવાળો કરતો જેથી ગાદી ન મળે. રાણીએ અમાત્યને વિશ્વાસમાં લઇ તેની પત્ની પોટ્ટિલાના પુત્ર સાથે પોતાની મૃત પુત્રની અદલાબદલી કરી,. રાજા મરણ પામતાં પોટ્ટિલાના પુત્ર કનકધ્વજને ગાદી સોંપી અને તે પદ્માવતીનો પુત્ર છે તેવો પ્રજામાં વિશ્વાસ ઉત્પન્ન કર્યો.

ધીમે ધીમે પોટ્ટિલા પ્રત્યેનો પ્રેમ અમાત્યનો ઓછો થયો. તેથી વિરાગ પામેલી તેણીએ ચારિત્ર ધારણ કર્યું. પતિએ એ શરતે મંજૂરી આપી કે તે જો દેવ થાય તો પ્રતિબોધ કરવો.

તેણીએ દેવ થયા બાદ કનકધ્વજ તરફથી અપમાનિત થાય તેવા પ્રસંગો યોજ્યા તેથી હતોત્સાહિત થયેલા તેણે આત્મઘાત કરવા પ્રયત્નો કર્યા જેવાં કે ગળા પર તલવાર ફેરવવી, તાલપુટ વિષનું ભક્ષણ, ડાળીએ ગળામાં દોરડું ભેરવી લટકવું, શિલા સાથે પાણીમાં કૂદવું, ચિતામાં પ્રવેશ વગેરે. અંતરિક્ષમાંથી દેવ થયેલી પોટ્ટિલાએ રહસ્ય સમજાવ્યું તેથી તેતલીપુત્રે સંસાર છોડ્યો, સંયમદશા સ્વીકારી, જાતિસ્મરણ જ્ઞાન, ચૌદ પૂર્વોનું સંસ્મરણ; મુનિએ જ્ઞાન, ધ્યાન, તપ, જપ વડે સંયમદશાને ખૂબ અજમાવી અને તેઓ કેવલજ્ઞાન પામી, સિદ્ધ, બુદ્ધ, નિરંજન થયા.

શ્રી મહાવીરસ્વામી છદ્મસ્થકાળમાં વિચરતા વિચરતા વૈશાલી નગરીમાં ગયા; ચોમાસા માટે સ્થિર રહ્યા. ત્યાં જીર્ણશેઠે કાલદેવના મંદિરમાં કાઉસ્સગ્ગ-પ્રતિમામાં રહેલા ભગવાનને જોયા. હંમેશા તેમના દર્શને આવતા, ચાર મહિનાના આકરા તપ કરતા તેમણે ભગવાનને જોયા. પારણા માટે પોતાને ત્યાં આવશે તેવી ધારણા-અભિગ્રહ રાખ્યો હતો. પરંતુ, તેઓએ અભિનવ શેઠના ગૃહમાં પ્રવેશ કર્યો. દેવોએ (જંભૃક) સોનૈયાની વૃષ્ટિ કરી. જીર્ણશેઠે અભિગ્રહ કર્યો અને ભેરી શબ્દ શ્રવણ થાય ત્યાં સુધી પરિણામ વૃદ્ધિ પામતાં ફળની પરંપરાએ તેનું ફળ છેવટે મોક્ષફળમાં પરિણમ્યું જ્યારે નવીનશેઠે (અભિનવશેઠે) ગૃહોચિત અતિથિને દાન આપ્યું; પરંતુ ગુણવાન પ્રત્યે બહુમાન-ભક્તિ-વિનયાદિકનો અભાવ હોવાથી મોક્ષફળની અપેક્ષાએ ઘણું નજીવું વસુધારા વગેરેનું અલ્પ દાનફળ મળ્યું; પરંતુ નિર્વાણફળ ન મળ્યું !

જે નગરીના મધ્યભાગમાં રત્નમય શિખરોથી યુક્ત દેવો વડે જિનેશ્વરોનાં સ્તૂપોનું નિર્માણ કર્યું છે અને જેનો પ્રભાવ સર્વ દિશાઓમાં પ્રસરેલો છે; એવા મથુરા નગરમાં યમુન નામનો રાજા હતો. તે નગરની યમુના નદીના મુખ આગળ દંડ નામના અણગાર આતાપના લઇ રહ્યા હતા યમુન રાજાએ મુનિનો વધ કર્યો. કોઇ અજ્ઞાત કારણથી કે પાપોદયથી; તેણે વધ કર્યો તેથી લોકોએ પણ ઢેફા, ઇંટોળા, ઢેખાંણાનો મોટો ઢગલો કર્યો. સાધુ સમભાવથી વિચારવા લાગ્યા કે મારાં પૂર્વકૃત કર્મો જ અત્યારે ઉદયમાં છે; કોઇનો અપરાધ નથી. શુકલધ્યાન સમુલ્લિસિત થતાં કેવળજ્ઞાન પામ્યા. અંતકૃત કેવળી થઇ સિદ્ધિપદ પામ્યા.

દીક્ષા લીધા પછી નાગિલાના પ્રેમપાશમાં આસક્ત બનેલા અને તેના નામનો જાપ જપનારા જંબૂસ્વામીના ભવમાં આઠ આઠ નવોઢા સાથે પાણિગ્રહણના પ્રથમ પહોરે વૈરાગ્યની વાણીનો વરસાદ વરસાવનારા જંબૂસ્વામીની વાણીના પ્રભાવથી આઠે નવોઢા અને વાર્તાલાપ સાંભળનારા પાંચસો ચોરો તથા પ્રત્યેક પત્નીના માતા-પિતા અને પોતે એમ ૫૨૭ જણાનો ભવ્યાતિભવ્ય વરઘોડો નીકળ્યો. સોળ વર્ષની વયે દીક્ષા અને વીસ વર્ષની વયે કેવળજ્ઞાન કેમકે પળમાં પેલે પાર !

૪૫ આગમોમાં ૧૧ ગણધરોમાંથી વધુ વર્ષો જીવંત રહેલા સુધર્માસ્વામી પોતે જંબુસ્વામીને સંબોધીને સમગ્ર આગમોમાં વિવિધ વિષયોની ગુંથણી કરે છે. તે બધા આગમોમાં તેઓ બંને વચ્ચેનો સંવાદ હોય છે.

કનકશ્રીએ પૂર્વભવમાં ગરીબ બ્રાહ્મણી તરીકે 'ધર્મચક્રતપ' અને બીજાં તપથી કાયા ઓગાળી નાંખી હતી. આટલા બધાં તપનું ફળ મળશે કે નહીં તેવા મિથ્યા વિચારથી બાંધેલ પાપથી પછીના કનકશ્રીના ભવે પાપથી દુર્ગતિના કારણ એવા સંસારનો ખપ નથી; એમ માની તે સાધ્વી બની ગઇ અને એવું તે કેવું જીવન જીવ્યા હશે કે એ જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે જાય છે.

શાસ્ત્રમાં તો એવી વાતો નોંધાયેલી છે કે એક જ દિવસના ચારિત્રથી પણ કેવળજ્ઞાન અને મોક્ષે લઇ જનારું વિમાન ઉપલબ્ધ થાય છે.

વળી, શાસ્ત્રોમાંથી જાણવા મળે છે કે શ્રી સિદ્ધગિરિ પર પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવના ગણધર પુંડરિકસ્વામી સાથે પાંચ ક્રોડ મુનિ, દ્રાવિડ-વારિખિલ્લ સાથે દશ ક્રોડ મુનિ, પાંચ પાંડવો સાથે વીશ ક્રોડ મુનિ, શાંબ-પ્રદ્યુમ્ન સાથે સાડા આઠ ક્રોડ મુનિ મોક્ષે પધાર્યા હતા. તેઓ અણસણ કરી મોક્ષે ગયા.

આ બધાંએ નેતા ગણધરાદિમાં સ્વાત્મવિલોપન કર્યું, સર્વસર્વા સમર્પિત થઇ ગયા, નેતા તરીકે માનવામાં અહોભાગ્ય, તેમાં સર્વાધિક પણે આશ્રિત-આધીન, અર્પિત બની ગયેલા. પોતાનું અહં તજી ગુરુના આત્માનું પ્રતિબિંબ બની ગયા.

જેમ એક ગારુડી મંત્રથી વિવિધ પ્રકારે ચડેલા વિષો નાબુદ થઇ જાય, એમ જુદા જુદા આત્માઓના વિધવિધ વિવિધ કર્મો પણ ગુર્વાધીનતા, ગુરુસમર્પિતતા, ગુરુ તન્મયતાના મંત્રથી ડંખમાં આવવા રૂપે એક સમાન ક્ષણનાશ્ય બની ગયા. તેથી શું સિદ્ધગિરિ માટે કાંકરે કાંકરે સિદ્ધ થયા એમ કહેવાતું હશે !

સુગ્રીવ નામના રમણીય સ્થળનો બલભદ્ર નામનો રાજા હતો જેને મૃગાવતી નામની રાણી હતી. રાણીથી બલશ્રી નામનો પુત્ર હતો; પરંતુ તે મૃગાપુત્ર તરીકે ઓળખાતો હતો. સાધુને જોતાં જાતિસ્મરણજ્ઞાન થયું અને દીક્ષા લેવા ઉદ્યત થયો.

માતા-પિતા સાથે સંસારની અસારતા, તેઓ તરફથી દીક્ષિત જીવનની મુશ્કેલ ભરી કઠીનાઇઓનો સુંદર પ્રત્યુત્તર આપી તે દીક્ષિત થઇ પાંચ મહાવ્રતો, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ, બાહ્યાભ્યંતર તપશ્ચર્યામાં ઉદ્યમવંત થઇ મમતા, અહંકાર અને આસક્તિને સમભાવે સહેવા લાગ્યા, પછી ધ્યાનના બળથી કષાયોનો નાશ કરી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ તથા વિશુદ્ધ ભાવનાથી આત્માને ભાવિત કરી, ચારિત્ર પાળી, પ્રાંતે અનસણ કરી શ્રેષ્ઠ સિદ્ધિગતિને પામ્યા.

વલ્કચીરી ભાંડાની પડિલેહણ કરતાં કેવળજ્ઞાન પામ્યા હતા. તે સ્થિતિ શુદ્ધ તદાકાર, તન્મય, તદ્દ્ગતચિત્ત, તદ્દ્ગતલેશ્યાદિ યુક્ત ધ્યાનની પરમોચ્ચ કક્ષાનું પરિણામ હતું. તેણે ઉપકરણોની ઉપર લાગેલી ધૂળ દૂર કરતાં, પ્રમાર્જતા કર્મરજનું પણ પ્રમાર્જન કરી કૈવલ્ય પ્રાપ્ત કર્યું. શ્રેણિક રાજા વ્યસની અને માંસાહારી હતા. કોણિક જ્યારે ગર્ભમાં હતો ત્યારે તેની રાણી ચેલ્લણાને તેના આંતરડા ખાવાનો દોહદ થયો. અભયકુમારે યુક્તિથી તે દોહદ પૂરો કરાવ્યો. માતાએ બાળકને ઉકરડે નંખાવ્યો. કુકડા દ્વારા તેની આંગળીઓ કરડી ખવાઇ. તેમાંથી નીકળતું પરૂ તથા લોહી શ્રેણિક ચૂસી જતા તથા અલગ રીતે તેને ઉછેર્યો. અનાથમુનિના સમાગમથી જીવનમાં પરિવર્તન આવ્યું. ક્ષાયિક સમકિતી થયા. શ્રેણિકને જેલમાં પૂરીને કોણિક પ્રતિદિન સો ફટકા મરાવતો. સમતાપૂર્વક 'અરિહંત અરિહંત' બોલી તેઓ સહી લેતાં. જેને બચાવ્યો છે તે કોણિક ખૂલ્લી તલવારે શ્રેણિકને મારવા આવે છે ત્યારે આંતરધ્યાનમાં ચઢી જતાં પ્રથમ નરકે જાય છે.

પરંતુ સમકિત ગુમાવ્યુ ન હોવાથી આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભ નામે થશે. મગધાધિપતિ રાજા શ્રેણિક ચેટક રાજાની સુશીલ અને ધર્મપ્રિય પુત્રી ચેલ્લણાને પરણ્યા હતા અને જેણે પ્રૌઢ અવસ્થામાં પતિ શ્રેણિકને મહાવીરના ચરણે લાવી મહાવીરના ભક્ત બનાવ્યા તથા તેમની આજ્ઞાને અક્ષરશઃ માનવા લાગ્યા. ચારિત્ર લઇ

ન શકવાનો વસવસો એટલો તીવ્ર હતો કે જેના પરિણામ રૂપે પ્રથમ તીર્થંકર આવતી ચોવીસીમાં થશે.

ક્ષાયિક સમકિતી બનેલા શ્રેણિક લાખ રૂપિયા ખર્ચી નેપાળની કામળી ખરીદી શકતા નથી; અને તે પણ પ્રાણ પ્રિય પ્રિયા ચેલ્લણા માટે! પરંતુ, મહાવીરસ્વામીના આગમનના સમાચાર આપનારને શરીર પરના આભુષણો ન્યોચ્છાવર કરી દે છે ! તથા પ્રતિદિન પ્રભુ ભક્તિ માટે દરરોજ નવા નવા ૧૦૮ સોનાના જવારાનો સાથિયો કરે છે. આ બધાથી પુણ્યાનુબંધી પુણ્ય તથા તીર્થંકર નામકર્મ નિકાચિત કરી દે છે.

ભગવાન મહાવીરસ્વામી જ્યારે બ્રાહ્મણકુંડ નગરમાં સમોવસર્યા ત્યારે ઋષભદત્ત અને દેવાનંદ બ્રાહ્મણકુળસંપન્ન ધર્મપત્ની સાથે પાંચ અભિગમપૂર્વક સમવસરણમાં આવે છે. દેવાનંદા પણ હાથ જોડી ભગવાને વંદે છે. આનંદના અતિરેકથી રોમ વિકસિત થયા. શરીર ફુલવા લાગ્યું, કંચુકીનું બંધન તૂટવા લાગ્યું, વયઃ પરિપાક થયે છતે સ્તનમાંથી દૂધધારા છૂટી પડી. આથી ઇન્દ્રભૂતિને તથા પરિષદને નવાઇ લાગી. વંદન કરી ગણધર ઇન્દ્રભૂતિએ પૂછ્યું, 'હે ભગવાન ! આ લીલા શી છે ?'

હે ગૌતમ ! દેવાનંદા મારી માતા છે. મને જોઇ હર્ષ સમાતો નથી તેનું આ પરિણામ છે.

દેવાનંદા બ્રાહ્મણી આર્યા ચંદનબાળા પાસે દીક્ષિત થયા, મુંડિત થયા, શિક્ષિત થયા, અગ્યાર અંગોનો અભ્યાસ કર્યો, નાની મોટી ઘણી તપશ્ચર્યાઓ કરી, સર્વકર્મોના ક્ષયપૂર્વક કેવળજ્ઞાન મેળવી મોક્ષપદના અધિકારી બને છે. (ભગવતી સૂત્ર શતક ૯; ઉદ્દેશક-૩૩)

બાહુ અને સુબાહુ મુનિઓ ભક્તિ તથા વૈયાવચ્ચ કરવામાં પ્રથમ પંક્તિના ભદ્રિક જીવો હતા. પીઠ અને મહાપીઠ મુનિઓ, અનુત્તર વિમાનમાં જનારા છતાં ઇર્ષા, માયા-અભિમાન ઉઠતાં તેમની વૈયાવચ્ચની પ્રશંસા સહન ન કરી શકતા ગુણસ્થાનકથી નીચે ઉતરી ગયા, પરંતુ બ્રાહ્મી અને સુંદરી થઇને ઉત્કૃષ્ટ આરાધના થકી મોક્ષે જનારા જીવ હતા.

અભયકુમાર પાસેથી શ્રી આદિનાથની રત્નોની પ્રતિમાંથી પ્રતિબોધિત થયેલા આદ્રકુમારને પૂર્વભવ યાદ આવ્યા.

પૂર્વભવમાં તે સામયિક નામથી પ્રસિદ્ધ હતો. બંધુમતિ તેની પત્ની હતી. સુસ્થિતાચાર્ય પાસે બંને દીક્ષા લે છે. એક નગરમાં પતિ-પત્ની પૂર્વના જે સાધુ-સાધ્વી થયા છે તે સાથે મળે છે. તે સાધ્વીને ભોગ ભોગવવા જણાવે છે. બીજે જઇશ તો પણ મારો છેડો છોડશે નહિ તેથી અનશન કરી દેહનો અંત લાવે છે. આથી સાધુ પણ અનશન કરી દેહ ત્યજે છે. શુભ ધ્યાને મૃત્યુ પામી દેવ બને છે ત્યાંથી ચ્યવી અનાર્યદેશમાં આદ્રકુમાર તરીકે જન્મે છે.

મિત્ર અભયકુમારનને મળવા ખાનગી રીતે વહાણમમાં બેસી રાજગૃહી પહોંચે છે. પ્રતિમા પાછી મોકલી દીધી; સાધુનો વેશ લઇ સામાયિક ગ્રહણ કર્યું.

ત્યાં આકાશવાણી થઇ કે ભોગાવલી કર્મો બાકી છે. નિકાચિત કર્મો ભોગવ્યા વિના ક્ષય પામે નહિ માટે દિક્ષા છોડી દો. આદ્રકકુમાર છતાં પણ એક સ્થળે કાઉસ્સગ્ગ ધ્યાનમાં હોય છે ત્યારે નાની વયની કુમારિકા બંધુમતી રમતા રમતા મુનિના પગ પકડી તે મારો વર છે એમ મનથી વરે છે. દેવવાણી થઇ. તેં યોગ્ય વર વર્યો છે. સોળ વર્ષની થતાં સાધુને વરી છે તેમ જણાવી મુનિને ઓળખવા માટે વંદન કરતાં મુનિને ઓળખી કાઢે છે. સ્ત્રીહત્યાનું પાપ લાગશે એમ કહી તેની સાથે લગ્ન થાય છે. પુત્ર પિતાને સુતરના બાર તાંતણાથી બાંધે છે. બાર વર્ષ પછી ભાગવતી દીક્ષા અંગિકાર કરે છે, ભગવાનના સમવસરણમાં ધર્મની નિર્મળ આરાધના કરી, ઘાતી કર્મોનો નાશ કરી, કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

શુકપરિવ્રાજક મિથ્યાધર્મી પરિવ્રાજક હતો. તે એક હજાર ચેલાઓનો મુખિયો હતો. તેના ઉપદેશથી એનોજ ભક્ત સુદર્શન શેઠ થાવચ્ચાપુત્ર આચાર્યના ઉપદેશથી ચુસ્ત સમ્યક્ત્વી, બાર વ્રતધારી બનેલો.

શુક કહે છે કે તને કોણે ભોળવ્યો ? મને તેની પાસે લઇ જા. જો મને સમજાવી શકે તો હું તેનો શિષ્ય થઇ જાઉં.

શુક કહે છે તમે સ્નાન કરતાં નથી. શૌચ પવિત્રતા તો ધર્મનો પાયો છે.

પ્રત્યુત્તરમાં થાવચ્ચાપુત્ર આચાર્ય કહે છે કે લોહીથી ખરડાયેલું વસ્ત્ર લોહીથી સાફ થાય ? એમ હિંસાથી ખરડાયેલો આત્મા શું હિંસાથી પવિત્ર થાય ?

શુક પરિવ્રાજકને તેથી ધર્મસ્વાખ્યાત ભાવના જાગી. ત્યારબાદ હજાર શિષ્યો સાથે જૈન ધર્મમાં કહેલ સર્વવિરતિ ચારિત્ર સ્વીકારી ક્રમશઃ આચાર્યની પાસે ગચ્છાચાર્ય બની શ્રી સિદ્ધગિરિ પર અનશન કરી ભાવનામાં આગળ વધતાં અહોભાવની પરાકાષ્ઠાએ પહોંચી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

હૃષ્ટપુષ્ટ સાંઢને ઘરડો, શિથિલ, જર્જરિત થયેલો જોઇને કરકંડુ રાજા પરિણતિ થતાં જીવન સાર્થક કરે છે. તેવા આત્માઓને પ્રત્યેક બુદ્ધ કહેવાય છે.

જૈન કથા સાહિત્યમાં સમરાદિત્ય કેવલિચરિત્ર ઘણી પ્રસિદ્ધ કથા છે સમરાઇચ્ચ કહા તરીકે પ્રાકૃતમાં તે આલેખાઇ છે.

ગુણસેન અને અગ્નિશર્મા રાજપુત્ર અને પુરોહિત પુત્ર તરીકે અનુક્રમે છે. ગુણસેને કરેલી મશ્કરી, ઉપહાસ વગેરેથી અગ્નિશર્મા કંટાળી તાપસ બન્યો હોય છે તેની સાથે પિતા-પુત્ર, મા-પુત્ર, ભાઇ-ભાઇ, પતિ-પત્ની વગેરે સંબંધો નવ નવ ભવ સુધી રાખે છે. દેવ અને નરકના ભવો ગણીએ તો સત્તર ભવોનું વૈર હતું. સમરાદિત્યના ભવમાં જેનો નવમો ભવ છે તે ગિરિસેન સમરાદિત્યને જીવતો સળગાવી દે છે. ગુણસેનનો જીવ દરેક મૃત્યુ પછી દેવગતિ પામે છે.

સમરાદિત્ય આમ વિચારે છે કે આ શરીરે ક્યાં ઓછાં પાપો કર્યાં છે ? તેના ફળ માટે શા માટે નાસીપાસ થવું જોઇએ ? આમ સમભાવે સળગવાનું કષ્ટ સમભાવે સહન કરતાં એકત્વ અને પૃથકત્વની મીમાંસા કરતા મુનિ સમરાદિત્ય દેહાધ્યાસ ભૂલ્યા : સમરસમાં અગ્નિની જ્વાળાઓ ચિચિઆરીઓ ન પડાવી શકી પણ કર્મને બાળી કૈવલ્ય અપાવ્યું.

પ્રમાદના કારણે થયેલું વૈરબીજ જન્મોજન્મ કેવી રીતે દુઃખ આપે છે અને સમતાના અંકુર જીવનને કેવી રીતે પુનિત બનાવે છે તે સમરાદિત્ય કેવળીચરિત્રનું રહસ્ય છે. નમિરાજર્ષિ પણ કંકણો દૂર થતાં એકત્વ ભાવના ભાવતા કરકંડુની જેમ પ્રત્યેક બુદ્ધ થયા.

પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરના શિષ્યરત્ન પૂ. મુનિશ્રી રત્નપ્રભવિજયજી દ્વારા સંપાદિત 'પ્રજ્ઞાનો સોનેરી પ્રકાશ યાને મંત્રીશ્વર અભયકુમાર' વીર સંવત ૨૫૦૭ પુસ્તક પૃષ્ઠ ૩૮૮-૮૯ પર લખ્યા મુજબ અભયકુમાર દીક્ષા લેવા કટિબદ્ધ થાય છે ત્યારે તેના માતા નંદા પણ સંસારની અસારતા સમજી સમજુ શ્રેણિક પાસે તે માટે અનુમતિ માંગી દેવે દીધેલાં દિવ્ય વસ્ત્રો હલ્લ-વિહલ્લને આપી, સંયમપથ આદર્યો. પ્રભુએ પ્રવજ્યા આપી, મહત્તરા સાધ્વીને સોંપી, પાપકર્મો ખપાવતી, ઉત્તમ ચારિત્ર પાળતી, એક, બે, ત્રણથી વધારે માસખમણ કરતી, ૧૧ સૂત્રોનો અભ્યાસ કરી, ઘાતિકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

આજ પુસ્તકના પૃષ્ઠ ૩૮૯, ૩૯૪ થી જાણવા મળે છે કે અભયકુમારને નિર્મળ ચારિત્ર પાળતા પાંચ વર્ષના વહાણા વહી ગયા. અંતિમ કાળ જાણી ભગવાનની આજ્ઞા માંગી અનશણ કરે છે. ચાર શરણા, દુષ્કૃત્યોની નિંદા, સુકૃત્યોની અનુમોદના, સર્વ જીવોને ખમાવી, તીર્થંકરને વંદના, પંચ પરમેષ્ઠિ મંત્ર હૈયામાં વસાવી, શુદ્ધ ધ્યાનમાં કાળધર્મ પામી ૩૩ સાગરોપમના આયુષ્યવાળા અનુત્તર વિમાનવાસી દેવ બની, ત્યાંથી શ્રાવક કુળમાં જન્મી સર્વવિરતિ આદરી અનંત અવ્યાબાધ નિરૂપમ અનંત ગુણાત્મક સિદ્ધિપદ પામશે.

અભયકુમારની બુદ્ધિની આશંસા દિવાળીના શુભ દિવસે વેપાર કરનારા સેવે છે. અનંતાનંત પુદ્ગલપરાવર્તમાં ભટકતો જીવ ક્યારે મોક્ષ મેળવશે તે જાણી શકાતું નથી,. પરંતુ ભગવાન મહાવીરસ્વામીના સમયમાં તેમના સમવસરણમાં જનારો શ્રેણિકનો સુપુત્ર અભય મોક્ષગામી થશે તેથી ઉપરનો પ્રસંગ લિપિબદ્ધ કર્યો છે.

❑❑❑

# અનેકાન્ત એટલે સમન્વય

❑ રોહિત શાહ

એક વખત ભગવાન મહાવીરને ગણધર ગૌતમસ્વામીએ સહ જ જિજ્ઞાસાથી પ્રશ્ન પૂછ્યો :

'પ્રભુ ! તત્ત્વ એટલે શું ?

ભગવાન મહાવીર બોલ્યા, 'ભન્તે, ઉત્પન્ન થવું એ તત્ત્વ છે.'

ગૌતમસ્વામી આ જવાબથી મૂંઝાયા. માત્ર ઉત્પન્ન થવું એ જ સત્ય હોય તો અનેક સમસ્યાઓ ઊભી થઇ જાય. તેમણે ફરીથી પૂછ્યું, 'પ્રભુ! તત્ત્વ શું છે ?'

ભગવાને કહ્યું, 'અવિચળ રહેવું તે તત્ત્વ છે. પોતાના અસ્તિત્વમાં સ્થિર અને ધ્રુવ રહેવું એ તત્ત્વ છે.'

ગૌતમસ્વામી વિશેષ મૂંઝાયા. પ્રભુના સંદિગ્ધ જવાબ સમજાતા નહોતા. એમણે વળી પાછું પૂછ્યું :

'પ્રભુ ! તત્ત્વને જાણવાની મારી જિજ્ઞાસા છે. તત્ત્વ શું છે ?'

'ભન્તે, તત્ત્વ એટલે નિઃશેષ થવું, વિનષ્ટ થવું. અસ્તિત્વનું વિલોપન એ તત્ત્વ છે.'

ગૌતમસ્વામીને હવે પ્રભુની રહસ્યવાણીનો મર્મ સમજાયો. ઉત્પન્ન થવું, અવિચળ રહેવું અને વિલોપન પામવું આ ત્રણે બાબતો મળીને પૂર્ણ તત્ત્વ બને છે.

તત્ત્વ સ્વયં પૂર્ણ સત્ય છે.

અને સત્ય એક જ હોવા છતાં તેનો સાક્ષાત્કાર ભિન્ન ભિન્ન સ્વરૂપે થતો હોય છે. જે વ્યક્તિ સત્યના એક જ સ્વરૂપને વળગી રહે છે તે વ્યક્તિ પૂર્ણ સત્યથી અનભિજ્ઞ રહી જાય છે. સદીઓથી માનવી સત્યના સ્વરૂપને સમજવાનો પુરુષાર્થ કરતો રહ્યો છે, અને તો ય પૂર્ણ સત્યને એ પામી શક્યો નથી, કારણ કે તેનો પુરુષાર્થ એકાન્તિક રહ્યો છે. સત્યને, પૂર્ણ સત્યને પામવા માટે પહેલી શરત છે : અનેકાન્ત.

અનેકાન્ત એટલે અનેક સંભાવનાઓનો વિનમ્ર સ્વીકાર.

'મારું એટલું જ સાચું' એમ માનવું તે એકાન્ત છે અને 'સાચું એટલું મારું' એમ માનવું તે અનેકાન્ત છે. જગતના તમામ ધર્મોમાં જૈન ધર્મ એક જ એવો છે કે જેણે અનેકાન્તનો સૌથી વધુ આદર કર્યો છે. વિરોધી સત્યનો સ્વીકાર કર્યા વિના મૂળ સત્યને સમજવાનું સંભવિત નથી. સત્ય તો સત્ય છે જ, પણ અસત્ય પણ સત્ય છે. જ્ઞાન સત્ય છે, તો અજ્ઞાન પણ સત્ય છે. મૂર્ચ્છા સત્ય છે તો જાગૃતિ પણ સત્ય છે. દુઃખ સત્ય છે તો સુખ પણ સત્ય છે. ગતિ સત્ય છે તો સ્થિતિ પણ સત્ય છે. ચેતન સત્ય છે તો અચેતન પણ સત્ય છે. તેમાંથી માત્ર કોઇ એકનો સ્વીકાર કરનાર, પૂર્ણ સત્ય સુધી કદીય પહોંચી શકતો નથી.

વિરોધી સત્યોનું સહઅસ્તિત્વ તો પ્રકૃતિનો મૂળભૂત નિયમ છે. આ નિયમ કોઇ વ્યક્તિએ બનાવેલો નથી. એ નિયમનું પૃથક્કરણ કરીને, તેની વ્યાખ્યાઓ બનાવીને તેને સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે અને એ પ્રયત્ન એટલે જ અનેકાન્ત.

અનેકાન્તમાં કોઇ નિયમ બનાવવાનો હોતો નથી, પરંતુ મૂળ નિયમને સમજવાની સાધના કરવાની હોય છે. વ્યાખ્યાનું સત્ય હોઇ શકે, પણ સત્યની કોઇ વ્યાખ્યા ન હોઇ શકે. સત્યના વ્યાખ્યાઓ બાંધવામાં અટવાઇશું તો સત્ય નહિ મળે.

અનેકાન્ત અને સત્ય ભિન્ન નથી. અનેકાન્ત અને સાધના ભિન્ન નથી. અનેકાન્ત અને અહિંસા ભિન્ન નથી. અનેકાન્ત અને અપરિગ્રહ પણ ભિન્ન નથી. અનેકાન્ત એટલે અભિન્નતાની આરાધના. અનેકાન્ત એટલે દ્વૈતમાંથી અદ્વૈતમાં જવાની આરાધના. વિરોધી સત્યના સહઅસ્તિત્વનો નિયમ નહિ સ્વીકારીએ, ત્યાં સુધી જ બધા સંઘર્ષો છે. જે ક્ષણે વિરોધી સત્યનો સમન્વય સ્વીકારી લીધો, એ જ ક્ષણે તમામ સંઘર્ષો ખતમ થઇ જશે.

ઇન્દ્રનો પુત્ર જયંત ગુરુ બૃહસ્પતિ પાસે વિદ્યાભ્યાસ કરતો હતો. જયંતનો કંઇક અપરાધ થયો. બૃસસ્પતિએ તેને શિક્ષા કરી. જયંતને ખૂબ માનહાનિ થયા જેવું લાગ્યું. તેણે ઇન્દ્ર પાસે જઇને ફરિયાદ કરી, 'પિતાજી ! ગુરુ બૃહસ્પતિ એવા તે મોટા કોણ છે કે જે મને-એટલે કે ઇન્દ્રના પુત્રને શિક્ષા કરી શકે ?'

ઇન્દ્ર શાંત અને સ્વસ્થ રહીને બોલ્યા, 'બેટા, તું-એટલે કે ઇન્દ્રનો પુત્ર-એવો તે કેવો, કે જેને શિક્ષા કરવી પડે ?'

જયંત સત્યની એક બાજુને જોતો હતો. એના પિતાએ એને એ જ સત્યની બીજી બાજુનું દર્શન કરાવ્યું અને એના મનનો સંઘર્ષ પળમાત્રમાં ખતમ ખઇ ગયો.

અપૂર્ણ સત્ય માનવીને ક્યારેક આવેશ તરફ ધકેલે છે. જ્યાં અપૂર્ણતા છે ત્યાં સંઘર્ષ છે અને સંઘર્ષ છે ત્યાં આવેશ છે. પ્રજ્ઞાશીલ વ્યક્તિ પોતાની અપૂર્ણતાને ઓળખવામાં વિલંબ નહિ કરે. મૂર્ખ માનવી પોતાની અપૂર્ણતાને જ સર્વસ્વ સમજીને ચાલશે. પૂર્ણતાને પામવા માટે અપૂર્ણતાને ઓળખવી અનિવાર્ય છે અને અપૂર્ણતાને ઓળખવા માટે અનેકાન્ત દૃષ્ટિ કેળવવી આવશ્યક છે.

એક વખત એક નગરમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો. માણસો અને મકાનો પણ તણાવા લાગ્યાં. પતિ-પત્નીનું એક યુગલ અને તેમનાં ત્રણ બાળકો તૂટેલા વૃક્ષના એક થડ ઉપર બેસી ગયાં. થડ પણ તણાઇ રહ્યું હતું. સૌથી નાનું બાળક બોલ્યું, 'આપણે વહી રહ્યાં છીએ !' બીજા બાળકે તેની ભૂલ સુધારતાં કહ્યું, 'આપણે તો થડ ઉપર સ્થિર બેઠાં છીએ, આ થડ તણાઇ રહ્યું છે !' ત્રીજા બાળકે કહ્યું, 'તું પણ ખોટું કહે છે. ખરેખર તો આ નદી વહી રહી છે !' ત્રણ બાળકોનો આવો સંવાદ સાંભળીને તેમની માતા બોલી : 'બેટા, નદી તો કદી વહી જ ના શકે. નદીનું જળ વહી રહ્યું છે. જે નદીમાં જળ ના હોય, તે શી રીતે વહી શકે?' છેવટે બાળકોના પિતાએ કહ્યું, 'તમે સૌ પાગલ છો. તમે માત્ર પોતાના સત્યને જ વળગી રહ્યાં છો. ખરેખર તો જળ પણ વહી રહ્યું છે, નદી પણ વહી રહી છે, થડ પણ વહી રહ્યું છે અને આપણે સૌ પણ અત્યારે તો વહી રહ્યાં છીએ. વળી બીજી રીતે વિચારીએ તો નદીનું જળ ઢાળ તરફ જઇ રહ્યું છે. નીચાણની દિશામાં વહી રહ્યું છે, જળ દરેક વખતે વહન કરતું નથી. સરોવરનું જળ વહી જતું નથી. એને જ્યારે ઢાળ-નીચાણ તરફ જવાના સંયોગો મળે, ત્યારે જ તે વહે છે.'

અધ્યાત્મની વાત હોય કે ધાર્મિક ખ્યાલોની, દુન્યવી વ્યવહારની વાત હોય કે પ્રકૃતિના રહસ્યની-જો એકાન્તદૃષ્ટિથી તેને પામવા ગયા, તો અપૂર્ણતા અને મિથ્યાત્વ જ મળશે.

એકાન્ત દૃષ્ટિએ જોનારને સંસારમાં દ્વંદ્વ વિસંવાદ વગેરે મળશે. એક ધર્મમાં ચુસ્ત શ્રદ્ધાવાદી વ્યક્તિ બીજાના ધર્મશાસ્ત્રનો વિરોધી બની જાય છે. જોનારની નજર અનેકાન્તની હોય, તો પેલો દ્વંદ્વ રહેશે જ નહિ. મિથ્યાત્વને જોનારી આંખ અને સમ્યકને જોનારી આંખ અલગ અલગ છે પણ અનેક્ષન્તની આંખ સિવાય બીજું કાંઇ જોતી નથી ! અનેકાન્તનો વિશિષ્ટ અર્થ છે 'સમન્વય.'

સમન્વય હોય ત્યાં સંઘર્ષ ટકી શકે ખરો ?

એક મેનેજર તેની ઓફિસે પહોંચ્યો, તો ટેબલ ઉપર એક ટેલિગ્રામ પડ્યો હતો. તેમાં લખ્યું હતું કે તમારા પિતાજીની તબિયત અત્યંત ખરાબ છે. મેનેજર વિક્ષુબ્ધ થઇ ગયો. તરત કાગળ-પેન લઇને રજાનો રિપોર્ટ લખવા માંડ્યો. રિપોર્ટ લખીને એ મેનેજર, પોતાના બૉસની કેબિનમાં જવા જતો હતો, ત્યાં જ એનો એક પટાવાળો ત્યાં આવીને બોલ્યો, 'સાહેબ ! મારા ગામથી તાર આવ્યો છે. મારા પિતાજી અત્યંત બિમાર છે. મારો એ તાર મેં આપના ટેબલ ઉપર મૂક્યો હતો. મારે થોડા દિવસની રજાઓ લેવી પડે તેમ છે...'

'શું એ તાર તારો હતો ? મારા ટેબલ ઉપર તે મૂક્યો હતો ?'

'જી, સાહેબ !'

'ઓહ ! મૅનેજરને નિરાંત થઇ. પોતાનો બાપ બીમાર નથી ! પોતે લખેલો રજાનો રિપોર્ટ ફાડી નાખ્યો.

પટાવાળાએ પૂછ્યું, સાહેબ ! મારી રજાઓ મંજૂર કરશોને ?' ના અત્યારે ઓફિસમાં કામકાજનું ભારે દબાણ છે. કોઇને રજા નહિ મળી શકે !'-મૅનેજરે કહ્યું.

કેવી વિચિત્ર છે આ વાત ! પોતાનો બાપ બીમાર હોય તો રજા લેવી જરૂરી બને અને બીજાનો બાપ બીમાર હોય તો એને રજા ન મળે!

પોતે જ્યાં નોકરી કરતાં હોઇએ ત્યાં, ઓફિસ છૂટવાના સમય પછી બૉસ આપણને રોકાવાનું કહે તો આપણે કહીશું કે બૉસ બહુ ખરાબ માણસ છે, શોષણ કરે છે. પરંતુ આપણા ઘેર કોઇ કામ માટે માણસ રાખ્યો હોય તો એને થોડો વધુ સમય રોકીને ય આપણે આપણું કામ પૂરું કરાવવાનો આગ્રહ રાખીએ છીએ !

એકાન્ત દૃષ્ટિ માનવીને આત્મકેન્દ્રી અને સંકુચિત મનોવૃત્તિવાળો બનાવે છે. પોતાને માટેના તેમ જ અન્યને માટેના માપદંડો, ધોરણો અને આગ્રહો વચ્ચે તે ભેદ કરે છે.

ભેદદૃષ્ટિ સત્યની વિરોધી છે.

એકાન્તદૃષ્ટિ અસમાનતાની જનેતા છે.

વિરોધીસત્યમાં રહેલો વિરોધ ટાળવા માટે 'અનેકાન્ત' સિવાયના તમામ ઉપાયો વ્યર્થ છે. અનેકાન્ત કોઇ વાદ નથી. અનેકાન્ત કોઇ પંથ નથી. અનેકાન્ત કોઇ તત્ત્વદર્શન નથી. અનેકાન્તને જૈનો સ્યાદ્વાદ પણ કહે છે.

અનેકાન્ત એટલે વ્યાપક છતાં સહજ જીવનદર્શન.

એકાન્તને સીમાઓ છે, પણ અનેકાન્ત તો નિ:સીમ-અસીમ છે. એકાન્તમાં મતાગ્રહ છે, અનેકાન્તમાં મુક્તાગ્રહ છે. એકાન્તની દિશા વિનાશની છે, એટલે એમાં વિકૃતિ છે. અનેકાન્તની દિશા વિકાસની છે, એટલે એમાં સંસ્કૃતિ છે.

ભગવાન મહાવીર અનેકાન્તના પુરસ્કર્તા હતા તેથી તેમનું વ્યક્તિત્વ અવિરોધાત્મક રહ્યું. ગણધર ગૌતમસ્વામી દ્વારા તેમને પૂછાયેલા તમામ પ્રશ્નોના, તેમણે આપેલા ઉત્તરો અનેકાન્ત દૃષ્ટિથી પરિપૂર્ણ છે. એક વખત તેમને પૂછવામાં આવ્યું કે સાધના જંગલમાં થઇ શકે કે નગરમાં ? પ્રભુએ કહ્યું , 'સાધના જંગલમાં પણ થઇ શકે અને નગરમાં પણ થઇ શકે. એટલું જ નહિ, સાધના જંગલમાં પણ ના થઇ શકે, અને નગરમાં પણ ના થઇ શકે !'

એકાન્ત દૃષ્ટિએ જોતાં સ્થળ અને સાધના ભિન્ન દેખાશે. અનેકાન્ત દૃષ્ટિથી જોતાં સ્થળ અને સાધના અભિન્ન થઇ જશે.

વસ્તુસ્થિતિને તેના પૂર્ણ સંદર્ભોસહિત જ મૂલવી શકાય. જો આંશિક સંદર્ભો ઉપરથી સમગ્રનું તારણ પામવા જઇએ તો આપણે કે અર્ધસત્ય જ પામી શકીએ. અર્ધસત્ય વાસ્તવમાં અસત્ય કરતાં વિશેષ જોખમી છે. આ જગતને મિથ્યાદૃષ્ટિવાળા નાસ્તિકોએ જેટલું નુકસાન નથી પહોંચાડ્યું તેટલું નુકસાન એકાન્ત દૃષ્ટિવાળા અંધશ્રદ્ધાળું લોકોએ પહોંચાડ્યું છે !

વ્યાધિને જાણવો જરૂરી છે, ભોગવવો નહિ. દેહમાં રહેલા વ્યાધિને જાણનાર તેને દૂર કરી શકે છે, તેને ભોગવનાર તો તેમાં વૃદ્ધિ જ કરશે ! અનેકાન્ત 'જાણવાની' ક્રિયા છે. એટલે કે જાગવાની ક્રિયા છે. અનેકાન્ત એટલે જાગૃતિ અને એકાન્ત એટલે મૂર્છા. અનેકાન્ત દૃષ્ટિ વિનાની એકાગ્રતા ય કોઇવાર માનવીને અનિષ્ટ પરિણામ તરફ વાળી દે છે.

અનેકાન્તની સમન્વય દૃષ્ટિ માત્ર ધર્મક્ષેત્રે જ નહિ, સંસારના ક્ષેત્રે પણ અત્યંત મહત્ત્વની છે. ખરેખર તો એમ કહેવું જોઇએ કે સંસારમાં જ અનેકાન્ત દૃષ્ટિ વિશેષ અગત્યની છે.

એક બહેન સૌને કહેતાં હતાં કે, 'મારી દીકરીને તેના સાસરે ભરપૂર સુખ છે. મારી દીકરી તો સાસરે ય સ્વર્ગનું સુખ ભોગવે છે ! સવારે નવ વાગ્યા સુધી નિદ્રા માણે છે ! એનો પતિ એનો પડ્યો બોલ ઉપાડે છે ! ગમે તેટલા પૈસા ખરચે તો ય કોઇ એને પૂછનાર નથી !'

એ જ બહેનનો દીકરો પરણ્યો અને ઘરમાં નવી વહુ આવી પછી થોડા દિવસ બાદ એમણે બળાપો કાઢવાનું શરૂ કર્યું, 'મને વહુ સારી ના મળી! ખૂબ આળસું છે. સવારે નવ વાગ્યા સુધી પથારીમાં ઘોર્યા જ કરે છે ! મનફાવે તેમ ખર્ચા કરે છે. સાવ ઉડાઉ છે. એનો પતિ , એટલે કે મારો દીકરોપણ સાવ વહુઘેલો છે ! એની વહુને એ કાંઇ કહેતો જ નથી !'

પોતાની દીકરી માટે અને પોતાની પુત્રવધુ માટે સમાન બાબતોમાં આવો વિરોધી અભિપ્રાય આપનાર એ બહેનની સંકુચિત દૃષ્ટિ એમના ઘેરા વિષાદનું કારણ હતું !

માત્ર સાસુઓ જ એવી હોય છે તેવું પણ નથી. પુત્રવધુઓ પણ તેમની સાસુ અને પોતાની માતા પ્રત્યે આવો જ ભેદનીતિવાળો વ્યવહાર કરતી હોય છે.

પોતાનો દીકરો ભણવામાં પ્રથમ નંબર લાવે તો તેની માતા ગૌરવથી કહેશે કે, 'અમારો દીકરો તો પહેલેથી જ ભણવામાં ખૂબ હોશિયાર છે. તમામ વિષયોમાં એ આગળ જ હોય. મને તો ખ્યાલ હતો જ કે તેનો પ્રથમ નંબર જ આવશે !' પરંતુ જો પોતાનો દીકરો નાપાસ થાય અને પાડોશીનો દીકરો પ્રથમ નંબર મેળવે તો એ તરત જ કટાણું મોં કરીને કહેશે, 'જવા દો ને વાત હવે.એનો દિકરો તો પરીક્ષામાં ચોરી કરવામાં ખુબ ચાલાક છે ને એનો બાપ પણ પૈસા આપીને પોતાના દીકરાનો પહેલો નંબર ખરીદી આવ્યો છે !'

એકાન્તદૃષ્ટિ આપણી સહિષ્ણુતાને પીંખી નાખે છે. પછી તો બીજાનું સુખ પણ આપણા માટે અસહ્ય બની જાય છે. આપણી પાસે મોટર નથી એની આપણને કશી વેદના નથી. પણ પાડોશીને ત્યાં મોટર આવે એટલે આપણો બળાપો અને અજંપો શરૂ થઇ જાય છે !અને, આપણે ત્યાં જે સુખ છે, તે સુખ ઉપર પણ આપણે નર્યો એકાધિકાર ભોગવવા માગીએ છીએ !

સંપત્તિ સુખનું સાધન છે એવો એક સામાન્ય ખ્યાલ છે. પણ કોઇ વ્યક્તિ ધન-સંપત્તિ લઇને જતી હોય અને કોઇ ગુંડો તે પડાવી લેવા માટે તેની હત્યા કરે તો એ સંપત્તિ એના સુખનું સાધન બની કે એના મૃત્યુનું નિમિત્ત બની ? અથવા તો ઇન્કમટેક્સ વગેરેના પ્રશ્નોને કારણે તેને અનિદ્રાનો ઉપદ્રવ લાગુ પડે તો એની સંપત્તિ એના માટે તો દુઃખનું જ સાધન બની ગણાય ને !

સુખ કોઇ વસ્તુ, પદાર્થ , પરિસ્થિતિ કે સંયોગમાં નથી. સુખ કોઇ સ્થળવિશેષમાં પણ નથી. સુખ તો સમાધાનમાં છે. સમન્વયમાં જે સુખ છે, તે અન્યત્ર ક્યાંય નથી !

એક પુરુષને બે પત્નીઓ હતી. પુરુષ હમેશાં એક પત્નીની ગેરહાજરીમાં બીજીની પ્રશંસા કરતો અને બીજીની ગેરહાજરીમાં પહેલીની પ્રશંસા કરતો. ધીમે ધીમે બન્ને સ્ત્રીઓને આ વાતનો ખ્યાલ આવી ગયો. બન્ને સાથે મળીને પતિ પાસે ગઇ અને પૂછ્યું કે, 'અમારા બેમાંથી કોણ વિશેષ ગુણવાન છ તે સ્પષ્ટ કહો.'

સંઘર્ષની ક્ષણ આવી ગઇ.

હવે શું કરવું ? પતિએ તરત જ સમાધાનનો અભિગમ સ્વીકારી લેતાં કહ્યું, 'તમે બન્ને પરસ્પર કરતાં અધિક ગુણવાન છો. તમે બન્ને મને પરસ્પર કરતાં વધુ પસંદ છો !' પત્નીઓ શું બોલે ?

સંઘર્ષની ક્ષણ પસાર થઇ ગઇ. કોઇ વિકલ્પ જ ન રહ્યો, પછી કોઇ શું બોલે ?

આપણે જ્યારે કોઇ એક શાસ્ત્રને, કોઇ એક વ્યક્તિને કે કોઇ એક સત્યને અનુસરીએ છીએ ત્યારે અનેક વિકલ્પો રહી જાય છે. વિકલ્પો વિરોધ જગાડે છે. અનેકાન્ત દ્વારા નિર્વિકલ્પ કક્ષાએ પહોંચી શકાય છે. પછી કશો વિરોધ રહેતો નથી. આપણે અવિરોધને પામીએ છીએ ! અવરોધ રહિત થવાથી આપણાં કલ્યાણનો પંથ સરળ બને છે ! વિરોધથી મોટો કોઇ અવરોધ નથી. અને તમામ વિરોધોનો એક માત્ર ઉપાય છે : અનેકાન્ત.

□□□

## મોતીયાનાં ઓપરેશન

સંઘના ઉપક્રમે ડૉ. કુમુદ પ્રવીણ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી મોતીયાના દરદીઓને લેન્સ બેસાડવા સાથે મફત ઓપરેશન કરાવી આપવાની યોજના, મર્યાદિત સંખ્યાના દર્દીઓ માટે કરવામાં આવી છે. નબળી આર્થિક સ્થિતિવાળા જે દર્દીઓ આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા હોય તેઓએ સંઘના કાર્યાલયનો સંપર્ક સાધવો.

| | |
|---|---|
| ઉષાબહેન મહેતા | નિરુબહેન એસ. શાહ |
| પુષ્પાબહેન પરીખ | પ્રવીણચંદ્ર કે. શાહ |
| સંયોજકો | મંત્રીઓ |

## 'શાસનસમ્રાટ'ના બિરુદને શોભાવનાર, તપગચ્છાધિપતિ તીર્થોદ્ધારક સૂરિચક્ર-ચક્રવર્તી

# સ્વ. પ. પૂ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ

❑ રમણલાલ ચી. શાહ

વિક્રમની વીસમી સદીમાં થઇ ગયેલા મહાન જૈનાચાર્યોમાં 'સૂરિચક્ર ચક્રવર્તી' તરીકે જેમને બિરદાવવામાં આવે છે એવા પ. પૂ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબનો જીવન વૃત્તાન્ત અનેક ઘટનાઓથી સભર, રસપ્રદ અને પ્રેરક છે. પૃથ્વીને અજવાળવા માટે જાણે કોઇ જ્યોતિપુંજ અવતર્યો હોય એવું પવિત્ર એમનું જીવન છે. બાળ બ્રહ્મચારી એવા એ મહાત્માએ બ્રહ્મચર્યની સાધના મન, વચન અને કાયાથી એવી અખંડ અને અવિરત કરી હતી કે શ્યામલ ઘઉંવર્ણો એમનો દેહ ઓજસથી ઉભરાતો. એમની મુખકાન્તિ એવી આકર્ષક અને પ્રતાપી હતી કે એમને જોતાં જ માણસ પ્રભાવિત થઇ જાય. એમનાં નયનોમાંથી સતત કરુણા વહેતી, તેમ છતાં એ નયનોમાં વાત્સલ્યભર્યા વશીકરણની કોઇ ગજબની કુદરતી શક્તિ રહેલી હતી. એમનાં નયનોમાં જાણે એવો તેજપુંજ વરતાતો કે સામાન્ય માણસો એમની સાથે નજરથી નજર મેળવી વાત કરવા જતાં ક્ષોભ અનુભવતા.

પ. પૂ. શ્રી વિજેનેમિસૂરિ મહારાજશ્રીના જીવનની એક જ ઘટના તાજુબ કરી દે એવી છે. એમના દેહનું અવતરણ અને વિસર્જન એક જ ભૂમિમાં, એક જ દિવસે (અને તે પણ પંચાગના પહેલા પવિત્ર દિવસે), એક જ વારે અને એક જ ઘડીએ થયું હતું.

વર્તમાન સમયમાં જૈનોના ચારે ફિરકામાં કોઇ એક આચાર્ય મહાત્માના શિષ્ય, પ્રશિષ્ય, પ્રપ્રશિષ્યનો સૌથી મોટો સમુદાય હોય તો તે વિજયનેમિસૂરિજીનો. પોતાના દાદાગુરુને જેમણે જોયા નથી એવા ત્રીજી-ચોથી પેઢીના કેટલાયે શિષ્યો 'નેમિસૂરિદાદા' એટલો શબ્દ બોલતાં પણ હર્ષવિભોર બની જાય છે. એ ઉપરથી પણ એ સંતશિરોમણિના પવિત્ર જીવનની સુવાસ કેટલી સભર અને દૂરગામી હશે એની પ્રતીતિ થાય છે.

'શાસનસમ્રાટ'ના બિરુદને માત્ર સાર્થક કરનાર નહિ, બલકે વિશેષપણે શોભાવનાર, તીર્થોદ્ધાર, તીર્થરક્ષા, ઉપધાન, છ'રી પાળતા સંઘો, જીવદયા, ધર્મશાળા, પાઠશાળા, દુષ્કાળરાહત, આયંબિલ-શાળા, ઉપાશ્રયો વગેરે પ્રકારનાં કાર્યોમાં ઘણું મોટું અને મહત્ત્વનું યોગદાન આપનાર, વિદ્વાન શિષ્યો તૈયાર કરનાર અને જ્ઞાનપ્રકાશનની મોટે પાયે પ્રવૃત્તિ ઉપાડનાર, જ્ઞાનભંડારોને વ્યવસ્થિત કરાવનાર, સિદ્ધચક્રપૂજન, અર્હન્ત્પૂજન વગેરે ભૂલાઇ ગયેલાં પૂજનોનાં વિધિવિધાનને શાસ્ત્રસંમત રીતે પુનર્પ્રચલિત કરાવનાર, છેલ્લાં અઢીસો વર્ષના ગાળામાં યોગોદ્વહનપૂર્વક થનાર પ્રથમ આચાર્ય એવા પૂજ્ય શ્રી વિજયનેમિસૂરિનો જેમ વિશાળ શિષ્યસમુદાય હતો તેમ સુવિશાળ શ્રાવક સમુદાય પણ હતો. એથી જ એમના હાથે એમના જમાનામાં લાખો રૂપિયાનાં કાર્યો ઠેર ઠેર સુવ્યવસ્થિત રીતે થયેલાં, જેનો પ્રભાવ આજ દિવસ સુધી અનુભવાય છે.

પૂ. નેમિસૂરિ મહારાજનો જન્મ વિ. સં. ૧૯૨૯ના કારતક સુદ-એકમના દિવસે સૌરાષ્ટ્રમાં મહુવા નગરમાં થયો હતો. બેસતા વર્ષના પવિત્ર પર્વના દિવસે પુત્રનો જન્મ થવો એ કોઇ પણ કુટુંબ માટે અત્યંત આનંદની વાત હોય. એમના પિતા લક્ષ્મીચંદભાઇ અને માતા દિવાળીબહેન એ બંનેના હર્ષનો પાર નહોતો. દિવાળીના પર્વના દિવસો પછી બીજે દિવસે નૂતન વર્ષ આવે છે. દિવાળીબહેનનું નામ પણ આ રીતે સાર્થક થયું. એમાં પણ કોઇ શુભ યોગ રહેલો હતો. બાળકના જન્મ પછી લક્ષ્મીચંદભાઇએ મહુવાના વિદ્વાન જ્યોતિષી શ્રી વિષ્ણુભાઇ ભટ્ટને બોલાવી, જન્મસમયની વિગતો આપી બાળકની જન્મ કુંડલી બનાવી આપવાનું કહ્યું. ત્યાર પછી એમને ઘરે જ્યારે લક્ષ્મીચંદભાઇ બાળકની કુંડલી લેવા ગયા ત્યારે જ્યોતિષી પણ એ કુંડલીથી આશ્ચર્ય ચકિત થયા હતા. એમણે કહ્યું, 'આ તો કોઇ ઊંચા પ્રકારની કુંડલી છે. તમારા પુત્રનો જન્મ-લગ્ન એ કુંભ લગ્ન છે. જે વ્યક્તિનો જન્મ-લગ્ન તે કુંભ લગ્ન હોય તો તે મહાન સાધુ થાય એવું અમારું જ્યોતિષ શાસ્ત્ર કહે છે. જોષીઓમાં કહેવાય છે કે 'કુંભ લગ્નકા પૂત હોવે બડા અવધૂત' એટલે તમારો પુત્ર આગળ જતાં મહાન જૈન સાધુ થાય એવી સંભાવના મને આ કુંડલી જોતાં જણાય છે.'

આ સાંભળી લક્ષ્મીચંદભાઇના આનંદનો પાર ન રહ્યો. ઘરે આવીને કુટુંબીજનોને એમણે વાત કરી ત્યારે ઘરમાં પણ હર્ષોલ્લાસનું વાતાવરણ છવાઇ ગયું. ઘોડિયામાં સૂતેલા બાળકને અધિક વહાલથી સૌ બોલાવવા લાગ્યાં.

બાળકનું નામ રાશિ પ્રમાણે નેમચંદ રાખવામાં આવ્યું. લક્ષ્મીચંદભાઇને બે દીકરા અને ત્રણ દીકરી હતાં. તેમાં બાળક નેમચંદના જન્મથી હવે છ સંતાનો થયાં. નેમચંદ મોટો થતાં તેને નિશાળે બેસાડવાનો વખત આવ્યો. લક્ષ્મીચંદભાઇને એ માટે ઘણો ઉત્સાહ હતો. તેમણે તે માટે શુભ દિવસ અને શુભ ચોઘડિયું જોવડાવ્યું. તે દિવસે બાળક નેમચંદને તેઓ જાતે પ્રાથમિક શાળામાં વાજતે ગાજતે લઇ ગયા. નેમચંદને નિશાળે બેસાડવાના પ્રસંગ નિમિત્તે શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને મિઠાઇ વહેંચવામાં આવી હતી. આ ગામઠી શાળાના મુખ્ય શિક્ષક મયાચંદભાઇ નામના ગૃહસ્થ હતા. તેઓ બાળકોને બારાખડી અને આંક શીખવતા. તેની સાથે સાથે તેઓ બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન પણ કરતાં. શાળાનાં બાળકોમાં નેમચંદ એક બહુ તેજસ્વી વિદ્યાર્થી છે એવી ખાતરી શિક્ષક મયાચંદભાઇને પહેલા દિવસથી જ થઇ ગઇ હતી.

ગામઠી શાળાનો અભ્યાસ પૂરો થતાં નેમચંદને હરિશંકર માસ્તરની શાળામાં મૂકવામાં આવ્યા. હરિશંકર માસ્તર ભણાવવામાં ઘણા જ હોશિયાર હતા. તેઓ ગુજરાતી સાત ચોપડી સુધીનું શિક્ષણ આપતા, પરંતુ એમનું શિક્ષણ એટલું સચોટ રહેતું કે વિદ્યાર્થીઓ જીવનભર એ ભૂલે નહિ. એ દિવસોમાં બે પ્રકારની શાળા રહેતી. ગુજરાતી (વર્નાક્યુલર) અને અંગ્રેજી. ગુજરાતી ચોથા ધોરણ પછી અંગ્રેજી શાળામાં હોંશિયાર વિદ્યાર્થીઓ જોડાતા. નેમચંદ ભણવામાં ઘણા તેજસ્વી હતા એટલે અંગ્રેજી શાળામાં વધુ અભ્યાસ માટે મૂકવામાં આવે એવી ભલામણ કેટલાક શિક્ષકોએ કરી હતી. એ ભલામણનો સ્વીકાર કરીને લક્ષ્મીચંદભાઇએ બાળક નેમચંદને પીતાંબર માસ્તરની અંગ્રેજી શાળામાં ભણવા મૂક્યા. અંગ્રેજી શાળામાં ત્રણ વર્ષ સુધી નેમચંદે અભ્યાસ કર્યો. તદુપરાંત એમણે મહુવાના મોનજીભાઇ જોશી નામના એક બ્રાહ્મણ પંડિત પાસે સંસ્કૃત ભાષાનો પણ થોડો અભ્યાસ કર્યો. આમ જેમ જેમ અભ્યાસ વધતો ગયો તેમ તેમ વધુ જ્ઞાન મેળવવા માટે નેમચંદને તાલાવેલી લાગી.

કિશોર નેમચંદનો ગુજરાતી સાત ચોપડી સુધીનો અને અંગ્રેજી ત્રણ ધોરણ સુધીનો અભ્યાસ પૂરો થતાં પિતાશ્રી લક્ષ્મીચંદભાઇએ વિચાર્યું કે નેમચંદભાઇને હવે કામધંધે લગાડવા જોઇએ. મહુવામાં શ્રી કરસન કમાની પેઢી ચાલતી હતી તેમાં કિશોર નેમચંદભાઇને નોકરીએ મૂકવામાં આવ્યા. નેમચંદભાઇ એ કામમાં પણ હોંશિયાર થઇ ગયા, પરંતુ નેમચંદભાઇને ભણવામાં અને દેરાસરમાં પ્રભુભક્તિમાં જેટલો રસ પડતો હતો તેના કરતાં ધંધામાં રસ ઓછો પડતો હતો. પંદરેક વર્ષના એક કિશોર તરીકે નેમચંદભાઇ દૃઢ આત્મવિશ્વાસવાળા, બુદ્ધિશાળી, વિવેકી અને વિનમ્ર હતા. એમની આગળ ભણવાની ધગશ જોઇને લક્ષ્મીચંદભાઇને વિચાર થયો કે ભાવનગરમાં પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષા-સાહિત્ય અને ધાર્મિક સૂત્રો ભણાવે છે. તો નેમચંદભાઇને ભાવનગર મોકલવા. પત્ર લખીને એમણે પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની સંમતિ મેળવી અને સથવારો જોઇને એક શુભ દિવસે નેમચંદભાઇને ભાવનગર વિદ્યાભ્યાસ માટે મોકલ્યા.

કિશોર નેમચંદભાઇ પિતાની આજ્ઞા લઇને ભાવનગર પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે સંસ્કૃત ભાષાનો અને ધાર્મિક અભ્યાસ કરવા આવી પહોંચ્યા. ભાવનગરમાં ઉપાશ્રયમા આવીને મહારાજશ્રીને પોતાના આગમનની જાણ કરી એટલે મહારાજશ્રીએ એમને માટે વ્યવસ્થા કરતાં જણાવ્યું કે 'ભાઇ નેમચંદ, તારે માટે નહાવા ધોવાનું અને જમવાનું શેઠ જશરાજભાઇને ત્યાં રાખ્યું છે. અને દિવસરાત

રહેવાનું અહીં ઉપાશ્રયમાં રાખ્યું છે. બોલ તને ફાવશે ને ?' નેમચંદભાઇએ તે માટે પોતાની તરત સંમતિ દર્શાવી.

તે દિવસથી જ તેમનો અભ્યાસ ચાલુ થયો. જેમ જેમ તેઓ અભ્યાસ કરતાં ગયા તેમ તેમ તેમને એમાં વધુ રસ પડતો ગયો. વળી ત્યાગ-વૈરાગ્યનો રંગ પણ તેમને લાગતો ગયો. એક દિવસ રાતના વિચાર કરતાં કરતાં તેમને લાગ્યું કે 'ઘર સંસાર કરતાં સાધુ જીવન કેટલું બધું ચઢિયાતું છે !' તેમની આ ભાવનાનું ઉત્તરોત્તર પોષણ થતું રહ્યું. તે એટલી હદ સુધી કે એમના દાદીમા ગુજરી ગયાના સમાચાર પિતાશ્રીએ લખ્યા, ત્યારે મહુવા જવાને બદલે તેમણે પિતાશ્રીને સંસારની ક્ષણ ભંગુરતા સમજાવતો પત્ર લખ્યો. આ પત્રથી પિતાશ્રીને શંકા ગઇ કે રખેને નેમચંદભાઇ દીક્ષા લઇ લે. એટલે એમણે નેમચંદભાઇને કંઇક ખોટું બહાનું કાઢીને તરત મહુવા પાછા બોલાવી લીધા.

મહુવા આવતાં નેમચંદભાઇ પિતાશ્રીની આ યુક્તિ સમજી ગયા. પણ હવે બીજો કંઇ ઉપાય નહોતો. પિતાશ્રીએ એમને ભાવનગર પાછા જવાની મનાઇ ફરમાવી દીધી. એક દિવસ નેમચંદભાઇએ પોતાના મિત્રો સાથે વાતચીત કરતાં કહી દીધું કે પોતે દીક્ષા લેવાના છે. એ વાત જ્યારે પિતાશ્રી લક્ષ્મીચંદભાઇના જાણવામાં આવી ત્યારે તેમણે નેમચંદભાઇની અવર-જવર ઉપર કડક જાપ્તો રાખવો ચાલુ કરી દીધો. ઘરમાં પણ બધાને તે પ્રમાણે સૂચના આપી દીધી. આથી નેમચંદભાઇની મૂંઝવણ વધી ગઇ.

લક્ષ્મીચંદભાઇને લાગ્યું કે પુત્ર નેમચંદભાઇનો દીક્ષા લેવાનો વિચાર પાકો છે, પરંતુ હજી એમની વય કાચી છે અને તે અણસમજુ છે. કેટલીક બાબતોમાં ઘરના સ્વજનો કરતાં ત્રાહિત સમજાવે તો તેની અસર વધુ પડે એટલે લક્ષ્મીચંદભાઇએ પોતાના એક મિત્ર રૂપશંકરભાઇને ભલામણ કરી કે તેઓ નેમચંદભાઇને સમજાવે. રૂપશંકરભાઇએ નેમચંદભાઇને એક દિવસ પોતાના ઘરે બોલાવીને, વાતમાંથી વાત કાઢીને દીક્ષા ન લેવા માટે સમજાવવાની કોશિષ કરી, પરંતુ તેઓ સમજાવી ન શક્યા. રૂપશંકરભાઇને ખાતરી થઇ કે નેમચંદભાઇ દીક્ષા લેવાના પોતાના વિચારમાં અડગ છે. આમ છતાં મહુવાના ન્યાયધીશ જો સમજાવે તો તેની વધુ અસર પડે. લક્ષ્મીચંદભાઇને પૂછીને તેઓ નેમચંદભાઇને ન્યાયધીશને ઘરે લઇ ગયા. ન્યાયધીશે સામ, દામ, ભેદ, દંડ એમ જુદી જુદી રીતે નેમચંદભાઇને સમજાવવાનો પ્રયત્ન કર્યો અને ધમકી પણ આપી કે જો તેઓ દીક્ષા લેશે તો, તેમની ધરપકડ કરી હાથે પગે બેડી પહેરાવી તેમને કેદમાં પૂરવામાં આવશે. પરંતુ ન્યાયધીશે જોયું કે આવી ધમકીની આ કિશોર ઉપર કંઇ અસર થઇ નથી. એટલું જ નહિ કિશોરના એકે એક જવાબ તર્કયુક્ત, બુદ્ધિગમ્ય, સાચા અને સચોટ હતા. આથી તેઓ પાછા ફરતા હતા ત્યારે ન્યાયાધીશે રૂપશંકરભાઇને બાજુમાં બોલાવીને જણાવી દીધું કે આ છોકરો કોઇ પણ સંજોગોમાં દીક્ષા લીધા વગર રહેવાનો નથી.

એક બાજુ લક્ષ્મીચંદભાઇએ નેમચંદભાઇ ઉપર કડક નિયંત્રણો મૂકી દીધાં હતાં તો બીજી બાજું નેમચંદભાઇ ઘરમાંથી છટકીને ભાગી જવાનો લાગ શોધી રહ્યા હતા. એ વખતે ગામમાં પિતા વિહોણા એક કિશોર દુર્લભજીને પણ દીક્ષા લેવાની ઇચ્છા હતી. એટલે નેમચંદભાઇએ એની સાથે દોસ્તી બાંધી. મહુવાથી ભાગીને ભાવનગર કેવી રીતે પહોંચવું એનો તેઓ બંને ઉપાય વિચારી રહ્યા હતા. એ દિવસોમાં નજીકના સ્થળે લોકો પગે ચાલીને જતા. દૂર જવું હોય તો ગાડું, ઊંટ, ઘોડા વગેરેનો ઉપયોગ કરતા. બંને કિશોરોને ગામમાં ખબર ન પડે એ રીતે રાતને વખતે ભાગી જવું હતું અને ભાવનગર જલદી પહોંચવું હતું. એટલે ગામને પાદરે કબ્રસ્તાન પાસે રહેતા એક ઊંટવાળા સાથે ભાવનગર જવાની ગોઠવણ કરી. બમણું ભાડુ મળવાની શરતે ઊંટવાળો અડધી રાતે જવા સંમત થયો.

રાતને વખતે નેમચંદભાઇ કંઇક બહાનું કાઢીને ઘરમાંથી છટકી ગયા. દુર્લભજીને ઘરે પહોંચ્યા અને તેઓ બંને ઊંટવાળા પાસે પહોંચ્યા. ઊંટવાળાએ તરત નીકળવાની ના કહી અને મળસ્કે ચાર વાગે પોતે નીકળશે એમ જણાવ્યું. હવે આટલો સમય ક્યાં પસાર કરવો એ આ બંને કિશોર મિત્રો માટે ચિંતાનો પ્રશ્ન થઇ પડ્યો. ઘરે પાછા જવામાં કોઇ અર્થ નહોતો. એટલે તેઓ બંને બાજુમાં કબ્રસ્તાનમાં આખી રાત સંતાઇને બેસી રહ્યા. સવારે ચાર વાગે તેઓએ ઊંટવાળાને ઉઠાડ્યો. થોડીઘણી આનાકાની પછી ઊંટવાળો તેમને લઇ જવા સંમત થયો. ઊંટ ઉપર તેઓ બંને સવાર થયા. ઊંટ ભાવનગરના રસ્તે ચાલવા લાગ્યું. ઊંટ ઉપર બેસવાનો તેઓનો આ પહેલો અનુભવ હતો. ઊંટની સવારી હાડકાં દુઃખવનારી હોય છે. એટલે તેઓ જ્યારે અડધે પહોંચ્યા ત્યારે તો થાકીને લોથ થઇ ગયા હતા. વળી એવામાં વરસાદ પડવા લાગ્યો હતો. રસ્તામાં એક નદી પાર કરવાનું સાહસ પણ કરવું પડ્યું હતું. રાત પડતાં એક ફકીરની ઝૂપડીમાં તેઓને મુકામ કરવો પડ્યો હતો. બીજે દિવસે તળાજા, ભડીભંડારિયા વગેરે ગામમાં થઇને તેઓ આગળ વધ્યા. રસ્તામાં કોઇક શ્રાવકને ત્યાં સ્નાન ભોજનની વ્યવસ્થા પણ કરી લીધી. એમ કરતાં તેઓ ભાવનગર પહોંચ્યા. ઊંટવાળાને ભાડું ચૂકવ્યું અને શેઠ જસરાજભાઇના ઘરે તેઓ ગયા. તેઓ બંને દીક્ષા લેવાની ભાવનાથી મહુવાથી ભાગી આવ્યા છે એ વાત એમણે જસરાજભાઇને કરી. જસરાજભાઇએ તેઓની ભોજન વગેરે દ્વારા આગતાસ્વાગતા કરી અને પછી તેઓ બંનેને વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે લઇ ગયા. વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે તેઓ બંનેએ દીક્ષા લેવાની વાતનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ વૃદ્ધિચંદ્રજી મહારાજે કહ્યું કે માતા-પિતાની સંમતિ વગર પોતે કોઇને દીક્ષા આપતા નથી.

દુર્લભજીભાઇના પિતા નહોતા અને માતાનો ખાસ કંઇ વિરોધ નહોતો એટલે એમને દીક્ષા આપવાની વાતનો વૃદ્ધિચંદ્રજી મહારાજે સ્વીકાર કર્યો, પરંતુ નેમચંદભાઇને દીક્ષા આપવાની તો સ્પષ્ટ ના કહી દીધી.

યોગ્ય મૂહુર્ત જોઇને વૃદ્ધિચંદ્રજી મહારાજે દુર્લભજીભાઇને વિધિ પૂર્વક દીક્ષા આપી. નેમચંદભાઇ ઉપાશ્રયમાં રહેતા અને જશરાજભાઇના ઘરે જમવા જતા. માતા-પિતાની સંમતિ લેવા માટે પાછા મહુવા જવાની તેમની ઇચ્છા નહોતી, કારણ કે તેઓ જાણતા હતા કે તેમને સંમતિ મળવાની જ નથી. આથી તેઓ મૂંઝાયા હતા અને કંઇક વચલો રસ્તો વિચારતા હતા. આમ પણ તેઓ બુદ્ધિશાળી હતા. એટલે એમણે એક અનોખો રસ્તો વિચારી કાઢ્યો. ઉપાશ્રયમાં વૃદ્ધિચંદ્રજી મહારાજના એક શિષ્ય રત્નવિજયજી નામના હતા. તેમની વૈયાવચ્ચ કરીને નેમચંદભાઇએ તેમને પ્રસન્ન કર્યા. પછી તેમની પાસેથી સાધુનાં વસ્ત્રો માગ્યાં. અને સમજાવ્યું કે ગુરુ મહારાજ મને દીક્ષા નથી આપતા એટલે હું મારી મેળે સાધુના કપડાં પહેરી લેવા ઇચ્છું છું. એમાં તમારી કંઇ જવાબદારી નથી.' એમ કહી સાધુનાં વસ્ત્રો નેમચંદભાઇએ પહેરી લીધાં, પરંતુ ઓઘો લાવવો ક્યાંથી ? ઉપાશ્રયમાં સ્વર્ગસ્થ ગચ્છનાયક શ્રી મૂળજીચંદજી મહારાજનો ઓઘો સાચવીને રાખવામાં આવ્યો હતો, એ ઓઘો નેમચંદભાઇએ રત્નવિજયજી દ્વારા મેળવી લીધો. પછી તેઓ વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે આવીને સાધુના વેશમાં ઊભા રહ્યા. વૃદ્ધિચંદ્રજી તો તેમને જોતાં જ આશ્ચર્યચકિત થઇ ગયા. તેમણે પૂછ્યું 'અરે, નેમચંદ તને દીક્ષા કોણે આપી ?' નેમચંદભાઇએ કહ્યું, 'ગુરુ મહારાજ મેં મારી મેળે જ સાધુનો વેષ પહેરી લીધો છે અને તે હવે હું છોડવાનો નથી. માટે આપ મને હવે દીક્ષાની વિધિ કરાવો.'

વૃદ્ધિચંદ્રજી મહારાજ દ્વિધામાં પડી ગયા. પરિસ્થિતિનો તાગ મેળવતાં એમને જણાવ્યું કે હવે દીક્ષાનો વિધિ કરી લેવો તે જ યોગ્ય માર્ગ છે.

વૃદ્ધિચંદ્રજી મહારાજે દીક્ષાની વિધિ કરાવી લીધી અને નેમચંદભાઇનું નામ મુનિ નેમિવિજયજી પાડ્યું. આ રીતે વિ. સં. ૧૯૪૫માં જેઠ સુદ-૭ના દિવસે નેમચંદભાઇ મુનિ નેમિવિજયજી બન્યા.

આ બાજુ મહુવામાં ખબર પડી ગઇ કે નેમચંદભાઇ અને દુર્લભજી ઊંટ ઉપર બેસી ભાવનગર ભાગી ગયા છે. એટલે લક્ષ્મીચંદભાઇ વિમાસણમાં પડી ગયા.. માતુશ્રી દિવાળીબહેન અને ઘરનાં સ્વજનોએ રડારડ કરી મૂકી. લક્ષ્મીચંદભાઇએ વિચાર કર્યો કે જો નેમચંદભાઇએ દીક્ષા ન લીધી હોય તો તેમને અટકાવવા અને પાછા ઘરે લઇ આવવા. લક્ષ્મીચંદભાઇ અને દિવાળીબહેન મહુવાથી ભાવનગર આવવા નીકળ્યાં. એ દિવસો ઝડપી પ્રવાસના ન હતા. થોડા દિવસે લક્ષ્મીચંદભાઇ ભાવનગર આવી પહોંચ્યા. એમણે ઉપાશ્રયમાં આવીને જોયું કે પુત્ર નેમચંદભાઇએ દીક્ષા લઇ લીધી છે. તેઓ ક્રોધે ભરાયા.

બોલાચાલી થઈ. વૃદ્ધિચંદ્રજી મહારાજે અને મુનિ નેમિવિજયજીએ પૂરી શાંતિ અને સ્વસ્થતા રાખી. લોકો એકત્ર થઈ ગયા. ઘણાએ લક્ષ્મીચંદભાઈને સમજાવ્યા. પણ તેઓ માન્યા નહિ. તેઓ બહાર ગયા અને ભાવનગરના મેજિસ્ટ્રેટને લઈને ઉપાશ્રયમાં આવી પહોંચ્યા અને પોતાનો પુત્ર પાછો મેળવવા માટે અરજ કરી. મેજિસ્ટ્રેટે મુનિ નેમિવિજયની જુદીજુદી રીતે ઉલટ તપાસ કરી અને છેવટે લક્ષ્મીચંદભાઈને કહ્યું, કે 'આ છોકરાને બળજબરીથી દીક્ષા આપવામાં આવી નથી. એણે જાતે જ રાજી ખુશીથી દીક્ષા લીધી છે. એટલે રાજ્ય આ બાબતમાં કાયદેસર કશું જ કરી શકશે નહિ.' આથી લક્ષ્મીચંદભાઈ નિરાશ થયા. ત્યાર પછી મુનિ નેમિવિજયજીએ તથા ગુરુમહારાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે તેમને બહુ સમજાવ્યા. છેવટે તેઓ શાંત થયા અને પરિસ્થિતિનો સ્વીકાર કરી લઈ મહુવા પાછા ફર્યા.

મુનિ નેમિવિજયજીએ ગુરુ મહારાજશ્રી વૃદ્ધિચંદ્રજી પાસે શાસ્ત્રાભ્યાસ ચાલુ કર્યો. ગુરુ મહારાજે જોયું કે નેમિવિજયજી ઘણા તેજસ્વી છે. એમની સ્મરણ શકિત અને ગ્રહણ શકિત ઘણી સારી છે. તેઓ શ્લોકો પણ ઝડપથી કંઠસ્થ કરી શકે છે અને તેમની સાથે વાતચીતમાં તેમના વિચારોની રજુઆત વિશદ અને ક્રમબદ્ધ હોય છે. આથી ગુરુ મહારાજે તેમના વધુ વિદ્યાભ્યાસ માટે પંડિતની સગવડ પણ કરી આપી. નેમિવિજયજીએ સંસ્કૃત, વ્યાકરણ, અલંકાર શાસ્ત્ર વગેરેનો અભ્યાસ કરવા સાથે 'રઘુવંશ', નૈષધીય વગેરે મહાકાવ્યોનો અભ્યાસ શરૂ કર્યો. હેમચંદ્રાચાર્ય અને યશોવિજયજીના સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોનો અભ્યાસ ગુરુ મહારાજ પોતે કરવા લાગ્યા. પ્રથમ ચાતુર્માસ ભાવનગરમાં જ કરવાનું નક્કી થયું. ચાર છ મહિનામાં તો મુનિ નેમિવિજયજીની પ્રતિભા ખીલી ઊઠી. તેઓ પોતાના કરતાં ઉંમરે મોટા અને મહુવાના વતની ગુરુબંધુ મુનિ ધર્મવિજયજીને પણ સંસ્કૃતનો અભ્યાસ કરાવવા લાગ્યા.

ઉપાશ્રમાં રોજરોજ સાધુઓને વંદન કરવા આવતા લોકોમાંના કેટલાક મુનિ નેમિવિજયજી પાસે પણ બેસતા. કોઈ વાર કોઈનો પ્રશ્ન હોય તો નેમિવિજયજી તેમને સમજાવતાં. એક ગૃહસ્થ તો તેમની પાસે રોજ નિયમિત આવતા . એક દિવસ ગુરુ મહારાજે જોયું કે એ ગૃહસ્થને સમજાવતી વખતે મુનિ નેમિવિજયજીની વાણી અસ્ખલિત વહે છે. તેમની ભાષા સંસ્કારી છે અને ઉચ્ચારો શુદ્ધ છે. તેમના વિચારો સરળતાથી વહે છે. વ્યાખ્યાન આપવાની તેમનામાં સહજશકિત જણાય છે. વૃદ્ધિચંદ્રજી મહારાજ શિષ્યોને આગળ વધારવામાં હંમેશા બહુ ઉત્સાહી રહેતા. પ્રસંગ જોઈને શિષ્યોને તેઓ અચાનક મોટી જવાબદારી સોંપી દેતા અને તેમના આત્મવિશ્વાસને વધારી દેતા.પર્યુષણ પર્વ દરમિયાન એક દિવસ જસરાજભાઈને કહ્યું કે 'આવતી કાલનું વ્યાખ્યાન મુનિ નેમિવિજયજી વાંચશે. પરંતુ આ વાત હમણાં કોઈને કહેશો નહિ.' એથી જસરાજભાઈને આશ્ચર્ય થયું.

બીજા દિવસે ગુરુ મહારાજે નેમિવિજયજીના હાથમાં 'કલ્પસૂત્રની' સુબોધિકા ટીકાની હસ્તપ્રતના પાનાં આપ્યાં અને વ્યાખ્યાન હોલમાં જવાનું કહ્યું. વળી તેમણે નેમિવિજયજીને પોતાનો કપડો પહેરવા આપ્યો. પરંતુ નેમિવિજયજી કશું સમજ્યા નહિ. ગુરુ મહારાજે વ્યાખ્યાન વાચનાર મુનિ ચારિત્ર વિજયજી સાથે એવી ગોઠવણ કરી હતી કે સભામાં નેમિવિજયજીને અચાનક જ વ્યાખ્યાન આપવાની ફરજ પડે. નેમિવિજયજી નીચેની પાટ પર બેસવા જતા હતા ત્યાં ચારિત્રવિજયજીએ એમની પોતાની બાજુમાં બેસાડયા અને શ્રાવક શ્રાવિકાઓને પ્રથમ પચકખાણ આપીને જાહેર કર્યું કે આજનું વ્યાખ્યાન મુનિ નેમિવિજયજી વાંચશે. એટલું કહીને તેઓ તરત પાટ ઉપરથી ઊતરીને ચાલ્યા ગયા. નેમિવિજયજી એકદમ વિચારમાં પડી ગયા. પરંતુ હવે વ્યાખ્યાન વાંચ્યા વિના છૂટકો ન હતો. એમની સજ્જતા તો હતી જ અને આત્મવિશ્વાસ પણ હતો. એટલે ગુરુ મહારાજને ભાવવંદન કરી, એમના આશીર્વાદ માટે પ્રાર્થના કરી વ્યાખ્યાન વાંચવાનું ચાલુ કર્યું. પછી તો એમની વાણી અસ્ખલિત વહેવા લાગી. એથી વ્યાખ્યાનમાં બેઠેલા જસરાજભાઈ અને બીજા શ્રાવકો આશ્ચર્યચકિત થઈ ગયા. વ્યાખ્યાન પુરું થતાં તેઓએ નેમિવિજયજીની વ્યાખ્યાનશક્તિના ભારોભાર વખાણ કર્યા અને ગુરુમહારાજ આગળ જઈને પણ એ વાતની ખૂબ પ્રશંસા કરી.

મહારાજ શ્રી નેમિવિજયજીને વડી દીક્ષા આપવાના હતા, પરંતુ યોગોદ્વહન કરાવી વડી દીક્ષા આપે એવું મૂળચંદજી મહારાજના કાળધર્મ પછી કોઈ રહ્યું નહોતું. એટલે મહારાજશ્રીને અમદાવાદ મોકલવામાં આવ્યા હતા. ત્યાં પંન્યાસ શ્રી પ્રતાપવિજયજીએ યોગોદ્વહન કરાવી એ પછી મહારાજશ્રી નેમિવિજયજીને વડી દીક્ષા આપી. એ પછી મહારાજશ્રી વિહાર કરી પોતાના ગુરુ મહારાજ પાસે પાછા ફર્યા.

એ દિવસોમાં શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે ભાવનગરમાં સ્થિરતા કરી લીધી હતી, કારણ કે એમને સંગ્રહણીનો અને સંધિવાનો ભારે વ્યાધિ લાગુ પડી ગયો હતો. પોતાની તબિયત નાદુરસ્ત હોવા છતાં તેઓ ચારિત્રપાલનમાં, સ્વાધ્યાયમાં, શિષ્યોને અભ્યાસ કરાવવામાં કડક નિયમોનું પાલન કરાવવાવાળા હતા. તત્ત્વ-પદાર્થની તેમની જાણકારી ઘણી જ સારી હતી એટલે ગૃહસ્થો પણ તેમની પાસે શંકાસમાધાન તથા જ્ઞાન-ગોષ્ઠી માટે આવતાં. એ વખતે શ્રી અમરચંદ જસરાજ, શ્રી કુંવરજી આણંદજી વગેરે રાતના આવતા અને બાર-એક વાગ્યા સુધી ચર્ચા થતી. મહારાજશ્રીની તબિયત સારી રહેતી નહિ, છતાં તેઓ પોતે કોઈને 'હવે તમે જાવ' એમ કહેતા નહિ મહારાજશ્રી નેમિવિજયજીએ જોયું કે ગુરુ મહારાજજીને બહુ તકલીફ પડે છે. એક દિવસ ગુરુ મહારાજથી નેમિવિજયજીને કહેવાઈ ગયું 'જો ને નેમા, મારું શરીર ચાલતું નથી અને આ લોકો રોજ મને ઉજાગરા કરાવે છે .'

તે દિવસે રાત્રે શ્રાવકો આવ્યા ત્યારે મહારાજશ્રી નેમિવિજયજીએ શ્રાવકોને કહી દીધું કે 'તમે બધા ગુરુ મહારાજની ભક્તિ કરવા આવો છો કે ઉજાગરા કરાવવા ?' સમજુ શ્રાવકો તરત વાત સમજી ગયા અને બીજા દિવસથી વહેલા આવવા લાગ્યા અને વહેલા ઊઠવા લાગ્યા.

મહારાજશ્રી નેમિવિજયજી સળંગ ચાર ચાતુર્માસ ગુરુ મહારાજ સાથે ભાવનગરમાં રહ્યા. ગુરુ મહારાજની વૈયાવચ્ચ અને પોતાના સ્વાધ્યાયની દૃષ્ટિએ એ બહુ જરૂરી હતાં. એથી મહારાજશ્રીનો શાસ્ત્ર અભ્યાસ ઘણો સારો થયો. તેઓ રોજના સો શ્લોકો કંઠસ્થ કરતા હતા. હેમચંદ્રાચાર્યના વ્યાકરણ ઉપરાંત પાણિનિના વ્યાકરણનો તેમણે પણ સરસ અભ્યાસ કર્યો તેમણે મણિશંકર ભટ્ટ, નર્મદાશંકર શાસ્ત્રી, તથા રાજ્યના શાસ્ત્રી ભાનુશંકરભાઈ એમ ત્રણ જુદા જુદા પંડિતો પાસે અભ્યાસ કર્યો. તેમની બોલવાની છટા પણ ઘણી સારી થઈ હતી. મહારાજશ્રીની એ વિષયમાં ખ્યાતિ પ્રસરતાં કાશી જઈ અભ્યાસ કરી આવેલા અને સંસ્કૃતમાં બોલતા એક નાથાલાલ નામના ભાઈએ સંસ્કૃતમાં સંભાષણ, શાસ્ત્રાચર્ચા કરવાનો પડકાર ફેંકયો. મહારાજશ્રીએ એ સ્વીકારી લીધો. સ્પર્ધા યોજાઈ. મહારાજશ્રી જે રીતે કડકડાટ સંસ્કૃતમાં અસ્ખલિત બોલતા હતા અને યોગ્ય ઉત્તરો આપતા હતા તે જોઈને નિર્ણાયકોએ મહારાજશ્રીને વિજયી તરીકે જાહેર કર્યા. આથી ગુરુ મહારાજને બહું આનંદ થયો. અભ્યાસ કરાવનાર પંડિતોને પોતાનો શ્રમ લેખે લાગ્યો જણાયો. મહારાજશ્રીની ખ્યાતિ આ પ્રસંગથી ઘણી વધી ગઈ.

એ દિવસોમાં પંજાબી સાધુ શ્રી દાનવિજયજીએ પાલિતાણામાં શ્રી બુદ્ધિસિંહજી જૈન સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરી હતી. શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની પણ એ માટે પ્રેરણા હતી. શ્રી દાનવિજયજીએ જોયું કે શ્રી નેમિવિજયજીમાં ભણવાની ધગશ ઘણી છે અને ભણવાની શક્તિ ઘણી સારી છે. એટલે એમણે શ્રી વૃદ્ધિચંદ્રજીને પત્ર લખી શ્રીનેમિવિજયજી પાલિતાણા ચાતુર્માસ કરે એવી વિનંતી કરી. એ વિનંતીનો સ્વીકાર થતાં મહારાજશ્રી નેમિવિજયજીએ વિ.સં. ૧૯૪૯નું ચાતુર્માસ પાલિતાણામાં કરવા માટે ચૈત્ર મહિનામાં વિહાર કર્યો. બીજી બાજુ થોડા દિવસમાં ગુરુ મહારાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ વૈશાખ શુદ ૭ ના દિવસે કાળધર્મ પામ્યા. અંતિમ સમયે પોતે ગુરુ મહારાજ પાસે રહી શકયા નહિ એનો મહારાજશ્રી નેમિવિજયજીને ઘણો આઘાત લાગ્યો.

પાલિતણામાં મહારાજશ્રીએ શ્રી દાનવિજયજી સાથે મળીને અધ્યયન-અધ્યાપનનું સંગીન કાર્ય કર્યું. ચાતુર્માસ પછી મહારાજશ્રી ગિરનારની યાત્રા કરી વિચરતા વિચરતા જામનગર પધાર્યા. અહીં એમનાં વ્યાખ્યાનોનું લોકોને એટલું બધું આકર્ષણ થયું કે સ. ૧૯૫૦નું ચાતુર્માસ જામનગરમાં કરવાનું નક્કી થયું. મહારાજના દીક્ષા પર્યાયને હજુ છએક વર્ષ થવા આવ્યાં હતાં, પરંતુ એમની તેજસ્વિતાનો પ્રભાવ ઘણો પડતો હતો. જામનગરનું આ એમનું સ્વતંત્ર ચાતુર્માસ હતું. અહીં

એમના વ્યાખ્યનોની અને એમની સમજાવવાની શક્તિની એટલી બધી અસર થઇ કે એમનાથી ઉંમરમાં મોટા એક શ્રીમંતને એમની પાસે દીક્ષા લેવાનું મન થયું. શ્રીમંત શ્રાવકને ખાવા પીવાનો ઘણો શોખ હતો. રોજ જમવામાં પેંડા વગર એમને ચાલતું નહિ. બીડી વગેરેનું પણ એમને વ્યસન હતું. આથી ઘરનાં દીક્ષા લેતાં એમને અટકાવતાં હતાં. કોર્ટમાં પણ કેસ દાખલ કર્યો હતો. તેમ છતાં તેમણે મક્કમ રહીને મહારાજશ્રી પાસે દીક્ષા લીધી. એમનું નામ સુમતિવિજય રાખવામાં આવ્યું. દીક્ષા લીધી એટલે તરત એમનાં વ્યસનો અને શોખ કુદરતી રીતે છૂટી ગયા. તેઓ મહારાજશ્રીના સાન્નિધ્યમાં સંયમ જીવન સારી રીતે પાળવા લાગ્યા.

જામનગરમાં ચાતુર્માસની બીજી એક મહત્ત્વની ફલશ્રુતિ એ હતી કે મહારાજશ્રીની નિશ્રામાં સિદ્ધાચલજી તથા ગિરનારનો છરી પાળતો સંઘ કાઢવામાં આવ્યો મહારાજશ્રીનો તીર્થયાત્રા સંઘનો આ પ્રથમ જ અનુભવ હતો, પણ એ અનુભવ એટલો સરસ હતો કે પછી તો મહારાજશ્રીના ચાતુર્માસ પછી ઘણે સ્થળેથી તીર્થયાત્રા સંઘનું આયોજન થયું હતું.

મહારાજશ્રીને દીક્ષા લીધાને લગભગ છ વર્ષ થઈ ગયાં હતાં. દીક્ષા લીધા પછી તેઓ પોતાના વતનમાં પધાર્યા નહોતા. આથી મહુવાના સંઘે તેમને વિ.સં. ૧૯૫૧નું ચાતુર્માસ મહુવામાં કરવા માટે પધારવાની આગ્રહભરી વિનંતી કરી. જામનગરના ચાતુર્માસ અને તીર્થયાત્રા સંઘ પછી વિહાર કરતાં કરતાં મહારાજશ્રીએ જ્યારે મહુવામાં પ્રવેશ કર્યો ત્યારે મહોત્સવપૂર્વક એમનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું. દીક્ષા પછી મહારાજશ્રીનો મહુવામાં આ પ્રથમ પ્રવેશ હતો. એમના માતાપિતા હયાત હતા. મહારાજશ્રી એમના ઘરે વહોરવા પધાર્યા ત્યારે પોતાના દીક્ષિત પુત્રને વહોરાવવામાં તેઓ ગદ્‌ગદિત થઈ ગયા હતા.

મહુવામાં મહારાજશ્રીએ મૈત્રી આદિ ચાર ભાવના ઉપર સરસ વ્યાખ્યાનો આપ્યાં. એમનો અવાજ બુલંદ હતો. એમના વ્યાખ્યાનો સાંભળવા માટે વિશાળ જનમેદની ઉપસ્થિત રહેતી. આ ચાતુર્માસ દરમિયાન મહારાજશ્રીના હસ્તે બે મહત્વના કાર્યો થયાં : (૧) એમની પ્રેરણાથી મહુવામાં પાઠશાળા સ્થાપવામાં આવી એને માટે દાનની રકમ મહારાજશ્રીના બહારગામના બે ભક્તો તરફથી મળી અને (૨) મહારાજશ્રીના હસ્તે મહુવાના એક ગૃહસ્થને દીક્ષા આપવામાં આવી અને એમનું નામ મુનિ સૌભાગ્યવિજયજી રાખવામાં આવ્યું.

મહુવાના ચાતુર્માસ પછી શત્રુંજય, શંખેશ્વર વગેરે તીર્થોની યાત્રા કરીને મહારાજશ્રી રાધનપુર પધાર્યા. રાધનપુરમાં મહારાજશ્રીનાં વ્યાખ્યાનોનો ઘણો મોટો પ્રભાવ પડવા લાગ્યો અને દિવસે દિવસે શ્રોતાઓની સંખ્યા વધવા લાગી. મહારાજશ્રી રાધનપુરમાં હતા ત્યારે એક વખત તેઓ 'હરિભદ્રસૂરિકૃત'અષ્ટક' વાંચતા હતા હતા. હરિભદ્રસૂરિનો આ ગ્રંથ એટલો પવિત્ર અને પૂજનીય મનાય છે કે એ ગ્રંથ માટે પણ શ્રાવકો અને સાધુભગવંતો 'જી' લગાડી 'અષ્ટકજી' બોલે છે. મહારાજશ્રી એ ગ્રંથનું વાંચન કરતા હતા ત્યારે કેટલાક શ્રાવકો મળવા આવ્યા. તોઓએ સહજ જિજ્ઞાસાથી પૂછયું

'સાહેબ, કયા ગ્રંથનું વાંચન ચાલે છે ?'

'અષ્ટકજીનું ' મહારાજશ્રીએ કહ્યું.

'અષ્ટકજીનું' ? સાહેબ આપનો દીક્ષાપર્યાય કેટલો ?

'સાત વર્ષનો. કેમ પૂછવું પડયું ?'

'સાહેબ, અવિનય થાય તો ક્ષમા કરશો, પણ અષ્ટકજી તો વીસ વર્ષના દીક્ષા પર્યાય થાય પછી જ વાંચી શકાય !'

'ભાઈ, હું તો એમા ૧૪ સ્વર અને ૩૩ વ્યંજન લખ્યા છે તે વાંચું છું. બાકી તમે કહો છો એવો નિયમ કોઈ ગ્રંથમાં વાંચ્યો નથી. તમે વાંચ્યો હોય તો જણાવો'

પણ એવું કોઈ ગ્રંથમાં લખ્યું હોય તો શ્રાવકો જણાવે ને ? વસ્તુતઃ એ દિવસોમાં સંસ્કૃત ભાષાનો અને શાસ્ત્રોનો અભ્યાસ ઘટી ગયો હતો એટલે જ આવી વાત ક્યાંક પ્રચલિત થઈ હશે !

રાધનપુરથી વિહાર કરીને મહારાજશ્રી શંખેશ્વર થઈ વઢવાણ પધાર્યા અને વિ.સં. ૧૯૫૨નું ચાતુર્માસ વઢવાણમાં કર્યું. ચાતુર્માસ પછી મહારાજશ્રી લીંબડી પધાર્યા. ત્યાં મુનિ આનંદસાગર (સાગરજી મહારાજ)મળ્યા. મુનિ આનંદસાગર વય તથા દીક્ષાપર્યાયમાં નાના હતા. વળી ભાષા, વ્યાકરણ તથા શાસ્ત્રઅભ્યાસ કરવા માટે બહું ઉત્સુક હતા. એટલે મહારાજશ્રીએ એમને કેટલાક દિવસ સાથે રહીને વ્યાકરણનો અભ્યાસ કરાવ્યો. ત્યાર પછી મહારાજશ્રી વિહાર કરીને પાલિતાણા પધાર્યા.

પાલિતાણામાં ત્યારે શ્રી દાનવિજયજી બિરાજતા હતા તેઓ વિદ્વાન અને તાર્કિકશિરોમણિ હતા. તેમની વ્યાખ્યાનશૈલી પણ છટાદાર હતી,. એ વખતે પાલિતાણાના ઠાકોરને શત્રુંજય તીર્થ અંગે જૈનો સાથે ઘર્ષણ ચાલતું હતું. પરંતુ પંજાબી નીડર મુનિ દાનવિજયજી વ્યાખ્યાનમાં વારંવાર ઉદ્‌બોધન કરતા કે ઠાકોરની આપખુદી ચલાવી લેવી ન જોઈએ. આથી ઠાકોર મહારાજશ્રી દાતવિજયજી ઉપર ચાંપતી નજર રાખતા. મહારાજશ્રી નેમિવિજયજીને લાગ્યું કે આ સંઘર્ષ અત્યારે વધારવામાં સાર નથી. દાનવિજયજીની ઉપસ્થિતિથી એ વધવાનો સંભવ છે અને બધાના દેખતાં વિહાર કરીને જાય તો પણ તર્કવિતર્ક થવાનો સંભવ છે. એટલે મહારાજશ્રીએ તેઓને પરોઢિયે પાલિતાણા રાજ્યની બહાર મોકલી દીધા અને પોતે ત્યાં રોકાઈ વાતાવરણ શાંત કરાવ્યું. પાલિતાણાથી વિહાર કરી મહારાજશ્રી અમદાવાદ પધાર્યા. દાનવિજયજી મહારાજ તે અગાઉ અમદાવાદ આવી ગયા હતા અને પાંજરાપોળના ઉપાશ્રયે બિરાજમાન હતા. એમણે તે વખતે તત્ત્વાર્થસૂત્ર ઉપર વ્યાખ્યાનો ચાલુ કર્યા હતાં, અને તેમને સાંભળવા માટે શ્રાવકોની સંખ્યા ઘણી વધી હતી. દાનવિજયજી મહારાજ ઘણા વિદ્વાન હતા, દેખાવે તેજસ્વી હતા, શાસ્ત્રજ્ઞ હતા અને સરસ વક્તા હતા, એટલે એમની વાણીનું આકર્ષણ ઘણાને થયું હતું. એવામાં એમની તબિયત બગડી. આરામ માટે શેઠ હઠીસિંહની વાડીએ તેઓ ગયા. તેમણે વ્યાખ્યાનની જવાબદારી મહારાજશ્રી નેમિવિજયજીને સોંપી. અમદાવાદ જેવું મોટું નગર, પાંજરાપોળનો ઉપાશ્રય, જાણકાર પ્રતિષ્ઠિત શ્રોતાવર્ગ, એમાં મહારાજશ્રી નેમિવિજયજીનું પહેલી વાર પધારવું તેમ છતાં એમણે તત્ત્વાર્થસૂત્ર ઉપર એવાં સરસ વ્યાખ્યાનો આપ્યાં કે મહારાજશ્રીને ચાતુર્માસ ત્યાં જ કરવા આગ્રહભરી વિનંતી થઇ. એ વખતે શેઠ મનસુખભાઇ ભગુભાઇ, શેઠ હઠીસિંહ કેસરીસિંહ, શેઠ લાલભાઇ દલપતભાઇ, શેઠ ઘોળશાજી, શેઠ મણિભાઇ પ્રેમાભાઇ, શેઠ પાનાચંદ હકમચંદ, શેઠ ડાહ્યાભાઇ દેવતા વગેરે ખ્યાતનામ શ્રેષ્ઠીઓ મહારાજશ્રીના વ્યાખ્યાનમાં આવતા.

અમદાવાદના વિ. સ. ૧૯૫૩ના ચાતુર્માસ પછી મહારાજશ્રી વિહાર કરીને કપડવંજ પધાર્યા હતા. તે વખતે ખંભાતથી શેઠ શ્રી અમરચંદ પ્રેમચંદના પુત્ર શ્રી પોપટલાલ અમરચંદ અને બીજા શ્રેષ્ઠીઓ કપડવંજ આવ્યા અને મહારાજશ્રીને ખંભાતમાં વિ. સં. ૧૯૫૪નું ચાતુર્માસ કરવાની વિનંતી કરી. ખંભાત જેવા મોટા ક્ષેત્રનો અને લાભાલાભનો વિચાર કરી મહારાજશ્રીએ એ વિનંતીનો સ્વીકાર કર્યો અને યથા સમયે ખંભાત ચાતુર્માસ માટે પધાર્યા.

શેઠશ્રી અમરચંદ પ્રેમચંદ એ ખંભાતની એક અનોખી પ્રતિભા હતી. તેઓ ખૂબ ધન કમાતા, પરંતુ પોતાના પરિગ્રહ પરિમાણના વ્રતનું ચુસ્ત પાલન કરવા માટે પ્રતિવર્ષ ઘણું ધન ધર્મકાર્યોમાં અને સાધર્મિકોને મદદ કરવામાં વાપરતા. એમણે સિદ્ધાચલ, આબુ, કેસરિયાજી, સમેતશિખર એમ જુદા જુદા મળી આઠ વખત છરી પાળતા સંઘ કાઢ્યા હતા. સાતેક વખત તેમણે ઉપધાન કરાવ્યાં હતાં. બારવ્રતધારી શ્રી અમરચંદભાઇએ મહારાજશ્રીના ઉપદેશથી 'શ્રી વૃદ્ધિચંદ્ર જૈન સંસ્કૃત પાઠશાળા'ની સ્થાપના માટે મોટું આર્થિક યોગદાન આપ્યું હતું. વિદ્યાર્થીઓને એમાં ધાર્મિક અભ્યાસ સાથે સંસ્કૃત ભાષા, વ્યાકરણ વગેરેનો અભ્યાસ કરાવવા માટે ઉત્તર ભારતમાંથી પંડિતોને બોલાવવામાં આવ્યા હતા.(આ પાઠશાળામાંથી જ અભ્યાસકરીને ઉજમશીભાઈ ઘીયાએ મહારાજ પાસેથી દીક્ષા લીધી હતી અને તેઓ પૂ.ઉદયસૂરિ બન્યા હતા.)

આ પાઠશાળા ઉપરાંત મહારાજશ્રીએ એક 'જંગમ પાઠશાળા'ની સ્થાપના કરી . મહારાજશ્રીની સાથે જ એ વિદ્યાર્થીઓ વિહાર કરે અને દરેક ગામમાં પોતાની સ્વતંત્ર રહેવા જમવાની વ્યવસ્થા કરી મહારાજની પાસે અભ્યાસ કરે.

ચાતુર્માસ પૂર્ણ થતાં શેઠશ્રી અમરચંદભાઈએ સિદ્ધાચલનો સંઘ કાઢવાની ભાવના વ્યક્ત કરી. ખંભાતમાં પાઠશાળાનાં અને બીજા

કેટલાંક કામો અધૂરાં હતાં તેમ છતાં મહારાજશ્રી સંઘમાં જોડાયા. એમની નિશ્રાને લીધે મોટો સંઘનીકળ્યો અને લોકોની ધર્મભાવનામાં વૃદ્ધિ થઈ. શેઠ અમરચંદભાઈને પણ જીવનનું એક છેલ્લું મોટું કાર્ય કર્યાનો સંતોષ થયો.

ખંભાતનાં અધૂરાં કાર્યોને લીધે બીજુ ચાતુર્માસ પણ ખંભાતમાં કરવાનો મહારાજશ્રીને આગ્રહ થયો. આ ચાતુર્માસ દરમિયાન મહારાજશ્રીની પ્રેરણાથી જીર્ણોદ્ધારનું એક મહત્વનું કાર્ય એ થયું કે ખંભાતમાં જુદા જુદા વિસ્તારમાં એવાં ઓગણીસ જેટલાં દેરાસર જીર્ણ થઈ ગયાં હતાં. વળી શ્રાવકોની વસતી પણ ત્યાં ઘટી ગઈ હતી. દેરાસરોની નિભાવની પણ મુશ્કેલી હતી. આથી એ બધાં દેરાસરોની પ્રતિમા જીરાવલાપાડાના દેરાસરનો જીર્ણોદ્ધાર કરી ત્યાં પધરાવવાનું નક્કી થયું. શેઠ અમરચંદભાઈના પુત્ર પોપટભાઈએ એ માટે બધી જવાબદારી ઉઠાવી લીધી અને તન, મન અને ધનથી ઘણો ભોગ આપ્યો. મહારાજશ્રીના હસ્તે ત્યાં પ્રતિષ્ઠા મહોત્સવ થયો. તદુપરાંત, સ્થંભન પાર્શ્વનાથ ભગવાનની નીલમરત્નની સાત ઈંચની ઐતિહાસિક પ્રતિમા વિ.સં. ૧૯૫૨માં ચોરાઈ ગઈ હતી અને પછી મળી આવી હતી અને જે પરોણા તરીકે રાખવામાં આવી હતી તેની પ્રતિષ્ઠા પણ મહારાજશ્રીના હસ્તે ધામધૂમથી કરવામાં આવી.

ખંભાતમાં આ સમય દરમિયાન એક મહત્વની ઐતિહાસિક ઘટના બની હતી. જર્મનીના વિદ્વાન ડૉ. હર્મન જેકોબીએ પાશ્ચાત્ય જગતને જૈન ધર્મનો પરિચય એ કાળે કરાવ્યો હતો. જર્મનીમાં રહી, ત્યાં ઉપલબ્ધ હસ્તપ્રતને આધારે એમણે જૈન ધર્મના કેટલાક ગ્રંથોનુ સંશોધન-સંપાદન કર્યું હતું. પરંતુ 'આચારાંગ'આગમના એમના સંપાદને ભારતના જૈનોમાં વિવાદ જગાવ્યો હતો, કારણકે તેમણે એવું પ્રતિપાદન કર્યું હતું કે જૈન આગમોમાં માંસાહારનું વિધાન છે. આથી મહારાજશ્રી અને મુનિ આનંદસાગરજી (સાગરજી મહારાજ)એ સાથે મળીને 'પરિહાર્ય-મીમાંસા' નામની પુસ્તિકા લખીને ડૉ. જેકોબીના વિધાનોનો આધાર સહિત વિરોધ કર્યો હતો. ડૉ. જેકોબી જ્યારે ભારત આવ્યા ત્યારે ખંભાત મહારાજશ્રીને મળવા ગયા હતા. તેઓ ઘણી બધી શંકાઓ લઈને આવ્યા હતા, પરંતુ બે દિવસના રોકાણમાં તેમની મુખ્ય મુખ્ય શંકાઓનું સમાધાન થઈ ગયું. આથી જ એમણે પોતાની ભૂલોનો લેખિત એકરાર કરી લીધો હતો.

વિ.સં. ૧૯૫૫નું ચાતુર્માસ ખંભાતમાં કરી મહારાજશ્રી પેટલાદ પધાર્યા. વિ.સં. ૧૯૫૬ની આ સાલ હતી. એ વર્ષે ભયંકર દુકાળ પડયો હતો અને છપ્પનિયા દુકાળ તરીકે એ ઓળખાયો હતો. એમાં કેટલેક સ્થળે માણસો મરતાં, વળી અબોલ પશુઓની સ્થિતિ વધુ દયાજનક હતી. લોકો પાસે પોતાના ઢોરોને ખવડાવવા માટે ઘાસચારો કે એના પૈસા નહોતા. એટલે તેઓ કસાઈને ઢોરો વેચી દેતા, મહારાજશ્રીને લાગ્યું કે ઢોરોને બચાવવા માટે કોઈ વ્યવસ્થા કરવી જોઈએ.

એક દિવસ પેટલાદમાં મહારાજશ્રી ઉપાશ્રયમાં બેઠા હતા ત્યાં રસ્તા પર નજર પડતાં જોયું કે કોઈક માણસ કેટલીક ભેંસોને લઈ જતો હતો. એની ચાલ અને એના હાવભાવ ઉપરથી મહારાજશ્રીને લાગ્યું કે જરૂર તે કસાઈ હોવો જોઈએ. પાઠશાળાના વિદ્યાર્થીઓ દ્વારા ચૂપચાપ તપાસ કરાવતાં મહારાજશ્રીને ખબર પડી કે પોતાનું અનુમાન સાચું છે. હવે આ ભેંસોને બચાવવી કેવી રીતે ?

મહારાજશ્રીએ વિદ્યાર્થીઓને યુક્તિ બતાવી. વિદ્યાર્થીઓએ ભેંસો પાસે જઈને એમને એવી રીતે ભડકાવી કે બધી આમ તેમ ભાગી ગઈ. કોઈ કસાઈના હાથમા રહી નહીં. પછીથી પણ તે મળી નહીં. કસાઈએ વિદ્યાર્થીઓ સામે ફરિયાદ નોંધાવી, કેસ ચાલ્યો. ન્યાયધીશે વિદ્યાર્થીઓને છોડી મૂક્યા. મહારાજશ્રીએ ઢોરોના નિર્વાહ માટે કાયમી ફંડ ઊભું કરાવ્યું અને પાંજરાપોળની વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવી.

પેટલાદથી મહારાજશ્રી માતર, ખેડા વગેરે સ્થળે વિહાર કરી, ક્યાંક ગામમાં ચાલતાં કુસંપનુ નિવારણ કરતા, કયાંક દેરાસર કે ઉપાશ્રયના જીર્ણોદ્ધાર કે નિર્વાહ માટે ઉપદેશ આપતા, તો ક્યાંક પાંજરાપોળની સ્થાપના માટે અથવા તો તેના નિર્વાહ માટે ભલામણ કરતા. મહારાજશ્રીનાં વ્યાખ્યાનોનો પ્રભાવ એટલો વધતો હતો કે અજૈન અમલદારો પણ તેમની વાણી સાંભળવા આવતા.

ખેડામાં મહારાજશ્રી હતા ત્યારે અમદાવાદના સંઘના શ્રેષ્ઠીઓ વિનંતિ કરવા આવ્યા કે આગામી ચાતુર્માસ-વિ.સં.૧૯૫૬નું ચાતુર્માસ અમદાવાદમાં કરવામાં આવે. એમની વિનંતિનો સ્વીકાર કરી મહારાજશ્રીએ અમદાવાદ તરફ વિહાર કર્યો.

અમદાવાદમાં પ્રવેશ કરીને મહારાજશ્રીએ પાંજરાપોળના ઉપાશ્રયે ચાતુર્માસ કર્યું. આ ચાતુર્માસ દરમિયાન એમણે પાજરાપોળના નિર્વાહ માટે ઘણી મોટી રકમ એકત્ર કરાવી. તદુપરાંત મહારાજશ્રીએ શ્રાવકોમાં શ્રુતજ્ઞાનનો પ્રચાર થાય એ હેતુથી 'જૈન તત્ત્વવિવેચક સભા'.નામની સંસ્થાની સ્થાપના કરાવી.

અમદાવાદના ચાતુર્માસ દરમિયાન પાટણના એક ગરીબ અનાથ છોકરાને શેઠ જેસિંગભાઈને ત્યાં રાખવા અને નોકરીએ રાખવા એક ભાઈ લઈ જતા હતા. રસ્તામાં પાંજરાપોળના ઉપાશ્રયે તેઓ મહારાજશ્રીને વંદના કરવા ગયા. એ વખતે છોકરાએ શેઠને ઘરે રહેવાને બદલે ઉપાશ્રયે રહેવાની આગ્રહભરી ઇચ્છા દર્શાવી. છોકરો ઘણો તેજસ્વી હતો. તે ઉપાશ્રમાં જ રહી ગયો અને પાઠશાળાના વિદ્યાર્થીઓના રસોડે જમવા લાગ્યો. છોકરાએ દીક્ષા લેવા માટે આગ્રહ કર્યો. પરંતુ તેની ઉંમર હજુ નાની હતી અને નાના છોકરાને દીક્ષા આપવાની ઘટનાથી ઉહાપોહ થવાનો સંભવ હતો. આથી એની નવ વર્ષની ઉંમર થતાં મહારાજશ્રીએ એને અને બીજા એક ભાઈ ત્રિભોવનદાસને દીક્ષા લેવી હતી તેમને કાસીન્દ્રા નામના નાના ગામે મોકલ્યા અને ત્યાં શ્રી સાગરજી મહારાજ તથા શ્રી સુમતિવિજયજી મહારાજને ત્યાં જઈ એ બન્નેને દીક્ષા આપવા માટે ભલામણ કરી. તે મુજબ ધામધૂમ વિના દીક્ષા અપાઈ અને એ બાળકનું નામ રાખવામાં આવ્યું મુનિ યશોવિજયજી અને મહારાજશ્રીના શિષ્ય તરીકે તેમને જાહેર કરવામાં આવ્યા. તેઓ થોડો વખત અન્યત્ર વિચરી ચાતુર્માસમાં મહારાજશ્રી સાથે જોડાઈ ગયા. આ તેજસ્વી બાલમુનિ મહારાજશ્રીના અત્યંત પ્રિય શિષ્ય હતા.

અમદાવાદના આ ચાતુર્માસ પછી ભાવનગરથી મહારાજશ્રીના વડીલ ગુરુ બંધુ પંન્યાસશ્રી ગંભીરવિજયજીનો સંદેશો આવ્યો. ગુરુ મહારાજશ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે પંન્યાસ શ્રી ગંભીરવિજયજીને આજ્ઞા કરી હતી કે સમય થતાં તેમણે મહારાજશ્રી નેમિવિજયજીને યોગોદ્વહન કરાવવા. એ માટે શ્રી ગંભીરવિજયજીએ મહારાજશ્રીને ભાવનગર બોલાવ્યા હતા. મહારાજશ્રીની તબિયત એવી સારી ન હતી કે વિહારનો શ્રમ ઉઠાવી શકે એટલે એ સમાચાર મળતાં તથા અમદાવાદના શ્રેષ્ઠીઓએ જાતે જઈ વિનંતિ કરતાં શ્રી ગંભીરવિજયજી પોતે વિહાર કરીને અમદાવાદ પધાર્યા અને મહારાજશ્રીને 'ઉત્તરાધ્યયનસૂત્ર'ના યોગોદ્વહન કરાવ્યા અને વિ.સં. ૧૯૫૭નું ચાતુર્માસ પણ તેઓએ સાથે પાંજરાપોળના ઉપાશ્રયે કર્યું. ત્યાર પછી વિ. સં. ૧૯૮૫નું ચાતુર્માસ પણ તેઓ બંન્નેએ અમદાવાદમાં જ કર્યું અને બીજા કેટલાક આગમોના પણ યોગોદ્વહન મહારાજશ્રીએ કરાવી લીધા. દરમિયાન શ્રી દાનવિજયજી મહારાજ ક્ષયની બીમારીને કારણે પાલિતાણામાં કાળધર્મ પામ્યાના સમાચાર આવતાં મહારાજશ્રીને પોતાના એક વિદ્યાગુરુને ગુમાવ્યાનું દુઃખ થયું. ચાતુર્માસ પૂર્ણ થતાં મહારાજશ્રીએ પંન્યાસજી મહારાજ સાથે ભાવનગર તરફ વિહાર કર્યો.

વિ.સં.૧૯૫૯નું ચાતુર્માસ મહારાજશ્રીએ પંન્યાસ શ્રી ગંભીરવિજયજી સાથે ભાવનગરમાં કર્યુ. આ ચાતુર્માસ દરમિયાન પંન્યાસજીએ મહારાજશ્રીને 'ભગવતી સૂત્ર'ના મોટા યોગમાં પ્રવેશ કરાવ્યો હતો. દરમિયાન ભાવનગરમાં પ્લેગનો ઉપદ્રવ ચાલુ થયો એટલે તેઓને ત્યાંથી અચાનક વિહાર કરીને શાસ્ત્રીય મર્યાદા અનુસાર નજીકના વરતેજ ગામે જવું પડયું. પરંતુ ત્યાં પણ પ્લેગના કિસ્સા બનવા લાગ્યા હતા. ખુદ પંન્યાસજી મહારાજના બે શિષ્યને પણ પ્લેગની ગાંઠ નીકળી. એથી પંન્યાસજી મહારાજ ચિંતાતુર બની ગયા હતા. પરંતુ મહારાજશ્રી નેમિવિજયજીએ એ બે શિષ્યોના રાત-દિવસ કાળજી પૂર્વક ઉપચાર કર્યા કે જેથી તેઓની ગાંઠ ઓગળી ગઈ અને તેઓ પ્લેગમાંથી બચી ગયા. પરંતુ આ પરિશ્રમને કારણે મહારાજશ્રીને તાવ આવ્યો અને તે ઊતરતો ન હતો. એ સમાચાર મહારાજશ્રીના પરમભક્ત શેઠશ્રી મનસુખભાઈ ભગુભાઈને અમદાવાદમાં મળ્યા. એમણે તરત તાર કરીને ભાવનગરના એક ડૉક્ટરને વરતેજ મોકલ્યા અને એમણે

મહારાજશ્રીનો તાવ ઊતર્યો છે કે નહિ તે જાણવા માટે એક દિવસમાં એંસી જેટલા તાર કર્યા. એ દિવસોમાં જલદી સમાચાર મેળવવા માટે તારનું જ એક માત્ર સાધન હતું અને તે પણ લોકો ન છૂટકે જ ઉપયોગ કરતા. એટલે વરતેજ જેવા નાના ગામમાં એંસી જેટલા તાર ચોવીસ કલાકમાં આવ્યા એથી પોસ્ટમાસ્તરને નવાઈ લાગી. મહારાજશ્રીની તબિયત બરાબર થઈ નહોતી એ જાણીને શેઠ મનસુખભાઈએ અમદાવાદના પોતાના ડૉક્ટરને વરતેજ રવાના કર્યા. એ વખતે મનસુખભાઈના પોતાના પુત્ર માણેકલાલને તાવ આવતો હતો, પરંતુ પુત્ર કરતાં ગુરુ મહારાજ અધિક છે એમ સમજીને તેમણે ડૉક્ટરને મોકલ્યા હતા. ડૉક્ટર આવતાં અને બરાબર ઉપચાર થતાં મહારાજશ્રીનો તાવ ઊતરી ગયો. એથી શેઠે નિશ્ચિંતતા અનુભવી.

ચાતુર્માસ પૂર્ણ થતાં પંન્યાસજી મહારાજ અને અન્ય મુનિવરો વળા-વલ્લભીપુર પધાર્યા. વળાનું પ્રાચીન ઐતિહાસિક નામ 'વલ્લભીપુર' મહારાજશ્રીએ પ્રચલિત કર્યું હતું. વલ્લભીપુરના ઠાકોર સાહેબ શ્રી વખતસિંહજી મહારાજશ્રીના અનન્ય ભક્ત હતા. મહારાજશ્રીના 'ભગવતીસૂત્ર'ના જોગ પૂરા થવા આવ્યા હતા એટલે એમને ગણિ તથા પંન્યાસની પદવી વલ્લભીપુરમાં આપવામાં આવે એવો એમનો ઘણો આગ્રહ હતો અને છેવટે એ પ્રમાણે જ નિર્ણય થયો. મહારાજશ્રીના બીજા અનન્ય ભક્ત અમદાવાદના શેઠ મનસુખભાઈએ આ મહોત્સવના બધા આદેશ પોતે મેળવી લીધા હતા. પંન્યાસ શ્રી ગંભીરવિજયજી મહારાજે ચતુર્વિધ સંઘ સમક્ષ બધી વિધિ કરવા પૂર્વક મહારાજશ્રીને 'ગણિ' પદવી અને ત્યાર પછી થોડા દિવસે 'પંન્યાસ' પદવી અર્પણ કરી હતી. આ ઉત્સવ પછી મહારાજશ્રીએ વલ્લભીપુરમાં મુનિ આનંદસાગરજી, મુનિ પ્રેમવિજયજી તથા મુનિશ્રી સુમતિ-વિજયજીને ભગવતીસૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો હતો. ત્યાર પછી મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી અમદાવાદ પધાર્યા અને વિ.સં. ૧૯૬૦નું ચાતુર્માસ એમણે અમદાવાદમાં કર્યું.

વિ.સં. ૧૯૬૦ના ચાતુર્માસ પછી અમદાવાદથી શેઠશ્રી વાડીલાલ જેઠાલાલે મહારાજશ્રીની નિશ્રામાં સિદ્ધાચલજીની યાત્રાનો સંઘ કાઢ્યો હતો. સંઘે યાત્રા નિર્વિઘ્ને, ઉમંગભેર પૂરી કરી હતી. મહારાજશ્રીએ ત્યાર પછી પાલિતાણામાં થોડો સમય સ્થિરતા કરી હતી.

છેલ્લા કેટલાક સમયથી પાલિતાણાના ઠાકોર શ્રી માનસિંહજીને જૈનો તરફ દ્વેષ થયો હતો. ઠાકોરના રાજ્યમાં શત્રુંજયનો પહાડ આવેલો હોવાથી તેઓ પહાડ ઉપર બુટ પહેરીને ચઢતા હતા. આ વાતની કોઈકે તેમની આગળ ટકોર કરી એટલે ઠાકોરને થયું કે પોતે રાજ્યના માલિક છે અને કોઈ સામાન્ય માણસ પોતાની કેમ ટીકા કરી શકે ? અસહિષ્ણુ અને ક્રોધી સ્વભાવના ઠાકોરે જૈનોની પવિત્ર ભાવનાને આદર આપવાને બદલે જાણીજોઈને બુટ પહેરીને અને સિગારેટ પીતાં પીતાં ડુંગર ઉપર ઠેઠ દાદાના દરબારમાં જવાનું ચાલુ કર્યું. આથી તો ઊલટી જૈનોની લાગણી વધુ દુભાઈ. ઠાકોરના આ આશાતનાભર્યા દુષ્ટ કૃત્ય સામે ઘણો ઉહાપોહ થયો અને વિરોધ દર્શાવવા માટે ઠાકોર ઉપર ગામેગામથી તાર આવવા લાગ્યા. પરંતુ એની ઠાકોર ઉપર કોઈ અસર થઈ નહિ.

આ વાત મહારાજશ્રી નેમિવિજયજી પાસે આવી ત્યારે તેમણે શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના વહીવટદારોને કહ્યું કે તેઓ રૂબરૂ જઈને ઠાકોરને સમજાવે અને ન માને તો પછી રાજકોટના પોલિટિકલ એજન્ટમાં કેસ દાખલ કરવો. શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના વહીવટદારો ઠાકોરને સમજાવવામાં નિષ્ફળ નીવડ્યા એટલે કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો. આથી તો ઠાકોર વધુ ઉશ્કેરાયા. તેમણે ગામના મુસલમાનોને બોલાવ્યા અને ચઢાવ્યા. તેમણે મુસલમાનોને કહ્યું કે ડુંગર ઉપર ઈંગારશા પીરના સ્થાનકમાં રાજ્યના ખર્ચે પાકી દીવાલ કરી આપવામાં આવશે અને એક ઓરડી પણ બાંધી આપવામાં આવશે. ઠાકોરે જૈનોને ધમકી આપતાં કહેવડાવ્યું 'હું ઈંગારશાપીરના સ્થાનકે મુસલમાનો પાસે બકરાનો ભોગ ચઢાવરાવીશ અને દાદા આદીશ્વર ઉપર તેનું લોહી છાંટીશ ત્યારે જ જંપીશ.'

આ વાતની જાણ થતાં પાલિતાણાના જૈન સંઘ તરફથી સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાની એક ખાનગી સભા મહારાજશ્રીની નિશ્રામાં યોજવામાં આવી. આ આશાતના બંધ કરાવવા અંગે કેવાં કેવાં પગલાં લેવાં તેની ગંભીર વિચારણા તેમાં થઈ. ઠાકોર જો વધુ છંછેડાય તો પોતાના રાજ્યમાં જૈનોને ઘણો ત્રાસ આપી શકે એટલે આમાં કુનેહથી કામ લેવાની જરૂર છે. સાધુ-સાધ્વીઓને તકલીફ ન પડે એટલા માટે મહારાજશ્રીએ તેઓ બધાને પાલિતાણા રાજ્યની હદ છોડીને ભાવનગર રાજ્યની હદમાં ચાલ્યા જવાનું કહ્યું. વળી આવા કામમાં શરીરે સશક્ત, હિંમતવાન, કાબેલ માણસની જરૂર પડે. એ માટે ભાઈચંદભાઈ નામના એક કાબેલ ભાઈ તૈયાર થયા. તેમને રાજ્યના દફ્તરમાંથી પત્રવ્યવહારના દસ્તાવેજની નકલ મેળવી લીધી. તેમના ઉપર વહેમ આવતાં રાજ્યના પોલિસે તેમને પકડીને કેદમાં પૂર્યા, પરંતુ કંઈ પુરાવો ન મળતા બીજે દિવસે છોડી દીધા. ભાઈચંદભાઈ એથી ડરે એવા નહોતા. તેમણે પાલિતાણાની આસપાસના ગામોના આયર લોકોનો જઈને સમજાવ્યું કે મુસલમાન લોકો તમારા બકરાને ઉપાડી જઈને વધ કરાવશે તો વખત જતાં તમારાં ઘેટાં-બકરાં ઓછાં થઈ જશે અને તમારી આજીવિકા ભાંગી પડશે. આથી આયરો ચિંતાતુર બન્યા. ભાઈચંદભાઈ આયર આગેવાનોને મહારાજશ્રી પાસે લઈ આવ્યા અને આયરોએ મહારાજશ્રીને કહ્યું કે 'અમે કોઈ પણ હિસાબે ડુંગર ઉપર પીરના સ્થાનકમાં ઓરડી કે છાપરું થવા નહિ દઈએ કે જેથી મુસલમાનો બકરાનો વધ કરે.' આથી રાજ્ય તરફથી ઈંટ-પથ્થર-ચૂનો રેતી વગેરે ડુંગર ઉપર ચઢાવવામાં આવતું તો આયર લોકો અડધી રાતે તે બધું ત્યાંથી ઉપાડીને એવી રીતે આઘે ફેંકી દેતા કે તેની કશી કંઈ ભાળ લાગતી નહિ, કે કોઈ પકડાતા નહી. આથી રાજ્યના નોકરો થાક્યા. ઠાકોર પણ ક્રોધે ભરાયા. પરંતુ કોને પકડવા તે સમજાતું નહોતું.

આ સમય દરમિયાન રાજકોટની કોર્ટનો ચુકાદો આવ્યો. એમાં પેઢીનો વિજય થયો. ઠાકોર હારી ગયા. બુટ પહેરી સિગારેટ પીતાં પીતાં ડુંગર ઉપર ચઢવાની તેમને મનાઈ થઈ. તીર્થની આશાતના બંધ કરવાનો તેમને હુકમ મળ્યો. કોર્ટનો હુકમ મળતાં ઠાકોર લાચાર થઈ ગયા. મહારાજશ્રીની પ્રેરણા અને કુનેહથી મળેલા જૈનોના આ વિજયને ગામે-ગામ લોકોએ ઉત્સવ તરીકે ઊજવ્યો.

પાલિતાણાથી ત્યાર પછી વિહાર કરીને મહારાજશ્રી મહુવા પધાર્યા. એમના સંસારી પિતાશ્રી લક્ષ્મીચંદભાઈ હવે વૃદ્ધ થઈ ગયા હતા. તેઓ મહારાજશ્રીના વ્યાખ્યાનમાં રોજે રોજ આવતા હતા. મહારાજશ્રી વ્યાખ્યાનમાં રોજ હરિભદ્રસૂરિ કૃત 'અષ્ટકજી' વાંચતા હતા. મહારાજશ્રીના વ્યાખ્યાનો સાંભળીને લક્ષ્મીચંદભાઈના હૃદયનું ઘણું પરિવર્તન થઈ ગયું હતું. મહારાજશ્રીએ જ્યારે દીક્ષા લીધી ત્યારે લક્ષ્મીચંદભાઈને ઘણો રોષ હતો. પરંતુ હવે મહારાજશ્રીની વિદ્વતા, અદ્દભુત વ્યાખ્યાન શૈલી અને ચુસ્ત સંયમ પાલન જોઈને પોતાના એ પુત્રને માટે લક્ષ્મીચંદભાઈ ધન્યતા અનુભવવા લાગ્યા હતા અને તેમને પણ વૈરાગ્ય અને જ્ઞાનનો રંગ લાગ્યો હતો. તેઓ ઉપાધ્યાયશ્રી યશોવિજયજીના ગ્રંથોનું પરિશીલન જીવનના છેલ્લાં વર્ષોમાં નિયમિત કરતા રહ્યા હતા.

## સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ
## પારિતોષિક

'પ્રબુદ્ધ જીવન'માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલા લખાણોમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક આપાય છે. અમને જણાવતાં આનંદ થાય છે કે ૧૯૯૨ના વર્ષ માટેનું પારિતોષિક ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયાને તેમના લેખો માટે આપવામાં આવે છે. આ પારિતોષિક માટે નિર્ણાયક તરીકે ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી ધનશ્યામ દેસાઈ અને શ્રી પન્નાલાલલ ર. શાહે સેવા આપી છે. અમે ડૉ. કાપડિયાને અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયકોનો આભાર માનીએ છીએ.

❑ મંત્રીઓ

ચાતુર્માસ પૂર્ણ થતાં મહારાજશ્રી એ વિહાર કર્યો. ભોયણી તીર્થની યાત્રા કરી તેઓ કલોલ પધાર્યા. ત્યાંના દેરાસરના જીર્ણોદ્ધારની આવશ્યકતા હતી. એટલે અમદાવાદ આવીને એ માટે ઉપદેશ આપતાં એક શ્રેષ્ઠીએ એની તમામ જવાબદારી ઉપાડી લીધી. અમદાવાદની સ્થિરતા દરમિયાન મહારાજશ્રીએ ચાર મુમુક્ષુઓને અમદાવાદમાં દીક્ષા આપી અને મુમુક્ષુશ્રી ઉજમશીભાઈ ઘીયાને એમના કુટુંબીજનોનો વિરોધ હતો તેથી ત્યાર પછી માતર પાસે દેવા ગામે દીક્ષા આપી. આ ઉજમશીભાઈ તે મુનિ ઉદયવિજયજી, જે પછી મહારાજશ્રીના પટ્ટધર શિષ્ય ઉદયસૂરિજી બન્યા. મુનિ ઉદયવિજયજીને એમના કુટુંબીજનોની ઇચ્છા અનુસાર વડીદીક્ષા ખંભાતમાં આપવામાં આવી, અને સં.૧૯૬૨નું ચાતુર્માસ મહારાજશ્રીએ ખંભાતમાં જ કર્યું અને તે દરમિયાન પોતાના શિષ્યોને શાસ્ત્રાભ્યાસ કરાવ્યો.

ખંભાતના ચાતુર્માસ પછી સુરતના સંઘની વિનંતીને માન આપીને ચાતુર્માસ સુરતમાં કરવા મહારાજશ્રીએ વિહાર કર્યો, પરંતુ બોરસદમાં એક શિષ્ય મુનિ નયવિજયજી કાળધર્મ પામ્યા. વળી તે સમયે પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો. એની અસર બે શિષ્યને થતાં છાણીમાં મહારાજશ્રીને રોકાઈ જવું પડયું. સદ્‌ભાગ્યે શિષ્યોને સારું થઈ ગયું, પરંતુ ત્યાર પછી મહારાજશ્રીને તાવ તથા સંગ્રહણી થયાં. એટલે છેવટે સુરતના ચાતુર્માસનો કાર્યક્રમ બંધ રાખવો પડયો. સ્વસ્થતા થતાં તેઓ બધા વિહાર કરી અમદાવાદ આવ્યા.

ત્યાર પછી મહારાજશ્રી છાણી, વડોદરા, ડભોઈ વગેરે સ્થળે વિહાર કરતાં ખંભાત પધાર્યા, કારણકે અહીં એમના હસ્તે જીરાવલાપાડાના ૧૯ ગભારાવાળા ચિન્તામણિ પાર્શ્વનાથના દેરાસરમાં પ્રતિષ્ઠા થવાની હતી. પ્રતિષ્ઠાવિધિ મહોત્સવપૂર્વક પૂરી થઈ. મહારાજશ્રીએ વિ.સં. ૧૯૬૩નું ચાતુર્માસ પણ ખંભાતમાં કર્યું. અમદાવાદ પછી મહારાજશ્રીના ધર્મપ્રચારનું મોટું ક્ષેત્ર ખંભાત હતું. એમણે અહીંના ભંડારોની હસ્તપ્રતો વ્યવસ્થિત કરાવી તથા કન્યાઓની વ્યાવહારિક કેળવણી માટે શ્રી વૃદ્ધિચંદ્રજી જૈન કન્યાશાળાની સ્થાપના કરાવી.

ચાતુર્માસ પછી મહારાજશ્રી વિહાર કરી અમદાવાદ થઈ કલોલ પધાર્યા. ત્યાં પ્રતિષ્ઠા કરાવી ભોયણી, શંખેશ્વર વગેરે તીર્થોની વિહાર-યાત્રા કરતા કરતા તેઓ ભાવનગર પધાર્યા. ભાવનગરમાં જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું શેઠ મનસુખભાઈ ભગુભાઈના પ્રમુખપદે અધિવેશન યોજાયું હતું. આ અધિવેશનમાં મહારાજશ્રી રોજ ભિન્ન ભિન્ન વિષય ઉપર વ્યાખ્યાન આપતા. તેમનું વક્તવ્ય એટલું સચોટ તથા વિદ્વદ્‌ભોગ્ય રહેતું કે તે સાંભળવા માટે ભાવનગર રાજ્યના દીવાન સર પ્રભાશંકર પટ્ટણી, ગાયકવાડી સુબા, જૂનાગઢના દીવાન તથા અન્ય રાજ્યાધિકારીઓ પણ આવતાં.

ભાવનગરની આ જૈન કોન્ફરન્સમાં દેશભરમાંથી પ્રતિનિધિઓ આવ્યા હતા. કોન્ફરન્સના અગ્રણીઓએ તે વખતે પંન્યાસશ્રી ગંભીરવિજયજી તથા શ્રી મણિવિજયજી સાથે વિચારણા કરી કે તપગચ્છમાં કોઈ આચાર્ય છે નહિ. પંન્યાસશ્રી ગંભીરવિજયજીએ પોતાને પદવી આપે એવા વડીલ મુનિરાજ ન હોવાથી તથા શરીરની અશક્તિને કારણે એ જવાબદારી સ્વીકારવાની સ્પષ્ટ અનિચ્છા દર્શાવી. વિધિપૂર્વક યોગોદ્વહન કર્યા હોય અને શાસનની જવાબદારી સંભાળી શકે એવી સમર્થ વ્યક્તિ તરીકે તેઓને પંન્યાસશ્રી નેમિવિજયજીમાં પૂરી યોગ્યતા જણાઈ. આથી તેઓએ ભાવનગરના સંઘના તથા બહારગામથી પધારેલા સંઘના અગ્રણીઓ સમક્ષ આ પ્રસ્તાવ મૂક્યો અને સૌએ તે સહર્ષ વધાવી લીધો. એ પ્રમાણએ જેઠ સુદ પાંચમના દિવસે, ભાવનગરમાં અઠ્ઠાઈ મહોત્સવપૂર્વક ખૂબ ધામધૂમ સાથે પંન્યાસશ્રી નેમિવિજયજીને આચાર્યની પદવી આપવામાં આવી. ભારતના અનેક નામાંક્તિ જૈનોએ આ મહોત્સવમાં હાજરી આપી હતી. શુભેચ્છા-ધન્યવાદના અનેક તાર-પત્રો આવ્યા હતા. મહારાજશ્રીની આચાર્યની પદવી એ એક મહત્વની ઐતિહાસિક ઘટના બની ગઈ.

ભાવનગર સંઘના આગ્રહથી પંન્યાસજી મહારાજે તથા આચાર્યશ્રી વિજયનેમિસૂરિએ ચાતુર્માસ ભાવનગરમાં કર્યું. ભાવનગરનું ચાતુર્માસ પૂર્ણ થયા પછી મહારાજશ્રીની નિશ્રામાં સિદ્ધાચલજીની યાત્રાર્થે સંઘ નીકળ્યો હતો. પાલિતાણાથી મહારાજશ્રી મહુવા પધાર્યા. રસ્તામાં નૈપ નામનું ગામ દરિયાકિનારે આવે. ત્યાંના એક વૈષ્ણવભાઈ નરોત્તમદાસ ઠાકરશીએ મહારાજશ્રી પાસે જૈન ધર્મ અંગીકાર કર્યો.

મહારાજશ્રીએ જોયું કે દરિયાકિનારે વસતા માછીમારો માછલાં મારવાનું ઘોર હિંસાકાર્ય કરે છે. એ માટે તેઓને બોધ આપવો જોઈએ એ કાર્યમાં નરોત્તમભાઈનો સહકાર ઉપયોગી નીવડયો. મહારાજશ્રી તેમની સાથે દરિયા કિનારે ગયા. એમને જોઈને માછીમારો આશ્ચર્ય પામ્યા. મહારાજશ્રીએ બધાને એકત્ર કરી ઉપદેશ આપ્યો. પાપની પ્રવૃત્તિનો વ્યવસાય છોડી દેવાથી બીજા નિર્દોષ વ્યવસાયમાં વધુ કમાણી થાય છે એ વાત પર ભાર મૂક્યો. સૌએ માછલાં ન મારવાની પ્રતિજ્ઞા લીધી. તેઓને આજીવિકાની કંઈ મુશ્કેલી પડે તો સહાય કરવાનું અને યોગ્ય કામ ધંધે લગાડવાનું વચન નરોત્તમભાઈએ આપ્યું. માછીમારો પાસેથી માછલાં મારવાની જાળ નરોત્તમભાઈએ લઈ લીધી. એ પ્રમાણે આ દરિયા કાંઠાના બીજા ગામોમાં જઈને પણ માછીમારોને ઉપદેશ આપ્યો અને એમની જાળ પણ લઈ લીધી. બધી જાળ એકઠી કરી દાઠા ગામના બજારમાં બધાંની વચ્ચે નરોત્તમભાઈએ એની હોળી કરી. માછીમારો અન્ય વ્યવસાયમાં લાગ્યા અને પૈસેટકે સુખી થયા.

આ હિંસા અટકાવવા ઉપરાંત મહારાજશ્રીએ આ વિસ્તારના લોકોને ઉપદેશ આપી નવરાત્રિમાં પાડા, બકરાના વધની પ્રથા પણ બંધ કરાવી.

આ અરસામાં મહારાજશ્રીને સમાચાર મળ્યા કે અંતરીક્ષજી તીર્થમાં શ્રી સાગરજી મહારાજ તીર્થના વિવાદમાં મુશ્કેલીમાં મુકાયા છે અને ઝગડો કોર્ટ સુધી ગયો છે. એ જાણીને મહારાજશ્રીએ આણંદજી કલ્યાણજીની પેઢીના અગ્રણીઓ તથા અન્ય કાયદા નિષ્ણાંતોને બોલાવીને, તેમને યોગ્ય સલાહસૂચનો આપી અંતરીક્ષજી મોકલ્યા. એથી કોર્ટમાં કેસ લડવામાં પેઢીને સફળતા મળી અને સાગરજી મહારાજની મુશ્કેલી દૂર થઈ.

મહારાજશ્રી દાઠાથી વિહાર કરી મહુવા પહોંચ્યા અને ચાતુર્માસ ત્યાં કર્યું. મહુવામાં ચાતુર્માસ દરમિયાન મહારાજશ્રીના સંસારી માતુશ્રીએ તથા નાના ભાઈએ સારી ધર્મારાધના કરી. મહારાજશ્રીની નિશ્રામાં કેટલાંક મહત્વના કાર્યો થયાં અને ચાતુર્માસને અંતે સિદ્ધાચલજીનો સંઘ નીકળ્યો.

સિદ્ધાચલ તીર્થની યાત્રા કરી વિ.સં. ૧૯૬૬માં મહારાજશ્રી પોતાના શિષ્યો સાથે વિચરતા બોદાનાનેસ પધાર્યા. કોળી, ભરવાડ વગેરે લાકોના નેસડા જેવાં ગામો આ વિસ્તારમાં હતાં. દરબારો, ગરાસિયાઓની માલિકીનાં આ ગામો હતાં. બોદાનાનેસ એટલે પ્રાચીન કદમ્બગિરિનો વિસ્તાર. કદમ્બગિરિ એટલે સિદ્ધગિરિના બાર ગાઉના વિસ્તારમાં આવેલા પાંચ શિખરોમાંનું એક શિખર. ગઈ ચોવીસીના સંપ્રતિ નામના તીર્થંકર ભગવાનના કદમ્બ નામના ગણધર ભગવંત એક કરોડ મુનિઓ સાથે આ ગિરિ ઉપર નિર્વાણ પામ્યા હતા. ત્યારથી આ ગિરિ કદમ્બગિરિ તરીકે ઓળખાય છે. સિદ્ધાચલની બાર ગાઉની જ્યારે પ્રદક્ષિણા થતી હતી ત્યારે એ પ્રદક્ષિણામાં સૌથી પ્રથમ કદમ્બગિરિ આવતું. આ પ્રાચીન પુનિત તીર્થની આવી અવદશા જોઈને એનો ઉદ્ધાર કરવાની ભાવના મહારાજશ્રીના હૃદયમાં જાગૃત થઈ. તેઓ આ પ્રદેશમાં વિચર્યા હતા અને અનેક લોકોને ચોરી, ખૂન, દારૂ, જુગાર તમાકુ વગેરે પ્રકારનાં પાપકાર્યોમાંથી મુક્ત કરાવ્યા હતા. એટલે લોકોનો મહારાજશ્રી પ્રત્યેનો આદરભાવ ઘણો મોટો હતો. એથી જ મહારાજશ્રીએ આ ગામના દરબારશ્રી આપાભાઈ કામળીયા પાસે પોતાની ભાવના વ્યક્ત કરી અને તેઓને લઈને મહારાજશ્રી ડુંગર ઉપર ગયા અને તીર્થોદ્ધાર માટે જોઈતી જમીન બતાવી. આપાભાઈએ એ જમીન ભેટ તરીકે આપવાની ભાવના બતાવી, પરંતુ મહારાજશ્રીએ કહ્યું, 'અમારે ભેટ તરીકે નથી જોઈતી. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને તમે વ્યાજબી ભાવે આપો.' આપાભાઈનો ભક્તિભાવપૂર્વક ઘણો આગ્રહ હોવા છતાં મહારાજશ્રીએ દસ્તાવેજનો અસ્વીકાર કર્યો. છેવટે દસ્તાવેજમાં મહારાજશ્રીએ એ ગામોના લોકો ઉપર કરેલા

ઉપકારનો નિર્દેશ દસ્તાવેજમાં કરવામાં આવે એ શરતે પેઢીને જમીન વેચાતી આપવામાં આવી.

બોદાનાનેસથી મહારાજશ્રી ચોક, રોહિશાળા, ભંડારિયા વગેરે ગામોમાં વિચરતા પાછા ચોક પધાર્યા. તે વખતે એક દિવસ શ્રી ઉદયસૂરિ મહારાજની તબિયત અચાનક બગડી અને તેઓ બેભાન થઈ ગયા. કોઈ જીવલેણ માંદગીની શક્યા હતી. એમને પાલિતાણા લઈ આવ્યા. સદ્‌ભાગ્યે, સમયસરના ઉપચારથી એમની તબિયત સારી થઈ ગઈ. ચૈત્ર મહિનો હતો એટલે મહારાજશ્રી પૂનમ સુધી પાલિતાણા રોકાયા અને પૂનમની જાત્રા કરી મહારાજશ્રી વિહાર કરતા કરતા વળા થઈને બોટાદ પધાર્યા.

બોટાદના ચાતુર્માસ દરમિયાન મહારાજશ્રીએ પોતાના વ્યાખ્યાનો અને ઉપદેશ દ્વારા વિવિધ પ્રકારના ધર્મકાર્યો કરાવ્યા. આ દિવસો દરમિયાન, કિંવદન્તિ કહે છે તે પ્રમાણે બોટાદના તે સમયના જાદુગર મહમદ છેલ મહારાજશ્રીને મળવા આવ્યા હતા. અને એકાદ જાદુનો પ્રયોગ કરી મહારાજશ્રીને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ મહારાજશ્રીએ પોતે એક ચમત્કૃતિ બતાવીને મહમદ છેલને આંજી દીધા હતા અને સમજાવ્યું હતું કે સાધનાના માર્ગમાં આવા ચમત્કારોનું બહું મૂલ્ય નથી. માટે તેમાં અટવાઈ જવું ન જોઈએ.

મહારાજશ્રીની કીર્તિ ચારે બાજુ પ્રસરતી હતી. એવામાં લીંબડીના રાજવીને ખબર પડી કે મહારાજશ્રી ચાતુર્માસ પૂર્ણ થતાં અમદાવાદ તરફ જવાના છે, ત્યારે તેમણે લીંબડી પધારવા માટે ખાસ વિનંતી કરી. મહારાજશ્રી લીંબડી પધાર્યા. ત્યારે એમણે મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું અને મહારાજશ્રીના વ્યાખ્યાનમાં રોજે રોજ હાજર રહેવાનું ચાલુ કર્યું. એથી સમગ્ર પ્રજા પર ઘણી મોટી છાપ પડી અને મહારાજશ્રીના વ્યાખ્યાનમાં જૈન-જૈનેતર વર્ગ ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા લાગ્યો. લીંબડીની થોડા દિવસની સ્થિરતા વિચારી હતી. તેને બદલે રાજવીના અત્યંત આગ્રહને માન આપી મહારાજશ્રીને એક મહિના સુધી લીંબડીમાં રોકાવું પડયું હતું. તેઓ મહારાજશ્રીની તથા તેમના શિષ્યોની તબિયત માટે પણ બહુ દરકાર કરતા અને જોઈતા વિવિધ ઔષધો મંગાવી આપતાં. લીંબડી નરેશનો આટલો ઉત્સાહ જોઈ મહારાજશ્રીએ એમની પાસે જીવદયાનાં પણ સારાં કાર્યો કરાવ્યાં તથા લીંબડીના હસ્તપ્રત ભંડારોને પણ વ્યવસ્થિત અને સમૃદ્ધ કર્યો હતો.

મહારાજશ્રીએ ત્યાર પછી વિ.સં. ૧૯૬૭નું ચાતુર્માસ અમદાવાદમાં કર્યું. મહારાજશ્રી છ વર્ષ પછી અમદાવાદમાં પાછા પધારતા હતા એટલે શ્રોતાઓની એટલી ભીડ થતી કે ઉપાશ્રયને બદલે બહાર ખુલ્લામાં મંડપ બાંધી ત્યાં વ્યાખ્યાન રાખવામાં આવતાં. વ્યાખ્યાનમાં મહારાજશ્રીએ 'ભગવતી સૂત્ર' તથા 'સમરાઈચ્ચકહા' એ બે પસંદ કર્યા હતાં.

અમદાવાદના આ ચાતુર્માસ દરમિયાન એક મહત્ત્વની ઘટના એ બની કે અમદાવાદના શ્રેષ્ઠી શેઠ અંબાલાલ સારાભાઈને કોઈ નજીવા કારણસર વિવાદ વધતાં ન્યાતબહાર મૂકવાની દરખાસ્ત આવી હતી. ત્યારે તેમાં મધ્યસ્થી કરીને મહારાજશ્રીએ એ પ્રકણનો સુખદ સમાધાન ભર્યો અંત આણ્યો હતો.

આ ચાતુર્માસ દરમિયાન મહારાજશ્રીએ પાંજરાપોળના કાર્યને વધુ સુદૃઢ બનાવ્યું. કતલખાને જતી ભેંસોને અટકાવીને તેને પાંજરાપોળમાં રાખવા માટે વધુ નિભાવ ખર્ચની જરૂર હતી તે માટે મહારાજશ્રીએ વ્યાખ્યાનોમાં એવી હૃદયદ્રાવક અરજ કરી કે તાત્કાલિક ઘણું મોટું ભંડોળ થઈ ગયું.

ચાતુર્માસ પછી ઉત્તર ગુજરાતમાં વિચર્યા પછી મહારાજશ્રીનો વિહાર અમદાવાદ તરફ હતો. રસ્તામાં કલોલ શહેરમાં તેમણે સ્થિરતા કરી. એ વખતે કલોલના બે શ્રેષ્ઠીઓએ એમને વાત કરી કે ચારેક માઈલ ઉપર એક શેરીસા નામનું ગામ છે. ત્યાં એક જૈનમંદિરના જૂના અવશેષો છૂટા છવાયા જોવા મળે છે. ગામમાં જૈનોની કોઈ વસ્તી નથી.

મહારાજશ્રીને પ્રાચીન શેરીસા પાર્શ્વનાથ તીર્થના ઇતિહાસની ખબર હતી. રાજા કુમારપાળના વખતમાં નાગેન્દ્રગચ્છીય દેવેન્દ્રસૂરિએ ત્યાં પાર્શ્વનાથ ભગવાનની ચમત્કારિક પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવેલી. કુમારપાળ રાજાએ પોતે પણ એક પ્રતિમા ભરાવીને ત્યાં પ્રતિષ્ઠા કરાવેલી. ત્યારથી શેરીસા તીર્થ બહુ ખ્યાતિ પામ્યું. તેરમાં સૈકામાં વસ્તુપાલ અને તેજપાલે આ તીર્થમાં બે દેવકુલિકા બનાવીને એકમાં નેમિનાથ ભગવાનની અને બીજામાં શ્રી અંબિકા દેવીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. આમ ઉત્તરોત્તર આ તીર્થનો મહિમા ઘણો વધતો ગયો હતો. વિક્રમના અઢારમાં શતકમાં મુસલમાન આક્રમણકારોએ ગુજરાતમાં જે કેટલાંક હિંદુ અને જૈન મંદિરોનો વિધ્વંસ કર્યો એમાં શેરીસા તીર્થ પણ બચી શક્યું નહિ. મંદિર જમીનદોસ્ત થઈ ગયું. નગરના લોકો નગર છોડીને ભાગી ગયા. હજારો યાત્રીઓથી ઊભરાતું તીર્થ વેરાન બની ગયું. મંદિરના અવશેષો કાળક્રમે દટાઈ ગયા.

આ નષ્ટ થયેલા તીર્થના અવશેષો જોવાની મહારાજશ્રીએ ઈચ્છા દર્શાવી એટલે શ્રેષ્ઠી ગોરધનભાઈએ અગાઉથી શેરીસા ગામમાં પહોંચી એક ઓળખીતાના ઘરમાં મહારાજશ્રી અને એમના શિષ્યોના ઉતારા માટે વ્યવસ્થા કરાવી. મહારાજશ્રી વિહાર કરી શેરીસા પહોંચ્યા. ત્યાંના અવશેષો જોતાં તરત જ એમને ખાતરી થઈ કે જૈનમંદિરના જ અવશેષો છે. મહારાજશ્રી ટેકરાઓ ઉપર ફરીને નિરીક્ષણ કરવા લાગ્યા. સાંજે પાછા ફરી તેઓ નીકળ્યા. એ વખતે મહારાજશ્રીએ કાળો-નીલો મોટો સપાટ પથ્થર જોયો. જમીનમાં એ દટાયેલો હતો. એના ઉપર છાણાં થાપવામાં આવ્યા હતા . મહારાજશ્રીને લાગ્યું કે જરૂર આ પથ્થર ખોદાવીને બહાર કાઢવો જોઈએ. ગામમાંથી મજૂરોને બોલાવવામાં આવ્યા. પથ્થર અખંડિત નીકળે એ રીતે સાવચેતીથી ખોદવાનું શરૂ થયું. ગામના ઘણા લોકો ભેગા થઈ ગયા મહારાજશ્રી અને એમના શિષ્યો પણ હાજર રહ્યા. પથ્થર કાંઢતાં જ આશ્ચર્યનો પાર ન રહ્યો. પાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાં ઊંધાં દટાયેલાં હતાં. એ પ્રતિમાના દર્શન કરીને મહારાજશ્રીએ ગદ્‌ગદ્ કંઠે સ્તુતિ કરી.

આવા અખંડિત નીકળેલા અવશેષોની તરત સાચવણી થવી જોઈએ, ખુલ્લામાં પડયા રહે તે ઠીક નહિં. મહારાજશ્રીએ કહ્યું કે અત્યારે ને અત્યારે શેઠ મનસુખભાઈ ભગુભાઈના નામથી તાળું મરાય એવી જગ્યા ખરીદી લો. તપાસ કરતાં એક રબારીનો વંડો ગોરધનભાઈએ ખરીદી લીધો. ત્યાર પછી બીજે દિવસે મજૂરો પાસે બધા અવશેષો ઊંચકાવીને વંડામાં સુરક્ષિત મુકાવી દેવામાં આવ્યા.

મહારાજશ્રીએ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા સન્મુખ બેસી સ્તુતિ કરી, કાઉસગ્ગ ધ્યાન કર્યું અને સંકલ્પ કર્યો કે આ તીર્થનો ઉદ્ધાર શાસનદેવીની કૃપાથી હું અવશ્ય કરાવીશ !

આમ, પ્રાચીન શેરીસા તીર્થના જીર્ણોદ્ધારના મંડાણ થયાં.

મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી ઓગણજ પધાર્યા. રસ્તામાં ભૂલા પડયા હતા. પરંતુ શાસનદેવની ગેબી કૃપાથી સાચા રસ્તે વળી ગયા હતા. ઓગણજથી મહારાજ અમદાવાદ પધાર્યા. ત્યાં આવીને મહારાજશ્રીએ શ્રેષ્ઠીઓને શેરીસા તીર્થના ઈતિહાસની અને એ તીર્થના જીર્ણોદ્ધારની વાત કરી. એ વખતે ટીપ કરવાની વાત ચાલી , પરંતુ જીર્ણોદ્ધારમાટે પચીસ હજાર જેટલી રકમની જરૂર હતી. એટલે શેઠશ્રી મનસુખભાઈએ એ રકમ એકલાએ આપવાની જાહેરાત કરી.

મહારાજશ્રીએ ચાતુર્માસ માટે પાંજરાપોળના ઉપાશ્રયે પ્રવેશ કર્યો. આ ચાતુર્માસ દરમિયાન એક મહત્વનું કાર્ય મહારાજશ્રીએ એ કર્યું કે તીર્થ રક્ષા માટે સ્થપાયેલી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના બંધારણની પુનર્રચનામાં એમણે ઘણું સરસ માર્ગદર્શન આપ્યું.

ચાતુર્માસ પછી થોડા વખતમાં મહારાજશ્રીના અનન્ય ભક્ત મનસુખભાઈનું અચાનક અવસાન થયું. એથી મહારાજશ્રીના એક પરમ ગુરુભક્ત ને સમાજે ગુમાવ્યા. એમના અવસાન પછી એમના સુપુત્ર શેઠશ્રી માણેકલાલભાઈ ઘણાં મહત્વના કાર્યોમાં એટલી જ ઉદારતાથી આર્થિક સહાય કરવા લાગ્યા.

ત્યાર પછી મહારાજશ્રી વિહાર કરતા કરતા કપડવંજ પધાર્યા. અહીં એમનું ચાતુર્માસ નક્કી થયું હતું. કપડવંજમાં મહારાજશ્રીના ત્રણ શિષ્યો શ્રી દર્શનવિજયજી, શ્રી ઉદયવિજયજી અને શ્રી પ્રતાપ વિજયજીને ગણિપદ આપવામાં આવ્યું. આ મહોત્સવ પ્રસંગે એટલા બધા માણસો કપડવંજ આવ્યા હતા કે રેલ્વેને સ્પેશિયલ ટ્રેનની વ્યવસ્થા કરવી પડી હતી. આ ઉત્સવમાં એક એવી ચત્મકારી ઘટના બની કે

વરસાદના એ દિવસોમાં વરસાદ ચાલુ જ પડયા કરતો હતો. પરંતુ ગણિપદવીની ક્રિયા વખતે, શોભાયાત્રા વખતે, નવકારશી વખતે અચાનક વરસાદ બંધ થઈ ગયો હતો અને તે તે કાર્યક્રમ પૂરો થતાં વરસાદ ચાલુ થઈ ગયો હતો.

કપડવંજનું ચાતુર્માસ પૂર્ણ થતાં મહારાજશ્રી અમદાવાદ પધાર્યા. દરમિયાન સમાચાર આવ્યા કે એમના શિષ્ય મુનિ યશોવિજયજીની ખેડામાં તબિયત એકદમ ગંભીર થઈ ગઈ છે અને ગુરુમહારાજના દર્શન માટે તેઓ ઝંખે છે. એટલે મહારાજશ્રીએ ખેડા તરફ વિહાર કર્યો, પરંતું તેઓ પોહોંચે તે પહેલા મુનિ યશોવિજયજી કાળધર્મ પામ્યા. આમ તેઓ અકાળે કાળધર્મ પામતાં એક તેજસ્વી શિષ્યરત્નને મહારાજશ્રીએ ગુમાવ્યા.

મહારાજશ્રી આથી અમદાવાદ પાછા ફર્યા. એમના અન્ય શિષ્યો પણ અમદાવાદ આવી પહોંચ્યા. આ સમય દરમિયાન દીક્ષાના પ્રસંગો ઊજવાયા. તદુપરાંત તીર્થરક્ષાની બાબતમાં મહારાજશ્રી શત્રુંજય, ગિરનાર, સમેતશિખર, તારંગાજી વગેરે અંગે દેશી રાજ્યોની દખલગીરીને કારણે કૉર્ટમાં જે કેસ ચાલતા હતા તે અંગે સંઘોને તથા આણંદજી કલ્યાણજીની પેઢીને વ્યવહારુ માર્ગદર્શન આપતા રહ્યા હતા. એમાં મહારાજશ્રીને કુદરતી રીતે વરેલી કાનૂની સૂઝ અને દક્ષતાના દર્શન થતાં. એમની સલાહ અવશ્ય સાચી પડતી. જેઓ એવો અભિપ્રાય ધરાવતા કે કાયદાની બાબતમાં સાધુ મહારાજોને શી સમજ પડે એવા બેરિસ્ટરોને પણ કબૂલ કરવું પડતું કે મહારાજશ્રી પાસે એ વિષયમાં પણ ઘણી ઊંડી સમજ છે. ડૉ. હર્મન જેકોબીએ એક વખત ભારત આવ્યા ત્યારે કહેલું કે 'વિજયનેમિસૂરિ અને વિજયધર્મસૂરિ એ બે મહાત્માઓ જો સાધુપણામાં ન હોત તો કોઈ મોટા રાજ્યના દીવાન હોત. સમગ્ર રાજ્યતંત્ર ચલાવી શકે એવી બુદ્ધિ, વ્યવહાર-દક્ષતા, માણસની પરખ અને દીર્ઘદૃષ્ટિ એમની પાસે છે.'

અમદાવાદથી મહારાજશ્રી કડી, પાનસર, ભોયણી, મહેસાણા, તારંગા, કુંભારિયાજી વગેરે તીર્થોમાં વિહાર કરતાં આબુ પહોંચ્યા. આબુમાં આઠ દિવસની સ્થિરતા કરી મહારાજશ્રી અચલગઢ, સિરોહી, પાડીવ વગેરે સ્થળે વિહાર કરતા કરતા જાવાલ પધાર્યા. જાવાલ એક નાનું ગામ ગણાય, પરંતુ આ ગામના શ્રાવકોની ધર્મભાવના અને આગ્રહ જોતાં મહારાજશ્રીએ વિ. સં. ૧૯૭૧નું ચાતુર્માસ જાવાલમાં કરવાનું નક્કી કર્યું. આ ચાતુર્માસની સ્થિરતા દરમિયાન મહારાજશ્રીએ ગામના લોકોને પ્રેરણા આપી પાઠશાળાની સ્થાપના કરાવી, નવો ઉપાશ્રય કરાવ્યો, પાંજરાપોળની સ્થાપના કરાવી, નૂતન દેરાસર માટે વાડી ખરીદાવી તથા આસપાસના ગામો વચ્ચે ચાલતા ઝઘડાનું નિરાકરણ કરાવ્યું. તદુપરાંત જાવાલમાં દીક્ષાનો મહોત્સવ યોજાયો. બોટાદના શ્રી અમૃતલાલ તથા રાજગઢના શ્રી પ્યારેલાલને દીક્ષા આપવામાં આવી અને અમૃતલાલનું નામ મુનિ શ્રી અમૃતવિજયજી તથા પ્યારેલાલનું નામ મુનિ શ્રી ભક્તિવિજયજી રાખવામાં આવ્યું. જાવાલના શ્રાવકોનો ભક્તિભાવ અને ઉત્સાહ જોઈ મહારાજશ્રીની પ્રેરણાથી પાલિતાણામાં ધર્મશાળા બંધાવવાનો નિર્ણય જાહેર કર્યો અને તદનુસાર પાલિતાણામાં આણંદજી કલ્યાણજીની પેઢીના વંડામાં જાવાલવાળાની ધર્મશાળા બંધાઈ.

સાધુ મહાત્માઓના નૈષ્ઠિક અખંડ બ્રહ્મચર્ય અને કરુણા ભરી સંયમશીલ સાધનાનો પ્રભાવ પડયા વગર રહેતો નથી. મહારાજશ્રીના જીવનમાં પણ એવી કેટલી ઘટનાઓ બનેલી નોંધાઈ છે.

મહારાજશ્રી પેટલાદથી વિહાર કરી કાસોર નામના ગામમાં પધાર્યા હતા. અહીં એક શ્રાવકના નાના દીકરાને વારંવાર લોહીની ઊલટી થતી. કોઈ કોઈ વાર થૂકમાં પણ લોહી આવતું. ઘણા ઉપચાર કરવા છતાં તેને મટતું નહિં. મહારાજશ્રી ગામમાં પધાર્યા અને વ્યાખ્યાન ચાલું થયું તે વખતે એ શ્રાવક પોતાના દીકરાને લઈને વ્યાખ્યાનમાં આવીને બેઠા. વ્યાખ્યાન દરમિયાન છોકરાને ઘણી રાહત લાગી એટલે વ્યાખ્યાન પછી પણ છોકરો ઉપાશ્રયમાં મહારાજશ્રી પાસે બેસી રહ્યો. આ રીતે ચાર પાંચ કલાકમાં એને થુંકમાં લોહી ન આવ્યું. ત્યાર પછી મહારાજશ્રી ગોચરી વાપરવા બેસવાના હતા. એટલે એમણે છોકરાને કહ્યું. 'ભાઈ, થોડી વાર બહાર જશો. અમે ગોચરી વાપરી લઈએ.' છોકરો જેવો ઉપાશ્રયની બહાર ગયો કે તરત એને થુંકમાં લોહી આવવા લાગ્યું. ગોચરી પતી ગયા પછી પાછો ફરી તે ઉપાશ્રમાં આવીને બેઠો કે લોહી બંધ થઈ ગયું.

આ ઘટનાની વાત જાણીને છોકરાના માતા-પિતાને થયું કે જરૂર મહારાજશ્રીના પ્રભાવથી જ આ પ્રમાણે બન્યું હશે. તેઓ બધાં મહારાજશ્રી પાસે આવ્યાં અને બનેલી ઘટનાની વાત કરી અને છોકરાને સાજો કરી આપવા વિનંતી કરી.

મહારાજશ્રીએ કહ્યું કે, 'અમે કોઈ દોરાધાગા કે ચમત્કાર કરતા નથી,' પછી છોકરાને કહ્યું કે 'તું રોજ ભાવથી નવકારમંત્ર ગણજે. તારો રોગ મટી જશે.' છોકરાએ એ પ્રમાણે રોજ નિયમિત નવકાર મંત્ર ગણવાનું ચાલુ કર્યું અને જાણે ચમત્કાર થયો હોય તેમ તેનો રોગ કાયમ માટે ચાલ્યો ગયો.

જાવાલના ચાતુર્માસ પછી મહારાજશ્રી મારવાડમાં અને મેવાડમાં વિચર્યા. તેમણે વરકાણા, વીજોવા, નાડોલ, નાડલાઈ, ઘાણેરાવ, મૂછાળા મહાવીર, દેસૂરી, સાંખિયા, ગઢબોલ વગેરે સ્થળે વિહાર કર્યો. એ દિવસોમાં આ કેટલાંક ક્ષેત્રમાં વિહારની, શુદ્ધ આહાર પાણીની, રાત્રિમુકામ કરવાની ઘણી તકલીફ હતી. મૂર્તિપૂજકોનાં ઘર ઓછા હતાં. અન્ય ફિરકાના લોકો સાથે સંઘર્ષ ચાલતા. મહારાજશ્રીએ આ બધા સ્થળે વિચરી પોતાની વ્યાખ્યાન શૈલીથી અને વ્યક્તિગત મળવા આવનારને સમજાવવાની સરસ શક્તિથી ઘણાંના હૃદયનું પરિવર્તન કરાવ્યું હતું. જ્યાં જ્યાં શાસ્ત્રાર્થ માટે પડકાર ફેંકવાની સ્થિતિ ઊભી થતી ત્યાં અન્ય પક્ષ છેલ્લી ઘડીએ ઉપસ્થિત રહેતો નહિં. ગઢબોલમાં તો આગલાં વર્ષે અન્ય પક્ષ તરફથી તીર્થંકર ભગવાનની પ્રતિમાને ખીલા મારવામાં આવ્યા હતા ત્યાં મહારાજશ્રીએ પોતાની કુનેહ અને દીર્ઘદૃષ્ટિથી કામ લઈને અન્ય પક્ષના લોકોને શાંત કરી દીધા હતા. ઘણા સ્થળે કેટલાંયે કુટુંબોને સાચા ધર્મ તરફ વાળ્યા હતાં. ભિન્ન ભિન્ન સ્થળે વિહાર-યાત્રા કરી મહારાજશ્રીએ ચાતુર્માસ સાદડીમાં કર્યું.

વિ.સં. ૧૯૭૨ના સાદડીના ચાતુર્માસ દરમિયાન સિરોહી રાજ્યના પાલડી ગામે બે શ્રેષ્ઠી મહારાજશ્રી પાસે આવ્યા. તેઓએ મહારાજશ્રીને વિનંતી કરી કે સિદ્ધાચલજીનો છ'રી પાળતો સંઘ કાઢવાની પોતાની ભાવના છે અને તેનો તમામ ખર્ચ પોતે ઉઠાવશે. મહારાજશ્રીએ તેઓને કહ્યું કે 'ભાઈઓ અમે ગુજરાત બાજુથી હજુ હમણાં જ મારવાડમાં આવ્યા છીએ અને તરત જ પાછાં ગુજરાત તરફ જવાની અનુકૂળતા નથી. પરંતુ તમારે જો સંઘ કાઢવો જ હોય તો જેસલમેરનો કાઢો, કારણકે અમારે હજુ એ ક્ષેત્રમાં વિચરવાની ભાવના છે.'

સાદડીના એ શ્રેષ્ઠીઓએ મહારાજશ્રીની એ દરખાસ્ત સહર્ષ સ્વીકારી લીધી એટલું જ નહિ પોતાની સિદ્ધાચલજીનો સંઘ કાઢવાની ભાવના હતી તેના પ્રતીકરૂપે તેઓએ આણંદજી કલ્યાણજીને પેઢીને રૂપિયા પાંચ હજાર મોકલી આપ્યા.

મહારાજશ્રી વિહાર કરીને પાલડી ગામે પધાર્યા અને શુભ દિવસે મહારાજશ્રીની નિશ્રામાં સંઘે જેસલમેરની તીર્થયાત્રા માટે પ્રયાણ કર્યું.

ગામે ગામ વિહાર કરતો સંઘ ફલોધી આવી પહોંચ્યો. આ પ્રાચીન ઐતિહાસિક તીર્થ સ્થળમાં ઘણાં લાંબા વખતથી કુસંપ ચાલતો હતો અને બે પક્ષ પડી ગયા હતા. એ વાત મહારાજશ્રી પાસે આવી. મહારાજશ્રીને ફલોધીના સંઘમાં સંપ કરવાની ભાવના થઈ, પરંતુ કેટલાકે મહારાજશ્રીને સલાહ આપી કે 'અહીં મોટા મોટા મહાત્માઓ આવી ગયા છે, પરંતુ તેઓનાથી પણ ઝઘડો શમ્યો નથી. એટલે એમાં આપે પડવા જેવું નથી.' પરંતુ મહારાજશ્રીએ નિર્ણય કરી લીધો કે ભલે સફળતા મળે કે ન મળે, પરંતુ પોતે પ્રયાસ તો અવશ્ય કરવો જોઈએ. એટલા માટે કદાચ જો સંઘનું રોકાણ થોડા દિવસ વધી જાય તો તે પણ જરૂરી હતું. મહારાજશ્રીએ બંને પક્ષના આગેવાનોને વારાફરતી એકાંતમાં બોલાવીને આખી સમસ્યા જાણી લીધી. ત્યાર પછી તેઓ રોજ વ્યાખ્યાનમાં પોતાના ઉપદેશને એવી રીતે ગૂથી લેતા કે જેથી આ ઝઘડાનો નિકાલ લાવવો જોઈએ એવું બંને પક્ષના આગેવાનોને લાગ્યું. આઠેક દિવસમાં તો મહારાજશ્રીની દરમિયાનગીરીથી સંઘમાં

સમાધાન થઈ ગયું અને શાંતિ સ્થપાઈ ગઈ. તેના પ્રતિકર રૂપે બંને પક્ષ તરફથી સાથે મળીને સ્વામીવાત્સલ્ય રાખવામાં આવ્યું.

ફલોધીથી સંઘે જેસલમેર તરફ પ્રયાણ કર્યું. હવે રણપ્રદેશ આવતો હતો અને વચ્ચે વચ્ચે પાંચસો-હજારની વસ્તીવાળાં નાનાં નાનાં ગામો આવતાં હતાં. આ વિસ્તારમાં પાણીની ઘણી તંગી રહેતી. સંઘે જ્યારે વાસણા નામના ગામમાં પડાવ નાખ્યો ત્યારે ગામના લોકોએ ઘણો વિરોધ કર્યો. લોકોનું કહેવું હતું કે ઉનાળાના આ દિવસો છે. બે ત્રણ વર્ષે એકાદ વખત અહીં વરસાદ પડે છે. સંઘના આટલા બધા માણસો પાણી વાપરશે તો એક દિવસમાં જ આમારા ગામનું બધું પાણી ખલાસ થઈ જશે. ગામના લોકોના આવા વિરોધ વચ્ચે કેટલો વખત રહેવું એ પ્રશ્ન થઈ પડયો. પરંતુ મહારાજશ્રીએ બધાને શાંત રહેવા કહ્યું. એટલામાં જાણે કોઈ ચત્મકારીક ઘટના બનતી હોય તેમ અચાનક આકાશમાં વાદળાં ઉમટી આવ્યાં. ઉનાળાના એ દિવસે મૂશળધાર વરસાદ વરસ્યો. ગામમાં એટલું બધું પાણી આવ્યું કે ગ્રામજનોએ ક્યારેય જોયું ન હતું. આ ઘટનાથી તેઓના હૃદયનું પરિવર્તન થયું.

સંઘે આગળ પ્રયાણ કર્યું અને જેસલમેર પહોંચવા આવ્યા. જેસલમેરનું દેશી રાજ્ય હતું. સંઘ આવ્યો એટલે આવકનું એક સાધન ઊભું થયું એમ માનીને રાજના મહારાજાએ મૂંડકાવેરો નાખવાનું વિચાર્યું. આ વાતની ગંધ આવતાં જ મહારાજશ્રીએ આબુના અંગ્રેજ રેસિડેન્ટને તાર કરવા માટે આગેવાનો સાથે વિચારણા કરી. એ વાતની મહારાજાને જાણ થતાં તેઓ ગભરાયા, કારણકે અંગ્રેજ રેસિડેન્ટ જો આવશે તો બીજી તકલીફો પણ ઊભી થશે. માટે એમણે તરત દિવાનને મોકલીને સંઘને જણાવ્યું કે જેસલમેર રાજ્યની મુંડકાવેરો નાખવાની કોઈ ઈચ્છા નથી. ત્યાર પછી જેસલમેરના પ્રવેશ વખતે મહારાજશ્રીનું તથા સંઘનું રાજ્ય તરફથી બહુમાન થયું અને ઠાઠ-માઠ સાથે સંઘનો પ્રવેશ કરાવ્યો. મહારાજાએ મહારાજશ્રીને માટે પાલખીની વ્યવસ્થા પણ કરી, પરંતુ મહારાજશ્રીએ સાધુના આચારને અનુરૂપ ન હોવાથી તેનો વિવેકપૂર્વક અસ્વીકાર કર્યો. મહારાજાએ મહારાજશ્રીને મહેલમાં પધારવા માટે નિમંત્રણ આપ્યું તો લાભાલાભનો વિચાર કરીને તે સ્વીકાર્યું અને રાજમહેલમાં તેઓ પધાર્યા. તેથી મહારાજાની ઉપર ઘણી મોટી છાપ પડી અને મહારાજશ્રીએ મહારાજાને યથા યોગ્ય ઉપદેશ આપ્યો. મહારાજશ્રીના તેજસ્વી, પ્રતાપી વ્યક્તિત્વથી અને મધુર ઉપદેશવાણીથી મહારાજશ્રી ઘણા પ્રભાવિત થયા. જૈનોને જેસલમેરની તીર્થયાત્રા માટે જે કાંઈ સગવડ જોઈએ તેની કાયમી વ્યવસ્થા કરી આપવાની તત્પરતા તેમણે બતાવી.

જેસલમેરની તીર્થયાત્રા કરીને સંઘ પાછો ફર્યો. આ વખતે તો વાસણા ગામના લોકોએ તો પોતાના ગામમાં જ મુકામ કરવા માટે આગ્રહ કર્યો એટલે સંઘે ત્યાં મુકામ કર્યો.

ફરીથી એવું બન્યું કે એ જ દિવસે પાછો મૂશળધાર વરસાદ વરસ્યો. આથી ગ્રામજનો ઘણા આશ્ચર્યચકિત થઇ ગયા. મહારાજશ્રીને ભક્તિભાવ પૂર્વક લળી લળીને વંદન કરવા લાગ્યા.

સંઘ વિચરતો વિચરતો ફલોધી આવી પહોંચ્યો. મહારાજશ્રીએ સંઘના ભાઈઓને બોલાવીને જાણી લીધું કે તેમની ધારણા કરતાં બમણું ખર્ચ સંઘ કાઢવામાં થઈ ગયું છે. આથી મહારાજશ્રીએ એ ભાર હવેથી ઓછો થાય એ માટે દરેક ગામની નવકારશી ગામવાળા અને બીજાઓ ઉપાડી લે એવી દરખાસ્ત મૂકી, પરંતુ સંઘના ભાઈઓએ કહ્યું કે 'સંઘની તમામ જવાબદારી અમારી જ છે. કોઈ પણ ભોગે આ ખર્ચનો લાભ અમારે જ લેવાનો છે.' તેઓ પોતાના નિર્ણયમાં મક્કમ હતા. તેઓની દૃઢ ભાવના જોઈને મહારાજશ્રીએ તેઓની વાત માન્ય રાખી અને તેઓને આશીર્વાદ આપ્યા. બીજે દિવસે સંઘના ભાઈઓ ઉપર મદ્રાસથી એક તાર આવ્યો હતો. તેઓને મદ્રાસમાં રૂનો વેપાર ચાલતો હતો. તારમાં લખ્યું હતું કે રૂના એક સોદામાં અચાનક સાડાત્રણ લાખ રૂપિયાનો નફો થાય છે. મહારાજશ્રીને એ તાર વંચાવતાં સંઘવી ભાઈઓએ કહ્યું, 'ગુરુદેવ જુઓ આપની જ કૃપાથી આ સંઘનું તમામ ખર્ચ અમારા માટે આ એક સોદામાંથી જ અણધાર્યું જ નીકળી ગયું છે.' આ વાત સંઘમાં પ્રસરતાં સંઘના આનંદનો પાર ન રહ્યો.

ફલોધીના સંઘે મહારાજશ્રીને ચાતુર્માસ માટે કરેલી વિનંતિનો મહારાજશ્રીએ સ્વીકાર કર્યો અને તે અનુસાર મહારાજશ્રી ફલોધી રોકાયા. સંઘ આગળ પ્રયાણ કરીને પાલડી ગામે પાછો ફર્યો. જેસલમેરના સંઘમાંથી પાછા ફરતાં મહારાજશ્રી ફલોધી પધાર્યા અને વિ.સં. ૧૯૭૩નું ચાતુર્માસ ફલોધીમાં કરવાનું નક્કી કર્યું. ફલોધી (ફલવૃદ્ધિ) એક પ્રાચીન ઐતિહાસિક શહેર છે. અહીં જૂના વખતનો એક ઉપાશ્રય છે જે ૮૪ ગચ્છના ઉપાશ્રય તરીકે ઓળખાય છે. આ ઉપાશ્રયમાં કોઈ પણ ગચ્છના કોઇ પણ સાધુ ઊતરી શકે છે. આ શહેરની ઉદારતા અને સહિષ્ણુતા કેટલી બધી હશે તે આવા પ્રકારના ઉપાશ્રયથી સમજી શકાય છે. મહારાજશ્રી ચૌભુજાના ઉપાશ્રયે બિરાજ્યા હતા અને વ્યાખ્યાન આપવા માટે રોજ ૮૪ ગચ્છના ઉપાશ્રયે જતાં. અહીં એક વિલક્ષણ ઘટના એ બની હતી કે રોજ એક કબૂતર વ્યાખ્યાન શરૂ થતાં પહેલાં મહારાજશ્રીની સામે એક ગોખલામાં આવીને બેસી જતું અને વ્યાખ્યાન પૂરું થયા પછી ત્યાંથી ઊડી જતું. અહીંના ચાતુર્માસ દરમિયાન મહારાજશ્રીએ નૂતન જિનમંદિર, ઉપાશ્રય, ધર્મશાળા વગેરે બાંધવા માટે ઉપદેશ આપ્યો હતો. રાજસ્થાનમાં તે વખતે યતિઓ-શ્રીપૂજ્યોનું જોર ઘણું હતું. પરંતુ મહારાજશ્રીની વિશાળ ઉદાર દૃષ્ટિ, સરસ વક્તૃત્વ અને તેજસ્વી મુખમુદ્રાના પ્રભાવને કારણે યતિઓ પણ મહારાજશ્રીના વ્યાખ્યાનમાં આવીને બેસતા. રાજસ્થાન એટલે હસ્તપ્રતોનો ખજાનો. ઘણા યતિઓ પૈસાની જરૂર પડતાં હસ્તપ્રતો વેચવા નીકળતા. વળી અમુક જાતિના આજ્ઞાન લોકો હસ્તપ્રતો પણ જોખીને વેચતા. પરંતુ મહારાજશ્રી હસ્તપ્રતો જોખીને લેવાની ના પાડતા. સરસ્વીતી દેવીને જોખીને ન લેવાય એમ તેઓ સમજાવતા અને શ્લોકોની ગણતરી અને પૃષ્ઠ સંખ્યા પ્રમાણે હસ્તપ્રત લેવાની દરખાસ્ત મૂકતાં. પરંતુ એ અજ્ઞાન લોકોને તો એવી ગણતરી આવડે જ નહિ એટલે પોથીઓનું વજન કરીને જ વેચવાનો આગ્રહ રાખતા. આવી ઘણી દુર્લભ પોથીઓ મહારાજશ્રીએ શ્રાવકોને ભલામણ કરીને ખરીદાવી લેતા જેથી તે નષ્ટ ન થાય.

ફલોધીથી મહારાજશ્રી બીકાનેર પધાર્યા. અહીં તપગચ્છ, ખતરગચ્છ, કમળાગચ્છ વગેરેના મતભેદો હતા, પરંતુ મહારાજશ્રી તો ઉદાર સમન્વયની દૃષ્ટિ રાખી હતી. બીકાનેરમાં મહારાજશ્રીને મળવા જયદયાળ નામના એક વિદ્વાન હિંદુ પંડિત આવ્યા હતા. ચાંદમલજી ઢઢ્ઢા નામના શ્રેષ્ઠી તેમને લઈ આવ્યા હતા. પંડિત જયદયાળને જૈન ધર્મમાં રસ હતો. એમણે કેટલોક અભ્યાસ પણ કર્યો હતો. તેમને સિદ્ધચક્રના નવ પદના નવ રંગ શા માટે છે એ વિશે જીજ્ઞાસા હતી. મહારાજશ્રીએ એમને એ વિશે સમજણ આપી એથી એમને ખૂબ સંતોષ થયો. આ પંડિત જયદયાળ શર્માએ 'નવકારમંત્ર' વિશેની કેટલીક પ્રાચીન સંસ્કૃત-પ્રાકૃત કૃતિઓનો હિંદીમાં અર્થવિસ્તાર કરતો મૂલ્યવાન ગ્રંથ પ્રકાશિત કર્યો હતો.

મહારાજશ્રીએ બીકાનેરમાં થોડા દિવસ સ્થિરતા કરી, થોડા દિવસ પછી એમને બીકાનેરની હવા દૂષિત જણાઇ. એમણે આગાહી કરી કે

## સ્વ. પરમાનંદ કાપડિયા જન્મ શતાબ્દી વર્ષ

અમને જણાવતાં આનંદ થાય છે કે તા. ૧૭મી જૂન, ૧૯૯૩ થી તા. ૧૭મી જૂન-૧૯૯૪ સુધીનું વર્ષ શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે **સ્વ. પરમાનંદ કાપડિયા જન્મ શતાબ્દી વર્ષ** તરીકે ઊજવવાનું નક્કી કર્યું છે. આ વર્ષ દરમિયાન વ્યાખ્યાનો, વિચારગોષ્ઠિ, પરિસંવાદ વગેરે પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવનાર છે.

આગામી ઓકટોબર માસમાં ત્રણ વ્યાખ્યાનોનું એક વ્યાખ્યાન સત્ર યોજવામાં આવશે. એનો વિગતવાર કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

**મંત્રીઓ,**
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

**ટ્રસ્ટીઓ**
શ્રી પરમાનંદ કાપડિયા
સ્મારક નિધિ

મહારાજશ્રી સં. ૧૯૭૩નું ચાતુર્માસ ફલોધીમાં કરીને બીકાનેર, નાગોર, મેડતા, જેતારણ વગેરે સ્થળોનો વિહાર કરીને કાપરડાજી પાસેના બિલાડા નામના ગામે પધાર્યા હતા. ત્યાંના આગેવાન શ્રાવક શ્રી પનાલાલજી શરાફને ભાવના થઇ હતી કે પૂ. મહારાજશ્રી જો કાપરડા તીર્થના ઉદ્ધારનું કાર્ય હાથમાં લે તો તે જરૂર સારી રીતે પાર પડી શકે. પરંતુ કાપરડાજી તીર્થના ઉદ્ધારનું કાર્ય સરળ નહોતું. આ પ્રાચીન ઐતિહાસિક તીર્થમાં વિ. સં. ૧૬૭૮માં જિન મંદિરમાં મૂળનાયકની પ્રતિષ્ઠા થઇ હતી . એ સમયે જોધપુર રાજ્યના સુબેદાર શ્રી ભાણાજી ભંડારી હતા. રાજ્ય તરફથી કંઇક મુશ્કેલી આવી પડતાં એક યતિજીએ એમને સહાય કરેલી. તેમના આશીર્વાદથી એમણે કાપરડામાં ચાર માળવાળું ચૌમુખી જિનમંદિર બંધાવ્યું હતું. એમાં ગામ બહાર જમીનમાંથી નીકળેલા શ્રી સ્વયંભૂ પાર્શ્વનાથ ભગવાનના જિનબિંબ સહિત ચાર જિનબિંબની પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્વક કરવામાં આવી હતી.

આ કાપરડાજી તીર્થ એ જમાનામાં એક પ્રખ્યાત તીર્થ બની ગયું હતું.

લગભગ અઢી ત્રણ સૈકાથી આ તીર્થનો મહિમા ઘણો મોટો રહ્યો હતો. પરંતુ વીસમી સદીના પ્રારંભમાં રાજદ્વારી પરિસ્થિતિ અને કુદરતી આપત્તિઓના કારણોને લીધે કાપરડાજીની જાહોજલાલી ઘટતી ગઇ અને જૈન કુટુંબો આજીવિકા માટે અન્યત્ર સ્થળાંતર કરતા ગયા. એમ કરતાં કાપરડાજીમાં જૈનોની ખાસ કોઇ વસતી રહી નહિ.

કાપરડાજીના આ જિનમંદિરમાં ખતરગચ્છના શ્રાવકોએ ચામુંડા માતાજી તથા ભૈરવનાથની એમ બે દહેરીઓ દેવ-દેવીની કરાવેલી. એ દેવ-દેવીઓનો મહિમા એટલો બધો વધી ગયેલો કે જૈનો ઉપરાંત આસપાસના સ્થાનિક જૈનેતર લોકો ખાસ કરીને જાટ જાતિના લોકો એમની બાધા માનતા રાખતા. દર્શન કરનારાઓમાં આ જૈનેતર વર્ગ પણ ઘણો મોટો હતો. વખત જતાં નાનાં બાળકોના વાળ ઉતરાવવા માટે પણ તેઓ કાપરડાજીના જિનમંદિરમાં આવતા. જૈનોની જ્યારે વસતી ઘટી ગઇ અને દર્શનાર્થીઓમાં મુખ્યત્વે જાટ જાતિના લોકો જ રહ્યા ત્યારે આ તીર્થની આશાતના એટલી હદ સુધી થઇ કે ચામુંડા માતાની દેરી સામે બકરાનો વધ પણ થવા લાગ્યો. પશુબલિની અહીં પરંપરા ચાલવા લાગી. બીજી બાજુ મંદિરના નિભાવ માટે કોઇ વ્યવસ્થા ન હોવાને કારણે મંદિર જર્જરિત થઇ ગયું.

મહારાજશ્રી જ્યારે કાપરડાજીના જિનમંદિરમાં પધાર્યા ત્યારે એની હાલત જોઇને તેમનું હૃદય દ્રવી ઊઠ્યું. તેમણે એ તીર્થનો ઉદ્ધાર કરવાનો સંકલ્પ કર્યો, પરંતુ એ માટે હિંમત અને કુનેહની જરૂર હતી. વળી જીર્ણોદ્ધારનું કાર્ય ક્રમાનુસાર કરવાની જરૂર હતી.

મહારાજશ્રીએ સૌથી પહેલાં તો તીર્થનો કબજો જૈનોના હાથમાં આવે એવી કાયદેસરની વ્યવસ્થા કરાવી. ત્યારપછી એમણે ગઢની અંદરની સાફસૂફી કરાવી. મહારાજશ્રીને લાગ્યું કે મંદિરમાં સ્વયંભૂ પાર્શ્વનાથ ભગવાનની દરરોજ નિયમિત પૂજા થવી જોઇએ. જાટ લોકોની વચ્ચે આવીને કોઇ પોતે હિંમતપૂર્વક રહે અને રોજેરોજ જિન પ્રતિમાની પૂજા કરે એવી વ્યક્તિ તરીકે પાલીનગરના શ્રી ફૂલચંદજી નામના એક ગૃહસ્થની એમણે પસંદગી કરી. પેઢીના મુનીમ તરીકે તેમની નિમણૂક કરી. આ રીતે તીર્થ કંઇક જીવંત અને જાગૃત બન્યું. મહારાજશ્રીને લાગ્યું કે જૈનોમાં આ તીર્થની જાણ થાય તથા લોકોનો ભાવ જાગે એ માટે આ તીર્થની યાત્રાનો એક સંઘ કાઢવો જોઇએ. એ માટે પાલીના શ્રી કિસનલાલજીએ આદેશ માગ્યો. તે પ્રમાણે મહારાજશ્રીએ સંઘ કાઢીને કાપરડાજી તરફ વિહાર કર્યો. એમાં ગુજરાત, રાજસ્થાનના કેટલાક શ્રેષ્ઠીઓ જોડાયા આથી કાપરડાજી તીર્થના જીર્ણોદ્ધાર માટે મહારાજશ્રીના ગુજરાત અને રાજસ્થાનના અગ્રગણ્ય ભક્તોને કાપરડાજીમાં ફરી પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવવાની ભાવના થઇ.

સંઘ કાપરડાજી પહોંચે ત્યાં સુધીમાં મુનીમ પનાલાલજીને ચામુંડા માતાની દેરી ખસેડવાની જવાબદારી સોંપવામાં આવી હતી. જાટ લોકોના વિરોધ વચ્ચે પણ એમણે કુનેહપૂર્વક ચામુંડા માતાની દેરી ગઢમાં અન્યત્ર ખસેડાવી હતી. હવે ભૈરવનાથની દેરી ખસેડવાનો પ્રશ્ન હતો.

કાપરડાજી તીર્થના જીર્ણોદ્ધારની સમસ્યા આમ ગંભીર પ્રકારની હતી. એક તો જીર્ણોદ્ધાર માટે ફંડ એકત્ર કરવું, જાટ જાતિના લોકો વચ્ચે જિર્ણોદ્ધારનું કાર્ય કરાવવું અને પશુબલિ અટકાવીને દેવ-દેવીઓની દેરીઓને ખસેડીને પુર્ન સ્થાપિત કરાવવી વગેરે કામ સરળ નહોતાં.

મહારાજશ્રીએ પોતાને વંદન કરવા આવનાર શ્રેષ્ઠીઓને કાપરડાજી તીર્થના જીર્ણોદ્ધાર માટે પ્રેરણા કરતા. થોડા દિવસમાં એ માટે સારી રકમ લખાઇ ગઇ અને કામ પણ ચાલુ થયું. મહારાજશ્રીના હસ્તે પ્રતિષ્ઠા કરાવવાનું પણ નક્કી થઇ ગયું. એ માટે તૈયારીઓ ચાલુ થઇ ગઇ.

કાપરડાજીમાં મહારાજશ્રીની નિશ્રામાં વિ. સં. ૧૯૭૫ના મહાસુદ પાંચમનો પ્રતિષ્ઠા મહોત્સવ ચાલું થયો. હજારો ભાવિકો કાપરડાજી પધાર્યા. આવો મોટો ઉત્સવ જાટ લોકોને ખૂંચે એ સ્વાભાવિક હતું. જૈનોનું તીર્થ પોતાના હાથમાંથી પાછું જૈનોના હાથમાં ચાલ્યું જાય એ તેમને ગમતી વાત નહોતી. પ્રતિષ્ઠા મહોત્સવમાં ભંગ પડાવવા માટે જાટ લોકોએ તોફાન મચાવવાની ગુપ્ત યોજનાઓ કરી હતી.

પ્રતિષ્ઠા મહોત્સવની વિધિ દરમિયાન એક જાટ પોતાના બાળકને લઇને ભૈરવનાથની દેરી પાસે વાળ ઉતરાવવા દાખલ થયો. આ વાતની ખબર પડતાં મહારાજશ્રીએ શ્રાવકોને કહ્યું કે એને અટકાવવો જોઇએ નહિ તો પ્રતિષ્ઠા વિધિમાં આશાતના થશે.

પ્રતિષ્ઠા મહોત્સવ અગાઉ રાજ્યને વિનંતી કરીને દેરાસરની આસપાસ પોલિસનો સખત જાપ્તો ગોઠવી દેવામાં આવ્યો હતો. વળી બિલાડાના ફોજદાર વગેરે પણ કાપરડાજીમાં હાજર હતા. એટલે જાટ લોકો ફાવી શકતા નહોતા. બાળકના વાળ ઉતરાવવા માટે ઇન્કાર કરતી વખતે ધમાલ થવાની સંભાવના હતી, પરંતુ સદ્ભાગ્યે તે થઇ નહિ.

જાટ લોકો હિંસક હુમલા માટે યોજનાઓ વિચારતા અને એની અફવાઓ ફેલાતી. મહારાજશ્રી માથે પણ પ્રાણનું સંકટ ઊભું થયાની વાત પણ આવી હતી, પરંતુ આ સ્થિતિમાં શાંતિ, કુનેહ અને નિર્ભયતાથી કામ લેવાની જરૂર હતી. મહારાજશ્રીની સૂચના અનુસાર શ્રાવકો તે પ્રમાણે કરતા હતા. ભૈરવજીની મૂર્તિ ખસેડવા માટે આ સારી તક હતી એ જોઇને રાતને વખતે ભૈરવજીની મૂર્તિને ખસેડીને બાજુમાં આવેલા ઉપાશ્રયમાં એના મૂળસ્થાનકે પધરાવવામાં આવી.

પ્રતિષ્ઠાનું મહત્વનું કાર્ય પતી ગયું. હવે બીજા દિવસે સવારે દ્વારોદ્ઘાટનની વિધિ બાકી હતી. પ્રતિષ્ઠાની વિધિ પતી જતાં ઘણા લોકો પોતાના ગામ પાછા ફર્યા હતા, છતાં સેંકડો માણસો હજુ કાપરડાજીમાં રોકાયા હતા. એ દિવસે સાંજે સમાચાર આવ્યા કે પાસેના એક ગામના ચારસો જેટલા હથિયાર સજ્જ જાટ માણસો મંદિર ઉપર હુમલો કરવાના છે અને મંદિરનો કબજો લઇ લેવાના છે. અચાનક આવી રીતે હુમલો થાય તો ઘણું મોટું જોખમ કહેવાય. મહારાજશ્રીએ ગઢની બહાર જે લોકો તંબુની અંદર રહ્યા હતા તે સર્વને ગઢની અંદર આવી જવા કહ્યું. મુનીમ પનાલાલજીને પણ પરિવાર સહિત ગઢની અંદર બોલાવી લેવામાં આવ્યા. કેટલાક ભક્તોએ મહારાજશ્રીને વિનંતી કરીકે 'જાટ લોકોનો હુમલો આવી પહોંચે એ પહેલાં અમે આપશ્રીને રક્ષકો સાથે બિલાડા ગામે પહોંચાડી દેવા ઇચ્છીએ છીએ.' પરંતુ મહારાજશ્રીએ એ દરખાસ્તનો અસ્વીકાર કરીને કહ્યું, 'મારું જે થવાનું હશે તે થશે. મને કોઇ ડર નથી. કાપરડાજી તીર્થની રક્ષા કાજે મારા પ્રાણ જશે તો પણ મને તેનો અફસોસ નહિ હોય.'

સાંજે અંધારું થવા આવ્યું. એટલામાં લગભગ ૪૦૦ જેટલા હથિયાર ધારી જાટ લોકો મંદિર ઉપર હોકારા કરતા હલ્લો લઇને આવી પહોંચ્યા. બહુ મોટો શોરબકોર થયો પરંતુ બધા શ્રાવકો ગઢની અંદર દાખલ થઇ ગયા હતા અને ગઢનો દરવાજો બંધ હતો એટલે જાટ લોકોએ ગઢને ઘેરો ઘાલ્યો. બહારથી તેઓ પથ્થરો મારતા અને બંદુકોની ગોળીઓ પણ છોડતા પરંતુ સદ્ભાગ્યે ગઢની અંદર રહેલા કોઇને ઇજા થઇ નહિ.

આગલે દિવસે જાટ લોકોના હુમલાની અફવા આવી કે તરત જ મહારાજશ્રીની સૂચના અનુસાર મુનીમ પનાલાલજીએ જોધપુર રાજ્યના

મહારાજને રક્ષણ આપવા માટે વિનંતી કરવા એક બાહોશ માણસને ચૂપચાપ રવાના કરી દીધો હતો. એ સમાચાર મહારાજાને મળતા દિવાન જાલમચંદજીના પ્રયાસથી ઊંટ સવારોની લશ્કરી ટુકડીને કાપરડાજી માટે તરત રવાના કરવામાં આવી. રાતને વખતે જ્યારે આ ધિંગાણું ચાલતું હતું ત્યારે રાજ્યનું લશ્કર આવવાની વાત જાણતાં જાટ લોકોએ ભાગાભાગ કરી. ઘણા ખરા લોકોને પકડી લેવામાં આવ્યા. થોડીવારમાં તો હુમલાખોરોમાંથી કોઇ ત્યાં રહ્યું નહિ. સ્થાનિક જાટ લોકો પણ ડરવા લાગ્યા. તીર્થમાં એકદમ શાંતિ સ્થપાઇ ગઇ. ગઢના બારણા ખૂલી ગયી. અને બાકીની રાત્રી શાંતિપૂર્વક સૌએ પસાર કરી. બીજે દિવસે સવારે નિયત સમયે દ્વારોદ્ઘાટનની વિધિ થઇ અને આવેલું અંતરાયકર્મ શાંત થતાં હર્ષોલ્લાસપૂર્વક પ્રતિષ્ઠા મહોત્સવનો કાર્યક્રમ પૂરો થયો. ક્રમેક્રમે શ્રાવકો વિખરાવા લાગ્યા અને કાપરડાજી તીર્થને રાજ્ય તરફથી રક્ષણ મળ્યું.

થોડા વખત પછી જાટ લોકોએ ચામુંડા માતા અને ભૈરવજીની માલિકી માટે અદાલતમાં દાવો કર્યો હતો પરંતુ તેમાં તેઓ હારી ગયા હતા. કાપરડાજીનું જિનમંદિર દેવદેવી સહિત જૈનોની માલિકીનું છે અને તેમાં હસ્તક્ષેપ કરવાનો કોઇને અધિકાર નથી એવો ફેંસલો અદાલતે આપ્યો. ત્યારથી કાપરડાજી તીર્થનો મહિમા ફરી પાછો વધવા લાગ્યો અને અનેક યાત્રાળુઓ ત્યાં નિર્વિઘ્ને યાત્રા કરવા આવવા લાગ્યા.

આમ મહારાજશ્રીએ કાપરડાજી તીર્થમાં પ્રાણાંત કષ્ટ વેઠીને પણ પુનરોદ્ધાર કરાવ્યો હતો. મહારાજશ્રીના હસ્તે આ એક મહત્વનું ઐતિહાસિક કાર્ય થયું.

કાપરડાજીથી વિહાર કરી મહારાજશ્રી અમદાવાદ પધાર્યા અને વિ. સં. ૧૯૭૫નું ચાતુર્માસ અમદાવાદમાં કર્યું. ચાતુર્માસ પછી વિ. સં. ૧૯૭૬ના પોષ વદ-૧૧ના દિવસે અમદાવાદથી કેસરિયાજી તીર્થનો છ'રી પાળતો સંઘ મહારાજશ્રીની નિશ્રામાં કાઢવામાં આવ્યો. આ સંઘના ખર્ચની જવાબદારી અમદાવાદના શેઠશ્રી સારાભાઇ ડાહ્યાભાઇએ લીધી હતી. અમદાવાદમાં શેઠ હઠીભાઇની વાડીએ આ સંઘના સંઘવીનું બહુમાન કરવામાં આવ્યું હતું. શેઠ સારાભાઇએ સંઘ સાથે પગે ચાલવાનો આગ્રહ રાખ્યો ત્યારે મહારાજશ્રીએ એમને વ્યવહારું સૂચન કરતાં કહ્યું કે 'આખા સંઘનો આધાર તમારા ઉપર છે. માટે અતિશય પરિશ્રમ કરશો નહિ. જ્યાં જરૂર લાગે ત્યાં તમે વાહનનો જરૂર ઉપયોગ કરજો.'

સંઘ અમદાવાદથી ચાંદખેડા, સેરિસા, તારંગા, ઇડર વગેરે સ્થળે યાત્રા કરતો કરતો ધૂલેવા નગરે શ્રી કેસરિયાજી તીર્થમાં પહોંચ્યો ત્યાં ઉલ્લાસ પૂર્વક અઠ્ઠાઇ મહોત્સવ થયો. મહારાજશ્રી સંઘ સાથે જ અમદાવાદ પાછા ફરવાના હતા, પરંતુ ઉદયપુરના સંઘે ત્યાં આવીને મહારાજશ્રીને ઉદયપુર પધારવા એવી આગ્રહ ભરી વિનંતી કરી કે મહારાજશ્રીને ઉદયપુર જવાની ફરજ પડી. સંઘ વાજતે ગાજતે અમદાવાદ પાછો ફર્યો.

મહારાજશ્રી કેસરિયાજીથી વિહાર કરતા ઉદયપુર પધાર્યા. મહારાજશ્રીના વ્યાખ્યાનમાં અનેક લોકો આવવા લાગ્યા. શ્રાવકોમાં ખૂબ ઉલ્લાસ અને જાગૃતિનું વાતાવરણ થઇ ગયું. એથી સંઘે મહારાજશ્રીને ચાતુર્માસ ઉદયપુરમાં જ કરવા માટે આગ્રહ કર્યો. લોકોનો ઉત્સાહ જોઇ મહારાજશ્રીએ એ માટે સંમતિ દર્શાવી. ચાતુર્માસનું સ્થળ નિશ્ચિત થયા પછી મહારાજશ્રીએ આસપાસના વિસ્તારોમાં વિહાર કર્યો અને ચાતુર્માસ માટે પાછા ઉદયપુર આવી પહોંચ્યા.

એ અરસામાં ઊંઝા તરફથી વિહાર કરીને મુનિશ્રી વલ્લભવિજયજી (યુગવીર આચાર્ય વિજયવલ્લભસૂરિ) કેસરિયાજી તીર્થની યાત્રાએ છ 'રી પાળતા સંઘની સાથે નીકળ્યા હતા. ઉદયપુર સ્થિરતા દરમિયાન મહારાજશ્રી સાથે તેમની પ્રથમવાર મુલાકાત થઇ. આ મુલાકાત ઘણી મહત્ત્વની બની. શાસનના ઉદ્ધાર માટે કેવાં કેવાં કાર્યો કરવાં જોઇએ તે અંગે બંને વચ્ચે વિચાર વિનિમય થયો. પૂ. વલ્લભવિજયજીએ મહારાજશ્રીને સૂચન કર્યું કે જૈન સાધુઓમાં શિથિલાચાર અને મતભેદો વધતા જાય છે એ દૂર કરવા માટે અમદાવાદમાં એક મુનિ સંમેલન બોલાલવવાની જરૂર છે. મહારાજશ્રીએ એ સૂચનનો સ્વીકાર કર્યો.

વિ. સં. ૧૯૭૬માં ઉદયપુરના ચાતુર્માસ દરમિયાન મહારાજશ્રીએ ' શ્રી પન્નાવણા સૂત્ર' ઉપર વ્યાખ્યાન આપવાનું ચાલું કર્યું. મહારાજશ્રીના વ્યાખ્યાનોનો પ્રભાવ એટલો બધો પડ્યો કે એમની તેજસ્વી પ્રતિભા અને વિદ્વતા તથા સચોટ વ્યાખ્યાન શૈલીલની વાત પ્રસરતી પ્રસરતી ઉદયપુરના મહારાણા શ્રી ફત્તેહસિંહજી પાસે પહોંચી. તેમણે રાજમંત્રી શ્રી ફત્તેહકરણજીને મહારાજશ્રી પાસે મોકલ્યા. ફત્તેહકરણજી વિદ્વાન હતા અને સંસ્કૃત-પ્રાકૃત ભાષાના સારા જાણકાર હતા. તેઓ મહારાજશ્રીના વ્યાખ્યાનમાં રોજે રોજ આવીને બેસવા લાગ્યા. તેમણે મહારાજશ્રીની અસાધારણ પ્રતિભાનો પરિચય થયો. એમણે મહારાણા પાસે મુક્ત કંઠે મહારાજશ્રીની એટલી પ્રસંશા કરી કે મહારાજશ્રીને મળવાનું મહારાણાને મન થયું. એ માટે એમને મહારાજશ્રીને રાજ મહેલમાં પધારવા માટે વિનંતી કરી. પરંતુ મહારાજશ્રીએ કહેવડાવ્યું કે કેટલાક મહાન પૂર્વાચાર્યો રાજ મહેલમાં ગયાના દાખલા છે, પરંતુ પોતે એક સામાન્ય સાધુ છે અને રાજ મહેલમાં જવાની પોતાની ઇચ્છા નથી. મહારાણાએ મહારાજશ્રીની એ વાતનો સમજણપૂર્વક સ્વીકાર કર્યો. જો કે પોતે ઉપાશ્રયમાં આવે એવા સંજોગો નહોતા, એટલે એમણે પોતાના યુવરાજને મહારાજશ્રી પાસે મોકલ્યા. તેઓ રોજ વ્યાખ્યાનમાં આવીને બેસવા લાગ્યા. મહારાણાએ મહારાજશ્રીને કહેવરાવ્યું હતું કે રાજ્યના ગ્રંથાલયોમાંથી મહારાજશ્રીને જે કોઇ ગ્રંથ જોઇતો હોય તે તેઓ તરત મેળવી આપશે. વળી બીજી કોઇપણ પ્રકારની મદદ જોઇતી હોય તે પણ જરૂર કરશે.

એ દિવસોમાં બનારસ હિન્દુ યુનિવર્સિટીના સ્થાપક પંડિત મદનમોહન માલવિયા ઉદયપુર પધાર્યા હતા અને રાજ્યના મહેમાન બન્યા હતા. એ વખતે મહારાણાએ માલવિયાજીને ભલામણ કરી હતી કે મહારાજશ્રી વિજયનેમિસૂરિ મળવા જેવા એક વિદ્વાન સંત છે. એથી માલવિયાજી મહારાજશ્રીને મળવા ઉપાશ્રય પધાર્યા હતા. પ્રથમ મુલાકાતે જ માલવિયાજી બહુ પ્રભાવિત થયા હતા. ઉદયપુરમાં જેટલા દિવસ તેઓ રોકાયા તેટલા દિવસ રોજે રોજ મહારાજશ્રીને મળવા આવતા હતા અને અને અનેક વિષયો પર વિચાર વિમર્શ કરતા હતા તેઓ મહારાજશ્રીને 'ગુરુજી' કહીને સંબોધતા.

ત્યાર પછી મહારાજશ્રી અમદાવાદમાં હતા તે દરમિયાન માલવિયાજી જ્યારે જ્યારે અમદાવાદ આવતા ત્યારે ત્યારે તેઓ મહારાજશ્રીને મળવા માટે અચૂક જતા. પ્રો. આનંદશંકર બાપુભાઇ ધ્રુવની બનારસ હિન્દુ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર તરીકે નિમણૂક થઇ હતી એટલે તેઓ તથા અન્ય વિદ્વાનો પણ માલવિયાજી સાથે મહારાજશ્રીને મળવા આવતા. મહારાજશ્રીની ભલામણથી માલવિયાજીને હેમચંદ્રાચાર્ય કૃત 'યોગ શાસ્ત્ર' વાંચવાની ઇચ્છા થયેલી એટલે તે ગ્રંથની એક હસ્તપ્રત મહારાજશ્રીએ ભંડારમાંથી મેળવીને માલવિયાજીને આપી હતી.

ઉદયપુરનું ચાતુર્માસ પૂર્ણ થતાં મહારાજશ્રીની નિશ્રામાં ઉદયપુરથી રાણકપુરનો સંઘ નીકળ્યો હતો. મહારાજશ્રી રાણકપુરથી વિહાર કરતાં જાવાલ પધાર્યા. જાવાલથી મહારાજશ્રીની નિશ્રામાં સિદ્ધાચલજીની યાત્રાનો સંઘ નીકળ્યો. જીરાવલા, આબુ, કુંભારિયા, તારંગા, મેત્રાણા, ચારૂપ, પાટણ, શંખેશ્વર વગેરે તીર્થસ્થળોની યાત્રા કરતો સંઘ અમદાવાદ આવી પહોંચ્યો. મહારાજશ્રી અમદાવાદમાં રોકાયા. અને સંઘ શ્રી દર્શનવિજયજીની નિશ્રામાં પાલિતાણા તરફ રવાના થયો.

મહારાજશ્રીએ અમદાવાદમાં સ્થિરતા કરી હતી એ દરમિયાન મહારાજશ્રીની લાક્ષણિક પ્રતિભાનો પરિચય કરાવે એવી એક ઘટના બની હતી.

એ દિવસોમાં અંગ્રેજ સરકાર વિરુદ્ધ અસહકારનું રાષ્ટ્રીય આંદોલન ચાલ્યું હતું. એ વખતે કોંગ્રેસનું અધિવેશન અમદાવાદમાં ભરાવાનું હતું. જૈન સાધુઓની દિનચર્યા મોક્ષલક્ષી, સંયમભરી હોવાને કારણે રાષ્ટ્રીય આદોલનમાં તેઓ કોઇ જોડાયા નહોતા. અમદાવાદના ગોરા અંગ્રેજ કલેકટરે એવું અનુમાન બાંધ્યું હતું કે જૈન સાધુઓ રાષ્ટ્રીય ચળવળની વિરુદ્ધ છે. અને અમદાવાદમાં જૈનોની ઘણી મોટી સંખ્યા છે. જૈન કોમને સરકારી પક્ષે લેવી હોય તો એમના ધર્મગુરુ

વિજયનેમિસૂરિને હાથમાં લેવા જોઇએ. પરંતુ અમદાવાદના કલેકટરનો આ ભ્રમ હતો. તેમની માન્યતા હતી કે એક અંગ્રેજ કલેકટર નિમંત્રણ આપે તો લોકો દોડતા એમને મળવા આવે. તેમણે મહારાજશ્રીને પોતાના બંગલે મળવા માટે આવવાનું નિમંત્રણ મોકલાવ્યું. પરંતુ મહારાજશ્રીએ કલેકટરના બંગલે જવાનો સ્પષ્ટ ઇન્કાર કર્યો અને કહેવરાવ્યું કે કલેકટરને જો ઇચ્છા હોય તો અમારી પાસે ગમે ત્યારે આવી શકે છે. કલેકટરે ત્રણેક વખત મહારાજશ્રીને આ રીતે પોતાની પાસે બોલાવવાના પ્રયત્નો કર્યા, પરંતુ અંતે નિષ્ફળ જતાં તેઓ મહારાજશ્રી પાસે આવવા તૈયાર થયા. કલેકટરે પૂછાવ્યું કે પોતે ખુરશી ઉપર બેસે તો મહારાજશ્રીને કંઇ વાંધો છે ? મહારાજશ્રીએ કહેવરાવ્યું કે જૈન જૈનેતર કોમના મોટા મોટા આગેવાનો અને વિદ્વાનો આવે છે પરંતુ તેઓ ઔપચારિકતાની દષ્ટિએ અને જૈન સાધુનો વિનય સાચવવા નીચે જ બેસે છે. કલેકટરે નીચે બેસવાનું કબૂલ રાખ્યું. તેઓ જ્યારે મળવા આવ્યા ત્યારે માથેથી હેટ ઉતારી, પરંતુ પગમાંથી બૂટ કાઢવા ઇચ્છતા નહોતા. મહારાજશ્રીએ એમની આગળ એવી બુદ્ધિ યુક્ત રજૂઆત કરી કે તરત જ કલેકટરે પગમાંથી બૂટ કાઢવાનું સ્વીકાર્યું. બૂટ કાઢીને પછી તેઓ મહારાજશ્રી પાસે આવ્યા. અને સામે નીચે બેઠા.

કલેકટરે મહારાજશ્રી સાથે રાષ્ટ્રીય ચળવળ વિશે ચર્ચા કરી. પરંતુ મહારાજશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં સમજાવી દીધું કે જૈન સાધુઓ કોઇની ટીકા-નિંદામાં પડતા નથી અને વિવાદમાં ઉતરતા નથી. મહારાજશ્રી સાથે કલેકટરે તત્કાલીન પરિસ્થિતિ અંગે ઘણા મુદ્દાઓની છણાવટ કરી અને મહારાજશ્રીના તર્કયુક્ત જવાબોથી તેઓ બહુ પ્રભાવિત થયા. મહારાજશ્રીએ તેમની આગળ જૈન તીર્થોના રક્ષણની સરકારની જવાબદારી છે એ વાત પર ભાર મૂક્યો, કારણ કે જૈનો તરફથી સરકારને કરવેરા તરીકે પ્રતિવર્ષ ઘણી મોટી રકમ મળે છે. કલેકટરે એ વાતનો સ્વીકાર કર્યો અને તીર્થરક્ષાના વિષયમાં પોતે વધુ ધ્યાન આપશે એવી ખાત્રી આપી.

આમ કલેકટર સાહેબ મહારાજશ્રીને મળવા આવ્યા હતા. પોતાનું કામ કરાવવા માટે, પરંતુ વિદાય થયા મહારાજશ્રીએ સૂચવેલાં કામ કરવાનું વચન આપીને આ અંગ્રેજ અમલદારે પોતાની અંગત ડાયરીમાં તે વખતે નોંધ્યું હતું કે મહારાજશ્રી એ બહુ તેજસ્વી અને શક્તિથી ઉભરાતા (Full of Eenergy) મહાપુરુષ છે.

તીર્થોદ્ધાર એ મહારાજશ્રીના જીવનનું એક મહત્ત્વનું કાર્ય હતું. આ સમય ગાળા દરમિયાન એમણે તળાજા અને શેરીસા તીર્થના જીર્ણોદ્ધાર માટે પ્રેરણા કરી. એક વખત મહારાજશ્રી વાત કરે એટલે લાભ લેનારા શ્રેષ્ઠીઓ વચ્ચે પડાપડી થતી. મહારાજશ્રીની વચનસિદ્ધિ એવી હતી કે તેઓ કહે તે પ્રમાણે અવશ્ય કાર્ય થાય.

અમદાવાદની આ સ્થિરતા દરમિયાન પ્રો. આનંદશંકર ધ્રુવ, કવિ ન્હાનાલાલ વગેરે સાક્ષરો મહારાજશ્રીને મળવા આવતા. મહારાજશ્રીની વિદ્વત પ્રતિભાથી તેઓ બહુ પ્રભાવિત થયા હતા.

મહારાજશ્રી અમદાવાદથી વિહાર કરી ભોયણી, ગાંભુ, ચાણસ્મા વગેરે સ્થળે વિચરતા પાટણ પધાર્યા. પાટણમાં એમનું ચાતુર્માસ નક્કી થયું હતું. આ ચાતુર્માસ દરમિયાન એક મહત્ત્વની ઐતિહાસિક ઘટના બની. ભૂતકાળમાં વિ. સં. ૧૯૪૨માં પાલિતાણાના ઠાકોર અને આણંદજી કલ્યાણજીની પેઢી વચ્ચે તીર્થના રક્ષણ માટે કરાર થયા હતા. તે અનુસાર દર વર્ષે રૂપિયા પંદર હજાર પેઢીએ પાલિતાણાના ઠાકોરને આપવા પડતા. અંગ્રેજ પોલિટિકલ એજન્ટ કર્નલ વોટસને આ બાબતમાં દરમિયાનગીરી કરીને પાલિતાણાના ઠાકોરને ઘણી સારી રકમ અપાવી દીધી હતી. વ્યક્તિગત યાત્રાળુને વેરો ન ભરવો પડે અને ત્રાસ ન પડે એટલા માટ પેઢીએ આ જવાબદારી સ્વીકારી હતી. આ કરાર ચાલીસ વર્ષ માટે કરવામાં આવ્યો હતો. કરારની મુદત પૂરી થયા પછી તીર્થરક્ષાની રકમ અંગે બંને પક્ષો નવેસરથી વાટાઘાટ કરીને નવો નિર્ણય કરી શકે એવી અંદર કલમ હતી. આ કરારની મુદત વિ. સં. ૧૯૮૨માં પૂરી થતી હતી. પોતાના રાજ્યમાં તીર્થસ્થળ હોય તો તે રાજ્યના રાજવીને તેમાંથી સારી કમાણી કરવાનો લોભ લાગે એવો એ જમાનો હતો. પાલિતાણાના ઠાકોરે જાહેર કર્યું કે તા. ૩૧મી માર્ચ ૧૯૨૬ના રોજ કરાર પૂરા થાય છે એટલે તા. ૧લી એપ્રિલ, ૧૯૨૬ના દિવસથી રાજ્ય તરફથી મુંડકાવેરો લેવામાં આવશે. દરેક યાત્રાળુ પોતે આ વેરો ભરીને પછી જાત્રા કરી શકશે. મુંડકાવેરાથી રાજ્યને વધુ આવક તો થાય, પરંતુ એથી યાત્રાળુઓની કનડગત ઘણી બધી વધી જાય. ઠાકોર ઠરાવેલી રકમ પેઢી પાસેથી લેવા કરતા મુંડકાવેરો વસૂલ કરવાની ઇચ્છા વધુ ધરાવતા હતા કારણ કે એથી આવક વધુ થાય એમ હતું. આવા અન્યાયી મુંડકાવેરાનો સામનો કરવો જ જોઇએ એમ મહારાજશ્રીને લાગ્યું. એ દિવસોમાં મહારાજશ્રીનો બોલ જીલવા સૌ સંઘો તત્પર હતા. રાષ્ટ્રીયસ્તરે અસહકારનું આંદોલન ચાલતું હતું. મહારાજશ્રીને તીર્થયાત્રાની બાબતમાં અસહકારનો વિચાર સ્ફુર્યો. બીજો કોઇ માર્ગ ન જણાતા મહારાજશ્રીએ જાહેર કર્યું કે જ્યાં સુધી આ અન્યાયી કાયદો દૂર ન થાય ત્યાં સુધી સિદ્ધાચલજીની યાત્રા કોઇએ કરવી નહિ. જે કોઇને સિદ્ધાચલજીની ક્ષેત્રસ્પર્શનાની ભાવના હોય તેઓએ કદમ્બગિરિ રોહિશાળા વગેરે તીર્થોની યાત્રા કરવી કે જે તીર્થો શત્રુંજયના પહાડના ભાગરૂપ છે અને પાલિતાણાના રાજ્યની હદની બહાર છે. તા. ૧લી એપ્રિલ ૧૯૨૬ ના રોજ મુંડકાવેરો ઉઘરાવવા માટે ઠાકોરે ઓફિસો ખોલી હતી અને ઠેઠ ડુંગરના શિખર સુધી ઠેરઠેર ચોકીદારો મૂકી દીધા હતા, પરંતુ શિહોરના સ્ટેશનથી જૈન સ્વયંસેવકો યાત્રિકોને આ અસહકારની બાબતમાં સહકાર આપવા સમજાવતા હતા. અને એના પરિણામે એક પણ યાત્રિક પાલિતાણામાં થઇને ગિરિરાજ ઉપર ચઢ્યો ન હતો. ગામ અને ડુંગર સૂમસામ બની ગયાં હતાં. પાલિતાણામાંથી તમામ સાધુ-સાધ્વીઓ પણ વિહાર કરી રાજ્યની બહાર નીકળી ગયાં હતાં. આમ યાત્રિકોના અસહકારથી રાજ્યને પેઢી દ્વારા જે વાર્ષિક પંદર હજારની આવક થતી હતી તે પણ બંધ થઇ ગઇ. જોતજોતામાં તો એક વર્ષ વીતી ગયું પણ બંને પક્ષમાંથી કોઇએ નમતું આપ્યું નહિ. મહારાજશ્રીનું વર્ચસ્વ જૈન સમાજ પર કેટલું બધુ હતું તે આ ઘટના પરથઈ જોઇ શકાય છે. બીજું વર્ષ પણ આ રીતે જ પૂરું થયું. હવે ઠાકોર ઢીલા પડ્યા. તેમણે જોયું કે જૈન સમાજ કોઇપણ રીતે મચક આપે એમ નથી. વળી તેમણે એ પણ જાણ્યું કે જૈન સંઘ આ કેસ ઠેઠ બ્રિટનમાં જઇ પ્રીવી કાઉન્સિલમાં લડવા માંગે છે. આ વાતની જાણ થતાં તે વખતના વાઇસરોયને પણ એમ લાગ્યું કે જો આ બાબત પ્રીવી કાઉન્સિલમાં જાય તો તેથી પોતાની પ્રતિષ્ઠાને આંચ આવશે. એટલે એના કરતાં કંઇ સમાધાન થાય તો સારું. પાલિતાણા ઠાકોરે છેવટે એ રીતે નમતું આપ્યું કે પોતે મુંડકાવેરાને બદલે ઠરાવેલી રકમ લેવા તૈયાર છે. એ માટે સિમલામાં વાઇસરોયે પાલિતાણાના ઠાકોર અને પેઢીના આગેવાનોની એક બેઠક બોલાવવી અને વાટાઘાટોને અંતે હવે પછીનાં પાંત્રીસ વર્ષ માટે એવા કરાર થયા કે પેઢી દર વર્ષે રૂપિયા સાઠહજાર પાલિતાણાના ઠાકોરને તીર્થ રક્ષા માટે આપે. આ રકમ ઘણી મોટી હતી, પરંતુ તેમ કર્યા વગર છૂટકો નહોતો. એટલે બે વર્ષને અંતે શત્રુંજયની યાત્રા યાત્રિકો માટે કોઇ પણ પ્રકારની વ્યક્તિગત કનડગત વિના શરૂ થઇ. (દેશને આઝાદી મળી અને દેશી રાજ્યનું વિલીનીકરણ થયું ત્યારે આ વેરો સૌરાષ્ટ્ર સરકારે નાબૂદ કર્યો હતો.)

વિ. સં. ૧૯૮૨નું ચાતુર્માસ પાટણમાં કરી મહારાજશ્રી અમદાવાદ પધાર્યા. પાટણના શેઠ નગીનદાસ કરમચંદની ભાવના અનુસાર મહારાજશ્રીની નિશ્રામાં અમદાવાદથી કચ્છ ભદ્રેશ્વર યાત્રાનો સંઘ નીકળ્યો ગામેગામ ભવ્ય સ્વાગત થતું. મહારાજશ્રી ધ્રાંગધ્રા સુધી સંઘ સાથે જઇ અમદાવાદ પાછા ફર્યા અને સંઘે આગળ પ્રયાણ કર્યું. અમદાવાદમાં નંદનવિજયજી મહારાજને આચાર્યની પદવી આપવામાં આવી.

વિ. સં. ૧૯૮૩નું ચાતુર્માસ મહારાજશ્રીએ અમદાવાદમાં પાંજરાપોળના ઉપાશ્રયે કર્યું. આ ચાતુર્માસ યાદ રહી જાય એવું બન્યું કારણ કે આ વર્ષે ચોમાસામાં અમદાવાદમાં એટલો બધો વરસાદ પડ્યો કે જાણે જલપ્રલય ન હોય. લીલા દુકાળ જેવી સ્થિતિ થઇ. મહારાજશ્રીની અનુકંપાદષ્ટિ પણ એટલી જ સતેજ હતી. એમણે રાહત કાર્યો માટે અમદાવાદના શ્રેષ્ઠીઓને ભલામણ કરી અને જોતજોતામાં રૂપિયા ત્રણ લાખનું ફંડ થઇ ગયું. કેટલાયે સ્વયંસેવકો તૈયાર થયા અને સંકટગ્રસ્ત લોકોને અનાજ, કપડાં તથા જીવન જરૂરિયાતની સામગ્રી

વહેંચવામાં આવી. અનેક લોકોના દુઃખ ઓછાં થયાં. લોકસેવાનું એક મહત્ત્વનું ઉપયોગી કાર્ય થયું.

મહારાજશ્રીનો પ્રભાવ એવો હતો કે દરેક કાર્ય માટે ધાર્યા કરતાં નાણાં વધારે છલકાય. આ રાહત કાર્ય માટે પણ ઘણાં નાણાં આવ્યાં અને રાહતકાર્ય પૂરું થતાં સારી એવી રકમ બચી. સમયજ્ઞ મહારાજશ્રીએ શ્રેષ્ઠીઓ આગળ બીજો એક વિચાર મૂક્યો. અમદાવાદ જેવા મોટા શહેરમાં એકલા નોકરિયાત શ્રાવકો માટે તથા રોજેરોજ બહારગામથી કામપ્રસંગે અમદાવાદ આવનાર શ્રાવકો માટે જમવાની સગવડ નથી. એ માટે એક જૈન ભોજનશાળાની જરૂર છે. મહારાજશ્રીના વિચારનો તરત અમલ થયો અને પાંજરાપોળમાં જ જૈન ભોજનશાળાની સ્થાપના કરવામાં આવી.

ચાતુર્માસ પૂર્ણ થતાં મહારાજશ્રી ઢાળની પોળના જીર્ણોદ્ધાર થયેલ દેરાસરમાં પ્રતિષ્ઠા કરાવીને માતર પધાર્યા. ત્યાં પણ એમની પ્રેરણાથી જીર્ણોદ્ધાર થયેલા ૫૧ દેવકુલિકાવાળા સુમતિનાથ ભગવાનના દેરાસરમાં પ્રતિષ્ઠા વિધિ અઠ્ઠાઇ મહોત્સવ પૂર્વક થઇ. ત્યાંથી મહારાજશ્રી ખંભાત પધાર્યા અને ત્યાં પણ એમની પ્રેરણાથી જીર્ણોદ્ધાર થયેલા સ્થંભન પાર્શ્વનાથ ભગવાનના પ્રાચીન દેરાસરમાં અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમપૂર્વક થયો. આ પ્રસંગે લોકોમાં ધર્મભાવનાની ઘણી વૃદ્ધિ થઇ અને સંઘના અતિશય આગ્રહને કારણે મહારાજશ્રીએ વિ. સં. ૧૯૮૪નું ચાતુર્માસ ખંભાતમાં કરવાનું સ્વીકાર્યું.

આ જ સમયગાળામાં સમેતશિખરના તીર્થની માલિકીનો વિવાદ પણ ઊભો થયો હતો. અગાઉ એ આખો પહાડ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ પાલગંજના રાજા પાસેથી ખરીદી લીધો હતો. એ પહાડ ઉપર પૂજા વગેરેના હક વિશે વિવાદ થતાં એ બાબત હજારીબાગની કોર્ટમાં અને ત્યાર પછી પટણાની હાઇકોર્ટમાં ગઇ. મહારાજશ્રીના માર્ગદર્શન હેઠળ ભુલાભાઇ દેસાઇ, છોટાલાલ ત્રિકમલાલ, કેશવલાલ અમથાલાલ વગેરેએ કોર્ટમાં રજૂઆત કરતાં ચુકાદો પેઢીની તરફેણમાં આવ્યો હતો.

વિ. સં. ૧૯૮૫નું ચાતુર્માસ મહુવામાં નક્કી થયું હતું. મહારાજશ્રી વિહાર કરતા કરતા કદંબગિરિ આવી પહોંચ્યા. આ તીર્થના ઉદ્ધાર માટે મહારાજશ્રીની ભાવના ઉત્કટ હતી. જિનમંદિર માટે જમીન લેવા પૈસા આપનાર શ્રેષ્ઠીઓ તો ઘણા હતા, પરંતુ ગરાસિયાઓની સહિયારી જમીન મેળવવાનું કામ ઘણું અઘરું હતું. આવું કપરું કામ પણ બાહોશ વ્યક્તિઓએ બુદ્ધિ લડાવીને પાર પાડ્યું અને ગરાસિયાઓ પણ રાજી થયા. યોગ્ય મુહૂર્તે ખનનવિધિ, શિલારોપણ વગેરે થયાં અને જિનમંદિરના નિર્માણનું કાર્ય આગળ વધવા લાગ્યું. દરમિયાન મહારાજશ્રીએ મહુવાના ચાતુર્માસ દરમિયાન ત્યાં શ્રી યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમની સ્થાપનાના કાર્યને પણ વેગ આપ્યો.

વિ. સં. ૧૯૮૭નું વર્ષ ઐતિહાસિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું હતું. તિર્થાધિરાજ સિદ્ધગિરિ ઉપર છેલ્લો જીર્ણોદ્ધાર થયાને અને આદિશ્વર ભગવાનની પ્રતિમાની પ્રતિષ્ઠા થયાને ચારસો વર્ષ પૂરા થતાં આ ચારસોમી વર્ષગાંઠ ધામધૂમપૂર્વક ઉજવવા માટે અમદાવાદના શ્રેષ્ઠીઓમાં વિચારણા ચાલી હતી. અમદાવાદના ઘણા ખરા મિલ માલિકો જૈન હતા. અને ઊજવણીના દિવસે મિલો બંધ રાખવાનો તેઓએ ઠરાવ કર્યો હતો પરંતુ એ દિવસોમાં સત્યાગ્રહની લડત ચાલતી હતી અને ગાંધીજી સહિત કેટલાક સત્યાગ્રહીઓ કેદમાં હતા એ જોતા નવકારશીનો જમણવાર કરવા વિશે શ્રેષ્ઠીઓમાં બે જુદા જુદા મત પ્રવર્તતા હતા, પરંતુ મહારાજશ્રીની કુનેહભરી દરમિયાનગીરીથી એ વિવાદ ટળી ગયો હતો અને નવકારશી સારી રીતે થઇ હતી. એ દિવસે નગરશેઠના વંડે ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયો હતો. જેમાં હજારોની સંખ્યામાં માણસો ઉપસ્થિત રહ્યા હતા અને મોટી રથયાત્રા નીકળી હતી જેમાં સાધુ-સાધ્વીઓ અને શ્રાવકો શ્રાવિકાઓનો વિશાળ સમુદાય જોડાયો હતો. આમ શત્રુંજયતીર્થની ૪૦૦મી વર્ષગાંઠ અમદાવાદમાં અજોડ રીતે ઉજવાઇ હતી.

મહારાજશ્રીનું વિ. સં. ૧૯૮૮નું ચાતુર્માસ અમદાવાદમાં નક્કી થયું હતું. પરંતુ બોટાદથી સંદેશો આવ્યો. પૂ. વિજયનંદનસૂરિના વયોવૃદ્ધ સંસારી પિતાશ્રી હિમચંદભાઇ પથારીવશ છે અને એમની અંતરની ભાવના છે કે મહારાજશ્રી ચાતુર્માસ બોટાદમાં કરી એમને લાભ આપે. સંદેશો મળતાં જ તેના ગાંભીર્યનો અને યોગ્ય પાત્રની અંતિમ ભાવનાનો ખ્યાલ મહારાજશ્રીને આવી ગયો. એમણે દિવસોની ગણતરી કરી જોઇ. ભરઉનાળાના દિવસો છે. ચાતુર્માસ પ્રવેશને તેર દિવસની વાર છે. સવારસાંજ ઉગ્ર વિહાર કરવામાં આવે તો જ અમદાવાદથી બોટાદ પહોંચી શકાય. મહારાજશ્રીએ તત્કાલ નિર્ણય લઇ લીધો અમદાવાદના શ્રેષ્ઠીઓને નિર્ણય જણાવી દીધો અને પોતાના વિશાળ સાધુ સમુદાયને આજ્ઞા કરી દીધી કે સાંજે બોટાદ તરફ વિહાર કરવાનો છે. ત્રણેક કલાકમાં સમગ્ર સમુદાય તૈયાર થઇ ગયો. એ જોઇ વંદન માટે આવનારાં શ્રાવક-શ્રાવિકા આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયાં. મહારાજશ્રી પોતાના સમુદાય સાથે વિહાર કરતાં કરતાં નિશ્ચિત દિવસે બોટાદ આવી પહોંચ્યા. હિમચંદભાઇએ બહુ પ્રસન્નતા અનુભવી. ચાતુર્માસ ચાલું થયું. મહારાજશ્રીએ પથારીવશ હિમચંદભાઇ પાસે નિયમિત જઇને એમને અંતિમ આરાધના ઘણી સારી રીતે કરાવી. થોડા દિવસોમાં જ હિમચંદભાઇએ દેહ છોડ્યો. બોટાદ પહોંચવાનો પોતે યોગ્ય સમયે ત્વરિત નિર્ણય લઇ લીધો એથી મહારાજશ્રીને સંતોષ થયો.

વિ. સં. ૧૮૮૯માં મહારાજશ્રી કદંબગિરિ પધાર્યા. અહીં તૈયાર થયેલા નૂતન જિનાલયમાં અંજનશલાકા અને પ્રતિષ્ઠાનો મહોત્સવ હતો. ભાવનગર રાજ્ય તરફથી તંબૂઓ, પાણી વગેરેની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. સર પ્રભાશંકર પટણીએ જાતે દેખરેખ રાખી હતી, કાર્યક્રમની આગલી સાંજે ભયંકર વાવઝોડું થયું હતું, પરંતુ મંડપને કંઇ નુકસાન થયું નહોતું, કારણ કે સાવચેતીનાં પગલાં લેવામાં આવ્યાં હતાં, એક હજાર જેટલાં પ્રતિમાજી અંજનશલાકા માટે આવ્યાં હતાં. હજારો લોકો આ મંગલ ઉત્સવમાં ભાગ લેવા આવી પહોંચ્યા હતા. આ પ્રતિષ્ઠા મહોત્સવ સારી રીતે સંપન્ન થયા પછી મહારાજશ્રીએ ચાતુર્માસ ભાવનગરમાં કર્યું.

ભાવનગરના ચાતુર્માસ પછી વિહાર કરતા કરતા મહારાજશ્રી સપરિવાર અમદાવાદ પધાર્યા, વિ. સં. ૧૯૯૦માં અમદાવાદમાં મુનિસંમેલન યોજવાનું એમણે નક્કી કર્યું હતું. ચાતુર્માસ પછી ગુજરાત રાજસ્થાનમાંથી સર્વ સાધુસાધ્વી વિહાર કરી અમદાવાદ પહોંચી શકે એ દૃષ્ટિએ ફાગણ સુદ ત્રીજના સંમેલનનું આયોજન થયું હતું. , એ દિવસોમાં સાધુઓમાં શિથિલાચાર વધતો જતો હતો. દેવદ્રવ્ય, દીક્ષા પદવી, તિથિચર્ચા, તીર્થરક્ષા, સાધુ-સંસ્થામાં પ્રવેશેલી નિંદાકુથલી તથા આચારની શિથિલતા કરવાની જરૂર હતી. પદવીની દૃષ્ટિએ મહારાજશ્રી વિજયનેમિસૂરિ સૌથી મોટા હતા એટલે એમની નિશ્રામાં યોજવામાં આવેલા આ મુનિસંમેલનમાં ૪૫૦ આચાર્યાદિ સાધુ મહારાજો, ૭૦૦ સાધ્વીજીઓ ઉપસ્થિત રહ્યા હતા. ચોત્રીસ દિવસ ચાલેલા આ સંમેલનમાં પ્રત્યેક વિષયની ઉંડાણથી અને વ્યવસ્થિત રીતે

## દિવાળીબહેન મોહનલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી ચિખાદરા માટે રૂા. ૭૦૦૦૦નું દાન

અમને જણાવતા અત્યંત હર્ષ થાય છે કે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ-ચિખોદરા માટે એકત્ર થયેલ રકમ રૂા. ૧૦,૩૦૦૦૦નો ચેક અર્પણ કરવાનો વિધિ ચિખોદરા ખાતે રવિવાર, તા. ૨૫મી એપ્રિલ, ૧૯૯૩ના રોજ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે પધારેલા દાનવીર શેઠ **શ્રી મફતલાલ મોહનલા મહેતા** (મફતકાકા) એ આ રકમ રૂપિયા અગિયાર લાખ કરવાની ભલામણ કરી હતી અને તે માટે ખૂંટતા રૂા. ૭૦૦૦૦નું દાન પોતાના ટ્રસ્ટ **દિવાળીબહેન મોહનલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ** તરફથી જાહેર કર્યું હતું અને તદ્નુસાર રૂા. ૭૦,૦૦૦નો ચેક ચિખોદરાની આંખની હોસ્પિટલને આપવા માટે શ્રી મુંબઇ જૈન યુવક સંઘને મોકલી આપ્યો હતો. અમે શ્રી મફતકાકાને આ પ્રસંગે ખૂબ ખૂબ ધન્યવાદ આપીએ છીએ અને એમનો સહર્ષ આભાર માનીએ છીએ.

❑ મંત્રીઓ

વિચારણા થઇ હતી. તે સમયના મોટા મોટા આચાર્યો જેવા કે શ્રી વિજય દાનસૂરિ, શ્રી વિજય લબ્ધિસૂરિ, શ્રી સિદ્ધિસૂરિ, શ્રી વિજય પ્રેમસૂરિ, શ્રી વિજયનીતિસૂરિ, શ્રી સાગરાનંદસૂરિ, શ્રી વિજય ઉદયસૂરિ, શ્રી વિજય નંદનસૂરિ, શ્રી વિજય વલ્લભસૂરિ, પં. શ્રી રામવિજયજી, શ્રી પુણ્યવિજયજી, શ્રી વિદ્યાવિજયજી વગેરેએ આ સંમેલનમાં ભાગ લીધો હતો. આખી કાર્યવાહી અત્યંત વ્યવસ્થિત અને અનુશાસન અનુસાર હતી. સંમેલનમાં કરેલા ઠરાવોનો પટ્ટક બધાંને વાંચી સંભળાવવામાં આવ્યો હતો અને તે દરેકે અમલમાં મૂકવાનો હતો.

આ સંમેલનની સફળતામાં અમદાવાદના નગરશેઠ તથા અન્ય શ્રેષ્ઠીઓએ તન, મન, ધનથી સારો ભોગ આપ્યો હતો. મહારાજશ્રી વિજયનેમિસૂરિની નિશ્રામાં આટલા બધા સાધુઓ એકત્રિત થયા અને આટલા બધા દિવસ સાથે મળીને વિચારણા કરી એ જ દર્શાવે છે કે મહારાજશ્રીનું સ્થાન ચતુર્વિધ સંઘમાં કેટલું મોટું અને આદર ભર્યું હતું.

વિ. સં. ૧૯૯૦માં મહારાજશ્રીએ જાવાલમાં જિનમંદિરમાં પ્રતિષ્ઠા કરાવી અને ત્યાર પછી ચાતુર્માસ ત્યાં જ કર્યું. ચાતુર્માસ પછી મહારાજશ્રી અમદાવાદ પધાર્યા.

મહારાજશ્રીની એક મહત્ત્વની પ્રિય પ્રવૃત્તિ તે છ'રી પાળતો તીર્થયાત્રા સંઘ કાઢવાની હતી. એ દિવસોમાં તીર્થયાત્રા માટે એકલદોકલ જવાનું સરળ નહોતું. ઘણે સ્થળે રેલવે નહોતી. ચોરલૂંટારાનો ભય રહેતો. ખાવાપીવાની તથા રાત્રિ રોકાણની વ્યવસ્થાની ચિંતા રહેતી. સંઘ નીકળે તો સૌને લાભ મળે. સાધારણ સ્થિતિના લોકો સરળતાથી જોડાઇ શકતા. ગામેગામ ધર્મજાગૃતિ અને ધર્મપ્રભાવનાનાં કાર્યો થતાં.

મહારાજશ્રી જ્યારે અમદાવાદ પધાર્યા તે પહેલાં જાવાલમાં જઇને માણેકલાલ મનસુખભાઇ (માકુભાઇ શેઠ) એ ગિરનાર અને સિદ્ધાચલનો એક મોટો યાત્રાસંઘ કાઢવાની પોતાની ભાવના દર્શાવી. એમની દરખાસ્તનો મહારાજશ્રીએ સ્વીકાર કર્યો અને મહારાજશ્રી અમદાવાદ પધાર્યા એટલે એ માટે જોરદાર તૈયારીઓ ચાલી.

એમ કહેવાય છે કે મહારાજશ્રીની નિશ્રામાં વિ. સં. ૧૯૯૧માં નીકળેલા આ યાત્રા સંઘ જેવો યાત્રાસંઘ હજુ સુધી નીકળ્યો નથી. અમદાવાદથી ગિરનારની યાત્રા કરીને પછી સિદ્ધાચલજીની યાત્રા કરનાર, લગભગ દોઢ મહિનો ચાલેલા આ સંઘમાં તેર હજારથી વધુ છ'રી પાળતા યાત્રિકો જોડાયા હતા. ૨૭૫ મુનિ ભગવંતો, ૪૦૦થી અધિક સાધ્વીજી મહારાજ, ૮૫૦ બળદગાડી, ૧૩૦૦ જેટલાં મોટર, બસ, ખટારા વગેરે અન્ય વાહનો વગેરે હતાં. વ્યવસ્થાપકો, અન્ય શ્રાવકો, નોકર ચાકરો મળી વીસ હજારનો કાફલો એક સ્થળેથી બીજે સ્થળે પડાવ નાખી આગળ વધતો હતો. જે જે રાજ્યમાંથી સંઘ પસાર થતો તે તે રાજ્યના રાજવી સામેથી સ્વાગત કરવા આવતા. ગોંડલ રાજ્યમાં કોઇપણ ધર્મના યાત્રાસંઘ ઉપર વેરો હતો. એટલે આ સંઘે ગોંડલના સમાવેશ નહોતો કર્યો. પરંતુ રાજ્યે યાત્રા કર માફ કરીને સંઘને ગોંડલ પધારવાનો ખાસ આગ્રહ કર્યો હતો. રાજ્યની ઇચ્છાને માન આપીને સંઘે ગોંડલમાં મુકામ કર્યો હતો. આ સંઘમાં વિવિધ પ્રકારની મોટી મોટી ઉછામણી થઇ હતી અને ઘણા શ્રેષ્ઠીઓએ સારો લાભ લીધો હતો. એ દિવસોમાં સંઘપતિને આ સંઘ પાછળ આઠલાખ રૂપિયાનો ખર્ચ થયો હતું એ ઉપરથી પણ આ સંઘ કેવો યાદગાર બન્યો હશે તેની કલ્પના કરી શકાય.

મહારાજશ્રી કદંબગિરિથી મહુવા પધાર્યા. તે વખતે અમદાવાદના એક દંપતીએ મહારાજશ્રી પાસે દીક્ષા લેવાનો પ્રસ્તાવ મૂક્યો એ માટે મહારાજશ્રી મહુવાથી વિહાર કરી અમદાવાદ પધાર્યા. મહારાજશ્રીના હસ્તે દીક્ષિત થયેલા બધા શિષ્યોનો પરિચય આપવાનું અહીં શક્ય નથી. પણ આ એક શિષ્યનો પરિચય અવશ્ય આપવા જેવો છે. એ શિષ્ય તે મુનિ રત્નપ્રભવિજય. સંસારી અવસ્થામાં તેઓ ડૉક્ટર હતા. એ જમાનામાં તેઓ અભ્યાસાર્થે યુરોપ અમેરિકા સ્ટીમરમાં બે વખત જઇ આવેલા. તેઓ એમ. ડી. થયેલા ડૉક્ટર હતા. તેમનું નામ ત્રિકમલાલ અમથાલાલ શાહ હતું. એમના વડિલ બંધુએ મહારાજશ્રી પાસે દીક્ષા લીધી હતી. અને એમનું નામ મુનિ સુભદ્રવિજય રાખવામાં આવ્યું હતું. મુનિ સુભદ્રવિજય નાની ઉંમરમાં કાળધર્મ પામ્યા. એથી ડૉક્ટરના હૃદયમાં વૈરાગ્ય પ્રગટ્યો. પોતાની ધીકતી કમાણી છોડીને એમણે, અને એમના પત્નીએ મહારાજશ્રી પાસે દીક્ષા લીધી. મુનિ રત્નપ્રભવિજયજી અંગ્રેજી ભાષા ઉપર સારું પ્રભુત્વ ધરાવતા હતા. એટલે મહારાજશ્રીની પ્રેરણાથી એમણે ભગવાન મહાવીરના જીવન વિશે આઠ દળદાર વોલ્યૂમ જેટલો મોટો ગ્રંથ અંગ્રેજીમાં પ્રગટ કર્યો હતો.

જામનગરના શેઠ પોપટલાલ ધારશીએ જ્યારથી અમદાવાદના શેઠ માકુભાઇનો યાત્રાસંઘ જોયો ત્યારથી તેમની ભાવના સંઘ કાઢવાની હતી. એમણે એ માટે સાગરજી મહારાજને વિનંતી કરેલી. સાગરજી મહારાજે કહેલું કે તમારે યાત્રાસંઘ દીપાવવો હોય તો શ્રી વિજયનેમિસૂરિને વિનંતી કરવી જોઇએ. એ મુજબ શેઠ પોપટલાલ અમદાવાદ આવી મહારાજશ્રીને આગ્રહભરી વિનંતી કરી ગયા. એટલે મહારાજશ્રીએ વિ. સં. ૧૯૯૩નું ચાતુર્માસ જામનગરમાં કર્યું અને ચાતુર્માસ પૂર્ણ થતાં સિદ્ધાચલજીનો છ'રી પાળતો સંઘ કાઢવામાં આવ્યો હતો.

મહારાજશ્રીએ ત્યાર પછી પાલિતાણા, ભાવનગર, વળા વગેરે સ્થળે ચાતુર્માસ કર્યા. પોતે જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં તીર્થોદ્ધાર, સંઘયાત્રા, પ્રતિષ્ઠામહોત્સવ, દીક્ષા-પદવી મહોત્સવ ઇત્યાદિ પ્રકારનાં કાર્યો થતાં રહ્યાં. મહારાજશ્રી પાસે રોજ કેટલાયે માણસો વંદનાર્થે તથા સંઘના કાર્યો માટે આવતા.

ખંભાતથી મહારાજશ્રી અમદાવાદ પધાર્યા. ત્યાં જૈન મર્ચન્ટ સોસાયટીમાં દેરાસરમાં પ્રતિષ્ઠા કરાવી. ત્યાર પછી શેરીસા તથા વામજમાં પ્રતિષ્ઠા કરાવી. વિ. સં. ૨૦૦૩નું ચાતુર્માસ સાબરમતીમાં અને ૨૦૦૪નું ચાતુર્માસ વઢવાણમાં મહારાજશ્રીએ કર્યું. હવે એમની તબિયત બગડતી જતી હતી. વારંવાર ચક્કર આવી જતાં હતાં. પહેલાં જેવો વિહાર હવે થતો નહોતો. વઢવાણમાં તથા બોટાદમાં પ્રતિષ્ઠા કરાવી મહારાજશ્રી કદંબગિરિ પધાર્યા.

મહારાજશ્રી રોહિશાળાથી વિહાર કરીને કદમ્બગિરિ પધાર્યા. એમની તબિયત હવે દિવસે દિવસે ક્ષીણ થતી જતી હતી. એક દિવસ સાંજે મહારાજશ્રીને મનમાં એવો ભાવ જાગ્યો કે 'આ સાલનું ચાતુર્માસ કદમ્બગિરિમાં કરીએ તો કેવું સારું !' આ તીર્થનો ઉદ્ધાર એમના હસ્તે થયો હતો. એટલે તીર્થભૂમિ પ્રત્યે આત્મીયતા બંધાઇ ગઇ હતી કદમ્બગિરિમાં ચાતુર્માસ કરવાના વિચારને એમના મુખ્ય શિષ્યો શ્રી ઉદયસૂરિ અને શ્રી નંદનસૂરિએ વધાવી લીધો. ચાતુર્માસ નક્કી થતાં એના સમાચાર પાલિતાણા, ભાવનગર, મહુવા, જેસર, તળાજા, અમદાવાદ વગેરે સ્થળે પહોંચી ગયા. મહારાજશ્રીની નિશ્રામાં

## સ્વ. જોરમલ મંગળજી મહેતા

સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય અને સંઘના એક સંનિષ્ઠ કાર્યકર શ્રી જોરમલ મંગળજી મહેતાનું સીત્તેર વર્ષની ઉંમરે મુંબઇમાં અવસાન થયું છે. એમના અવસાનથી સંઘને અને સર્વ મિત્રોને મોટી ખોટ પડી છે.

આજીવન ખાદીધારી સ્વ. જોરમલભાઇ અત્યંત શાંત સ્વભાવના, નિરાભિમાની, સેવાભાવી અને સાંસ્કારિક પ્રવૃત્તિઓમાં ઊંડો રસ ધરાવનારા હતા. સંઘને દાન આપવામાં અને દાન મેળવી આપવામાં તેઓ બહુ ઉત્સાહી રહેતા.

સ્વ. જોરમલભાઇએ પોતાના પિતાશ્રી સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતાના સ્મરણાર્થે સંઘના ઉપક્રમે ત્રણ વ્યાખ્યાનોનું વિદ્યાસત્ર પ્રતિવર્ષ યોજવા માટે માતબર રકમનું દાન સોળ વર્ષ પહેલાં આપ્યું હતું. આ યોજના હેઠળ સંઘના ઉપક્રમે પ્રતિવર્ષ સાહિત્ય અને શિક્ષણ વિશે સુંદર વ્યાખ્યાનો યોજાતા રહ્યાં છે. સ્વ. મંગળજી મહેતા (મંગળજીકાકા) પણ સંઘના એક સંનિષ્ઠ અને ઉત્સાહી કાર્યકર હતા. આઝાદીની લડતમાં એમણે સક્રિય ભાગ લીધો હતો. સ્વ. પરમાનંદ કાપડિયાના તેઓ ઘનિષ્ઠ મિત્ર હતા.

સ્વ. જોરમલભાઇ મહેતાના અવસાનથી અમે ઉમદા મિત્ર ગુમાવ્યાનું દુઃખ અનુભવ્યું છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપો એવી પ્રાર્થના.

❑મંત્રીઓ

ચાતુર્માસ કરવા માટે કેટલાય વ્રતધારી શ્રાવકોએ કદમ્બગિરિ જવાનો નિર્ણય કર્યો.

આ નિર્ણયની જાહેરાત થતાં મહુવાના અગ્રણી શ્રાવકોમાં વળી એક નવો વિચાર સ્ફૂર્યો. તેઓને એમ થયું કે પોતાના વતનના આ પનોતા પુત્રે ઘણા વર્ષોથી મહુવામાં ચાતુર્માસ કર્યું નથી. તો તે માટે વિનંતી કરવી. એટલે મહુવાના સંઘના આગેવાનો કદમ્બગિરિ મહારાજશ્રી પાસે પહોંચ્યા અને ચાતુર્માસ મહુવામાં જ કરવા માટે હઠપૂર્વક આગ્રહ કર્યો. વળી તેઓએ મહારાજશ્રીને જણાવ્યું કે આપની જ પ્રેરણાથી મહુવામાં બે નૂતન જિન મંદિરો થયાં છે. એનું કામ પૂરું થવામાં છે. માટે એમાં પ્રતિષ્ઠા પણ આપના હસ્તે જ કરાવવાની ભાવના છે.

મહુવાનાં સંઘનો આગ્રહ એટલો બધો હતો કે મહારાજશ્રી એ વિનંતીનો અસ્વીકાર કરી શક્યા નહિ. પરંતુ મહારાજશ્રીએ કહ્યું, 'હું મહુવા આવું તો છું પણ પ્રતિષ્ઠા મારે હાથે થવાની નથી.' મહારાજશ્રીના આ વચનમાં જાણે કોઇ અકળ ભાવિની આગાહી થતી હતી.

ત્યારપછી મહારાજશ્રીએ ચૈત્ર માસના કૃષ્ણ પક્ષમાં કદમ્બગિરિથી ડોળીમાં વિહાર કર્યો અને પંદરેક દિવસમાં તેઓ મહુવા પધાર્યા. મહુવાના નગરજનોએ જૈન અજૈન સર્વ લોકોએ ભાવોલ્લાસપૂર્વક ભવ્ય સામૈયું કર્યું. મહુવા બંદર હોવાને કારણે વૈશાખ મહિનાની ગરમી મહારાજશ્રીને એટલી નડી નહી.

શરીરની અશક્તિ અને અસ્વસ્થતાને કારણે વ્યાખ્યાનની જવાબદારી મહારાજશ્રીના ત્રણ મુખ્ય શિષ્યો શ્રી ઉદયસૂરિ, શ્રી નંદનસૂરિ અને શ્રી અમૃતસૂરિએ સ્વીકારી લીધી હતી. પર્યુષણ પર્વની આરાધના પણ સારી રીતે ચાલવા લાગી. પર્યુષણના ચોથા દિવસે બપોરે આકાશમાં સૂરજની આસપાસ ભૂખરા રંગનું જાણે એક કુંડાળું રચાયું હોય તેવું જણાયું આ એક અશુભ સંકેત હતો. 'આકાશે કુંડું અને મલકમાં ભૂંડું' એવી લોકવાયકા પ્રચલિત છે. સંવત્સરીનો દિવસ સારી રીતે પસાર થયો, પરંતુ સાંજે ગામ બહાર વંડાની ઓસરીમાં સંઘના શ્રાવકો સંવત્સરી પ્રતિક્રમણ કરતા હતા તે વખતે વડની એક મુખ્ય ડાળ ભયાનક કડાકા સાથે તૂટી પડી. સદ્ભાગ્યે કોઇને કશી ઇજા થઇ નહિ. પરંતુ આ પણ એક અશુભ સંકેત હતો.

પર્યુષણ પર્વ પૂરાં થયા. હવે પ્રતિષ્ઠાની તૈયારી ચાલવા લાગી. તે અંગે વાટાઘાટ કરવા અમદાવાદના કેટલાક શ્રેષ્ઠીવર્ય મહારાજશ્રીને મળવા આવી ગયા. ભાદરવા વદ અમાસની રાત્રે આકાશમાંથી એક મોટો તારો ખર્યો અને ધડાકા જેવો અવાજ થયો. આ પણ એક અશુભ સંકેત હતો. જાણે કોઇ મહાપુરુષનો વિયોગ ન થવાનો હોય ! એ જ દિવસે રાત્રે બજારમાં પાન સોપારીની દુકાન ધરાવતા એક ભાઇને એવું સ્વપ્ન આવ્યું કે પૂજ્ય નેમિસૂરિદાદાની સ્મશાનયાત્રા બેન્ડવાજા સાથે નીકળી છે અને હજારો માણસો તેમાં જોડાયા છે. એ બધા જેમ જેમ પોતાની દુકાન પાસેથી પસાર થતા ગયા તેમ તેમ પોતે તેઓને ચા પીવડાવેલી.

આસો મહિનાની ઓળીના દિવસો નિર્વિઘ્ને પસાર થઈ ગયા. ત્યાર પછી એક દિવસ મહારાજશ્રી ઠલ્લે જઈને પાછા ફરતાં હતાં ત્યારે તેમને ટેકો આપવા માટે શ્રી ઉદયસૂરિ અને શ્રી નંદનસૂરિ સાથે હતા, તો પણ અચાનક સમતુલા ગુમાવતાં મહારાજશ્રી પડી ગયા. એમના પગે મૂઢ માર વાગ્યો. એના ઉપચારો ચાલુ થયા. તેવામાં મહારાજશ્રી ને શરદી અને ખાંસી થયાં. વળી તેમને તાવ પણ આવવા લાગ્યો. કોઈ કોઇ વખત ઊલટી પણ થવા લાગી. મહારાજશ્રીની શારીરિક અસ્વસ્થતા વધતી જતી હતી, પરંતુ મનથી તેઓ સ્વસ્થ, શાંત અને પ્રસન્ન હતા. શ્રી નંદનસૂરિએ જ્યારે કહ્યું કે 'પરમ દિવસે દિવાળી છે અને પછી બેસતા વર્ષે આપનો જન્મ દિવસ આવે છે,' ત્યારે મહારાજશ્રીએ કહ્યું આપણે ક્યાં હવે દિવાળી જોવાની છે ? પોતાનો અંતિમકાળ જાણે આવી પહોંચ્યો છે એ રીતે મહારાજશ્રીએ શ્રી નંદનસૂરિને પ્રતિષ્ઠા અંગે તથા બીજાં કેટલાંક કાર્યો અંગે સૂચનાઓ આપી.

મહારાજશ્રીનો તાવ ઊતરતો નહોતો. એમનું હૃદય નબળું પડતું જતું હતું. એ માટે ડૉક્ટરોએ ઈન્જેકશન આપવાની વાત કરી. પરંતુ મહારાજશ્રીએ ઇન્જેકશન લેવાની સ્પષ્ટ ના પાડી. જિંદગીમાં તેઓએ કોઇ દિવસ ઇન્જેકશન લીધું ન હતું. મહારાજશ્રીની વાત ડૉક્ટરે સ્વીકારી એટલે મહારાજશ્રીએ નંદનસૂરિને કહ્યું કે 'ડૉક્ટર કેટલા ભલા છે કે મારી મરજી વિરુદ્ધ કશું કરવાનો આગ્રહ રાખતા નથી.'

દિવાળીનો દિવસ આવ્યો. મહારાજશ્રીએ પોતાના શિષ્યોને કહી દીધું કે એ દિવસે પોતે પાણી સિવાય બીજુ કશું વાપરવા ઇચ્છતા નથી. મહારાજશ્રીની ગંભીર બનતી જતી તબિયતના સમાચાર સાંભળીને એમનાં દર્શન માટે નગરના જૈન-જૈનેતર લોકો આવવા લાગ્યા. ડૉકટરો પણ આવી પહોંચ્યા. હૃદયની બીમારીને કારણે ઇન્જેકશન આપવાની જરૂર ડૉકટરોને જણાઇ. પરંતુ નંદનસૂરિ મહારાજે ડૉકટરોને મહારાજશ્રીની ભાવના જણાવી અને ઇન્જેકશન ન આપવું તેમ નક્કી કર્યું. સાંજનું પ્રતિક્રમણ શ્રી નંદનસૂરિ તથા શ્રી ધુરંધર વિજયજીએ મહારાજશ્રીને સારી રીતે કરાવ્યું. સંથારા પોરિસીની ક્રિયા પણ સારી રીતે થઇ. સંસારના સર્વજીવો સાથે ક્ષમાપના પણ થઇ ગઇ.

મહારાજશ્રીની આવી અંતિમ સમયની ગંભીર બીમારીને લક્ષમાં લઇ ત્યાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા વિશાળ સમુદાયમાં ઉપસ્થિત થઇ ગયું અને સર્વે મહારાજશ્રીના સ્વાસ્થ્ય માટે નવકાર મંત્રની ધૂન મચાવી. સાંજે સાત વાગે મહારાજશ્રીએ શાંતિપૂર્વક, સમાધિપૂર્વક દેહ છોડ્યો.

મહારાજશ્રીએ પોતાના ૭૭માં વર્ષનો જાણે કે આ છેલ્લો દિવસ પૂરો કર્યો.

મહારાજશ્રીના કાળધર્મના સમાચાર જોત જોતામાં ચારે બાજુ પ્રસરી ગયા. તદ્દુપરાંત તે રાત્રે જુદા જુદા નગરોના સંઘોને તાર કરવામાં આવ્યા. ચારસો જેટલા તાર તે રાત્રે થયા અને બીજા ત્રણસો જેટલા તાર બીજા દિવસે થયા. સમાચાર મળતાં જ મહારાજશ્રીના હજારો ભક્તો મહુવા આવી પહોંચ્યા.

વિ. સં. ૨૦૦૬ના કારતક સુદ-એકમના દિવસે શનિવારે નૂતન વર્ષના પ્રભાતે મહારાજશ્રીના દેહને પાલખીમાં બિરાજમાન કરવામાં આવ્યો. બેન્ડવાજા સાથે ભવ્ય પાલખી-અંતિમ યાત્રા નીકળી. ગામ બહાર નક્કી કરેલા, પ્રમાર્જિત કરેલા સ્થળે મહારાજશ્રીના દેહને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા. દેહ પૂરો બળતાં ઠીક ઠીક વાર લાગી. જે સમયે ચિતા પૂરી સળગી રહી તે મહારાજશ્રીનો જન્મ સમય વીસ ઘડી અને પંદર પળનો હતો. જાણે એમાં પણ કોઇ સંકેત રહેલો હશે !

મહારાજશ્રીનો જન્મ મહુવામાં અને તેઓ કાળધર્મ પણ મહુવામાં પામ્યા. એમનો દેહનું અવતરણ કારતક સુદ-એકમ ને શનિવારે, દિવસે વીસ ઘડી અને પંદર પળે થયું હતું. તેમના દેહનું વિસર્જન પણ કારતક સુદ-એકમ ને શનિવારે વીસ ઘડી અને પંદર પળના સમયે થયું. આવો યોગાનુયોગ તો કોઇ વિરલ વ્યક્તિના જીવનમાં જ જોવા મળે.

આમ, મહારાજશ્રી વિજયનેમિસૂરીશ્વરજીનું જીવન અનેક ઘટનાંઓથી સભર છે. એક વ્યક્તિ પોતાના જીવનકાળ દરમિયાન, જાતે અકિંચન રહી, કડક સંયમપાલન કરી, અનેકને પ્રતિબોધ પમાડી શાસનોન્નતિનું કેવું અને કેટલું ભગીરથ કાર્ય કરી શકે છે તે મહારાજશ્રીના પ્રેરક પવિત્ર જીવન ઉપરથી જોઇ શકાય છે.

એવા એ ભવ્યાત્માનું સ્મરણ પણ આપણે માટે ઉપકારક બને છે. એમને કોટિ કોટિ વંદના !

[* આધાર ગ્રંથો (૧) શાસન સમ્રાટ-લે. શ્રી શીલચંદ્રવિજયજી (૨) નેમિસૌરભ ભાગ ૧-૨, લે. શ્રી મફતલાલ સંઘવી]

❑❑❑

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● ● સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૪ ● અંક : ૬ ● ● તા. ૧૬-૬-૧૯૯૩ ● ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## લેડી નિકોટિન સાથે છૂટાછેડા

કેટલાક સંબંધો લગ્નમાં પરિણમે તો તે વધુ સુખ આપનારા નીવડે છે. કેટલાક લગ્નસંબંધો છૂટાછેડામાં પરિણમે તો તે વધુ સુખ આપનારા નીવડે છે. લેડી નિકોટિન સાથે પ્રેમસંબંધ જેટલો સુખ આપનારો છે તેના કરતાં છૂટાછેડા વધુ સુખ આપનારા છે. જેઓએ લેડી નિકોટિન સાથે કોઇ પ્રેમસંબંધ બાંધ્યો નથી તે તો વળી એથી પણ વધુ સુખી છે.

કોણ છે આ લેડી નિકોટિન ? એ છે તમાકુ (તમાખુ, તંબાકુ Tobacco ) તમાકુને લાડમાં 'લેડી નિકોટિન' કહેવામાં આવે છે અને એની રસિક દંતકથા છે. વર્લ્ડ હેલ્થ ઓરગેનાઇઝેશન તરફથી છેલ્લાં કેટલાંક વર્ષથી ૩૧મી મે (અથવા કેટલાક દેશોમાં પહેલી જૂન) 'No Tobacco Day' (તમાકુવિહીન દિન-તમાકુ નિષેધ દિન) તરીકે ઊજવવામાં આવે છે. આ વર્ષે દુનિયામાં તમાકુના પ્રચારનાં પાંચસો વર્ષ પૂરાં થયાં છે. આ પાંચ સૈકા દરમિયાન તમાકુનો ઉત્તરોત્તર પ્રચાર વધતો જ ચાલ્યો છે. આ વિષકન્યા જેવા ઘાતક પદાર્થથી આ પાંચ સૈકામાં પાંચ અબજથી વધુ માણસો અકાળે મૃત્યુ પામ્યા છે, છતાં આ Silent Killerનું આકર્ષણ જેટલું ઘટવું જોઇએ તેટલું ઘટ્યું નથી. વર્લ્ડ હેલ્થ ઓરગેનાઇજેશન તથા અન્ય દેશોની કેટલીક સંસ્થાઓ દ્વારા થતી એક દિવસની આવી ઉજવણીથી બહુ ફરક પડતો નથી. દુનિયાની પોણા ભાગની વસતીને આ દિનની ઉજવણીની ખબર જ પડતી નથી. તો પણ આ દિશામાં ઘણી જાગૃત્તિ આવતી જાય છે અને તમાકુના વપરાશને અટકાવવા જાહેરખબરો, વ્યાખ્યાનો, પરિસંવાદો દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં આવતી જાય છે એ સારી નિશાની છે.

આ સિગરેટ-તમાકુ આવ્યાં ક્યાંથી ?

વેદો, રામાયણ, મહાભારત, ભગવદ્‌ગીતા, ભાગવત, કાલિદાસનાં નાટકો, જૈન આગમો, બૌદ્ધ ત્રિપિટકો, ગ્રીક નાટકો વગેરેમાં તમાકુનો ક્યાંય ઉલ્લેખ મળતો નથી.

તમાકુ-Tobacco-આવ્યું દક્ષિણ અમેરિકામાંથી, કેરિબિયન સમુદ્રના ટાપુઓમાંથી.

ઇ. સ. ૧૪૯૨માં કોલંબસે અમેરિકાનો ખંડ શોધ્યો તે વખતે કેરિબિયન સમુદ્રના હાઇટી, ક્યુબા વગેરે ટાપુઓ ઉપર ત્યાંના આદિવાસીઓને કેટલાક છોડના પાન ચાવતા, તેનો ભૂકો સૂંઘતા કે તેની ભૂગળી બનાવીને ધુમાડો મોંઢામાંથી કાઢતા જોયા. એથી તેઓનો થાક ઊતરી જતો હતો, શરીરમાં સ્ફુર્તિ લાગતી હતી, મન તાજું થઇ જતું જણાતું. આથી કોલંબસને આવો સરસ છોડ યુરોપમાં લઇ આવનાનું મન થયું. બીજી વારની અમેરિકાની સફર દરમિયાન કોલંબસના સાથીદાર ફાયર રોમાનો પાનેએ એ છોડનાં બી સાચવીને સ્પેન લઇ આવવાની વ્યવસ્થા કરી. પછી તો સ્પેન, પોર્ટુગલના ખલાસીઓ તમાકુની સાથે કોકા-(કોકેઇન) પણ યુરોપમાં લઇ આવ્યા. સોળમાં સૈકામાં તો સમગ્ર યુરોપને તમાકુનો નાદ લાગ્યો.

દક્ષિણ અમેરિકાના આદિવાસીઓ તમાકુનો ઉપયોગ દવા તરીકે કરતા તથા નશો કરવાનો પોતાનો શોખ સંતોષવા માટે કરતા. એમના જીવનમાં તમાકુનું સ્થાન એક દૈવી ઔષધિ જેવું હતું. એટલે લગ્ન પ્રસંગ કે અન્ય ધાર્મિક પ્રસંગોએ તમાકુનાં મોટાં પાનનો વિવિધ રીતે તેઓ ઉપયોગ કરતા. તેઓ તમાકુનો ધુમાડો એક નળી વાટે નાક દ્વારા લેતા. એ નળીને તેઓ 'ટબાકો' કહેતા. તમાકુ માટે તેઓમાં બીજો જ કોઇ શબ્દ વપરાતો હતો. પણ સ્પેનિયાર્ડ લોકોને 'ટબાકો' શબ્દનો ઉચ્ચાર ફાવી ગયો. એટલે તેઓ તમાકુને માટે ' ટોબેકો' (નળી) શબ્દ વાપરવા લાગ્યા.

સ્પેન અને પોર્ટુગલમાં તમાકુનો પ્રચાર વધતો ગયો એટલે આવી નવી અકસીર વસ્તુ માટેની ઉત્સુકતા યુરોપના બીજા દેશોને વધી ગઇ. સ્પેનનો ફ્રાન્સિસ્કો તોલેજો નામનો વેપારી યુરોપના બીજા દેશોમાં તમાકુ લઇ ગયો અને ઘણું સારું ધન કમાયો. કેટલાક વખત પછી સર વોલ્ટર રેલિંગે કાગળની ભૂંગળીવાળી સિગરેટની શોધ કરી.

યુરોપમાં સોળમા સૈકામાં તો તમાકુને માટે 'માય લેડી નિકોટિન' જેવું હુલામણું નામ પ્રચલિત બની ગયું. એની કથા એવી છે કે સોળમા સૈકામાં પોર્ટુગલનું પાટનગર લિસ્બન તમાકુના વેપારનું મોટું કેન્દ્ર બની ગયું હતું. તે વખતે પોર્ટુગલમાં ફ્રાન્સના એલચી તરીકે લોર્ડ જિયાં નિકોટની નિમણુક થઇ. પોર્ટુગલમાં આવ્યા પછી તમાકુની માદકતા એને એટલી આકર્ષવા લાગી કે જાણે એ એની વહાલી લેડી ન હોય ! પોતાની લેડી વગર થોડા દિવસ કદાચ ચાલે, પણ તમાકુ વગર એને એક દિવસ ચાલતું નહિ. એ તમાકુને My Lady Nicotine કહેતો. એટલે લોકોએ મજાકમાં તમાકુનું નામ લેડી નિકોટિન પાડી દીધું. તમાકુની બનાવેલી સિગરેટ, ચિરુટ, સિગાર વગેરે પણ નારીવાચક શબ્દો હોવાથી અને હોઠ સાથે એનો સંબંધ હોવાથી એને માટે 'લેડી નિકોટિન' જેવો લાડકો શબ્દપ્રયોગ રૂઢ થઇ ગયો. લોર્ડ નિકોટ તમાકુને ફ્રાન્સમાં લઇ આવ્યો. નિકોટ ઉપરથી હવે તમાકુ માટે નિકોટિન શબ્દ એટલો બધો પ્રચલિત થઇ ગયો કે વખત જતાં તમાકુના મુખ્ય રાસાયણિક પદાર્થને વૈજ્ઞાનિકોએ પણ નિકોટિન નામ આપ્યું.

પોર્ટુગીઝ અને સ્પેનિયાર્ડ ખલાસીઓ ત્યાર પછી તમાકુને આફ્રિકા અને એશિયાના દેશોમાં લઇ ગયા. ભારત ઉપરાંત ઠેઠ ચીન, ફિલિપાઇન્સ અને ઇન્ડોનેશિયા સુધી તમાકુ પહોંચ્યું. આ નવી વસ્તુને દુનિયામાં ઠેર ઠેર આવકાર મળ્યો. લોકો તમાકુના વખાણ કરતાં થાકતા નહિ. એક અંગ્રેજ લેખકે લખ્યું કે Tobacco, divine, rare, super-excellent, tobacco, which goes far beyond all panaceas, potable gold and philosopher's stone, a soverign remedy to all diseases.

યુરોપમાંથી ભારતમાં પણ તમાકુ આવ્યું. સૂર્યપ્રકાશવાળી ભારતીય ગરમ આબોહવા તમાકુ માટે વધુ અનુકૂળ લાગી. તમાકુના વ્યવસાયે અનેક લોકોને શ્રીમંત કરી નાખ્યા. એટલું જ નહિ, ભારતીય પંડિતોએ પણ તમાકુને ઘણું બિરદાવ્યું. કોઇકે એને પૃથ્વીના સારભૂત તત્ત્વ તરીકે તો કોઇકે એને ભગવાન વિષ્ણુના ઉચ્છિષ્ટ તરીકે ઓળખાવ્યું. જુઓ :

बिडौजा पुरा पृष्ठवान् पद्मयोनिं
धरित्रीतले सारभूतं किमस्ति ।

સિગરેટથી બીજી સિગરેટ સળગાવી લે છે. કેટલાક આવા Chain Smokers એવા પ્રમાદી હોય છે કે વાતચીત કરતી વખતે પણ તેઓને મોઢાંમાંથી સિગરેટ કાઢવાનું મન થતું નથી. આવા વ્યસનીઓ એવી કુશળતા કેળવે છે કે હોઠના એક ખુણામાં પડી પડી સિગરેટ પીવાતી જાય, ધુમાડા નીકળતા જાય અને સાથે સાથે વાતચીત પણ કરતા જાય. વ્યસનીઓમાં આ ઘણી અઘરી કળા છે, પરંતુ તે અશક્ય નથી.

તંબાકુનું જેને વ્યસન હોય એવી વ્યક્તિઓમાં સ્વચ્છતાની સભાનતા હોવા છતાં સંજોગવશાત કેટલીક એવી ટેવો પડી જાય છે કે જે અસ્વચ્છતામાં પરિણમે છે. જેઓ પાનમાં અથવા પાન વગર તંબાકુ ખાય છે તેઓને થોડી થોડી વારે થૂંકવું પડે છે. ઘણા માણસો તમાકુવાળુ પાન ખાઇ મોંઢામાંથી લાલરંગની પિચકારી મારતા હોય છે. થૂંકવાની તરત અનુકૂળતા ન હોય તો માણસ દાદરામાં, બારી બહાર કે કોઇ ખૂણામાં થૂંકી દે છે. બીડી-સિગરેટ પીનારને તરત એશટ્રે ન મળે તો ગમે ત્યાં નાખી પગ નીચે દબાવી દે છે અથવા જમીન કે દીવાલ ઉપર ઘસીને ઓલવી નાખે છે. તપખીર સૂંઘનારને નાક સાફ કરતી વખતે રૂમાલ કે વસ્ત્રનો છેડો બગાડવો પડે છે, આમ તંબાકુના વ્યસનીઓમાં કુદરતી રીતે કેટલીક ગંદી ટેવો આવી જાય છે. આથી જ જૂના વખતમાં એવી લોકોક્તિ પ્રચલિત હતી કે :

ખાય તેનો ખૂણો, પીએ તેનું ઘર;
સૂંઘે તેના લૂગડાં, એ ત્રણે બરાબર.

સિગરેટ પીનારનું મોંઢું ગંધાય છે, એના દાંત અને હોઠ કાળા પડી જાય છે. શરૂઆતમાં તો કડક સિગરેટ પીતાં કેટલાકને ચક્કર પણ આવે છે. પીવાથી ખાંસી ચાલુ થાય છે, ફેફસાં બગડે છે અને સિગરેટને કારણે ગળાના કે ફેફસાંના કેન્સરની જીવલેણ બીમારી ચાલુ થાય છે.

તમાકુમાં નિકોટિન તત્ત્વ સૌથી વધુ ખતરનાક છે. તે વધુ પ્રમાણમાં એક સાથે લેવામાં આવે તો ઝેર સમાન છે. એવા પ્રયોગ પણ થયા છે કે તમાકુનો પ્રવાહી સઘન અર્ક કાઢી એનું એક ટીંપુ ઝેરી નાગના મુખમાં નાખવામાં આવે તો નાગ મરી જાય છે. એવા અર્કનું ઇન્જેકશન માણસને આપવામાં આવે તો માણસ બેભાન થઇ જાય અથવા મૃત્યુ પામે. નિકોટિન ધીમું ઝેર છે એ તો સિદ્ધ થયેલું વૈજ્ઞાનિક સત્ય છે. તંબાકુમાં નિકોટિન ઉપરાંત બીજા કેટલાંક ઝેરી તત્ત્વો પણ છે.

સિગરેટ પીનારા વિશે સર્વેક્ષણ કરનારા સંશોધકોનો એવો અભિપ્રાય છે કે પોતાના જીવનકાળ દરમિયાન સિત્તેર હજારથી એક લાખ જેટલી સિગરેટ પીનારને અવશ્ય કેન્સર થાય છે. રોજની દસ પંદરથી વધુ સિગરેટ પીનારને કેન્સર વહેલું થાય છે. એમ કહેવાય છે કે જેટલી મિનિટો સિગરેટ પીવામાં વપરાય છે એટલી મિનિટો આયુષ્યમાંથી ઓછી થાય છે.

સિગરેટથી થતા કેન્સરથી પ્રતિવર્ષ દુનિયામાં લાખો લોકો મૃત્યુ પામે છે. એક અંદાજ પ્રમાણે તો આ આંકડો કરોડથી પણ વધુ છે. અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, સ્વિત્ઝરલેન્ડ, સિંગાપુર, ઓસ્ટ્રેલિયા, જાપાન વગેરે દેશોમાં હવે મરનારની સરેરાશ સંખ્યામાં ઘટાડો થતો જાય છે, તો બીજી બાજુ, ભારત, પાકિસ્તાન, બંગલાદેશ, થાઇલેન્ડ, ફિલિપાઇન્સ વગેરે દેશોમાં સંખ્યા વધતી જાય છે, કારણકે એશિયાના દેશોમાં લોકો તમાકુનો ધૂમ્રપાન ઉપરાંત ખાવા તથા સૂંઘવા માટે ઉપયોગ પણ કરે છે, તેમાં વળી તમાકુ સાથે ચૂનો ભેળવતાં તે મોંઢાનું કેન્સર કરે છે.

સિગરેટનો ધુમાડો પીનાર માટે તો નુકસાનકારક છે, પરંતુ એ પણ સિદ્ધ થયું છે કે ધુમાડો આસપાસના લોકોના નાક વાટે એમના ફેફસાં અને પેટમાં જાય છે તેમને પણ તે નુકસાન કરે છે. બંધ ઓરડામાં માણસો બેઠા હોય અને ધુમાડો બહાર જવાની શક્યતા ઓછી હોય છે ત્યારે તો તે વધુ નુકસાનકારક નીવડે છે. વૈજ્ઞાનિકોએ પ્રયોગ કરી જોયો છે કે એક બંધ ઓરડામાં સો જેટલી સિગરેટ સળગતી રાખવામાં આવે અને એમાં સિગરેટ ન પીનાર એવા દસ જેટલા માણસોને અડધો કલાક બેસાડવામાં આવે તો તેમના લોહીના હેમોગ્લોબિનમાં તરત ફરક પડે છે અને તેમની નાડીના ધબકારા વધી જાય છે.

પોતે સિગરેટ ન પીવી, પણ બીજા સિગરેટ પીતા હોય તેનો ધુમાડો નાક વાટે શરીરમાં લેવો એને હવે secondhand smoking (environmental smoking) કહેવામાં આવે છે. કેટલાક સિગરેટના વ્યસનીઓને દાક્તર ની સલાહ અનુસાર કે અન્ય સંજોગોને કારણે સિગરેટ છોડવી પડે છે, પરંતુ આવી રીતે ધુમાડો સુંઘવા મળે તો તેમને ગમે છે, પરંતુ secondhand smoking પણ આરોગ્ય માટે નુકસાનકારક છે એ હવે નિર્વિવાદ હકીકત છે. ઘણે ઠેકાણે હવે ધૂમ્રપાન કરનારનો જુદો વિભાગ રાખવામાં આવે છે. અમેરિકામાં હવે એવા કિસ્સા બન્યા છે કે પતિ-પત્નીએ છૂટાછેડા લીધા હોય અને નાનાં સંતાનો કોને સોંપવામાં આવે એ અંગે જો ચુકાદો આપવાનો હોય ત્યારે પતિ જો સિગરેટનો વ્યસની હોય તો secondhand smokingની બાળકના આરોગ્ય ઉપર અસર ન થાય માટે સંતાન માતાને સોંપવામાં આવે એવો ચુકાદો ન્યાયાધીશો આપવા લાગ્યા છે.

સિગરેટ પીનારને થતા શારીરિક નુકસાનની અસરનો અભ્યાસ તો ઘણો થયો છે, પરંતુ સિગરેટ પીનાર પતિના અકાળ અવસાનને કારણે વૈધવ્યની માનસિક યાતના અને એની સાથે સંલગ્ન કૌટુમ્બિક તથા સામાજિક સમસ્યાઓનો પણ હવે અભ્યાસ થવા લાગ્યો છે. લગ્ન પછી પતિ સિગરેટનો વ્યસની થઇ ગયો હોય તો એ કારણે છૂટાછેડા પણ સુધરેલા દેશોમાં સરળ બનવા લાગ્યા છે.

કેટલાક વ્યસનીઓના જીવનમાં સિગરેટ એવી રીતે વણાઇ જાય છે કે તે તેઓ છોડી શકતા નથી અને છોડે તો તરત જ તેમને શારીરિક તકલીફ થવા લાગે છે. કોઇને માથાનો દુઃખાવો થાય, કોઇને ઊલટી થાય, કોઇને ચક્કર જેવું કે બેચેની, સુસ્તી લાગે. એક વડીલ સજ્જનને હું જાણું છે કે જેમણે સાધુ મહારાજ પાસે સિગરેટ ન પીવાની બાધા લીધી, પરંતુ અઠવાડિયામાં જ એમને શરીરે ઘણાં બધાં ગૂમડાં થવા લાગ્યાં. ડૉકટરને બતાવ્યા પછી ડૉકટરે કારણ શોધી કાઢ્યું કે સિગરેટ બંધ કરવાથી તેમને ગૂમડાં થવા લાગ્યાં છે. ડૉકટરે કહ્યું કે સિગરેટ અચાનક બંધ કરવી જોઇતી ન હતી. એટલે સાધુ મહારાજે પણ તેમને પ્રાયશ્ચિત આપી સિગરેટ પીવાની છૂટ આપી. સિગરેટ ચાલુ થતાં જ તે વડીલને ગુમડાંનો રોગ મટી ગયો. ત્યાર પછી તેઓ સિગરેટ થોડી થોડી ઓછી કરતા ગયા અને છ સાત મહિનામાં તેમણે સિગરેટ સાવ છોડી દીધી. ત્યાર પછી તેમને ગૂમડાં ક્યારેય થયાં નહિ.

મુંબઇના ડૉકટર મણિલાલ શાહ, સિગરેટના વ્યસની એવા અનેક દર્દીઓની તપાસ કર્યા પછી એવી એક થિયરી ઉપર આવ્યા છે કે સિગરેટનું વ્યસન એ માત્ર વ્યસન નથી, પરંતુ કેટલીક વ્યક્તિઓની બાબતમાં એ રોગ રૂપે પરિણમે છે અને એવા વ્યસનીઓની સારવાર રોગના ઉપચાર તરીકે જો કરવામાં આવે તો તેઓ તેમાંથી સારા થઇ શકે છે. આ અંગે તબીબી દૃષ્ટિએ તેમણે ઘણો સારો અભ્યાસ કર્યો છે. એ ક્ષેત્રે કેટલુંક સારું સંશોધન થયું છે, પરંતુ હજુ તેમાં ઘણું વધુ સંશોધન થવાને અવકાશ છે.

તમાકુનું વ્યસન છોડવું સહેલું નથી, પણ માણસ સંકલ્પ કરે તો ન છૂટે એવું એ વ્યસન પણ નથી. Minor Vices તરીકે એની ગણના થાય છે, તો પણ એની અસર ભયંકર હોય છે. તે છોડવા માટે પણ દરેક વ્યક્તિના સંજોગો અને પ્રકૃતિ ઉપર આધાર રહે છે. એક વખત એક સંત મહાત્મા પાસે એમના એક પરિચિત ભક્ત આવ્યા. ભક્તે ઉત્સાહમાં આવી જઇને ગુરુ મહારાજને કહ્યું, 'ગુરુ મહારાજ, હું સિગરેટ ઘણી પીઉં છું, પરંતુ આજે સવારે જ મને વિચાર આવ્યો કે સિગરેટને હું જીવનભર તિલાંજલિ આપી દઉં. માટે મને જિંદગીભર સિગરેટ ન પીવાની પ્રતિજ્ઞા આપો.' ગુરુ મહારાજ એ સજ્જનની પ્રકૃતિ જાણતા હતા. એમણે કહ્યું, 'ભાઇ, જીવનભર સિગરેટ ન પીવાની પ્રતિજ્ઞા લેવાની ઉતાવળ કરો નહિ. તમે સિગરેટ જરૂર છોડો, પરંતુ હું કહું તે રીતે છોડો. તમે રોજની કેટલી સિગરેટ પીવો છો ?' ભક્તે કહ્યું, 'વીસ-પચીસ.' ગુરુએ કહ્યું, 'તમે ત્રણ મહિના માટે પ્રતિજ્ઞા લો કે રોજ પંદરથી વધારે સિગરેટ નહિ પીઓ. રોજ સવારે પંદર સિગરેટ ખોખામાં જુદી કાઢી લેવી અને રાતે સૂતાં સુધીમાં બને તો એકાદ બે સિગરેટ બચાવવાનો પ્રયત્ન કરવો.' ભક્તે એ પ્રમાણે બરાબર પાલન કર્યું. એટલે ગુરુએ બીજા ત્રણ મહિના માટે વધુમાં વધુ દસ સિગરેટની પ્રતિજ્ઞા લેવરાવી. એમ કરતાં એકાદ વર્ષમાં એ ભક્તે કાયમ માટે સિગરેટ છોડી દીધી.

એ જ સંત મહાત્મા પાસે બીજા એક સિગરેટના વ્યસની ભક્ત આવ્યા. એમણે ત્રણ મહિના સિગરેટ છોડવાની બાધા લેવાની વાત કરી. ગુરુ મહારાજે એમને બરાબર સમજાવીને એ જ વખતે જીવનભર સિગરેટ ન પીવાની પ્રતિજ્ઞા લેવરાવી અને એ ભક્તે પણ પ્રતિજ્ઞાનું પાલન સારી રીતે કર્યું. સંત મહાત્માએ આ બે ભક્તોને જુદી જુદી રીતે પ્રતિજ્ઞા લેવડાવી, કારણ કે તેઓ બંનેની પ્રકૃતિના સારા જાણકાર હતા. કેટલાક લોકોનું મનોબળ એટલું તીવ્ર હોય છે કે ગમે તે નિર્ણયનું જીવનભર પાલન

કરી શકે છે. કેટલાક માણસો પ્રકૃતિના એવા નબળા હોય છે કે ક્રમિક સંયમ દ્વારા તેમની પાસે મોટા નિયમો લેવડાવી શકાય છે. અચાનક ભારે નિયમો તેમની પાસે લેવડાવવામાં આવે તો વખત જતાં તેઓ ક્યારે લાલચને વશ થઇ નિયમ તોડી નાખશે તે કહેવાય નહિ.

બીડી, સિગરેટ, તંબાકુ વગેરેનું વ્યસન એવું છે કે જે એક દૃષ્ટિએ બહુ મોટું ભયંકર વ્યસન નથી. વળી એ વ્યસનને જુગાર, દારૂ, વ્યભિચાર વગેરે વ્યસનો જેટલી મોટી લોકલાજ પણ નથી. સિગરેટ પીનારને શરમ આવે તો પણ એ બહુ મોટી શરમની વાત નથી. એટલે માણસ નિયમ લીધા પછી ફરી પાછો ક્યારે બીડી-સિગરેટ પીતો થઇ જશે એ કહી શકાય નહિ.

કોઇકે એક મિત્રને પૂછ્યું કે, હું સિગરેટ પીવાનું છોડી દેવા ઇચ્છું છું તો તમારો શો અભિપ્રાય છે? મિત્રે કહ્યું, 'એ તો બહુ આનંદની વાત છે. બધાં વ્યસનોમાં છોડવાની દૃષ્ટિએ સૌથી સહેલું વ્યસન એ બીડી-સિગરેટનું છે. મિત્રે પૂછ્યું. 'તમે સાચું કહો છો?'

'હા મારા અનુભવ ઉપરથી ચોક્કસ સાચું કહું છું : મને લાગે છે કે બીડી-સિગરેટ છોડવા જેવી બીજી કોઇ સહેલી વાત નથી. મેં અત્યાર સુધીમાં દસેકવાર સિગરેટ છોડી દીધી હશે.'

કહેવાનું તાત્પર્ય એ છે કે સિગરેટ છોડવાનું સહેલું છે તેમ સિગરેટ અચાનક અજાણતાં ફરી ચાલુ થઇ જવાનું પણ સહેલું છે. સરખેસરખા મિત્રો મળ્યા હોય અને કોઇ સિગરેટની ઓફર કરે તે વખતે પોતાના નિયમને વળગી રહેવું અઘરું થઇ પડે છે અને માણસનું મન કંઇક તર્કવિતર્ક અને બહાનું કાઢીને લાલચને વશ થઇ જાય છે અને નિયમ તોડીને પોતાના મનને મનાવી લેવાનો પ્રયત્ન કરે છે.

સિગરેટના કેટલાક ચાહકો પોતાની આર્થિક, સામાજિક કે આરોગ્યની મર્યાદાને લક્ષમાં રાખી સિગરેટ ફૂંકવાની ટેવને સંયમમાં રાખવા પ્રયત્ન કરે છે. કેટલાક એવી પ્રતિજ્ઞા લેતા હોય છે કે મફત સિગરેટ પીવા મળે તો જ પીવી. કોઇ ઓફર કરે તો ના ન પાડવી. ક્યારેક કોઇક પાર્ટીમાં છૂટથી સિગરેટ મળે તો તેઓ એક સાથે પાંચસાત સિગરેટ પી લેવા લલચાય છે. કેટલાક વેઇટરો-બેરરોને પણ પાર્ટી પતી ગયા પછી, બધાના વિખરાયા પછી, વધેલી સિગરેટ પડી હોય તો ત્યાં ને ત્યાં બે પાંચ સિગરેટ પી લેવાની, શક્ય હોય એટલી ખિસ્સમાં નાખવાની ટેવ હોય છે.

એક બાજુ નિયમ પાળવો અને બીજી બાજુ સિગરેટ પણ પીવી એ બે વચ્ચે માણસનું મન સંતાકૂકડી રમતું હોય છે. કેટલાક માણસો યુક્તિપૂર્વકના નિયમ લે છે. માર્ક ટ્વેઇને મજાકમાં કહ્યું છે : 'It has always been my rule never to smoke when asleep and never to refrain when awake. Moreover, I have made it a rule never to smoke more than one cigar at a time.'

સિગરેટ-તમાકુ વગેરે અશોભનીય વ્યસનો હોવાથી સમજુ માણસો એનાથી એકંદરે દૂર રહ્યા છે. સારું છે કે આરંભ કાળથી જ સ્ત્રીઓ સિગરેટના વ્યસનથી બહુ આકર્ષાઇ નથી. એટલે એકંદરે આ વ્યસન પુરુષોનું છે. અલબત્ત, સ્ત્રીઓને આકર્ષવા માટે લેડિઝ બ્રાન્ડની સિગરેટો પ્રચારમાં આવી છે, પરંતુ એથી તેઓમાં ખાસ વધારો થયો નથી. સમૃદ્ધ દેશોમાં જ્યાં સ્ત્રી અપરિણીત હોય અને પોતાની આજીવિકા પોતે મેળવતી હોય અને એને કોઇ રોકનાર-ટોકનાર ન હોય તો એવી સ્ત્રીઓમાં સિગરેટનું વ્યસન દાખલ થઇ જાય છે. સમૃદ્ધ દેશોમાં છૂટાછેડા લીધા પછી એકલી રહેતી સાધન-સંપન્ન સ્ત્રીઓ પોતાની એકલતાનો સમય પસાર કરવા સિગરેટનો આશ્રય લે છે. અનેક પુરુષોના સમાગમમાં આવનાર બજારુ સ્ત્રીઓને પણ આ વ્યસન લાગુ પડે છે. ભારતમાં તથા બીજા કેટલાયે દેશોમાં નીચલા વર્ણની સ્ત્રીઓને બીડી પીવાની ટેવ પડે છે. ગંદા શૌચાલયો સાફ કરવાનો વ્યવસાય કરનારી સ્ત્રીઓ શૌચાલયની દુર્ગન્ધથી બચવા બીડીનો આશ્રય લે છે. માત્ર સમૃદ્ધ દેશોની આધુનિક ગણાતી અથવા પોતાને આધુનિક કહેવડાવતી શોખીન મહિલાઓ જ માત્ર સિગરેટ પીએ છે એવું નથી. નીચલા ઘરની ગરીબ મહિલાઓ પણ બીડી પીવે છે. અલબત્ત તેનું પ્રમાણ ઘણું ઓછું છે અને હવે તો તે ઘટતું જાય છે. બીડી-સિગરેટ પીવાથી સગર્ભા મહિલાઓનાં પેટમાં રહેલા બાળકને નુકસાન થાય છે એ તો હવે જાણીતી હકીકત છે. વધુ પડતી સિગરેટ પીનારી મહિલાઓ જલદી સગર્ભા બની શકતી નથી એવી માન્યતાને પણ હવે સમર્થન મળતું જાય છે.

દુનિયાના ઘણાખરા દેશોના ઘણાખરા ધર્મગુરુઓ બીડી-સિગરેટ પીતા નથી. એ તો દેખીતું જ છે કે જેઓ પોતે ઉપદેશ આપતા હોય તેઓ પોતે વ્યસની ન હોઇ શકે અને હોય તો તેમનો પ્રભાવ ન પડે. યુરોપ-અમેરિકામાં કોઇક કોઇક ખ્રિસ્તી પાદરીઓ સિગરેટ પીતા હોય છે. ભારતમાં કોઇ કોઇ હિન્દુ સંન્યાસીઓ કે મુસલમાન ફકીરો ચરસ-ગાંજો પીતા હોય છે. કોમ તરીકે શીખ અને પારસી લોકો ધર્મને કારણે સિગરેટને અડતા નથી. જૈનોમાં એકંદરે સિગરેટનું વ્યસન ઘણું જ ઓછું જોવા મળે છે.

લશ્કરમાં સૈનિકો અને લશ્કરી ઓફિસરોને એકંદરે સિગરેટ ન પીવાની ભલામણ કરવામાં આવે છે. હજુ ઓફિસરો તો કોઇ કોઇ ઠેકાણે સિગરેટ પીતા જોવા મળશે. અને તે પણ સિનિયર ઓફિસરની હાજરીમાં નહિ, અથવા તેની પરવાનગી વિના તો નહિ જ. પરંતુ સૈનિકોને સિગરેટની ટેવ ન લાગુ પડે એ તરફ વધુ લક્ષ આપવામાં આવે છે, કારણ કે યુદ્ધ મોરચે ખોરાક અને શસ્ત્ર સરંજામનો પુરવઠો માપી માપીને જ્યાં મોકલાય છે ત્યાં સિગરેટની તો વાત જ શી કરવી? વ્યસની સૈનિકોને જો તલપ લાગે ત્યારે સિગરેટ ન મળે તો યુદ્ધ મોરચે બરાબર લડી શકે નહિ. આ એક કારણ તો ખરું જ, પરંતુ રાતને વખતે યુદ્ધ મોરચે કોઇ સૈનિક જો સિગરેટ પીતો હોય તો તેના લાલ અંગારાનો રંગ દૂરથી દેખાઇ જાય છે અને એથી સૈનિકોની ટુકડીએ ક્યાં મોરચો લીધો છે તે સ્થળ અંધારામાં પણ દુશ્મનો તરત પકડી પાડે છે.

તંબાકુનો ધુમાડો ભારે નુકસાન કરે છે. પરંતુ બધા જ પ્રકારનો ધુમાડો અલબત્ત, નુકસાનકારક નથી. કેટલાકથી લાભ પણ થાય છે. અગરબત્તી, લોબાન વગેરેના ધુમાડામાં એટલું નુકસાનકારક તત્ત્વ નથી, મારા પિતાશ્રીને એક ઔષધિનો ધુમાડો નાક વાટે લેતાં દમનો રોગ કાયમ માટે મટી ગયો હતો.

આયુર્વેદ પદ્ધતિથી હાડકાના દર્દીઓની સારવાર કરનાર ડૉક્ટર જમશેદ પીઠાવાલા પાસે એક વખતે હું માથાના એક બાજુના દુઃખાવા માટે ગયો હતો. ત્યારે ડૉક્ટરે કહ્યું કે શરદી અને આધાશીશીના કારણે પણ એક બાજુનું માથું દુઃખતું હોય છે. તેમણે મને કહ્યું, 'એક પ્રયોગ તમને બતાવું છું. એ માટે તમારે સિગરેટ પીવી પડશે.' મેં કહ્યું, 'ડૉક્ટર, હું સિગરેટ પીતો નથી. આજીવન સિગરેટ ન પીવાની મારી શાળાના વખતની લીધેલી પ્રતીજ્ઞા છે.'

ડૉક્ટરે કહ્યું, 'પણ આ જુદી જાતની સિગરેટ છે. એ પીવાથી તમારા નિયમનો ભંગ નહિ થાય,' એમ કહી ડૉક્ટરે મને એક વનસ્પતિનો ભૂંગળી કે નળી જેવો ટુકડો આપ્યો. ડૉક્ટરે કહ્યું કે 'આ સળગાવીને મોઢેથી નહિ પણ નાકેથી તમારે એનો ધુમાડો લેવાનો છે. એનો છેડો નાક આગળ ધરશો તો પણ એની અસર તમને થવા લાગશે.' ડૉ પીઠાવાલાએ બતાવેલી નળી સળગાવીને બીજે છેડેથી તેનો તીવ્ર ધુમાડો લેતાં મને પોતાને રાહત થઇ હતી. (આધાશીશી કે માઇગ્રેઇનના પ્રકારનો જેમને દુઃખાવો રહેતો હોય તેઓએ ડૉ. પીઠાવાલાનો આ મફત પ્રયોગ એકાદ વખત કરી જોવા જેવો છે.)

દુનિયાના ઘણાખરા દેશોમાં સિગરેટ ઉપર જકાત કે અન્ય પ્રકારના કરવેરા ઘણા હોય છે. યુરોપ-અમેરિકાની પ્રખ્યાત સિગરેટ અમુક સંખ્યામાં પ્રવાસી બીજા દેશમાં લઇ જઇ શકે છે. આંતરરાષ્ટ્રીય પ્રવાસો દરમિયાન અનેક સ્થળે જોવા મળશે કે વિમાન ઊતરવાનું હોય તે પહેલાં વિમાનમાં કેટલાયે પ્રવાસીઓ કરમુક્ત સિગરેટના પાકિટો ખરીદવા લાગે છે. લોકોનું સિગરેટ માટેનું ગાંડપણ કેટલું છે તે આના ઉપરથી જોઇ શકાય છે.

સિગરેટનું વ્યસન પોતાના રાષ્ટ્રના હિતમાં નથી એવું દુનિયાની ઘણી સરકારો સમજતી હોવા છતાં બજારમાં સિગરેટની તંગી થાય તો એ સરકારની ચિંતાનો વિષય બને છે. સિગરેટની અછત થતાં અચાનક એના ભાવ વધી જાય છે, સિગરેટના બંધાણીઓ મોં માગ્યા ભાવ આપીને પણ તે વ્યસનને સેવે છે. અછતથી ક્યારેક ચોરી, દાણચોરી અને બીજા ગુનાઓ થાય છે. વ્યસનીઓના આરોગ્યના પ્રશ્નો, માનસિક પ્રશ્નો અને બીજા ગુનાઓ વધે છે. સિગરેટનો પુરવઠો નિયમિત ચાલતો રહે એ દૃષ્ટિ હોય કે ન હોય, સરકારની ચિંતાનો એ વિષય બને છે. ૧૯૯૦માં સોવિયેટ યુનિયનમાં સિગરેટની ભારે તંગી પેદા થઇ તો ગોર્બોચેવની સરકારને અમેરિકાને સિગરેટ મોકલવા વિનંતી કરવી પડી અને એ તકનો લાભ લઇ અમેરિકાની કંપનીઓએ થોડા દિવસમાં જ પચાસ અબજથી

વધુ સિગરેટ સોવિયેટ યુનિયનમાં ઠાલવી દીધી. બીજા વિશ્વયુદ્ધ વખતે અને ત્યાર પછી થોડાંક વર્ષ યુરોપના જર્મની, ફ્રાન્સ, ઇટલી, પોલેન્ડ વગેરે દેશોમાં સિગરેટની એટલી ભારે તંગી પ્રવર્તતી હતી કે બંધાણીઓ ભારે કિંમત આપીને કે કીમતી વસ્તુના બદલામાં સિગરેટ ખરીદતા હતા. કેટલીક ભારે વ્યસની સ્ત્રીઓ એકાદ સિગરેટ ફૂંકવા મળે એટલા ખાતર પોતાનું શરીર આપતાં અચકાતી નહિ. કેટલાક પ્રવાસીઓ પોતાના યુરોપના પ્રવાસ માટે અડધાથી તો વધુ સામાન સિગરેટના પાકિટથી ભરતાં અને તે ત્યાં વેચીને પ્રવાસનો ખર્ચ કાઢી લેતા. માનવજીવન ઉપર સિગરેટનું પ્રભુત્વ કેટલું બધું રહે છે એ આવા પ્રસંગે ઘણાને જોવા મળતું.

માણસમાં જ્યારે કમાવાની ધૂન મચે છે ત્યારે લોકોના આરોગ્યની એને બહુ ચિંતા રહેતી નથી. તમાકુની ખેતી કરવાવાળા ખેડૂતો, તમાકુના વેપારીઓ, બીડી-સિગરેટ વેચનારા દુકાનદારો, બીડી-સિગરેટ બનાવનારા કારખાનાઓ કે મોટાં મોટાં બહુરાષ્ટ્રીય ઉદ્યોગગૃહો-દરેકને કમાવાની લાલચ ઘણી મોટી છે. કોઇને નુકસાન કરવું ગમતું નથી અને સારું કમાવા મળતું હોય ત્યાં સુધી એ વ્યવસાય છોડવો ગમતો નથી. સિગરેટ બનાવતી મોટી મોટી કંપનીઓ તો એ માટે પ્રચાર કાર્ય પાછળ ઘણાં નાણાં ખર્ચે છે, જરૂર પડે તો સરકારી સ્તરે મોટી લાંચ પણ અપાય છે. આવી કેટલીક કંપનીઓએ બરખાસ્ત થયેલા સોવિયેટ યુનિયનના દેશોમાં ઘૂસવાનો પ્રયત્ન કર્યો છે. સ્થાનિક બનાવટની સિગરેટ સસ્તી હોય અને પોતાની સિગરેટ મોંઘી હોય તો સ્પર્ધામાં ઊભા રહી ન શકાય. એનો રસ્તો એ કંપનીઓએ એવો શોધ્યો કે દરેક સ્થળે સિગરેટ બનાવતી સ્થાનિક કંપની મોં માગ્યા ભાવ આપીને ખરીદી લેવી અને થોડા વખતમાં સ્થાનિક બ્રાન્ડ બંધ કરી પોતાની બ્રાન્ડ ચાલુ કરી દેવી. એના પ્રચાર પાછળ ઘણી મહેનત થાય છે અને અનેક લોકોને સિગરેટ પીતા કરી દેવાય છે. લોકોના આરોગ્યની એમને ચિંતા નથી હોતી. વધુમાં વધુ લોકો સિગરેટ પીતા થાય એ જ એનું લક્ષ્ય હોય છે.

દુનિયામાં સિગરેટ વિરુદ્ધ પ્રચાર થવાને લીધે પ્રતિવર્ષ દુનિયામાં લાખો માણસો બીડી-સિગરેટ પીવાનું છોડી દે છે. તેમાં પણ ઘણી વ્યક્તિઓ ન છૂટકે ડૉક્ટરની સલાહને કારણે અને જીવલેણ રોગની ચિંતાને કાણરે, સ્વેચ્છાએ કે અનિચ્છાએ સિગરેટ પીવાનું છોડી દે છે. પરંતુ બીજી બાજુ પ્રતિવર્ષ લાખો યુવાનો કુતૂહલને ખાતર, શોખને ખાતર, મોટા (adult તથા civilized એમ બંને અર્થમા) દેખાવાને ખાતર, દેખાદેખીથી મિત્રો સાથે અથવા ખાનગીમાં એકલા એકલા સિગરેટ પીતા થઇ જાય છે. શોખ ક્યારે વ્યસનમાં પરિણમે છે તેની કેટલાકને ખબર પડતી નથી. દુનિયામાં વ્યસનીઓની સંખ્યામાં આમ સરવાળે ફરક ઓછો પડે છે.

અમેરિકાના બીજા ગમે તેટલા દોષ બતાવવામાં આવે, પરંતુ એક બાબતમાં એને હૃદયપૂર્વક ધન્યવાદ આપ્યા વિના રહી શકાતું નથી. એ છે સિગરેટનું વ્યસન દૂર કરવા માટે એણે કરેલો પુરુષાર્થ. એણે લોકમત કેળવીને તથા સરકારી કાયદાઓ કરીને સિગરેટને હાંકી કાઢવાનો ભારે પુરુષાર્થ કર્યો છે અને હજુ પણ એ ચાલું જ છે. અમેરિકા ધનાઢ્ય દેશ છે અને દુનિયાની સારામાં સારી સિગરેટ બનાવતી કંપનીઓ પણ અમેરિકામાં ખરી. એટલે બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકામાં ધૂમ્રપાનનો પ્રચાર એટલો બધો વધી ગયો હતો કે પ્રતિ વર્ષ લાખો અમેરિકનો સિગરેટને કારણે થતા કેન્સરને લીધે મરતા. અમેરિકાએ સિગરેટ વિરુદ્ધ ઝુંબેશ ઉપાડી, સિગરેટના ખોખાં ઉપર ચેતવણી લખવાનું ફરજિયાત બનાવ્યું, ટીવી અને રેડિયો ઉપર સિગરેટની જાહેર ખબર ઉપર પ્રતિબંધ મૂક્યો, કેટલાંયે જાહેર સ્થળોમાં, વિમાનોમાં, બસમાં સિગરેટ પીવા ઉપર મનાઇ ફરમાવી કે બે અઢી દાયકામાં તો એણે અમેરિકાની પ્રજાને ઘણી સુધારી નાખી. ઘણા ખરા ડૉક્ટરો પોતે સિગરેટ પીતા બંધ થયા. કેટલીયે ઓફિસોમાં સિગરેટ પીવાની મનાઇ આવી ગઇ. કેટલીયે ઓફિસોમાં હવે નોકરી માટેની જાહેરખબરમાં સ્પષ્ટ શરત લખે કે 'our office is a non-smoking zone' આથી કેટલાયે લોકોને સારી નોકરીની ગરજને ખાતર સિગરેટની ટેવ છોડવી પડે છે. કેટલાક લંચ ટાઇમમાં કાર પાર્કિંગ એરિયામાં જઇને સિગરેટ પી આવે, પણ શિયાળામાં તો એ પણ તકલીફભર્યું.

અલબત્ત, સિગરેટની બાબતમાં અમેરિકાની પ્રજા જેટલી સુધરી તેટલી તેની સિગરેટ બનાવતી કંપનીઓ સુધરી નથી. અમેરિકામાં એનું વેચાણ ઓછું થઇ ગયું તો દુનિયાના બીજા દેશઓમાં પગપેસારો કરવાની એમની પ્રવૃત્તિ એટલી જ જોરથી ચાલે છે. સોવિયેટ યુનિયન બરખાસ્ત થતાં રશિયા ઉપરાંત હંગેરી, પોલેન્ડ, રૂમાનિયા, ઝેકોસ્લાવકિયા વગેરે દેશોમાં પોતાની સિગરેટ ઘૂસાડવા માટે એ કંપનીઓએ ભારે જહેમત ઉઠાવી છે. બ્રિટિશ, ફ્રેન્ચ, ઓસ્ટ્રેલિયન સિગરેટ કંપનીઓ સાથે અમેરિકન કંપનીઓ પણ મોટી સ્પર્ધામાં ઊતરી છે. ઝેકોસ્લાવકિયાના પાટનગર પ્રાગમાં તો અમેરિકાની એક સિગરેટ કંપનીએ પોતાની જાહેરખબર માટે ટ્રામના ડબ્બા સિગરેટના ખોખાના આકારના અને એવા રંગવાળા તથા પોતાની બ્રાન્ડવાળા બનાવી આપ્યા છે કે જેથી ચોવીસ કલાક લોકોની નજર સામે સિગરેટનાં ખોખાં રહ્યાં કરે.

સિગરેટ વિશે દુનિયાભરમાં જાગૃતિ આવતી જાય છે. યુરોપનાં કેટલાંક નાનાં શહેરો તો પોતાને Non-smoking Town બનાવવાં પ્રયત્ન કરી રહ્યાં છે એ ખરેખર પ્રશંસનીય પ્રયાસ ગણાય. તેમ છતાં જેમ શરાબને દુનિયામાંથી ક્યારેય સદંતર નિર્મૂળ નહિ કરી શકાય, તેમ માદકતાના લક્ષણને કારણે સિગરેટને પણ સમગ્ર દુનિયામાંથી તિલાંજલિ આપવાનું અશક્ય છે.

અમેરિકામાં સિગરેટનું પ્રમાણ ઝડપથી ઘટતું જાય છે એ સાચું અને એ દાવો કરે છે કે ઇ. સ. ૨૦૦૦ પહેલાં તો આખી દુનિયામાં અમેરિકા એક એવો દેશ હશે કે જ્યાં સિગરેટ લગભગ પીવાતી નહિ હોય. અમેરિકાનું એ સ્વપ્ન સાચું પડે એમ આપણે હૃદયપૂર્વક ઇચ્છીએ. પરંતુ આખી દુનિયામાંથી સિગરેટ નિર્મૂળ થવી શક્ય નથી, કારણ કે સિગરેટના અસ્તિત્વને ટકાવી રાખનારાં ત્રણ મોટાં પરિબળો છે. (૧) સિગરેટના વ્યવસાયમાં પડેલા દુનિયાના તમામ વેપારીઓ ઉદ્યાગપતિઓ સારી કમાણી આપતો એ વ્યવસાય એક સાથે ક્યારેય નહિ છોડે. દુનિયાની બધી સરકારો તમાકુ-સિગરેટના વ્યવસાય ઉપર કાયદેસર પ્રતિબંધ લાવે (જે ક્યારેય થવાનું નથી) તો પણ વેપારીઓ-ઉદ્યોગપતિઓ ગેરકાયદે એ વેપાર ચલાવશે. (૨) જ્યાં સુધી તમાકુ-સિગરેટ ઉપરના કરવેરા દ્વારા કેટલાયે દેશોની સરકારોને ઘણી સારી આવક થાય છે ત્યાં સુધી તે તે દેશોની સરકારો એ વ્યવસાય ઉપર પ્રતિબંધ નહિ લાવે. એમ કરવા જતાં પોતાના રાષ્ટ્રના એ વ્યવસાયમાં પડેલા લાખો, કરોડો વેપારીઓ, મજૂરો, ડિસ્ટ્રિબ્યુટરો તથા તેને લગતી સામગ્રી બનાવનારા અને વેચનારા બેકાર બને તો એટલા વ્યવસાયો પૂરા પાડવાનું સરકારો માટે સહેલું નથી. (૩) જ્યાં સુધી યુવાનોમાં નવા નવા શોખની વૃત્તિ છે, જ્યાં સુધી તમાકુ-સિગરેટમાં માદકતાનું તત્ત્વ રહેલું છે ત્યાં સુધી દુનિયાના તમામ યુવાનો તમાકુ સિગરેટને અડવાનું એક સાથે સદંતર બંધ કરી દે એ ક્યારે ય બનવાનું નથી. પેઢી દર પેઢી તમાકુ-સિગરેટનું વ્યસન ઊતરતું ચાલવાનું.

આમ લેડી નિકોટિનનું વર્ચસ્વ દુનિયાના લોકો ઉપર રહ્યા કરવાનું એટલે લેડી નિકોટિન સાથે સામુદાયિક છૂટાછેડા સરળ નથી. અલબત્ત વ્યક્તિગત છૂટાછેટા અઘરા નથી. આપણે વ્યક્તિગત છૂટાછેડાની દિશામાં ભવ્ય પુરુષાર્થ કરતા રહીએ અને સામુદાયિક છૂટાછેડાની જ્યાં યોજના કે પ્રવૃત્તિ થતી હોય ત્યાં તેને પ્રોત્સાહન આપતા રહીએ એ જ અત્યારે ઇચ્છવું રહ્યું.

તમાકુનું આગમન થયું ત્યારે એનાં પ્રશસ્તિ વચનો લખાયાં તેમ તમાકુની હાનિકારકતા દેખાયા પછી એના નિષેધ માટે વચનો પણ લખાયાં. એક કવિએ શ્લેષપૂર્વકની રચના કરતાં કહ્યું છે :

तमाखुपत्रं राजेन्द्र ! भज मा–ज्ञानदायकम् ।
तमाखुपत्रं राजेन्द्र ! भज माऽज्ञानदायकम् ।

ઉપરની આ બે ઉદ્‌બોધનાત્મક પંકિતનું ઉચ્ચારણ એક થાય છે, પરંતુ તે બે જુદી જુદી રીતે લખાય છે અને બંનેના જુદા અર્થ નીચે પ્રમાણે થાય છે.

(૧) હે રાજન્ ! તમે આખુપત્ર (શ્રી ગણેશ)નું ભજન કરો (આશ્રય લો), કારણ કે તે મા (લક્ષ્મી) તથા જ્ઞાન આપવાવાળા છે.

(૨) હે રાજન ! તમે તમાખુપત્રનું સેવન કરો નહિ, કારણ કે તે અજ્ઞાનમાં ઘસડી જનાર છે.

આમ, દુનિયામાં દિવસે દિવસે તમાકુ વિરુદ્ધનો પ્રચાર વધતો જાય છે. અમેરિકાના પ્રશંસનીય પુરુષાર્થમાંથી દુનિયાના અન્ય દેશોએ પ્રેરણા લેવા જેવી છે. 'No Tobacco Day' માત્ર એક જ દિવસની ઉજવણી પૂરતો મર્યાદિત ન રહેતાં રોજે રોજ પ્રાતઃકાળનું એ સૂત્ર બની રહે એવું સ્વપ્ન વ્યક્તિગત ધોરણે દુષ્કર નથી.

☐ રમણલાલ ચી. શાહ

# આધ્યાત્મિક અનુભૂતિનું મનોવિજ્ઞાન

❑ ચી. ના. પટેલ

મૅસ્લો કહેતા કે પોતે માનવતાવાદી મનોવૈજ્ઞાનિક હોવા છતાં વર્તનવાદી અને ફ્રોઇડી મનોવિજ્ઞાનના પણ કેટલાક સિદ્ધાન્તો સ્વીકારતા અને તે સાથે એક ચોથા પ્રકારનું મનુષ્યસ્વભાવની મર્યાદાઓને અતિક્રમી જતી આધ્યાત્મિક અનુભૂતિઓનું, મનોવિજ્ઞાન પણ (fourth psychology of transcendence as well) વિકસાવી રહ્યા હતા, જોકે એ નોંધવું જોઈએ કે મૅસ્લોની આધ્યાત્મિક અનુભૂતિની કલ્પના ભારતીય પરંપરામાં જે તત્ત્વને જીવાત્મા તરીકે ઓળખાવવામાં આવ્યું છે તેની અનુભૂતિ પૂરતું સીમિત હતું અને એમાં જીવાત્માના પરમ તત્વમાં વિલોપનની વાત ન હોતી.

મૅસ્લો લૌકિક અનુભવને અતિક્રમી જતી એવી સ્થિતિની ઝાંખીને ઉન્નત અનુભવક્ષણો (Peak experiences) કહેતા અને એવી ક્ષણો વ્યક્તિના જીવનની ઉત્તમોત્તમ અને સુખીમાં સુખી અનુભવક્ષણો હોવાનું માનતા. અંગ્રેજ રંગદર્શી કવિ શેલીના મત અનુસાર કવિ પણ પોતાની ઉત્તમોત્તમ અને સુખીમાં સુખી અનુભવક્ષણોને શબ્દબદ્ધ કરે છે, અને અનુભવક્ષણોમાં તેને કલ્પનાઓ અને ઊર્મિઓથી કોઈ કવિએ ગાયું છે તેમ 'આવે આવે ને સરી જાયરે !'.એવી ઝાંખી થાય છે અને તેમાંથી તેને ઉન્નત અને શબ્દાતીત આનંદનો સ્પર્શ થાય છે. (Poetry is the record of the best and the happiest moment of the happiest and the best minds...evanascent visitation of thought and best feeling delightful beyond all expression) આર્યલેન્ડના વતની અને વીસમી સદીના અતિઆધુનિક લેખક જેઇમ્સ જોયસે પોતાના The Potrait of An Artist નામના આત્મકથાત્મક પુસ્તકમાં એવા ધન્ય અનુભવોનું સૌંદર્યયોગ રૂપે વર્ણન કરતાં લખ્યું છે : 'Enchantment of the heart by which the heart is arrested and raised above desire and loathing in the luminious stasis of aesthetic pleasure' (વ્યક્તિના હૃદયને કોઈ વસ્તુની એવી મોહિની લાગે છે કે એ હૃદયની સર્વ ગતિવિધિઓ વિરમી જાય છે અને સૌંદર્યના આનંદની પરમ પ્રકાશમય સ્થિતિમાં લીન થઈ તે રાગદ્વેષની સર્વ વૃત્તિઓથી પર થઈ જાય છે.) ગાંધીજીએ પણ એમના 'સત્યના પ્રયોગો'ની પ્રસ્તાવનામાં લખ્યું છે. 'એવી કેટલીક વસ્તુઓ અવશ્ય છે કે જે આત્મા જ જાણે છે અને આત્મામાં જ શમી જાય છે પણ એવી વસ્તુઓ આપવી તે મારી શક્તિ ઉપરાંતની વાત થઈ'

અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થ ૧૭૯૮ના જુલાઈની ૧૩મીએ પોતાના સ્કોટલેન્ડના પ્રવાસ દરમિયાન ટિન્ટર્ન એબી નામના ધર્મમઠથી થોડા માઈલના અંતરે આવેલી વાઈ નદીના તીરે બીજી વાર ગયા ત્યારે તેમને સ્ફુરેલી કાવ્યપંક્તિઓ પણ એવી એક ધન્ય અનુભવક્ષણનું અવિસ્મરણીય વર્ણન કરે છે. એ ક્ષણો કવિને જાણે પોતાનો શ્વાસ અને પોતાનું રક્તભ્રમણ થંભી ગયા હોય અને શરીર પણ જાણે નિદ્રાવશ થઈ ગયું હોય અને પોતે માત્ર ચૈતન્યરૂપ આત્મા જ (Living soul)બની રહ્યા હોય એમ લાગ્યું અને એ સ્થિતિમાં તેમને જીવનની સંવાદિતા અને તેના નિરતિશય આનંદની જે અનુભૂતિ થઈ તેનાથી પ્રશાંત થયેલા તેમના અંતરચક્ષુને સમગ્ર સૃષ્ટિના રહસ્યનું દર્શન થયું.

મૅસ્લોની પ્રતીતિ હતી કે વ્યકિત એવી ઉન્નત અનુભવક્ષણોનો સ્પર્શ પરમ સર્જનાત્મક ભાવાવેશ (creative ecstasies) જેવા સૌંદર્યરસના અનુભવો (aesthetic experiences), પ્રગલ્ભ પ્રેમ (mature love), સંપૂર્ણ કામતૃપ્તિના અનુભવો (Perfect sexual experiences) માતાપિતાનો પોતાના સંતાનો પ્રત્યેનો વાત્સલ્યભાવ, સ્ત્રીઓ સારુ સહજ નૈસર્ગિક પ્રસૂતિ, એમ વિવિધ રીતે થાય છે. તેઓ માનતા કે પોતાના સ્મૃતિ ભંડારમાં ધીરજથી શોધે તો લગભગ દરેક વ્યક્તિ પોતાને એવી ઉત્કટ હર્ષાવેગની ક્ષણો (moment of rapture) પ્રત્યક્ષ થઈ હોવાનું કહી શકશે. મૅસ્લોના મત અનુસાર પોતાને રસ પડે એવા કામમાં એકાગ્રચિત્ત થઈ લીન થનાર વ્યક્તિને જે આનંદનો અનુભવ થાય છે તે એમણે વર્ણવેલી ઉન્નત અનુભવક્ષણોનું સાદામાં સાદું રૂપ હોય છે. ગાંધીજી પણ હાથ ઉપરના કામમાં એકાગ્ર થવાની સ્થિતિને સમાધિ કહેતા અને નિઃસ્વાર્થ સેવારૂપી 'યજ્ઞમય જીવન એ કળાની પરાકાષ્ઠા છે' એમ માનતા. તેમણે વિનિત નેતા શ્રીનિવાસ શાસ્ત્રીને લખેલા એ પત્રમાં કહ્યું હતું : 'Performance of duty always has been for me a thing of beauty and a joy for ever'એટલે કે તેમને પોતાના કર્તવ્યનું પાલન કરવામાં ક્યારેય ક્ષીણ ન થાય એવા સૌંદર્ય રસનો અને આનંદનો અનુભવ થતો. સંપૂર્ણ આત્મસમર્પણની સ્થિતિમાં પોતાને મળતા આનંદનું વર્ણન કરતાં પણ તેમણે લખ્યું હતું : 'When there is no medium between me and my lord and I simply become a willing vessel for his influences to flow in to it then I overflow as the waters of Ganga at its source. There is no desire to speack when one leves the truth.'( જ્યારે મારી અને મારા ઈશ્વર વચ્ચે કોઈ અંતરાય નથી રહેલો અને હું પૂરા હૃદયથી તેમની પ્રેરણાઓ મારામાં વહેવા દઉં છું ત્યારે ગંગોત્રીના જળ પ્રવાહની જેમ મારુ મન આનંદની લહેરીઓથી ઊભરાઈ જાય છે. જ્યારે આપણે સત્યમય બનીને જીવીએ છીએ ત્યારે એ અનુભવને વાચા આપવાની કોઈ ઇચ્છા નથી રહેતી.)

મૅસ્લો કહેતા કે ઉન્નત અનુભવક્ષણો કોઈ કોઈ વાર વ્યક્તિ સહન ન કરી શકે એટલી ઉત્કટ હોય છે. રંગદર્શી અંગ્રેજ કવિ કીટ્સને એક પ્રસંગે એવો અનુભવ થયો હતો. બુલબુલનું ગાન સાંભળી તેમને હર્ષના ઉત્કટ આવેગથી જાણે પોતાના હૃદયમાં દર્દ થતું હોય અને કોઈ માદક પીણાના ઘેને પોતાની ઇન્દ્રિયો દુઃખથી અચેત બની ગઈ હોય એમ લાગ્યું હતું અને છતાં કવિને એ અનુભવ એવો આનંદપ્રદ લાગ્યો હતો કે એ ક્ષણે પોતાનું મૃત્યુ થાય તો પોતે ધન્ય બની જાય એમ એમને લાગ્યું હતું.

શેક્સસ્પિયરના 'ઓથેલો' નામના નાટકના નાયકને લગભગ એવો જ અનુભવ થયો હતો. આફ્રિકાવાસી શ્યામ ઓથેલોએ અને વેનિસના સંચાલક મંડળના(Senate)ના એક સભ્યની ગોરી પુત્રી ડેઝ્ડિમૌને પરસ્પર પ્રેમમાં પડી છૂપું લગ્ન કર્યું હતું. પરંતુ ઓથૅલોને લગ્ન પછી તુરત વેનિસના તાબામાં સાયપ્રસ નામના બેટ ઉપર તુર્કસ્તાનના લશ્કરે હુમલો કરવાની તૈયારી કરી હતી તેની સામે પોતે વેનિસના લશ્કરનો સરસેનાપતિ હોવાથી તે બેટનું રક્ષણ કરવા જવું પડયું હતું. ઓથૅલો અને ડેઝ્ડિમૌન બે જુદાં વહાણોમાં સાયપ્રસ જવા નીકળ્યાં, પણ ઓથૅલોના વહાણને માર્ગમાં સમુદ્રનું તોફાન નડતાં ડેઝ્ડિમૌનનું વહાણ ઓથૅલોના વહાણ કરતાં સાયપ્રસ વહેલું પહોંચ્યું. તેથી જ્યારે ઓથૅલોનું વહાણ પણ સાયપ્રસ પહોંચ્યું અને તે બંદર ઉપર ડેઝ્ડિમૌનને મળ્યો ત્યારે સંયમશીલ ડેઝ્ડિમૌનને 'વહાલા ઓથૅલો' એટલું જ કહે છે, પણ શેક્સપિયર આફ્રિકાવાસી ઊર્મિશીલ ઓથેલોના આનંદનું વર્ણન કરતાં લખે છે.

O may souls joy ! If after every tempest come such calms, May the winds blow till they have waken'd death...If it were now to die There now to be most happy for I fear, My soul hath her contest so absolute That not another comfort like this succeeds in unknown fate.

મારા આત્માના આનંદની દેવી ! જો દરેક તોફાન પછી આવી શાંતિ મળવાની હોય તો ભલે સ્વંય મૃત્યને નોતરે એવા ભયંકર પવન દરિયામાં ફુકાય. મારા આત્માને ભરી દેતો આ આનંદ એવો નિરવદ્ય છે કે ભવિષ્યના અંધકારમય ગર્ભમાં મને ક્યારેય ફરી પાછું આવું સુખ નહિ મળે એવો મને ભય રહે છે.

અને વળી પાછો આનંદની અતિશયતાથી ધ્રુજી ઊઠી ઓથૅલો કહે છે :

I cannot speack enough of this contest, it stops me here; It is too much joy. (હું આ સુખનું પુરેપુરું વર્ણન નથી કરી શકતો, એ સુખ મને અહીં ગળામાં ગુંગળાવે છે ; અસહ્ય આ આનંદ છે.)

અને વાલ્મીકિના હનુમાને સીતાને અશોક વાટિકામાં પ્રથમ જોયાં ત્યારે તેમને ઓથૅલોને હર્ષની અતિશયતાનો આશંકા પ્રેરતો અનુભવ થયો હતો એવો નહિ પણ હર્ષનો પાવનકારી અનુભવ થયો. એમના હર્ષનું વર્ણન કરતાં કવિ લખે છે :

प्रहर्षतुलम् लेभे मारुतिः प्रेक्ष्य मैथिलीम् ॥
हर्षजनि च सोऽश्रुणि तां दृष्ट्वा मदिरक्षणम् ।
मुमोच हनुमांस्तत्र नमश्चक्रे च राघवम् ॥

સીતાનું સૌદર્ય અને એમની પતિભક્તિ જોઇને હનુમાનની આંખોમાં હર્ષના આંસુ ઊભરાયાં અને જેમના ઉદાત્ત ચારિત્રએ પતિભક્તિ પ્રેરી હતી તે રામને તેમણે મનોમન નમસ્કાર કર્યા. હનુમાન જેવા વાનરના ચિત્ત ઉપર પણ સ્ત્રીના સૌંદર્યની અને ચારિત્રની આવી પાવનકારી અસરની કલ્પના કરતા કવિમાં આપણને ભારતીય કવિપ્રતિભાનો એક સર્વાંગસુંદર ઉન્મેષ પ્રતીત થાય છે.

બધી વ્યક્તિઓમાં સ્વપ્રયોજનનિષ્ઠ જીવન જીવવાની ક્ષમતા હોય છે ખરી, પણ બધાં સ્ત્રી-પુરુષો એવું જીવન જીવી શકે એમ મૅસ્લો નહોતા માનતા. તેઓ માનતા કે એવું જીવન જીવવામાં જાતજાતના અવરોધો ઊભા થતા હોય છે. એવું જીવન જીવવામાં નિષ્ફળ રહેલી વ્યક્તિઓમાં કેવી વિકૃતિઓ ઉદ્‌ભવે છે તેનો ચિતાર આપતાં મેસ્લોએ પોતે કોઈ પુસ્તકના પૂઠાં ઉપર જોયેલા એક ચિત્રનું વર્ણન કર્યું છે. પૂઠાંના નીચેના ભાગમાં કોઈ પણ જોનારના હૃદયમાં વહાલ ઉપજાવે એવાં ગુલાબી, મીઠાં મધુર, આનંદી અને નિર્દોષ બાળકોની હાર હતી, અને પૂઠાંના ઉપરના ભાગમાં કોઈ શહેરની ભૂગર્ભ રેલગાડીમાં મુસાફરી કરતાં ગમગીન (glum) નિરુત્સાહી (gray), ભારેખમ મોં કરીને બેઠેલા (sullen), અને જીવનથી કંટાળી ખાટા સ્વભાવવાળા (sour)થઈ ગયેલાં સ્ત્રીપુરુષોનુ ચિત્ર હતું. ચિત્રની નીચે લખ્યું હતું 'આમ કેમ બન્યું ?' એટલે કે પૂઠાંની નીચેના ભાગમાં દેખાતાં તંન્દુરસ્ત, સુખી અને આનંદી બાળકો મોટાં થતાં પૂઠાંના ઉપરના ભાગમાં દેખાતા મુસાફરો જેવા કેવી રીતે બની ગયા ? એ ચિત્ર ઉપર ટિપ્પણી કરતાં મૅસ્લો લખે છે કે પોતાનો ઉદેશ સ્વપ્રયોજનનિષ્ઠ વ્યક્તિઓમાં ક્યારેક મળતી આવી નિષ્ફળતાનાં કારણો શોધવાનો છે.

મૅસ્લોની દૃષ્ટિએ એવી નિષ્ફળતાનું કારણ સામાજિક હોય છે. દરેક વ્યક્તિમાં ત્રીજા વર્ગની, ભાવાત્મક, જરૂરિયાતો રહેલી હોય છે. એમ મૅસ્લો માનતા ખરા, તે માત્ર શક્યાતા રૂપે. વ્યક્તિ ખરેખર એવી જરૂરિયાતો અનુભવે તે સારુ એ જરૂરિયાતને પોષે એવું સાંસ્કૃતિક વાતાવરણ આવશ્યક હોય છે પણ બધી વ્યક્તિઓને હંમેશા એવુ વાતાવરણ મળી રહેતું નથી. કોઈ સંસ્કૃતિ વ્યક્તિની ભાવાત્મક જરૂરિયાતો પોષવામાં નિષ્ફળ રહે તે સારુ માર્કસવાદી દૃષ્ટિ જીવનપોષણના સાધનો સમગ્ર સમાજ માટે પૂરતાં ન હોવાને કારણે એ સમાજમાં જીવનનિર્વાહ માટે ઊભી થતી તીવ્ર હરીફાઈને જવાબદાર ગણે છે, જ્યારે અંગ્રેજ ઇતિહાસકાર આર્નાલ્ડ ટોયંબીના મત અનુસાર એનું કારણ અર્વાચીન યુગમાં પરલોક વિશેની શ્રધ્ધાનો ક્ષય થતો આવ્યો છે એ છે. વળી કેટલાક જીવશાસ્ત્રીઓ માણસની સંસ્કૃતિની એવી નિષ્ફળતા સારુ વ્યક્તિઓની આક્રમક વૃત્તિઓને જવાબદાર ગણે છે. તેઓ માને છે કે વિવિધ જીવોરૂપોની ઉત્ક્રાંતિપ્રક્રિયા દરમિયાન સ્વરક્ષણ અર્થે આક્રમણવૃત્તિ વિકસી અને હવે તેની જરૂર ન રહી હોવા છતાં તે છૂટતી નથી. પ્રચલિત મનોવિજ્ઞાન સ્વપ્રયોજનનિષ્ઠ જીવન જીવવામાં વ્યક્તિની નિષ્ફળતાનું મુખ્ય કારણ બાળકની સ્વભાવસહજ વૃત્તિઓના દમનને ગણાવે છે અને તે ઉપરાંત આકસ્મિક કારણરૂપે બાળકને કોઈ ભયજનક આઘાત લાગ્યો હોય તેને ગણાવે છે. અસ્તિત્વવાદ માણસને સ્વપ્રયોજનનિષ્ઠ જીવન જીવનમાં મળતી નિષ્ફળતાનું કારણ તેની અભિલાષાઓ એને તેના જીવનની વાસ્તવિકતાઓ વચ્ચે ન પુરાય એવી ખાઇ હોવાનું જણાવે.

મૅસ્લો પોતે માનતા કે માણસના જીવનના કેટલાક પ્રશ્નો અનુત્તર જ રહેવાના. વ્યક્તિમાત્રને કોઈ અન્ય વ્યક્તિ સાથે ઐક્ય અનુભવવાની ઝંખના રહેતી હોય છે પણ એ ઝંખના તૃપ્ત થાય એવી છે જ નહિ અને આ વાસ્તવિકતા સહન ન થવાથી વ્યક્તિ ભ્રાન્તિઓનો આશ્રય લે છે. આ ઉપરાંત મૅસ્લોએ મનુષ્યસ્વભાવના એક બીજા અંશને jonah complex જોઉન-ગ્રંથિ-રૂપે ઓળખાવ્યો હતો. બાઈબલના જૂના કરારમાં જોઉન નામના યહૂદીઓના એક પ્રાચીન ધર્મનેતા ઇશ્વરની આજ્ઞાનો અનાદર કરી વહાણમાં નાશી જતા હતા ત્યારે એક મોટી માછલી તેમને ગળી ગઈ હતી. એ મતલબની કથા છે. એ કથામાં જેમ ઈશ્વરે જોઉનને પોતાની આજ્ઞાનો અનાદર કરવા બદલ શિક્ષા કરી હતી તેમ આપણને પણ ઇશ્વરનો-એટલે કે આપણામાં રહેલા દૈવી અંશનો વિદ્રોહ કરવા બદલ તે અંશ શિક્ષા કરશે એવો ભય તે જોઉન-ગ્રંથિ. મૅસ્લો એવા ભયને પણ વ્યક્તિના સ્વપ્રયોજનનિષ્ઠ જીવન જીવવાના પ્રયત્નમાં એક અવરોધ બળ હોવાનું માનતા. વ્યક્તિને પોતાનામાં રહેલા દૈવી અંશનો ભય રહે છે કારણકે એ દૈવી અંશ વ્યક્તિને પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વનું વિલોપન કરવા પરવશ કરતો હોય છે. જ્યારે વ્યકિતને તો પોતાના સ્વતંત્ર વ્યકિતત્વને વળગી રહેવું હોય છે. ખ્રિસ્તી માન્યતા અનુસાર શયતાને ઇશ્વરનો વિદ્રોહ કર્યો હતો તે કંઇ આવી જ વૃત્તિથી પ્રેરાઈને કર્યો હતો એમ કહી શકાય.

મૅસ્લો એમ પણ કહેતા કે જેમ વ્યક્તિને પોતનામાં રહેલા દૈવી અંશનો ભય લાગે છે તેમ ઘણીબધી વ્યક્તિઓને સાધુ ચરિત સ્ત્રી-પુરુષોની ઇર્ષ્યા થતી હોય છે તેનું કારણ એ છે કે એવાં સ્ત્રી-પુરુષો પોતાના ચારિત્રની સરખામણીમાં વ્યક્તિને તેની ચારિત્ર હીનતા પ્રત્યે સભાન કરે છે. ઉપર જેનો ઉલ્લેખ કર્યો છે તે શેક્સપિયરના ઓથૅલો નાટકનો ખલનાયક ઇયાગો કેશિયો નામના ડેઝૂદિમૌન દાક્ષિણ્યભાવથી વર્તનાર પાત્રને અનુલક્ષીને કહે છે. 'He has a daily beauty in his life. That makes me ugly.'

એટલે કે કેશિયાના ચારિત્રની સરખામણીમાં પોતે કદરૂપો દેખાતો હતો. કેશિયો પ્રત્યેની એ ઇર્ષ્યાથી પ્રેરાઈ ઇયાગો નાટકના એક બીજા પાત્રને કેશિયોનું ખૂન કરવા પણ ઉશ્કેરે છે, જોકે એ પાત્રે કેશિયો ઉપર કરેલો પ્રહાર કેશિયો માટે જીવલેણ નથી નીવડતો.

વ્યક્તિ પસ્પરવિરોધી વૃત્તિઓ વચ્ચે સ્વદ્રોહની વૃત્તિ પસંદ કરે તો એ વ્યક્તિ પોતે કોઈ ગુનો કર્યો છે એવો ભાવ અનુભવે છે એમ મૅસ્લો માનતા. વ્યક્તિમાં પરસ્પર વિરોધી વૃત્તિઓ કેવી રીતે ઉદભવે છે, એનો વિચાર કરતાં કઠોપનિષદના અભ્યાસીને એ ઉપનિષદના,

श्रेयश्च प्रेयश्च मनुष्यमेत–
स्तौ संपरीत्य विविनक्ति धीर :

(શ્રેય અને પ્રેય એ બે વૃત્તિઓ મનુષ્યની સમક્ષ આવીને ઊભી રહે છે અને ધીર પુરુષ એ બે વચ્ચે વિવેકપૂર્વક પસંદગી કરે છે.) એ વચનનું સ્મરણ થશે. ઓગણીસમી સદીના અમેરિકન મનોવૈજ્ઞાનિક વિલિયમ જેઇમ્સ માનતા કે વ્યક્તિનુ ધ્યાન જે વૃત્તિ ઉપર વધુ સમય કેન્દ્રિત રહે તે વૃત્તિ ક્રિયાશીલ બને છે. ભગવદગીતાના બીજા અધ્યાયના ૬૨માં શ્લોકની પહેલી પંક્તિમાં શ્રીકૃષ્ણ પણ લગભગ એ જ મતલબનું કહે છે:

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।

(વ્યક્તિ જે વિષયનું ચિંતન કરે છે તેની પ્રત્યે તેને આસક્તિ બંધાય છે.) ખ્રિસ્તી માન્યતા અનુસાર મનુષ્યસ્વભાવ મૂળથી જ પતિત (essentially corrpt) છે અને ઇશ્વરકૃપા જ માણસનો તેની પતિત અવસ્થામાંથી ઉદ્ધાર કરી શકે. વળી ફ્રાન્સમાંથી સ્વિત્ઝર્લૅન્ડ જઈ વસેલા કેલ્વિન નામના પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયના ધર્મચિંતક તો Predetermination ના સિદ્ધાંતમાં માનતા, એટલે કે કઈ વ્યક્તિને ઇશ્વરની કૃપા નહિ મળવાથી તે અનંત કાળ સુધી નરકવાસી બનશે અને કઈ વ્યક્તિ ઇશ્વરકૃપાને પાત્ર થઈ અનંત કાળ સુધી સ્વર્ગવાસી બનશે તેનો નિર્ણય ઇશ્વરે તે વ્યક્તિના જન્મ પહેલાં જ કર્યો હોય છે, અને તેથી તે વ્યક્તિ મૃત્યુ પછી નરકમાં જશે કે સ્વર્ગમાં તેનો આધાર એ વ્યક્તિનાં સારાંનરસાં કર્મો ઉપર નથી રહેતો. કેલ્વિનની આ માન્યતાને કંઇક સમર્થન આવે એવું બાઈબલમાં એક કથન છે : The spirit bloweth where It lisiteth. અહીં spirit શબ્દનો મૂળ

અર્થ 'વાયુ' એવો થતો હતો અને એ કથનનો અર્થ વાયુ સ્વૈરવિહારી છે એવો થાય, પણ કથનનો વ્યંગાર્થ એવો નીકળે કે સૃષ્ટિમાં રહેલું કલ્યાણતત્ત્વ સ્વૈરવિહારી છે અને તે કઈ વ્યક્તિમાં પ્રગટ થશે અને કઈમાં નહિ તે પણ કહી શકાતું નથી અથવા એ કથનનો એવો પણ અર્થ કરી શકાય કે ઈશ્વરની કૃપા કઈ વ્યક્તિ પર ઊતરશે અને કઈ વ્યક્તિ ઉપર નહિ ઊતરે એ કહી શકાતું નથી. મુંડકોપનિષદમાં પણ લગભગ આ જ મતલબનું કથન છે.

यमेवैष वृणुते तेन लभ्य
स्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम ॥

(આ આત્મા-એટલે કે પરમાત્મા-જે વ્યક્તિને પસંદ કરે છે તેની સમક્ષ જ તે પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે) પણ જે વ્યક્તિ આત્માની અર્થાત પરમાત્માની કૃપાપાત્ર ન થઈ હોય તે અનંત કાળ સુધી નરકવાસી બનશે એવા કોઈ ઉલ્લેખ અહીં નથી. ગાંધીજી પણ વ્યક્તિની આધ્યાત્મિક પ્રગતિ સારુ ઈશ્વરકૃપાને આવશ્યક માનતા પણ તે સાથે તેઓ નિઃસ્વાર્થ સેવા અને ભક્તિ દ્વારા ઈશ્વરકૃપાને પાત્ર બની શકાય છે એમ પણ માનતા .

આવી માન્યતાઓની વિરુદ્ધ મૅસ્લો માનતા કે દરેક વ્યક્તિમાં પૂર્ણતાની શક્યતા રહેલી છે અને પૂર્ણતા સિદ્ધ કરવામાં નડતા અવરોધો મનુષ્ય પ્રયત્નથી દૂર કરી શકાય છે. વ્યક્તિમાં નકારાત્મક વિનાશક વૃત્તિઓ દેખાય છે, તેને તેઓ વ્યક્તિ પોતાની આંતરિક જરૂરિયાતો અને ઊર્મિઓ અતૃપ્ત રહેતા અને પોતાની શક્તિઓને પ્રગટ થવાનો અવકાશ ન મળતાં જ હતાશા અનુભવે છે તેની પ્રતિક્રિયા રૂપે તેનામાં હિસાત્મક આક્રમકતા જન્મે છે તેનું પરિણામ માનતા, જોકે મૅસ્લો એમ પણ માનતા કે વ્યક્તિને પોતાની આકાંક્ષાઓ નિષ્ફળ જતાં જે દુઃખ થાય છે તે તેને સ્વપ્રયોજનનિષ્ઠ જીવન જીવવામાં ઉપકારક પણ બની શકે. અઢારમી સદીનાં અંતમાં ફ્રેંચ ક્રાંતિના વર્ષોમાં પણ The Essential goodness of man અને man's perfectibility, એટલે કે માણસ એના મૂળ સ્વભાવે શુભ વૃત્તિવાળો હોવાની અને માણસ પૂર્ણતા સિદ્ધ કરી શકે એવી શ્રદ્ધા પ્રચલિત બની હતી.

મૅસ્લો માનતા કે (તૈતેરીય ઉપનિષદમાં વર્ણવેલી યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ-જેને પહોંચ્યા વિના મન સાથે વાણી પાછી વળે છે એવી)આધ્યાત્મિક અનુભૂતિમાં વ્યક્તિ શુભ-અશુભ, રાગદ્વેષ એવા સર્વ દ્વંદ્વોથી પર થઈ જાય છે. તેઓ કહેતા કે જગતના સર્વ રહસ્યદ્રષ્ટાઓ (mystics) તેમની આધ્યાત્મિક અનુભૂતિની ક્ષણોમાં પોતાના અહમનું સંપૂર્ણ વિલોપન અનુભવતા હોવાનું, પહેલા પોતે ક્યારેય નહોતું જોયું એવા સત્યનું પોતાને દર્શન થયું હોવાનું અને પોતાની અંતરદૃષ્ટિ ઉપરથી માયાનું આવરણ હઠી જઈ પોતાને કોઈ અદભુત તત્ત્વનું દર્શન થયું હોવાનું જણાવે છે. એથી સર્વ અનુભૂતિક્ષણોમાં એ રહસ્યદૃષ્ટાઓ (ભગવદગીતામાં જેને અતીન્દ્રિય અને બુદ્ધિગ્રાહ્ય એવું આત્યાંતિક સુખ કહ્યું છે એના જેવો) પરમ આનંદ (bliss), પરમ ભાવાવેશ (ectasy) અને ઉત્કટ હર્ષાવેગ (rapture) અનુભવ્યા હોવાનું જણાય છે.

અને છતાં મૅસ્લો માનતા કે વ્યક્તિ પોતાની ઉચ્ચતમ અનુભૂતિની ક્ષણોમાં સર્વ પ્રકારના સુખની કલ્પનાઓ અતિક્રમી જાય છે અને એવી સ્થિતિમાં તે વિશ્વવ્યાપી નિર્વેદ (cosmic sadness) અથવા કોઈ પણ પ્રકારના ઊર્મિ આવેગોથી મુક્ત એવી સૌમ્યાવસ્થા (soberness) નિર્વિકાર ધ્યાનાવસ્થા (non-emot ional contemplation) જેવી ચિત્તવૃત્તિઓ અનુભવે છે. કવિ વર્ડ્ઝવર્થ પણ એમના એક કાવ્યમાં પોતે The still sad music of humanity (મનુષ્યજીવનનું શાંત દર્દભર્યું સંગીત) સાંભળ્યું હોવાનું લખ્યું છે. તથાગત બુદ્ધની કરુણામાં પણ આવા જ વિશ્વાવ્યાપી નિર્વેદની પ્રેરણા હશે.

આ દૃષ્ટિએ વિચારતાં જણાય છે કે માણસને પોતાના જીવનનો અંતિમ અનુભવ એ જીવનની ટ્રેજેડીનો, એટલે કે જીવનની કરુણ ભવ્યતાનો જ રહ્યો છે. અંગ્રેજ મહાકવિ મિલ્ટને એ અનુભવને And calm of mind, all passion spent એવા શબ્દોથી વર્ણવ્યો છે, એટલે કે એવા અનુભવમાં માણસના ચિત્તતંત્રમાં ઊર્મિઓના સર્વ આવેગો શમી જતાં તેને નીરવ શાંતિનો અનુભવ થાય છે.

આથી ઊલટું, પ્રાચીન ભારતના ઋષિદૃષ્ટાઓએ વિશ્વના અંતિમ સત્યને સચ્ચિદાનંદ રૂપે અનુભવ્યું છે.

એઇબ્રહેમ મૅસ્લોનાં પુસ્તકોની સૂચિ.

(૧) Psychology of Science (Harper and Row)
(૨) Religions, values and peak Experience (Ohio State university press)
(૩) Toward a Psychology of Being (Van Nostrand)
(૪) Motivation and Personality (Harper and Brothers)
(૫) The Farther Reaches of Human nature (Viking Press) મરણોત્તર પ્રકાશન.

□□□

# સમૂહ માધ્યમો અને સાહિત્ય

□ પન્નાલાલ ર. શાહ

કુદરતે પ્રત્યેક વ્યક્તિમાં કંઈકને કંઈક વિશેષ શક્તિ, વિશેષ કુશળતા (Talent) મૂકેલી હોય છે. માનવ સમાજના વ્યાપક હિતમાં એ કુશળતાના આવિષ્કારનો કીમિયો કેળવણીએ-વડીલો અને સમાજમાંના ગુરુઓની દોરવણીએ-કરવાનો છે. વિવિધ દૈનિક-સામયિકમાં કટારનું લેખનકાર્ય અને સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ વિવિધ વિષયોનું અધ્યાપન કાર્ય કરતાં ડૉ. પ્રીતિબહેન શાહની સંશોધન ક્ષેત્રની કુશળતા, ડૉ. કુમારપાળ દેસાઈના માર્ગદર્શન હેઠળ, આગવી રીતે પ્રગટ થયેલી જણાય છે. એમના મહાનિબંધના પુસ્તક ' સમૂહ માધ્યમો અને સાહિત્ય'ની પ્રસ્તાવનામાં શ્રી વાસુદેવ મહેતાએ યોગ્ય જ નોંધ્યું છે કે, 'સમૂહ માધ્યમો અને સાહિત્ય વચ્ચે પરસ્પર સંબંધ સ્થપાઈ ચૂક્યો છે. હવે તો તેમણે એક જ છાપરા નીચે રહીને જીવવાના દિવસો આવી ગયા છે. છતાં એમના સહજીવન વિષે ગુજરાતીમાં ગંભીર ચિંતન થયું નથી, અને જૂના સાહિત્યના વિવેચન પછી સમૂહ માધ્યમોની છણાવટના ધોરી માર્ગનું ઉદ્‌ઘાટન શ્રી પ્રીતિબહેનના 'સમૂહ માધ્યમો અને સાહિત્ય'ના પુસ્તકથી થાય છે. અત્યાર સુધીમાં પત્રકારત્વ, વર્તમાનપત્રોનો ઇતિહાસ તથા સમાજ પર અસરો વિષે બેશક ગંભીર લેખન થયું છે. પરંતુ ગુજરાતી સાહિત્ય અને સમૂહ માધ્યમોની ઉભયાન્વયી અસરો વિષે ઊંડાણ તેમ જ તંતુ-તંતુની છણાવટ, ચર્ચા , કાલક્રમ તેમ જ પ્રવાહોની પરિપાટી પર રજૂ કરવામાં આ પહેલો નોંધપાત્ર પ્રયત્ન છે, આ પછી આ વિષયમાં વિવાદને અવકાશ છે, પરંતુ વિગતોમાં ઉમેરવાનું ઝાઝું નહિ હોય.'

પ્રસ્તુત વિષયનું આ પ્રકારનું પુસ્તક સૌથી પ્રથમ છે. એ દૃષ્ટિએ આ ક્ષેત્રે તેમાં પાયાનું કામ થયું છે. આ રીતે પાયાનું કામ રજૂ કરતાં પુસ્તકોમાં વ્યાપ ઘણો હોય, પણ તેમાં ઊંડાણ ન હોય. સદ્‌ભાગ્યે લેખિકા વ્યાપ અને ઊંડાણ સિદ્ધ કરવામાં સફળ રહ્યાં છે.

મહાનિબંધ કે કોઈ પણ વિવેચન માટે વિષયની પસંદગી વખતે વિવેચ્ય વિષયને સમયના ઠીક ઠીક અંતરેથી જાણવામાં કે નાણવામાં આવે એનો સલામતી ખાતર ખ્યાલ રાખવામાં આવતો હોય છે. પરંતુ અહીં એકદમ સમકાલીન કે હજી વિકાસશીલ છે અને સતત વિકાસશીલ રહે છે એવા સમૂહ માધ્યમના વિષયને તાકવામાં લેખિકાએ મોટું સાહસ ખેડયું છે.

પ્રસ્તુત મહાનિબંધ આઠ પ્રકરણોમાં વિભાજિત છે, તેમાં (૧) માધ્યમોની સંસ્કૃતિ અને (૨) પ્રભાવક પરિબળ એમ બે પ્રકરણોમાં ચર્ચા સૈદ્ધાંતિક ભૂમિકાની હોય તે સ્વાભાવિક છે. આ બે પ્રકરણોની સંદર્ભ સૂચિ જોતાં કુલ ૫૧ સંદર્ભોમાંથી કેવળ ૩ સંદર્ભો ગુજરાતી છે. એ સંદર્ભ પૈકી બે સંદર્ભો તો કેવળ લેખ છે. એથી ગુજરાતીમાં આ પ્રકારનું કામ જવલ્લે જ થયું છે તેમ ફલિત થાય છે. પહેલાં પ્રકરણમાં લેખિકાએ પાશ્ચાત્ય વિદ્વાનોના વિવિધ મતમતાંતરો સહિત ઔદ્યોગિક

ક્રાંતિ અને સંચારક્રાંતિની ચર્ચા વિચારણા કરી છે અને પરંપરાગત લોક માધ્યમો અને સમૂહ માધ્યમોની વ્યાખ્યા દર્શાવીને તેના સ્વરૂપ, કાર્ય, પ્રભાવ અને સામ્યભેદની વિગતે છણાવટ કરી છે.

પરંપરાગત લોકમાધ્યમની વત્તા કરતાં લેખિકાએ આપણા અતિ પ્રાચીન ગ્રંથ 'ઋગ્વેદ'માં શ્રાવ્ય પરંપરાના ઉલ્લેખની અને જૈન આગમગ્રંથ 'બૃહદ કલ્પસૂત્ર' ઉપરના સંઘદાસગણિના ભાષ્યમાં આવતા ચાર પ્રકારના મંખના ઉલ્લેખની સવિગત રજૂઆત કરી છે. શ્રાવ્ય માધ્યમમાં આખ્યાયિકાઓ, હરિકથા જેવી કથાઓ, લોકગીતો, વાર્તાકથન અને કાવ્યગાન તથા દૃશ્ય માધ્યમમાં 'સૂક્ત ચિત્રાવલિઓ', ચિત્રપટ પ્રદર્શિત કરીને કથા કહેવાની પરંપરા મહારાષ્ટ્રમાં 'ચિત્રકથી', રાજસ્થાનમાં 'પાબુજીનો પડ' અને બિહારમાં 'જાદુ પટવા'નો ખ્યાલ આપ્યો છે. ક્રિયા ધરાવતી લોકકલા તથા રંગભૂમિ અને કઠપૂતળી જેવા સંગીતમય સ્વરૂપ અને ભવાઈ જેવા લોકમાધ્યમોની પણ એમણે છણાવટ કરી છે. સમૂહ માધ્યમ અને લોક માધ્યમના સામ્યભેદની ચર્ચા કરતાં લેખિકાએ તારણ આપ્યું છે : 'આપણે પરંપરાગત માધ્યમોનો એક જુદી રીતે પણ ઉપયોગ કર્યો છે. રેડિયો, ફિલ્મ કે ટેલિવિઝન પર લોકસંસ્કૃતિનાં સ્વરૂપો રજૂ કરીને સમૂહ માધ્યમોની ટેકનિકનો ઉપયોગ કરી વિશાળ જનસમૂહ પર અસરકારક પ્રભાવ પાડયો છે અને જનસમૂહે પણ સમૂહ માધ્યોમોમાં રજૂ થયેલાં પરંપરાગત માધ્યમના ઘાટને અપનાવી લીધું છે.'

બીજા પ્રકરણમાં લેખિકાએ સમૂહ માધ્યમોની તવારીખમાં મુદ્રણકળા, પુસ્તકો, અખબાર, તાર-સંદેશા, માઈક્રોફોન, ચલચિત્ર, રેડિયો, ટી.વી. અને વીડિયોને આવરી લીધાં છે. આ બધાં માધ્યમોના કાર્યથી માંડીને તેના પ્રભાવક બળાબળની ચર્ચા લેખિકાએ વિવિધ દૃષ્ટિકોણથી કરી છે. આ માધ્યમોને તેમણે સમાજના જાગૃત પ્રહરી, જ્ઞાનક્ષિતિજ વિસ્તારવામાં ઉપકારક, ઝડપી વિચાર સંક્રમણ, પ્રજાજીવનમાં આકાંક્ષા જગાડનાર અને પ્રચ્છન્ન પરિવર્તન આણનાર, શિક્ષણના અને મનોરંજનના સાધન તરીકે ઓળખાવ્યા છે. આ બધી બૌદ્ધિક છણાવટ રસપ્રદ છે. એમણે કાવ્યમય ભાષામાં લખ્યું છે : 'આનો અર્થ એ નથી કે સમૂહ માધ્યમ દરિયાની ભરતી વખતે ઊછળી આવતા એકાદ મોજાં જેવું છે, પરંતુ એ તો બન્ને કાંઠે છલોછલ છલકાતી સરિતા જેવું છે. એ જે ભૂમિને સ્પર્શે છે ત્યાં નવ ચેતના લાવે છે. જ્યાં ક્યાંક સુંદર ઢોળાવ જૂએ છે ત્યાં પાણીની રૂમઝૂમતા નવા ઝરણાંનું ગીત રચે છે. ક્યારેક એ એવી સામગ્રી લાવે છે કે જે એના કાંઠાની ફળદ્રુપતામાં નવો ઉમેરો કરે છે અને ક્વચિત પૂરની માફક એ કોઈ નવા ક્ષેત્ર પર વહેવા માંડે છે.'

સાહિત્ય અને પત્રકારત્વ એ બન્ને ક્ષેત્રો ભિન્ન છે છતાં બન્ને વચ્ચેની ભેદ રેખા લોપાઈ જાય એવી અભિન્નતા ઉભય વચ્ચે રહેલી દેખાય છે. બંને માનવીના અનુભવો સાથે કામ પાડે છે. એટલે બંનેની વિષય સામગ્રી ઘણીવાર એ જ હોય છે. બન્નેનો હેતુ ભાષાના માધ્યમ દ્વારા સામે છેડે રહેલા ભાવક સુધી પહોંચવાનો હોય છે, આમ છતાં બન્નેમાં મૂળભૂત રીતે તફાવત છે. સાહિત્યકાર માનવચિત્તના ઊંડાણોને તાગવાનો પ્રયાસ કરતો હોય છે, જ્યારે પત્રકારની નજર બનાવની આસપાસ ઘૂમતી હોય છે. 'મુકુન્દરાય' જેવી મનભર કૃતિનુ સર્જન કેવી રીતે થયું તેનો રામનારાયણ પાઠકની 'મારી વાર્તાનુ ઘડતર' લેખનો હવાલો આપી સ્થૂળ ઘટનાથી સર્જેલી ઉત્તમ નવલિકા વાંચતા એના મૂળમાં રહેલી સ્થૂળ ઘટનાનો આપણને ખ્યાલ પણ ન આવે, એના સમર્થનમાં લેખિકાએ સરસ લખ્યું છે. 'ક્રૌંચ પક્ષીના વધ થવાની સ્થૂળ ઘટનાનો શોક શ્લોકમાં પલટાઈ ગયો અને એના પરથી રામાયણ જેવી અમર કલાકૃતિ રચાઈ હશે એવો ખ્યાલ આવે ખરો ? પત્રકારત્વમાં બનાવની જેટલી મહત્તા છે. એટલી મહત્તા સાહિત્યમાં નથી.'

નર્મદ યુગના ગુજરાતી સાહિત્યમાં તત્કાલીન સમાજની પરિસ્થિતિનો ચિતાર, ગાંધીયુગના સાહિત્યમાં આળસ મરડીને બેઠાં થતાં દેશની ધગશ અને ઉત્સાહ અને અનુગાંધીયુગના સાહિત્યમાં સ્વતંત્રતા બાદ પ્રજાજીવને અનુભવેલી હતાશા અને નિરાશા પ્રગટ થઈ છે એમ જણાવી લેખિકાએ સાચુ તારણ આપ્યું છે: 'આમ સાહિત્યકાર એકદંડિયા મહેલમાં જીવતો નથી. પત્રકારની માફક સમાજની ગતિવિધિની જાણકારી રાખતો હોય છે, પરંતુ એક બાબત નોંધવી જોઈએ કે કોઈ ઘટના બને એટલે પત્રકારને માટે તેનું યથાતથ આલેખન અનિવાર્ય બને છે, સાહિત્યકારને આવી ફરજ પાડી શકાય નહિ.'

નર્મદ, અમૃતલાલ શેઠ, મહાત્મા ગાંધી કે કિશોરીલાલ મશરૂવાળાના લખાણો અને સ્વ. કિશનસિંહ ચાવડા, કાકાસાહેબ કાલેલકર, ફાધર વાલેસ, સ્વ. ઈશ્વર પેટલીકર અને વિનોદીની નિલકંઠની કોલમોએ સમાજને એક નવી દિશા સૂચવતી વિચાર સામગ્રી આપી છે. પત્રકારત્વે આ રીતે સાહિત્યના પ્રદેશમાં પ્રવેશવાની ચેષ્ઠા આ પ્રકારના કોલમોના છીડાં દ્વારા કરી છે. અહી લેખિકાએ આમ છતાં પત્રકારત્વની મર્યાદા દર્શાવતું નર્મ-મર્મયુક્ત તારણ આપ્યું છે. 'પત્રકારની ત્રિજ્યા ઘણું ખરું તથ્યમાં જ ફરતી રહે છે, જ્યારે સાહિત્યકાર દૃષ્ટા હોવાથી પેલે પાર રહેલા વ્યાપક સત્યને તારવી આપે છે. પત્રકાર વજન મૂકે છે ઘટના પર, સાહિત્યકારનું લક્ષ આકાર પર કેન્દ્રિત હોય છે. ફીચર જેવા પત્રકારત્વના પ્રકારોમાં થોડા કલ્પનાવિહારની કે સ્વૈરવિહારની મોકળાશ હોય છે પણ પત્રકાર કલ્પનાની થોડી પાંખો ફફડાવવાથી વિશેષ ભાગ્યે જ આગળ વધી શકે, એના પગ તો વાસ્તવિક ધરતી પર ખોડાયેલા છે'

પત્રકાર અને સાહિત્યકાર વચ્ચે મહત્ત્વનો ભેદ છે. પત્રકારને અખબારની ઝડપ અને સમયની મર્યાદા સાથે તાલ મિલાવવાનો હોય છે. પત્રકાર પર સમયનો તકાદો હોય છે. એની પાસે સાહિત્યકાર જેટલી નિરાંતે લખવાની અનુકૂળતા હોતી નથી. આ દૃષ્ટિબિંદુ વિરુદ્ધ સિક્કાની બીજી બાજુ જેવી તર્કસંગત સંગીન રજૂઆત પણ લેખિકાએ આ રીતે કરી છે. 'ઝડપથી લખવું એ કાંઇ આસાન બાબત નથી. આ માટે લખનાર પાસે વિષયનું વૈવિધ્ય અને શૈલી પાસેથી ધાર્યું કામ કઢાવવાની આવડત હોવી જોઈએ, ઝડપી લખાણ માટે સતત અભ્યાસ અને સખત પરિશ્રમની જરૂર રહે છે.'

પત્રકારત્વ એ સાહિત્યિક સર્જનનું પ્રવેશદ્વાર ગણાય. સર્જકને તેની પાસે લેખનની જરૂરી તાલીમ મળી રહે છે. વિશ્વના અને ગુજરાતી સાહિત્યના ઘણાં સર્જકોની સર્જનશીલતાનું પરોઢ પત્રકારત્વના આકાશમાં ઊગ્યું છે. એમ જણાવી લેખિકાએ ચાર્લ્સ ડિકન્સની વિખ્યાત નવલકથા 'A Tale of two cities' સૌ પહેલાં 'All the year Round'માં પ્રગટ થયેલી તેમ નોંધ્યું છે. 'ટાઈમ' સામાયિકમાં જહોન હર્સીનું પ્રગટ થયેલું હિરોશીમાં અંગેનું રિપોર્ટીંગ, પુલિત્ઝર પારિતોષિક મેળવનાર અમેરિકન નવલકથાકાર નોર્મન મેઈલરની દેહાંતદંડની સજા પામેલ માણસની અને તેના કુટુંબીજનોની મુલાકાત લઈને લખેલ નવલકથા, રોબર્ટ લિન્ડના 'ન્યુ સ્ટેટમેન'અને 'નેશન' જેવા અખબારમાં પ્રગટ થયેલા નિબંધો વગેરે પત્રકારત્વની સાહિત્ય માટે ઉપકારક નીપજ છે. 'સર્જકની આંતર કથા'માં હરીન્દ્ર દવેની કેફિયત અને રણજિતરામ ચંદ્રક સ્વીકારતા શ્રી ભગવતીકુમાર શર્માએ આપેલ પ્રતિભાવનો હવાલો આપીને લેખિકાએ પત્રકારત્વ અને સાહિત્યની પરસ્પર ઉપકારતાનો સવિગત અભ્યાસ આપ્યો છે, એટલે જ શ્રી વાસુદેવ મહેતાએ આ પુસ્તકની પ્રસ્તાવનામાં યોગ્ય જ નોધ્યું છે કે 'આ પુસ્તક-મહા-નિબંધ જગતના પ્રવાહોના ઉલ્લેખ સાથે ગુજરાતી સાહિત્યનો નવા દૃષ્ટિકોણથી અલેખાયેલો ઈતિહાસ છે. સાહિત્ય તથા પત્રકાત્વના એકબીજા પરના ઋણની લાંબી વિગત પૂર્ણ યાદી બે પક્ષોનો શ્વાસ થંભાવી દે તેવી છે.'

અસરકારક સમૂહ માધ્યમ તરીકે પત્રકારત્વે સાહિત્ય પર પ્રબલ પ્રભાવ પાડયો છે. પત્રકારત્વે સાહિત્યના વિષય, વસ્તુ, વિચાર, શૈલી કે ભાષા જેવાં કોઇ એક અંગ પર નહિ. પરંતુ સમગ્ર સાહિત્ય પર પ્રભાવ પાડ્યો છે. તે રીતે સાહિત્યકારોએ પત્રકારત્વ પર સતત આરોહણ, આક્રમણ અને સહયોગ કર્યા છે એની વિશદ છણાવટ કૃતિવાર અને પ્રસંગવાર આ પુસ્તકમાં આપવામાં આવી છે. ગુજરાતના વર્તમાનપત્રોના ઘડતરમાં સાહિત્યકારોનો ફાળો અને સાહિત્ય પર વર્તમાન પત્રોની અસર વિષેનું ચિંતન, મૂલ્યાંકન, પૃથક્કરણ એક-બીજાના આદાનપ્રદાનની લાંબી ચર્ચા આ મહાનિબંધનો મહત્વનો ભાગ છે. ધારાવહી નવલકથા, લલિત નિબંધ, નવલિકા, હાસ્યલેખ, 'વૈશંપાયનની વાણી' જેવી કટાક્ષ

કરતી પદ્ય કટાર અને 'અહો રાયજી સુણિયે'માં પુરાણોની નિરૂપણ પદ્ધતિનો આધુનિક રીતે કરાયેલો વિનિયોગ, વૈતાળ કથાઓની પેરોડી, 'ઇદમ્ ચતુર્થં' વગેરેને વર્તમાનપત્રોની ઓથ મળી ન હોત તો કેવી રીતે આટલાં ખીલી શકત? એ પ્રશ્ન જેટલું જ મહત્ત્વ વર્તમાનપત્રને સમૃદ્ધ અને અસરકારક બનાવવામાં સાહિત્યકારોએ આપેલા પ્રદાનનું છે. એની છણાવટ પુષ્કળ વિગતો, સાથે થઇ છે.

ગુજરાતી પત્રકારત્વની ભાષા વિષે એના વિકાસનો આલેખ, પુષ્કળ વિગતો, દૃષ્ટાંતો, ભિન્ન યુગની ભાષા, પત્રકારત્વ અને સાહિત્યકારની ભાષામાં સામ્યભેદ અંગે લેખિકાએ મનભર પ્રાસાદિક શૈલીમાં છણાવટ કરી છે.

વીજાણુ માધ્યમ સાથે સંકળાયેલાં ત્રણ પ્રકરણોમાં ચિત્રપટ, આકાશવાણી અને દૂરદર્શનના સંદર્ભમાં અભ્યાસનો નિચોડ રજૂ થયો છે. ચિત્રપટ માધ્યમના બળાબળ તપાસી લેખિકાએ સાહિત્ય સાથે સંકળાયેલાં ગુજરાતી ચિત્રપટોની જ નહીં, કેટલાંક અંગ્રેજી અને હિન્દી બોલપટોની વિગતો તેમજ ચિત્રપટના સાહિત્ય પરના પ્રભાવમાં મેઘાણીએ ચિત્રપટ પરથી લખેલી વાર્તાઓની સૂચિ, ચિત્રપટના નામ સહિત આપી છે. આ રીતે સિનેમા ટેકનિકનો સાહિત્યિક ઉપયોગ ઉદાહરણસહ નોંધાયો છે, અને ચિત્રપટથી ગુજરાતી નવલકથા, સાહિત્ય, તેમ જ ગીત અને ગઝલની નવી નવી ક્ષિતિજો ઉઘડવાની આશા રાખી હતી તે કેવી રીતે અલ્પાંશે સફળ થઇ તે અંગે લેખિકાએ સખેદ નોંધ્યું છે : 'એક સમયે કનૈયાલાલ મુનશી, રમણલાલ દેસાઇ, ગુણવંતરાય આચાર્ય, ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ, ચુનીલાલ મડિયા કે ઇશ્વર પેટલીકર જેવાં અગ્રગણ્ય નવલકથાકારોની કૃતિ પરથી ફિલ્મો તૈયાર થતી હતી, પરંતુ એ પછી કાળચક્ર એવું ફરી ગયું કે મોટાભાગનાં ગુજરાતી ચલચિત્રો લોકકથા પરથી ઊતરવા લાગ્યાં. આજથી પંદર વર્ષ પહેલાં 'જેસલ તોરલ' ચલચિત્રે બોક્સ ઓફિસ પર પૈસાની ટંકશાળ પાડી ત્યારથી ગુજરાતી નિર્માતાએ અને દિગ્દર્શકોએ પાઘડીવાળા બહારવટિયા અને ચમત્કાર સર્જતી 'દેવદેવીઓ'ની લોકકથા પાછળ લાગી ગયા. લોકકથાનો ખજાનો ખલાસ થતાં નવી લોકકથા ઉપજાવી કાઢી. કરમુક્તિને કારણે અને આસાનીથી વિશાળ પ્રેક્ષક સમૂહ મળતો હોવાને લીધે આવી જ ફિલ્મોનું ચલણ વધ્યું. ક્યારેક 'કંકુ', 'કાશીનો દીકરો', 'ગુણસુંદરીનો ઘરસંસાર' જેવી સારી ફિલ્મો કાળા આકાશમાં વીજળીની માફક ઝબકી જતી હતી, પરંતુ મુખ્યત્વે તો તે કાળું ભમ્મર આકાશ જ હતું. ફિલ્મના માધ્યમનો જનમનોરંજન માટે જ ઉપયોગ કરવામાં આવતાં ગુજરાતી ફિલ્મોને હાનિ થઇ અને એનાથી ગુજરાતી સાહિત્યને પણ હાનિ થઇ. આ પ્રભાવશાળી માધ્યમ પાસેથી જે નવી નવી ક્ષિતિજો ઊઘડવાની આશા એણે રાખી હતી તે અલ્પાંશે સફળ થઇ.

અન્ય સમૂહ માધ્યમોની તુલનાએ રેડિયોની જુદી સ્થિતિની ચર્ચા કરીને લેખિકાએ 'પ્રસારણ અને સર્જન' પ્રકરણમાં રેડિયોનો સમૂહ માધ્યમ તરીકે વિકાસ, એણે ઊભી કરેલી નવી માંગ, એને પહોંચી વળવા સાહિત્યકારોના પુરુષાર્થની ઝીણામાં ઝીણી વિગતો નોંધી, રેડિયોના ઇતિહાસની સાથોસાથ એમણે રેડિયો-લેખનનો ઇતિહાસ ગૂંથી લીધો છે. શ્રી યશવંત દોશીએ આ પુસ્તક વિષે નોંધ્યું છે તેમ 'સમૂહ માધ્યમો અને સાહિત્ય'માં મૌલિક સંશોધન જોવા મળે છે. વિષય નવા, માહિતી અવનવી અને દૃષ્ટિબિંદુ વિચારપૂર્વકનું, ૨૫૦ પાનામાં મહાનિબંધ પૂરો થઇ ગયો છે છતાં અખબારો, ફિલ્મ, રેડિયો, ટી.વી., વીડિયો વગેરેની રસ પડે એવી વાત એટલાં પાનામાં થઇ ગઇ છે' તેનું અહીં સ્મરણ થાય છે.

દૂરદર્શનના આક્રમણની ચર્ચા લેખિકાએ એની પ્રભાવક શક્તિનાં સંદર્ભમાં અને એમાં રજૂ થતાં કાર્યક્રમોને જાહેર ખબરોની જનમાનસ પર થતી અવળી અસર રૂપે કરી છે, ટેલવિઝન ઔદ્યોગિક ગૃહોના લાભનું સાધન બની જાય છે કે કેમ એની તપાસ કરી, એમણે તટસ્થતાથી લખ્યું છે : 'રામાયણની ધારાવાહિક જોનાર બાળકને રામાયણનું પુસ્તક કેટલું આકર્ષી શકે તે એક સંશોધનનો વિષય બને છે. વળી પુસ્તકોના ચિત્રો સ્થિર હોય, જ્યારે ટેલિવિઝનની 'રામાયણ', 'મહાભારત' કે 'વિક્રમ ઔર વૈતાલ' ધારાવાહિકમાં ગતિશીલ કે જીવંત પાત્રો મળે છે. ટેલિવિઝનનું હજી તો ગુજરાતમાં આગમન થયું છે અને ગુજરાતી સાહિત્ય પર એનો આંશિક પ્રભાવ જોવા મળે છે. આવતા થોડા વર્ષોમાં આ માધ્યમ ગુજરાતી સાહિત્યસૃષ્ટિ પર ઘણાં પલટા, નાવીન્ય, ચમકારા અને પરિવર્તનો લાવનારું બની રહેશે એટલું તો નક્કી જ.' એ સાથે વિજાણું માધ્યમો માટે લખતાં લેખકો માટે સરસ ટકોર કરી છે : 'કેળવણીના પ્રસાર સાથે સમૂહ માધ્યમોના વ્યાપ વધતો જાય છે. આવા સમયે સાહિત્યસર્જકને જાગૃત થવુ પડશે. માધ્યમોના વ્યાપ અને પ્રભાવની ઉપેક્ષા એને પાલવશે નહિ. પોતીકું સત્ત્વ જાળવીને એણે પોતાની સર્જકતાને જતનથી પ્રગટાવવી પડશે.'

'સમૂહ માધ્યમો અને સાહિત્ય' વિષેના મહાનિબંધની આપણે અત્યાર સુધી જુદાં જુદાં વિવેચકોના અભિપ્રાયો સહિત વિચારણા કરી છે. આથી ભાવકવાચકને 'આ મહાનિબંધ આટલો સર્વાંગ સુંદર છે અને એની કોઇ મર્યાદા છે કે કેમ ?' એવો પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે. આ મહાનિબંધની પણ મર્યાદાઓ છે અને એની વિચારણા કરવાનો હવે ઉપક્રમ રાખ્યો છે.

ગુજરાતી પત્રકારત્વની ભાષાને એક આખું પ્રકરણ આપનાર અને વર્તમાન પત્રોની ભાષા અંગેની બેદરકારીની નોંધ લેનાર લેખિકાએ કેટલીક જગ્યાએ વાક્ય રચનાની ક્ષતિઓ કરી છે. ઉદાહરણ તરીકે પૃષ્ઠ ૧૦૪ પર પાંચમી પંક્તિમાં 'અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના 'અખંડ આનંદ'માં આવેલા નિબંધો...' એવી વાક્ય રચના છે. સાચી વાક્ય રચના આ પ્રમાણે હોવી ઘટે : ' 'અખંડ આનંદ'માં અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના આવેલાં નિબંધો...' આ પ્રકારની વાક્ય રચનાની ક્ષતિઓ પૃષ્ઠ ૧૦૪ પર ૧૯મી પંક્તિમાં, પૃષ્ઠ ૧૦૮ પર પાંચમી પંક્તિમાં, પૃષ્ઠ ૧૩૦ પર પંક્તિ-૬માં, પૃષ્ઠ ૧૩૨ પર પંક્તિ-૧૦માં પણ દૃષ્ટિગોચર થાય છે. પરંતુ પૃષ્ઠ ૧૩૫ પર ત્રીજી પંક્તિમાં જે એમ લખાયું છે કે 'આ પછી સ્વામી આનંદ લોકમાન્યના અન્યાય અને અધર્મ સામે જીવનભર ઝઝૂમનારા વ્યક્તિત્વને અંજલિ આપે છે,' તે અનર્થ કરનારું છે. ખરી રીતે વાક્ય રચના આ પ્રમાણે હોવી ઘટે : 'આ પછી અન્યાય અને અધર્મ સામે જીવનભર ઝઝૂમનારાં લોકમાન્યના વ્યક્તિત્વને સ્વામી આનંદ અંજલિ આપે છે.' મજાની વાત એ છે કે આવી વાક્ય રચનાની ક્ષતિઓ 'સાહિત્ય સ્વરૂપો પર પ્રભાવ' અને 'ગુજરાતી પત્રકારત્વની ભાષા' એમ બે પ્રકરણોમાં જ મુખ્યત્વે નજરે પડે છે. લેખિકા અધ્યાપિકા છે એટલે સંશોધન-મહાનિબંધના પુસ્તકમાં આવી વાક્ય રચનાની ક્ષતિઓ અક્ષમ્ય જ ગણાય.

લેખિકાએ પ્રસ્તુત પુસ્તકમાં એટલી બધી વિગતો, હકીકતો, ઉદાહરણો અને માહિતી પૂરી પાડી છે કે દરેક પાસાંનો અભ્યાસ થાય એ અપેક્ષિત ગણાય. ગુજરાતી અખબારો મોટે ભાગે દર સપ્તાહે બાળ સાહિત્યનું એક પાનું આપે છે. એનો બહુ ઊંડો અભ્યાસ અહીં શક્ય ન હોય તો યે એનો અછડતો ઉલ્લેખ જરૂરી હતો, એ જ રીતે અત્યારે ઘણાં દૈનિકો, સાપ્તાહિકો અને સામયિકો 'લઘુકથા' પ્રગટ કરે છે. 'લઘુકથા'ના આ નવલાં સ્વરૂપ વિષે હજુ ચર્ચા ચાલે છે એટલે આ સ્વરૂપ પર પત્રકારત્વની અસરનો અભ્યાસ કદાચ રજૂ થઇ ન શકે, પરંતુ એ સ્વરૂપના વિકાસમાં પત્રકારત્વના પ્રદાનની નોંધ લેવી જરૂરી હતી એમ આ લખનારનું વિનમ્ર મંતવ્ય છે.

તા. ૩-૯-૯૦ના 'જન્મભૂમિ'ના 'કલમ અને કિતાબ' વિભાગમાં આ પુસ્તકનું વિવેચન કરતાં નોંધ્યું છે તેમ 'સમૂહ માધ્યમો અને સાહિત્ય'નું ગુજરાતીમાં આ પ્રથમ પુસ્તક. તેમાં સિદ્ધાંત ચર્ચા, વિદ્વાનોનાં મંતવ્યો, મત-મતાંતરોની ચર્ચા, ગુજરાતી અને અન્ય ભાષામાંથી ઉદાહરણો, ભરપૂર માહિતી અને વિગતો અને હકીકતો, વિવિધ માધ્યમોની તવારીખ, એમનાં લક્ષ્ય અને કાર્યશક્તિ અને મર્યાદા, એમના સામ્યભેદ અને એકબીજાથી ચડતા-ઉતરતાપણું, એમનો પરસ્પર પ્રભાવ આદિનું વિવેચન...લેખિકાના સન્નિષ્ઠ અભ્યાસ-સંશોધનનું આ પુસ્તક પણ અમુક અંશે 'માહિતી વિસ્ફોટ' પણ સર્જે છે.' એટલે આવું સરસ પુસ્તક પુરસ્કૃત થયા વિના રહે ખરું? ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આ પુસ્તક માટે લેખિકાને 'ત્રિવેદી પારિતોષિક' એનાયત થયું છે.

□□□

### વાલ મોટો કે ગદિયાણો ?

(અનુસંધાન પૃષ્ઠ ૧૨ થી ચાલુ)

મલી શકે' તો તે વાત કેટલી અજુગતી લાગે ? તેવી રીતે જીવ અને આત્માના મિલનની સાધના પણ એકલા જ અને એકાંતમાં જ કરવાની હોય, તેમાં અન્ય કોઈની પણ ઉપસ્થિતિ હોઈ શકે નહીં. આપણા લબ્ધપ્રતિષ્ઠિત લેખક અને વિવેચક શ્રી રામનારાયણ પાઠકે કે કહ્યું છે કે :

'એકલ ભલા તપસ્વિઓ,
રસિયા ભલા જ હોય;
જો ત્રણ કે મણથી અધિક,
દિલમાં ડંખ ન હોય.'

અહીં મને 'વાલ મોટો કે ગદિયાણો'વાળી વાત યાદ આવી ગઈ. પહેલાના વખતમાં તોલા અને ગદિયાણાનાં માપનું સોનામાં ચલણ ચાલતું હતું. લગભગ આવી જ સ્થિતિ હજારો લાકો નિયમિતપણે વ્યાખ્યાન સાંભળાનારા શ્રોતાઓની હોય છે. જો કે બધાજ સાંભળનારાઓ કે આયોજકો પાસે એવી અપેક્ષા પણ ન રાખી શકાય, પરંતુ તેમાંના અમૂક ભાગના લોકો તો ગંભીરપણે ખરેખરા જીવનવિકાસની સાધના વિષે વિચારતા હોય, અથવા તેવી સાધના કરતા હોય તેવી અપેક્ષા વધારે પડતી ન ગણાય.

કેટલાક મિત્રો ખરેખર ગંભીરતાપૂર્વક આ બાબતમાં વિચારતા પણ હોય છે, અને સાચા અર્થની સાધના કોઈ યોગ્ય ગુરૂજનનું માર્ગદર્શન લઈને પ્રારંભ કરવા નિષ્ઠાપૂર્વક માગતા પણ હોય છે. છતાં એક યા બીજા કારણે તેમ કરી શકતા નથી હોતા. અન્ય બાહ્ય પ્રવૃત્તિઓમાં તેઓ એટલા બધા ઘેરાયેલા રહે છે, અને એ પ્રવૃત્તિઓ થકી મળતી સફળતા અને આત્મસંતોષથી એટલાબધા ભર્યા ભર્યા રહેતા હોય છે કે તેમાંથી અલ્પ સમય કાઢીને ખરેખરી સાધના તરફ મરજી હોવા છતાં જઈ શકતા નથી, એને જ્યારે કોઈકવાર અંતરમાંથી અનિવાર્ય અજંપો ઉઠે અને પોતે લીધેલ રાહમાં કશું ખૂટતું જણાય ત્યારે થોડા સતર્ક બનીને સાધના તરફ વળવા તત્પર બનતા હોય છે. વળી પાછા કામના દબાણનું બહાનું પોતાના મન સાથે જ ધરીને ફરી પાણીમાં બેસી જતા હોય છે. કેટલી મોટી લાચારી ! જે મહદ કાર્ય સંપન્ન કરવા આ દેહ ધર્યો છે. તેના તરફ દુવિધામાં અટવાઈને દુર્લક્ષ કરીને પાછા પેલા નશામાં રાચવા લાગી જવું, અને રોજીંદા સામાન્ય જીવનપ્રવાહમાં તણાતા રહેવું, અને આમ પડતા આખડતા જીવનની અંતિમ પળે અફસોસ કરવો. શું આ જ આપણે કપાળે લખાયેલું છે ? અરે, કપાળે લખાયેલા લેખને પણ બદલાવવાની શક્તિ પણ સાધનામાં છે. પરંતુ તે ખુમારી, તે સંકલ્પ ક્યારે આવે ? કે જ્યારે સાધનાનો સાચી દિશામાં પ્રારંભ થાય. મનુષ્ય માટે શું અશક્ય છે ? પહેલાના વખતમાં સાધનાની સિદ્ધિ માટે વર્ષો લાગતાં હતા, જ્યારે આ જમાનો ઝડપનો છે. જીવનને લગતી મોટાભાગની બાબતો અને ઉપકરણો ઝડપથી બન્યા છે, અને હવે સાચી દિશામાં સાધના કરવા માટે ઉચિત માર્ગદર્શન આપે તેવા ગુરૂજનો પણ ઘણીવાર આપણી સામે જ હોય છે. જરૂર છે માત્ર ઝડપી નિર્ણય કરીને તેનો ઝડપથી અમલ કરવા તત્પર થવાની. પછી સાધના તો તેનો ઉચિત સમય લેશે જ. ત્યાં આપણો પરિશ્રમ અને પુરુષાર્થ જે પ્રમાણે હશે તે પ્રમાણે ધીરે ધીરે પરંતુ ચોક્કસપણે સફળતા મળતી જ જશે. જીવનમાં આવો શુભ વિચાર આવવો , અને તેનો અમલ કરવો તે મોકો ગુમાવવા જેવો નથી. બીજું જીવન કોણે જોયું છે ? માટે આ જ જીવનમાં પ્રખર સાધના કરીને અભિષ્ટ ફળ મેળવવું છે તેવો દઢ સંકલ્પ કરીને તેમાં લાગી જવું જોઈએ, તેમાં પ્રમાદ ન સેવવો જોઈએ.

સ્વચેતના જે સ્વયં પરમાત્મ ચેતના છે, સ્વયં પ્રભુ છે, સ્વયં વિભુ છે, સ્વયં સર્વ કંઇ છે તે એમના પર પ્રતિષ્ઠિત થવાનો આપણો જન્મસિદ્ધ અધિકાર છે. તે માટે વગરથાક્યે પરમ શ્રદ્ધાપૂર્વક લાગ્યા રહેવાના કાર્યને પ્રાથમિકતા આપી દેવાય તો તે કાર્ય સિદ્ધ થયા વિના રહે નહીં.

❑❑❑

## સંઘ સમાચાર

❍ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે બુધવાર, તા. ૨૬મી મે, ૧૯૯૩ના રોજ સાંજના છ વાગે ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના કમિટિરૂમમાં ડૉ. પ્રવીણ વી. મહેતા એમ. ડી. (ગાયનેક)નો 'મહિલાઓની મેનોપોઝની સમસ્યાઓ' એ વિષે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો.

❍ સંઘના ઉપક્રમે ફોર્બસ ચેરિટેબલ ટ્રસ્ટ મુંબઈની આર્થિક સહાયથી, રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ ચિખોદરાના સહકારથી ગોપાલપુરા (વ્યારા પાસે) મુકામે રવિવાર, તા. ૩૦-૫-૧૯૯૩ના રોજ નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંઘના પ્રમુખ, મંત્રી તથા સમિતિના કેટલાક સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

❍ સંઘના ઉપક્રમે સંઘની આર્થિક સહાયથી ડૉ. કુમુદ પ્રવીણ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટના સહકારથી ચામડીના રોગ નિવારણ માટેના ત્રણ કેમ્પ ગત એપ્રિલ અને મે મહિનામાં વલસાડ જિલ્લાનાં આદિવાસી વિસ્તારમાં માણેકપુર, ઝારોલી અને વારણા મુકામે યોજવામાં આવ્યા હતા. સંઘના પ્રમુખ, મંત્રી તથા સમિતિના કેટલાક સભ્યો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા.

❍ સંઘ સંચાલિત બાળકોના સંગીત વર્ગની પૂર્ણાહુતિનો કાર્યક્રમ શનિવાર, તા. ૫મી જૂન, ૧૯૯૩ના રોજ પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો. બાળકોએ અભિનય સાથે રજૂ કરેલાં ગીતોના કાર્યક્રમનું સંચાલન શ્રી બંસરીબહેન પારેખ અને શ્રી જ્યોતિબહેન પારેખે કર્યું હતું. આ પ્રસંગે બાળકોને આકર્ષક ભેટવસ્તુઓ આપવામાં આવી હતી.

❍ સંઘના ઉપક્રમે શ્રી જંયતીલાલ રાયચંદ ખંધારના આર્થિક સહયોગથી, ચિખોદરાની આંખની હોસ્પિટલના સહકારથી ભરૂચ જિલ્લાના અટાલી મુકામે રવિવાર, તા. ૧૩મી જૂન, ૧૯૯૩ના રોજ નેત્રયજ્ઞ યોજવામાં આવ્યો હતો.

## અસ્થિ સારવાર કેન્દ્ર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે નિષ્ણાત અસ્થિ ચિકિત્સક ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા હાડકાનાં રોગોની નિઃશૂલ્ક સારવાર દર રવિવારે સવારના ૧૦-૦૦ થી ૧-૩૦ સુધી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, પરમાનંદ કાપડિયા સભાગૃહ, ૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગ, રસધારા કો-ઓપ. સોસાયટી, બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઇ-૪૦૦ ૦૦૪. (ફોન : ૩૫૦૨૯૬) ખાતે આપવામાં આવે છે.

આ ઉપરાંત સંઘના ઉપક્રમે દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૩-૦૦ થી ૫-૦૦ સુધી શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ , ઝાલાવાડનગર, સી. ડી. બરફીવાલા માર્ગ, જુહુલેન, અંધેરી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦ ૦૫૯ ખાતે ડૉ. જે. પી. પીઠાવાલા દ્વારા ઉપરોક્ત સારવાર વિનામૂલ્યે અપાય છે. જરૂરિયાતવાળા દરદીઓ અવશ્ય તેનો લાભ ઉઠાવે તેવી વિનંતી છે.

| | |
|---|---|
| પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ | નિરુબહેન એસ. શાહ |
| જયાબહેન ટી. વીરા | પ્રવીણચંદ્ર કે. શાહ |
| સંયોજકો | મંત્રીઓ |


## મુંબઇ જૈન યુવક સંઘનાં નવાં પ્રકાશનો

**શ્રી દીપચંદ ત્રિભોવનદાસ શાહ ગ્રંથ શ્રેણી ૧૦-૧૧**

પ્રભાવક સ્થવિરો ભાગ-૩
મૂલ્ય રૂા. ૨૦-૦૦

જિનતત્ત્વ ભાગ-૫
મૂલ્ય રૂા. ૨૦-૦૦

★ બંને ગ્રંથના લેખક ★
ડૉ. રમણલાલ ચી. શાહ

★ પ્રકાશક ★
**શ્રી મુંબઇ જૈન યુવક સંઘ**
૩૮૫, સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગ,
મુંબઇ-૪૦૦ ૦૦૪. ફોન નં. ૩૫૦૨૯૬.

# વાલ મોટો કે ગદિયાણો ?

❑ પૂર્ણિમા પકવાસા

એક હતા ડોશીમા. નાનું એવું ગામ, ગામના લોકોમાં આ મોંઘીડોશી પોતાના સરલ અને હેતાળ સ્વાભાવથી ઘણાં લોકપ્રિય હતા. અર્ધી રાતે પણ કોઈનું કામ દોડીને કરે તેવા પરોપકારી જીવ. ગામમાં એક સોની રહે. તેના હાથની કારીગરી, ઘાટ, છોલ, પોલીશ આદી ઘણાં સરસ થાય, એટલે લગન વિવાહ ટાણે સોનીને ઘણું કામ રહે, પણ મહેનતું સોની સૌનું કામ પૂરું કરી આપે, અને સૌને રાજી રાખે. ગામના ઘરોમાંથી કોઈનો પણ દાગીનો ઘડાતો હોય ત્યારે મોંઘી ડોશી બરાબર સાબદા થઈને સોનીની સામે ખડી ચોકીએ બેસે અને બરાબર ધ્યાન રાખે કે દાગીના ઘડતી વખતે સોની તેમાંથી સોનું કાઢી તો નથી લેતોને ? 'સોની સગી બેનનું પણ ન છોડે' તેવી દરેક સોનીની આબરૂ બંધાયેલી હોવાથી ખાસ તકેદારી રાખવી જરૂરી સમજીને સૌ લોકો મોંઘીડોશીને વિનંતિ કરે, કે 'માજી જરા અમારા દાગીનાનું ધ્યાન રાખજોને' મોંઘી ડોશી તો આવા કામ કરવા સદા તૈયાર જ હોય, એટલે ગામલોકોના દાગીનામાંથી સોનીને તલભાર સોનું ચોરવા ન મળતું, તેનો તેને ઘણો અફસોસ રહેતો હતો. માત્ર દાગીનાના ઘડામણમાંથી તો કોઈ પણ સોની ક્યારેય બે પાંદડે થાય નહીં. તે હકીકત હતી.

થોડા વર્ષ સુધી તો આમ ચાલ્યું, પછી સોની મુંઝાયો. આ ડોશી ઘરડી હોવા છતાં ક્યારેય બીમાર નથી પડતી, તો મરવાની તો વાત જ ક્યાં કરવી ! અને ખડી ચોકીએ હાજર જ હોય છે. એ હશે ત્યાં સુધી સોનું ચોરવાનું શક્ય નથી બનવાનું, માટે હવે આ ગામને રામરામ કરીને બીજે ગામ નસીબ અજમાવવું જોઈએ, તેવું વિચારીને તેણે બીજું બહાનું બતાવીને પોતાનું ગામ છોડવાનો નિર્ણય જાહેર કર્યો. બધાએ તેને બહું સમજાવ્યો, અને મોંઘીડોશીએ તો ખાસ હેતપૂર્વક પાસે બેસાડીને સમજાવ્યો કે 'ભઈલા, અમને તારા જેવો ચોખ્ખો અને પ્રામાણિક બીજો સોની મળવો મુશ્કેલ થશે. માટે તું રહી જા' પણ સોની એક નો બે ન થયો. તેને પેટમાં દુ:ખતી વાત હતી તે તો ડોશીની ખડી ચોકીમાંથી સોનું ચોરી ન શકાવાની હતી.

હવે જ્યારે ડોશીની સમજાવટ પણ નિષ્ફળ નિવડી ત્યારે ડોશીએ એને પાસે બેસાડયો, અને પેટ છૂટી ખાનગી વાત પૂછી કે 'ભાઈ, તું તો ચાલ્યો ગામ છોડીને, હવે નવો સોની આવશે તેને ગામ આખાનું કામ સોંપવું પડશે. એટલે ઇ ફોડ પાડતો જા કે 'વાલ મોટો કે ગદિયાણો?' હું છેતરાઈ ન જાઉં એટલા સારુ તને દીકરા જેવો ગણીને આ વાત પૂછુ છું ભઈલા'

આજે સોનાના તોલ માપ ગ્રામ ઉપર ગણાય છે, પણ પહેલાનાં વખતમાં તોલો, ગદિયાણો, વાલ અને રતી ઉપર ગણાતા હતા. તે માપના હિસાબે એક તોલાનાં બે ગદિયાણા થતા, અને એક તોલાનાં સોળ વાલ ગણાતા હતા. એટલે જ ચોખ્ખા સોનાને 'સોળવલું સોનું' કહેવાતું. કોઈ સારા શુદ્ધ માણસની વ્યાખ્યા આપવી હોય તો તે 'સોળવાલ અને એક રતી જેવો ચોખ્ખો માણસ છે' તેમ કહેવાતું.

'વાલ મોટો કે ગદિયાણો' વાળી ડોશીની વાત સાંભળીને સોની તો સડક જ થઈ ગયો. તે તો ડોશીને સોનાના તમામ તોલમાપ અને હિસાબકિતાબમાં પાવરધા સમજતો હતો. પરંતુ હવે તેને ખબર પડી કે ડોશીને તે બાબતની કશી ગતાગમ જ નહોતી. એ માત્ર ખડી ચોકીએ બેસી જાણતી એટલુંજ. તેણે વિચાર્યું કે વાલ મોટો કે ગદિયાણો તેની તેમને કશી ખબર જ નથી એટલી જો મને ખબર હોત તો આ ગામ છોડવાના દાખડા કરવાની જરૂર ન પડત અને અત્યાર સુધી ઘણું સોનું ચોરી શકાયું હોત, પરંતુ હજી બાજી હાથમાં જ હતી. તેણે માજીને હેત પૂર્વક કહ્યું કે 'તમે જ્યારે મને સગા દીકરા જેવો ગણો છો ત્યારે મારીથી તમારી આજ્ઞા ન ઉથાપી શકાય, માટે માજી હવે ધરપત રાખો. હું તમારા વચને તમારા સૌની સેવા કરવા આ ગામમાં જ રહી જાઉં છું.'

આ સાંભળી ડોશી હરખાયા, અને ગામ લોકોને વધામણી આપી આવ્યા કે સોની હવે ગામ છોડવાનો નથી. તે પછી સોની નિરાંત જીવે સોનું ચોરતો રહ્યો, માજી ખડી ચોકીએ ખબરદાર થઈને બેસતા રહ્યા, અને ગામ લોકો છેતરાતા રહ્યા.

આ વાત એટલા માટે યાદ આવી કે હમણાં હમણાં લોકોમાં આધ્યામિકતા તરફ સારો એવો ઝુકાવ જોવામાં આવે છે. લોકોના ટોળેટોળા આધ્યાત્મિક વ્યાખ્યાનો સાંભળવા ભેગા થાય છે. પર્યુષણ વ્યાખ્યાનોમાં કે પ્રેમપુરી અધ્યાત્મ આશ્રમમાં, પૂ. મોરારીબાપૂ કે પાડુરંગ શાસ્ત્રીજીનાં વ્યાખ્યાનો અને અન્ય સ્થાનોની વ્યાખ્યાનમાળાઓમાં તો હૉલમાં સમાય નહીં તેટલા લોકો લાભ લેવા આવતા હોય છે. આ બધી શુભ નિશાની જરૂર છે, પરંતુ તેમા લાભ લેનારા નિયમિતપણે આવનારાઓ અને આવા આયોજનો કરનારા લોકોમાં આધ્યાત્મનો પ્રભાવ કેટલો પડયો ? તેમનાં રોજીંદા જીવનમાં સાધના અભિમુખતા પ્રારંભ થઈ કે ? તેવી અભિમુખતા આવતા જીવનવ્યવહારમાં કશો ફરક પડયો કે ? આ બધા માપદંડોથી જોતા એમ લાગે કે મોટા ભાગના લોકો કેવળ વ્યાખ્યાનો સાંભળીને જ પોતે આધ્યાત્મિક બની ગયા હોય તેવા ભ્રમમાં રાચતા રહે છે. આચાર્ય રજનીશજી ઘણીવાર કહેતા કે લોકોને વ્યાખ્યાનો સાંભળવાનો એક જાતનો નશો લાગૂ પડી જાય છે, તે નશો એવો કે રોજે રોજ કશું સાંભળવું જોઈએ. સત્સંગ કરવો, સત્સંગીઓમાં ખપવું, અન્ય લોકો પોતાને આધ્યામિક માને તેથી રાજી થવું આદિ આદિ.

રોજ રોજ આધ્યાત્મની વાતો સાંભળવાથી ઉપર ઉપરની બાહ્ય આધ્યાત્મિક જાણકારી મળે તેને લઈ મોકો મળેથી માઈક પર બોલવાનું કે આધ્યાત્મ વિષે લખવાનું પણ ઘણીવાર ફાવી જતું હોય છે. આ બધાથી મન હંમેશા ભર્યું ભર્યું રહે, તેમાંજ જીવનલક્ષ્મીની ઇતિશ્રી માની લેવાતી હોય છે. પણ શું થયું આ બધાથી ? ખરેખર આધ્યાત્મિક ક્ષેત્રમાં કેટલો વિકાસ સાધી શકાયો તે વિષે મનને ઢંઢોળીને સ્થિરતાપૂર્વક વિચાર કરવાનો મોકો ઝડપનાર કેટલા ?

આવા એક મિત્ર બહેન છે જેઓ આધ્યત્મિક વ્યાખ્યાનમાળાઓનું સરસ રીતે આયોજન કરતા હોય છે. સારાસારા વ્યાખ્યાતાઓના પરિચય સાધીને તેઓને વ્યાખ્યાન આપવા નોતરતા હોય છે. સ્વયં અત્યંત વિનમ્રતાપૂર્વક નતમસ્તકે વ્યાખ્યાન રસનું પાન ભાવપૂર્વક કરતા રહે છે. મારો ખ્યાલ હતો કે તેઓ આ બધું બાહ્ય આયોજન કરતા કરતા ભીતરમાં ઘણા ઊંડા ઉતર્યા હશે, અને ખરેખર જેને સાધના કહેવાય તેમાં ઘણા આગળ વધ્યા હશે. પરંતુ મારી માન્યતા મૂળમાંથી ભૂલ ભરેલી હતી. તેવી પ્રતીતિ હાલમાં થઈ.

મારી એક માસની વિપશ્યના સાધનાના સમાચાર એમને પણ મળ્યા હશે. આમ તો ભાવુક જીવ, આગળ વધવાની તમન્ના પણ ઘણી, પરંતુ દિશાવિહીન બાહ્ય પ્રક્રિયા અને માનસિક કસરતોમાં અટવાયેલા રહેલા સમાજમાં એક પ્રકારનું ચોક્કસ સ્થાન પામેલા તે બહેને જ્યારે પ્રશ્ન પૂછ્યો કે હેં બેન, સાધના કેવી રીતે કરાય ? ભીતર કેમ કરીને ઉતરાય ? સાધના બધા કુટુંબીજનો સાથે ભેગા મળીને જ કરીએ તો કેમ ? બધાને લાભ મળી શકે ? આ પ્રશ્ન મારા માટે આશ્ચર્યજનક હતો. મેં પૂછયું કે આપતો ઘણા વર્ષોથી આ ક્ષેત્રમાં વ્યસ્ત રહો છો, પરંતુ તમારો મૂળ પ્રશ્ન તો હજુ ઊભોજ રહ્યો છે. તો તમે અત્યાર સુધી કરેલા આયોજનો અને સાંભળેલા સેંકડો વ્યાખ્યાનોમાંથી શું પ્રાપ્ત કર્યું ? તેમની પાસે જવાબ ન હતો. હવે મારે તેને એક સચોટ ઉદાહણ આપવું પડયું કે બહેન, મધુરજનની માણવા જતા યુગલને કોઈ એમ કહે કે 'ચાલો આપણે સૌ સાથે મધુરજનની માણવાનો કાર્યક્રમ કરીએ, સૌને લાભ

(અનુસંધાન પૃષ્ઠ-૧૧)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ●● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ●● સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૪ ● અંક : ૭-૮ ● ● તા. ૧૬-૮-૧૯૯૩ ● ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## અમારિ પ્રવર્તન

પર્યુષણ પર્વના પાંચ મોટાં કર્તવ્યોમાં સૌથી પ્રથમ સ્થાન અમારિ પ્રવર્તનને આપવામાં આવ્યું છે. બીજાં ચાર કર્તવ્ય છે : સાધર્મિક ભક્તિ, ક્ષમાપના, અઠ્ઠમ તપ અને ચૈત્ય પરિપાટી

અમારિ એટલે અ + મારી. 'મારિ' એટલે મારવું, હિંસા કરવી. 'અમારિ' એટલે હિંસા ન કરવી. અમારિ એટલે અહિંસા, અમારિ એટલે પ્રાણાતિપાત વિરમણ.

અમારિ પ્રવર્તન એટલે અહિંસા પ્રવર્તાવવી, અહિંસા ધર્મનું જાતે આચરણ કરવું એટલું જ બસ નથી. બીજાને પણ એનું આચરણ કરવા માટે પ્રેરણા કરવી જોઇએ. એટલા માટે પર્યુષણ પર્વ દરમિયાન અમારિ પ્રવર્તન ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. એને પર્યુષણના મુખ્ય કર્તવ્યરૂપ ગણવામાં આવ્યું છે. અહિંસા ધર્મનું પોતે તો જીવનભર પાલન કરવાનું હોય, પરંતુ અન્ય લોકો દ્વારા કેટલાક જીવોનો વધ થવાનો હોય તો તે અટકાવવા માટે હંમેશાં પ્રયત્નો કરવા જોઇએ. પર્યુષણ પર્વ દરમિયાન તો સવિશેષ કર્તવ્યરૂપે પ્રયત્નો કરવા જોઇએ.

જીવોને અભયદાન આપવાની પ્રવૃત્તિ હૃદયમાં જો દયાનો સાચો ભાવ હોય તો જ વધુ દૃઢ અને વેગવાળી બને છે. દયાથી હૃદય આર્દ્ર બને છે અને આર્દ્ર બનેલું હૃદય આરાધના માટે વધુ યોગ્ય બને છે. પર્યુષણ પર્વમાં આરાધક જીવો માટે 'અમારિ પ્રવર્તન'ના કર્તવ્યને એટલા માટે પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે.

અહિંસાનું ક્ષેત્ર ઘણું વિશાળ છે. ભગવાન મહાવીરે પ્રેમ, કરુણા, દયા જેવા વિધેયાત્મક શબ્દો કરતાં નિષેધાત્મક શબ્દ 'અહિંસા' પસંદ કર્યો તેની પાછળ ઘણું ઊંડું રહસ્ય રહેલું છે.

જીવોનો સ્થૂલ વધ ન કરવો ત્યાંથી માંડીને અન્ય કોઇ જીવના ચિત્તને ન દુભવવું ત્યાં સુધી અહિંસાનું ક્ષેત્ર વિસ્તરેલું છે. દ્રવ્યહિંસા અને ભાવ હિંસા એમ હિંસાના બે પેટા પ્રકારો છે. તેમાં પણ મન, વચન અને કાયાથી હિંસા ન કરવી, ન કરાવવી અને ન અનુમોદવી એમ ત્રિવિધે ત્રિવિધ કોટિએ હિંસાને અટકાવવા માટે ભગવાનને બોધ આપેલો છે. જે વ્યક્તિ અહિંસાની આ ભાવનાને સાચી રીતે વરેલી હોય છે તેના હૃદયમાં મૈત્રી, પ્રમોદ, કરુણા, પ્રેમ વગેરે ભાવો કુદરતી રીતે આવ્યા વિના રહેતા નથી. એ ભાવો હોય તો જ અહિંસાનું સારી રીતે પાલન થઇ શકે છે. નિષ્ઠાપૂર્વક આ વ્રતના પાલન વિના જીવ મોક્ષનો અધિકારી નથી બની શકતો.

સમગ્ર વિશ્વમાં જીવોના જન્મ અને મરણની ક્રિયા સતત ચાલ્યા કરે છે. કુદરતી ક્રમે જીવો આયુષ્ય પૂર્ણ કરીને દેહ છોડે એ જુદી વાત છે, પરંતુ જીવને જીવવું ગમતું હોય અને છતાં બીજા કોઇ એના પ્રાણ હરી લે એ ઘટના પાપરૂપ છે. બીજી બાજુ સંસારમાં એક જીવ બીજા જીવનું ભક્ષણ કરીને જીવે છે. 'जीवो जीवस्य जीवनम्' એટલે કે જીવો બીજા જીવને પોતાના આહાર માટે અકાળે મારે છે. આથી સંસારમાં હિંસાની આ પ્રવૃત્તિ પ્રતિક્ષણ ચાલ્યા કરે છે. પરંતુ એમાં પણ પોતાના આહાર માટે ઓછામાં ઓછાં પાપવાળી અલ્પતમ અને અનિવાર્ય હોય એટલી જ હિંસા, સખેદ કરવા તરફ લક્ષ હોવું ઘટે. એટલા માટે પોતાના આહાર માટે એકેન્દ્રિય જીવોથી ચાલે તો વધુ ઇન્દ્રિયોવાળા જીવોની હિંસા ન કરવી જોઇએ. મનુષ્યજીવનમાં જ એ શક્ય છે. પરંતુ બહુ ઓછા મનુષ્યોમાં એ પ્રકારની જાગૃતિ, સભાનતા કે અપ્રમત્તતા હોય છે. વાઘ સિંહ પોતાનો શિકાર કરવા ત્રાડ પાડતો ધસી આવે અને પોતાને જીવ લઇને ભાગવાનું આવે ત્યારે માણસને ખ્યાલ આવે કે પોતાને પોતાનો જીવ કેટલો વહાલો છે. તેવી રીતે દરેક જીવને પોતાનો જીવ વહાલો છે. દરેકને જીવવું ગમે છે. કોઇને મરવું ગમતું નથી. એટલે જ ભગવાન મહાવીરે કહ્યું છે :

सव्वे जीवा वि इच्छंति जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणीवहं घोरं निग्गंथा वज्जयंति न ॥

દરેક જીવને જીવવું ગમે છે. કોઇને મરવું ગમતું નથી. એટલા માટે નિર્ગ્રંથ મુનિઓએ ઘોર એવા પ્રાણીવધનો ત્યાગ કરવો જોઇએ.

સંસારમાં એકેન્દ્રિય જીવથી માંડીને પંચેન્દ્રિય જીવ સુધી સકારણ અને અકારણ જે હિંસા સતત ચાલી રહી છે તેમાંથી વર્તમાન જગતમાં પંચેન્દ્રિય જીવોની જે સતત હિંસાની પ્રવૃત્તિ ચાલી રહી છે ફક્ત તેની જ વાતો કરીએ તો તે પણ કમકમાટી ઉપજાવે એવી છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં દુનિયાભરમાં મનુષ્યની વસતી વધવાની સાથે સાથે આહાર માટે પંચેન્દ્રિય પ્રાણીઓની હિંસા પણ ઘણી વધતી ચાલી છે. દેશ-વિદેશમાં પ્રાણીઓની કતલને માટે નવાં નવાં સ્વયંસંચાલિત યંત્રો પ્રચારમાં આવતા ગયાં છે. એથી એક સાથે સેંકડો પ્રાણીઓની કતલ આવાં કતલખાનાઓમાં રાત-દિવસ ચાલવા લાગી છે. દુનિયાની બહુમતી વસતી માંસાહારી છે, એટલે દેખીતી રીતે જ આહાર માટે રોજે રોજ અસંખ્ય પ્રાણીઓની કતલ થાય. પરંતુ વર્તમાન સમયમાં એક દેશમાંથી બીજા દેશમાં ચીજ વસ્તુઓની ઝડપી હેરફેર કરવાની સગવડો વધવાને લીધે માત્ર ભૂખ સંતોષવા માટે જ નહિ પરંતુ માણસના શોખ અને સ્વાદને પોષવા માટે પણ એક દેશમાંથી બીજા દેશમાં માંસ કે માંસાહારી વાનગીઓની જથ્થાબંધ ઝડપી નિકાસ-આયાત થવા લાગી છે. એને લીધે પણ સમગ્ર દુનિયામાં પશુવધની સંખ્યામાં ઘણો મોટો વધારો થયો છે.

થોડાં વખત પહેલાં એવા એક સમાચાર વાંચવામાં આવ્યા હતા કે ફિલિપાઇન્સના કેટલાક લોકોને કૂતરાનું માંસ વધારે ભાવે છે એટલે ઇઝરાયલના એક ઉદ્યોગપતિએ ઇઝરાયલમાંથી અને બીજા દેશોમાંથી રસ્તામાં રખડતા કૂતરાઓને પકડીને તેની કતલ કરીને અને તેનું માંસ ફિલિપાઇન્સ અને એવા બીજા દેશોમાં મોકલવા માટે એક અદ્યતન કારખાનું સ્થાપવાની યોજના કરી છે. ઇઝરાયલના લોકો કૂતરાનું માંસ ખાતા નથી પરંતુ બીજા દેશો માટે માંસ તૈયાર કરીને મોકલવાની યોજના પોતાના દેશમાં કરવી એમાં હવે જરા પણ નવાઇ કે શરમ રહી નથી. દુનિયાનું અર્થતંત્ર દુનિયાને ઉત્તરોત્તર વધુ અને વધુ પશુવધ તરફ ધકેલી રહ્યું છે. ધન કમાવા નીકળેલા માણસોને પાપનો વિચાર ગળે ઊતરતો નથી. અત્યાર સુધી અપથ્ય મનાયેલા કૂતરાના માંસનો જેમ પ્રચાર થવા લાગ્યો છે તેમ કોરિયાના સાપના સૂપનો પણ પ્રચાર થવા લાગ્યો છે. મનુષ્યની આહાર માટેની પ્રાણીવધની ક્ષેત્રમર્યાદા હવે વિસ્તરવા લાગી છે. આવા લોકોને દયા, કરુણા, પશુપ્રેમની વાતમાં રસ ક્યાંથી પડે ?

માંસાહારના ક્ષેત્રે ગુજરાત પણ આગળ વધતું ચાલ્યું છે. થોડાં વખત પહેલાં આણંદ પાસે ચિખોદરાની આંખની હૉસ્પિટલની મુલાકાત લેવાનું મારે થયું હતું. આ વખતે વરસાદ સારો પડવાને લીધે હૉસ્પિટલની બાજુમાં આવેલા તળાવમાં પાણી સારું ભરાયું છે. હૉસ્પિટલના સૂત્રધાર ડૉ. રમણીકલાલ દોશી (ડૉ. દોશી કાકા)એ જણાવ્યું કે આટલા વર્ષોમાં નહિ બનેલી એવી ઘટના આ વર્ષે આ તળાવમાં બનવાની છે. ગ્રામ પંચાયતે આ તળાવનો માછલાં મારવા માટેનો કોન્ટ્રાક્ટ આપ્યો છે. કોન્ટ્રાક્ટ લેનારે એથી તળાવની અંદર માછલીનાં ઇંડા નાખ્યા છે કે જેથી થોડાં વખતમાં ઘણી માછલીઓ થાય અને તે માછલીઓ પકડવામાં આવે. ગ્રામ પંચાયતને સમજાવવાનો પ્રયત્ન થયો, પરંતુ ગામને આ કોન્ટ્રાક્ટ દ્વારા સારી આવક થતી હોવાથી ગામ પણ આવી ઘોર હિંસાની લાલચમાં પડી ગયું છે. માત્ર ચિખોદરામાં જ નહિ, સમગ્ર ગુજરાતમાં કેટલાક તળાવોના કોન્ટ્રાક્ટ આવી રીતે માછલાં પકડવા માટે અપાય છે અને વર્ષો વર્ષ એની સંખ્યામાં વધારો થતો જાય છે. અહિંસાપ્રેમીઓ માટે આ એક બહુ દુઃખદ સ્થિતિ છે.

ભારતના વિભિન્ન રાજ્યોમાં મત્સ્ય ઉદ્યોગની દૃષ્ટિએ ગુજરાત પછાત રહ્યું છે તેવી ફરિયાદ કેન્દ્ર સરકારના મત્સ્ય ઉદ્યોગ ખાતાના પ્રધાને કરી છે અને ગુજરાત સરકારના તે ખાતાના મંત્રીએ કેન્દ્ર સરકાર પાસે મત્સ્ય ઉદ્યોગને વિકસાવવા માટે વધુ આર્થિક સહાય અને સાધન સગવડની માંગણી કરી છે. આ સ્થિતિ તો એથી પણ વધુ શોચનીય છે. મત્સ્ય ઉદ્યોગમાં ગુજરાત પછાત રહ્યું છે એ નિશાની સારી કે ખરાબ? પરંતુ સાચી દૃષ્ટિ હોય તો ને ? વસ્તુતઃ ગુજરાત ઉત્તરોત્તર માંસાહાર તરફ આગળ વધતું જાય છે એ સ્થિતિનો જીવદયા પ્રેમીઓને માટે ચિંતાનો વિષય બનવો જોઇએ. કીડિયારું પૂરનારા દાનવીરો રાજદ્વારી નેતાઓને ચૂંટણી વખતે ઘણી મોટી આર્થિક સહાય કરે છે. તેઓએ આ બાબતનો પણ ગંભીરતાથી વિચાર કરવો ઘટે.

ગુજરાતમાં નર્મદા નદી ઉપર બંધ બાંધવાની-સરદાર સરોવરની યોજના આગળ વધી રહી છે. ગુજરાતની જીવાદોરી તરીકે એને ઓળખાવવામાં આવે છે. (જો કે અત્યાર સુધી ગુજરાત આ યોજના વગર પણ જીવતું રહ્યું છે !) આ યોજના દ્વારા ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છને ખેતી, વીજળી, ઉદ્યોગો, આબોહવા વગેરેની દૃષ્ટિએ ઘણા મોટા લાભો થવાના છે એમાં કોઇ સંશય નથી. નદી ઉપર બંધ બાંધવાની પ્રવૃત્તિ ભારતમાં તેમ જ દુનિયાભરના દેશોમાં ચાલતી રહી છે અને સામાજીક ભૌતિક સુખસગવડની દૃષ્ટિએ એની આવશ્યકતા સ્વીકારાઇ છે અને સ્વીકારવી જોઇએ. તેમ છતાં જે જીવદયા પ્રેમી છે તેવા ચુસ્ત જૈનોએ આવી યોજના માટે એક યા બીજા પ્રકારનો આર્થિક કે રાજદ્વારી સહકાર આપતી વખતે કે તેનું સમર્થન કરતી વખતે આટલો વિચાર પણ મનમાં અવશ્ય ચિંતવવો ઘટે કે આ યોજના દ્વારા તૈયાર થનાર સરદાર સરોવરમાં રોજનાં લાખો માછલાં પકડવાની પ્રવૃત્તિ પણ ચાલશે. બંધના પાણીનું સરોવર જેટલું વિશાળ તેટલી માછલાં પકડવાની પ્રવૃત્તિ મોટી રહેવાની.

દુનિયામાં પશુવધની જેમ માનવ-હિંસાનું પણ પ્રમાણ દિવસે દિવસે વધતું ચાલ્યું છે. જૂના વખતમાં યુદ્ધ સિવાયના દિવસો શાંતિના દિવસો ગણાતા અને તે દરમિયાન માણસ નિશ્ચિંતપણે જીવન જીવી શકતો. હવે દુનિયાના ઘણા દેશોમાંથી આવી નિશ્ચિંતતાની સ્થિતિ અદૃશ્ય થવા લાગી છે. ઘાતક શસ્ત્રો તથા વિસ્ફોટક પદાર્થોના સતત ઉત્પાદનને કારણે તથા દુનિયાના કેટલાક દેશોની આતંકવાદી પ્રવૃત્તિને પરિણામે ગોળીબાર અને બોંબ ધડાકાની ઘટનાઓમાં રોજબરોજ સંખ્યાબંધ માણસો મૃત્યુ પામે છે. આ ઘોર માનવ હિંસા સબળ સત્તાધારી વર્ગ કે આંતકવાદીઓના પાશવી ચિત્તનો અવિષ્કાર છે. આવાં હિંસક કૃત્યોને અટકાવવાનું સરળ નથી.

મનુષ્યવધની વળી એક વિચિત્ર ઘટના તાજેતરમાં બનવા લાગી છે. દુનિયાના કેટલાક પછાત દેશોમાં અનાથ, ત્યજાયેલાં ભૂખે ટળવળતાં છોકરાઓ શેરીઓમાં રખડતા હોય છે. કેટલાક તો ચોરી, લૂંટ, દાણચોરી વગેરે પ્રકારના ગુનાઓમાં સંડોવાય પણ છે. કેટલાક ભીખ માગીને કે કચરામાંથી ખાવાનું વીણીને જીવે છે. આવા છોકરાઓને મારી નાખવા માટે સરકારી સ્તરે વિચારાય એ વર્તમાન જગતનું એક ભયંકર મોટું પાપકૃત્ય છે. દક્ષિણ અમેરિકાના બ્રાઝિલ દેશમાં રોજે રોજ ખૂણે ખાંચરે એકાદ બે બાળકોને પોલિસ દ્વારા ઠાર કરવામાં આવે છે. થોડા વખત પહેલાં તો રીઓડીજાનેરોમાં પોલિસે એક સાથે નવ બાળકોને ગોળીઓથી વીંધી નાખ્યાં હતાં. આવી સત્તા સમર્થિત પાશવી નરહિંસા ક્યાં જઇને અટકશે તે કહી શકાય નહિ. દુનિયાના માનવતાવાદી રાષ્ટ્રો પણ આની સામે જેટલો અવાજ ઉઠાવવો જોઇએ તેટલો ઉઠાવતા નથી. દુનિયામાં અત્યારે અમારિ પ્રવર્તનને બદલે મારિ પ્રવર્તન થઇ રહ્યું છે.

અમારિ પ્રવર્તનનો વિચાર કરીએ ત્યારે રાજા કુમારપાળ અને બાદશાહ અકબરનું સ્મરણ થયા વગર રહે નહિ. કુમારપાળ મહારાજા ક્ષત્રિય હતા. એમને જૈનધર્મ અંગીકાર કર્યો હતો. પોતાના ગુરુ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના ઉપદેશથી એમણે પોતાના અઢાર દેશની અંદર અમારિ પ્રવર્તનની ઘોષણા કરાવી હતી. શિકારના શોખને નિમિત્તે કે આહાર નિમિત્તે થતી પશુહિંસા તો એમણે અટકાવી જ હતી, પરંતુ તે ઉપરાંત જૂ, કીડી, મંકોડા વગેરે નાના જીવ જંતુઓના રક્ષણ માટે પણ એમણે પોતાના રાજ્યમાં ઘણો મોટો પ્રચાર કર્યો હતો. એટલું જ નહિ દંતકથા કહે છે તેમ મારિ-મારવું જેવા શબ્દો બોલવા ઉપર એવો પ્રતિબંધ ફરમાવ્યો હતો કે સોગઠાંબાજી રમનાર વ્યક્તિ પણ કુકરીને 'મારવી' એવો શબ્દ બોલતા ન હતા.

કુમારપાળ મહારાજાએ હેમચંદ્રાચાર્યના ઉપદેશથી સમગ્ર ગુજરાતને માંસાહારમાંથી મુક્ત કર્યું હતું. એના ધાર્મિક અને સાંસ્કારિક વારસાને પરિણામે આજે આઠ સૈકાથી પણ વધુ સમયથી ગુજરાત સમગ્ર ભારતમાં સૌથી વધુ શાકાહારી વસતી ધરાવનાર રાજ્ય ગણાતું રહ્યું છે.

રમઝાનના દિવસોમાં એક મહિનાના ચુસ્ત રોજા કરનારા માંસાહારી અકબર બાદશાહે ચંપા નામની શ્રાવિકા ચોવીસ કલાકના 'રોજા' ચાર મહિના સુધી કરી શકે છે એ વાતથી આશ્ચર્ય ચકિત થઇને ચંપાના ગુરુ શ્રી હીરવિજયસૂરીને ગાંધારથી દિલ્હી પધારવા માટે નિમંત્રણ આપ્યું હતું. શ્રી હીરવિજયસૂરિ દિલ્હી પધાર્યા હતા. એમના પવિત્ર પ્રભાવક વ્યક્તિત્વથી અને સદુપદેશથી અકબર બાદશાહે પર્યુષણના આઠ દિવસમાં પોતાના તરફથી આગળ પાછળ બબ્બે દિવસ ઉમેરી કુલ બાર દિવસ માટે પોતાના સમગ્ર રાજ્યમાં અમારિ પ્રવર્તનનું ફરમાન કાઢ્યું હતું. ત્યાર પછી બાદશાહની વિનંતીને માન આપીને શ્રી હીરવિજયસૂરિની ભલામણથી એમના શિષ્ય શ્રી શાંતિચંદ્ર ઉપાધ્યાય દિલ્હીમાં રોકાયા હતા. એમના ઉપદેશથી અકબર બાદશાહ પોતે તો શાકાહારી થઇ ગયા હતા, એટલું જ નહિ વરસના જુદા જુદા પવિત્ર દિવસો મળીને કુલ છ મહિના જેટલા સમયના અમારિ પ્રવર્તન માટેનાં ફરમાનો એમણે કાઢ્યાં હતાં. એક વિધર્મી માંસાહારી બાદશાહે પ્રવર્તાવેલી અમારિ પ્રવર્તનની ઘટનાનો મુસલમાન ઇતિહાસકારોએ પણ પોતાના ઇતિહાસમાં ઘણી સારી રીતે નિર્દેશ કર્યો છે. આ કાંઇ જેવી તેવી સિદ્ધિ ન ગણાય.

રાજાશાહી અને લોકશાહી બંને રાજ્ય પદ્ધતિઓમાં પોતપોતાની જેમ કેટલીક સબળ વિશેષતાઓ છે તેમ કેટલીક મર્યાદાઓ પણ છે. રાજાશાહીમાં એક જ વ્યક્તિના ડહાપણનો લાભ સમગ્ર પ્રજાને તરત મળે છે. એક શુભ નિર્ણયનો અમલ રોકટોક વગર સમગ્ર રાજ્યમાં ઝડપથી થઇ શકે છે. લોકશાહીના અનેક લાભો હોવા છતાં કેટલાક શુભ નિર્ણયો વિચારણા અને વાટાઘાટોમાં અટવાઇ જાય છે અને એવા નિર્ણયો લેવાયા પછી પણ તેના અમલમાં ઘણો વિલંબ થાય છે. જે કાર્ય રાજા કુમારપાળ કે અકબર બાદશાહ કરી શક્યા એ કાર્ય લોકશાહી સરકાર ઇચ્છે તો પણ જલદી કરી શકે નહિ, અને કરવા જાય તો પણ એનું પરિણામ એટલું મોટું અને ત્વરિત આવી શકે નહિ. લોકશાહીમાં તો સાચા અને રાજકારણથી અલિપ્ત એવા ધર્મપ્રચારકો દ્વારા આ દિશામાં વધુ સઘન કાર્ય થઇ શકે.

માનવ જાત ડહાપણવિહોણી નથી. એનામાં દયા, પ્રેમ, કરુણા, સહકાર, બંધુત્વ, ઉદારતા, સહિષ્ણુતા, ત્યાગ, તિતિક્ષા, આત્મસમર્પણ વગેરેની ભાવનાના સંસ્કાર રહેલા જ છે. એને સતેજ અને સક્રિય કરવાનું કામ પવિત્ર તેજસ્વી પ્રભાવક નેતૃત્વ જેટલું કરી શકે તેટલું કાયદો ન કરી શકે. અમારિ પ્રવર્તનની દિશામાં એવું નેતૃત્વ વધુ સક્રિય બની રહે એવી ભાવના સેવવા સાથે અંગત કક્ષાએ શ્રદ્ધાસહિત યથાશક્ય એ દિશામાં કાર્ય કરવું એ જ કર્તવ્ય બની રહે.

❑ રમણલાલ ચી. શાહ

# વર્તનવાદી અને ફ્રોઇડી મનોવિજ્ઞાનોનું તથા માર્કસનું મનુષ્ય-સ્વભાવનું દર્શન

○ ચી. ના. પટેલ

મારે કબૂલ કરવું જોઇએ કે વર્તનવાદી કે ફ્રોઇડી મનોવિજ્ઞાન અથવા માર્ક્સ એ ત્રણમાંથી એકેયનો મારો તદ્દવિદનો અભ્યાસ નથી મારા પરચૂરણ વાચનમાંથી હું જે કંઇ સમજ્યો છુ તે અહીં રજૂ કરવાનો પ્રયત્ન કરીશ.

વીસમી સદીના ઘણાબધા સાહિત્યમાં નિરાશાનો કે વૈફલ્યનો સૂર સંભળાય છે તેનું મૂળ જીવશાસ્ત્ર (biology) અને મનોવિજ્ઞાન (psychology) એ બે માણસનાં ચૈતન્યશીલ શરીર અને મનના શાસ્ત્રોના અભ્યાસીઓએ પણ જડ પદાર્થોના અભ્યાસ કરતા ભૌતિક વિજ્ઞાનની મૂલ્યનિરપેક્ષ (value-free) રીતનો પોતપોતાના શાસ્ત્રના અભ્યાસમાં વિનિયોગ કર્યો છે તેમ જણાય છે. ભૌતિક વિજ્ઞાનનો અભ્યાસી અમુક ભૌતિક ઘટનાઓના કારણ રૂપે જે સિદ્ધાંત (hypothesis) કલ્પે છે તે તેને પોતાની અંતઃપ્રેરણાથી સૂઝ્યો હોય છે અને પછી તે તર્કબુદ્ધિ (logical reasoning) દ્વારા એ સિદ્ધાન્ત સાચો છે કે નહિ તે નક્કી કરે છે. પણ જીવશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના કેટલાક અભ્યાસીઓ ભૌતિક વિજ્ઞાનના અભ્યાસમાં રહેલા વૈજ્ઞાનિકની અંતઃપ્રેરણાનો ફાળો સમજતા નથી અને પોતપોતાના વિષયનો તર્કબુદ્ધિની રીતથી જ અભ્યાસ કરે છે અને પરિણામે તેઓ માણસના જીવનમાં કેવળ પ્રયોજનહીનતા જુએ છે.

ભૌતિક વિજ્ઞાનની અભ્યાસપદ્ધતિને અનુસરી પ્રાણીઓનો અભ્યાસ કરનારા કેટલાક જીવશાસ્ત્રીઓએ એવું તારણ કાઢ્યું છે કે પ્રાણીઓની જેમ માણસમાં પણ આક્રમણવૃત્તિ પ્રકૃતિમૂલક કે પ્રકૃતિજન્ય હોય છે. એવા જીવશાસ્ત્રીઓમાં ઓગણીસમી સદીના અંગ્રેજ જીવશાસ્ત્રી ચાર્લ્સ ડાર્વિને વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિનો અભ્યાસ કરી તેમનામાં થયેલો ઉત્તરોત્તર વિકાસ સમજાવવા જીવનસંગ્રામમાં પોતપોતાની યોગ્યતાથી ટકી રહેલ વનસ્પતિ સૃષ્ટિના અને પ્રાણી સૃષ્ટિના નમૂનાઓ દ્વારા તે તે વનસ્પતિરૂપ અને પ્રાણીરૂપની ઉત્ક્રાન્તિ થઇ છે એવો evolution through the survival of the fittestનો સિદ્ધાન્ત રજૂ કર્યો હતો તેનું રહસ્ય સમજ્યા વિના તેનો 'બળિયાના બે ભાગ' એવો અર્થ ઘટાવ્યો અને એ રીતે માનવ વ્યવહારમાં પણ આક્રમણવૃત્તિને વ્યાજબી ઠરાવી.

મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં વર્તનવાદી મનોવિજ્ઞાન (bahaviourist psychgology) તરીકે ઓળખાતી આધુનિક મનોવિજ્ઞાનની એક શાખાએ પણ તર્કબુદ્ધિના તારણો ઉપર આધાર રાખતી ભૌતિક વિજ્ઞાનની પ્રયોગ પદ્ધતિ (experimental method) દ્વારા પ્રાણીઓના વર્તનનો અભ્યાસ કરવા પ્રયત્ન કર્યો છે. પ્રાણી- મનોવિજ્ઞાન (animal psychology) તરીકે ઓળખાતા શાસ્ત્રના પિતા ગણાતા પેવલવ નામના રશિયન પ્રાણીશાસ્ત્રીએ પોતાના એક કૂતરા ઉપર પ્રયોગો કરી તેના વર્તનને લગતા તારણો કાઢ્યાં હતાં. તેઓએ કૂતરાને ખાવાનું આપતાં ઘંટડી વગાડતા. કેટલાક સમય એમ કર્યા પછી તેમણે ઘંટડી વગાડી એકાદ સેકન્ડ પછી ખાવાનું આપવાનું શરૂ કર્યું અને જોયું તો એમ કરવાથી પોતે કૂતરાની સામે ખોરાક મૂકે તે પહેલાં પણ તેના મોમાંથી લાળ છૂટતી. તે પછી વળી તેમણે ઘંટડી વગાડ્યાં વછી કૂતરાને કંઇ ખાવાનું આપવું જ નહિ એવો પ્રયોગ કર્યો અને છેવટે પેવલવે ઘંટડી વગાડી કૂતરાને ખાવાનું આપવાને બદલે વીજળીના આંચકા આપવાનું શરૂ કર્યું. એમ કરવાથી તેમણે જોયું કે કૂતરો મનોવિજ્ઞાનમાં જેને neurotic behaviour કહે છે તેવું વર્તન કરતો. ઘંટડીના અવાજે જાગ્રત કરેલી ખોરાકની આશા અને વીજળીના આંચકાની આઘાતજનક વ્યથા એ વચ્ચેની ખેંચથી તંગ થઇ કૂતરો કોઇ સ્ત્રી કે પુરુષને hysteria, એટલે કે વાયુનો ઉન્માદ થાય અને વર્તે એવુ વર્તન કરતો. કૂતરા ઉપરના પોતાના આવા પ્રયોગો ઉપરથી પેવલવે વર્તનવાદી મનોવિજ્ઞાનની પરિભાષામાં stimulus and response, એટલે કે ઉદ્દીપન અથવા ઉત્તેજના પ્રતિભાવ તરીકે ઓળખાતો સિદ્ધાંત તારવ્યો અને એવા પ્રતિભાવોના ફળ રૂપે થતા વર્તનને conditioned reflex એવી સંજ્ઞા આપી. conditioned reflex એટલે પ્રાણીવૈજ્ઞાનિકે ઇરાદાપૂર્વક કોઇ પ્રાણીને બાહ્ય ઉત્તેજનાઓ આપી હોય તેના પ્રતિભાવ રૂપે તે પ્રાણીની સહજવૃત્તિઓ (instincts) જે નવી ટેવ રૂપે ક્રિયાશીલ બને તે.

પેવલવને ઉદ્દિષ્ટ હશે કે નહિ, પણ તેમની અભ્યાસ પદ્ધતિને અનુસરનારા કેટલાક અમેરિકન વર્તનવાદી મનોવૈજ્ઞાનિકોએ બાહ્ય ઉત્તેજનાઓ દ્વારા પ્રાણીઓના વર્તનને મનોવૈજ્ઞાનિક ઇચ્છે એવું રૂપ આપી શકે એ વાત માણસને પણ લાગુ પાડી. એવા વૉટ્સન અને સ્કિનર નામના બે અમેરિકન વર્તનવાદી મનૌવૈજ્ઞાનિકોનાં મંતવ્યોએ મનોવૈજ્ઞાનિક વર્તનોમાં સારો એવો વિવાદ જગાડ્યો છે. વૉટ્સનનો Give me two babies and I will make one into this and one into the other એવી મતલબનો દાવો કરતા, એટલે કે, તેઓ માનતા કે પોતે ઇચ્છે તો કોઇ પણ બાળકને ઉત્તેજના અને પ્રતિભાવોની પ્રક્રિયા દ્વારા ડૉક્ટર કે ઇજનેર કે કળાકાર કે અધ્યાપક બનાવી શકે. સ્પષ્ટ છે કે વૉટ્સનની આ માન્યતામાં વ્યક્તિમાં સ્વતંત્ર ઇચ્છાશક્તિ કે સંકલ્પશક્તિ છે એવી આપણી શ્રદ્ધાનો છેદ ઊડી જાય છે અને સદીઓથી માનવજાત જેનું ગૌરવ કરતી આવી છે એવા સત્ય, પ્રેમ, ન્યાય અને સૌંદર્ય જેવાં ઉદાત્ત મૂલ્યોનું કશું મહત્ત્વ રહેતું નથી.

આધુનિક મનોવિજ્ઞાનની એક બીજી શાખા તેના પ્રવર્તક ઓસ્ટ્રિયાના વતની યહૂદી મનોવૈજ્ઞાનિક ફ્રોઇડના નામ ઉપરથી ફ્રોઇડી મનોવિજ્ઞાન તરીકે ઓળખાય છે. ફ્રોઇડે માનસિક રોગોનું નિદાન કરવા પોતે પ્રયોજેલી Psychoanalysis, એટલે કે મનોવિશ્લેષણની ચિકિત્સા રીતિનાં પરિણામો ઉપરથી એવું તારણ કાઢ્યું હતું કે પુખ્ત વયની વ્યક્તિ જે વર્તન કરે છે તેની પાછળ એ વ્યક્તિના બાળપણમાં તેની અસંપ્રજ્ઞાત ચેતના (unconscious mind) ઉપર પડેલા સંસ્કારો કામ કરતા હોય છે અને એ સંસ્કારો ઉપર બાળકના તેના માતાપિતાના જાતીયવ્યવહારો પ્રત્યેના પ્રતિભાવોની પ્રબળ અસર હોય છે દરેક પુરુષ બાળકની અસંપ્રજ્ઞાત ચેતના પિતાને માતા માટેના પ્રેમમાં પોતાના હરીફ માને છે અને બાળકીની અસંપ્રજ્ઞાત ચેતના માતાને પિતા માટેના પ્રેમમાં પોતાની હરીફ માને છે. પરિણામે પુરુષ બાળકની અસંપ્રજ્ઞાત ચેતનામાં પિતા પ્રત્યે ઇર્ષ્યાભાવ કેળવાય છે અને બાળકીની અસંપ્રજ્ઞાત ચેતનામાં માતા પ્રત્યે.

ફ્રોઇડે પ્રાચીન ગ્રીસની બે પુરાણ કથાઓ ઉપરથી પુરુષ બાળકના ઇર્ષ્યાભાવને Oedipus-complex ઇડિપસ-ગ્રંથિ અને બાળકીના ઇર્ષ્યાભાવને Electra-complex ઇલેક્ટ્રા-ગ્રંથિ એવી સંજ્ઞાઓ આપી. આવા ઇર્ષ્યાભાવને લીધે બધાં બાળકો પોતાની અસંપ્રજ્ઞાત ચેતનામાં તીવ્ર અપરાધબોધ (sense of guilt) અનુભવે છે અને એ બાળકો મોટાં થાય છે ત્યારે પણ એ અપરાધબોધ એમની અસંપ્રજ્ઞાત ચેતનામાં ગુપ્તપણે કામ કરતો હોય છે, પોતાની અસંપ્રજ્ઞાત ચેતનામાં એમ ગુપ્તપણે સળવળતા અપરાધબોધને ભૂલવવા સ્ત્રી-પુરુષો પોતાને ખબર પણ ન પડે એવી રીતે એમની હીનવૃત્તિઓનું ઊર્ધ્વીકરણ (sublimation) કરી તેમને આપણને રૂપાળા લાગતા આદર્શનું રૂપ આપે છે. મનુષ્યસ્વભાવનું આવું નિરાશાજનક દર્શન કોઇ માણસ અમાવસ્યાને વાસ્તવિક્તા અને પૂર્ણિમાને ભ્રાન્તિ માને એના જેવું છે. ફ્રોઇડ પોતાનું મનુષ્ય સ્વભાવનું દર્શન એવું હોવાનું કબૂલ કરતા, પણ પોતાના બચાવમાં તેમણે કહેલું કે મનુષ્યસ્વભાવનું ઊજળુ પાસું બધા જુએ છે, તેથી પોતે ત્રાજવાની સમતુલા જાળવવા મનુષ્યસ્વભાવના નબળા પાસા ઉપર વધુ ભાર મૂક્યો હતો.

ખરી રીતે ફ્રોઇડનું મનુષ્યસ્વભાવનું દર્શન પહેલી નજરે દેખાય છે તેટલું નિરાશાજનક ન હોતું. તેઓ માનતા કે મોટા ભાગનાં સ્ત્રી-પુરુષો પોતાના બાળપણમાં તેમના મનમાં બંધાયેલી ગ્રંથિઓમાંથી મુક્ત થઇ જાય છે. જે અલ્પ સંખ્યક વ્યક્તિઓ તેમના બાળપણમાં પડેલા સંસ્કારોના પરિણામે મોટી ઉંમરે વિકૃતિઓનો ભોગ બની માનસિક દર્દીઓ બને છે તેમના ઉપર તેમણે સ્મૃતિસાહ્યચર્યની ચિકિત્સારીતિના પ્રયોગો કર્યા હતા. એવા પ્રયોગોમાં તેઓ દર્દીને બિછાનામાં સુવાડી પોતે તેની પાસે ઊભા રહી તેને કોઇ પણ પ્રસંગ કે વ્યક્તિ કે વસ્તુ કે અનુભવ યાદ કરી તેને લગતા તેના મનમાં જે કંઇ વિચાર આવે તે અને તે વિચાર ઉપરથી બીજો વિચાર એમ એક પછી એક સ્વૈરવિહારી વિચારોને વ્યક્ત કરવાનું કહેતા. સ્મૃતિસાહચર્યની આ રીત ઓગણીસમી સદીના મનોવિજ્ઞાનમાં association of ideas તરીકે ઓળખાતી અને સારી એવી જાણીતી હતી. પણ ફ્રોઇડે એ રીતનો માનસિક દર્દીને પોતાની વિકૃતિઓની પાછળ તેની અસંપ્રજ્ઞાત ચેતનામાં રહેલા સંસ્કારો પ્રત્યે સભાન કરી એ વિકૃતિઓની

ચેતના ચિત્ત ઉપરની પકડ ઢીલી કરવાનો મૌલિક પ્રયોગ કર્યો અને એ પ્રયોગમાં તેઓ કંઇક અંશે સફળ થયા પણ ખરા. આમ તેમણે માણસની નિયતિકૃત મૂંઝવણ (Predicament) અપરિહાર્ય નથી એવી આશા આપી હતી અને એ અર્થમાં તેમનું મનુષ્યસ્વભાવનું દર્શન આશાવાદી ગણી શકાય. આમ છતાં એ હકીકત રહે છે કે ફ્રોઇડના મનુષ્યસ્વભાવના દર્શનમાં એ સ્વભાવનાં ઉમદા લક્ષણોને સ્થાન નથી અને તેથી તેમનું મનુષ્યસ્વભાવનું દર્શન સરવાળે નિરાશાવાદી જ ગણાય.

આનું કારણ એ જણાય છે કે ફ્રોઇડની મનુષ્યસ્વભાવનાં રહસ્યો શોધવાની રીતમાં કંઇક ખામી હતી. એમની માનસિક દર્દીઓને પોતાની વિકૃતિઓની પાછળ રહેલા સંસ્કારો પ્રત્યે સભાન કરવાની ચિકિત્સારીતિને આપણે મનુસ્મૃતિના सत्यम् शुद्धति मनः એ સિદ્ધાન્તનો આધુનિક પશ્ચિમ જીવનના સંદર્ભમાં કરેલો પ્રયોગ જોઇ શકીએ. પણ તેમણે પોતાનો એ પ્રયોગ માનસિક દર્દીઓ પૂરતો સીમિત રાખ્યો. કઠોપનિષદના ઋષિદૃષ્ટાએ આવૃત્ત ચક્ષુ કહી છે એવી અંતર્મુખ બનવાની રીતને અનુસરી એક પ્રાચીન ભારતીય ઋષિદૃષ્ટાએ वेदाहमेतम् महान्तम् पुरुषमादित्यवर्णम् तमसः परस्तात् । મેં અંધકારની પેલી પાર રહેલા સૂર્યના જેવા પ્રકાશમાન એ મહાપુરુષને જોયો છે, એમ કહ્યું હતું. ફ્રોઇડે પણ નીરોગી સ્ત્રી-પુરુષોને અંતર્મુખ થવામાં મદદરૂપ બને એવા પ્રયોગો કર્યા હોત તો તેઓ પણ એ સ્ત્રી-પુરુષોને પેલા પ્રાચીન ઋષિદૃષ્ટાને થયું હતું એવું દર્શન તો નહિ, પણ એ સ્ત્રી-પુરુષોના પોતાના અંતરમાં રહેલા દિવ્ય અંશોનું દર્શન જરૂર કરાવી શક્યા હોત અને તો પછી એમના મનુષ્યસ્વભાવના દર્શનમાં આપણને નિરાશાના સૂર ન સંભળાત.

માર્કસની વિચારસરણી હું જેટલી સમજ્યો છું તે પ્રમાણે તેના સમાજદર્શનમાં પણ વ્યક્તિની સ્વતંત્ર ઇચ્છાશક્તિ કે વ્યક્તિ જે મૂલ્યોનું ગૌરવ કરે છે તેમનું ખાસ કશું મહત્ત્વ રહેતું નથી. માર્કસની માન્યતા પ્રમાણે વ્યક્તિઓએ કે સમાજે સ્વીકારેલાં જીવનમૂલ્યોનો આધાર એ સમાજની અર્થવ્યસ્થા ઉપર રહે છે. પરિણામે મૂડીવાદી સમાજના જીવનમૂલ્યો એવા સમાજમાં શ્રમજીવીઓની મજૂરીનું શોષણ કરતા વર્ગોનાં આર્થિક હિતોને પોષે એવાં જ હોય છે અને શ્રમજીવીઓ પોતે પણ જાણ્યે અજાણ્યે એ બધાં મૂલ્યો સ્વીકારી લેતા હોય છે. માર્કસની આ વિચારસરણી પ્રમાણે મૂડીવાદી સમાજનાં બૌદ્ધિક, નૈતિક કે રસલક્ષી મૂલ્યોના સર્જનમાં એ સમાજની અર્થવ્યવસ્થાની જ છાયા હોય છે અને તેમાં એ એ સમાજની વ્યક્તિઓનો કશો ફાળો નથી હોતો. વળી જેને આપણે આધ્યાત્મિક મૂલ્યો કહીએ છીએ તેમને તો માર્કસના અનુયાયીઓએ માણસના મનની ભ્રાંતિ જ માની છે.

આમ વર્તનવાદી, ફ્રોઇડ અને માર્કસવાદી ત્રણે જીવનદર્શનોમાં ઓછાવત્તા પ્રમાણમાં નિયતિવાદ (determinism) ગણી શકાય એવી માન્યતાઓના અંશ હોય છે. હિંદુ, જૈન અને બૌદ્ધ જીવનદર્શનોના મહત્ત્વના અંશ જેવા કર્મવાદમાં અને ભગવદ્‌ગીતાની प्रकृतिम् यान्ति भूतानि તથા गुणा गुणेषु वर्तन्ते એ ઉક્તિઓમાં પણ નિયતિવાદ રહેલો દેખાય છે. પણ કર્મવાદમાં જેમ વ્યક્તિના ભૂતકાળનાં કર્મોથી તેનું વર્તમાનમાં ચારિત્ર્ય ઘડાતું હોય છે તેમ વર્તમાનમાં તેનાં કર્મોથી તેનું ભવિષ્યમાં ચારિત્ર્ય ઘડાય છે એવી માન્યતા રહેલી છે અને તેથી તેમાં વ્યક્તિની સ્વતંત્ર સંકલ્પશક્તિનો સ્વીકાર રહેલો છે. ભગવદ્‌ગીતા પણ સ્વભાવનિયત કર્મ અનાસક્ત ભાવે કરવાથી પ્રકૃતિના બંધનમાંથી મુક્ત થઇ શકાય છે અને શ્રી કૃષ્ણની અનન્યભાવે ભક્તિ કરવાથી તેમની દુરત્યયા માયા તરી જઇ ગુણાતીત થઇ શકાય છે એમ કહે છે.

આધુનિક પશ્ચિમી મનોવિજ્ઞાનની વર્તનવાદી અને ફ્રોઇડી શાખાઓ મનુષ્યસ્વભાવનાં ઉદાત્ત લક્ષણો સમજવામાં નિષ્ફળ રહી છે કારણ કે વર્તનવાદી મનોવિજ્ઞાન પ્રાણીઓના વર્તનના અભ્યાસ ઉપરથી કાઢેલાં તારણો માણસના વર્તનને પણ લાગુ પાડે છે અને ફ્રોઇડી મનોવિજ્ઞાન માનસિક રોગથી પીડાતાં સ્ત્રી-પુરુષોના વર્તનના અભ્યાસ ઉપરથી મનુષ્ય સ્વભાવને લગતાં સાર્વત્રિક તારણો કારણો કાઢે છે. તેથી એ બે મનોવિજ્ઞાનો આપણને અનિવાર્યપણે માણસના સ્વભાવની નિર્બળતાઓની જ પ્રતીતિ કરાવે છે. વળી એમની અભ્યાસ પદ્ધતિ મનુષ્યસ્વભાવની આજની વાસ્તવિકતાનું ચિત્ર આપે છે પણ તેમાં રહેલી વિકાસ શક્યતાઓ (potentialities) વિશે કશું ન કહી શકે. ☐☐☐

## શિવાનંદ મિશન (વીરનગર, સૌરાષ્ટ્ર) ની હૉસ્પિટલ માટે સંઘ દ્વારા સહાય

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પ્રતિવર્ષ કોઈ એક સેવાભાવી સંસ્થાને પર્યુષણ પર્વ દરમિયાન આર્થિક સહાય કરવાનો કાર્યક્રમ યોજવામાં આવે છે અને દાતાઓને તે માટે અપીલ કરવામાં આવે છે. આ વર્ષે સંઘની સમિતિએ ઠરાવ્યું છે તે પ્રમાણે વીરનગર (સૌરાષ્ટ્ર)ની શિવાનંદ મિશન હોસ્પિટલને સહાય કરવાનો કાર્યક્રમ નક્કી થયો છે.

ઋષિકેશના આશ્રમના સ્વામી શિવાનંદ સરસ્વતીના શિષ્ય સ્વામી યાજ્ઞવલક્યાનંદજી (ડૉ. શિવાનંદ અધ્વર્યુ) એ લોકસેવા માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું છે. એમણે અત્યાર સુધીમાં ગુજરાતમાં અને ગુજરાત બહાર અનેક નેત્રયજ્ઞનું આયોજન કર્યું છે અને જાતે સાડા ત્રણ લાખથી વધુ ઓપરેશનો કર્યા છે. તેઓ આજે ૮૮ વર્ષની ઉંમરે પણ લોકસેવાનાં કાર્યોમાં સતત રોકાયેલા રહે છે.

શિવાનંદ મિશનની હૉસ્પિટલ માટે નીચે પ્રમાણે દાનની રકમની યોજનાઓ રાખવામાં આવી છે :

(૧) રૂા. ૨૫૦૦/- દર્દી દત્તક યોજના-આ યોજના અનુસાર દાનની મૂળરકમ કાયમ ખાતે રાખી તેના વ્યાજમાંથી પ્રતિવર્ષ આંખના એક દર્દીના આંખના મોતીયા વગેરેના ઓપરેશનના ખર્ચની તથા દર્દી અને તેના એક સંબંધીના રહેવા ખાવાના ખર્ચની વ્યવસ્થા કરવામાં આવશે.

(૨) રૂા. ૫૦૦૦/- નેત્ર નિદાન કેમ્પ-દાનની આ રકમમાંથી એક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવશે. અગાઉથી જાહેર કરેલા સ્થળે આંખના ડૉક્ટરો સાધન સામગ્રી સાથે જશે અને એ વિસ્તારમાંથી આવેલા તમામ દર્દીઓની આંખો તપાસી આપશે અને તેમાંથી ઓપરેશન કરવા લાયક દર્દીઓને વીરનગરની હૉસ્પિટલમાં લઇ આવવામાં આવશે.

(૩) રૂા. ૫૦૦૦/- કોર્નિયા બેસાડવા માટેની યોજના-દાનની મૂળ રકમ કાયમ ખાતે રાખી તેના વ્યાજમાંથી પ્રતિવર્ષ કોઇ એક સદંતર અંધ વ્યક્તિની આંખમાં ચક્ષુદાનમાં મળેલી આંખનો કોર્નિયા બેસાડીને તેને દેખતો કરી આપવામાં આવશે.

સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, સામાન્ય સભ્યો, શુભેચ્છકો, દાતાઓ વગેરેને પર્યુષણ પર્વ દરમિયાન ઉદાર હાથે આ અનુદાન આપવા માટે નમ્ર અનુરોધ છે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘને અપાતું દાન આવકવેરાની કલમ ૮૦-જી હેઠળ કરમુક્ત છે. આપશ્રી ચેક મોકલો તો 'SHRI BOMBAY JAIN YUVAK SANGH'ના નામથી મોકલવા વિનંતી છે.

| | | |
|---|---|---|
| ચંદ્રકાંત દીપચંદ શાહ | રમણલાલ ચી. શાહ | નિરુબહેન એસ. શાહ |
| રસિકલાલ લહેરચંદ શાહ | પ્રમુખ | પ્રવીણચંદ્ર કે. શાહ |
| સંયોજકો | ચીમનલાલ જે. શાહ | મંત્રીઓ |
| | ઉપપ્રમુખ | પન્નાલાલ ર. શાહ |
| | | કોષાધ્યક્ષ |

## મહાકવિ ઇલંગો અડિગલ કૃત પ્રાચીન તમિળ મહાકાવ્ય

# સિલપ્પદિકારમ્

○ રમણલાલ ચી. શાહ

[નોંધ - 'સિલપ્પદિકારમ્' મહાકવ્ય વિશે લખવાનો સંકલ્પ તો ઠેઠ ૧૯૭૦ના ઓક્ટોબર મહિનામાં મદ્રાસમાં કર્યો હતો. પરંતુ તે આજે ૧૯૯૩માં ફળિભૂત થાય છે. ૧૯૭૦માં મદ્રાસ યુનિવર્સિટીના તમિળ વિભાગના અધ્યક્ષ ડૉ. સંજીવી સાથે પહેલી વાર પરિચય થયો. ત્યાર પછી એમની યુનિવર્સિટિમાં તમિળ મહાગ્રંથ તિરુક્કુરલ વિશે અંગ્રેજીમાં વ્યાખ્યાનો આપવા માટે તથા પરિસંવાદમાં ભાગ લેવા માટે ત્રણેક વખત નિમંત્રણ મળેલું. એમ પરિચય ગાઢ થતો ગયો. એમણે અખિલ ભારત તિરુક્કુરલ સંશોધન કેન્દ્રની સ્થાપના કરેલી અને એના ઉપાધ્યક્ષપદે મારી નિયુક્તિ કરેલી. એથી તમિળ સાહિત્યના અભ્યાસ માટે મારો રસ વધતો ગયો. પહેલી વાર અમે મદ્રાસમાં મળ્યા ત્યારે સાંજે સમુદ્ર કિનારે ફરવા ગયા હતા ત્યાં તિરુક્કુરલના કર્તા થિરુવલ્લુવરનું પૂતળું તો તરત ઓળખી શકાયું, પણ હાથમાં ઝાંઝર સાથેનું એક સ્ત્રીનું પૂતળું હું ન ઓળખી શક્યો. એમણે કહ્યું કે અમારી નગરપાલિકાને અને સરકારને ધન્ય છે કે એક મહાકાવ્યની નાયિકાનું પૂતળું અહીં મૂક્યું છે. એ પૂતળુ કન્નગીનું છે. કન્નગી 'સિલપ્પદિકારમ્' મહાકાવ્યની નાયિકા છે. વળી એમણે મને કહ્યું હતું કે લગભગ બે હજાર વર્ષ પ્રાચીન આ મહાકાવ્યના કર્તા જૈન સાધુ કવિ છે. કન્નગી જૈન છે. આ મહાકાવ્યમાં જૈન ધર્મની ઘણી વાતો આવે છે. બીજું મહત્ત્વનું એક પાત્ર તે જૈન સાધ્વી કવુંદીનું છે. સિલપ્પાદિકારમ્ એક ઉચ્ચ કોટિનું મહાકાવ્ય છે અને તમિળમાં તેનું ઘણું માનભર્યું સ્થાન છે.'

ડૉ. સંજીવીની આ વાતથી હું ઘણો પ્રભાવિત થયો. પછી અમે સમુદ્ર તટે રેતીમાં બેઠા અને ડૉ. સંજીવીએ એ મહાકાવ્યનું આખું કથાનક વિસ્તારથી કહ્યું. જયારે કથાનક પૂરુ થયું ત્યારે મેં ડૉ. સંજીવીને કહ્યું કે આ વિશે મારે ગુજરાતીમાં લખવું છે. એમણે મને એ માટે સાહિત્ય આપ્યું. મુંબઇ આવીને મેં તે માટે વાંચીને થોડી તૈયારી પણ કરી લીધી. ડૉ. સંજીવીએ બે ત્રણ વાર પત્રમાં એ વિષે યાદ પણ અપાવ્યું. પણ લખવાનું એક અથવા અન્ય કારણે વિલંબમાં પડી ગયું. હમણાં અવકાશ મળતાં એ સંકલ્પ પાર પડ્યો એથી આનંદ થાય છે.,-તંત્રી ]

તમિળ ભાષાની કોઇ પણ સાહિત્યરસિક વ્યક્તિ તમિળ મહાકાવ્ય 'સિલપ્પદિકારમ્'ના નામથી અપરિચિત નહિ હોય. ઇસ્વીસનના બીજા સૈકામાં કે તે પૂર્વે લખાયેલું આ મહાકાવ્ય આજે અઢારસો વર્ષ પછી પણ અનેકને માટે પ્રેરણાસ્થાન રહ્યું છે. તમિળ ભાષાના પ્રાચીન સમયના ત્રણ મહાકવિઓમાં 'તિરુક્કુરલ'ના કર્તા સંત કવિ થિરુવલ્લુવર, તમિળ રામાયણના કર્તા સંત કવિ કંબન સાથે 'સિલપ્પદિકારમ્'ન કર્તા સંત કવિ ઇલંગો અડિગલને ગૌરવભર્યું સ્થાન આપવામાં આવે છે.

સંસ્કૃત ભાષામાં મહાકાવ્યની વ્યાખ્યા અને પરિપાટી અનુસાર કાલિદાસ, માઘ, ભારવિ વગેરેનાં મહાકાવ્યો લખાયેલાં મળે છે તે પ્રમાણે પ્રાકૃત, અપભ્રંશ સહિત વિભિન્ન ભારતીય. ભાષાઓમાં પણ મહાકાવ્યો લખાયેલાં છે. તમિળ ભાષામાં એવાં જે પાંચ પ્રાચીન મહાકાવ્યો ગણાવવામાં આવે છે તેમાં 'સિલપ્પદિકારમ્' મુખ્ય છે. 'સિલપ્પદિકારમ્'ના જ કથાવસ્તુને આગળ લંબાવીને લખાયેલું મહાકાવ્ય તે કવિ ચાત્તનારકૃત 'મણિમેકલૈ' (મણિમેખલા) છે. આ બંને મહાકાવ્યોને એટલા માટે જોડિયા મહાકાવ્યો તરીકે ઓળખવામાં આવે છે. બીજાં ત્રણ મહાકાવ્યો તે 'ચૂણામણિ,' 'વલયાપતિ' અને 'કુંડલકેશિ' છે.

'સિલપ્પદિકારમ્' મહાકવ્યના કવિ છે જૈન સાધુ કવિ ઇલંગો અડિગલ. હિંદુ અને બોદ્ધ ધર્મ પ્રત્યે એટલી જ ઉદાર દૃષ્ટિ ધરાવનાર આ મહાકવિએ પોતાના મહાકાવ્યમાં અનેક સ્થળે જૈન ધર્મના સિદ્ધાન્તોનું અને જૈન સાધુ-સાધ્વી તથા ગૃહસ્થોના આચારનું નિરૂપણ કર્યું છે. કવિના વખતમાં દક્ષિણ ભારતમાં દિગંબર જૈન સંપ્રદાયનો ઘણો બહોળો પ્રચાર હતો. વળી હિન્દુ ધર્મ અને બોદ્ધ ધર્મ અનુસરનાર પ્રજાનો પણ વિશાળ વર્ગ હતો. લગભગ બે હજાર વર્ષ પહેલાંનો ધાર્મિક સહિષ્ણુતા, ઉદારતા અને સમન્વય દૃષ્ટિનો એ સમય હતો. એટલે કવિએ પોતના સમયના પ્રજાજીવનનું સમતોલ નિરૂપણ આ કાવ્યમાં કર્યું છે. આ મહાકાવ્યના નાયક-નાયિકા કોવાલન અને એની પત્ની કન્નગી જૈન છે. મળી મહાકાવ્યનું બીજું એક મહત્ત્વનું પાત્ર તે જૈન દિગંબર સાધ્વી આર્યાજી કવુંદીનું છે. આ મહાકાવ્યનું કથાનક કવિએ ઇતિહાસમાંથી લીધું છે, પરંતુ એનું નિરૂપણ પોતાની કલ્પનાશક્તિ વડે કર્યું છે. કવિની સર્જક પ્રતિભા એટલી ઊંચી છે કે તમિળ ભાષાના મહાકવિઓમાં એમને માનવંતુ સ્થાન મળ્યું છે. એટલે જ આટલા સૈકાઓ પછી પણ આપણે એમને યાદ કરીએ છીએ.

કવિનો પોતાનો જીવન વૃતાંત પણ રસિક છે. ઇલંગો અડિગલ એ કવિનું પોતાનું મૂળ નામ નથી, પણ લોકોમાં રૂઢ થઇ ગયેલા અપર નામ જેવું છે. તમિળ ભાષામાં ઇલંગો એટલે રાજકુમાર અથવા રાજાના નાના ભાઈ. અડિગલ એટલે જૈન સાધુ મહારાજ. કવિનું પોતાનું મૂળ નામ શું હતું તે જાણવા મળતું નથી. તેઓ પોતાના 'ઇલંગો અડિગલ' નામથી જ જાણીતા રહ્યાં હતા. જૈનોમાં દીક્ષા પછી કેટલાક સાધુ-સાધ્વીઓ એમના સાંસારિક સંબંધથી 'મામા મહારાજ,' 'કાકા મહારાજ,' 'બા મહારાજ,' 'બહેન મહારાજ' વગેરે નામથી લોકોમાં વધુ જાણીતા રહે છે. તેમ આ રાજકુમાર દીક્ષા પછી 'રાજકુમાર સાધુ મહારાજ' (ઇલંગો અડિગલ) તરીકે પ્રખ્યાત થઇ ગયા હતા. એમનું રાજકુમાર તરીકેનું નામ કે સાધુ તરીકેનું નામ જાણવા મળતું નથી.

લગભગ અઢારસો વર્ષ પહેલાં દક્ષિણ ભારતમાં જે મહાન રાજવીઓ થઇ ગયા તેમાં ચેર વંશના જૈન રાજા નેડુન્ચેરલાદનનું નામ પણ ગણાય છે. ચેર રાજય ઘણુંખરું દક્ષિણ ભારતના પશ્ચિમ કિનારે (આજનું કેરાલા) હતું અને એની રાજધાની વંજી હતું.

નેડુન્ચેરલાદન રાજાને બે દીકરા હતા. બને રાજકુમારોમાં નાના રાજકુમાર વધુ તેજસ્વી હતા. રાજગાદી સામાન્ય રીતે મોટા રાજપુત્રને મળે. પણ એવું બન્યું કે એક દિવસ રાજદરબારામાં એક સમર્થ જ્યોતિષી આવ્યો. રાજા પોતાના બંને કુંવરો સાથે બેઠા હતા. જ્યોતિષીએ બંને રાજકુંવરોની આકૃતિ જોઇ. બંનેના ચહેરા પરની રેખાઓ જોતાં નાના કુંવરની ચહેરાની રેખાઓ અતિશય પ્રભાવશાળી લાગી. જ્યોતિષીએ એ વખતે રાજાને કહ્યું કે 'રાજન્ ! આપના આ બે કુંવરોમાંથી ભવિષ્યમાં નાનો કુંવર રાજગાદી ઉપર આવશે એવી મારી આગાહી છે.'

જ્યોતિષીએ તો સામાન્ય આગાહી કરી. પણ એના જુદા જુદા અર્થ થાય. શું મોટા રાજકુંવરનું અકાળે મૃત્યુ થશે ? શું નાનો રાજકુંવર કોઇ રાજખટપટ કરશે ? શું રાજા પોતે પક્ષપાત કરશે ? જ્યોતિષીએ તો આગાહી કરી, પણ એ સાંભળતાં જ મોટા રાજકુંવરનો ચહેરો પડી ગયો. એના ચહેરા ઉપર નિરાશા, ગ્લાનિ, વિષાદના ઘેરા ભાવો પથરાઇ ગયા. એ જોતાં જ નાના રાજકુંવર પરિસ્થિતિ સમજી ગયા. તેમણે મનોમન નક્કી કરી લીધું કે મોટા ભાઈની રાજગાદીમાં પોતે આડા આવવું નથી. પરંતુ એ વાતમાં પોતાનો કોઇ અડગ નિર્ણય ન હોય તો સંશય છેલ્લી ઘડી સુધી રહ્યા કરે. શો નિર્ણય કરવો ? નાના રાજકુંવરે ત્વરિત વિચાર કરી ઊભા થઇ કહ્યું, 'પિતાજી ! રાજગાદી

તો મોટાભાઇને જ મળવી જોઇએ અને એમને જ મળશે. હું આ ક્ષણે મારી પ્રતિજ્ઞા જાહેર કરું છું કે હું રાજમહેલ અને ગૃહજીવન છોડી દઇને જૈન મુનિ થઇશ.' નાના રાજકુંવરે જાહેર કરેલી પ્રતિજ્ઞાથી સૌ આશ્ચર્યચકિત થઇ ગયા. એમને મનાવવાના પ્રયાસો થયા, પરંતુ તેઓ પોતાની પ્રતિજ્ઞામાં મક્કમ રહ્યા. થોડા દિવસમાં તેઓ રાજમહેલ અને રાજનગર છોડી, નગર બહાર આવેલા જૈન મુનિઓના ધર્મસ્થાનકમાં જઇ, દીક્ષા અંગીકાર કરી જૈન મુનિ તરીકે પોતાનું જીવન વિતાવવા લાગ્યા. લોકો તેમને રાજકુમાર સાધુ મહારાજ - ઇલંગો અડિગલ તરીકે ઓળખવા લાગ્યા. રાજકુમાર તરીકેનું એમનું નામ ભૂલાઇ ગયું.

રાજા નેડુન્ચેરલાદન જ્યારે સ્વર્ગવાસ પામ્યા ત્યારે એમની ગાદી દેખીતી રીતે જ મોટા રાજકુંવર ચેંગુટ્ટવનને મળી. જ્યારે એમનો રાજ્યાભિષેક થયો ત્યારે ઇલંગો અડિગલને પોતાની ઇચ્છા પૂર્ણ થયાનો આનંદ થયો.

ઇલંગો અડિગલ રાજકુમારમાંથી સાધુ થયા હતા. આથી એમને ગૃહસ્થ રાજજીવન તથા સાધુજીવન બંનેનો સરસ પરિચય હતો. તેમને કવિતા, સંગીત, નાટક, શિલ્પ ઇત્યાદિ કલાઓનો નાનપણથી જ શોખ અને અભ્યાસ હતો. એમના કેટલાક મિત્રો આવી જુદી જુદી વિદ્યાઓ-કલાઓમાં રસ લેતા અને તેઓ વારંવાર મળીને ગોષ્ઠી કરતા. સાધુ થયા પછી પણ ઠીક ઠીક સમય મળવાને કારણે ઇલંગો અડિગલનો જેમ જેમ શાસ્ત્રનો અભ્યાસ વધ્યો તેમ તેમ જુદી જુદી વિદ્યાઓની જાણકારી પણ વધતી ચાલી.

એક વખત મોટા ભાઇ રાજા ચેંગુટ્ટવન પોતાના પરિવાર સાથે પહાડ ઉપર પેરિયારુ નદીના કિનારે પોતાના ગ્રીષ્મવાસમાં રહેવા જવાના હતા ત્યારે ઇલંગો અડિગલને ત્યાં પધારવા માટે આગ્રહપૂર્વક નિમંત્રણ આપ્યું. ઇલંગો અડિગલ વિહાર કરીને ત્યાં પધાર્યા અને જૈન મુનિને ઉચિત એવા આવાસમાં મુકામ કર્યો. એ વખતે એમના કવિમિત્ર ચાત્તનારને પણ ત્યાં પધારવા માટે નિમંત્રણ મળ્યું. એ વખતે પહાડી લોકો રાજાના માટે જાતજાતની વસ્તુઓ ભેટ આપવા માટે લાવ્યા. વળી તેઓએ કેટલાંક લોકગીતો ગાયાં. તેમાં તેઓએ એક સ્તનવાળી દેવીની વાત કરી. એથી બધાને બહુ ઉત્સુક્તા થઇ. તે વખતે કવિ ચાત્તનારે એ દેવી વિશેનો સમગ્ર વૃત્તાંત પોતે જાણતા હોવાથી સવિગત કહ્યો. એ સાંભળીને ઇલંગો અડિગલે કહ્યું, 'આ વિશે તો એક મોટું સરસ મહાકાવ્ય લખવાની ઇચ્છા થાય છે.' એમની એ વાતને બધાએ વધાવી લીધી. વૃત્તાંતમાં મુખ્ય ઘટના ઝાંઝરની આસપાસ છે. એટલે ઇલંગોએ એ મહાકાવ્યનું નામ એના ઉપરથી રાખવાનું નક્કી કર્યું. ઝાંઝર (નુપૂર) માટે તમિળ શબ્દ છે 'સિલમ્બુ'. એનું કથાનક અથવા પ્રકરણ એટલે 'અધિકાર' (તમિળમાં અદિકાર) એટલે મહાકાવ્યનું નામ અપાયું 'સિલપ્પદિકારમ્' ઇલંગોએ પદ્યમાં વચ્ચે વચ્ચે કેટલીક ગદ્ય કંડિકાઓ સાથે આ મહાકાવ્યની રચના કરી. તમિળ ભાષાનું આ એક શ્રેષ્ઠ મહાકાવ્ય ગણાયું. આ મહાકાવ્યના વૃત્તાંતમાં 'મણિમેખલા' નામની ગણિકાપુત્રી બૌદ્ધ ભિખ્ખુણી બને છે એ વૃત્તાંત આવે છે. એ વૃત્તાંતને આગળ વધારીને કવિ ચાત્તનારે 'મણિમેખલા' નામનું મહાકાવ્ય લખ્યું. આમ બંને કવિ મિત્રોએ એક જ કથાનક પર સાથે મળીને પોતપોતાનાં મહાકાવ્ય લખ્યાં અને તે બંને ઉત્તમ કોટિનાં નીવડ્યાં. એટલે તમિળ સાહિત્યમાં આ બંને મહાકાવ્યને જોડિયાં (Twin) મહાકાવ્યો તરીકે ઓળખવામાં આવે છે. અલબત્ત એ બંનેમાં ઇલંગોનું મહાકાવ્ય વધુ ચડિયાતું છે. તમિળ મહાકાવ્ય 'સિલપ્પદિકારમ્'ની રચનની આ પૂર્વ ભૂમિકા છે. એનું કથાનક સંક્ષેપમાં જોઇએ :

બે હજાર વર્ષ પહેલાં દક્ષિણ ભારતમાં ત્રણ મુખ્ય રાજ્યો હતાં. ચોલા રાજ્ય, પાંડિય રાજ્ય અને ચેર રાજ્ય. તેમાં તે તે વંશના રાજાઓ રાજ્ય કરતા હતા. ચોલા રાજ્યની રાજધાની કાવિરિપ્પુમ્પટ્ટિનમ હતું. કાવેરી નદીના કિનારે આવેલું આ નગર અત્યંત સમૃદ્ધ હતું. નગરમાં અનેક ઉમદા અને શ્રીમંત કુટુંબો વસતાં હતાં. દરિયાઇ માર્ગે શહેરના વેપારીઓ દૂર દૂરના પ્રદેશો સુધી વેપાર કરવા જતા અને ત્યાંથી તરેહ તરેહની નવી નવી ચીજ વસ્તુઓ અને કિંમતી રત્નો લઇ આવતા. શહેરમાં વખતોવખત મોટા મોટા ઉત્સવો થતા. નગરના લોકો પોતાનું જીવન સુખમય વીતાવતા હતા.

આ શહેરમાં માનયગન (મહાનાયક) નામનો એક નામાંકિત વેપારી રહેતો હતો. એને એક પુત્રી હતી. એનું નામ કન્નગી. તે અત્યંત રૂપવતી અને એટલી જ ગુણવાન હતી. નગરના લોકો તેના રૂપ અને ગુણની બહુ જ પ્રશંસા કરતા.

આજ નગરમાં બીજો એક મોટો સોદાગર રહેતો હતો. એનું નામ માસાત્તુવન (મહાસત્ત્વ) હતું. તે બહુ ધનાઢ્ય હતો. આખા રાજ્યમાં શ્રીમંતાઇમાં રાજપરિવાર પછી બીજે નંબરે માસાત્તુવનનું કુટુંબ ગણાતું. માસાત્તુવનને એક પુત્ર હતો. એનું નામ હતું કોવાલન. કોવાલન ઘણો જ દેખાવડો અને બુદ્ધિશાળી હતો. તેનો ઉછેર ઘણી સારી રીતે થયો હતો. કન્નગીના માતાપિતાને લાગ્યું કે પોતાની પુત્રી માટે કોવાલન યોગ્ય વર છે. આથી તેઓએ કોવાલનના માતાપિતા સમક્ષ એ માટે દરખાસ્ત મૂકી. બંને પક્ષને એ દરખાસ્ત સ્વીકાર્ય હતી, કારણ કે કોવાલન અને કન્નગી એકબીજા માટે સર્વ રીતે યોગ્ય હતા. આવા સંબંધથી બંને કુટુંબોને અને બીજાં સ્વજનોને બહુ આનંદ થયો. શુભ દિવસે કોવાલન અને કન્નગીનાં બહુ ધામધૂમપૂર્વક લગ્ન થયાં. વડિલોએ બંનેને આશીર્વાદ આપ્યા. કન્નગીને એના માતાપિતાએ કરિયાવરમાં ઘણાં કિંમતી ઘરેણાં આપ્યાં. એમાં સોનાનાં બે બહુ જ મૂલ્યવાન અને જવલ્લે જ જોવા મળે એવી કારીગીરીવાળાં ઝાંઝર (નૂપૂર) પણ હતાં.

કોવાલનની માતાએ નવદંપતીને રહેવા માટે એક જુદો મહેલ કરાવી આપ્યો. એમના કુળમાં આવી પરંપરા ચાલી આવતી હતી. કોવાલન અને કન્નગી મટે તે પ્રમાણે નોકરચાકર અને ધનસંપત્તિની પણ વ્યવસ્થા કરી આપવામાં આવી. પોતાનું સ્વતંત્ર ઘર થતાં કન્નગીનો આખો દિવસ ગૃકાર્યમાં પસાર થવા લાગ્યો. રોજ મહેમાનોની અવરજવર ચાલવા લાગી. અતિથિસત્કારમાં તેમને માટે ભોજનાદિની તૈયારી કરવામાં, તથા ઘરે આવનારા યાચકોને સહાય કરવાનાં કાર્યોમાં કન્નગીનો સમય વ્યતીત થઇ જતો. કોવાલન અને કન્નગી આ રીતે પોતાનું સુખમય દામ્પત્યજીવન ભોગવવા લાગ્યા. એમ કરતાં કેટલાંક વર્ષ પસાર થઇ ગયાં.

આ કાવિરિપ્પુપટ્ટિનમ નગરના બીજા એક ભાગમાં કેટલાંક ગણિકા કુટુંબો રહેતાં હતાં. એવા કુટુંબોમાં એક સુખી કુટુંબમાં માધવી (તમિળમાં માદવી) નામની એક રૂપવતી કન્યા હતી. તે પાંચેક વર્ષની હતી ત્યારથી જ એની હોંશિયારી જોઇને એની માતાએ એને સંગીત, નૃત્ય વગેરે કલાઓમાં નિપુણ કરવા માટે તે તે કલાના સારા શિક્ષકોને ઘરે બોલાવીને તાલીમ આપવાનું ચાલુ કરી દીધું હતું. માધવી આ રીતે સરસ ગાવામાં તથા વીણા, બંસરી. સિતાર વગેરે વાદ્યો વગાડવામાં અને ભિન્ન ભિન્ન પ્રકારના શાસ્ત્રીય નૃત્ય કરવામાં પારંગત થઇ ગઇ. બાર વર્ષની ઉંમરે તો ચારે બાજુ એની કલાની પ્રશંસા થવા લાગી. રાજદરબારમાં થતા કાર્યક્રમોમાં પણ એને સ્થાન મળ્યું. જ્યારે એણે પહેલી વાર રાજમહેલમાં નૃત્ય કર્યું ત્યારે રાજા પણ અત્યંત પ્રભાવિત અને પ્રસન્ન થયા. રાજ્યની પ્રણાલિકા પ્રમાણે રાજાએ પોતાની ખુશાલી વ્યક્ત કરવા માટે માધવીને એક રત્નજડિત સુવર્ણનો કિંમતી હાર આપ્યો તથા એક હજાર અને આઠ સુવર્ણ મહોર રોકડ ભેટ તરીકે આપી.

માધવી ઘરે આવી. હવે તે યૌવનમાં આવી હતી. તે સમયે ચાલતી પ્રથા અનુસાર આવી તેજસ્વી ગણિકાપુત્રીનો કોઇ અત્યંત શ્રીમંત પુરુષ સાથે સંબંધ થવો જોઇએ. માધવીને રાજા તરફથી મળેલો હાર એની માતાએ પરિવારની એક કુબડી સ્ત્રીને આપ્યો અને કહ્યું હતું કે તું

શ્રીમંતોના મહોલ્લાઓમાં જા અને ત્યાં જઇને કહે કે જે પુરુષ આ હાર એક હજાર અને આઠસો સુવર્ણમહોર આપીને ખરીદી લે તેને માધવી સાથે પ્રણયસંબંધનો અધિકાર મળશે. આ વાત ફરતી ફરતી કોવાલનના સાંભળવામાં આવી. તે અત્યંત શ્રીમંત હતો. આટલી સુવર્ણમહોરની તેને મન કશી વિસાત નહોતી. વળી ગણિકાને ત્યાં જવાની શ્રીમંતોમાં ત્યારે પ્રણાલિકા હતી. સમાજમાં એવા શ્રીમંતોની પ્રતિષ્ઠા વધતી. કોવાલને તરત એ હાર સુવર્ણમહોર આપીને ખરીદી લીધો. એટલે તરત કોવાલનને માધવીના ઘરે લઇ જવામાં આવ્યો. માધવીનું રૂપસૌન્દર્ય જોઇ કોવાલન મોહિત થઇ ગયો. માધવીના ઘરે રહીને અને માધવી સાથે પ્રણયસંબંધ બંધાતાં કોવાલનને એ ઘર છોડીને પોતાને ઘરે પાછા ફરવાનું ગમ્યું નહિ.

એમ કરતાં કરતાં દિવસો વીતતા ગયા અને કોવાલન પોતાના ઘરને ભૂલવા લાગ્યો. કન્નગીનું સ્મરણ પણ તેને ઓછું થતું ગયું. એમ કરતાં કરતાં ઘણો કાળ વીતી ગયો. હવે તો માધવીનું ઘર એ જ પોતાનું ઘર એમ એને લાગવા માંડ્યું. તે માધવી પાછળ ઘણું ધન ખર્ચવા લાગ્યો. એ જમાનામાં એ પ્રદેશમાં આવી ઘટનાઓ બનતી. આ બાજુ કન્નગીને એકબે દિવસ રાહ જોયા પછી જ્યારે ખબર પડી કે એનો પતિ કોવાલન ગણિકાને ઘરે જ રહી ગયો છે ત્યારે તે ઘણી દુઃખી થઇ. સુંદર વસ્ત્રાલંકારથી સજ્જ થવમાં કે ઘરને શણગારવામાંથી તેનો રસ ઊડી ગયો. તેના ચહેરા ઉપરનું હાસ્ય ઊડી ગયું. આમ છતાં તે ક્યારેય પોતાના દુઃખની વાત પોતાની સહેલીઓને કરતી નહીં. તેના સાસુ-સસરાને આ વાતની જાણ થતાં તેઓએ કોવાલનને પાછો લાવવા શક્ય એટલા પ્રયાસો કર્યા, પરંતુ તેમાં તેઓ નિષ્ફળ ગયા. તેઓ કન્નગીને સાંત્વન આપતા રહેતા, એ સિવાય બીજો કોઇ રસ્તો રહ્યો ન હતો. આ બાજુ માધવીએ કોવાલનના હૃદયને જીતી લીધું. તેણે જોયું કે કોવાલન તેને ચાહે છે અને તેની ઇચ્છા પ્રમાણે ધન ખર્ચે છે એટલે તે પણ કોવાલન પ્રત્યે પતિવ્રતા સ્ત્રીની જેમ રહેવા લાગી. એક ગણિકા થઇને એમ રહેવું સરળ નહોતું. પણ માધવી કોવાલનને વફાદાર રહી. એમ કરતાં માધવી સગર્ભા થઇ અને એક પુત્રીને જન્મ આપ્યો. આ પુત્રીનું નામ શું રાખવું ? કોવાલને પોતાની આ પુત્રીનું નામ મણિમેખલા (તમિળમાં મણિમેકલૈ) રાખવાનું નક્કી કર્યું. મણિમેખલા એ એક જલદેવીનું નામ છે. આ જલદેવીએ કોવાલનના એક વડવાને સમુદ્રમાં વહાણ ડૂબતું હતું ત્યારે તેમને તરીને કિનારે પહોંચવામાં મદદ કરી હતી, કારણ કે એ વડવાએ દાન-દયાનાં મોટાં પુણ્યકાર્યો કર્યા હતાં. આથી કોવાલનને પોતાની પુત્રીનું નામ મણિમેખલા રાખવાનું વધુ ગમ્યું.

કોવાલન અને માધવીએ પોતાની દીકરીના નામકરણનો ઉત્સવ ભારે ઠાઠમાઠથી ઊજવ્યો. તે દિવસે તેઓએ ઘણા યાચકોને સુવર્ણ મહોર આપી. એ દિવસે એક ગરીબ વૃદ્ધ બ્રાહ્મણ એમની પાસે દાન લેવા આવતો હતો ત્યાં રસ્તામાં એક મદોન્મત્ત હાથીએ બ્રાહ્મણને પોતાની સૂંઢમાં ભરાવ્યો. કોવાલનને જેવી આ વાતની ખબર પડી કે તરત તે હાથી પાસે પહોંચ્યો અને પોતાની બહાદુરી અને આવડતથી બ્રાહ્મણને છોડાવ્યો અને હાથીને શાંત કર્યો.

કોવાલન આમ ઘણો ઉદાર અને પરગજુ હતો. એક વખત કોઇ એક બ્રાહ્મણની પત્નીથી નોળિયો મરી ગયો. આવી પાપી પત્નીને છોડીને બ્રાહ્મણ ચાલ્યો ગયો. કોવાલનને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે એણે એ સ્ત્રીને વિધિપૂર્વક પ્રાયશ્ચિત લેવામાં જોઇતા ધનની મદદ કરી અને એના પતિને શોધી કાઢી, મનાવી પતિપત્ની બંનેને એકત્રિત કર્યાં હતાં. એવી જ રીતે કોઇક માણસે કોઇક સતી સ્ત્રીના ચારિત્ર વિષે મિથ્યા આરોપ કર્યો તો એ ક્રુર અપરાધીને એક ભૂતે પકડી લીધો. કોવલનને એ અપરાધીનાં દુઃખી અને રડતાં માતાપિતાને જોઇને દયા આવી. એણે ભૂતને બદલામાં પોતાના પ્રાણ લેવા વિનંતી કરી, પરંતુ ભૂતે તે વિનંતી સ્વીકારી નહીં અને અપરાધીના પ્રાણ હરી લીધા. આથી કોવાલને એના માતાપિતાને બહુ સાંત્વન આપ્યું. એમ જોઇતી બધી સહાય કરીને એમના દુઃખમાં તે સહભાગી થયો હતો.

આમ કોવાલન દિલનો ઘણો ભલો અને ઉદાર હતો, પરંતુ માધવી પાછળ ઘણું ધન ખર્ચવાને લીધે તથા આવી રીતે લોકોને છૂટે હાથે આપવાને લીધે કોવાલન પાસે જે વડીલો પાસેથી મળેલી સંપત્તિ હતી તે દિવસે દિવસે ઓછી થતી ગઇ. એમ કરતાં કરતાં પોતાની બધી સંપત્તિ હવે ખલાસ થવા આવી છે એની ખબર પડતાં કોવાલન ઉદાસ થવા લાગ્યો.

કાવિરિપ્પુમ્પટ્ટિનમ નગરમાં દર વર્ષે ગ્રીષ્મઋતુમાં ઇન્દ્ર પૂજાનો વાર્ષિક ઉત્સવ ઊજવાતો. શહેર ઘણું સમૃદ્ધ હતું એટલે સુખી માણસો આ ઉત્સવમાં ઉલ્લાસથી ભાગ લેતા. આસપાસના દેશોના લોકો ઉપરાંત ઠેઠ હિમાલય સુધીના રાજ્યોના લોકો પણ આ ઉત્સવ અને મેળો જોવા આવતા. શહેરની શેરીઓ ધજા-તોરણથી શણગારવામાં આવતી. નૃત્ય-સંગીતના વિવિધ કાર્યક્રમો થતા. મંદિરોમાં પ્રાર્થનાઓ થતી. કાવેરી નદીના પાણીમાં ઇન્દ્ર દેવતાની મૂર્તિને સ્નાન કરાવવામાં આવતું.

આ મહોત્સવમાં યોજાયેલા નૃત્યસંગીતના કાર્યક્રમોમાં એક કાર્યક્રમ માધવીનો પણ હતો. માધવીએ એ માટે પૂરેપૂરી તૈયારી કરી હતી. સુંદર વેશભૂષામાં સજ્જ થયલી મધવએ બહ સરસ નૃત્ય કર્યું. લોકો ખૂબ આનંદિત થઇ ગયા. પરંતુ પોતાની સંપત્તિ ઘણી ઓછી થઇ જવાને લીધે ઉદાસ થયેલો કોવાલન માધવીના નૃત્યથી પ્રસન્ન ન થઇ શક્યો. માધવી એ તરત સમજી ગઇ. દર વર્ષે આ ઉત્સવ પૂરો થયા પછી લોકો કાવેરી અને સમુદ્રના સંગમ સ્થળના કિનારે એકત્ર થઇ આનંદ માણતા. કોવાલનને પ્રસન્ન કરવા માધવી એ ઉત્સવ માટે એને ત્યાં લઇ ગઇ.

સંગમસ્થળે, સમુદ્ર કિનારાની રેતીના તટમાં શમિયાણો તૈયાર કરાવવામાં આવ્યો હતો. માધવીની દાસી વસંતમાલાએ બેઠક તૈયાર કરી તથા વાજિંત્રો ગોઠવ્યાં. વસંતમાલાએ 'યાલ'નામના વાજિંત્રના તાર સરખા કર્યા. માધવીએ એ વગાડી જોયું. ત્યાર પછી માધવીએ એ કોવલનને વગાડવા આપ્યું અને મધુર ગીતો ગાવા કહ્યું. કોવાલન માધવીને પ્રસન્ન કરવા ચાહતો હતો એટલે એણે સરિતા-સાગરના સંગમના ગીતો અને બીજાં કેટલાંક પ્રચલિત લોકગીતો ગાયાં. એમાં પ્રણયની અભિવ્યક્તિ હતી. કોવાલન સહજ ભાવથી એ ગીતો ગાતો, વગાડતો હતો, પરંતુ માધવીને કોણ જાણે કેમ પણ એમ લાગ્યું કે કોવાલન બીજી કોઇ પ્રિયતમાને માટે આવાં ગીતો વગાડે છે. કોવાલન હવે પોતાનાથી નારાજ થઇ ગયો છે. માધવીનું આ અનુમાન સાચું નહોતું. પરંતુ એક વખત મનમાં સંશય જન્મે એટલે તે જલદી નીકળે નહીં. આથી કોવાલને જ્યારે માધવીને 'યાલ' વગાડવા આપ્યું ત્યારે માધવીએ પણ પ્રતિકારરૂપે એવાં જ ગીતો ગાયા, પરંતુ એથી તો કોવાલનને એમ થયું કે 'હું માધવીને ખૂબ ચાહું છું, પરંતુ માધવીએ તો પરપુરુષ સાથેના પ્રેમનાં ગીત ગાયાં. મારી સંપત્તિ ઓછી થઇ ગઇ છે એટલે જરૂર હવે તેણે ખાનગીમાં બીજા કોઇ પુરુષ સાથે સંબંધ બાંધ્યો હશે. અંતે તો માધવી એક ગણિકા છે. ગણિકાનો એ સ્વભાવ જાય નહિ. અત્યાર સુધી તેણે મને છેતર્યો. તે મને બેવફા જ હતી. તે મારી ધનદોલત પડાવી લેવા જ મને ચાહવાનો ડોળ કરતી હતી.'

માધવી ગાતી હતી ત્યારે કોવાલનના ચિત્તમાં ઊઠતા આવા આવા વિચારો વેગ પકડતા જતા હતા. માધવીને આ ક્ષણથી પોતે છોડી દેવી જોઇએ એવા નિર્ણય ઉપર તે આવ્યો. તે એકદમ ઊભો થયો અને ચાલવા લાગ્યો. એના પોતાના નોકરો પણ તરત તેની સાથે ચાલવા લાગ્યા. માધવી એકદમ વિમાસણમાં પડી ગઇ. શું કરવું તે એને સૂઝ્યું નહિ. પોતાનાં ગીતોનું આવું પરિણામ આવશે એવું એણે ધાર્યું નહોતું.

તેને પશ્ચાત્તાપ થયો પણ હવે બીજો કોઇ ઉપાય નહોતો. તે પોતાની દાસીઓ સાથે એકલી ઘરે આવી.

ઘરે આવીને માધવીએ વિચાર્યું કે પોતે કોવાલનને મનાવી લેવો જોઇએ. એણે પુષ્પોનો એક હાર બનાવ્યો. એમાં એક પુષ્પની મોટી પાંદડીઓ ઉપર એણે કોવાલનને પાછા ફરવા માટે આગ્રહભરી, આજીજીભરી વિનંતી કરતો પત્ર લખ્યો. એણે વસંતમાલા સાથે એ હાર મોકલાવ્યો. વસંતમાલાએ શહેરમાં તપાસ કરતાં કરતાં એક સ્થળે કોવાલનને શોધી કાઢ્યો. એણે કોવાલનને હાર આપ્યો અને અંદર માધવીએ લખેલા સંદેશાની વાત કરી, પરંતુ કોવાલને એ હાર સ્વીકારવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો અને કટુતાથી કહ્યું કે, 'માધવી અંતે તો એક ગણિકા જ રહી. મેં એને આટલો બધો પ્રેમ આપ્યો અને બદલામાં એણે મારુ બધું ધન હરી લીધું.' વસંતમાલા પાછી આવી અને કોવાલને જે કહ્યું તે કહી સંભળાવ્યું. એથી માધવીને ઘણું દુઃખ થયું. કોવાલનના વિયોગમાં આખી રાત એને ઊંઘ આવી નહીં. સતત એને વિચારો આવતા રહ્યા. એક પ્રણયસંબંધનો કરુણ અંત આવ્યો.

આ બાજુ કોવાલનના ચાલ્યા જવાને કારણે કન્નગી ઘણી દુઃખી થઇ ગઇ હતી. એનું શરીર સુકાઇ ગયું હતું. એની મુખકાન્તિ હણાઇ ગઇ હતી. એની પાસે રહેલી ધનસંપત્તિ પણ વપરાતાં વપરાતાં ખલાસ થઇ જવા આવી હતી. કોવાલન માટે તે ઝૂરતી હતી. એના સાસુ-સસરા એનું ધ્યાન રાખતાં અને એને આશ્વાસન આપતાં. એક રાત્રે એને સ્વપ્ન આવ્યું કે પોતે કોવાલન સાથે કોઇ એક મોટા શહેરમાં ફરવા આવી છે. એવામાં કોઇ ખોટા આરોપસર રાજ્યના અધિકારીઓએ કોવાલનની ધરપકડ કરી. કન્નગી રાજા પાસે ગઇ અને પોતાના પતિ નિર્દોષ છે એમ સાબિત કરી બતાવ્યું. એથી કોવાલનને છોડી દેવામાં આવ્યો, પરંતુ કોવાલનની ખોટી સતામણીને કારણે એ શહેરને માથે કુદરતી આપત્તિ આવી પડી. કન્નગીએ પોતાને આવેલા આ સ્વપ્નની વાત પોતાની સખી દેવંદીને કહી. દેવંદીએ કહ્યું કે, 'આ તો એક શુભ સંકેત છે. કોવાલનનો તને વિયોગ થયો તે કોઇ પૂર્વનાં અશુભ કર્મને કારણે છે. હવે કોવાલન સાથે તારો મેળાપ થવો જોઇએ.'

એવામાં કન્નગીની એક દાસીએ આવીને સમાચાર આપ્યા કે કોવાલન ઘરે આવી રહ્યા છે. જાણે સ્વપ્નું સાચું પડયું. કન્નગીના હર્ષનો પાર રહ્યો નહીં. કોવાલન ઘરે આવ્યો. કન્નગીની હાલત જોઇને તે દિંડમુઢ થઇ ગયો. અરેરે, પોતાને લીધે બિચારીની દેવી દશા થઇ ગઇ છે. એણે કન્નગીની માફી માગી. ખોટી સ્ત્રીના ફંદામા પોતે ફસાઇ ગયો અને બધું ધન ગુમાવી દીધું એ માટે એણે ઘણું દુઃખ વ્યક્ત કર્યું. તેણે કહ્યું, 'કન્નગી, હું તો સાવ નિર્ધન થઇ ગયો છું.'

કન્નગીએ કહ્યું, 'કોવાલન, એ માટે જરા પણ ફિકર કરશો નહીં આપણે સાદાઇથી રહીશું.' વળી કન્નગીએ કહ્યું, 'જુઓ પતિદેવ, મારી પાસે મારાં આ સોનાનાં કીમતી ઝાંઝર છે. એ તમે ખૂશીથી લઇ લો. એનાં સારાં નાણાં આવશે તે લઇને વેપાર કરો.'

કોવાલન એથી બહુ પ્રસન્ન થયો. એણે કહ્યું, 'કન્નગી તું ખરેખર દેવી છે. આ ઝાંઝરનાં નાણાંથી તો હું ઘણું ધન કમાઇ શકીશ. પણ એવા વેપાર માટે મારે મદુરાઇ જવું પડશે, અહીં હું બદનામ થઇ ગયો છું. આપણા શહેરમાં મને ફાવશે નહિ, પણ તું સાથે મદુરાઇ આવે તો જ હું જવા ઇચ્છું છું. આપણે માતાપિતાને કહ્યા વગર ચૂપચાપ ચાલ્યા જઇએ,

કન્નગીએ એ દરખાસ્ત સ્વીકારી લીધી. બીજે દિવસે જ નીકળવાનું નક્કી કર્યું. વહેલી પરોઢે નીકળે તો નગરમાં કોઇને ખબર પણ ન પડે. એ રીતે તેઓ બંને ચૂપચાપ નગરની બહાર નીકળી મદુરાઇના રસ્તે ચાલવા લાગ્યાં.

મદુરાઇનો માર્ગ ઘણો કઠિન હતો. તેઓ કાવેરી નદીના કિનારે કિનારે પગદંડીએ ચાલવા લાગ્યાં. આગળ ચાલતાં ગાઢ વન આવ્યું. કન્નગી ચાલતાં ચાલતાં થાકી જતી હતી. એવામાં એક વાડી જેવું આવ્યું. તેઓ તેમાં દાખલ થયાં. ત્યાં એક જૈન ભિખ્ખુણી-આર્યાજી હતાં. તેમનું નામ કવુંદી હતું. તેઓ આર્યાજીને પગે લાગ્યાં. આર્યાજીએ તેઓને આરામ કરવા માટે કહ્યું. આર્યાજીએ પૂછતાં કોવાલને કહ્યું કે પોતાનું ભાગ્ય અજમાવવા તેઓ મદુરાઇ જઇ રહ્યાં છે. ભોજન-આરામ કર્યા પછી આર્યાજી સાથે વાત કરતાં કોવાલનને જાણવા મળ્યું કે મદુરાઇનો રસ્તો ઘણો વિકટ છે. આર્યાજી એ પ્રદેશના માહિતગાર હતાં. એમણે કહ્યું કે અમુક રસ્તો ટૂંકો છે, પરંતુ એ રસ્તે કન્નગીને ચાલતાં ઘણી મુશ્કેલી પડશે. એટલે બીજો લાંબો પણ સરળ રસ્તો લેવો જોઇએ, પરંતુ ક્યો રસ્તો સરળ અને ક્યો રસ્તો વિકટ છે એમ જો તે વખતે ખબર ન પડે તો ખોટે રસ્તે ચડી જવાનો સંભવ છે. કોવાલન અને કન્નગીની મૂંઝવણ પારખીને આર્યાજીએ કહ્યું, 'ચાલો હું તમારી સાથે આવું છું. મારે એ બાજુ આમ પણ વિહાર કરવાનો છે. મારા ગુરુ ભગવંત એ બાજુ વિચરી રહ્યા છે એમને મારે વંદન પણ કરવાનાં છે.'

આર્યાજીએ પોતાના કમંડળ. મોરપીંછ અને વસ્ત્રની પોટલી સાથે વિહાર કર્યો. કોવાલન અને કન્નગી સાથે ચાલ્યાં. માર્ગમાં મુકામ કરતાં કરતાં તેઓ ચાલ્યાં. અનુકૂળતા મળે ત્યારે આર્યાજી કોવાલન અને કન્નગીને જૈન ધર્મ વિશે પ્રવચન પણ આપતાં. એમ કરતાં તેઓ કાવેરી નદીના કાંઠે આવેલા શ્રીરંગમ શહેરમાં પહોંચ્યાં. ત્યાં જૈન મંદિરોમાં દર્શન કર્યા અને મુનિ ભગવંતોનાં પ્રવચનો સાંભળ્યાં. રસ્તામાં તેમને એક બ્રાહ્મણ પથિક મળ્યો. તેણે મદુરાઇના પાંડિય રાજાનાં બહુ વખાણ કર્યાં. પાંડિય રાજાના રાજ્યોમાં ન્યાય પ્રવર્તે છે. ચોર, લૂંટારુની કોઇ બીક નથી, અરે, જંગલી જાનવરો પણ પથિકોને ત્રાસ આપતાં નથી. મદુરાઇના રાજ્યમાં પોતે ક્યાં ક્યાં ફર્યો તેની વાત એ પથિકે કહી અને મદુરાઇ પહોંચવા માટેના જુદા જુદા માર્ગમાંથી ક્યો સરળ છે તેની પણ એણે સમજણ પાડી.

આ વિહાર-પ્રવાસ દરમિયાન કોવાલન-કન્નગીને જાતજાતના અનુભવો થતા. સ્થાનિક આદિવાસી લોકોના અનુભવો પણ થતાં. ગરમી ઘણી પડતી હતી એટલે તેઓને તરસ પણ ઘણી લાગતી. કોવલન દરેક સ્થળે પાણીની તપાસ કરી લાવતો. આગળ જતાં રણ જેવો પ્રદેશ આવ્યો. ગરમી ઘણી વધી ગઇ. કન્નગીથી એ સહન થતી નહોતી. આર્યાજીએ એનો ઉપાય સૂચવ્યો. એમણે કહ્યું કે, 'હવેથી આપણે સાંજ પછી રાત્રિ દરમિયાન અંતર કાપવું અને દિવસે પૂરો આરામ કરી લેવો. આ પાંડિય રાજાના રાજમાં રાત્રે કોઇ ભય નથી.' એ પ્રમાણે તેઓ આગળ વધવા લાગ્યા.

એક વખત કોવાલન પાણી લેવા એકલો ગયો હતો ત્યાં એક માણસ એને મળ્યો. એનું નામ કૌસિગન હતું. એણે કોવાલનને ઓળખી લીધો. એ કોવાલનની શોધમાં જ હતો, જોકે કોવાલનનો ચહેરો પહેલાં કરતાં ઘણો બદલાયો હતો. કૌસિંગનને માધવીએ મોકલ્યો હતો. એણે માધવીનો સંદેશો કહ્યો. એમાં મુખ્ય વાત તો એ હતી કે માતાપિતાની રજા વગર કોવાલન કન્નગી સાથે નગર છોડીને નીકળી ગયો એથી માતપિતા બહુ દુઃખી થઇ ગયાં છે, સગાસંબંધીઓ પણ દુઃખી થયાં છે. કૌસિગને માધવીએ આપેલો પત્ર કોવાલનને આપ્યો. એમાં માધવીએ પોતાની ભૂલ માટે ક્ષમા માગી હતી. પોતાની ભૂલને કારણે અંતે કોવાલનના માતાપિતાને દુઃખ ભોગવવાનો સમય આવ્યો એ માટે પણ માધવીએ ક્ષમા માગી હતી. પત્ર વાંચતા કોવાલનને થયું કે આ રીતે નગર છોડવામાં પોતાની ભૂલ થઇ છે. એણે માધવીની અને પોતાના માતાપિતાની પોતાના તરફથી ક્ષમા માગવા સંદેશવાહક કૌસિગનને વિનંતી કરી.

ત્યાર પછી કોવાલન કન્નગી અને આર્યાજી પાસે આવ્યો. ત્યાં તેમને કેટલાક માણસો મળ્યા કે જેઓ એક દેવીની આરાધના માટે ગાન ગાઇ રહ્યા હતા. તેઓને પૂછતા જાણવા મળ્યું કે મદુરાઇ હવે પાસે જ છે.

તેઓ રાતે રાતે ચાલતા આગળ વધ્યા, વહેલી પરોઢમાં તેઓ મદુરાઇની નજીક આવી પહોંચ્યા. રાજમહેલ અને મંદિરોમાં થતા મધુરધ્વનિઓ તેમને સાંભળવા મળ્યા. તેઓ મદુરાઇના એક પરામાં આવી પહોંચ્યા. મદુરાઇ શહેરનું વાતાવરણ જ જુદું લાગતું હતું. નદી કિનારે જૈન મુનિઓના એક ધર્મસ્થાનમાં તેઓએ મુકામ કર્યો. ત્યાર પછી કોવાલને આર્યાજીને કહ્યું કે હું હવે નગરમાં જઇને કેટલાક વેપારીઓને મળવા માંગુ છું. ત્યાં સુધી કન્નગીને તમારી પાસે રાખશો. મારે લીધે કન્નગીને ઘણું કષ્ટ વેઠવું પડ્યું છે. આર્યાજીએ કોવાલનને આશ્વાસન આપ્યું, સદાચારી જીવનનો મહિમા સમજાવ્યો, સાધુ જીવનની મહત્તા દર્શાવી અને નગરમાં જઇ વેપારીઓ સાથે વાટાઘાટ કરવા માટે જવાની રજા આપી.

કોવાલન મદુરાઇ નગરમાં ગયો. જુદી જુદી શેરીઓમાં તથા બજારોમાં ફર્યો, કેટલાક વેપારીઓ સાથે વેપાર અંગે કેટલાં નાણાંની જરૂર પડે તે અંગે વાટાઘાટો કરી. મદુરાઇના લોકોથી તે બહુ પ્રભાવિત થઇ ગયો. સાંજે તે મુનિઓના ધર્મસ્થાનમાં પાછો ફર્યો.

તે વખતે ત્યાં એક બ્રાહ્મણ યાત્રિક આવ્યો હતો. તેણે કોવાલનને તરત ઓળખી લીધો. તે કોવાલનના નગરનો જ હતો. તે કન્યાકુમારીની યાત્રાએ નીકળ્યો હતો. કોવાલન અનેક લોકોને મદદ કરતો હતો અને નગરનો સુપ્રતિષ્ઠિત શ્રીમંત યુવાન હતો. એ વાત એણે આર્યાજીને કરી. કોવાલનની વર્તમાન લાચાર દશા જોઇને તેમને ઘણું દુઃખ થયું. તેણે કોવાલનને કહ્યું કે જરૂર તમારા કોઇ પૂર્વ કર્મને લીધે તમને આ દુઃખ પડ્યું છે.

આ વાતચીત ચાલતી હતી ત્યારે કોવાલને કહ્યું કે, 'ગઇ કાલે રાત્રે મને એક ખરાબ સ્વપ્ન આવ્યું હતું. એ સ્વપ્નમાં મેં એવું જોયું કે નગરમાં કેટલાક બદમાશ માણસોએ મને પોતાની જાળમાં ફસાવ્યો. મારી પાસે જે કંઇ હતું તે લૂંટી લીધું અને મને નગ્ન કરીને પાડા ઉપર બેસાડી ફેરવ્યો. વળી કન્નગીને પણ ઘણું દુઃખ પડયું. વળી માધવીએ મારી પુત્રી મણિમેખલાને ભિખ્ખુણી બનાવવા માટે કોઇક બૌદ્ધ ભિખ્ખુણીને સોંપી દીધી.'

આ દુઃસ્વપ્નની વાત સાંભળ્યા પછી આર્યાજીએ કોવાલનને કહ્યું કે, 'તમારે અહીં મુનિઓના નિવાસસ્થાનમાં રહેવાનું યોગ્ય નથી. તમે બીજે ક્યાંક વ્યવસ્થા કરો તો સારું.' એવામાં માદરી નામની એક ગોવાળણ ત્યાંથી નીકળી. એણે આર્યાજીને વંદન કર્યા. આર્યાજીએ ભલામણ કરી કે 'તું આ કોવાલન અને કન્નગીને તારા ઘરે થોડા દિવસ મહેમાન તરીકે રાખ, ત્યાં સુધીમાં તેઓ નગરમાં જઇને પોતાના સગાંસંબંધીનાં ઘર શોધી લેશે.' માદરી એથી રાજી થઇ ગઇ અને કોવાલન-કન્નગીને પોતાને ઘરે લઇ ગઇ.

કન્નગી અને કોવાલનના આગમનના સમાચાર ગોવાળોના આવાસમાં પ્રસરી ગયા. માદરીને ખબર હતી કે કોવાલન અને કન્નગી જૈન શ્રાવક છે એટલે પોતાના ઘરનું રાંધેલું તેમને ખપશે નહીં. એટલે તેણે કન્નગીને વાસણ, અનાજ વગેરે આપ્યાં. ઘણા વખતે કન્નગીને વ્યવસ્થિત રીતે રસોઇ કરવાનો અવસર મળ્યો. રસોઇમાં તે ઘણી કુશળ હતી. રસોઇ જમીને બંનેએ આરામ કર્યો. બંનેએ સુખદુઃખની વાતો કરી. આટલા વખતે પહેલી વાર કન્નગીએ માધવી ગણિકાને ઘરે કોવાલન ચાલ્યો ગયો હતો એ પ્રસંગની વાત કાઢી. કોવાલને એ માટે પોતાનો પશ્ચાત્તાપ દર્શાવ્યો.

બીજે દિવસે સવારે કોવાલને કન્નગીને કહ્યું, 'આજે હવે હું બજારમાં જઇ એક ઝાંઝર વેચી આવું કે જેથી એનાં નાણાંમાંથી કોઇ વેપાર કરી શકાય.' કન્નગીએ પોતાની પાસે પોટલીમાં બાંધી રાખેલાં સોનાનાં બે ઝાંઝરમાંથી એક આપ્યું. કોવાલન જેવો ઘરેથી નીકળ્યો કે સામેથી એક અપંગ આખલો મળ્યો. ગોવાળો પ્રમાણે આ સારા શુકન નહોતા, પરંતુ કોવાલન કે કન્નગીને એની ખબર નહોતી. કોવાલન ઝાંઝર પોતાની પોટલીમાં લઇને નગરમાં સોનીની એક મોટી દુકાને ગયો. નગરમાં મોટો સોની એ હતો અને રાજકુટુંબનાં ઘરેણાં એ બનાવતો હતો એટલે ભાવતાલમાં પણ અનુકૂળતા રહેશે એમ કોવાલનને લાગ્યું. એણે સોનીને ઝાંઝર બતાવી કહ્યું, 'મારે આ વેચવું છે. એની કેટલી કિંમત થાય ?'

સોનાનું સરસ કારીગીરીવાળું આટલું મોંઘુ ઝાંઝર જોઇને સોની વિચારમાં પડી ગયો. બરાબર આવું જ ઝાંઝર રાણીનું છે. તેમાંથી સોનીએ પોતે એક ઝાંઝર ચોરી લીધું હતું. એટલે એને આ એક સારી તક મળી ગઇ. એણે વિચાર કર્યો :

'આ માણસ પાસે એક જ ઝાંઝર છે. માણસ પણ અજાણ્યો લાગે છે. રાણીના ઝાંઝરનો આ જ ચોર છે એવું હું રાજા-રાણીને કહી આવું.'

આવો વિચાર કરી કોવાલનને ઝાંઝર સાથે એક સ્થળે બેસાડી કહ્યું, 'ભાઇ, આવું મોંઘુ ઝાંઝર તો રાજાની રાણી જ ખરીદી શકે. તમે અહીં ઝાંઝર સાથે બેસો. હું રાજમહેલમાં જઇ પૂછીને આવું છું.' એમ કહી સોની રાજમહેલમાં પહોંચ્યો, રાજાએ એને બોલાવ્યો એટલે એણે કહ્યું કે, 'રાજન ! રાણીનું જે ઝાંઝર ચોરાઇ ગયું છે એનો ચોરનાર ચોર એક સ્થળે સંતાઇને બેઠો છે.' આથી રાજાએ તરત આવેગમાં આવી જઇને સિપાઇઓને હુકમ કર્યો કે, 'જાવ એ ચોરને દેહાતદંડ આપો અને એની પાસેથી ઝાંઝર લઇ આવો.'

સોની સાથે સિપાઇઓ આવ્યા. સોનીએ કોવાલનને ઝાંઝર બતાવવા કહ્યું. જે રીતે કોવાલને સરળતાથી ઝાંઝર બતાવ્યું તે પરથી તથા ચહેરાની આકૃતિ અને હાવભાવ ઉપરથી સિપાઇઓને લાગ્યું કે આ કોઇ ચોર નથી. તેઓએ કોવાલને મારવાની આનાકાની કરી. એટલામાં એક દારૂડિયા સિપાઇએ તલવાર વીંઝી, તલવાર લાગતાં કોવાલન ઘાયલ થયો, ઢળી પડ્યો, એના શરીરમાંથી ઘણું લોહી વહેવા લાગ્યું, એ મૃત્યુ પામ્યો.

ન્યાય અને નીતિ માટે પ્રખ્યાત એવા પાંડિય રાજાના રાજ્યમાં ઘોર અન્યાયનું એક ભયંકર અપકૃત્ય થયું. જાણે વિનાશની આગાહીરૂપ એંધાણી ન હોય !

એ વખતે ગોવાળોના આવાસમાં કંઇક અમંગળ વરતાવા લાગ્યું. વલોણું કરવા છતાં માખણ થતું નહોતું. ગાયો ધ્રૂજતી હતી. ઘેટાં-બકરાં શાંત બનીને બેસી ગયાં હતાં. પાળેલાં એમના પશુઓમાં સૂનકાર વ્યાપી ગયો હતો. ગોવાળણ માદરીને અણસાર આવ્યો કે જરૂર કોઇ આપત્તિ આવી પડશે. એટલે તેણે બધી સ્ત્રીઓને એકત્ર કરી. તેઓએ ભગવાનની પ્રાર્થના ગાવી શરૂ કરી.

એવામાં એક છોકરી નગર બાજુથી દોડતી આવી. એણે ખબર આપ્યા કે પોતે વાત સાંભળી છે કે ચોરી કરવા માટે કન્નગીના પતિનું રાજરક્ષકોએ ખૂન કર્યું છે. આ સમાચાર સાંભળતાં કન્નગી ધ્રૂજી ઊઠી. તે બેભાન થઇ ગઇ. ભાનમાં આવતાં તે વિલાપ કરવા લાગી. એણે સૂર્યદેવને પ્રાર્થના કરી કે, મારો ધણી કોઇ દિવસ ચોરી કરે જ નહિ. આ તો મોટો અન્યાય થાય છે. એવામાં આકાશવાણી થઇ કે 'કોવાલન ચોર નથી. એણે ચોરી કરી નથી. આવા નિર્દોષ માણસનું ખૂન કરવા માટે મદુરાઇ શહેર આગમાં લપેટાઇ જશે.'

કન્નગી પછી પોતાની પાસે હતું તે ઝાંઝર લઇ નગરમાં ગઇ. પોતાના ઊંચે કરેલા હાથમાં ઝાંઝર બતાવતી બતાવતી લોકોને તે મોટેથી કહેવા લાગી કે પોતાના પતિને ખોટી રીતે મારી નાખવામાં આવ્યો છે. સાંજ પડવા આવી હતી. કેટલીક સ્ત્રીઓ એને કોવાલનના શબ પાસે લઇ ગઇ. ત્યાં બેસીને એણે ઘણું કલ્પાંત કર્યું. પછી નગરના લોકોને પણ આવા અકૃત્ય માટે ઉપાલંભ આપ્યા. તે કોવાલનના શબને ભેટી પડી. તે વખતે જાણે તેને કંઇક આભાસ થયો કે કોવાલને ઊભા થઇ કન્નગીની આંખમાંથી આંસુ લુછ્યાં અને પછી તે દેવલોકમાં ચાલ્યો ગયો. પોતાના આ આભાસને કન્નગી થોડીવાર તો સાચો માની રહી, પણ પછી તે ત્યાંથી ઊભી થઇ. તે ઘણી ખિન્ન હતી. રોષે ભરાયેલી

હતી, રાજા પાસે જવાબ માગવા તે રાજદરબારે ગઇ. તે દિવસે રાણીને પણ એક ખરાબ સ્વપ્ન આવેલું . રાજાને પોતાના સ્વપ્નની તે વાત કરતી હતી ત્યાં પહેરેગીરે સમાચાર આપ્યા કે કોઇ સ્ત્રી હાથમાં ઝાંઝર લઇને ગુસ્સામાં આવી છે. તેને અંદર બોલાવવામાં આવી. રાજાએ પૂછ્યું, 'તું કોણ છે? અને શા માટે આવી છે ?' કન્નગીએ પોતાનો પરિચય આપ્યો, પોતાની વિતકકથા કહી અને પોતાના પતિને કેમ મારી નાખ્યો એ વિશે પ્રશ્ન કર્યો.

રાજાએ કહ્યું, 'ચોરને મારી નાખવામાં અન્યાય નથી.'

કન્નગીએ કહ્યું, 'પણ મારો પતિ ચોર નથી. એણે ઝાંઝર ચોર્યું નથી, એ મારું જ ઝાંઝર છે, મેં જ એમને વેંચવા માટે આપ્યું હતું.'

રાજાએ કહ્યું, 'ના, એ ઝાંઝર તો રાણીનું છે. ચોરાઇ ગયું હતું.'

કન્નગીએ કહ્યું, 'ના. રાણીના ઝાંઝર કરતાં મારું ઝાંઝર જુદું છે. મારાં ઝાંઝરમાં અંદર રત્નો ભર્યાં છે. રાણીના ઝાંઝરમાં અંદર કંઇ ભર્યું છે ?'

રાજાએ કહ્યું, 'હા, રાણીના ઝાંઝરમાં અંદર મોતી ભર્યાં છે.'

કન્નગીએ તરત પોતાનું ઝાંઝર ત્યાં તોડી નાખ્યું. અંદરથી રત્નો બહાર નીકળી આવ્યા. એ જોતાં જ રાજા ડઘાઇ ગયો. પોતાને હાથે ભારે અન્યાય થઇ ગયો હતો. એક નિર્દોષ માણસની હત્યા થઇ ગઇ હતી. એટલામાં રાજાનું છત્ર પોતાની મેળે નમી પડ્યું. રાજાને ભારે પશ્ચાત્તાપ થયો. તે બોલ્યો, 'અરેરે, એક સોનીના જૂઠા વચન ઉપર વિશ્વાસ મૂકી મેં ઘોર પાપ કર્યું. મારા રાજ્યમાં આજે પહેલીવાર હડહડતો અન્યાય મારે હાથે થયો. મને જીવવાનો હવે કોઇ અધિકાર નથી.' આટલું બોલતાં બોલતાં તો રાજા ઢળી પડ્યો અને મૃત્યુ પામ્યો.

એટલામાં રાણી ધ્રૂજવા લાગી. 'એક સૌભાગ્યવતી સ્ત્રીને થયેલો આવો ભયંકર અન્યાય કેમ સહન થાય?' એટલું બોલતાં બોલતાં તે પણ ઢળી પડી અને મૃત્યુ પામી. કન્નગીનો રોષ હજુ શાંત થયો નહોતો. તેણે બહાર આવી નગરજનોને ઉદ્દેશીને ઉચ્ચ સ્વરે કહ્યું, 'હે નગરજનો! આ તે કેવું તમારું નગર છે? મારા જેવી એક નિર્દોષ સ્ત્રીની તમે આવી દશા કરી? જાવ હું તમને શાપ આપું છું કે આ મદુરાઇ નગર ભડકે બળજો' આટલું બોલતાં બોલતાં તેણે પોતાની છાતી ઉપરથી એક સ્તન જોરથી તોડીને નગર ઉપર ફેંક્યું. એ ફેંકતાં જ અગ્નિ દેવતા પ્રગટ થયો. કન્નગીએ એને કહ્યું, 'જાવ, નગરને ભસ્મીભૂત કરો, પણ બ્રાહ્મણો, સદાચારી માણસો, સાધુસન્યાસીઓ, સ્ત્રીઓ, વૃદ્ધજનો, બાળકો અને ગૌમાતાને કાંઇ થાય નહીં તેની સાવચેતી રાખજો.'

થોડીવારમાં જ સમગ્ર મદુરાઇ નગરમાં અગ્નિના ભડકા થવા લાગ્યા. એક સમૃદ્ધ શહેર વિનાશને પંથે વળ્યું. કન્નગી બાવરી બનીને નગરની શેરીમાં આમથી તેમ ભટકવા લાગી. એ વખતે નગરદેવતાની અદૃશ્ય વાણી એને સંભળાઇ. કન્નગી અને કોવાલનના પૂર્વ જન્મના પાપોનું આ પરિણામ છે એમ જણાવાયું. પોતે પૂર્વ ભવની પાપી છે એ જાણીને કન્નગીને વધારે દુઃખ થયું. તે નગર બહાર જઇ નદી કિનારે ભટકવા લાગી. ચૌદ દિવસ એ પ્રમાણે ભટકીને એક ટેકરી ઉપર ચડી ત્યાંથી પડતું મૂકી તેણે જીવનનો અંત આણ્યો. કોવાલનની સાથે તે પણ દેવલોકમાં ગઇ.

આ બાજુ કોવાલનના અન્યાયી ખૂનના સમાચાર સાંભળીને ગોવાળણ માદરીને એટલું અસહ્ય દુઃખ થયું કે એણે અગ્નિમાં પડતું મૂકી પોતાના જીવનનો અંત આણ્યો. આર્યાજી કવુંદીએ પણ અનશન વ્રત ધારણ કરી દેહ છોડ્યો.

કોવાલન અને કન્નગીની આ વાત બ્રાહ્મણ યાત્રિક મદાલનને જ્યારે જાણવા મળી ત્યારે તેણે પાછા ફરીને પોતાના નગરમાં બધાને એ વાત કરી. એ સાંભળીને માધવી ઘરસંસાર છોડી બૌદ્ધ ભિખ્ખુણી થઇ ગઇ.

પોતાના રાજ્યની એક પતિવ્રતા નારી કન્નગી દેવી થઇ એ સમાચાર સાંભળી ચેરા રાજ્યના રાજા ચેન્કુટ્ટુવને કન્નગીની મૂર્તિ બનાવી એક મંદિરમાં સ્થાપવાનો નિર્ણય કર્યો. એ માટે સારામાં સારો પથ્થર હિમાલયમાં મળે એટલે પોતે લશ્કર સાથે હિમાલય તરફ કૂચ કરી. રાજા સમર્થ અને બળવાન હતો એટલે ઘણાખરા રાજ્યોએ એને પોતાના રાજ્યની હદમાંથી જવા દીધો. જેમણે આનાકાની કરી તેમને હરાવવામાં આવ્યા. હિમાલયમાંથી સુંદર પથ્થર મેળવવામાં આવ્યો. ગંગા નદીના જળમાં પથ્થરને પવિત્ર કરવામાં આવ્યો. રસ્તામાં બ્રાહ્મણ યાત્રિક મદાલન મળ્યો. એ ગંગા નદીમાં સ્નાન કરી પોતાના પાપ ધોવા માટે જતો હતો. એણે શું પાપ કર્યું હતું ? એણે કાવિરિપટ્ટમ્પટ્ટિનમ નગરમાં આવીને કોવાલન અને કન્નગીના જે સમાચાર આપ્યા એને પરિણામે કન્નગીની માતા અને કોવાલનની માતા આઘાતથી મૃત્યુ પામી. તે બન્નેના પિતાઓ ઘરબાર છોડી મુનિ થઇ ગયા. માધવી માથું મુંડાવીને બૌદ્ધ ભિખ્ખુણી થઇ ગઇ. એની દીકરી મણિમેખલા પણ એની સાથે બૌદ્ધ ભિખ્ખુણી થઇ ગઇ. આથી મદાલનને લાગ્યું કે પોતે આ સમાચાર કહેવાનું પાપ કર્યું છે માટે તેના પ્રાયશ્ચિત તરીકે ગંગા નદીમાં જઇને સ્નાન કરવું જોઇએ.

રાજા પોતાના નગરમાં પથ્થર લઇને આવ્યો ત્યારે એનું પ્રજાએ ભવ્ય સ્વાગત કર્યું. કન્નગીની પ્રતિમા બનાવવામાં આવી અને નૂતન નિર્માણ થયેલા મંદિરમાં એની પ્રતિષ્ઠા કરવામાં આવી. એ ઉત્સવ પછી એક દિવસ રાજાએ આકાશમાં નજર કરી તો કન્નગીની હાથમાં ઝાંઝર સાથેની ભવ્ય આકૃતિ દેખાઇ. કન્નગીની દિવ્યવાણી સંભળાઇ. કન્નગીએ કહ્યું, 'પાંડિય રાજા નિર્દોષ છે, મૃત્યુ પામીને તે અહીં દેવલોકમાં આવ્યા છે. અહીં તે મારા પિતા છે.'

રાજાએ કન્નગીના મંદિરમાં ત્યારથી નિયમિત દર્શન, પ્રાર્થના, પૂજા આરતી વગેરે ચાલુ કરી દીધાં. નગરજનો પણ મંદિરમાં જવા-આવવા લાગ્યા. કન્નગી દેવીનો મહિમા ત્યારથી વધી ગયો.

કવિ ઇલંગો અડિગલે આ મહાકાવ્ય ત્રણ કાંડમાં લખ્યું છે. પ્રથમ કાંડનું નામ છે પુગારકાંડ. બીજાનું નામ છે મદુરાઇ કાંડ અને ત્રીજાનું નામ છે વંજીકાંડ. દક્ષિણ ભારતનાં ત્રણ મુખ્ય રાજ્યો ચોલા રાજ્ય, પાંડિય રાજ્ય અને ચેર રાજ્યની રાજધાનીનાં નામો આ મહાકાવ્યના કાંડને અનુક્રમે આપવામાં આવ્યા છે, કારણ કે કાવ્યની મુખ્ય મુખ્ય ઘટનાઓ તે તે રાજ્યમાં તે પ્રમાણે બને છે. કવિ ઇલંગો અડિગલ પોતે ચેર રાજ્યના હતા, છતાં તેમણે ત્રણે રાજાઓ અને તેમની પ્રજાનું વર્ણન પૂરા તટસ્થભાવથી કર્યું છે. કવિ રાજવંશી હતા એટલે રાજદરબાર, રાજ્ય પ્રણાલિકા વગેરેનું વર્ણન એમણે આબેહૂબ કર્યું છે. વળી તેઓ જૈન સાધુ મહારાજ હતા એટલે લોકોના વ્યવહારજીવનનું અને ધર્મજીવનનું તેમનું અવલોકન પણ સૂક્ષ્મ હતું. આ ત્રણે રાજ્યમાં પળાતા શૈવ ધર્મ, વૈષ્ણવ ધર્મ, બૌદ્ધ ધર્મ કે જૈન ધર્મના નિરૂપણમાં એમણે ક્યાંય ખંડનાત્મક શૈલી અપનાવી નથી અને કોઇ ધર્મની ટીકા-નિંદા કરી નથી. એ નિરૂપણમાં પણ એમણે સમત્વભાવ દર્શાવ્યો છે. એથી જ આ મહાકાવ્યમાં ખલનાયકનું પાત્ર નથી. કવિએ આ મહાકાવ્યમાં નીતિ અને સદાચાર ઉપર ઘણો જ ભાર મૂક્યો છે. અશુભ કર્મના એટલે કે પાપનાં ફળ માણસને આ ભવમાં નહીં તો પરભવમાં અવશ્ય ભોગવવાનાં આવે છે એ કર્મ સિદ્ધાંત ઉપર એમણે ઘણો જ ભાર મૂક્યો છે. કવિની ભાષા સ્વાભાવિક છતાં અર્થગંભીર છે. કવિની પદ્યરચના પ્રવાહી અને મનોરમ છે. કવિ પાસે મૌલિક કલ્પનાશક્તિ છે. આ મહાકાવ્યમાં કવિની નિરાળી પ્રતિભાનો સરસ પરિચય થાય છે. આમ, વિવિધ દૃષ્ટિએ આ મહાકાવ્ય એવી ઊંચી ગુણવત્તા ધરાવે છે કે તમિળ ભાષાનાં પ્રાચીન મહાકાવ્યોમાં પ્રથમ અને આદરભર્યું સ્થાન તે ધરાવે છે. અઢારસો વર્ષ પછી પણ આ મહાકાવ્ય હજુ જીવંત છે અને સાહિત્યવિવેચકો એની પ્રશંસા કરતાં ધરાતા નથી એ જ એની અદ્વિતીયતા સિદ્ધ કરવા માટે પૂરતું છે.

□□□

# કવિની છવિ

○ હોરમઝદિયાર દલાલ

એક કવિની છવિ કેવી હોવી જોઇએ ? તો કવિ એટલે શું ? કવિતા એટલે શું ? આવા પણ પ્રશ્નો એક સાથે સામાન્ય રીતે ઉપસ્થિત થાય. સાધારણ માન્યતા પ્રમાણે કવિ શબ્દનો કીમિયાગર ગણાય. કલ્પનાના વ્યોમમાં ઊડતો રહે તે કવિ, નિસર્ગનું રૂપ ખોલી બતાવે તે કવિ, પરંતુ એવી માન્યતા ખરી કે ખોટી તેનો જાણીતા કવિ અને સ્વાતંત્ર્ય સૈનિક શ્રી રતુભાઇ દેસાઇ ઉત્તર આપે છે, 'કવિની છવિ' નામના એક જ કવિતા સંગ્રહમાં માત્ર એક જ વિષયને અનુલક્ષીને કવિ, કવિતા-ઉપર રતુભાઇ દેસાઇએ આશરે ૪૩ કાવ્યોનો આ ગ્રંથમાં સમાવેશ કર્યો છે.

શરૂઆતમાં જ રતુભાઇ કહે છે કે કવિ તરીકે તેઓ 'એકલ-દોકલ યાત્રી' છે. કવિ તરીકે, કવિતાના ક્ષેત્રમાં તેઓ :

'ફૂટે જેવા ગીતો તેવાં વહેવા દઉં મુજ કંઠે'

અને પછી કેવી કવિતા તેમને ગમે છે :

'ના હું કવિતા લખતો સ્ફુરતી જે કૈં મસ્તકમાંથી

અંતસ્તલથી સ્ત્રવતી ધારા : તેને જાઉં નાથી.'

કવિતાના કોઇ 'વાદ' કે 'વાડા'માં આ કવિ માનતા નથી કે બંધાયા નથી. બંધાવા ઇચ્છતા પણ નથી. તેમને માત્ર મસ્તકમાંથી ઊપજતી રચનાનો મોહ નથી, પણ માહ્યલામાંથી ઊગી આવે તેવી કવિતા રતુભાઇ ને ગમે-તેવાં કાવ્યોનાં સર્જન તરફ એમને મમતા-ત્યારે, 'કવિતા'નું દર્શન કવિ આપણને આ પ્રમાણે કરાવે છે :

'કવિતા સોળ વર્ષની છોરી

આવી સોડ ભરાઇ છાની

ક્યારે સરકી ગઇ મનમાની :'

શરમાળ કુંવારિકા જેવી છાનીમાની આવી સોડમાં ભરાઇ જાય અને પછી ક્યારે સરી જાય તેની પણ ખબરે પડે નહિ. ઊડતી આવે ને ઊડતી જાય.

ટૂંકમાં, રતુભાઇ પોતાનાં કાવ્યોનું વિષય વસ્તુ ઘણું વાગોળવામાં માનતા નથી. વિચાર આવે, ભલે આવે, આવવા દો, આનંદની વાત છે-પરંતુ તે ફક્ત મનની પેટીમાં ભરાઇ રહે તે કામનું નહિ-મગજમાંથી તે અંતરમાં ઉતરે ત્યારે કવિતા જન્મે અને તે ખરી કવિતા. આવી કવિતાનો મિજાજ તોરી છતાં તે મ્હોરે, અંતરમાં ઘૂંટાઇ બહાર આવે ત્યારે ખરી. એટલે કવિ એક એવા શબ્દની ભેટ માગે છે.

'જે જગતની સદા કાયનો કલ્પ છે.'

'ને પંછી તે પરમ શબ્દના ચિરમધુર રંગથી

આ અનોખા સકલ ચિત્તને છાપ તું :

એક તવ શબ્દની ભેટ કંઇ આપ તું !

આગળ જતાં કવિ, કવિતાની વ્યાખ્યા બાંધે છે :

'આ કવિતા !

તે શું ?

હૃદય પ્રજળતી આગતણો કો ભડકો ?

કે શું ચંદનશીળો તડકો ?

કવિની કલ્પનામાંથી આપમેળે ઊતરતી, અપૂર્વ આકૃતિ પામતી એક એક કવિતા ક્યાંથી આવે છે ? રતુભાઇ કહે છે કે-

'જીવનમાં જ સર્જાય છે કવિતા :'

ધબકતું ચેતનવંતુ

સામર્થ્યને પ્રાણવંતુ જીવન

સર્જે છે કવિતા

ને ઘણીવાર એવી કવિતા

સર્જે છે ક્યારેક જીવન.

કવિશ્રી નરસિંહરાવે ગાયું હતુ :

'આ વાદ્યને કરુણગાન વિશેષ ભાવે.'

ત્યારે, રતુભાઇ કહે છે :

'ઓ ! કવિ તું ગા :

ઝળહળ થતાં રવિરાજનું યદિ ગીત તું ના ગા ;

ટમટમ થતા લઘુ કોડિયાનું ગીત ગાઇ જા:'

અને પછી એ જ કાવ્ય (કવિને ઉદ્બોધન)માં કવિ કહે છે :

પાસે પડ્યું માનવ હૃદય

રે ! રે ! પડ્યું માનવહૃદય !

રડતું, રઝળતું યુગ થકી માનવહૃદય ઠેલી,

રે ! ઝાંઝવા જળ સમ વિષમ વસ્તુ ગ્રહી મેલી :

તે યુગ થકી ઝૂરતાં સૂનાં માનવહૃદયને ગા ;

હાવાં સખે ! તું ગા !

એનાં રુદન ને હાસનાં, એની નિરાશા આશનાં

એના ઊંડા અભિલાષના, એના ઊંડા નિશ્વાસના પ્રતિઘોષ પાડી જા !

માનવહૃદયને ગા.

ગા કવિ ! તું ગા !

કવિ અને કવિતા વિશેના આ કાવ્યસંગ્રહમાં કવિશ્રી રતુભાઇ દેસાઇનું 'શબ્દ' નામનું કાવ્ય બહુ ગમી જાય એવું છે, કારણ કે કવિનો શબ્દ સામાન્ય લોકોના શબ્દો કરતાં અનોખો અને મર્મથી ભરેલો હોય છે.

કબીરસાહેબ કહે છે.

'શબ્દ કો ખોજિ લૈ, શબ્દ કો બૂઝિ લૈ,

શબ્દ હિ શબ્દ તૂ ચલો ભાઇ !

શબ્દ આકાશ હૈ ; શબ્દ પાતાલ હૈ,

શબ્દ તે પિંડ બ્રહ્માંડ છાઇ !

શબ્દ હિ વેદ હૈ, શબ્દ હિ નાદ હૈ,

શબ્દ હિ શાસ્ત્ર બહુભાંતિ ગાઇ.

શબ્દની શક્તિ કેટલી બધી છે ? કેટકેટલું એનું બળ છે. શબ્દ ઉપર આ વિશ્વ આખું અવલંબિત છે.

ત્યારે, બાઇબલ કહે છે :

'In the begining was the Word'

અને વેદની ઋચાઓ તરત જ યાદ આવે. તો, એક લેખક કે કવિએ તો શબ્દનું મહત્ત્વ જાણવું જ રહ્યું. ઘણીવાર બને છે કે ફક્ત 'લલિત પદાવલિ'થી કામ સરતું નથી-માત્ર 'લલિત' જ રહે છે, જીવનને તે સ્પર્શ કરતી નથી, અંતરને વલોવતી નથી. જ્યારે, ક્યારેક એક જ 'શબ્દ' આખા વાક્યમાં ઘણું બધું કહી નાખે છે. માનવજીવનના સમગ્ર સાગરને ઉલેચે છે. આ કાવ્યમાં એક વાત ગમી ગઇ છે તે એ કે રતુભાઇને શબ્દોમાં ભાતભાતના રંગ દેખાય છે જે એક લેખક-કવિને પારખવાની , જોવાની ઘણી આવશ્યકતા છે. કવિ કહે છે :

'શબ્દો લાલ, લીલા ને પીળા,

શબ્દો ઊના, ટાઢા, શીળા :

થોડા અમૂલખ-નવલખ જ્યોતિ,

ઝાઝા ઝબકે ફટકિયા મોતી.'

શબ્દોનો સૌથી પહેલો ગુણ તે એ કે વાચકના મન, બુદ્ધિ ઉપર તે એવી ચોટ મૂકી જાય કે ભૂલતાં ભુલાય નહિ. પણ, એવા શબ્દો કેટલા ? એથી વધુ એવા શબ્દોનું સર્જન કરનાર કેટલા ? ઘણા ઓછા. મોટે ભાગે તો તે ઝબકી, ઓલવાઇ જાય, તરત જ. સાવ ટાઢા હોય, ફીકા હોય-દિલ અને દિમાગ ઉપર તેની કશી અસર થતી હોતી નથી. જ્યારે, બીજા કેટલાક, પણ ઓછા, હૃદયને ઘેરી લે, અંતર વલોવી જાય.

શબ્દ વિના માનવી જીવી શકે નહિ. શબ્દ મીઠો છે, કટુ પણ છે. કદીક તે માનવજીવનને ઉજાળી જાય, તો કડવાં વિષ પણ રેડી જાય.

શબ્દો પાંખાળા કૈં પંખી,

શબ્દો ગગન રહે છે ઝંખી.

આમ શબ્દો ધરતી ઉપર રખડતા પાણા નથી, તે તો ગગનમાં ઊડતાં પંખી જેવા છે. મિથ્યા નથી પણ તેમાં વાસ્તવિકતા છે. શબ્દો તો 'તરતાં ફુલજલ સિંધુ.'

એમ, સિંધુના મહાપ્રવાહને ઝીલવા તે સમર્થ છે. ત્યારે જીવન માનવહૃદય પણ, એક મહાસાગર જેવું જ છે ને ! વળી, શબ્દોનું જાદુ પણ કેવું ? 'પરોઢનાં શમણાં' જેવું કે 'ઊંગતી નમતી રમણા' જેવું.

તેથી જ કવિની પ્રાર્થના છે :

'એક તુજ શબ્દની ભેટ કંઇ આપ તું' જે

'આત્મની ગેબથી અવતર્યો,

ક્રાંત દૃષ્ટાતણા આર્ષ કો ચિંતનેથી સર્યો.

તો 'કવિતા : દવા'માં કવિ કહે છે કે 'શબ્દ'

'એ જ છે જિગર ને જિગરનો જખમ પણ,

દર્દની આકરી-આખરી દવા પણ.

❖ ❖ ❖

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

## આર્થિક સહયોગ : શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી રવિવાર, તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૩ થી રવિવાર, તા. ૧૯મી સપ્ટેબર, ૧૯૯૩ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાન સભાઓ બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ-૪૦૦ ૦૦૭ મધ્યે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાન સભાઓનું પ્રમુખસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહ** શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦ થી ૯-૧૫ અને ૯-૩૦ થી ૧૦-૧૫ એમ રોજ બે વ્યાખ્યાન રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે :

| દિવસ | તારીખ | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|---|
| રવિવાર | તા.૧૨-૯-૯૩ | ૧. ડૉ.હુકમચંદ ભારિલ્લ | सुखकी प्राप्ति |
| | | ૨. શ્રી શશિકાંત મહેતા | ભગવાન મહાવીરનો પૂર્ણયોગ |
| સોમવાર | તા.૧૩-૯-૯૩ | ૧. પૂ. સાધ્વી શ્રી સોહનકુમારીજી | कषाय मुक्ति–मोक्षका उपाय |
| | | ૨. ડૉ.ચિનુભાઈ નાયક | ધર્મધ્યાન અને જીવનશુદ્ધિ |
| મંગળવાર | તા.૧૪-૯-૯૩ | ૧. શ્રી હેમાંગિની જાઈ | જીવન-સંગીત અને માનવધર્મ |
| | | ૨. શ્રી પ્રવીણભાઈ સી. શાહ | સમક્તિ-પ્રાપ્તિની પ્રક્રિયા |
| બુધવાર | તા.૧૫-૯-૯૩ | ૧. શ્રી મનુભાઈ ગઢવી | ચાતક પીએ નહીં એઠાં પાણી |
| | | ૨. શ્રી હરિભાઈ કોઠારી | तमसो मा ज्योतिर्गमय |
| ગુરુવાર | તા.૧૬-૯-૯૩ | ૧. શ્રી ડી.આર. મહેતા | अहिंसाकी वैज्ञानिकता |
| | | ૨. પૂ. શ્રી જશુબાઈ મહાસતીજી | આત્મખોજ |
| શુક્રવાર | તા.૧૭-૯-૯૩ | ૧. શ્રી નેમચંદ ગાલા | અપ્રમાદ |
| | | ૨. શ્રી રમેશ દવે | લઘુતાસે પ્રભુતા મીલે |
| શનિવાર | તા.૧૮-૯-૯૩ | ૧. ડૉ.દેવબાળાબહેન સંઘવી | મનની જીત |
| | | ૨. ડૉ. રમણલાલ ચી. શાહ | નામકર્મ |
| રવિવાર | તા.૧૯-૯-૯૩ | ૧. પૂ. સમણી શ્રી અક્ષયપ્રજ્ઞાજી | प्रेक्षाध्यान और जीवन–विकास |
| | | ૨. પ્રા. તારાબહેન રમણલાલ શાહ | ગુણોપાસના |

પ્રથમ દિવસે, અનેક નેત્રયજ્ઞોના આયોજક, આંખના ઓપરેશનોના સુવિખ્યાત સર્જન ડૉ. શિવાનંદ અધ્વર્યુ (સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી) બે વ્યાખ્યાનો દરમિયાન પ્રાસંગિક ઉદ્‌બોધન કરશે.

વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૨૦ પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે (૧) શ્રી શોભાબહેન સંઘવી (૨) શ્રી કુસુમબહેન શાહ (૩) શ્રી ભાનુબહેન શાહ (૪) શ્રી તરલાબહેન શેઠ (૫) શ્રી મનમોહન સેહગલ (૬) શ્રી શારદાબહેન ઠક્કર (૭) શ્રી અવનિબહેન પારેખ અને (૮) શ્રી ચંદ્રાબહેન કોઠારી.

**આ વ્યાખ્યાનનો લાભ લેવા સંઘના સર્વ સભ્યો, શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.**

**ચીમનલાલ જે. શાહ**
ઉપપ્રમુખ
**પન્નાલાલ ર. શાહ**
કોષાધ્યક્ષ

**રમણલાલ ચી. શાહ**
પ્રમુખ

**નિરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ**
મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● ● સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૪ ● અંક : ૯-૧૦ ● ● તા. ૧૬-૧૦-૧૯૯૩ ● ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## કુદરતી આપત્તિઓ

સર્વથા આપત્તિ વગરનું મનુષ્યજીવન કાયમ માટે શક્ય નથી. એક યા બીજા પ્રકારની આપત્તિ મનુષ્યજીવનમાં વખતોવખત આવતી હોય છે. પરંતુ કેટલીક આપત્તિ એવી છે કે જેની નિશ્ચિત આગાહી થઈ શકતી નથી. એથી આપત્તિ જ્યારે આવી પડે ત્યારે સેંકડો, હજારો કે લાખો માણસો મૃત્યુ પામે છે. બીજા અનેક લોકો ઘવાય છે, ઈજા પામે છે, કે ઘરબાર વગરનાં થઈ જાય છે.

મહારાષ્ટ્રમાં લાતુર અને ઉસ્માનાબાદ જિલ્લામાં થયેલી ભૂકંપની ભયંકર દુર્ઘટનાએ હજારો માણસોના ભોગ લીધા છે. આમ જો જોવા જઈએ તો આ ભૂકંપ રિચર સ્કેલ ઉપર કેટલીક તીવ્રતાવાળો હતો ઘણી વધુ તીવ્રતાવાળો નહોતો. દુનિયામાં સાત પોઈન્ટ કે તેની ઉપરની તીવ્રતાવાળા ભયંકર ધરતીકંપો થયા છે. ક્યાંક ક્યાંક એથી વધુ તીવ્રતાવાળા ભૂકંપોમાં પણ માણસોના મૃત્યુની સંખ્યા ઓછી જોવા મળી છે. કેવા પ્રદેશમાં ધરતીકંપ થાય છે એના ઉપર એનો આધાર રહે છે.

ગીચ વસતી અને કાચાં મકાનોને કારણે ઓછી તીવ્રતાવાળા ધરતીકંપમાં પણ જાનહાનિનું પ્રમાણ ઘણું મોટું રહે છે. સરેરાશ એક નાના કાચા મકાનની અંદર છ-સાત કે તેથી વધુ માણસો રહેતાં હોય તો ધરતીકંપમાં મૃત્યુનો આંકડો કુદરતી રીતે વધી જાય છે. કેટલાક દેશોમાં જ્યાં મકાનો મજબૂત અને છૂટાં છવાયાં હોય અને ઘર દીઠ વસ્તીનું પ્રમાણ ઘણું ઓછું હોય ત્યાં ધરતીકંપના કારણે થતા મૃત્યુનો આંક ઓછો રહે છે.

લાતુર અને ઉસ્માનાબાદ વિસ્તારમાં પથ્થર સહેલાઈથી મળતો હોવાને કારણે એ વિસ્તારનાં ઘણાં ઘરોનું બાંધકામ ઈંટને બદલે પથ્થરથી થયું છે. વળી એ બાંધકામ ઘણુંખરું સિમેંટને બદલે માટી કે ચૂનાથી થયું છે. આવું હોય અને તેમાંય મધરાતે ભૂકંપ થાય તો ઘરની દીવાલો જ્યારે તૂટે ત્યારે ઘરમાં સૂતેલા માણસો ઉપર મોટા મોટા પથ્થરો પડે. જાપાનમાં ધરતી કંપની શક્યતાવાળા પ્રદેશમાં લોકો લાકડાંના નાનાં ઘરો બાંધીને રહે છે કે જેથી ધરતીકંપ થતી વખતે મકાનો તૂટે તો પણ હળવા વજનવાળાં લાકડાંને કારણે માનવહાનિ બહુ થતી નથી. ગીચ વસતીવાળા પ્રદેશમાં દેખીતી રીતે જ મૃત્યુનો આંક મોટો રહેવાનો. આવા પ્રદેશમાં તો માનવહાનિની સાથે સાથે ઢોર વગેરે પ્રાણીઓના મૃત્યુની સંખ્યા પણ મોટી રહે છે. વળી, ધરતીકંપથી માલમિલકત કે ભૌતિક સંપત્તિને પણ ઘણું મોટું નુકસાન પહોંચે છે. કુદરતી આપત્તિઓમાં વાવાઝોડું, નદીમાં પૂર, અતિશય વૃષ્ટિ, અનાવૃષ્ટિ (દુકાળ), આગ ધરતીકંપ, રોગચાળો વગેરે પ્રકારોમાં ધરતીકંપની ઘટના સૌથી વધુ ભયંકર છે. હવે તો વિજ્ઞાનની સહાયથી વાવાઝોડાની અગાઉથી ચેતવણી આપી શકાય છે. નદીઓમાં પૂર વખતે પણ સાવચેતી અને સલામતીનાં પગલાં લેવાય છે. આગને જલદી કાબુમાં લેવા માટે નવાં નવાં સાધનો નીકળતાં જાય છે. એટલે એવી આપત્તિ વખતે લાગતા વળગતા લોકો ભયભીત થઈ જતા હોવા છતાં પણ ખુવારીનો આંકડો શક્ય તેટલો ઓછો કરી શકાય છે. ધરતીકંપની બાબતમાં નિશ્ચિત સમયની આગાહી થતી નથી. એટલે ગીચ વસ્તીવાળા વિસ્તારમાં જ્યારે ધરતીકંપ થાય છે ત્યારે મૃત્યુનો આંક ઘણો મોટો થઈ જાય છે. આમ છતાં લાતુર અને ઉસ્માનાબાદ જિલ્લાના ધરતીકંપમાં જાનહાનિનું પ્રમાણ ધારણા કરતાં ઘણું મોટું થયું છે. આવી જ રીતે કેટલાંક વર્ષ પહેલાં ચીનમાં ગીચ વસ્તીવાળા શહેરમાં ધરતીકંપ થયો હતો ત્યારે ત્યાં બે લાખથી વધુ માણસો મૃત્યુ પામ્યા હતા. ભારત કરતાં પણ ચીન ગીચ વસ્તીવાળો દેશ છે. અને ત્યાં પણ પ્રજાજીવનનું સ્તર આર્થિક દૃષ્ટિએ બહુ ઊંચુ નથી. સમૃદ્ધ દેશોમાં ધરતીકંપથી નુકસાન ઓછું થાય છે, અને સરકાર તેને ઝડપથી પહોંચી વળે છે.

ધરતીકંપ વિશે વૈજ્ઞાનિકોમાં પણ વિવિધ મત પ્રવર્તે છે. ધરતીકંપ થાય ત્યારે તે નોંધવાનાં સાધનો છે, પરંતુ ભવિષ્યમાં ક્યારે થશે એની નિશ્ચિત આગાહી કરનારાં સાધનો હજુ શોધાયાં નથી. સામાન્ય રીતે દરિયા કિનારે કે સપાટ જમીનવાળા પ્રદેશો કરતાં ડુંગરાળ પ્રદેશોમાં વધુ ધરતીકંપ થાય છે. ઠરી ગયેલા જ્વાળામુખીની આસપાસના પ્રદેશોમાં વધુ શક્યતા હોય છે. ધરતીના પેટાળમાંથી તેલ અને વાયુ કાઢવાનું પ્રમાણ વધતાં કે ભૂગર્ભ અણુધડાકાઓ થતાં ધરતીકંપની શક્યતાઓ વધી છે.

ધરતીકંપનો વિસ્તાર બીજી કુદરતી આપત્તિઓ કરતાં ઘણો મોટો હોય છે. સેંકડો માઈલોના વિસ્તારમાં ધરતી ધ્રૂજી ઊઠે છે. ધરતીકંપના કેન્દ્રના પ્રદેશમાં તો જાણે ધરતી ફાટી હોય અને માણસો તથા મકાનો એમાં ગરકાવ થઈ જતાં હોય એવો અનુભવ થાય છે. કુદરતી આપત્તિઓમાં ઓછા સમયમાં વધુ ભોગ લેવાની શક્તિ ભૂકંપમાં છે. લાતુર અને ઉસ્માનાબાદ જિલ્લામાં એક મિનિટથી પણ ઓછા સમયમાં હજારો માણસોએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે. વીજળી, વાવાઝોડું, પૂર દુકાળ વગેરે કરતાં ભૂકંપની આ વિનાશક શક્તિ ઘણી મોટી અને ભયંકર છે. માણસ એની સામે લાચાર બનીને ઊભો રહે છે.

ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં લોકોને સહાય કરવા માટે સરકારી અને બીજી એજન્સીઓ તથા સેવાભાવી સંસ્થાઓ અને વ્યક્તિઓ દોડી જાય છે. એમ થવું અત્યંત જરૂરી છે. મનુષ્યમાં રહેલો માનવતાનો ગુણ ત્યારે ખીલી ઊઠે છે. તેમાં પણ ભારતના લોકો એકંદરે ઘણા અનુકંપાશીલ છે. સ્વયંભૂ રીતે કેટલીયે સંસ્થાઓ અને વ્યક્તિઓ પોતાની શક્તિ અનુસાર રાહત ઉપાડી લે છે. સમૃદ્ધ દેશોમાં આવું રાહત કાર્ય કરવા માટે જ્યાં સરકાર પોતે જ એટલી સમર્થ હોય છે ત્યાં સામાન્ય નાગરિકો ઓછી સંખ્યામાં દોડે છે. અવિકસિત કે અર્ધવિકસિત દેશોમાં દયાના ભાવથી અનેક લોકો સહાય કરવા દોડી જાય છે.

# માનવતાવાદી મનોવિજ્ઞાન

❑ ચી. ના. પટેલ

મનુષ્યસ્વભાવની વિકાસ-શક્યતાઓનો અભ્યાસ કરતી માનવલક્ષી કે માનવતાવાદી મનોવિજ્ઞાન (Humanist Phychology) તરીકે ઓળખાતી આધુનિક મનોવિજ્ઞાનની એક શાખા આ સદીમાં વિકસી છે. મનોવિજ્ઞાનની એ શાખા મનુષ્યસ્વભાવનો વિધાયક (Positive) દૃષ્ટિથી અભ્યાસ કરે છે. અને વ્યક્તિની ચેતનાના બૌદ્ધિક, નૈતિક અને રસલક્ષી વ્યાપારનું સ્વતંત્ર મૂલ્ય સ્વીકારે છે. એવા મનોવૈજ્ઞાનિકોમાં એઈબ્રહેમ મેસ્લો નામના એક અમેરિકન મનોવૈજ્ઞાનિકે મનુષ્યસ્વભાવના ઉમદા અંશો સમજવામાં સૌથી વધુ મૂલ્યવાન પ્રદાન કર્યું છે.

સામાન્ય રીતે મનાય છે કે હકીકતનું ભાન અને કર્તવ્યબુદ્ધિ એ બે જુદી વસ્તુઓ છે, એટલે કે આપણને બાહ્ય પરિસ્થિતિનું જ્ઞાન થવાથી જ એ પરિસ્થિતિમાં આપણે શું કરવું જોઈએ તેનો આપણને બોધ નથી થતો. પણ મેસ્લો માનતા કે થાય છે. તેઓ કહેતા કે 'Is' dictates 'Ought', એટલે કે આપણે વાસ્તવિકતાને સાચી રીતે સમજીએ તો એ જ્ઞાનથી આપણે એ પરિસ્થિતિમાં કેવી રીતે વર્તવું તે આપોઆપ સમજાય છે. પોતાના એ મતના સમર્થનમાં તેઓ પ્રાચીન ગ્રીસના સુવિખ્યાત ચિંતક સોક્રેટીઝનું એ મતલબનું કથન ટાંકતા કે કોઈ પણ વ્યક્તિ જાણીજોઈને સત્ય કરતાં અસત્ય અથવા સારું કરતાં બૂરું પસંદ નથી કરતી, અર્થાત્ કોઈ વ્યક્તિને સત્ય કે સારું શું છે એનું જ્ઞાન થાય તો તે વ્યક્તિ અનિવાર્યપણે પોતાના એ જ્ઞાનને અનુસરે છે.

મેસ્લો ભૌતિક વિજ્ઞાનની અભ્યાસપદ્ધતિ મનોવિજ્ઞાનના અભ્યાસ માટે નિરુપયોગી છે એમ માનતા. ભૌતિક વિજ્ઞાન અમુક અમુક જડ પદાર્થોનો અભ્યાસ કરીએ પદાર્થને લગતાં સર્વસાધારણ તારણો કાઢે છે, પણ માણસના સ્વભાવમાં એવું અનંત વૈવિધ્ય રહેલું હોય છે કે સમગ્ર માનવજાત માટે દેશ-કાળનિરપેક્ષ તારણો કાઢવા માટેના અભ્યાસમાં જરૂરી એવા મનુષ્યસ્વભાવના પ્રતિનિધિરૂપ નમૂનાઓ પસંદ કરવાનું સાવ અશક્ય છે. વળી મેસ્લો એમ પણ માનતા કે જેમ બીજ, વૃક્ષ અને ફળ એ એક બીજાથી સ્વતંત્ર વાસ્તવિકતાઓ નથી પણ એક જ વાસ્તવિકતાના ત્રણ તબક્કા છે. અને તેથી ફળનું સ્વરૂપ સમજ્યા વિના બીજનું સ્વરૂપ ન સમજાય, તેમ મનુષ્યસ્વભાવનું યથાર્થ સ્વરૂપ સમજવું હોય તો તેની વાસ્તવિકતાઓની સાથે તેની વિકાસક્ષમતા પણ સમજવી જોઈએ અને તે સામાન્ય સ્ત્રી-પુરુષોના પ્રતિનિધિરૂપ નમૂનાઓનો અભ્યાસ કરવાથી ન સમજાય.

પોતાની એ વિચારસરણીને અનુસરી મેસ્લોએ મનુષ્યસ્વભાવની વિકાસક્ષમતા સમજવા મનુષ્યસ્વભાવના સૌથી વધુ વિકસિત નમૂનાઓનો અભ્યાસ કરવાની રીત સ્વીકારી હતી. એ રીતને તેઓ Growing-tip Statisticsની રીત કહેતા, એટલે કે કોઈ વનસ્પતિને નવી કૂંપળો ફૂટતી હોય એ બિંદુએ સૌથી વધુ ઉત્કટ નવસર્જન પ્રક્રિયા (Genetic action) ચાલી રહી હોય છે. તેમ માનવજાતના શ્રેષ્ઠ નમૂનાઓમાં માનવસ્વભાવની સર્જકતા ઉત્તમ રૂપે પ્રગટ થતી હોય છે. તેઓ એમ પણ માનતા કે માણસના સ્વભાવમાં એવા શ્રેષ્ઠ નમૂનાઓના વર્તનને અનુસરવાની વૃત્તિ હોય છે. પોતાની એ શ્રદ્ધાના સમર્થનમાં મેસ્લો મધ્ય યુગમાં યુરોપમાં બહુ પ્રભાવક બનેલા પ્રાચીન ગ્રીસના ચિંતક એરિસ્ટોટલનું 'What the superior man thinks is good is really good' (શ્રેષ્ઠ માણસ જેને સારું માને છે તે ખરેખર સારું હોય છે.) એ વિધાન ટાંકતા. મેસ્લોના મંતવ્યનું તાત્પર્ય એ છે કે સામાન્ય સ્ત્રીપુરુષો શ્રેષ્ઠની શ્રેષ્ઠતા સમજે છે અને એ શ્રેષ્ઠતાનો પ્રભાવ સ્વીકારે છે. ભગવદ્ગીતામાં પણ શ્રી કૃષ્ણ ત્રીજા અધ્યાયના ૨૧મા શ્લોકની પહેલી પંક્તિમાં કહે છે કે यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतेरो जनः (શ્રેષ્ઠ માણસ જેવુ આચરણ કરે છે તેવું બીજાઓ કરે છે.) ગાંધીજી પણ કહેતા કે 'Truth is a self-acting force' એટલે કે સત્ય કોઈ વ્યક્તિના જીવનમાં મૂર્ત થાય તો તેનો પ્રભાવ પડ્યા વિના રહેતો જ નથી.

મેસ્લો માનતા કે બાળકોનાં પિતા કે માતા તેમને આ કે તે બનાવી શકતાં નથી, બાળકો પોતે જ પોતાને જે બનવું હોય છે તે બને છે. (A parent cannot make his children into anythig. Children make themselves into something) પોતે આમ માનતા હોવાથી મેસ્લો વર્તનવાદી મનોવૈજ્ઞાનિક વૉટ્સનની પોતે ઉત્તેજના અને પ્રતિભાવોની ચારિત્ર્ય ઘડતરની રીતનો વિનિયોગ કરી ગમે તે બાળકને આ કે તે બનાવી શકે એ દાવાનો ઉપહાસ કરતા અને કહેતા કે વૉટ્સનને જાણે કોઈ બાળક જ નહોતું.

મેસ્લોના મત અનુસાર વર્તનવાદી મનોવિજ્ઞાનની વિચારસરણીના પરિણામે સમાજમાં આધ્યાત્મિક શૂન્યતા (Spritual Vaccum) સરજાય છે, કારણકે એ વિચારસરણી જીવનનાં ઉમદા મૂલ્યોના મૂળમાં ઇશ્વર જેવી કોઈ લોકોત્તર સત્તા રહેલી છે એ માણસજાતની સદીઓજૂની શ્રદ્ધાનો નાશ કરે છે. સમગ્ર વાતારણમાં 'God is dead' (ઈશ્વર મૃત્ય પામ્યો છે.) એવી માન્યતા વ્યાપક બને છે. એમ જીવનમૂલ્યો માટે કોઈ આધ્યાત્મિક તત્ત્વ ઉપર ઉપરની શ્રદ્ધાનો છેદ ઉડાવી દીધા પછી વર્તનવાદી મનોવિજ્ઞાન 'Marx is dead' (માર્ક્સ મૃત્ય પામ્યો છે.) એવી માન્યતા પણ વ્યાપક બનાવે છે અને એમ કરી જીવનમૂલ્યો માટે સામાજિક આધારનો પણ છેદ ઉડાવી દે છે.

મેસ્લો શ્રેષ્ઠ વ્યક્તિ કોને કહેવી એનો શાસ્ત્ર કે રૂઢિથી સ્વતંત્ર નિર્ણય કરી શકાય છે એમ માનતા. તેમના મત અનુસાર પોતાના અંતસ્તત્ત્વને વફાદાર રહે તે શ્રેષ્ઠ વ્યક્તિ. પોતાના અંતસ્તત્ત્વને વફાદાર રહેતી વ્યક્તિની મેસ્લોની આ કલ્પના અસ્તિત્વવાદની 'Authentic being' (સ્વનિષ્ઠા) તરીકે ઓળખાતી ભાવનાને મળતી આવે છે અને ભગવદ્ગીતાની સ્વભાવનિયત કર્મનું અથવા સ્વધર્મનું પાલન કરનારી વ્યક્તિની કલ્પનાને પણ મળતી આવે છે. મેસ્લો એમ પણ માનતા કે મનોવૈજ્ઞાનિકો કોઈ વ્યક્તિ પોતાના અંતસ્તત્ત્વને વફાદાર છે કે નહિ તેનો નિર્ણય કરી શકે છે. માનસિક દર્દીઓના વર્તનનો અભ્યાસ કરતાં તેમને પ્રતીતિ થાય છે કે કોઈ વ્યક્તિએ પોતાના અંતસ્તત્ત્વનો વિદ્રોહ કર્યો હોય છે તો એ કૃત્ય એ વ્યક્તિની અસંપ્રજ્ઞાત ચેતનામાં ઊંડે ઊંડે પોતાની પ્રત્યે ઘૃણા પ્રેરે છે. તેઓ માનતા કે મનોવૈજ્ઞાનિકો એ પણ જોઈ શકે છે કે પોતાની માનસિક વિકૃતિઓમાંથી આનંદ મેળવતી વ્યક્તિ પોતાના ચિત્તના ઊંડાણમાં ખૂબ ખૂબ ક્લેશ, વ્યથા અને ભય અનુભવતી હોય છે. જેમણે રોગિષ્ટ અને તન્દુરસ્ત એવા બેય પ્રકારનો આનંદનો અનુભવ કર્યો હોય છે એવી વ્યક્તિઓના માનસનો અભ્યાસ કરતા મનોવિજ્ઞાનિકોને એવી વ્યક્તિઓ હમેશાં તંદુરસ્ત આનંદ પસંદ કરતી અને રોગિષ્ટ આનંદના વિચાર માત્રથી ધ્રુજી ઊઠતી જણાય છે. આનો અર્થ એ થયો કે આપણાં જીવનમૂલ્યો શાસ્ત્રો કે સામાજિક આચારવિચાર ઉપર આધાર નથી રાખતાં પણ વ્યક્તિના અંતરમાંથી જ સ્ફુરે છે. તેથી મેસ્લો માનતા કે માણસના વર્તનને સાચી દિશામાં દોરે એવાં જીવનમૂલ્યો માનવીય જીવનની પ્રકૃતિમૂલક વાસ્તવિકતામાં જ શોધવાના છે. (...the values which guide human action must be found within the human reality itself). મેસ્લોની આ માન્યતાને

વાલ્મીકિ રામાયણના કિષ્કિન્ધાકાંડમાં વાલ્મીકિએ રામના મોંમાં મૂકેલી શુભ-અશુભને લગતી ઉક્તિ સાથે સરખાવી શકાય. વાલી રામ ઉપર પોતાને સંતાઈને મારવામાં અધર્માચરણ કર્યું હોવાનો આક્ષેપ કરે છે તેના ઉત્તરમાં રામ કહે છે, हृदिस्थः सर्वभूतानामात्मा वेद शुभाशुभम् (સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલો આત્મા શુભ અને અશુભ શું તે જાણે છે.)

મેસ્લો માનતા કે હરકોઈ વ્યક્તિ શાંત ચિત્તે કોઈ પણ પ્રકારનો સભાન પ્રયત્ન કર્યા વિના, અંગ્રેજ કવિ વર્ડ્ઝવર્થે જેને 'Wise passiveness' જ્ઞાનપૂર્વની માનસિક નિષ્ક્રિયતા કહી છે, એવા ભાવથી પોતના અંતરના અવાજને સાંભળતાં શીખે તો તે તેના હૃદયમાં સ્ફૂરતી શુભની પ્રેરણાઓ ઓળખી શકશે. આવીજ શ્રદ્ધાથી પ્રેરાઈ ગાંધીજી કોઈ પણ પગલું ભરતાં પહેલાં પ્રાર્થનામય ભાવથી પોતાના અંતરનો અવાજ (એમના શબ્દોમાં The still small voice within) સંભળાય તેની પ્રતીક્ષા કરતાં, જો કે તેઓ ૧૯૨૦-૨૧ના અસહકારના આંદોલન વેળા દેશને એક વર્ષમાં સ્વરાજ અપાવવા એટલા અધીરા બની ગયા હતા કે તેમણે પોતાના અંતરના અવાજોને ખોટી રીતે સાંભળ્યો હતો અને તેથી તેઓ પ્રજાની હિંસાવૃત્તિને ઉશ્કેરે એવી તણખા ઝરતી વાણીમાં બ્રિટિશ સરકારની નીતિરીતિઓની ટીકા કરતા હતા અને છેવટે ૧૯૨૨ના ફેબ્રુઆરીની ૪થી એ ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના ચૌરીચોરાનો હત્યાકાંડ બન્યો તે પછી જ તેઓ પોતાની ભૂલ સમજ્યા હતા અને પોતાની એ ભૂલ તેણે જાહેરમાં કબૂલ કરી હતી. ગાંધીજીએ શ્રીમતી વિજ્યાબહેન પંચોળી ઉપરના એક પત્રમાં લખ્યું હતું : 'ઈંદ્રિયોનો ઘોંઘાટ આપણને આત્માનું મૃદુ સંગીત સાંભળવા દેતો નથી.' સંભવ છે અસહકારના આંદોલનનાં એ બે વર્ષ દરમિયાન ગાંધીજીને પણ ઈંદ્રિયોના ઘોંઘાટનો અનુભવ થયો હોય. નરસિંહરાવ દિવેટિયાએ ગાંધીજી ઉપર એક જાહેર પત્ર લખી પોતે તેમનામાં ૧૯૧૫માં સાત્વિક વૃત્તિ જોઈ હતી તેના બદલે તેમનામાં હવે રાજસિક વૃત્તિ દેખાય છે એમ કહ્યું પણ હતું.

જે સ્ત્રીપુરુષો આવી સંપૂર્ણ માનસિક નિષ્ક્રિયતાથી પોતાના અંતના અવાજને ઓળખી તેને અનુસરે છે તેનું જીવન Growth-oriented વિકાસલક્ષી અને એમ નહિ કરનાર સ્ત્રીપુરુષોનું જીવન Defence-oriented સ્વરક્ષણલક્ષી હોય છે એમ મેસ્લો માનતા, એટલે કે પહેલા વર્ગનાં સ્ત્રીપુરુષો સતત નવાનવા જીવનરસો અનુભવતાં રહે છે અને બીજા વર્ગનાં સ્ત્રીપુરુષો પોતાની વર્તમાન મનોવૃત્તિને વળગી રહેતાં હોય છે. ફ્રોઈડી મનોવિજ્ઞાન અનુસાર બધાં બાળકો સ્વરક્ષણને વૃત્તિના હોય છે જાણેકે તેમને નિસરણીનાં પગથિયાં ચઢવાનો ભય લાગતો હોય છે અને તેમને ધક્કો મારીને ઉપર ચઢાવવા પડતાં હોય છે. આથી ઊલટું મેસ્લો માનતા કે શરીર અને મનથી નીરોગી, પોતાની પરિસ્થિતિમાં સંપૂર્ણ સલામતી અનુભવતાં (Secure) અને સુખી બાળકો પોતાની શક્તિઓનો વિકાસ સાધવા, પોતાની બાળકવૃત્તિમાંથી મુક્ત થવા (to mature) ઉત્સુક હોય છે. તેઓ કહેતા કે કોઈ વ્યક્તિ પોતનાં જૂના પગરખાં ફેંકી દે તેમ એવાં બાળકો પોતાની જૂની પરિસ્થિતિને અનુકૂળ બનવા કેળવેલી ને હવે નિરુપયોગી બનેલી ટેવો (the old adjustment) છોડીને નવી પરિસ્થિતિને અનુકૂળ હોય એવી ટેવો કેળવવા તત્પર રહે છે. એમ સતત પ્રગતિ કરતા રહેવામાં, શરીર અને મનની નવીનવી આવડતો (Skills) કેળવવામાં અને તેમના વિનિયોગમાં કુશળતા પ્રાપ્ત કરવામાં એવાં બાળકો આનંદ અનુભવે છે. એમનામાં ક્યારેક માનસિક રોગો દેખાતા હોય છે તેમને મેસ્લો બાળકોની વિકાસવૃદ્ધિ (Impluse toward growth) અતૃપ્ત રહેતાં વિકૃત રૂપ ધારણ કરે છે તેનું જ પરિણામ હોવાનું માનતા.

મેસ્લોની પરિભાષામાં પોતાનો વિકાસ સાધવા તત્પર રહેતી વ્યક્તિ self-actualising હોય છે, અર્થાત એવી વ્યક્તિ પોતાની સર્વ પ્રવૃત્તિઓમાં એનાં આંતરપ્રયોજનોને સિધ્ધ કરવા પ્રયત્નશીલ રહે છે. એવી સ્વપ્રયોજનનિષ્ઠ વ્યક્તિ કોઈ આ કે તે મહત્ત્વાકાંક્ષા અથવા વ્યક્તિગત ધ્યેય સિધ્ધ કરવા નહિ પણ પૂર્ણ માનવતા (full humanness) પ્રતિ ગતિ કરવા ઉત્સુક હોય છે અને એ અર્થે કોઈ પણ પ્રકારની ભ્રાન્તિને વશ થયા વિના સતત જાગૃત રહી પોતાના વિકાસની જવાબદારી પોતે જ જ્ઞાનપૂર્વક સ્વીકારે છે. મેસ્લો માનતા કે એવી સ્વપ્રયોજનનિષ્ઠ વ્યક્તિઓ એક પણ અપવાદ વિના પોતાના સ્વાર્થના ક્ષેત્રની બહાર એવા કોઈ ઉમદા ધ્યેયને વરેલી હોય છે. (are involved in a cause outside their own skin) અને કોઈ બિનંગત કર્તવ્યની વેદી, ઉપર પોતાને સંપૂર્ણ પણે સમર્પિત કરી દે છે. ગાંધીજીએ એમની 'હિંદ સ્વરાજ' પુસ્તિકાને અંતે પોતાની કલ્પનાનું 'સ્વરાજ લેવા ખાતર આ દેહ અર્પણ છે એમ મન સાક્ષી પૂરે છે' કહી સ્વેચ્છાએ એવું આત્મસમર્પણ કર્યું હતું. મેસ્લોના મતે એવા આત્મસમર્પણને વ્યક્તિ પોતાનું સદ્દભાગ્ય માને છે, એનામાં 'મને કરવું ગમે છે' અને 'મારે કરવું જોઈએ એ બે પ્રવૃત્તિઓ એકરૂપ થઈ જાય છે, એટલે કે પોતે જે કરવું જોઈએ એ તેને ગમે જ છે. મેસ્લો માનતા કે કોઈ વ્યક્તિને પોતાને મનગમતું કામ કરવા સારુ વેતન મળે તે એ વ્યક્તિને વિધાતાએ આપેલી સુંદરમાં સુંદર બક્ષિસ (the most beautiful fate) અને મહા અદ્દભુત સદ્દભાગ્ય (the most wounderful good fortune) ગણાય.

મેસ્લો વ્યક્તિની જરૂરિયાતોની ઉચ્ચાવચતા (heirarchy of needs) સ્વીકારી તેમના શારીરિક, માનસિક અને મૂલ્યાત્મક એવા ત્રણ વર્ગ પાડતા. પહેલા વર્ગમાં તેઓ આપણા શાસ્ત્રકારોની જેમ આહાર, નિદ્રા અને મૈથુનને ગણાવતા, પણ એ ત્રણમાં તેમણે જ્ઞાનેન્દ્રિયોની અને કર્મેન્દ્રિયોની તૃપ્તિકર પ્રવૃત્તિ અને સ્ત્રીઓ સારું નૈસર્ગિક સરળ પ્રસૂતિ (natural child-birth) તથા માતૃત્વની ભાવનાની તૃપ્તિ ઉમેર્યાં હતા. તે સાથે મેસ્લોએ શારીરિક શ્રમની અને શારીરિક કલેશોની તિતિક્ષાને શારીરિક જરૂરિયાતોમાં ગણાવ્યાં હતાં.

માનસિક વર્ગની જરૂરિયાતોમાં મેસ્લો નિશ્ચિંતતા (sense of security) સ્થળ અને વ્યક્તિઓ સાથે પોતાપણાની ભાવના (sense of belonging), પ્રેમ, માનની આકાંક્ષા તથા આત્માગૌરવની ભાવના (self-esteem)ગણાવતા. ત્રીજા સૌથી ઊંચી, મૂલ્યાત્માક જરૂરિયાતોના વર્ગમાં મેસ્લો આપણી પરંપરામાં જેને સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ કહ્યાં છે તે ભાવનાઓને મૂકતા.

પહેલા બે વર્ગની જરૂરિયાતોને મેસ્લો પ્રાથમિક જરૂરિયાતો (basic needs) કહેતા અને તેમને અભાવાત્મક જરૂરિયાતો (deficiency needs) માનતા. ત્રીજા વર્ગની જરૂરિયાતોને મેસ્લો ભાવાત્મક જરૂરિયાતો (Being-needs) કહેતા અને તેમને માણસજાતની પરા અથવા સર્વોત્કૃષ્ટ જરૂરિયાતો (meta-needs) હોવાનું માનતા. મેસ્લો આ ત્રણે વર્ગની જરૂરીયાતો વચ્ચે ભેદ હોવાનું માનતા છતાં તેઓ તેમને માણસના પ્રકૃતિજન્ય સ્વભાવનો અંશ (instintoid) હોવાનું માનતા અને તેથી તેઓ વ્યક્તિની શારીરિક, માનસિક અને મૂલ્યાત્મક જરૂરિયાતો વચ્ચે સાતત્ય રહેલું હોવાનું માનતા. (The value-life is an aspect of human biology and on the same continue with the lower animal life) એટલે કે આપણે જેને પ્રકૃતિ (nature) અને આત્મા (spirit) તરીકે ઓળખીએ તે એક બીજાથી ભિન્ન તત્ત્વો નથી પણ એક જીવતત્ત્વના બે આવિષ્કારો છે. મેસ્લોની આ માન્યતા શ્રી અરવિંદે matter-life-mined-overmind-supermind

અન્નકોશ, પ્રાણકોશ, મનોમયકોશ, વિજ્ઞાનકોશ અને આનંદકોશ-એમ ઉતરોત્તર સૂક્ષ્મ બનતા જતા રૂપે માણસના જીવનમાં આવિષ્કાર પામતું પરમ તત્ત્વનું સાતત્ય કલ્પ્યું છે તેની સાથે કંઈક અંશે મળતી આવતી લાગે છે.

મેસ્લો માનતા કે દરેક વ્યક્તિમાં ત્રણે વર્ગની જરૂરિયાતો ઓછાવત્તા પ્રમાણમાં રહેલી હોય છે, પણ પહેલા વર્ગની જરૂરિયાતોની તૃપ્તિ બીજા વર્ગની જરૂરિયાતોની તૃપ્તિ કરતાં અને બીજા વર્ગની જરૂરિયાતોની તૃપ્તિ ત્રીજાવર્ગની જરૂરિયાતોની તૃપ્તિ કરતા વધુ આવશ્યક હોય છે. તેઓ એમ પણ માનતા કે બાળકોમાંય બીજા વર્ગની ભાવાત્મક જરૂરિયાતો સૂક્ષ્મ રૂપે રહેલી હોય છે. તેમનામાં પણ નવું-નવું જાણવાની ઇચ્છા રૂપે બૌદ્ધિક જરૂરિયાત, પોતાના વર્તન માટે માતાપિતાના અનુમોદનની અપેક્ષા રૂપે નૈતિક જરૂરિયાત અને સ્પર્શ, સાથે રંગ અને લય rhythm ઈત્યાદિના આનંદ અનુભવવાની ઉત્સુકતારૂપે રસલક્ષી (aesthetic) જરૂરિયાત રહેલી હોય છે. સ્વપ્રયોજનનિષ્ઠ વ્યક્તિઓ એમના વિકાસને અવકાશ આપે એવા સુવ્યવસ્થિત સમાજમાં જ સંભવી શકે એમ મેસ્લો માનતા (...human specimens needs good societies to actualize themselves as good specimens) કેવી સમાજવ્યવસ્થા સુવ્યવસ્થિત ગણાય એની ચર્ચા યુરોપની તત્ત્વચિંતનની પરંપરામાં સૌથી વધુ પ્રભાવશાળી રહેલા પ્રાચીન ગ્રીસના ચિંતક પ્લેટોના સમયથી થતી આવી છે. એ ચર્ચામાં કોઈ વાર વ્યક્તિ કેન્દ્રસ્થાને રહી છે અને કોઈક વાર સમાજ કેન્દ્ર સ્થાને રહ્યો છે. પરંતુ ભારતના પ્રાચીન શાસ્ત્રકારોએ વ્યક્તિ અને સમાજને પરસ્પરપોષક એવો વર્ણાશ્રમનો આદર્શ પ્રજા સમક્ષ મૂક્યો હતો. અનાદિકાળથી ભારતમાં જુદા જુદા માનવવંશોમાંથી ઊતરી આવેલી અનેકભાષી જાતિઓનો શંભુમેળો રહ્યો હોવાથી વર્ણાશ્રમધર્મના આચરણમાં જાતજાતની વિકૃતિઓ ઉદ્‌ભવી હતી, પણ વર્ણાશ્રમ વ્યવસ્થાનો મૂળ ઉદ્દેશ દરેક વર્ણનો જીવન નિર્વાહનો વ્યવસાય નિશ્ચિત કરી તે તે વર્ણની વ્યક્તિઓને જીવનનિર્વાહની હરીફાઈમાંથી બચાવવાનો હતો. જેથી ચારે વર્ણની વ્યક્તિઓ ધર્મ, અર્થ અને કામના પુરુષાર્થો દ્વારા પોતાનો વિકાસ સાધી શકે અને તે સાથે પોતપોતાના વર્ણનાં કર્તવ્યોનું નિષ્ઠાપૂર્વક પાલન કરી સમાજને પણ પોષી શકે છે. શ્રીકૃષ્ણે ભગવદ્‌ગીતાના ત્રીજા અધ્યાયના ૧૧માં શ્લોકની બીજી પંક્તિમાં 'परस्परं भावयन्तः श्रेयः परमवाप्स्य' (એક બીજાને પોષી પરમ શ્રેયને પામો) એવો ઉપદેશ આપ્યો છે તે એ સમયની ધર્મશ્રદ્ધાને અનુસરી દેવો અને મનુષ્યોએ એકબીજાને પોષવાનો છે, પણ આપણે ભગવદ્‌ગીતાના કર્તાને અન્યાય કર્યા વિના એ ઉપદેશ વ્યક્તિ અને સમાજને પરસ્પરપોષક બનવાનો અનુરોધ કરતો હોવાનો ઘટાવી શકીએ. વળી આપણાં પ્રાચીન ગુહ્યસૂત્રોમાં દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ઋષિયજ્ઞ, અતિથિયજ્ઞ અને ભૂતયજ્ઞ એ પાંચ મહાયજ્ઞો દરેક ગૃહસ્થાશ્રમી સારું આવશ્યક કર્તવ્યો ગણાવ્યાં છે તેમાં પણ વ્યક્તિને સમષ્ટિમાંથી જે કંઈ મળ્યું હોય તેનું ઋણ ચૂકવવાની ભાવના હતી અને કોઈ કોઈ વ્યક્તિઓ એ બધાં ઋણ ચૂકવી વર્ણાશ્રમના ચોથા પુરુષાર્થ મોક્ષની સિદ્ધિ અર્થે પ્રવૃત્ત થતી.

મેસ્લો માનતા કે આવી રીતે સ્વપ્રયોજનિષ્ઠ જીવન જીવતી વ્યક્તિની શારીરિક અને માનસિક શક્તિઓનો ઉતરોત્તર વિકાસ થતો રહે છે, તેમનામાં સર્જકતાના નિત્યનવીન ઉન્મેષો પ્રગટે છે, તે બદલાતી પરિસ્થિતિઓ પ્રત્યે પોતના અંતસ્તત્વોને અનુરૂપ પ્રતિભાવો આપી શકે છે અને પોતાના અતીત સાથે અનુસંધાન જાળવી શકે છે. છતાં તેની અણઘટતી પકડમાંથી મુક્ત રહે છે. વળી એવી વ્યક્તિ પોતાના સ્વભાવમાં દરેક વ્યક્તિમાં હોય છે એવા પૌરુષેય અને સ્ત્રૈણ અંશો વચ્ચે સમતુલા જાળવી શકે છે. મેસ્લો એમ પણ માનતા કે માણસની જાગૃત ચેતનામાં તેના અંતરમાં રહેલા વિકારોરૂપી શત્રુ સાથે મૈત્રીભાવ કેળવવાની હિંમત હોવી જોઈએ. (The conscious must be strong enough to dare friendship with the enemy.) અમેરિકન નવ્યફ્રોઈડી (neo-Freudian) મનોવૈજ્ઞાનિક એરિક એરિક્સનને ગાંધીજીમાં એવી હિંમત હોવાની પ્રતીતિ થઈ હતી એને તેથી તેમણે એમના Gandthi's Truth (ગાંધીનું સત્ય) નામના પુસ્તકમાં લખ્યું છે. 'Gandhi challenged the Devil and won (ગાંધીએ શયતાનને પડકાર્યો અને એ સંઘર્ષમાં તેઓ જીત્યા). એરિક્સનને ગાંધીજીના માનસમાં પૌરુષેય અને સ્ત્રૈણ અંશો વચ્ચે સમતુલા હોવાનું પણ નોંધ્યું છે.

સ્વપ્રયોજનિષ્ઠ વ્યક્તિમાં બાળપણથી વૃદ્ધાવસ્થા સુધી પ્રથમ પરવશતા (dependence), તે પછી (ભારતીય સમાજવ્યવસ્થાના ત્રીજા ગૃહસ્થાશ્રમના તબક્કામાં) બીજી વ્યક્તિઓ સાથે પરસ્પર સહકારથી પ્રવૃત્ત થવાની ભાવના અને તેમની સાથે આદાનપ્રદાનના સંબંધથી જોડાવાની તૈયારી (mutuality and Sharing) અને વૃદ્ધાવસ્થામાં બીજી વ્યક્તિઓ માટે જવાબદારી (responsiblity) સ્વીકારવાની, એ ક્રમમાં જુદા જુદા સામાજિક ધર્મો (social roles) માટે યોગ્યતા કેળવાતી જાય છે એમ મેસ્લો માનતા. આ સંદર્ભમાં આપણે ભારતના પ્રાચીન ગુહ્યસૂત્રકારોએ યોજેલી સંસ્કારવિધિઓ વિશે વિચાર કરીએ તો આપણને સમજાશે કે એ સંસ્કારવિધિઓનો ઉદ્દેશ પણ વ્યક્તિને તેના વિકાસના જુદા જુદા તબક્કાઓમાં સરળતાથી પ્રવેશ કરાવવાનો હતો. એ સંસ્કારવિધિઓ દ્વારા વ્યક્તિના સમાજધર્મોમાં વૈવિધ્ય કેળવાતું, વ્યક્તિ બ્રહ્મચર્યાશ્રમના અને ગૃહસ્થશ્રમના ધર્મોનું નિષ્ઠાપૂર્વક પાલન કરી પ્રસન્ન વાનપ્રસ્થાશ્રમ માટે યોગ્યતા કેળવતી અને કોઈ કોઈ વ્યક્તિઓ તેથી આગળ જઈ મોક્ષ (મેસ્લોના શબ્દોમાં beyond self-actualizing, giving up external supports and being rooted in oneself, એટલે કે ભગવદ્‌ગીતાના બીજા અધ્યાયના પંચાવનમાં શ્લોકની બીજી પંક્તિમાં વર્ણવેલી आत्मान्येवात्मना तुष्टः એવી સ્થિતિ પ્રત્યે ગતિ કરતી.

❑

## નેત્ર યજ્ઞ

**સંઘના ઉપક્રમે નીચે પ્રમાણે નેત્ર યજ્ઞોનું આયોજન થયું છે :**

(૧) રવિવાર, તા. ૧૭મી ઓક્ટોબર, ૧૯૯૩ના રોજ વેડછી (જિ. સુરત) મુકામે શ્રી જયવદનભાઈ રતિલાલ મુખત્યારની આર્થિક સહાયથી તથા રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ-ચિખોદરાના સહયોગથી.

(૨) રવિવાર, તા. ૨૮મી નવેમ્બર, ૧૯૯૩ના રોજ પાટણ (ઉ. ગુજરાત) મુકામે પાટણના સદ્‌ગૃહસ્થોની આર્થિક સહાયથી તથા રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ-ચિખોદરાના સહયોગથી.

(૩) શનિવાર-રવિવાર, તા. ૪ થી અને ૫મી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ ગુંદી (તા. ધંધુકા) મુકામે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની આર્થિક સહાયથી અને વિશ્વવાત્સલ્ય ઔષધાલય-ગુંદીના સહયોગથી.

❑ મંત્રીઓ

# પરમાનંદ કુંવરજી કાપડિયા જન્મશતાબ્દી વર્ષ

□ સૂર્યકાંત છો. પરીખ

સ્વ. પરમાનંદ કુંવરજી કાપડિયાની જન્મશતાબ્દીનું વર્ષ ૧૮મી જૂન, ૧૯૯૩થી શરૂ થયું છે. આ છેલ્લા સૌ વર્ષમાં ભારતના ઇતિહાસમાં કેટલા બધા જબરદસ્ત ફેરફારો થયા તેનો વિચાર કરીએ છીએ ત્યારે પરમાનંદભાઈ પણ એ બધા ફેરફારોમાં કેટલાંક મહત્વના બનાવો સાથે સંકળાયેલા હતા જેમાં મુખ્યત્વે તો ભારતની આઝાદીની લડત છે. એટલે પરમાનંદભાઈના જીવનનો મોટો ભાગ ભારતની આઝાદીના વરસોમાં બનેલા મહત્વના બનાવો સાથે સંકળાયેલો છે, તેમ ગણીએ તો ખોટું નથી.

પણ, તે ઉપરાંત, સ્વ. પરમાનંદભાઈ એક પ્રબુદ્ધ જૈન હતા. જન્મે અને સંસ્કારે તેઓ જૈન હતા. પરંતુ એક જૈન તરીકે રોજ દર્શન કરવા જવું, ઉપાશ્રયમાં જવું, પર્વોમાં એકાસણાં કરવા, એ બધાથી તેઓ પર હતા. વ્યવસાયે સોલીસીટર પરંતુ સોલીસીટર તરીકે કારકિર્દી શરૂ કરી અને ઝવેરાતના ધંધામાં જોડાયા. ઝવેરાતનો ધંધો પણ એમણે કાંઇ મન મૂકીને કર્યો નહીં કે જેથી ધન સંચય કરી શકે. એ માટે એમણે ચાલુ કરેલી પોતાની પેઢી વરસો સુધી તેમની મિત્ર મંડળની બેઠક રહી. પરંતુ તેઓનું ચિત્ત હંમેશા આઝાદીની લડતમાં ભાગ લેવાનું અને લડત મંદ હોય ત્યારે ગાંધીજીના વિચારોનું જૈન યુવક સંઘ મારફતે પ્રચાર કરવામાં લાગેલું હતું.

પરમાનંદભાઈની બીજી એક વિશેષતા પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવાની અને તેના વિષયો ગોઠવવાની હતી. સામાન્ય રીતે પર્યુષણમાં જૈનો વ્યાખ્યાનો સાંભળવા ઉપાશ્રયમાં જાય, જ્યાં સાધુ મહારાજ વ્યાખ્યાન આપે. જેમાં મોટાભાગે જૈનધર્મની પરંપરા અનુસાર જ તે વ્યાખ્યાનો હોય. પણ, મુંબઇ જૈન યુવક સંઘે જીવનને વધુ ઉંડાણથી સમજવા માટે આ વ્યાખ્યાનમાળા મોટા હોલમાં ગોઠવવાનું શરૂ કર્યું. જેમાં અન્ય ધર્મના લેખકો, ચિંતકો, સમાજસુધારકો અને સમગ્રજીવનની દૃષ્ટિએ તે વ્યાખ્યાનોમાંથી જાણવાનું મળતું. વરસોવરસ તેમાં આવનારાની સંખ્યા વધતી ગઇ અને તે મારફતે મુંબઇ જૈન યુવક સંઘનું કામ પણ વધતું ગયું. પ્રબુદ્ધ જીવન વાંચનારો વર્ગ પણ વધ્યો. નવા વિચારોનો જૈનોમાં સંચાર થયો. તે બધાની અસર આપણે મુંબઇના સમાજ જીવનમાં જોઇ શકીએ છીએ.

પરમાનંદભાઈના જીવન ઉપર દૃષ્ટિપાત કરતાં એક વાત એમના જીવનમાં સળંગ જોવા મળે છે કે તેઓ સદાય નવા વિચારના પુરસ્કર્તા હતા. રૂઢિઓના, એક અર્થમાં તેઓ વિરોધી હતા, ધાર્મિક સંકીર્ણતા, સંકુચિતતા અને માનવી માનવી વચ્ચેના ભેદભાવના એ સખત વિરોધી હતા. મહાત્મા ગાંધીથી તેઓ ૨૫ વર્ષ નાના હતા, એટલે જ્યારે ૧૯૧૫-૧૬ની વચ્ચે ગાંધીજી ભારતમાં આવ્યા ત્યારે પરમાનંદભાઈની ઉંમર ૨૪-૨૫ વર્ષની હતી. ૧૯૨૦- ૨૧ની વચ્ચે ગાંધીજીનું નામ ભારતના જાહેરજીવનમાં જાણીતું થયું. ત્યારે પરમાનંદભાઇને પણ એ નામનો ખ્યાલ હશે જ તેમ માનવાનું કારણ મળે છે. ૧૯૧૬માં તેઓ એલ. એલ. બી. થયા, અને મોતીચંદ ગીરધરલાલ કાપડિયાની સોલીસીટર્સની પેઢીમાં કામ કરવા માંડયા. પરંતુ વકીલાતના ધંધામાં સત્યનિષ્ઠાને જાળવી રાખી શકાશે નહિ તેવો અનુભવ થવાથી તેઓ ઝવેરાતના ધંધામાં દાખલ થયા. તે ધંધામાં પણ તેમને નસીબ કહી શકાય તેવી ધન પ્રાપ્તિ ન થઇ. એ જ સમયમાં એમણે સામાજિક જીવનમાં રસ લેવાનું શરૂ કર્યું. ૧૯૨૦ અને ૧૯૨૮ વચ્ચેનો સમય એક રીતે કહીએ તો સામાજિક પ્રવૃત્તિઓનો ઉત્થાનકારક સમય હતો. ગાંધીજીની એ ખૂબી હતી કે, બ્રિટીશ હકુમત સામે લડવા પ્રજાને તૈયાર કરવા માટે તેમણે સામાજિક ક્ષેત્રે ચાલતી સંકુચિતતા દૂર કરવા માટે ખાસ કરીને યુવકો અને સ્ત્રીઓમાં ક્રાંતિકારી સામાજિક સુધારણાઓના વિચારો ફેલાય તે રીતે તેમના કામો ગોઠવ્યા, અને પરમાનંદભાઈ ઉપર પણ તેની અસર થઇ.

એવો પણ સંભવ છે કે, સામાજિક સુધારણાના વિચારો પરમાનંદભાઇને આસપાસના જગતમાંથી પણ મળ્યા હોય. કારણ કે, ૧૯૧૧માં તેમણે લગ્ન પહેલાં તેમની ભાવિ પત્નીને ઘડવા માટે જે પત્રવ્યવહાર કરેલો તે તેનું સૂચક છે. એ જમાનામાં ભાગ્યે જ વિવાહિત લોકો આ રીતે પરસ્પર પત્રવ્યવહાર કરતા. એટલે પરમાનંદભાઇ હૃદયથી જ સામાજિક સુધારણાના વિચારો ધરાવતા હતા.

પરમાનંદભાઇના મનમાં સામાજિક ક્રાંતિનું જે ચિત્ર હતું તેને કારણે ૧૯૨૮માં મુંબઇ જૈન યુવક સંઘની સ્થાપના તેમણે અને તેમના મિત્રો શ્રી રતિલાલ કોઠારી, શ્રી મણિલાલ મહોકમચંદ શાહ, ડૉ. વૃજલાલ મેઘાણી વગેરેએ મળીને કરી અને એ રીતે જ પોતાના વિચારોને આવકાર આપવા માટે તેમણે એક સંઘબળ ઊભું કર્યું. જૈન સમાજમાં બાળદિક્ષા એ સામાન્ય હતી, તેની સામે આ સંઘે જેહાદ પોકારી. તેમજ સાધુઓની શિથિલતા, દંભ અને પાખંડ સામે પણ આંદોલન ચલાવ્યું. ગાંધીજીના વિચારના સ્પર્શે સ્ત્રી-પુરુષ સમાનતા, વિધવાવિવાહ, અસ્પૃશ્યતાનો વિરોધ વગેરે પ્રશ્નો જેમજેમ આવતા ગયા તેમતેમ તેમણે તેમાં લોકજાગૃતિ ફેલાવવા માટે તે વખતના સામયિકોમાં અને દૈનિકપત્રોમાં લેખો લખ્યા. ૧૯૩૬માં અમદાવાદ ખાતે જૈન યુવક પરિષદ ભરાઇ ત્યારે જે પ્રવચનો થયા તેને કારણે જૈન પરંપરાવાળા લોકો હચમચી ગયા. આ સમય જ ગાંધીયુગનો મધ્યાહનકાળ હતો. ૧૯૩૦ની માર્ચની ૧૨મી તારીખે ગાંધીજીની દાંડીયાત્રાને કારણે દેશભરમાં હલચલ મચી અને પરમાનંદભાઇ પણ ગાંધીમાર્ગના એ સત્યાગ્રહમાં પૂર્ણપણે જોડાઇ ગયા. નવેમ્બર ૧૯૩૧માં 'પ્રબુદ્ધ જૈન' નામનું જૈન યુવક સંઘનું પાક્ષિક પણ શરૂ કર્યું. જે વચમાં વચમાં બંધ થયું, પરંતુ ૧લી મે, ૧૯૩૯ના દિવસથી નવા સ્વરૂપે શરૂ થયું. જે પરમાનંદભાઇની પ્રવૃત્તિ માટેનું મુખ્ય માધ્યમ હતું. ૧૯૩૨માં પરમાનંદભાઇએ પર્યુષણ વ્યાખ્યાનમાળા નામની એક વિશિષ્ટ વ્યાખ્યાનમાળા શરૂ કરી. સામાન્ય રીતે પર્યુષણ દરમ્યાન ધાર્મિક લોકો ઉપાશ્રયમાં જઇને સાધુ-સાધ્વીઓના હંમેશ મુજબના એ જ રૂઢિગત પ્રવચનો સાંભળતા હોય છે અને ધર્મની એ પરંપરા વરસોપર્યંત ચાલુ રહી છે. પરમાનંદભાઇએ આ પરંપરાને પડકારી અને ધર્મજ્ઞાનના વિશાળ દ્વાર ખોલતી બીજી સમાંતર વ્યાખ્યાનમાળા ચાલુ કરી. આ વ્યાખ્યાનમાળાને પંડિત સુખલાલજી જેવા મહાન ચિંતક અને જૈન વિદ્વાનનો પૂરો ટેકો મળ્યો. તે વ્યાખ્યાનમાળા મારફતે હિંદુ, મુસ્લીમ, પારસી, ખ્રિસ્તી વગેરે સર્વે પંથોના વિશિષ્ટ અને અધિકૃત વક્તાઓ પાસેથી લોકોને ઘણું જ્ઞાન મળવા માંડયું. જૈનધર્મની વિશેષતાઓ પણ વૈચારિક દૃષ્ટિએ શું છે તેનું જ્ઞાન લોકોને મળતું થયું.

આનંદની વાત તો એ છે કે, ૧૯૩૯ની ૧લી મેના દિવસે પ્રબુદ્ધ જૈનનો પહેલો અંક બહાર પડ્યો ત્યારે જે મહાનુભાવોએ તેમાં લેખો લખેલા તેમાં શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી ઝવેરચંદ મેઘાણી અને પરમાનંદભાઇ તો હતા જ. તંત્રી તરીકે શ્રી મણિલાલ મહોકમચંદ શાહ હતા, જેઓ પણ ગાંધીજીના વિચારોથી પૂરા રંગાયેલા અને સ્વાતંત્ર્ય સેનાની હતા. પહેલા જ અંકમાં પરમાનંદભાઇનો લેખ 'ગાંધીજીના રાજકોટ સત્યાગ્રહ' પર હતો. તથા એ વખતની કોંગ્રેસની આંતરિક પરિસ્થિતિ પર હતો. જ્યારે તંત્રીલેખમાં-શ્રી મણિલાલભાઇએ મહાત્મા ગાંધીના વિચારો તે વખતના સમાજને કેટલા બધા અસરકર્તા હતા તે વિષે લખ્યું હતું. ત્યાર પછીના બધા જ અંકોમાં પરમાનંદભાઇના લેખો આપણે જોઇએ છીએ ત્યારે લાગે છે કે એમનું જીવન દેશની આઝાદીના પ્રવાહોમાં પૂરેપૂરું તણાતું. તેમ છતાં તે વખતના જૈન સમાજની જે સ્થિતિ હતી તેમાં ઘણા સુધારા કરવા જોઇએ તે ઉપર તેમના વિચારો પ્રગટ થતા; જે તેમની વૈચારિક સ્વતંત્રતા દર્શાવે છે.

વરસો પછી શ્રી મણિલાલભાઇના અવસાન બાદ પરમાનંદભાઇ ૧-૫-૫૧ થી પ્રબુદ્ધ જીવનના તંત્રી થયા હતા. સાતત્યપૂર્વક વીસ વરસ સુધી એટલે કે પોતાના મૃત્યુ સુધી ૧૯૭૧ના એપ્રિલ માસ સુધી તેઓ પ્રબુદ્ધ જીવનના તંત્રી તરીકે કામ કરતા રહ્યા. તે વીસ વરસના લાંબાગાળામાં પણ પરમાનંદભાઇ આપણને સદાય રાષ્ટ્રીય વિચારોથી

રંગાયેલા લાગે છે. કેટલાય લોકો પરમાનંદભાઇને સદાય યુવાન હોય તે રીતે જ ઓળખતા હતા. આજે પણ એમના અંગે વિચાર કરીએ છીએ ત્યારે તેમના ૭૮ વરસના સમગ્ર આયુષ્યમાં તેઓ સતત યુવાન હોય તે રીતે જ વર્ત્યા છે. આ અંગે તેમણે પોતે જ ૧૫-૫-'૩૯ના પ્રબુદ્ધ જૈનના અંકમાં એક લેખ 'યૌવન અને વૃદ્ધત્વ' ઉપર લખ્યો હતો, જે લખાણ એમના જીવનને સમજવા માટે ઘણું જ લાગુ પડે છે.

તેઓ લખે છે, 'યૌવન એ જીવનનો કોઇ ચોક્કસ સમય નથી. પણ માણસની ચોક્કસ પ્રકારની સ્થિતિ છે. તે લાલ ભરાવદાર ગાલ, ગોળમટોળ શરીર કે ધમધમાટભરી વાણીનો વિષય નથી. યૌવન એટલે અડગ ઇચ્છા-શક્તિ, ગગન વિહારી કલ્પના, ઉન્નત લાગણીઓનો આવિર્ભાવ, જીવનના ઉંડાણમાં વહેતાં ઝરણામાંથી ઉદ્‌ભવતી કોઇ અનુપમ તાજગી. અમુક વરસોનું જીવન વ્યતીત થવાના કારણે જ કોઇ વૃદ્ધ બની જતું નથી. આદર્શથી ચ્યુત થવા સાથે જ, ભાવનાઓનો ત્યાગ કરવા સાથે જ-વૃદ્ધત્વનો પ્રારંભ થાય છે. ઉમ્મર વધતાં ચામડીમાં કરચલીઓ જરૂર પડવા માંડે છે પણ જીવનમાં રસ-ઉલ્લાસ-લુપ્ત થતાં આત્મા પણ કરમાવા માંડે છે. ચિંતા, આશંકા, પોતાની જાતમાંથી જ અવિશ્વાસ, ભય અને નિરાશા—આ જ સાચું ઘડપણ છે અને આ સર્વનું આક્રમણ થવા સાથે આત્માનું સત્વ નાશ પામે છે અને સદા વિકસતું ચૈતન્ય લુપ્ત થાય છે.'

જેટલી તમારામાં શ્રદ્ધા એટલા તમે જુવાન, જેટલી તમારામાં આશંકા એટલા તમે વૃદ્ધ. જેટલો તમારામાં આત્મવિશ્વાસ એટલા તમે તરુણ, જેટલો તમારામાં ભય એટલા તમે વૃદ્ધ, જેટલી તમારામાં આશા એટલા તમે યુવાન, જેટલી તમારામાં નિરાશા એટલા તમે વૃદ્ધ.

પરમાનંદભાઇ સદાય યુવાન હતા તેનો અનુભવ જૈન યુવક સંઘના કાર્યકરોને હંમેશા થતો.

પરમાનંદભાઇની બે મુખ્ય પ્રવૃત્તિઓ-પ્રબુદ્ધ જીવન અને પર્યુષણ વ્યાખ્યાનમાળા. તે અંગે તેમના અવસાન પછી મુંબઇના અગ્રગણ્ય સોલીસીટર અને પરમાનંદભાઇની આ બધી પ્રવૃત્તિઓના સમર્થક એવા સ્વ. શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે ૧૬-૫-૭૧ના પ્રબુદ્ધ જીવનના અંકમાં સુંદર વાક્યોથી અંજલિ આપી છે. તેમણે શ્રી પરમાનંદભાઇને અંજલિ આપતાં લખ્યું હતું કે-

'સદગતની મુખ્ય બે પ્રવૃત્તિઓ, પ્રબુદ્ધ જીવન અને પર્યુષણ વ્યાખ્યાનમાળા વિષે શું કરવું તેનો વિચાર કરવાનો હતો. મિત્રોનો આગ્રહ હતો કે, આ પ્રવૃત્તિઓ ચાલુ રહેવી જોઇએ. પરમાનંદભાઇ આ કામ પાછળ પોતાનો બધો સમય અને શક્તિ આપતા. આ બન્ને પ્રવૃત્તિઓનું જે ઉચ્ચ ધોરણ રહ્યું છે તે જાળવી શકાય તો જ તે પ્રવૃત્તિઓ ચાલું રાખવાની સાર્થકતા લેખાય. તેમનું સ્થાન કોઇ લઇ શકે તેમ નથી. આ કામ માટે મારી યોગ્યતા નથી.'

પ્રબુદ્ધ જીવન એ પરમાનંદભાઇની મુખ્ય પ્રવૃત્તિ અને જીવન સાધના માટેનું વાહન હતું, તે આપણે તેમના જ શબ્દોમાં જોઇએ.

'આ રીતે પચ્ચીસ વર્ષ પૂરાં કરતાં સંઘના મુખપત્રના સંપાદનકાર્યની જવાબદારી સંભાળવાનું કામ વચગાળાનું એક વર્ષ બાદ કરતાં, મારા ભાગે આવ્યું છે. આ સંપાદન કાર્ય મેં ખૂબ અચકાતા અને સંકોચાતા મને સ્વીકારેલું, પણ ધીમે ધીમે સૂઝ પડતાં એ કાર્ય મારા માટે સરળ અને પ્રસન્નજનક બનતું રહ્યું છે. આ સંપાદનકાર્યે મને અનેક રીતે ઘડ્યો છે અને મારા વિકાસમાં ખૂબ પૂરવણી કરી છે.'

'સૌથી વધારે તો હું શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો ઋણી બન્યો છું કે, જેણે મને એક સામાજિક પત્રનું કશી પણ રોકટોક સિવાય આટલા લાંબા સમય સુધી યથેચ્છ સંપાદન કરવાની સગવડ આપી છે અને એ રીતે આજના વિચાર પ્રવાહો સાથે ગતિમાન રહેવાની મને અણમોલ તક આપી છે.

આવા સામયિક પત્રનું આટલા લાંબા સમય સુધી સંપાદન કરવાનું અને અનેક બાબતો અને વ્યક્તિઓ વિષે ટીકાટીપ્પણ કરતા રહેવાનું એટલે મારાથી અનેકનાં મન-દિલ દુભાવવાનું બન્યું હોય એ સ્વાભાવિક છે.'

'આમ છતાં હું એટલું જરૂર કહી શકું કે 'પ્રબુદ્ધ જૈન' કે પ્રબુદ્ધ જીવન મારાં માટે એક પ્રકારની સત્યની ઉપાસનાનો અથવા તો આત્મ-સાધનાનો વિષય બની રહેલ છે અને તેથી જાણી જોઇને મેં અંદરની સમજણથી અન્યથા એવું કદી પણ લખ્યું નથી. ભાષામાં આવેશ કરતાં સંયમને મેં વધારે પ્રાધાન્ય આપ્યું છે, કોઇપણ બાબત વિષે સ્પષ્ટ લખવાથી નુકશાન થવાનો સંભવ હોય ત્યાં મૌનને મેં વધારે પસંદ કર્યું છે, અલ્પોક્તિ તેમજ અત્યુક્તિ ઉભયને વર્જ્ય ગણીને તે બન્ને દોષોથી મારાં લખાણને બને તેટલું મુક્ત રાખવાનો મેં પ્રયત્ન સેવ્યો છે અને અનિવાર્ય લાગ્યું ત્યાં કડક ભાષાનો કદિ પ્રયોગ કર્યો છે, એમ છતાં પણ, સત્યને બને ત્યાં સુધી મિતભાષી રૂપ આપવાનો મેં આગ્રહ સેવ્યો છે.'

'ગાંધીજી વિષે નવું લખવાનું કશું જ ન સૂઝે, છતાં માથા ઉપર ગાંધીજયન્તી છે તો તેને લગતા અંકમાં ગાંધીજી અંગેનું લખાણ પ્રગટ થવું જ જોઇએ એવો આગ્રહ મેં કદી સેવ્યો નથી. સાધારણ રીતે વિષય કે વ્યક્તિ અંગે મનમાં વિશિષ્ટ સંવેદન પેદા ન થાય અને અન્તઃપ્રેરણા (ઇનર અર્જ) ન અનુભવાય તે વિષય કે વ્યક્તિ વિષે સમય કે પ્રસંગની માંગ હોય તો પણ, મેં લખવાનું ટાળ્યું છે.'

'આજે દેશમાં તેમજ દુનિયામાં બનતી અનેક ઘટનાઓ અને નિર્માણ થતી અવનવી પરિસ્થિતિઓ અંગે પ્રબુદ્ધ જીવનના વાંચકોને સમ્યક માર્ગદર્શન મળતું રહે એવો મેં હંમેશાં મનોરથ સેવ્યો છે. એમ છતાં અતિપરિમિત વિષયોને 'પ્રબુદ્ધ જીવન' સ્પર્શી શક્યું છે. આમ છતાં પણ મારું સમગ્ર ચિંતન અને લેખન 'પ્રબુદ્ધ જીવન' બને તેટલું સારું અને સુંદર બનાવવા ઉપર કેન્દ્રિત હોય છે. સદ્‌ભાગ્યે આપણે જેમને આદરણીય ગણીએ તેવી કેટલીક વ્યક્તિઓના 'પ્રબુદ્ધ જીવન' ઉપર સદ્‌ભાવ નીતરતો મેં અનુભવ્યો છે અને આમાં મારા સર્વ પરિશ્રમનું વળતર મળી રહેતું મેં માન્યું છે. વિષય, વસ્તુ અને વ્યક્તિઓ વિશે મારું દર્શન વિશદ અને સત્યસ્પર્શી બનતું રહે કે જેથી 'પ્રબુદ્ધ જીવન' દ્વારા તેના વાંચકોને હું સમ્યક માર્ગદર્શન આપી શકું-આવી મારી ઉંડા દિલની હંમેશાં પ્રાર્થના રહી છે.'

પરમાનંદભાઇના અવસાન પછી પ્રબુદ્ધ જીવનના ૧૬-૫-૭૧ના વિશિષ્ટ અંકમાં જે લોકોએ તેમના માટે લેખો લખ્યા તેનાં કેટલાંક મથાળા નીચે મુજબ છે, જેનાથી પરમાનંદભાઇનું સમગ્ર વ્યક્તિત્વ છતું થાય છે. જ્ઞાનપ્રજ્ઞાના યોજક અને નયવાદના નિષ્ણાત, સંનિષ્ઠ લોક શિક્ષક, કર્મયોગી, પ્રબુદ્ધ આત્મા, પરમ આનંદના ઉપાસક, નિસ્વાર્થ સમાજસેવક, સત્યં, શિવં, સુન્દરમ્‌ના ઉપાસક, નિસ્પૃહી સત્યશોધક-વિચારક, જૈન ધર્મના માર્ટિન લ્યુથર, પ્રબુદ્ધ જાગૃત પરમાનંદભાઈ, વિનોદપ્રિય પરમાનંદભાઈ, વિરલ પત્રકાર, સેવામૂર્તિ પરમાનંદભાઈ...વગેરે વગેરે..

આથી વિશેષ પરમાનંદભાઈ માટે આપણે શું વિશેષણો વાપરી શકીએ ? તેમના સામાજિક જીવનના ઘણા ચાહકો હતા, અને આજે પણ તેમને યાદ કરીને તેમને તેમની પ્રવૃત્તિઓને આગળ ચલાવનારા જે મિત્રો છે, તેઓ પરમાનંદભાઈની જન્મશતાબ્દીનું વર્ષ તેમના જીવનવિચારોને આગળ વધારવામાં ઉજવે એ જ આપણે ઇચ્છીએ.

પરમાનંદભાઈના જીવનની બીજી ઘણી વિશેષતાઓ હતી. તેઓ પ્રવાસના શોખીન હતા. નવું નવું જોવું, જાણવું તેમને ખૂબ ગમતું. અને તેનો અનુભવ મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને અવારનવાર થતો. નાનામોટા પ્રવાસસો ગોઠવાતા તેમાં તેઓ જતા.

પરમાનંદભાઈની જીવનશતાબ્દીનું વર્ષ એમના જીવન, સાહિત્ય અને કાર્ય વિશે, સામાજિક પરિબળો વિશે, ગાંધીજી અને અહિંસક લડત વિશે એમ વિવિધ પ્રકારનાં વ્યાખ્યાનો, પરિસંવાદો દ્વારા તથા પુરસ્કાર-પારિતોષિકો દ્વારા ઊજવવાની ભાવના શ્રી મુંબઈ જૈન યુવક સંઘની અને પરમાનંદ કાપડિયા સ્મારક નિધિની છે એ બહુ આનંદની વાત છે.

□□□

# સંઘ દ્વારા આયોજિત આર્થિક સહાયનો કાર્યક્રમ

## શ્રી શિવાનંદ મિશન હોસ્પિટલ (વીરનગર) ની વિવિધ યોજના માટે પર્યુષણ પર્વ દરમિયાન નોંધાયેલ રકમની યાદી

૧૦૦૦૦૦ શ્રી ચંદરયા ફાઉન્ડેશન હસ્તે શ્રી કપુરભાઇ ચંદરયા
૨૫૦૦૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ હસ્તે જયંતીલાલ પી. શાહ
૨૫૦૦૦ શ્રી નયનાબેન પારેખ ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે રમેશભાઇ પારેખ
૨૫૦૦૦ શ્રી કોન્વેસ્ટ પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ
૧૫૦૦૦ ઘોઘારી જૈન સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ (સાઉથ બોમ્બે)
૧૫૦૦૦ ચંદુલાલ મોહનલાલ ઝવેરી ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે તારાબેન ઝવેરી
૧૫૦૦૦ શ્રી આશીતાબેન કાંતિલાલ શેઠ
૧૨૫૦૦ શ્રી ચીમકો બાયો મેડિકલ એન્જીન્યરીંગ કું.
૧૧૦૦૦ શ્રી કે. કે. મોદી ચેરીટેબલ ટ્રસ્ટ
૧૧૦૦૦ શ્રી નવનીત પ્રકાશન હ. શ્રી ડુંગરશી રામજી ગાલા
૧૧૦૦૦ પીયૂષભાઇ એસ. કોઠારી
૧૧૧૫૧ ચીનુભાઇ છગનલાલ શાહ (શેર બજાર)
૧૧૧૫૧ ધીરજલાલ પરમાણંદભાઇ દેસાઇ
૧૦૦૦૦ શ્રી અમીચંદ આર. શાહ
૧૦૦૦૦ શ્રી પેથાણી ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે સુરેશભાઇ પેથાણી
૧૦૦૦૦ શ્રી કાળીદાસભાઇ દોશી
૧૦૦૦૦ શ્રી કુસુમબેન રતિલાલ શાહ
૧૦૦૦૦ શ્રી ચીમનલાલ જમનાદાસ કુવાડિયા અને વિજયાગૌરી ચીમનલાલ કુવાડિયાના સ્મરણાર્થે હસ્તે પ્રભાવતીબેન નેમિચંદ કુવાડિયા તથા નેમિચંદ ચીમનલાલ કુવાડિયા
૧૦૦૦૦ શ્રી મોતીલાલ ડાહ્યાભાઇ ઝવેરી હસ્તે જગદીશભાઇ
૧૦૦૦૦ શ્રી છોટાલાલ નાથાલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ
૧૦૦૦૦ શ્રી રોયલ કેમિસ્ટ હસ્તે મુકુંદભાઇ ગાંધી
૭૫૦૦ શ્રી ચંપાબેન રતનચંદના સ્મરણાર્થે
૭૫૦૦ શ્રી ચીનુભાઇ છગનલાલ (ક્વોલિટી કન્ટ્રક્શન)
૫૦૦૦ ડૉ. રમણલાલ ચી. શાહ તથા શ્રી તારાબેન શાહ
૫૦૦૦ શ્રી ચીમનલાલ જે. શાહ
૫૦૦૦ શ્રી એસ. એમ. શાહ એન્ડ કું. હસ્તે નીરુબેન તથા સુબોધભાઇ
૫૦૦૦ શ્રી ભાનુ ચેરીટી ટ્રસ્ટ હસ્તે શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ
૫૦૦૦ શ્રી કમળાબેન દીપચંદ શાહ હસ્તે શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ
૫૦૦૦ શ્રી રસિકલાલ લહેરચંદ શાહ
૫૦૦૦ શ્રી હિંમતલાલ ડાહ્યાભાઇ કોઠારી ટ્રસ્ટ હસ્તે શ્રી શૈલેશભાઇ કોઠારી
૫૦૦૦ શ્રી પી. ટી. શાહ ફાઉન્ડેશન હસ્તે અનસૂયાબેન
૫૦૦૦ રવિચંદ સુખલાલ શાહના પરિવાર તરફથી
૫૦૦૦ શ્રી હસમુખલાલ દીપચંદભાઇ શાહ હસ્તે કલ્પાબેન
૫૦૦૦ શ્રી રમાબેન વોરા
૫૦૦૦ શ્રી સ્વ. જોરમલ મંગળજી મહેતાના સ્મરણાર્થે
૫૦૦૦ શ્રી લાલભાઇ જેઠુભાઇ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ એક બહેન
૫૦૦૦ શ્રી હીરાલાલ ટી. ડગલી
૫૦૦૦ શ્રી માંડવી મેડિકલ સ્ટોર
૫૦૦૦ શ્રી અતુલભાઇ વી. શાહ
૫૦૦૦ શ્રી નગીનભાઇ પી. શેઠ
૫૦૦૦ શ્રી કેશવભાઇ ભણશાળી ટ્રસ્ટ હસ્તે શર્મીબહેન ભણશાળી
૫૦૦૦ વકીલ ઉમેદચંદ બેચરદાસ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી જીવણલાલ વીરચંદ મહેતા
૫૦૦૦ શ્રી કાંતિલાલ નારણદાસ શાહ (તળાજાવાળા)
૫૦૦૦ શ્રી વિમળાબેન જી. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી સત્યવતીબેન રાજેન્દ્રકુમાર શાહ
૫૦૦૦ શ્રી નરેન્દ્રભાઇ જી. શાહ
૫૦૦૦ શ્રી કાંતિલાલ વસા
૫૦૦૦ શ્રી બિપીનભાઇ જૈન
૫૦૦૦ શ્રી જયાબેન મણિલાલ વીરચંદ
૫૦૦૦ શ્રી રાયચંદ લલ્લુભાઇ સંઘવી હસ્તે મનુભાઇ સંઘવી
૫૦૦૦ શ્રી પ્રકાશભાઇ ડાહ્યાભાઇ કકલભાઇ
૫૦૦૦ શ્રી આરતીબેન મધુસૂદન વોરા
૫૦૦૦ શ્રી મહારાષ્ટ્ર એન્જીનીયરીંગ કું.
૫૦૦૦ શ્રી મધુસૂદન હીરાલાલ શાહ
૫૦૦૦ શ્રી કંચનબેન ઠાકોરદાસ ઘડિયાલી
૫૦૦૦ શ્રી ઇન્દુબેન હરકીશનદાસ ઉદાણી
૫૦૦૦ શ્રી ચીમનલાલ કેશવજી જોઇન્ટ એકાઉન્ટ
૫૦૦૦ શ્રી જે. વી. મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી રસિલાબેન જયસુખલાલ પારેખ
૫૦૦૦ શ્રી તારામતીબેન ગુણવંતરાય શેઠ
૫૦૦૦ શ્રી મધુબેન ત્રિભુવનદાસ પારેખ
૫૦૦૦ સ્વ. હીરાલાલ નાથાલાલના સ્મરણાર્થે હસ્તે ઉષાબેન સુરેશભાઇ શાહ
૫૦૦૦ શ્રી સુનીતાબેન પી. કાપડિયા જોઇન્ટ એકાઉન્ટ
૫૦૦૦ માતુશ્રીના સ્મરણાર્થે હસ્તે સુધાબેન આર. તોલાટ
૫૦૦૦ શ્રી કુસુમબેન નરેન્દ્રભાઇ ભાઉ
૫૦૦૦ શ્રી કિરીટ એમ. શાહ
૫૦૦૦ શ્રી ઉષાબેન સુરેશભાઇ શાહ
૫૦૦૦ શ્રી પ્રભાવતી ચેરીટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી ભાવેશભાઇ અને શ્રી સુરેશભાઇ
૫૦૦૦ શ્રી રમાબેન કાપડિયા
૫૦૦૦ શ્રી વિરલ ભૂપેન્દ્ર ભાવેશ્રી
૫૦૦૦ શ્રી રમણલાલ નગીનદાસ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી સાકરબેન વસનજી
૫૦૦૦ શ્રી મેસર્સ ઇન્ટરનેશનલ સર્જીકલ કોરપોરેશન
૫૦૦૦ શ્રી નટવરલાલ બેચરદાસ જસાણી અને વનીતાબેન નટવરલાલ જસાણી ચેરી. ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી પુષ્પાબેન બિપિનચંદ્ર કાપડિયા
૫૦૦૦ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા
૫૦૦૦ શ્રી અતુલભાઇ સી. શેઠ તથા બેનશ્રી નંદિતાબેન એ. શેઠના પરિવાર તરફથી
૫૦૦૦ શ્રી શાંતિલાલ એચ. મહેતા
૫૦૦૦ સ્વ. ભાગીરથી રમણીકલાલ જોશીની સ્મૃતિમાં હસ્તે રમણીકલાલ જોશી
૫૦૦૦ શ્રી કે. એન. જી. આર માલ્દે ચેરીટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી દિલ્હી જૈન સંઘ હસ્તે શ્રી શૈલેશભાઇ કોઠારી
૫૦૦૦ સ્વ. ચુનીભાઇ ખીમચંદભાઇના સ્મરણાર્થે
૫૦૦૦ શ્રી હેમંત જગમોહનદાસ સંઘવી
૫૦૦૦ શ્રી ધીરજલાલ તલકચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૫૦૦૦ મે. અરજણ એન્ડ દેવજી ખીમજી સાર્વજનિક ટ્રસ્ટ
૫૦૦૦ શ્રી જયંતીલાલ ફત્તેહચંદ ફાઉન્ડેશન
૨૫૦૦ શ્રી એમ. એન. દોશી માનવ કલ્યાણ કેન્દ્ર
૨૫૦૦ શ્રી માણિકલાલ શીવલાલ બોરા
૨૫૦૦ શ્રી કલ્પાબેન સી. ઝવેરી
૨૫૦૦ શ્રી સુરેશભાઇ સી. ઝવેરી
૨૫૦૦ શ્રી મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી તારાબહેન ડાહ્યાભાઇ કોઠારી
૨૫૦૦ શ્રી જયંતીલાલ શાહ
૨૫૦૦ શ્રી હરકીશનભાઇ પારેખ

૨૫૦૦ શ્રી મહાવીર ઇલેક્ટ્રોનિક્સ
૨૫૦૦ શ્રી યશોમતીબેન શાહ
૨૫૦૦ શ્રી મીનાબેન કિરણભાઇ ગાંધી
૨૫૦૦ ડૉ. કમલાબેન મહાદેવિયા
૨૫૦૦ એક ભાઇ
૨૫૦૦ શ્રી તારાબેન વાડીલાલ ગોસલિયા
૨૫૦૦ શ્રી શારદાબેન બાબુલાલ શાહ
૨૫૦૦ લાભુભાઇ વી. સંઘવી
૨૫૦૦ એક બહેન
૨૫૦૦ એક બહેન
૨૫૦૦ શ્રી વિદ્યાબેન મહાસુખભાઇ ખંભાતવાલા
૨૫૦૦ સ્વ. જી. યુ. મહેતાના સ્મરણાર્થે હસ્તે મનોરમાબેન
૨૫૦૦ શ્રી મણિબેન ખુશાલચંદ ધ્રુવ હસ્તે સુરેશ ખુશાલચંદ ધ્રુવ
૨૫૦૦ શ્રી કેશવલાલ બુલાખીદાસ
૨૫૦૦ શ્રી ચીમનલાલ ઠાકોરદાસ ઝવેરી હસ્તે સુશીલાબેન ઝવેરી
૨૫૦૦ શ્રી કુસુમબેન સુરેશભાઇ પરીખ
૨૫૦૦ શ્રી કે. ટી. મોદીના ફેમિલી તરફથી
૨૫૦૦ શ્રી સંઘવી હરજીવનદાસ ગોરધનદાસ ચેરીટી ટ્રસ્ટ
૨૫૦૦ સમર્પણ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી ભૂપેન્દ્રભાઇ ગાંધી
૨૫૦૦ શ્રી મણિલાલ કે. શાહ હસ્તે પાનબાઇ
૨૫૦૦ શ્રી મંજુલાબેન લલિતચંદ્ર ધ્રુવ ફાઉન્ડેશન
૨૫૦૦ શ્રી બી. સી. ટોલાટ
૨૫૦૦ શ્રી પ્રવીણ એમ. ઝવેરી
૨૫૦૦ શ્રી સુવર્ણાબેન દલાલ
૨૫૦૦ શ્રી જેનીબાઇ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી વિનર બુક સેન્ટર (ચોપાટી) હસ્તે ખીમજી કુંવરજી
૨૫૦૦ શ્રી પ્રજ્ઞાચક્ષુ દીપકભાઇના જન્મદિવસે
૨૫૦૦ શ્રી હસમુખભાઇ ચીમનભાઇ કુવાડિયા
૨૫૦૦ શ્રી સી. ટી. ઘડિયાલી
૨૫૦૦ શ્રી સુરુભાઇ દલાલ
૨૫૦૦ શ્રી રમાબેન વી. મહેતા તથા શ્રી ઉષાબેન મહેતા
૨૫૦૦ શ્રી વનલીલાબહેન નટવરલાલ મહેતા
૨૫૦૦ શ્રી રસિલાબેન મહેન્દ્રભાઇ ઝવેરી
૨૫૦૦ શ્રી ભરતભાઇ જયંતીલાલ શાહ
૨૫૦૦ શ્રી કુંજબાળા રમેશચંદ્ર કોઠારી
૨૫૦૦ શ્રી લીલાબહેન મનુભાઇ શાહ
૨૫૦૦ શ્રી ગુણવંતીબહેન મહાસુખભાઇ દેવડાવાલા
૨૫૦૦ શ્રી રવિ સુધીરભાઇ શાહ
૨૫૦૦ શ્રી નટવરલાલ ધરમશી શાહ
૨૫૦૦ શ્રીકાંત પ્રમોદભાઇ શાહ
૨૫૦૦ શ્રી અંશુબેન કૃષ્ણકાંત પટેલ
૨૫૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૫૦૦ સ્વ. તલકચંદ હીરાચંદ શાહના સ્મરણાર્થે હસ્તે હર્ષદરાય ટી. શાહ (ગામદેવી)
૨૫૦૦ સ્વ. સમરતબેન તલકચંદ શાહના સ્મરણાર્થે હસ્તે રેખાબેન હર્ષદરાય શાહ
૨૫૦૦ એક બહેન હસ્તે જાસુદબેન નાથાલાલ પરીખ
૨૫૦૦ લાયન્સ ક્લબ ઓફ ગેટવે ચેરીટી ફંડ હસ્તે રમીલાબેન સંઘવી
૨૫૦૦ પૂ. બા સમરતબેન હીરાચંદ વોરા હસ્તે જમનાદાસ વોરા
૨૫૦૦ લીબર્ટી બોક્ષ મેન્યુફેક્ચરીંગ કું.
૨૫૦૦ શેઠ કાંતિલાલ છગનલાલ
૨૫૦૦ શ્રી કાર્તિક બી. શાહ
૨૫૦૦ શ્રી પ્રવીણભાઇ સી. ભણશાળી
૨૫૦૦ શ્રી મણિબેન ગોવિંદજી શાહ
૨૫૦૦ શ્રી નિર્મળાબેન ઇન્દ્રલાલ શેઠ
૨૫૦૦ શ્રી જ્યોતિકાબેન નાનચંદ કોઠારી
૨૫૦૦ શ્રી સુહાસ ટેક્ષપોર્ટ પ્રા. લી.
૨૫૦૦ શ્રી ચંપકલાલ સી. ચોકસી
૨૫૦૦ શ્રી સ્મિતાબેન સ્નેહલ સંઘવી
૨૫૦૦ શ્રી શોભનાબેન ખાંડવાલા
૨૫૦૦ શ્રી અમિતાબેન મુકેશભાઇ સંઘવી
૨૫૦૦ સ્વ. લવચંદ ઠાકરશી વસાના સ્મરણાર્થે હસ્તે ચીમનલાલ એલ. વસા
૨૫૦૦ શ્રી ભારતીબેન ગજેન્દ્રભાઇ કપાસી
૨૫૦૦ શ્રી વિક્રમભાઇ જશવંતભાઇ ગિરધરભાઇ
૨૫૦૦ શ્રી વી. કે. મહેતા એન્ટરપ્રાઇઝીસ્
૨૫૦૦ શ્રી અપૂર્વ ભૂપેન્દ્રભાઇ શાહ
૨૫૦૦ શ્રી અર્પણાબેન ભૂપેન્દ્રભાઇ શાહ
૨૫૦૦ શ્રી હેમલ જયેશ અજમેરા
૨૫૦૦ શ્રી હીરાલાલ ઠાકોરલાલ કેશવલાલ મહેતા ટ્રસ્ટ હસ્તે મીરાંબહેન મહેતા
૨૫૦૦ શ્રી ભગવાનદાસ ફતેહચંદ
૨૫૦૦ શ્રી મધુરીબેન એચ. ઝવેરી
૨૫૦૦ શ્રી સતીશ સંઘવી
૨૫૦૦ શ્રી પ્રભાબેન રસિકલાલ હસ્તે તરુબહેન વકીલ
૨૫૦૦ શ્રી મનસુખલાલ ચુનીલાલ ઝવેરી
૨૫૦૦ શ્રી હર્ષાબેન વી. શાહ
૨૫૦૦ એક બહેન તરફથી (૨૫૦૫)
૨૫૦૦ શ્રી પારુલ એ. માણેકલાલ
૨૫૦૦ પ્રેમજી માલસી છેડા
૨૫૦૦ સુરેશ નાથાલાલ પરીખના ફેમીલી તરફથી
૨૫૦૦ શ્રી ભૂપેન્દ્ર હિંમતલાલ શાહ
૨૫૦૦ શ્રી આદિનાથ ટ્રેડિંગ કું.
૨૫૦૦ શ્રી મીનાબહેન એમ. શાહ
૨૫૦૦ શ્રી હિરેન રસિકલાલ શ્રોફ
૨૫૦૦ શ્રી મોહનલાલ ઝવેરચંદ ઝવેરીના સ્મરણાર્થે હસ્તે શાંતાબેન મોહનલાલ
૨૫૦૦ શ્રી મેનાબેન જયંતીલાલ ચોકસી
૨૫૦૦ શ્રી સેવંતીલાલ નેમચંદ શાહ
૨૫૦૦ શ્રી શારદાબેન ઠક્કર તથા શ્રી અરવિંદભાઇ ઠક્કર
૨૫૦૦ શ્રી નવીનભાઇ પ્રેમચંદ શાહ
૨૫૦૦ શ્રી મહેન્દ્રભાઇ જે. શાહ તથા અરુણાબેન મહેન્દ્રકુમાર શાહ
૨૫૦૦ શ્રી નંદુ ડ્રેપર્સ
૨૫૦૦ શ્રી હેમલતાબેન પારેખ
૨૫૦૦ શ્રી લાભુભાઇ જી. મહેતા
૨૫૦૦ શ્રી સી. એન. સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી સુમિત્રાબહેન મનહરલાલ સેઠ એસ્ટેટ હસ્તે શ્રી મનહરલાલ ગીરધરલાલ શેઠ
૨૫૦૦ શ્રી ધનીબહેન નવીનભાઇ શાહ
૨૫૦૦ શ્રી સરસ્વતીબેન ડાહ્યાભાઇ ઝવેરી હસ્તે નીરુબહેન
૨૫૦૦ શ્રી નીરુ એન્ડ કું. હસ્તે ભૂપેન્દ્રભાઇ ઝવેરી
૨૫૦૦ શ્રી શિતલ અરુણ સંઘવી અને તુલસા ભરત સંઘવી
૨૫૦૦ બે બહેનો
૨૫૦૦ પારકીન બ્રધર્સ હસ્તે પ્રાણલાલભાઇ
૨૫૦૦ શ્રી મહાસુખભાઇ મણિલાલ મહેતા
૨૫૦૦ શ્રી સવિતાબેન કે. પી. શાહ
૨૫૦૦ શ્રી કિશોરભાઇ રસિકલાલ
૨૫૦૦ શ્રી મેસર્સ જશવંતલાલ છોટાલાલ
૨૫૦૦ શ્રી કુમુદબેન રસિકલાલ ભણશાળી
૨૫૦૦ શ્રી વસંતલાલ વાડીલાલ
૨૫૦૦ શ્રી વેલજી લધાભાઇ શાહ
૨૫૦૦ શ્રી ભાઇચંદ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ
૨૫૦૦ શ્રી વસુમતીબેન ભણશાળી
૨૫૦૦ શ્રી જયંતીલાલ લવજીભાઇ હસ્તે મનુભાઇ
૨૫૦૦ શ્રી સુરેશભાઇ જી. મહેતા
૨૫૦૦ શ્રી પ્રતાપ વી. શાહ
૨૫૦૦ શ્રી ધર્મીબેન મણિલાલ મહેતા
૨૫૦૦ શ્રી પ્રદીપ સુશીલચંદ્ર સંઘવી
૨૫૦૦ જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે મહેન્દ્રભાઇ
૨૫૦૦ શ્રી રસિકભાઇ શાહ
૨૫૦૦ સ્વ. ચંદનબેન પારેખ હસ્તે ભારતીબેન પારેખ
૨૫૦૦ શ્રી ઇન્દુલાલ એમ. દફતરી
૨૫૦૦ ડૉ. જ્યોતિબેન જયંત એસ. શાહ
૨૫૦૦ શ્રી જયાબેન વીરા
૨૫૦૦ શ્રી વીરેન્દ્રભાઇ સકરચંદ કાકાબળિયા
૨૫૦૦ શ્રી વૃજલાલ સોમચંદ ગાંધી ધ્રાંગધ્રા હસ્તે વિજયાબેન
૨૫૦૦ શ્રી વિજયાબહેન વૃજલાલ ગાંધી ધ્રાંગધ્રા
૨૫૦૦ શ્રી જયંતીભાઇ શાહ
૨૫૦૦ એક ભાઇ
૨૫૦૦ શ્રી ખુશીભાઇ સંઘવી પરિવાર
૨૫૦૦ શ્રી જ્યોત્સનાબેન શેઠ

❑❑❑

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

❑ અહેવાલ : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાએ આ વર્ષે ઓગણસાઠમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે. જ્ઞાન અને સાધનાની જ્યોત સમી આપણી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાને **શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ**નો છેલ્લાં અગિયાર વર્ષથી સતત આર્થિક સહયોગ મળતો રહ્યો છે. આ વર્ષની વ્યાખ્યાનમાળા ડૉ. **રમણલાલ ચી. શાહ**ના પ્રમુખસ્થાને રવિવાર, તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૩ થી રવિવાર, તા. ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૩ સુધી એમ આઠ દિવસ માટે ચોપાટી ખાતે બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાનો સંક્ષિપ્ત અહેવાલ નીચે પ્રમાણે છે.

○ **सुखकी प्राप्ति** : પ્રથમ દિવસે આ વિષય પર વ્યાખ્યાન આપતાં **ડૉ. હુકમચંદ ભારિલ્લે** જણાવ્યું હતું કે સંસારમાં જીવ દુ:ખી છે. દુ:ખથી બચવા ઈચ્છે છે. પરંતુ દુ:ખથી મુક્ત થવાનો વાસ્તવિક ઉપાય તેને મળતો નથી. તેથી તેને ભટકવું પડે છે. તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વાતિજીએ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યગ્ ચારિત્ર એ મોક્ષનો ઉપાય છે તેમ કહ્યું છે. સુખી થવાનો ઉપાય આત્માની પાસે જ છે. મનુષ્ય તેને સમજી આત્મસાત કરે તો તેનું દુ:ખ, ભવદુ:ખ અવશ્ય દૂર થઈ શકે. સંસારના સુખો, ઈન્દ્રિયસુખો ચિરકાલીન નથી. આત્મજ્ઞાન વિના ખરાં સુખની પ્રાપ્તિ નથી.

○ **ભગવાન મહાવીરનો પૂર્ણયોગ : શ્રી શશિકાંત મહેતા**એ આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે પરોપકાર છે ત્યાં પુરસ્કાર છે અને નમસ્કાર છે ત્યાં સાક્ષાત્કાર છે. ઋણમુક્તિ વિના મુક્તિની વાત અસ્થાને છે. એટલા માટે જ ભગવાનના પૂર્ણયોગનુ પ્રથમ સોપાન ઋણમુક્તિ છે. તીર્થંકર પરમાત્માએ આપણને બે અમૂલ્ય વસ્તુઓ આપી છે. એક છે સિદ્ધાંત દર્શન અને બીજી છે સિદ્ધાંત પાલન માટેનો જીવન યોગ. ભગવાન મહાવીરસ્વામીના જીવનમાંથી અને એમના ઉપદેશમાંથી પ્રેરણા લઈ, ભગવાને પ્રબોધેલા આત્મદર્શન, પરમાત્માદર્શન વગેરે દર્શનોને જીવનમાં ઉતારવાનો પુરુષાર્થ આપણે આપનાવવો જોઈએ.

○ **कषाय मुक्ति मोक्ष का उपाय** : આ વિષય પર વ્યાખ્યાન આપતા **પૂ. સાધ્વી શ્રી સોહનકુમારીજી**એ જણાવ્યું હતું આપણાં જીવનમાં ક્રોધ, માન, માયા, લોભી રૂપી કષાયો જ્યાં સુધી છે. ત્યાં સુધી આપણા જીવનનો ઉત્કર્ષ નથી. આ કષાયોથી આપણે છૂટી શકીએ. મુક્ત થઈ શકીએ તો આપણે મોક્ષ મેળવી શકીએ. આપણે વિભાવમાંથી મુક્ત થઈ સ્વભાવમાં આવવાનું છે. કષાયોને લીધે આપણું ભાવતંત્ર જે મલિન થઈ ગયું છે. તેને શુદ્ધ જાગૃત અને સચેત કરવાનું છે. આ વિશ્વમાં પર્યાવરણ પ્રદુષણ વધ્યું છે તેમ આપણી અંદરનું પ્રદુષણ પણ વધ્યુ છે. આપણે આપણા અંતરમાં ડોકિયું કરવાની ટેવ ધરાવતાં નથી. અંતર નિરીક્ષણ જ આત્મોન્નતિ કરી શકે પર્યુષણ પર્વને એટલે જ અંતરશુદ્ધિનું પર્વ કહ્યું છે.

○ **ધર્મધ્યાન અને જીવનશુદ્ધિ : ડૉ. ચિનુભાઈ નાયકે** આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે જે ધારણ કરે તે ધર્મ. વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર વિશ્વને ધારણ કરનારું ચાલકબળ તે ધર્મ છે. ધર્મ એ મનુષ્યનો ઉત્તમ સ્વભાવ છે. ધર્મ એટલે જીવન જીવવાની દૃષ્ટિ. પં. સુખલાલજીના મતે પારમાર્થિક ધર્મ એ જ જીવનની મૂળગત બાબત છે. આજે આપણે ધર્મને ભીખનું સાધન બનાવી દીધું છે ! આંખો બંધ કરો અને દિલની દૃષ્ટિ ઉઘાડો એ જ ધર્મ છે. જૈન પરંપરામાં સમ્યગ્ જ્ઞાન, દર્શન, અને ચારિત્રને જ ધર્મ કહ્યો છે. આપણું દર્શન ખોટું હોય પછી આપણી દૃષ્ટિમાં દોષ આવે જ. ધર્મ એ દેખાડો કરવાનું કે પ્રદર્શન કરવાનું સાધન નથી. ધર્મ મનુષ્યની આંતરિક બાબત છે. ધર્મ એ જીવનશુદ્ધિનું સાધન છે.

○ **જીવન-સંગીત અને માનવધર્મ** : આ વિષય પર વ્યાખ્યાન આપતાં **શ્રી હેમાંગિની જાઈ**એ જણાવ્યું હતું કે જ્ઞાનની સાધનાનું અને આત્માની આરાધનાનું હાર્દ પર્યુષણ પર્વ છે. જીવનમાં જેમ સંગીતની અનિવાર્યતા છે તેમ માનવધર્મની પણ આવશ્યકતા છે. આજે સાંસારિક ઉપાધિમાં આત્મા વેરણછેરણ, છિન્નભિન્ન થતો જોવા મળે છે.ત્યારે આ પર્વના દિવસો એ ખોવાયેલા આત્માને શોધી પુન: પ્રતિષ્ઠિત કરે છે.જૈન ધર્મનો પાયાનો સિદ્ધાંત અનેકાંત છે. આ વિશ્વમાં એકાંતે દર્શન તો હોઈ જ ન શકે. વસ્તુને અનેક સ્વરૂપે જોવી એનું જ નામ અનેકાંત. સર્વધર્મ સમભાવને વિકસાવવો હોય તો અનેકાંતનું સ્થાન સમજવું જરૂરી છે.

○ **સમકિત-પ્રાપ્તિની પ્રક્રિયા : શ્રી પ્રવીણભાઈ સી. શાહે** આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે આત્માની શુદ્ધ ચેતનાની અનુભૂતિ એ જ સમકિત. સંસારના સર્વ દુ:ખ, સર્વ કર્મનો ક્ષય કરીને મોક્ષના દ્વારે પહોંચાડનાર સમકિત છે. એટલા જ માટે કહેવામાં આવ્યું છે કે "સમકિત વિણ ચારિત્ર નહિ, ચારિત્ર વિણ નહિ મુક્તિ." સમકિત એ ભવ દુ:ખની દવા છે. સમકિતની હાજરીમાં કદી દુર્ગતિ થતી નથી. સમકિત મેળવનાર જીવ કદી પાપી કહેવાતો નથી. આપણા આત્માની મોહનીય અવસ્થાનો વિચાર કરીએ ત્યારે લાગે છે કે આ મોહનીય અવસ્થાથી માંડીને સંપૂર્ણ મોક્ષ સુધીની શુદ્ધ અવસ્થાએ સમકિત કઈ રીતે પહોંચાડે છે તે તરફ આપણે લક્ષ આપવાનું આવશ્યક છે.

○ **ચાતક પીએ નહિ એંઠા પાણી** : આ વિષય પર વ્યાખ્યાન આપતાં **શ્રી મનુભાઈ ગઢવી**એ ચાતક પક્ષીનું નું દૃષ્ટાંત આપીને કહ્યું હતું કે આજ કાલ જીવનમાં સત્તા અને સંપત્તિને કારણે અશુદ્ધિનું પ્રમાણ ઘણું વધી ગયું છે. અને એ અશુદ્ધિ ધર્મના ક્ષેત્રે પણ પ્રવેશી ગઈ છે. આજકાલ ધર્મના ક્ષેત્રમાં પણ વિતંડાવાદ અને દંભ જોવા મળે છે. માનવીના કલ્યાણને કેન્દ્રમાં રાખીને પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ ધર્મના ઉપદેશ આપતા. એવા ઉપદેશની વર્તમાન સમયમાં વિશેષ આવશ્યકતા છે.

○ **तमसो मा ज्योतिर्गमय** : **શ્રી હરિભાઈ કોઠારી**એ આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે આજે જગતના સર્વક્ષેત્રે જાણે અંધકાર છે. આ વિશ્વમાં ભોગવાદી ભક્તો. વિતંડાવાદી પંડિતો, જડ વિદ્યાર્થીઓ, ધંધાદારી ગુરુઓ, નિભ્રાંત વાલીઓ, સ્વાર્થી વેપારીઓ, સત્તાલોલુપ નેતાઓ, વિવેકશૂન્ય વ્યાવસાયિકો, લેભાગુ લેખકો, છીછરા સાહિત્યકારો, રડતા કવિઓ, મુરઝાએલા બાળકો, ઉત્સાહ શૂન્ય યુવાનો, ચિડિયા વૃદ્ધો, મોહિત મહિલાઓ, પામર પુરુષો, પલાયનવાદી કાર્યકરો સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે. માણસને માણસનું ગૈરવ કરતાં આવડવું જોઈએ. માણસને સંવાદી બનવું જોઈએ. સંવાદી માણસની જીવનના કોઈ ક્ષેત્રમાં હાર થતી નથી. ધર્મક્ષેત્ર આસક્તિ છોડવાનું ક્ષેત્ર છે પણ દુ:ખની વાત એ છે કે આ ક્ષેત્રમાં માણસની આસક્તિ વધતી હોય તેમ લાગે છે.

○ **अहिंसा की वैज्ञानिकता** : આ વિષય પર વ્યાખ્યાન આપતાં **શ્રી ડી. આર. મહેતા**એ જણાવ્યું હતું કે જૈનધર્મમાં અહિંસાના સિદ્ધાંતની ઘણી તાત્ત્વીક છણાવટ કરવામાં આવી છે. જૈન ધર્મની અહિંસા અતિ વ્યાપક સ્વપમાં છે અને એથી જ જૈનધર્મને અહિંસાધર્મ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે જે વસ્તુને બનાવવાનો તમને અધિકાર નથી તે વસ્તુને નષ્ટ કરવાનો પણ તમને અધિકાર નથી. દરેક પ્રાણીમાં જીવ છે. મૃત્યુ કોઈને ગમતું નથી. પ્રાણી હત્યા એ હિંસાનું વરવું સ્વરૂપ છે. આ વિશ્વમાં ભગવાન મહાવીરની પછી અહિંસાના સૌથી મોટા સમર્થક મહાત્મા ગાંધી રહ્યા છે.

○ **આત્માખોજ : પૂ. શ્રી જશુબાઈ મહાસતીજી**એ આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે આજનો માનવી પ્રતિષ્ઠા, પૈસા અને પરિવાર તરફ જ દૃષ્ટિ કરે છે. આત્મા તરફ તો તેની નજર જ નથી. પરની શોધમાં, પરની પ્રાપ્તિમાં પડેલો જીવ સ્વ તરફ વળતો

વર્ષ : ૪ ● અંક : ૧૧ ● ● તા. ૧૬-૧૧-૧૯૯૩ ● ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## असंविभागी न हु तस्स मोक्खो

—ભગવાન મહાવીર

## [અસંવિભાગીનો મોક્ષ નથી]

સમ એટલે સરખા; વિભાગી એટલે ભાગ કરનાર. અસંવિભાગી એટલે સરખા ભાગ ન કરનાર, સરખી વહેંચણી ન કરનાર.

ભગવાન મહાવીરે કહ્યું છે કે જે સંવિભાગી નથી અર્થાત્ જે પોતાનાં ધનસંપત્તિ વગેરે ભોગસામગ્રીમાંથી બીજાને સરખું વહેંચતો નથી તેવો માણસ ક્યારેય મોક્ષગતિ પ્રાપ્ત કરી શકતો નથી. ભગવાને શબ્દ પણ સંવિભાગ પ્રયોજ્યો છે, જે અર્થસભર છે. પોતાની લાખો કરોડોની ધનદોલતમાંથી માત્ર બે પાંચ રૂપિયાની કોઈને મદદ કરવી એ સંવિભાગ નથી. ઉચિત હિસ્સો એ સંવિભાગ છે.

કેવી કેવી વ્યક્તિઓ મોક્ષની અધિકારી નથી બની શકતી એ માટે ભગવાન મહાવીરે કહેલું વચન દસવૈકાલિક સૂત્રમાં નીચે પ્રમાણે આપવામાં આવ્યું છે :

ये यावि चंडे मइइड्ढिगारवे<br>
पिसुणे नरे साहस हीणपेसणे ।<br>
अदिट्ठधम्मे विणए अकोविए<br>
असंविभागी न हु तस्स मोक्खो ॥

[જે માણસ ક્રોધી હોય, બુદ્ધિમાં તથા ઋદ્ધિમાં આસક્ત હોય અને એનો ગર્વ કરનારો હોય , ચાડીચુગલી કરનારો હોય, અવિચારી સાહસ કરનારો હોય, હીન લોકોને સેવનારો હોય, અધર્મી હોય, અવિનયી હોય અને અસંવિભાગી હોય તેને મોક્ષ પ્રાપ્ત થતો નથી.]

અસંવિભાગીનો માત્ર સાદો શબ્દાર્થ લઈએ તો તેનો અર્થ થાય છે કે જે સરખા ભાગ પાડતો નથી. વેપારધંધામાં કે માલમિલકતમાં વહેંચણી વખતે ભાગીદારો, સાથીઓ, કુટુંબના સભ્યો વગેરે માટે જે સરખા ભાગ પાડતો નથી અને કપટભાવથી, લુચ્ચાઈથી, સ્વાર્થદૃષ્ટિથી નાનામોટા ભાગ પાડે છે તે પણ અસંવિભાગી કહેવાય છે. એવા માણસો પક્ષપાત અને અન્યને અન્યાય કરવાનું પાપ બાંધે છે. આવા સ્વાર્થી, પક્ષપાતી,લુચ્ચા, અન્યાય કરનારા, દંભી, અસત્યવાદી માણસોનો મોક્ષ નથી એ તો સ્પષ્ટ છે. પરંતુ અહીં અસંવિભાગી શબ્દનો માત્ર શબ્દાર્થ જ નથી લેવાનો. અહીં એ શબ્દ વિશાળ દૃષ્ટિથી અને વિશિષ્ટ હેતુથી પ્રયોજાયો છે. ભગવાને કહ્યું છે કે જે પોતાના ધનદોલતમાં સ્વેચ્છાએ સમાજના જરૂરિયાતમંદ માણસોનો ઉચિત હિસ્સો રાખતો નથી તેનો મોક્ષ નથી.

જે વ્યક્તિ હિંસા આચરે, અસત્ય બોલે, ક્રોધ કરે, અભિમાન કરે, અવિનયી હોય, નિંદક હોય તેવી વ્યક્તિ મોક્ષગતિ ન પામી શકે એ તો જાણે સમજી શકાય તેવી વાત છે. સંયમ અને સદાચાર વિના જીવની ઊર્ધ્વગતિ થતી નથી. જે વ્યક્તિ પાપાચરણમાં તીવ્ર રસ લે છે તે વ્યક્તિ ઘણાં ભારે કર્મો બાંધે છે અને જ્યાં સુધી તેવાં કર્મનો ક્ષય થતો નથી ત્યાં સુધી સંસારમાંથી તેને મુક્તિ પ્રાપ્ત થતી નથી. પરંતુ અસંવિભાગી વ્યક્તિને મોક્ષ નથી એમ કેમ કહેવાય ? આવો પ્રશ્ન થવો સ્વભાવિક છે, કારણ કે અસંવિભાગી બીજું કંઈ પાપ તો કરતો દેખાતો નથી.

અસંવિભાગી વ્યક્તિનો મોક્ષ નથી એવો વિચાર તાત્કાલિક કદાચ કોઈકને આશ્ચર્ય ઉપજાવે એવો છે. માણસ પોતાનાં ધન સંપત્તિમાંથી ભેટ કે દાન રૂપે બીજાને કશું ન આપે તો તેમાં એવો ક્યો મોટો અનર્થ થઈ જાય છે એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે. માણસને પોતાની આજીવિકા સંપૂર્ણપણે પોતાને જ ભોગવવાનો કાયદેસર હક્ક છે. વળી એવો હક્ક હોવો પણ જોઈએ એમ કોઈ માને તો તે માન્યતા લોકોમાં વ્યાજબી ગણાય છે, કારણકે પોતાની ધનસંપત્તિ પોતે ભોગવવી એમાં કશું ગેરકાયદેસર નથી. આ વિચાર પ્રથમ દૃષ્ટિએ કદાચ સાચો ભાસે તો પણ તે યથાર્થ નથી એમ જરા ઊંડાણથી વિચારતાં સમજાશે. માણસ જે અર્થોપાર્જન કરે છે તેમાંથી સીધી કે આડકતરી રીતે રાજ્યસરકારના કરવેરા દ્વારા કેટલીક રકમ તો અવશ્ય ચાલી જ જાય છે. રાજ્ય વ્યવસ્થા માટે તે અનિવાર્ય છે. કોઈ નાગરિક તેમાંથી બચી શકતો નથી. અલબત્ત પોતાની કમાણીમાંથી રાજ્ય સરકારને કરવેરા દ્વારા પરાણે અને અનિચ્છાએ ધન આપવું એ એક વાત છે અને પોતાના ધનનો સ્વેચ્છાએ બીજાના ઉપયોગ માટે ત્યાગ કરવો એ બીજી વાત છે. પરંતુ ત્યાગ અને સહકારની ભાવના વિના જીવનવ્યવસ્થા, સમાજવ્યવસ્થા કે રાજ્યવ્યવસ્થા સરળતાથી ચાલી ના શકે.

બાળક જ્યારે જન્મે છે ત્યારે તરત જ સ્તનપાન કરે છે. માતા અને બાળક વચ્ચે આ રીતે લેવડદેવડનો વ્યવહાર સ્થપાય છે. માતા કશુંક આપે છે અને બાળક કશુંક ગ્રહણ કરે છે. બાળક મોટું થાય ત્યાં સુધી તેને ખવડાવવા-પીવડાવવાની, ભણાવવાની, સાચવવાની, લગ્ન કરાવી આપવાની, નોકરીધંધે બેસાડવાની જવાબદારી માતા-પિતાને માથે રહે છે. આમ એક કુટુંબના સભ્યો વચ્ચે આદાન-પ્રદાનનો ઋણાનુબંધ

રહ્યા કરે છે. ક્યારેય કુટુંબમાં કોઈ સભ્યને એવો પ્રશ્ન થતો નથી કે બીજા માટે હું શા માટે કશું કરું ? અથવા બીજાનું હું શા માટે કશુંક ગ્રહણ કરું ?

કોઈ પણ વ્યક્તિ પોતાના જીવનનિર્વાહ માટે જરૂરી એવી અન્ન, વસ્ત્ર, રહેઠાણ, ઔષધ વગેરે પ્રકારની તમામ ચીજવસ્તુઓનું ઉત્પાદન પોતે જ કરે એવું બનતું નથી. એવો આગ્રહ કોઈ રાખતું નથી અને રાખે તો તે ટકી શકે તેમ નથી. એટલા માટે જ સમાજના સભ્યો એક એકમ તરીકે પરસ્પર સહકારથી રહે છે અને જીવે છે.

વળી, સમાજમાં બધા જ માણસો એક જ પ્રકારનો વ્યવસાય કરે તો તે સમાજ ટકી શકે નહિ. સમાજના જુદા જુદા વર્ગો પોતપોતાની શક્તિ અને આવડત અનુસાર તથા પોતપોતાના સંજોગો અને તક અનુસાર પોતાનો વ્યવસાય મેળવી લે છે કે શોધી લે છે. ક્યારેક વ્યવસાય પરિવર્તન પણ થયા કરે છે. પોતપોતાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે એમ કરવું અનિવાર્ય બની જાય છે. સમાજના વિભિન્ન વર્ગો વચ્ચે જીવનની જરૂરિયાતો અંગે આ રીતે વિભિન્ન વ્યવસાય દ્વારા આદાનપ્રદાનની ક્રિયા સતત ચાલતી રહે છે. એમાં કોઈને ભાર લાગતો નથી. પોતપોતાને ભાગે આવેલું કામ દરેક પોતપોતાની ઈચ્છાશક્તિ અનુસાર કર્યે જાય છે. સમાજની આ વ્યવસ્થામાં સંવિભાગનો સિદ્ધાંત ઘણે અંશે વણાઈ ગયેલો હોય છે.

દરેક વ્યક્તિની ઉત્પાદક શક્તિ અને ઉપભોગશક્તિ એક સરખી નથી હોતી. વળી સમાજમાં લોકોનાં બૌદ્ધિક સ્તરની અને શારીરિક શક્તિની ઉચ્ચાવચતા હોવાને લીધે દરેક વ્યક્તિની જીવનપર્યંત ઉત્પાદક શક્તિ પણ એક સરખી નથી હોતી અને ઉપભોગ શક્તિ પણ એક સરખી નથી રહી શકતી. મનુષ્ય જ્યારે સમાજની સ્થાપના કરીને તેના એક અંગ રૂપે રહ્યો છે ત્યારે આવી ઉચ્ચાવચતાને કારણે પરસ્પર સહકારનો સિદ્ધાંત એના પાયામાં રહેલો હોવો જોઈએ. આ સહકારની ભાવના ન હોય તો સમાજમાં ક્લેશ, દ્વેષ, સંઘર્ષ વગેરે રહ્યા કરે અને સમાજ છિન્નવિચ્છિન્ન થઈ જાય. સમાજમાં બધા જ માણસો વચ્ચે સમાનતાના ધોરણને જો સ્વીકારવામાં આવે અને પરસ્પર સુમેળ ભર્યા સહકારની ભાવના પોષાયા કરે તો સમાજવાદની એક આદર્શ સ્થિતિનું નિર્માણ થઈ શકે. એ માટે જે કર્તવ્યનિષ્ઠા જોઈએ તે તો પરસ્પર પ્રેમ ભાવ હોય તો જ ટકી શકે. પ્રેમભાવ હોય તો જ પોતાની માલિકીનાં ધન સંપત્તિમાં, ભોગોપભોગમાં બીજાને સંવિભાગી બનવા નિમંત્રણ આપી શકાય. જે સમાજમાં આ સંવિભાગીપણું નથી અથવા ઓછું છે તે સમાજ શુષ્ક, જડ અને નિષ્પ્રાણ બની જાય છે. આમ ભૌતિક દૃષ્ટિએ પણ સમાજમાં સંવિભાગીપણાની ભાવનાની આવશ્યકતા રહે છે.

કોઈ પણ વ્યક્તિ પોતે પોતાના પુરુષાર્થ વડે જે કંઈ ધન સંપત્તિનું ઉપાર્જન કરે છે તે એવું વ્યવસ્થિત અને ચોકસાઈ ભરેલું નથી હોતું કે જેથી એના જીવનનો જ્યારે અંત આવે ત્યારે એના ઉપભોગ માટે તે બધું જ પૂરેપૂરું વપરાઈ ગયું હોય અને એક કણ જેટલું ન તો ઉછીનું લેવું પડતું હોય કે ન તો કંઈ વધ્યું હોય. જીવનની વ્યવસ્થા જ એવી છે કે, ગૃહસ્થમાણસ સંસાર છોડીને ચાલ્યો જાય છે ત્યારે કાં તો તે કાંઈક દેવું મૂકીને જાય છે અને કાંતો તે કંઈક વારસો મૂકીને જાય છે. છેવટે કશું જ ન હોય તો પણ માણસના શરીર ઉપરનું વસ્ત્ર પણ તે મૂકી ને જાય છે. જીવનમાં આમ બનવું અનિવાર્ય છે. ગૃહસ્થોની આ વાત તો સમજાય એવી છે, પરંતુ સાધુ-સંતોની બાબતોમાં પણ તેમ બને છે, કારણ કે તેમના ગયા પછી તેમનાં વસ્ત્ર, પાત્ર, કમંડલ, ગ્રંથ તથા અન્ય ઉપકરણો તો રહી જતાં હોય છે.

સંસારમાં કોઈ પણ જીવ જન્મ-જન્માન્તરની દૃષ્ટિએ એકલો જીવી શકતો નથી. એને ક્યારેક અને ક્યારેક કોઈક વસ્તુ માટે બીજા જીવોનો સહારો અવશ્ય લેવો જ પડે છે. તો બીજી બાજુ બીજાની ઉપર અનુગ્રહ કરવો એ પણ જીવનું એક મહત્ત્વનું લક્ષણ છે. મન- વચન અને કાયાથી બીજા જીવોને જીવવામાં સહાયરૂપ થવું એ ઉત્તમ જીવનું લક્ષણ છે. તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે : 'परस्परोपग्रहो जीवानाम्' એટલે કે એક બીજા ઉપર ઉપકાર કરવો એ જીવોનું લક્ષણ છે. જીવો એકબીજાનો ઉપકાર લઈને જ જીવી શકે છે. સ્થૂળ કરતાં સૂક્ષ્મ દૃષ્ટિએ આ વિચાર વધુ સમજવા જેવો છે. એટલે જ ઉપકાર બુદ્ધિ, પરાર્થકારિતા એ જીવનું એક મહત્ત્વનું લક્ષણ છે. એ લક્ષણ જેટલું વધારે વિકસિત એટલી જીવની ગતિ ઉચ્ચ. એટલે જ શાસ્ત્રકારો કહે છે કે એટલું તો નિશ્ચિત જ છે કે પરાર્થકારિતાના ગુણ વિના કોઈ પણ જીવનો મોક્ષ નથી. હરિભદ્રસૂરિએ કહ્યું છે કે જે જીવો 'લોભરતિ' છે, અર્થાત મેળવવામાં જ આનંદ પામે છે, આપવામાં આનંદ નથી અનુભવતા એવા જીવો ભવાભિનંદી જ રહેવાના. એમને સંસારમાં રખડવું જ ગમે છે, મોક્ષની રુચિ એમને થતી નથી.

વહેંચીને ખાવાની, સહકાર અને સંપની ભાવનાનાં મૂળ કુટુંબજીવનમાં ઊંડા રહેલાં છે. માતા ભૂખે રહીને પણ બાળકને ખવડાવે છે અને તેનો આનંદ અનુભવે છે. માતાપિતા આખી રાત ઉજાગરો કરીને પોતાના માંદા બાળકને સાચવે છે. વૃદ્ધાવસ્થામાં સંતાનો કમાય છે અને વૃદ્ધ માતાપિતાને બેઠાં બેઠાં ખવડાવે છે. માતાપિતા અશક્ત કે માંદા થયાં હોય તો સંતાનો પૂરતો સમય આપીને તેમની સંભાળ રાખે છે. (અલબત્ત ક્યાંક અપવાદ હોઈ શકે છે) આ બધું કર્તવ્ય રૂપે છે, પરંતુ તે એટલું સહજ છે કે એકંદરે કોઈને એમાં કશું શીખવાનું હોતું નથી કે કોઈને તે બોજરૂપ લાગતું નથી.

'ખવડાવીને ખાવો'ની ભાવના મનુષ્યને સંસ્કારના ઉચ્ચત્તર સ્તર ઉપર લઈ જાય છે. બીજાને માત્ર ખવડાવવાની બાબતમાં જ નહિ પણ એની બધી જ જીવન જરૂરિયાતોની બાબતોમાં ઉદારતાથી સહકાર આપવાની ભાવના ભારતીય સંસ્કૃતિમાં પ્રાણરૂપ ગણી છે. આંગણે આવેલો અતિથિ દેવ બરાબર છે-'अतिथि देवो भव'. અતિથિની બાબતમાં ભારતીય સંસ્કૃતિનો આ સર્વોચ્ચ આદર્શ છે. આવી ઉચ્ચ ભાવના અન્યત્ર ક્યાંય જોવા મળતી નથી.

'અતિથિ-સંવિભાગ'એ ભારતીય સંસ્કૃતિનું એક મહત્ત્વનું ગૌરવભર્યું લક્ષણ છે. જૈન શ્રાવકોનું તો એ એક વ્રત ગણાય છે, જેમાં અતિથિના અર્થમાં સાધુ-સાધ્વીઓ ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે.

ભૌતિકદૃષ્ટિએ વિકસતા જતા આધુનિક વિજ્ઞાનને કારણે, નવી નવી જીવન પદ્ધતિને કારણે, તથા નવી અર્થવ્યવસ્થાને કારણે મનુષ્યમાંથી આ 'અતિથિદેવો ભવ' ની ભાવના ઘણી ઘસાતી ચાલી છે. વર્તમાન જીવન વ્યવસ્થા અને ઘરકામના ભારને લીધે પણ આ ભાવના લુપ્ત થવા લાગી છે. ઘરે અચાનક અજાણ્યા મહેમાન આવે અને પોતે રાજી રાજી થાય એવું હવે કેટલાં ઓછાં સ્ત્રીપુરુષોની બાબતમાં જોવા મળે છે ! એમાં વ્યક્તિના દોષ કરતાં પરિસ્થિતિનો દોષ વધુ મોટો છે. અન્ય દેશોની જીવન પ્રણાલિકાનો પ્રભાવ ભારતીય જીવન પ્રણાલિકા ઉપર ઘણો પડયો છે તો બીજી બાજુ ભારતીય અતિથિ-ભાવનાનો દુરપયોગ પણ ઘણો થયો છે. એટલે આમ બનવું સ્વભાવિક છે. તેમ છતાં અતિથિ સંવિભાગની ભાવના હૃદયમાં અવશ્ય સંઘરી રાખવા જેવી છે. પોતાના આહારમાંથી સાધુસંતોને ભિક્ષા-ગોચરી આપવાની ભાવનાનું રોજેરોજ પોષણ-સંવર્ધન કરવા જેવું છે. આંગણે આવતા અતિથિઓ-અભ્યાગતોમાં સર્વોચ્ચ સ્થાન સાચા સાધુસંતોને આપવા જેવું છે.

ભારતમાં કેટલાય લોકોને રોજનો એવો નિયમ હોય છે કે પોતાના ભોજનમાં કોઈકને સહભાગી બનાવવા જોઈએ. રોજેરોજ તો મહેમાનો ક્યાંથી હોય ? તો પણ પોતાનું રાંધેલું ફક્ત પોતેજ ખાવું એ તો નરી સ્વાર્થી સંકુચિત વૃત્તિ ગણાય. એટલે કેટલાયે લોકો રોજેરોજ પહેલાં શેરીમાં ગાય કે કૂતરાને ખવડાવીને પછી પોતે ખાય છે. આ ભાવનાનો રૂઢાચાર તો એટલી હદ સુધી થયો કે પોતે કુટુંબના સભ્યોની સંખ્યાનુસાર

માપીને રસોઈ કરે છે અને જરા પણ રસોઈ વધવી ન જોઈએ એવી વાત પોતાના ઘરમાં ન થવી જોઈએ. એટલા માટે સ્ત્રીઓ રોટલી કે રોટલો કરતી વખતે એક નાની ચાનકી વધારાની કરતી હોય છે. આ ચાનકી એ સંવિભાગનું પ્રતીક છે. સમાજમાં કેટલાયે એવા ઉદારચિત મહાનુભાવો હોય છે કે જેમને પોતાને ઘેર કોઈ મહેમાન જમનાર ન હોય તો આનંદ ન થાય. હજુ પણ ગુજરાત, રાજસ્થાન અને બીજા પ્રદેશોમાં કેટલાયે એવા જૈન છે કે જેમનો રોજનો નિયમ છે કે રેલવે સ્ટેશન પર જઈ કોઈક અજાણ્યા સાધર્મિક ભાઈને જમવા માટે પોતાના ઘરે તેડી લાવે અને એમને જમાડયા પછી પોતે જમે. જે દિવસે એવી કોઈ વ્યક્તિ ન મળે તો તે દિવસે એમને ઉપવાસ થાય.

વહેંચીને ખાવાના સિદ્ધાંતમાં સમાજવાદનાં મૂળ રહેલાં છે. સમાજના દરેક નાગરિકને આજીવિકાના અને ઉપભોગના એક સરખા હક્ક મળવા જોઈએ અને એક સરખી તક મળવી જોઈએ. આ એક આદર્શ ભૂમિકા છે. જ્યાં આ સ્વરૂપ સચવાતું નથી અને જ્યાં સમાજનો એક વર્ગ અતિશય ધનસંપત્તિ એકત્ર કરીને એશઆરામ કરે છે અને એજ સમાજનો બીજો વર્ગ પેટનો ખાડો પૂરો કરવા દિવસ રાત કાળી મજૂરી કરે છે એ સમાજમાં ઝઘડા-કલેશ, સંઘર્ષ, ખૂન, વર્ગવિગ્રહ ઈત્યાદિ આવ્યાં વગર રહેતાં નથી. એટલા માટે જ ભગવાન મહાવીરે કહ્યું છે કે જે દાન આપતો નથી, અસંવિભાગી છે, સંગ્રહખોર છે, અપ્રમાણભોગી છે તે નૈતિક દૃષ્ટિએ સમાજનો ચોર છે. તે અસ્તેય-અચૌર્ય નામના મહાવ્રતનો ભંગ કરનારો છે.

વર્તમાન સમયમાં ચારે બાજુ સંઘર્ષ, ક્લેશ, દ્વેષ, હિંસા અને અશાંતિનું વાતાવરણ વધતું હોય તેવું જોવા મળે છે. મનુષ્યની વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક કે રાષ્ટ્રીય સ્તરે રહેલી સંકુચિત સ્વાર્થવૃત્તિને કારણે આ સંઘર્ષમય અશાંત સ્થિતિ સર્જાય છે. જ્યાં જ્યાં ઉદારતા છે, પ્રેમભાવ છે. સહિષ્ણુતા છે, સહકાર છે ત્યાં ત્યાં શાંતિ, અને સરળતા પ્રત્યક્ષ જોવા મળે છે. મનુષ્ય પોતાના દેશ, જાતિ, ભાષા અને ધર્મના સંકુચિત કોચલામાંથી બહાર આવી મનુષ્યમાત્રને માનવતાની દૃષ્ટિએ નિહાળે, ભૌતિક ભેદો એની દૃષ્ટિમાંથી વિગલિત થઈ જાય તો જીવન તેને માટે સ્વર્ગ જેવું બની શકે છે. માત્ર માનવતાની ભાવના આગળ જ અટકી ન જતાં પશુ-પંખીઓ સહિત સર્વજીવો પ્રતિ જે લોકો પોતાની આત્મચેતનાનો વિસ્તાર અનુભવે છે તેઓને તો સૂક્ષ્મ આધ્યાત્મિક અનુભૂતિનો અવર્ણનીય આનંદ માણવા મળે છે.

સંવિભાગની ક્રિયા સ્થૂળ હોય તો પણ તેના સંસ્કાર ઊંડા પડે છે. માણસમાં દાન અને દયાનો ગુણ વિકાસ પામે છે. ગ્રહણ કરવું, મેળવવું, પ્રાપ્તિથી રાજી થવું, ઝુંટવી લેવું એવા બધા સ્થૂળ સંસ્કાર તો જીવોમાં અનાદિકાળથી રહેલા છે. એ શીખવવા માટે બહુ જરૂર રહેતી નથી. નાનું બાળક પણ પોતાની મનગમતી વસ્તુ લઈને તરત રાજી થઈ જાય છે. બીજાને આપવાનું બાળકને શીખવાડવું પડે છે. પોતાનું એક જ રમકડું હોય તો પણ બાળક રાજી ખુશીથી બીજા બાળકને તે રમવા આપી શકે તો સમજવું કે તેમનામાં સંવિભાગનો ગુણ ખીલ્યો છે. આ ગુણ કેટલીકવાર ખીલ્યો હોવા છતાં સંજોગો બદલાતાં ઢંકાઈ જાય છે કે ઘસાઈ જાય છે. પરંતુ વિપરીત સંજોગામાં પણ એ ગુણ ટકી રહે એ જ એની મહત્તા છે. એ ગુણ જેમ જેમ વિકસતો જાય તેમ તેમ બીજા જીવો પ્રતિ ઉદારતા, સમાનતા વગેરે પ્રકારના ભાવો વિકસતા જાય છે. આવા ગુણો જેમ જેમ વિકસતા જાય તેમ તેમ તેની સાથે સંલગ્ન એવા અન્ય ગુણો પણ વિકસતા જાય છે. ગુણવિકાસ એ આધ્યાત્મિક વિકાસની પૂર્વભૂમિકા છે. બીજા જીવો પ્રત્યે આત્મૌપમ્યની ભાવના જ્યાં સુધી ન આવે ત્યાં સુધી 'સર્વ જીવ છે સિદ્ધસમ' એવી દૃષ્ટિ અંતરમાં સ્થિર ન થાય. એ સ્થિર ન થાય ત્યાં સુધી આધ્યાત્મિક વિકાસની શક્યતા નથી. જો એ ન હોય તો પછી મોક્ષ પ્રાપ્તિની તો શક્યતા જ ક્યાંથી ? એટલા માટે જ ભગવાન મહાવીરે સાચું જ કહ્યું છે કે અસંવિભાગી વ્યક્તિનો મોક્ષ નથી.

❑ રમણલાલ ચી. શાહ

## ધીરજબેન દીપચંદ શાહ પ્રેરિત રમકડાં ઘર (Toy Library) રમકડાંની ડેમોન્સ્ટ્રેશનની યોજના

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ચાલતી ઉપરોક્ત પ્રવૃત્તિમાં બાળકોને રમકડાં, બાલ પુસ્તકો અને બાળગીતોની કેસેટ ઘરે લઈ જવા માટે આપવામાં આવે છે. રમકડાંઘરના ૨૫૦ થી વધુ સભ્યો છે અને દર રવિવારે પચાસેક બાળકો રમકડાં ઘરે રમવા લઈ જાય છે. દિન-પ્રતિદિન દેશ વિદેશમાં મોંઘા અને સુંદર રમકડાં નીકળતાં જાય છે. એવાં મોંઘા રમકડાં વસાવવાનું કે ઘરે રમવા આપવાનું સરળ નથી. સામાન્ય માણસને લેવા કે જોવા પણ ન મળે એવાં નવાં નવાં રમકડાનું ડેમોન્સ્ટ્રેશન દર રવિવારે ૪-૦૦ થી ૪-૩૦ના સમયે સંઘના કાર્યાલયમાં કરવાની અમારી યોજના છે. જેઓની પાસે નવું મોંઘુ રમકડું હોય અને જેઓ રવિવારે આવીને પોતાના રમકડાંનો આનંદ બાળકોમાં વહેંચવા માગતા હોય તો તેવાં રમકડાનું ડેમોન્સ્ટ્રેશન રવિવારે ગોઠવતાં અમને આનંદ થશે. એ માટે કાર્યાલયમાં સંપર્ક કરી આપનું નામ, સરનામું અને ફોન નંબર જણાવશો, જેથી અમે આપનો સંપર્ક કરીને આપના રમકડાંનું ડેમોન્સ્ટ્રેશન બાળકો માટે ગોઠવી શકીએ.

ડૉ. અમૂલ શાહ
જયાબહેન વીરા
સંયોજકો, રમકડાં ઘર

## નેત્ર યજ્ઞ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આર્થિક સહયોગથી શ્રી યુસુફ મહેરઅલી સેન્ટર દ્વારા રવિવાર, તા. ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ પનવેલ પાસેના તારા ગામે યુસુફ મહેરઅલી સેન્ટરમાં નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

સંઘના સભ્યો માટે આ નેત્રયજ્ઞની અને યુસુફ મહેરઅલી સેંટરની મુલાકાત લેવા માટે સંઘ તરફથી બસની વ્યવસ્થા કરવામાં આવી છે. રવિવાર, તા. ૧૯મી ડિસેમ્બરે, સવારના ૯-૦૦ કલાકે સંઘના કાર્યાલય પાસેથી બસ ઊપડશે અને દાદર, માટુંગા, ચેંબુર થઈ તારા પહોંચશે. તારાથી બપોરે સાડા ત્રણ વાગે બસ ઊપડશે અને ચેંબુર, માટુંગા, દાદર થઈ મુંબઈ પાછી આવશે. બપોરનું ભોજન સેંટરમાં રહેશે.

આ નેત્રયજ્ઞમાં આવવાની જે સભ્યોની ઈચ્છા હોય તેમણે તા. ૩૦-૧૧-૯૩ સુધીમાં રૂ. ૧૦-૦૦ ભરી પોતાનાં નામ સંઘના કાર્યાલયમાં નોંધાવી દેવા વિનંતી છે.

રસિકલાલ લહેરચંદ શાહ
સંયોજક

નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
મંત્રીઓ

# નિષ્કારણ પદગતિ !

❑ ડૉ. પ્રવીણ દરજી

હમણાં રોબ્બ ગ્રિયેની એક સરસ વાર્તા વાંચી. વારંવાર યાદ કરવી તો ગમે જ, પણ જ્યારે જ્યારે યાદ કરીએ ત્યારે એક જુદા જ અર્થઘટન પાસે એ વાર્તા મૂકી આપે છે. વાચકે વાચકે એના ભિન્ન અર્થો નીકળી શકે એવી કૃતિ છે. ખાસ તો આજના સામજિક પરિવેશમાં મનુષ્ય જે રીતે જીવી રહ્યો છે, એ સંદર્ભે આ વાર્તા સ્પર્શી ગઈ. વાર્તાનું નામ છે 'સમુદ્રકાંઠો'. શીર્ષક જોતાં આપણને એમ થવાનું કે કદાચ એમાં સમુદ્રની વાર્તા હશે. અથવા સમુદ્ર કાંઠે બેઠેલા નાયક-નાયિકાની તેમાં કથા હશે, કે પછી સમુદ્ર કાંઠે વિષાદ મગ્ન કોઈ નાયક-નાયિકા જાત સાથે વાર્તાલાપ કરતાં હશે. પણ ના, અહીં એમાનું એવું કશું નથી. આ વાર્તામાં કોઈ નાયક નથી કોઈ નાયિકા નથી, નથી એમાં વિષાદની વાત આવતી કે નથી એમાં કોઈ આનંદનો સંકેત. એમાં તો ત્રણ બાળકો આવે છે. કથાનાં પાત્રો ગણો કે નાયક ગણો એ ત્રણ બાળકો જ. છતાં આપણે એમ પણ માની લેવાની જરૂર નથી કે એ કથા બાળકો માટે લખાઈ છે, અથવા બાળકોની કથા છે. રોબ્બે બાળકો તો આડશ રૂપે લીધા છે. બાળકોની પાછળ જે કંઈ એ સૂચવવા માગે છે તે તો મોટેરાંઓ સાથે, કહો કે મારી-તમારી સાથે સંબંધિત છે.

હા, તો અહીં આ વાર્તામાં ત્રણ બાળકો છે. બાળકો એ બાળકો. બહુ મોટી ઉંમર તો એમની નથી જ. પ્રાથમિક શાળામાં ભણતાં બાળકો જ હોવાં જોઈએ. અલબત્ત, લેખક એ વિશે ફોડ પાડતા નથી. આટલી જ હકીકત-એ ત્રણ બાળકો છે. ખુલ્લાં છે. પરગખાં કે એવું કશું તેઓએ પહેર્યું નથી. ત્રણે ધીમે સમુદ્ર કાંઠાની રેતી ઉપર ડગલાં ભરે છે. પોતાની રીતે પોતાની મસ્તીમાં રેતી ઉપર એ ત્રણેની પગલીઓ અંકિત થતી જાય છે. રેતીમાં ખુલ્લા પગે ચાલવું, પોતાનાં પદચિહ્નો અંકિત થતાં જોવાં એ એક વિસ્મયકારી ઘટના છે. ભીની ભીની રેતી, ખુલ્લા પગને ભીની રેતીનો સ્પર્શ, ઉપર ખુલ્લું આકાશ, સમુદ્રમાં મોજાંનો ઉછાળ, એનું ગર્જન-આ બધું મનને નર્તતું કરી દે એવું છે. છતાં એ વિશે નથી એવું કશું લેખક કહેતા કે એવો કશો રોમાંચ બાળકો દ્વારા પણ નથી પ્રકટતો, લેખક તો વળી વળીને એક જ વાત અભિવ્યક્ત કરે છે; બાળકો ચાલ્યા કરે છે, ડગલાં ભર્યા કરે છે. એમના પગ પેલી ભીની રેતીને સ્પર્શ્યા કરે છે, રેતીમાં તેથી તેમના પગલાં આકારાય છે, ક્યાંક આ પગલું એકાદ ઈંચ ઊંડું પડે છે, ક્યાંક સપાટી ઉપર એનું ચિહ્ન છોડી જાય છે. રોબ્બને જાણે રસ છે પેલાં બાળકોને એમ અન્યમનસ્ક રાખી રેતીમાં ચાલતાં રાખવામાં. દૃશ્ય તરીકે એ અપીલ કરે તેવી બાબત છે. રોબ્બ જો કે, પેલી પગલીઓને ઢાંકી દેવા મથતી હવાનું ચિત્ર દોરે છે, પાણીના મોજા વિશે પણ તે વચ્ચે વચ્ચે વર્ણન કરે છે. એની નજર વધુ તો બાળકોની પદગતિ ઉપર જ ઠરી છે. ઘડીભર વાચકને એમ થાય કે બાળકોની પદગતિ દ્વારા રોબ્બને શું અભિપ્રેત હશે ? પણ આપણા આવા પ્રશ્નોનો કશો ઉત્તર મળે તેમ નથી. કારણ કે આ બાળકો કોણ છે? ક્યાં જઈ રહ્યાં છે ? શા માટે તે ઓ જઈ રહ્યાં છે ? તેઓ શો વિચાર કરી રહ્યાં છે ? તેમની શી ઇચ્છાઓ છે ? કશી આકાંક્ષાઓ સાથે તેઓ આમ કરી રહ્યાં છે ? તેઓ ઘર ત્યજીને નીકળ્યાં છે ? ઘેર જશે કે કેમ ? -આ કે આવા અનેક પ્રશ્નો વિશે નથી બાળકો આપણને કશું કહેતાં કે નથી એના લેખક પણ કશું સૂચવતા. હા, એક બીજી વાત અહીં છે. બાળકોની આગળ આગળ પક્ષીઓ જે ઉડાઊડ કરી રહ્યાં છે તેનું વર્ણન અહીં હૃદ્ય રીતે થયું છે. પેલા નિર્દોષ, બાળકો અને એવાં જ આ પક્ષીઓનું કોલાજ રચાય છે.

આખી વાર્તામાં આ બાળકો માત્ર એકવાર થોડીક વાતચીત કરે છે. એ વાતચીત ઘણી ટૂંકી છે. એ વાતચીતમાં નથી એમનાં સગાસંબંધીઓની વાત કે નથી એમાં તેમના ઘર અંગેની વાત. આગળ વધવા કે પાછળ જવા માટે પણ એમાં નિર્દેશ મળતો નથી. એ ત્રણ બાળકોએ ઘંટનો અવાજ સાંભળ્યો અને ત્રણેય પરસ્પર એકબીજાને પૂછવા લાગ્યા : 'આ પહેલો ઘંટ થયો કે બીજો ઘંટ થયો ?'- વાતચીત ગણો કે જે ગણો તે આટલું જ પણ ઘંટના અવાજ વિશેય તેઓ પછી કોઈ ઝાઝી જિજ્ઞાસા દાખવતા નથી. કશું કુતૂહલ એમનામાં બાકી રહ્યું ન હોય તેમ ટૂંકી વાતચીત પછી તેઓ પોતાની પગલી પાડવાની ક્રિયામાં ગરક થઈ જાય છે. લેખકે પણ વાત ત્યાં જ અટકાવી દીધી છે. ધાર્યું હોત તો તેઓ ઘંટના અવાજ વિશે સ્પષ્ટતા કરી શક્યા હોત. ઘંટનો એવો અવાજ શાળાનો પણ હોઈ શકે, અથવા કશાક ભયની ચેતવણીનો પણ એ અવાજ હોઇ શકે. ચર્ચમાંથી આવતો અવાજ પણ હોઈ શકે, પણ અહીં લેખકને એવી કોઈ સ્પષ્ટતા કરવી ગમી નથી. પેલાં બાળકોને પણ એ ઘંટનો અવાજ શાનો છે ? તેમાં દિલચસ્પી નથી. અવાજ સાંભળ્યો, ઘડી વાતચીત અને ફરી એ જ પૂર્વ ગતિ. આમ વાર્તા પૂરી થાય છે. વિવેચકોને આ વાર્તા વિશે જે કહેવું હોય તે ખરું, શિક્ષકોને એમાંથી જે અર્થઘટનો કાઢવાં ગમે તે ખરાં. પણ એક વાત અહીં દીવા જેવી છે. આ વાર્તા માત્ર પેલાં ત્રણ બાળકોની નથી. આ વાર્તા આજના આખા સમાજની છે. કદાચ જેટલી તે મારી કથા છે તેટલી જ તે તમારી કથા છે. આપણે સૌ દોડી રહ્યા છીએ-ક્યાં ? કેમ ? કઈ દિશામાં ? શાને કારણે ? -એની આપણને કોઈને કશી ખબર નથી. નિરુદ્દેશ, નિષ્કારણ આપણી પદગતિ રહી છે. પેલાં બાળકોની જેમ. એક બીજા સાથે વાત કરવાની, હૃદય ખોલવાની પણ કોઈને ઇચ્છા થતી નથી. બીજાની સાથેનો તો ખરો જ પણ પોતાની સાથેનો સંવાદ તાર પણ તૂટી ગયો છે. પેલી ઘંટડી રણકી એનો અવાજ કાને પડયો, કાન થોડાક સરવા થયા, પણ પછી તરત હતા ત્યાંને ત્યાં કશી ઉત્સુકતા તે વિશે નથી. આપણે ક્યાંય જવા ઇચ્છતા નથી, કશું કરવા માટેની આપણી તૈયારી જ નથી. કશા વિશે ચિંતા-ચિંતન કે વિચાર વિમર્શ પણ શકય નથી. માત્ર ભોગ એજ જીવન એવું ટૂંકુ સમીકરણ સૌને હાથ લાગી ગયું છે. જ્ઞાન-વિજ્ઞાન, ઈતિહાસ, સંસ્કૃતિ, મનુષ્યની સભ્યતા, સારપ બધું એકદમ વ્યર્થ બનતું જતું જોવાય છે. કહો કે એનો અંત આવી રહ્યો જણાય છે. એની પેલી પદગતિ પ્રગતિ નથી. માત્ર ગતિ છે. સંભ્રમવાળી. અનિષ્ટોનો, ભ્રષ્ટતાને, ભોગને આપણા યુગમાં વ્યાપક માન્યતા મળી ચૂકી છે. એકલ-દોકલ કોઈનો જુદો પડતો અવાજ જુદો રહી શકે તેમ નથી. સરઘસમાં સૌની ચાલનો એક સમાજ સરઘસ બની ગયો છે. આ સરઘસ નિષ્પ્રયોજન છે, નિર્હેતુક છે, નિષ્કારણ છે. એક કાળમાં મનુષ્ય મૃત્યુને સમજપૂર્વક અતિક્રમવા મથતો હતો, એની આજુબાજુ એ જીવનની બાજી ગોઠાવતો હતો અને કશાક વધુ ઉર્ધ્વ જીવન માટે તેની વ્યાસ અને ગતિ હતાં. આજે ભોગપરાયણતાએ તેની વિચાર શક્તિને હણી લીધી છે. મૃત્યુ એને માટે પ્રશ્ન રહ્યું નથી. કારણકે પ્રશ્ન કરનારાના મગજમાં એલિયેટ કહે છે તેમ, 'કેવળ ઘાસ ભરેલું છે!' રોબ્બની આ વાર્તા વાંચજો ક્યારેક !

❑❑❑

# મહાવીરસ્વામીના સમકાલીન શ્રેણિક આદિ નવ ભાવિ તીર્થંકરો

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

અનંતાનંત પુદ્‌ગલપરાવર્તન કાળમાં અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળના પ્રવાહમાં વ્યતીત થઈ કાલકવલિત થઈ ચૂકી છે, થશે. તેમાં ત્રીજા-ચોથા આરામાં તીર્થંકરો થતા હોય છે. તેઓને પણ નિગોદમાંથી બહાર નીકળી અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવી ઉત્ક્રાંતિના શિખરો સર કરી સકામ નિર્જરા કરી સંસારમાં ભટકતાં ભટકતાં જે કાર્મણ રજકણો આત્માના પ્રદેશમાં સંલગ્ન થઈ ગઈ છે; તેનો તીવ્રતમ પુરુષાર્થ કરી, ચરમશરીરી જીવો ક્ષાયિક સમકિત્વ મેળવી યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, નિવૃત્તિકરણ, અનિવૃત્તિકરણ વગેરે કરણો તથા અંતરાકરણ દ્વારા ઉપશમકે ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરી ૧૩-૧૪ ગુણસ્થાનકે આરૂઢ થઈ મોક્ષગામી બને છે.

ત્યાર બાદ શુક્લધ્યાનનાં છેલ્લા બે પ્રકારો સાધી તે આ ક્રમે ૧૩માં ગુણસ્થાનમાં અંતભાગમાં કાયનિરોધના પ્રારંભથી શુક્લધ્યાનનો ત્રીજો પ્રકાર શરૂ થાય છે. મન-વચન-કાયાના ત્રણે યોગો ઉપર નિષ્ક્રિયતા લાવી શૈલેશી દશામાં કર્મક્ષયની પ્રક્રિયા કરી ૧૪માં ગુણસ્થાનકના અંત સમયે સર્વ કર્મોનો ક્ષય કરી, આત્માને કોઈ કર્મ બાકી ન રહેતા કેવળી બને છે. 'સમ્યગ્‌જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષ:' એ સૂત્રને ચરિતાર્થ કરે છે. કેવળી બનવા માટે ચરમશરીરી હોવું જેટલું આવશ્યક છે તેટલું વજ્રઋષભનાચરસંઘયણ, ઘાતિ ચાર કર્મોનો સર્વાંશે ક્ષય કે તેની સાથે સંલગ્ન ચાર અઘાતી કર્મો પણ ક્ષય થાય તે જરૂરી છે; તેને ભોગવ્યા પછી કેવળી બની મોક્ષે જાય છે. સામાન્ય રીતે તીર્થંકર થનાર ભવ્ય જીવો તીર્થંકર બને તેના પૂર્વના ત્રીજા ભવે ૨૦ સ્થાનકની કે તેમાંથી ગમે તે એક સ્થાનકની સુંદર, સચોટ સમારાધના કરે ત્યારે તે જીવ તીર્થંકર બનવા માટેનું કર્મ નિકાચિત કરે છે; તેવાં જીવો ચરમશરીરી તથા સમ ચતુરસ્ર સંસ્થાનવાળા હોય છે; અસંગ કે અનાસંગ યોગ સાધી મોક્ષગામી થાય છે. મનુષ્યગતિમાં જ મોક્ષ મળી શકે છે. તે સંજ્ઞિ પંચેન્દ્રિય ભવ્યજીવોના નસીબમાં હોય છે, કેમકે અભવ્ય, દુર્ભવ્ય, દરેભવ્ય, જાતિ ભવ્યાદિ જીવો ક્યારે પણ તે પદ પ્રાપ્ત કરી શકે તેવી શક્યતા નથી. વંધ્યા સ્ત્રી હોવા છતાં પણ તેને પુત્રજનનની સામગ્રી મળવા છતાં પણ ગર્ભધારણ કરવાની એનામાં યોગ્યતા નથી હોતી; એમ અભવ્ય જીવને સામગ્રી મળે તો પણ મોક્ષ પામવાની યોગ્યતા નથી હોતી; જ્યારે ભવ્યમાં તે હોય છે છતાં બધાં જ ભવ્ય મોક્ષ પામવાના છે એવું પણ નથી. કેમકે કેટલાય ભવ્યોને એની સામગ્રી મળવાની જ નથી. દા.ત. પવિત્ર વિધવાસ્ત્રીમાં પુત્ર જન્મની યોગ્યતા હોઈ શકે છતાં સામગ્રીના અભાવે પુત્ર જન્મ કરવાની નથી. તેથી જે જીવ ભવ્ય છે, યોગ્યતા છે છતાં, કદી મોક્ષ પામવાના નથી તે જાતિભવ્ય કહેવાય. આ રીતે જીવોના ત્રણ વિભાગ થાય ભવ્ય, અભવ્ય અને જાતિભવ્ય, સિદ્ધિગમન એટલે સિદ્ધિ નામના પર્યાયમાં પરિણમવાને યોગ્ય ભવ્ય કહેવાય. તેથી સિદ્ધિ પરિણમવાની યોગ્યતા તે ભવ્યત્વ.

ઉપર્યુક્ત વિવેચન કર્યા પછી તીર્થંકરોની ગુણાનુવાદ કે અનુમોદના કરી આગળ વધીએ. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળના ૭૨ તીર્થંકરોને ભાવભીની ભક્તિસભર વંદના સ્તવનાદિ કરીએ. 'તિજયપહુત્તસ્મરણ'ના ૧૫ કર્મભૂમિના ૧૭૦ તીર્થંકરો જે ભગવાન અજિતનાથના સમયમાં થયેલા તેમજ વર્તમાનકાળના મહાવિદેહ ક્ષેત્રના ૨૦ વિહરમાન સીમંધરસ્વામી-યુગમંધરાદિ તીર્થંકરોને પણ વંદના..વંદના કરવાથી વિનીતભાવનું બાહુલ્ય તથા નીચગોત્રાદિ કર્મોનો ક્ષયોપશમ થાય છે. પૂજ્ય વીરવિજી મહારાજ કહે છે: સુલસાદિક નવ જણને, જિનપદ દીધું રે !

ભવિષ્યમાં થનારા તીર્થંકરો જેવાં કે શ્રીકૃષ્ણ કે જેઓ સાતમી નરકમાંથી ભગવાન નેમિનાથના સાધુસમુદાયને ભક્તિ પૂર્વક અપૂર્વ વંદના કરવાથી ત્રીજી નરકમાંથી આગામી ઉત્સર્પિણીમાં ૧૨મા અમલ તીર્થંકર થશે તેને કેમ ભુલાય ? બધાનો ઉલ્લેખ ન કરતાં શ્રી ભગવાન મહાવીર સ્વામીના સમકાલીન નવ ભદ્રિક જીવો જે તીર્થંકરો થશે તે દૃષ્ટિપથ પર લાવીએ :-

(૧) શ્રેણિક મહારાજા જેઓ અત્યારે મૃગલીની હત્યાના આનંદાતિરેકથી પ્રથમ નરકમાં છે; અને જેમને સુશ્રાવિક ચેલ્લણાએ મિથ્યાત્વીમાંથી ક્ષાયિક સમકિતી બનાવ્યા તેઓ પ્રથમ તીર્થંકર પદ્મનાભ થશે. શ્રેણિક પુત્રના પ્રત્યેક ચાબખા વખતે જેમના મુખમાંથી 'વીર, વીર' એવા શબ્દો નીકળતા, જેઓ વીરમય બની ગયેલા તેઓ મહાવીર સ્વામીની જેમ સાત ફૂટની કાયાવાળા, ૭૨ વર્ષના આયુષ્યવાળા, ભારતમાં મહાવીરની ભૂમિમાં વિચરનારા થશે. તેમને મહાવીર કેટલાં વહાલાં હશે કે આ પ્રમાણેની સામ્યતા ! કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યના ઉપદેશથી માર્ગસ્થ બનેલા પરમાર્હત કુમારપાળ તેમના પ્રથમ ગણધર થશે.

(૨) બીજા તીર્થંકર સુરદેવ તે ભગવાન મહાવીરના સંસારી કાકા સુપાર્શ્વનાથનો જીવ થશે. શ્રી ભગવતીસૂત્રમાં તેમનો પુષ્કલી એ નામથી ઉલ્લેખ કરાયો છે.

(૩) ત્રીજા તીર્થંકર શ્રેણિકરાજાના પૌત્ર, કોણિકના પુત્ર, જેમનો પૌષધશાળામાં વિનયરત્ન નામના અભવ્ય સાધુથી ઘાત થયો હતો તે ઉદયનો (ઉદાયી) જીવ સુપાર્શ્વ થશે.

(૪) ચોથા તીર્થંકર સ્વયંપ્રભ તે પોટ્ટિલ મુનિનો જીવ છે.

(૫) પાંચમા તીર્થંકર સર્વાનુભૂતી જે દૃઢાયુ શ્રાવકનો જીવ છે.

(૬) સાતમા તીર્થંકર ઉદય તે શંખ (શતક) શ્રાવકનો જીવ છે.

(૭) દશમાં તીર્થંકર શતકીર્તિ તે શતકનો જીવ છે. મહાશતકને ૧૩ પત્નીઓ હતી. રેવતીએ ૧૨ને સળગાવી દીધી હતી. ત્યારપછી પતિને ભોગ માટે આમંત્રે છે. તેઓ નકારી કાઢે છે ત્યારે એકવાર પૌષધમાં હતા ત્યારે ઝેર આપે છે તે જાણી તેને જણાવે છે કે સાતમે દિવસે તું નરકમાં જશે. ક્યાં આ રેવતી અને ક્યાં મહાવીરસ્વામીને ગોશાલાએ મૂકેલી તેજોલેશ્યાથી ગરમીની પીડાને દૂર કરવા બીજોરાપાક વહોરાવનારી રેવતી ! તેના દ્વાર રોગને શાંત કર્યો હતો.

(૮) પંદરમા તીર્થંકર નિર્મમ તે સુલસા, રથકાર નાગરથની સુલક્ષણાપત્ની હતી. આ સુલસાને ભગવાન મહાવીરસ્વામીએ અંબડ પરિવ્રાજક દ્વારા ધર્મલાભ કહેવડાવ્યો હતો. અંબડ તેના સમકિતથી આશ્ચર્યાન્વિત થયો હતો.

(૯) સત્તરમાં તીર્થંકર સમાધિ નામે થશે તે રેવતી શ્રાવિકાનો જીવ જાણવો. ભગવાનના દેહમાં થયેલી વ્યાધિ શાંત કરવા બીજોરા પાક વહેરાવ્યો હતો. વળી, ઉપરના નોંધેલા નામો દિપાવલિકા કલ્પમાં આપેલાં છે.

અનંતાનંત પુદ્‌ગલ પરાવર્તનકાળમાં અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણીઓ કાળના પ્રવાહમાં વ્યતીત થઈ ચૂકી છે, થશે તેમાં થનારા તીર્થંકરાદિ ભદ્રિક જીવોને ભક્તિસભર ભાવભરી ભૂરિ ભૂરિ ભાવભીની અવનત શીર્ષ પાદવંદના કરી મોક્ષે ગયેલાં સિદ્ધિત્માઓની ગુણાનુવાદ પુર:સર સ્તુતિ કરી તેમાંથી ઉત્પન્ન થનારું પૂણ્યાનુબંધી પૂણ્યના આપણે સૌ ભાગીદાર શું ન થઈ શકીએ ?

જગચિંતામણિ ચૈત્યવંદનમાં અઠ્ઠાવયસંઠવિય...ચઉવિસંપિ જિણવર.. .કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં...અવર વિદેહિં તિત્થયરા ચિહુ દિસિ વિદિસિ

જિંકેવિ તીઆણગયસંપઈમ્ વંદુ જિણ સવ્વેવિ. ૧૫ અબજ ઉપર જિનબિંબોને વંદનાની વાત અહીં કરી છે.

તેવી રીતે જયવીયરાય (પ્રાર્થના સૂત્ર)માં લખ્યા પ્રમાણે વારિજ્જઈ જઈવિ નિઆણ બંધણં વીયરાય ! તુહ સમયે; તહવિ મમ હુજ્જ સેવા ભવે ભવે તુમ્હ ચલણાણં છેલ્લે :-

જિને ભક્તિર્જિને ભક્તિર્જિને ભક્તિર્દિને દિને

સદા મે અસ્તુ સદા મે અસ્તુ સદા મે અસ્તુ ભવેભવે

સિદ્ધો ચાર ઘાતિ અને ચાર અઘાતિ કર્મોનો નાશ કરી સિદ્ધશીલામાં બીરાજે છે; જ્યારે તીર્થંકરો ચાર ઘાતિ કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી 'સવી જીવ કરું શાસન રસી' ચરિતાર્થ કરી આયુષ્ય કર્મનો શેષ ભોગવટો કરી ઉપદેશ આપી મૃત્યુ બાદ સિદ્ધગતિ મેળવે છે.

સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રમાં કહ્યું છે :-

સિદ્ધાંણં બુદ્ધાણં, પારગયાણં પરંપરગયાણં

લોઅગ્ગમુવગયાણં, નમો સવ્વસિદ્ધાણં

પરંપરાએ એટલે ૧૪ ગુણસ્થાનની શ્રેણીને ક્રમબદ્ધ રીતે ચઢીને સિદ્ધપદ મેળવે છે. અહીં પણ આ ગાથામાં સર્વસિદ્ધોને નમસ્કાર કરાય છે. નમસ્કારનો અચિંત્ય મહિમા, છે તેથી ઉપરના સૂત્રની ત્રીજી ગાથામાં સ્પષ્ટ લખ્યું છે કે :-

ઇક્કોવિ નમુક્કારો, જિણવરવસહસ્સ વર્ધમાણસ્સ

સંસારસાગરાઓ, તારેઈ નરં વ નારિં વા

એક જ નમસ્કારથી સંસાર સાગર તરી જવા માટે ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ પછીનો સામર્થ્યયોગ કારણભૂત છે. આ સામર્થ્ય યોગ વજ્રઋષભનારાયસંઘચરણવાળાને જ સુલભ છે; જે ચરમશરીર ભવ્ય જીવોને સુલભ છે. उवसग्गहरम् स्तोत्रમાં લખ્યું છે કે :- चिट्ठओ दुरे मंतो तुज्झ पणामोऽवि बहुफलो होइ ।

આગમસાહિત્યમાં ભગવાન મહાવીરસ્વામી ગૌતમ ગણધરને વારંવાર સમજાવે છે કે પ્રણામ ભાવસભરતાનું અત્યધિક ફળ છે; કારણ કે તે દર્શનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરે છે. તેનાથી પુણ્યાનુબંધીપુણ્ય ઉપરાંત તેના સંસ્કાર અનુબંધી વૃદ્ધિ પામતાં રહે છે. તેથી પંચદસકમ્મ ભૂમિસુ ઉપ્પન્નં સત્તરિં જિણાણ સયં...સવ્વામરપૂઇઅં વંદે. વળી કલ્યાણમંદિર સ્ત્રોત્રની ગાથામાં લખ્યું છે :- ત્વદ્બિમ્બનિર્મલમુખામ્બુજ બદ્ધલક્ષા, યે સંસ્તવં તવ રચયન્તિ પ્રભાસ્વરાઃ સ્વર્ગસંપદો ભુકત્વા તે વિગલિતમલ નિચયા, અચિરાન્મોક્ષં પ્રપદ્યન્તે (૪૩-૪૪) તેથી નમામિ નિચ્ચં તિજગપ્પહાણં ભત્તીઈ વંદે, ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ... મનઃપ્રસન્નતામેતિ પૂજ્યમાને જિનેશ્વરે. વંદનાદિથી ભાવવિભોર બનેલું આપણું હૃદય તેથી વારંવાર જંકિંચિ, જેઅ અઈસા સિદ્ધાં, જાવંતિ ચેઈઆઈ, પાતાલે યાનિ બિંબાની, સકલતીર્થવંદુ વગેરે યાદ કરી વિરમે છે.

ભગવાન મહાવીરસ્વામીના સમયના જે નવ ભવ્ય જીવો આગામી ઉત્સર્પિણીમાં તીર્થંકરો થશે તેમાં આ અવસર્પિણીના છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર તથા ભાવિ પ્રથમ તીર્થંકર પદ્મનાભ (શ્રેણિક મહારાજ) તે બંનેમાં નિમ્નલિખિત આશ્ચર્ય પમાડે તેવી ઘટનાઓ સામ્ય છે :-

(૧) મહાવીર-પદ્મનાભની દેશનામાં સામ્યત્વ

(૨) વિહારભૂમિ ક્ષેત્રસ્પર્શનામાં સમાનતા

(૩) સંપત્તિમાં સામ્યત્વ :- ૧૧ ગણધરો, ૯ ગણો (બંનેને)

(૪) બંનેની વયમાં સમાનતા, બંને ૭૨ વર્ષના

(૫) મહાવીરના સમકાલીન નવ તીર્થંકરો થશે; પદ્મનાભના નવ અણગારો જેવાં કે પઉમ, પઉમગુમ્મ, ણલિણ, ણલિણગુમ્મ, પઉપદ્ધય, ધણુદ્ધય, કણરહ, અને ભરહ થશે. - ઠાણાંગ, અ.૯, સૂત્ર ૬૨૫

ઠાણાંગ અ.૯, સૂત્ર ૬૯૩ પ્રમાણે કૃષ્ણાદિ ભાવિ તીર્થંકરો ચતુર્યામ ધર્મોપદેશ કરે છે. વળી ઠાણાંગ અ.૪, સૂત્ર ૨૬૬ પ્રમાણે મધ્યના ૨૨ તીર્થંકરો તથા મહાવિદેહના તીર્થંકરો ચતુર્યામ ધર્મ પ્રરૂપે છે. સમ. સૂ.૧૫૮માં આગમી ઉત્સર્પિણીના ૨૪ તીર્થંકરોના નામો, તેઓના પૂર્વ ભવના નામો, આ ૨૪ તીર્થંકરોના ૨૪ માતાપિતા, ૨૪ પ્રથમ શિષ્યો, ૨૪ પ્રથમ શિષ્યાઓ, ૨૪ ભિક્ષાદાતાઓ તથા ૨૪ ચૈત્યવૃક્ષો હશે.

ઠાણાંગ અ. ૯, સૂ. ૬૯૩માં જણાવ્યા પ્રમાણે અવસર્પિણીના અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર અને ઉત્સર્પિણીના પ્રથમ તીર્થંકર પદ્મનાભના સિદ્ધાંતોમાં સામ્ય છે. જેમકે એકજ આરંભસ્થાન, બે બંધનો, ત્રણ દંડ ચાર કષાયો, પાંચ કામગુણો, છ જીવનિરકાય, સાત ભયસ્થાનો, આઠ બ્રહ્મચર્યગુપ્તિ, ભોજન વિષે, પાંચ મહાવ્રતો, પાંચ અણુવ્રતો, સાત શિક્ષાવ્રતો, બાર શ્રાવકધર્મો, શય્યાતર પિંડ, રાજપિંડનો પ્રતિષેધ. આ રીતે આશ્ચર્યકારી અને આહલાદ્કકારી બંનેનું આવું સામ્ય નોંધપાત્ર તથા વિચારણીય છે ને ! વંદન-નમસ્કારાદિથી કર્મોનો ક્ષયોપશમ થાય છે તેથી અંતમાં નોંધીએ કે :- અનંતચોવિશી જિન નમુ, સિદ્ધ અનંતી કોડ; કેવળધર મુગતે ગયા, વંદુ બે કર જોડ.

❑❑❑

# કાંકરો કાઢી નાખવો !

❑ 'સત્સંગી'

નવજીવન શબ્દકોશમાં કાંકરો કાઢી નાખવો એ રૂઢિપ્રયોગના આટલા અર્થ આપ્યા છે :

(૧) ડંખ કે સંદેહ કાઢી નાખવો, ખટકો ટાળવો, (૨) નડતર દૂર કરવી અને (૩) ગણતરીમાં ન લેવું. સામાન્ય રીતે આપણા જીવનવ્યવહારમાં આ રૂઢિપ્રયોગ નડતર દૂર કરવી અને ગણતરીમાં ન લેવું એ બે અર્થોની રીતે વિશેષ પ્રચલિત છે. કોઈનો કાંકરો કાઢી નાખવાની વાત કુટુંબ, પડોશ, મિત્રવર્તુળ, સગાંસંબંધીઓ, સહકાર્યકરો, વિવિધ મંડળો વિવિધ સમિતિઓ, બેઠકો વગેરે સમગ્ર માનવવ્યવહારમાં મહત્વનો ભાગ ભજવે છે એટલું જ નહિ પણ ગંભીર વિચારણાના વિષયની ક્ષમતા ધરાવે છે.

અહીં ખ્વાજા અહમદ અબ્બાસની ટૂંકી ઉર્દૂ વાર્તા યાદ આવે છે. લેખકે પોતે જ આ ઉર્દૂ વાર્તાનું ભાષાંતર અંગ્રેજીમાં કર્યું છે અને તેનું શીર્ષક છે 'The Dumb Cow-મૂંગી ગાય.' આ ટૂંકી વાર્તામાં મુખ્ય પાત્ર છે સુલેખા. જેને તેનાં માબાપ અને સમાજ મૂંગી ગાય ગણે છે. રામલાલ નામનો ખાધેપીધે સુખી ખેડૂત હોય છે. તેને ત્રણ પુત્રો અને ચાર પુત્રી એમ સાત સંતાન હોય છે. સુલેખા બે વર્ષની હતી ત્યારે તેને શીતળા નીકળવાથી તેનાં ચહેરો અને શરીર શીતળાના ડાઘથી કુરૂપ બન્યાં. તાવની ગરમી તેનાં મગજને અસર કરી ગઈ તેથી તે તોતડી પણ થઈ પછી સૌ સુલેખાને ભોળી કહેતા.

રામલાલ તેની બીજી પુત્રીઓને ધામધૂમથી પરણાવે છે. તે તેની બીજી પુત્રી મંગળાને પરણાવે છે ત્યારે ભોળી સાત વર્ષની હોય છે. તે જ વર્ષે ગામમાં છોકરીઓ માટે પ્રાથમિક શાળા શરૂ કરવામાં આવે છે. રામલાલ ગામનો મહેસુલ ઉઘરાવનાર સરકારી અધિકારી હોય છે. શાળાનું ઉદ્‌ઘાટન કરવા આવેલા રામલાલના ઉપરી તહેલસીલદાર રામલાલને સરકારના પ્રતિનિધિ તરીકે નિશાળમાં તેની દીકરીઓને મોકલીને દાખલો બેસાડવાનું કહે છે. જ્યારે રામલાલ તેની પત્નીને વાત કરે છે ત્યારે તેની પત્ની ઉશ્કેરાટથી કહે છે કે છોકરીઓ ભણે તો તેને કોઈ પરણે નહિ, માટે ભોળીને મોકલો. રામલાલ ભોળીને નિશાળે બેસાડે છે.

સદ્‌ભાગ્યે શિક્ષિકાબહેન ભોળીને પ્રેમ આપે છે અને પહેલા જ દિવસથી તેનો ભય દૂર કરવાનો પ્રયત્ન કરે છે. તેઓ તેને એક ચિત્રની ચોપડી આપે છે. ભોળી હોંશથી ઘેર જાય છે અને વિચારે છે કે તે બધાંને અદ્‌ભૂત નિશાળ અને માયાળુ શિક્ષિકાબહેન વિશે કહેશે, તેમને ચોપડી બતાવશે અને તેમ કહેતાં તે જરા પણ તોતડાશે નહિ. પરંતુ તે ઘેર જાય છે ત્યારે નથી તો તેનો પિતા તેને કંઈ પૂછતો કે નથી તેની મા કંઈ પૂછતી. તેની બહેન ચંપાએ તો તેની સામે પણ જોયું નહિ. આમ બીમારીમાં થયેલી ખોડખાંપણને લીધે પોતાનાં ઘરમાં જ ભોળીનો કાંકરો કાઢી નાખવાની પ્રક્રિયા ચાલતી રહે છે. પછી તો ભોળી બધાંના માથાની નીકળે છે જે માટે આખી વાર્તા વાંચવા જેવી છે.

વાસ્તવમાં પોતાની ગણના થાય, પોતે મહત્વનો છે એમ અન્ય લોકો સ્વીકારે એવી લાગણી માણસમાત્રમાં હોય છે. પોતાના સહકાર્યકરો, સાથીદારો વગેરે તેનો સ્વીકાર કરે તો માણસ એક પ્રકારનો સંતોષ અનુભવે છે જે તેનાં માનસિક સ્વાસ્થય માટે અત્યંત જરૂરી છે. આમ જો ન થાય તો માણસ આઘાત અનુભવે છે અને સમય જતાં તેનાં જીવનમાં નિરાશા આવે છે. પોતે નકામો છે એવી નિષેધવાળી લાગણી માણસ અનુભવે છે. પરિણામે, માણસ સંસ્થા છોડી જાય એવું પણ બને. કુટુંબમાં પણ માણસને આવો અનુભવ થતો જ રહે તો તે ગૃહત્યાગ કરતાં પણ અચકાતો હોતો નથી. આજે સંયક્ત કુટુંબની સંસ્થા છેક પડી ભાંગી છે, તે માટેનાં ભલે બીજાં કારણો છે, તો પણ અન્યનો કાંકરો કાઢી નાખવાનું માણસનું અપલક્ષણ મહત્વનો ભાગ ભજવે છે એ યાદ રાખવું ઘટે. કેટલાક માણસો અન્યનો કાંકરો કાઢી નાખવામાં કુશળ હોય છે. એ ખરેખર એક દુખદ આશ્ચર્ય છે.

કાંકરો કાઢી નાખવો એટલે નડતર દૂર કરવી એ અર્થ જીવનવ્યવહારની દુ:ખદ અને આઘાતજનક બીના સૂચવે છે. જીવનમાં આધ્યાત્મિક કે દુન્યવી પ્રગતિ સાધવા માટે પ્રમાદ-આળસ નડતરરૂપ છે તો આળસને દૂર કરવી એ અનિવાર્ય છે તેમાં કંઈ જ અયોગ્ય થતું નથી. પરંતુ કોઈ માણસ નડતરરૂપ હોય તો તેને દૂર કરવાની વાત ગંભીર બને છે. કોઈ માણસ ધર્મનાં કાર્ય માટે પણ નડતરરૂપ હોય તો તેને કઈ રીતે દૂર કરવો ? તે માણસને સ્થાનભ્રષ્ટ કરવામાં આવે, ગામ, શહેર કે દેશની બહાર કાઢી મૂકવામાં આવે, તેની હત્યા કરવામાં આવે-આટલી રીતે માણસને દૂર કરી શકાય. માણસનું હૃદયપરિવર્તન કરવામાં આવે અને તે દ્વારા તેનામાં રહેલું અનિષ્ટ તત્ત્વ દૂર થાય એ અર્થમાં કાંકરો કાઢી નાખવાનો શબ્દપ્રયોગ થતો નથી. તેવી જ રીતે કોઈ માણસ અધર્મ આચરવા માગે છે પણ તે માટે એક માણસ તેને નડતરરૂપ બને છે, તેથી તે આ નડતરરૂપ માણસનો કાંકરો કાઢી નાખે અર્થાત તેને દૂર કરે. સત્તા માટે, પૈસા માટે, વાસના માટે, પોતાનું પાપ છુપાવવા માટે, પોતાનું માનભર્યું સ્થાન રહે તે માટે કેટલાક ખંધા માણસો નડતરરૂપ બનતા માણસનો કાંકરો કાઢી નાખવા દાવપેચ ખેલતા હોય છે અને હત્યા કરવામાં પણ આંચકો અનુભવતા નથી.

ઔરંગઝેબે બાદશાહ બનવાની પ્રબળ મહત્વાકાંક્ષા પોષવા માટે તેના પિતા શાહજહાંને જેલમાં નાખ્યા અને તેના મોટાભાઈ દારાને એવી રીતે દેશપાર કર્યો કે તેને કોઈ આશ્રય ન આપે જેથી ભૂખ સમેત અનેક કષ્ટો વેઠીને તે મૃત્યુ પામે. બાદશાહ બનવાનો અધિકાર પાટવી પુત્ર તરીકે દારાનો હતો, તેથી ઔરંગઝેબે દારાનો કાંકરો કાઢી નાખીને સત્તા હાથ કરી. તે પોતાનાં અંગત જીવનમાં ધર્મપરાયણ ગણાતો છતાં રાજ્યકર્તા તરીકે તે નિષ્ઠુરતા અને ઘાતકીપણા માટે જાણીતો બન્યો હતો. આવા નિષ્ઠુર, અધર્મી માણસો પાછળથી પસ્તાતા પણ હોય છે. ઔરંગઝેબ માટે એવુંજ બન્યું. એમ નોંધાયું છે કે ઔરંગઝેબે પોતાના ક્રૂર કાર્યો બદલ તેની પાછલી અવસ્થા યાતનાભરી માનસિક સ્થિતિમાં પસાર કરી. તેનું બીજું નામ નરક આપી શકાય. એક ભક્તે ખરેખર યોગ્ય જ કહ્યું છે, 'We are punished not for our sins, but by our sins- અર્થાત આપણને આપણાં પાપો માટે શિક્ષા કરવામાં આવતી નથી, પરંતુ આપણાં પાપો વડે શિક્ષા કરવામાં આવે છે.'

બીજી બાજુથી સમાજમાં એકંદરે શાંતિથી રહેતા અને કામ કરતા માનવસમૂહો પણ છે. તેમાં કુટુંબ, પડોશ, સંસ્થાઓ, ઓફિસો, મિત્રમંડળો સંબંધીઓનું વર્તુળ વગેરેમાં પણ કોઈનો કાંકરો કાઢી નાખવાની પ્રક્રિયા રહેતી હોય છે. દાખલા તરીકે, આવા સમૂહોમાં કોઈ માણસની જાતીયવૃત્તિ સવિશેષ દેખાય તો તેને સમય જતાં સમૂહથી અળગો પાડી દેવામાં આવે છે. તેમાંય જો કોઈની થયેલી સામાન્ય ભૂલની ખબર પડે તો તેને સમૂહમાં આવતાંની સાથે તે ન કોઈને કહી શકે કે ન સહી શકે એવી અકળામણ થાય તેવું વાતાવરણ કરી નાખવામાં આવે છે. તેવી જ રીતે કોઈ વ્યક્તિની કટકી કરવાની ટેવ જાણવામાં આવે, કોઈની ચાડી ખાવાની ટેવની ખબર પડે તો સમૂહના લોકો તે વ્યક્તિને અળગી પાડી દેવામાં આનંદ અનૂભવે છે. ગરીબી, પ્રદેશની અલગતા અને તેમાંય ખાસ કરીને પછાત પ્રદેશની વ્યક્તિ હોય, શારીરિક ખોડખાંપણ, વિલક્ષણ સ્વભાવ વગેરે બાબતો પણ કાંકરો કાઢી નાખવાનું નિમિત્ત બને છે. જેમ કે સૌરાષ્ટ્ર અને ગુજરાતના થોડા માણસોના સમૂહમાં એક કચ્છીને જોડાવાનું બને તો તેઓ કચ્છી વ્યક્તિને પછાત પ્રદેશની વ્યક્તિ ગણીને તેનો કાંકરો કાઢી નાખે અર્થાત તેને ગણે નહિ, મહત્વ આપે નહિ. તેવી જ રીતે કચ્છીઓના સમૂહમાં એક વાગડવાસીને જોડાવાનું બને તો તેને સવિશેષ પછાત ગણીને તેઓ તેનો કાંકરો કાઢી નાખે.

કોઈનો કાંકરો કાઢી નાખવાની પ્રક્રિયા સામાન્ય બની ગઈ છે; સ્વાર્થી અને ઘમંડી લોકો તેમાં પાવરધા હોય છે. પરંતુ જે વ્યક્તિનો કાંકરો કાઢી નાખવામાં આવે છે તેને તેઓ કેટલું નુકસાન પહોંચાડે છે તેની તેમને પડી હોતી નથી. જે વ્યક્તિ આવા લોકોને તેમની અપેક્ષા પ્રમાણે નમતી નથી તેને તેઓ તેનો કાંકરો કાઢી નાખવાની શિક્ષા કરે છે. પરિણામે, તે વ્યક્તિનું જીવન આડે પાટે ચડી જવાથી માંડીને વેડફાઈ જાય ત્યાં સુધીની શક્યતા રહેલી છે. ખરેખર આ અમાનુષી કૃત્ય છે. તેથી જ સદ્‌ગત ઉમાશંકર જોશીએ કહ્યું છે, 'કોઈ પણ માણસનો કાંકરો કાઢી નાખતાં પહેલાં વિચાર કરજો કે ઇશ્વર જેવો કલાકાર માણસ જેવા માણસને વેડફે નહિં'. લેખકનાં માનવતાથી સભર આ અસરકારક વિધાનને આપણા જીવનનો મુદ્રાલેખ બનાવવા જેવું છે. આજ દિવસ સુધી કોઈ વૈજ્ઞાનિક કે શિલ્પી જીવંત માણસને બનાવી શક્યો નથી. માણસની રચના જોઈને નિષ્ણાંત ડૉક્ટરો આશ્ચર્યમુગ્ધ બનતા રહ્યા છે. કાળામાથાના માનવીની કૃતિ નિહાળીને, કલાકારો ઊંડા ભાવથી તેનું સર્જન કરનાર પરમ શક્તિની નત મસ્તકે સ્તુતિ કરે છે. માણસમાં એવી શક્તિ રહેલી છે કે તે દેવ બની શકે છે અને શક્તિ અવળે માર્ગે જાય તો તે રાક્ષસ બને છે. આવા કલાકારને આવો માણસ વેડફવો પરવડે નહિ. દરેક માણસની શકિત વિશ્વ માટે ઉપયોગી છે. દરેક માણસને પોતાનું સ્થાન છે. માણસની શક્તિના ઉપયોગથી જગત નંદનવન બની શકે છે. આવા માણસનો કાંકરો કાઢી નાખવામાં આવે ત્યારે તે પોતે નકામો છે એવી લાગણીથી નિરાશ બને છે.

કોઈ પણ વ્યક્તિની ગણના ન કરવી, અવગણના કરવી કે તેને મહત્વ ન આપવું એ હોશિયારીની વાત નથી, પરંતુ તેની પાછળ માનવસ્વભાવનું અજ્ઞાન સંસ્કારિતાનો અભાવ અને અનાવડત રહેલાં

છે. દાખલા તરીકે વીસ માણસોના સમૂહ સાથે મળીને કામ કરે છે. તેનો નેતા કે ઉપરી પ્રત્યેક માણસની વિશિષ્ટ શક્તિનો ખ્યાલ લઈને તેને મહત્વ આપે અને દરેક માણસને ચૈતન્યથી ધબકતો કોડભર્યો માણસ ગણે. તેમજ સૌ પરસ્પર આવો અભિગમ અપનાવે તો તે કામ ઉત્તમ પ્રકારનું બને અને કામ કરનારાઓનાં વિકાસ અને સુખાકારી પ્રત્યેને સંતોષપ્રદ, આનંદપ્રદ અને ગૌરવપ્રદ બને. ખામી તો સૌમાં હોય. કોઈની ખામી ધ્યાન ખેંચે તેવી હોય તેથી તેનો કાંકરો કાઢી નાખવામાં આવે તો તે વ્યક્તિનું જીવન દુ:ખમય બને અને સમૂહ તેની વિશિષ્ટ શક્તિ ગુમાવે. પરિણામે, ઈશ્વર જેવો કલાકાર માણસ જેવા માણસને વેડફે એ સ્થિતિ જોવાની આવે. જે વ્યક્તિનો કાંકરો કાઢી નાખવામાં આવે તે વ્યક્તિ બળવાખોર પણ બને અને સમૂહના ભાગલા પણ સર્જાય. કુટુંબથી માંડીને રાજકીય પક્ષો અને ધર્મસમૂહો સુધી સઘળા માનવસમૂહોમાં ઉગ્ર મતભેદો, એકતાનો અભાવ, કુસંપ, ભાગલા વગેરે માટે અન્યોનો કાંકરો કાઢી નાખવાની પ્રક્રિયા ખૂબ મહત્વનો ભાગ ભજવે છે અને કેટલીય વ્યક્તિઓનાં જીવન વેડફાઈ જાય છે. અન્યોનો કાંકરો કાઢી નાખવામાં રસ લેતા લોકો પોતાનો અહમ્ સંતોષે છે અને પોતાનું ગમતું સ્થાન મેળવતા હશે. પરંતુ તેમ થવાથી તેઓ પોતાનું કલ્યાણ કરી રહ્યા છે એમ માની શકાય નહિ અને અન્યનું કલ્યાણ કરવા માટે તેઓ મનગમતું સ્થાન મેળવે છે એમ તેઓ માનતા હોય તો એ તેમની ભૂલ છે. જે ખરેખર સહૃદયી માણસ હોય તે અહમ્ સંતોષવાની રીતે વિચારતો જ નથી, પરંતુ સૌ કોઈ પોતાની શક્તિ ખીલવે અને તે દ્વારા સંતોષ અને સુખાકારી પ્રાપ્ત કરે અને તે અન્યનાં કલ્યાણનું નિમત્ત બને તેવો તેનો સ્વચ્છ અભિગમ હોય છે; તેને ઉચ્ચ સ્થાન મળે કે ન મળે તે ગૌણ હોય છે. આવા માણસો લોકહૃદયમાં અવશ્ય સ્થાન મેળવે છે અને વિશ્વવંદ્ય પણ બની શકે છે.

વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે માણસ ચડિયાતાપણાનો ખોટો ખ્યાલ, સ્વાર્થીપણા, ભય વગેરેને લીધે અન્યનો કાંકરો કાઢી નાખવા સહજ રીતે પ્રવૃત્ત રહે છે. તો પછી જેનો કાંકરો કાઢી નાખવામાં આવે તેણે પોતાનું જીવન વેડફાઈ જાય એમાંથી તેણે શી રીતે બચવું ? આપણા દેશમાં આઝાદી પછી પ્રશ્નોની હારમાળા વધતી જ ચાલી છે, તેમ વ્યક્તિ માટે અનુકૂલનના માનસિક પ્રશ્નો પણ વધ્યા છે. આજે 'એ નહિ તો એનો ભાઈ બીજો' એ પ્રકારની માણસની કિંમત છે. નોકરીનાં ક્ષેત્રમાં એક જગ્યા માટે સેંકડો અરજીઓ આવે એવી વાસ્તવિક પરિસ્થિતિ થોડા અપવાદો સિવાય છે ત્યાં લાગણીપ્રધાન માણસ કાંકરો કાઢી નાખવાની પ્રવૃત્તિથી વધુ પડતો આઘાત અનુભવે અને તન અને મનની બિમારીનો ભોગ બનવા પામે. તેથી યુવાનો એ વિદ્યાર્થીજીવનથી પરિસ્થિતિનો ખ્યાલ મેળવીને ભાવિ જીવનનો સામનો કરવા માટે સજ્જતા કેળવવી જ પડે. કંઈ નહિ તો છેલ્લી બાકી સહનશીલતા કેળવવાની તીવ્ર જરૂર ગણાય. રાબેતા મુજબનું જીવન જીવવા છતાં માનવસ્વભાવ આ રીતે કામ કરે છે તો તેનાથી આઘાત અનુભવવાનું પરવડે નહિ એવી માનસિક તાલીમ લેતા રહેવાની પાયાની આવશ્યકતા છે.

કાંકરો કાઢનારા લોકો કુશળ હોય છે, તેથી તદ્દન અણધારી રીતે આઘાત અનુભવવાની પરિસ્થિતિ સર્જાય. ડરીને ભાગી જવાથી પ્રશ્ન ઉકેલાતો નથી કે નથી ઉકેલાતો રડતા રહેવાથી. જેવા સાથે તેવા થવાથી સુખદ ઉકેલ આવતો નથી કારણ કે તે હંમેશા પ્રશ્નનો તનાવભરી સ્થિતિ સર્જે છે. જે લોકો કાંકરો કાઢી નાખવામાં રસ લે છે તે તેમનાં અજ્ઞાનને લીધે છે તેથી તેમની માનસિક સ્થિતિ દયાજનક છે. એમ સમજીને તેમને પ્રેમ આપવાનો પ્રયત્ન રાખવો. તેમ કરવાથી તેમનાં હૃદયનું પરિવર્તન થાય પણ ખરું. અંગત રીતે એમ વિચારવું કે આપણામાં 'કંઈક' છે તેથી આપણી ગણના કરવામાં આવતી નથી. આવી સમજથી ગણના ન થવા દ્વારા અનુભવાતા આઘાતનું બળ ઓછું રહેશે. સાથે સાથે એમ પણ વિચારવું કે માણસની ગણનાને આપણે શા માટે જીવનમરણનો પ્રશ્ન ગણવો ? ભગવાન (વિશ્વની પરમ સત્તા) પાસે સૌની ગણના અવશ્ય છે. તો પછી સહૃદયી ફરજપાલનની ગણના કેમ ન હોય ? આઘાતનું બળ ઘટાડનારું આ તર્કસંગત સમાધાન છે. છેલ્લે એવી શ્રદ્ધા રાખવી કે આખરે તો દૈવેચ્છા પ્રબળ છે; માણસ તો એનું નિમિત્ત બને છે. આપણી ગણના ન થતી હોય તો તેમાં આપણું કંઈક 'સારું' જરૂર રહેલું છે. આ 'સારું' હમેશાં રહસ્યમય હોય છે. દૈવેચ્છા હમેશાં આપણા સારા માટે જ છે એવી દૃઢ પ્રતીતિ રહે તો આપણે સાવ હળવા બની જઈએ.

કાંકરો કાઢી નાખવામાં આવ્યો હોય એવી પરિસ્થિતિમાં માણસને એકલા પણું, નૈરાશ્ય, ઉપેક્ષાનો ભય વગેરેની પીડા અનુભવવી પડે છે. આ પીડા શાંત પાડવા માટે વ્યવસાય ઉપરાંત નવરાશના સમયે પોતાના શોખની કંઈક પ્રવૃત્તિ કરવી. ઘડીભર રાગથી કાવ્યો ગાવાનો શોખ હોય તો તે ગાવાં, પણ પોતાના પર જે વીત્યું હોય તેનો જ વિચાર કરતા બેસી ન રહેવું. પોતાનાં શોખની પ્રવૃત્તિમાં ફાવટ આવી જાય તો સમય જતાં ભૂતકાળમાં અનુભવેલી વસમી ઉપેક્ષાને બદલે આપણી ધારણા કરતાં વિશેષ ગણના થવા લાગે અને અનુભવેલી ઉપેક્ષાનો ડંખ વીસરી જવાય. નિરાશ થઈને બેસી રહેવું અને વીતકોને વાગોળ્યો કરવાં કરતાં મનગમતી પ્રવૃત્તિમાં ઓતપ્રોત રહેવું એ અનેકગણું લાભદાયી છે. કાર્યમાં હળવો કે ભારે ઘા રૂઝવવાની અદ્ભૂત શક્તિ રહેલી છે. તેથી કાંકરો કાઢી નાખનારાઓ પ્રત્યે ક્ષમાભાવ રાખીને પોતાનાં વ્યવસાય અને શોખની પ્રવૃત્તિમાં લાગ્યા રહેવાથી નવું જીવન મળવા જેટલો આનંદ અનુભવાશે.

સાથે સાથે સુખશાંતિપ્રદ ધર્મના માર્ગે વળવું. સાધુસંતોના સમાગમથી તનમન શાંત થાય છે. ધર્મગ્રંથો અને સાહિત્યની સુંદર કૃતિઓનાં વાંચનથી આશ્વાસન મળે છે અને સાથે સાથે પોતાની શંકાઓ અને તર્કવિતર્કોનું સમાધાન થાય છે. 'સારું થયું કે કેટલા લોકોએ કાંકરો કાઢી નાખ્યો જેથી ધર્મને રસ્તે વળાયું' એવી લાગણી પણ થાય, તેથી સ્વાભાવિક રીતે જ પોતાનાં વીતકો પર પડદો પડી જાય. પોતાની ગણના નથી થતી એવાં રોદણાં રડનારા લોકો પોતાનું જીવન વેડફતા રહે છે, જ્યારે ધર્મને રસ્તે વળનારાઓમાં આશાવાદ પ્રગટે છે અને પોતાનાં જીવનનો શ્રેષ્ઠ ઉપયોગ થાય છે એવાં ભાનથી અનેરો સંતોષ અનુભવાય છે. આપણે દુનિયાને સુધારી ન શકીએ, પરંતુ પોતાની જાતને સુધારવા માટે કૃતનિશ્ચયી બનવું જોઈએ એવું ધર્મને રસ્તે ભાન થાય છે. પોતાની જાતને સુધારવી એ જ આપણી સઘળી વ્યથાઓ માટેનો યોગ્ય ઉપાય છે. □□□

## સંઘ સમાચાર

સંઘની આર્થિક સહાયથી ડૉ. કુમુદ પ્રવીણ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના આદિવાસી વિસ્તારમાં રવિવાર, તા. ૧૭મી ઓક્ટોબર, ૧૯૯૩ના રોજ ધામણી મુકામે તથા રવિવાર, તા. ૩૧મી ઓક્ટોબર, ૧૯૯૩ના રોજ ઉઝરડા મુકામે ચામડીનાં દર્દો માટેના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંત્રીઓ

# નીતિવાક્યામૃત

❑ રશ્મિકાન્ત પ. મહેતા

આચાર્ય સોમદેવસૂરિએ પોતાની રચનાઓને અંતે પોતાનો પરિચય આપ્યો છે : 'દેવસંઘમાં આચાર્ય યશોદેવના શિષ્ય નેમિદેવના શિષ્ય સોમદેવ હતા. નગરી ગંગધારા એમની જન્મભૂમિ હતી. 'સ્યાદ્વાદાચલસિંહ,' 'વાક્કલ્લોલપયોનિધિ' વગેરે બિરૂદો એમને પ્રાપ્ત હતાં. કવિશ્વરોમાં એમનું સન્માન હતું. શક સંવત્ ૮૮૧, ચૈત્ર સુદ તેરશના રોજ ચોલ વગેરે શત્રુઓને હરાવીને કૃષ્ણદેવ રાયે મલ્પારીમાં વિશ્રામ કર્યો હતો. એ વખતે ગંગધારામાં એમના સામન્ત વાગરાજનું શાસન હતું. આ દિવસે સોમદેવે 'યશસ્તિલકચમ્પૂ' પૂર્ણ કર્યું. આ પહેલાં એમની ત્રણ રચનાઓ હતી. 'યશ.' પછી એમણે 'નીતિવાક્યામૃત'ની રચના કરી.'

દક્ષિણભારતના સમ્રાટ રાઠૌડ રાય કૃષ્ણદેવ રાયનું એક તામ્રપત્ર મેલપાટીમાં ૯ માર્ચ ઇ. ૯૫૯ના રોજ લખાયું છે એના સભાકવિ પુષ્પદન્તે ઇ. ૯૫૯માં અપભ્રંશમાં 'મહાપુરાણ'ની રચના કરેલી. બંનેમાં સમ્રાટના વિજયનો નિર્દેશ છે. હૈદરાબાદ પાસે ના પરભણીના ઇ. ૯૬૬ના તામ્રપત્રથી જણાય છે કે વાદ્યગે ગંગધારામાં શુભધામ જિનાલય બંધાવેલું. સોમદેવને તેની વ્યવસ્થા સોંપેલી. આ જિનાલયના જીર્ણોદ્ધાર માટે એમને વાદ્યગના અનુગામી સામન્તે એક ગ્રામ દાનમાં આપેલું. શ્રી દેવની 'યશસ્તિણકપંજિકા (શ્લોક-૨)'ને આધારે જણાય છે કે સોમદેવ બહુશાસ્ત્રજ્ઞ હતા. એ. બેરિદલે કીથની પ્રશંસા છે કે 'નીતિવાક્યામૃત'ને સોમદેવની આ બહુશાસ્ત્રજ્ઞતાનો લાભ મળ્યો છે. કવિ ભારે સ્વાભિમાની છે. એમણે જણાવ્યું છે કે મેં એવી રીતે સારસ્વત રસનો ઉપભોગ કર્યો છે કે અનુગામી કવિઓ નિઃસંદેહ ઉચ્છિષ્ટભોગી જ હોવાના. કવિની ત્રણ રચનાઓ પ્રકાશિત છે : 'યશ.', 'નીતિ.' અને 'અધ્યાત્મ તરંગિણી' રચનાક્રમ પણ આ રીતે જ છે.

'નીતિ.'માં ૩૨ સમુદ્દેશ (= અધ્યાય)માં ૧૫૨૫ સૂત્રો છે. રાજનીતિ એનો પ્રમુખ વિષય છે. તેથી ત્રણ પુરુષાર્થ, મંત્રણા, દંડનીતિ, સ્વામી, અમાત્ય, પુરોહિત, સેનાપતિ, ગૂઢચર, દુર્ગ, કોશ, મિત્ર, સેના, સદાચાર, વિવાદ, યુધ્દ વગેરે તેના વિષયો છે આ ગ્રંથની એક સંસ્કૃત ટીકામાં આનું પ્રયોજન આપ્યું છે.-'કાન્યકુબ્જના મહારાજ મહેન્દ્રદેવને પોતાની સમયના નીતિશાસ્ત્રીય ગ્રંથો દુર્બોધ લાગતા હતા; તેથી સોમદેવને તેમણે કોઇ સરળ ગ્રંથ રચવાનો આદેશ આપ્યો. સોમદેવે આ આદેશનું પાલન કરીને રચના કરી.'

'યશ.-૩'માં કવિએ આ ક્ષેત્રના પોતાના પુરોગામીઓનો પોતાના ગુરુ તરીકે ઉલ્લેખ કર્યો છે, તે આ મુજબ છે-શુક્ર, વિશાલાક્ષ, પરીક્ષિત, પરાશર, ભીમ, ભીષ્મ, ભારદ્વાજ વગેરે, પં. કાશીપ્રસાદ જયસ્વાલ આ સંદર્ભે 'નીતિ.' વિષે યથાર્થ અભિપ્રાય આપે છે. 'આમાં પ્રાચીન આચાર્યોની અનેક ઉત્તમ સામગ્રીનો સમાવેશ છે. આ સૂત્રોને આ જૈન ગ્રંથકાર 'રાજનૈતિક સિધ્દાન્તોનું અમૃત' કહે છે, અને એમનું આ કથન એકદમ યોગ્ય પણ છે.'

શ્રી કૃષ્ણમાચાર્યિરનું વિધાન છે કે 'નીતિ.'માં ચાણક્યનાં 'અર્થશાસ્ત્ર'નું અનુસરણ છે. આ અભિપ્રાય સર્વાંશે સત્ય નથી. કૌટિલ્યની પ્રજ્ઞા સૂક્ષ્મગ્રાહિણી છે; સોમદેવની સારગ્રાહિણી. 'અર્થ.'ની જેમ અહીં દુર્ગનું પ્રકારોસહિતનું વિવરણ નથી. રાજાઓના કપટપૂર્ણ વ્યવહારને સ્થાને સોમદેવ રાજાઓ પાસે સદાચારી અને નૈતિક આચરણની અપેક્ષા રાખે છે. સ્મૃતિગ્રંથોની જેમ, તે દિવ્યપ્રયોગની ભલામણ કરે છે; 'અર્થ.'ની જેમ મંત્રણાની નહિ. તેના પર જૈન દર્શનનો પ્રભાવ થોડો છે. રાજાને માટે તે તપસ્વી આચરણનો વિરોધ કરે છે અને એ માટે એ ચાર્વાકની પ્રશંસા કરે છે. રાજાનું પ્રથમ કર્તવ્ય પ્રજામાં વર્ણાશ્રમધર્મો જળવાય તે જોવાનું છે, એમ તે માને છે.'કામંદક નીતિસાર' કરતાં તેની પાસે સ્ફૂર્તિ અને તાજગી વિશેષ છે. વિંટરનિત્સનો અભિપ્રાય સાચો છે કે સોમદેવની ભાષાશૈલી 'અર્થ.' અને 'કામ.'થી વિશિષ્ટ છે. અહીં સૂત્રો છે! એમ કહેવા કરતાં એમ કહેવું ઉચિત છે કે અહીં 'નાનાં નાનાં અર્થસઘન વાક્યો' છે. એ. કે. વૉર્ડર 'નીતિ.'ને 'એ હેન્ડબૂક ઑફ પોલિટિક્સ' કહે છે. પરંતુ માત્ર રાજા જ નહિ, કોઇ પણ પ્રકારનો મનુષ્ય-પછી તે રાગી હોય કે વિરાગી-આ ગ્રંથને કારણે વ્યવહાર કુશળ બનીને પોતાની સંસારયાત્રાનો સુખદ નિર્વાહ કરી શકે છે.

'નીતિ.'ની કેટલીક 'રત્નકણિકાઓ' આ પ્રમાણે છે : (૧) ત્રણેય પુરુષાર્થનું એક સરખું સેવન કરવું. (૨) જે દેવ પ્રત્યે શ્રધ્દ્રા હોય, તેની પ્રતિષ્ઠા કરવી. (૩) અપ્રામાણિકતા કાયમ નથી ચાલતી. કાષ્ઠપાત્રમાં એકવાર જ રસોઇ થઇ શકે. (૪) પરાક્રમ નહિ કરતા રાજાનું શાસન વણિકના હાથમાં ખડ્ગ જેવું છે. (૫) બધા લોકો બીજાનાં ઘરોમાં જ વિક્રમાદિત્ય હોય છે. (૬) વગર વિચાર્યે કશું ન કરવું. (૭) વાણીની કઠોરતા શસ્ત્રપ્રહાર કરતાં ચડિયાતી છે. (૮) રાજા પોતે જ ચોરો સાથે ભળી જાય, તો પ્રજાનું કલ્યાણ ક્યાથી થવાનું ? (૯) અધિકારીઓ ઉપર વિશ્વાસ કરવો એટલે બિલાડીને દૂધ સોંપવું. (૧૦) ધન હોય તે જ મહાન છે, કુલીન છે. (૧૧) સુખની જેમ દુઃખને પણ જાણે, તે મિત્ર. (૧૨) નમ્રતા પરાક્રમનું આભૂષણ છે. (૧૩) રાજાનું પરસ્ત્રીગમન એટલે દેડકાંનો સર્પગૃહપ્રવેશ. (૧૪) શુક્ર, મલ, મૂત્ર અને અપાનવાયુના વેગને રોકવાથી પથરી, ભગન્દર, ગુલ્મ અને અર્શ થાય છે. (૧૫) માણસ દુઃખમાં હોય ત્યારે જ ધાર્મિક બને છે. (૧૬) સન્યાસીઓ પણ ધનિકની ખુશામત કરે છે. (૧૭) બજારું ખોરાક અને પરસ્ત્રીમાં આસ્વાદ કેવો? (૧૮) રાજા પાસે આસુરી વૃત્તિ ન હોય, તો રાજ્ય શોભે. (૧૯) શત્રુને વિશ્વાસમાં લેવા સત્ય ના શપથ લેવા. (૨૦) પિતા ધનિક હોય તો કન્યા પતિને પણ તુચ્છ માને. (૨૧) કાર્ય શરૂ થયા પછી તેની વિચારણા કરવી એટલે માથું મૂંડાવ્યા પછી શુભનક્ષત્ર પૂછવું. (૨૨) મિત્ર માટે ઇન્દ્રની જેમ અનુકૂળ અને શત્રુ માટે યમની જેમ પ્રતિકૂળ હોય તે રાજા. (૨૩) રાજા મૂરખ હોય એના કરતાં ન હોય તે સારું. (૨૪) ચાર્વાક દર્શનને જાણતો રાજા રાજ્યમાંથી કાંટા ઉખેડી નાખે છે. (૨૫) રાજા પોતે જ ધન લૂંટતો રહે તો દુષ્કાળ પડે. સમુદ્ર જ જો તરસ્યો રહે તો દુનિયામાં પાણી કેવું ? (૨૬) રાજા જો પોતાની સાથે હોત તો ઘેટું પણ સિંહ થઇ જાય. (૨૭) કાર્ય સિધ્દિ સુધી મંત્રનું રક્ષણ કરવું. (૨૮) આગ લાગે ત્યારે કૂવો ન ખોદાય. (૨૯) જે થોડું ખાય છે, તે વધુ ખાય છે. (૩૦) ચાણક્યે અપ્રગટ દૂતપ્રયોગથી નંદને માર્યો; તેવું સાંભળ્યું છે. (૩૧) માધવપિતાએ દૂર રહીને પણ કામંદકીપ્રયોગથી માધવને માલતીની પ્રાપ્તિ કરાવી. (૩૨) એકવાર વનપ્રદેશના કૂવામાં વાનર, સાપ, સિંહ અને પ્રાચ્યવિદ્ પડી ગયા. કાંકાયન નામના મુસાફરે તેઓને બહાર કાઢ્યા. પરંતુ નગરી વિશાલામાં પ્રાચ્યવિદ્ દ્વારા બધા જ મરણ પામ્યાં.

### સહાયક ગ્રન્થ


૧. शास्त्री सुन्दरलाल–यशस्तिलकचम्पू, पूर्वखन्ड

૨. मालवीय (आचार्य) रामचन्द–नीतिवाक्यामृत

૩. शास्त्री (पं.) कैलाशचन्द–उपासकाध्ययन

૪. Keith A. B.-A history of Sahskrit Literature

૫. Krishamacariyar M.-History of classical Sahskrit Literture

૬. Wihterhif Maurice-History of Indian Literature vol. - 3

૭. Warder A. K.-Indian Kavya Literature vol.-5


❑❑❑

# જૈન સાહિત્ય : એક છબી

❑ મુનિશ્રી 'વાત્સલ્યદીપ'

જૈન સાહિત્યમાં અસંખ્ય પુસ્તકો છે. પ્રભુ મહાવીરના સમયથી આજસુધીમાં અનેક મહાન જૈનાચાર્યોએ, સર્જકોએ સંખ્યાબંધ પુસ્તકો રચ્યાં છે. આચાર્યશ્રી ઉમાસ્વાતિ વાચકે ૫૦૦ ગ્રંથ રચ્યાં છે. શ્રી હરિભદ્રસૂરિ એકલાએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે વિપુલ સાહિત્ય રચ્યું છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય મહારાજે ૧૦૮ મહાન ગ્રંથો લખ્યાં છે. આવા અનેક જ્ઞાની મહાત્માઓએ અસંખ્ય પુસ્તકો લખેલાં છે. હિંદુઓમાં ગીતા મુખ્ય મનાય છે. મુસલમાનોમાં કુરાને શરીફ મુખ્ય મનાય છે. ખ્રિસ્તિઓમાં બાઈબલ મુખ્ય મનાય છે. એમ જૈન ધર્મમાં આગમો એ જૈન ધર્મનું પરમ પવિત્ર અને પ્રમાણભૂત સાહિત્ય છે. એને સૂત્ર, શાસ્ત્ર, સિધ્ધાંત કે નિર્ગ્રંથ પ્રવચન એવા નામે પણ ઓળખવામાં આવે છે. આગમોની સંખ્યા પહેલાં ૮૪ની હતી. હાલ ૪૫ની છે. આ પિસ્તાલીસ આગમોમાં પ્રથમ આગમ-અંગ આચારાંગસૂત્ર છે, જેમાં સાધુઓનાં શુધ્ધ આચાર અને વિચારોનું સુક્ષ્મ અને સૂત્રમય વર્ણન છે. આ એકજ મહાગ્રંથને કદાચ આપણે જૈન સાહિત્યના અતિટૂંકસારરૂપ પણ ગણી શકીએ. આમ, આચારાંગસૂત્ર એ આપણા જૈન સાહિત્યનું મુખ્ય પુસ્તક કે ગ્રંથ માની શકાય. ટૂંકું સૂત્રાત્મક હોવાથી તેના અનેક સૂત્રોનાં અસંખ્ય અર્થ તારવી શકાય છે.

ભગવાન મહાવીર 'ઉવ્વેઈ ધુવેઈવા નસ્સઈવા' એ ત્રણ જ શબ્દમાં સંસારના સમગ્ર સમ્યગ્ જ્ઞાનનો સાર જણાવે છે. સ્ત્રી બાળકો વગેરે પણ સમજી શકે તેવી (જૈન) અર્ધમાગધી ભાષામાં તેઓ ઉપદેશ આપતા. એમના મુખ્ય શિષ્યો-ગણધરો ભગવાન મહાવીરના આ ઉપદેશને સૂત્રરૂપે ગોઠવે છે અને બીજા તેને મુખપાઠ કરી લે છે. તેમના દીર્ઘાયું મહાજ્ઞાની શિષ્યા સુધર્માસ્વામીએ એ ઉપદેશને સૂત્રરૂપે ગોઠવ્યો. એના બાર ભાગ છે અને દરેક ભાગ અંગ કહેવાય છે.

**❑ ૪૫ આગમો :**

૧ : ૧૧ અંગ ૨ : ૧૨ ઉપાંગ ૩ : ૧૦ પયન્ના ૪ : ૬ છેદસૂત્ર ૫ : ૨ સૂત્ર અને ૬ : ૪ મૂળ સૂત્ર

**❑ ૧૧ અંગ :**

૧ : આચારાંગ ૨ : સૂત્રકૃતાંગ ૩ : સમવાયાંગ ૪ : ઠાણાંગ ૫ : વિવાહપ્રજ્ઞપ્તિ અથવા ભગવતીજી ૬ : જ્ઞાતાધર્મકથા ૭ : ઉપાસકદશા ૮ : અંતકૃતદશા ૯ : અનુત્તરોપપાતિક દશા ૧૦ : પ્રશ્ન વ્યાકરણ ૧૧ : વિપાક સૂત્ર અને ૧૨ : દૃષ્ટિવાદ

બારમુ અંગ વિચ્છેદ જવાથી હાલ ૧૧ અંગો જ મળી શકે છે.

**❑ ૧૨ ઉપાંગ :**

૧ : ઔપપાતિક ૨ : રાજપ્રશ્નીય ૩ : જીવાજીવાભિગમ ૪ : પ્રજ્ઞાપના ૫ : જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ૬ : ચંદ્રપ્રજ્ઞપ્તિ ૭ : સૂર્ય પ્રજ્ઞપ્તિ ૮ : નિરયાવલિયાઓ ૯ : કલ્પાવતંસિકા ૧૦ : પુષ્પિકો ૧૧ : પુષ્પચૂલિકા ૧૨ : વૃષ્ણિદશા

**❑ ૧૦ પયન્ના :**

૧ : ચતુ:શરણ ૨ : સંસ્તાર ૩ : આતુરપ્રત્યાખ્યાન ૪ : ભક્ત પરિજ્ઞા ૫ : તંદુલેવૈયાલિય ૬ : ચંદ્રાવેધ્યક ૭ : દેવેન્દ્રસ્તવ ૮ : ગણિવિધા ૯ : મહાપ્રત્યાખ્યાન ૧૦ : વીરસ્તવ

**❑ ૬ : છેદસૂત્ર**

૧ : નિશીથ ૨ : મહાનિશીથ ૩ : વ્યવહાર ૪ : દશાશ્રુતસ્કંધ ૫ : બૃહત્કલ્પ ૬ : જીતકલ્પ

**❑ ૨ સૂત્ર :**

૧ : નંદી સૂત્ર ૨ : અનુયોગદવાર

**❑ ૪ મૂળસૂત્ર :**

૧ : આવશ્યક-ઓઘનિર્યુક્તિ ૨ : દશવૈકાલિક ૩ : પિંડ-નિર્યુક્તિ ૪ : ઉત્તરાધ્યયન

**❑ આગમોમાં ક્યા ક્યા વિષયોની ચર્ચા છે ?** આચારાંગ એ પહેલું છે. તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય વગેરે આચારો તથા ગોચરી, વિનય શિક્ષા, ભાષા, અભાષા, સદ્વર્તન, ક્રિયા વગેરેનું વર્ણન છે. બીજુ અંગ સૂત્રકૃતાંગ છે. એમાં લોક, અલોક, લોકાલોક જીવ, સમય તથા ૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી તથા ૩૨ વિનયવાદી-એમ ૩૬૩ મતોનું ખંડન કરી અનેકાન્તિક મંતવ્ય રજૂ કર્યું છે. સ્થાનાંગ સૂત્રમાં જીવ, સમય, લોક તથા ભૂગોળની સ્થાપના છે. સમવાયાંગમાં એકથી આરંભી ૧૦૧ સંખ્યાવાળા પદાર્થોનો નિર્ણય ને દ્વાદશાંગીનું સ્વરૂપ બતાવ્યું છે. વ્યાખ્યા- પ્રજ્ઞપ્તિ સૂત્રનું બીજું નામ ભગવતીસૂત્ર છે. જીવાદિનું તલસ્પર્શી વિવેચન છે. જ્ઞાતાધર્મકથામાં દરેક કથાનાયકનું જન્મભૂમિથી મોક્ષ સુધીનું વર્ણન છે. ઉપાશકદશામાં શ્રમણોપાસકના જીવનો છે. અંતકૃદ્દશામાં મોક્ષગામીઓનાં જીવનો છે. પ્રશ્ન વ્યાકરણમાં પૂછાતા વિદ્યામંત્રો, અપૂછાતા વિદ્યામંત્રો, મિશ્રપૂછાતા વિદ્યામંત્રો અંગૂઠાદિના પ્રશ્નો, વિદ્યાતિશયો, દેવો સાથેના દેવી સંવાદો છે. વિપાકસૂત્રમાં સુખ-દુ:ખનાં કારણોની ચર્ચા છે. બારમું અંગ દૃષ્ટિવાદ છે, પણ તે હાલ નાશ પામ્યું છે.

એકલા સુધર્માસ્વામીએ જ બધા આગમો લખ્યા નથી. ચોથું ઉપાંગ પ્રજ્ઞાપના શ્રી શ્યામાચાર્યે રચેલું છે. ચતુ:શરણસૂત્ર શ્રી વીરભદ્રગણીએ રચેલું છે. બીજા પયન્ના રચનારાનાં નામ હજુસુધી જણાયાં નથી. છેદસૂત્રોમાં પહેલાં બે સિવાય બાકીના ભદ્રબાહુસ્વામીએ રચ્યાં છે. મહાનિશિથ મૂળ ગણધર ભગવાન સુધર્મસ્વામીએ રચેલું, પણ તેનો ઉધ્ધાર શ્રી હરિભદ્રસૂરિએ કર્યો છે. નંદિસૂત્ર શ્રી દેવવાચકગણિએ રચ્યું છે. દશવૈકાલિકસૂત્ર શ્રી શયંભવસૂરિએ રચ્યું છે. પિંડનિર્યુક્તિ શ્રી ભદ્રબાહુસ્વામીએ રચી છે.

સ્મરણશક્તિ ઘટવાથી સાધુઓ સૂત્રો વિસરવા લાગ્યા. તેથી પાટલીપુત્રમાં શ્રી ભદ્રબાહુસ્વામીના વખતમાં શ્રી શ્રમણસંઘ એકઠો થયો અને જેને જે અંગાદિ યાદ હતું તે બધું એકઠુ કરી લીધું. ત્યારપછી લગભગ પાંચસો વર્ષે આર્યસ્કંદિલાચાર્યે સૂત્રોનો અનુયોગ (વ્યાખ્યા) કર્યો. એ વખતે જે સૂત્રોનાં વ્યાખ્યાનો થયાં તેને માથુરી વાચના કહે છે. એ પછી વીર સંવત ૯૮૦માં દેવર્ધિગણિ ક્ષમા શ્રમણે વલ્લભીપુર (વળા)માં એક પરિષદ ભરીને તેમાં જૈન આગમોના સિધ્ધાંતો પુસ્તકારૂઢ થયા. અર્થાત્ પહેલા વહેલા લખાયા. એ વલ્લભીવાચના કહેવાય છે. એની અનેક નકલો ઉતારવામાં આવી ને તેનો ઠામ ઠામ પ્રચાર કરવામાં આવ્યો. આજે એ ૪૫ આગમો મળી શકે છે. સુરતની શ્રી આગમોદય સમિતિ તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા તે છપાઈ ગયાં છે. હવે તો તેમાંથી ઘણાં આગમોનો ગુજરાતી તથા અન્ય ભાષામાં અનુવાદ પણ થયો છે. આ આગમોમાં અનેક વિષયોનું જ્ઞાન સમાયેલું છે. આજે પ્રાકૃતમાં ફેરફાર થઈ અનેક ભાષાઓ બની છે. આપણે હાલ મૂળ પ્રાકૃત ભાષા બરોબર સમજી શકાતી નથી. પણ આ ગ્રંથો સંસ્કૃત, અપભ્રંશ, જૂની ગુજરાતી, ગુજરાતી, હિન્દી, મરાઠી, કન્નડ, તામીલ, અંગ્રેજી, જર્મન વગેરે ભાષાઓમાં મળે છે.

આગમો સિવાય જૈનતત્ત્વજ્ઞાનનાં ખાસ ગ્રંથોમાં તત્ત્વાધિગમસૂત્ર સહુથી સુંદર ગ્રંથ છે. એના ઉપર અનેક ટીકાઓ રચાઈ છે. એ સિવાય શ્રી હરિભદ્રસૂરિનું ષડ્‌દર્શનસમુચ્ચય, શ્રી જિનભદ્રક્ષમાશ્રમણનું વિશેષાવશ્યક ભાષ્ય, શ્રી અનંતવીર્યનું પરીક્ષાસૂત્ર લઘુવૃત્તિ, પ્રમાણનયતત્ત્વાલંકાર શ્રી મલ્લિસેનની સ્યાદ્વાદમંજરી અને શ્રીગુણરત્નની તર્ક રહસ્યદીપિકા પણ જૈન તત્ત્વજ્ઞાનનાં સુંદર ગ્રંથો છે. તત્ત્વજ્ઞાન અને ન્યાયને ઊંડે સંબંધ હોવાથી એ બંને વિષયોનાં ગ્રંથો જુદા પાડવા કેટલીક વખત મુશ્કેલ પણ બની જાય છે.

❑ **જૈન ન્યાયના મહાન લેખકો અને તેમની કૃતિઓ :**

| | |
|---|---|
| ૧ : શ્રી સિદ્ધસેન દિવાકર | (૧) સન્મતિતર્ક (૨) ન્યાયાવતાર |
| ૨ : શ્રી મલ્લવાદીસૂરિ | (૧) દ્વાદશારનયચક્ર (૨) સન્મતિની ટીકા |
| ૩ : શ્રી હરિભદ્રસૂરિ | (અનેકાંતજયપતાકા), લલિતવિસ્તરા (૩) ધર્મસંગ્રહણી |
| ૪ : શ્રી અભયદેવસૂરિ | (૧) સન્મતિતર્ક પર મહાટીકા |
| ૫ : શ્રી વાદીદેવસૂરિ | (૧) સ્યાદ્વાદરત્નાકર |
| ૬ : શ્રી હેમચંદ્રાચાર્ય | (૧) પ્રમાણમીમાંસા (૨) અન્યયોગ-વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા |
| ૭ : શ્રી યશોવિજયજી | (૧) જૈન તર્ક પરિભાષા (૨) દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા (૩) ધર્મપરીક્ષા (૪) નયપ્રદીપ (૫) નયામૃતતરંગિણી (૬) ખંડખંડ ખાદ્ય (૭) ન્યાયલોક (૮) નયરહસ્ય (૯) નયોપદેશ (૧૦) અનેકાંતવ્યવસ્થા (૧૧) તત્ત્વાર્થસૂત્ર વૃત્તિ |
| ૮ : શ્રી ગુણરત્નસૂરિ | (૧) ષડદર્શનસમુચ્ચય વૃત્તિ |
| ૯ : શ્રી ચંદ્રસેન | (૧) ઉન્માદસિદ્ધિપ્રકરણ |
| ૧૦ : શ્રી ચંદ્રપ્રભસૂરિ | (૧) પ્રમેયરત્નકોષ: |
| ૧૧ : શ્રી પદ્મસુંદરગણિ | (૧) પ્રમાણસુંદર |
| ૧૨ : બુદ્ધિસાગર | (૧) પ્રમાલક્ષ્મલક્ષણા |
| ૧૩ : શ્રી મુનિચંદ્ર | (૧) અનેકાંતવાદ જયાપતાકાદીપ્પન |
| ૧૪ : શ્રી રાજશેખર | (૧) સ્યાદવાદકલિકા |
| ૧૫ : રત્નપ્રભૂસૂરિ | (૧) રત્નાકરાવતારિક |
| ૧૬ : શ્રી શુભવિજયજી | (૧) સ્યાદવાદભાષા |
| ૧૭ : શ્રી શાંતિસૂરિ | (૧) પ્રમાણપ્રમેય કલિકાવૃત્તિ |

દિગંબરોમાં પણ ન્યાય ઉપર લખનારા ઘણા પંડિતો થયા છે.

❑ **યોગ અને અધ્યાત્મના ગ્રંથો :** યોગબિન્દુ, યોગદષ્ટિસમુચ્ચ, યોગવિંશિકા, યોગશાસ્ત્ર, યોગશતક, યોગાસાર, સમાધિશતક, પરમાત્મપ્રકાશ, સમભાવશતક, ધ્યાનશતક, ધ્યાનસાર, ધ્યાનદીપિકા, ધ્યાનવિચાર, અધ્યાત્મ ઉપનિષદ, અધ્યાત્મબિન્દુ, અધ્યાત્મરંતગિણી, અધ્યાત્મગીતા, અધ્યાત્મકલ્પદ્રુમ, જ્ઞાનાવર્ણવ વગેરે.

❑ **કર્મસાહિત્ય :** તેના મુખ્ય ગ્રંથો કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ, પ્રાચીન પાંચ કર્મગ્રંથો, નવીન છ કર્મગ્રંથો, સંસ્કૃત ચાર કર્મગ્રંથો, કર્મસ્તવ વિવરણ વગેરે છે. એના પર ઘણી ટીકાઓ રચાયેલી છે.

❑ **સાહિત્યગ્રંથો :** સાહિત્યગ્રંથોમાં જૈનોનો ફાળો ઘણો મોટો છે. વ્યાકરણ, કોશ, છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, કાવ્ય, નાટક, કથા પ્રબંધ વગેરે સાહિત્યના બધા વિભાગો પર આપણા આચાર્યોએ લખ્યું છે. પાણિનીના સંસ્કૃત ભાષાના વ્યાકરણની હરિફાઈ કરનાર સિદ્ધહેમ વ્યાકરણ શ્રી હેમચંદ્રાચાર્યે રચ્યું છે. એના છેલ્લા અધ્યાયમાં પ્રાકૃત, અપભ્રંશ વગેરે ભાષાનાં વ્યાકરણો પણ લખ્યાં છે. શાક્યયનનું વ્યાકરણ તો ઘણા વખતથી પ્રસિદ્ધ છે. પૂજ્યપાદ દેવનંદિનું જૈનેદ્ર વ્યાકરણ પણ મશહુર છે. એ સિવાય બુદ્ધિસાગરાચાર્યે બુદ્ધિસાગર વ્યાકરણ, જ્ઞાનવિમળગણિએ શબ્દ પ્રતિ ભેદ વ્યાકરણ, ને શ્રી વિદ્યાનન્દસૂરિએ સિદ્ધસારસ્વત વ્યાકરણ રચ્યું છે. પ્રાકૃત ભાષાનાં બીજા પણ અનેક વ્યાકરણો જૈનાચાર્યોએ રચ્યાં છે. તામીલ અને કાનડી ભાષાના મૂળ વ્યાકરણો જૈનાચાર્યોથી જ રચાયાં છે. ને ગુજરાતી ભાષા પર તો સેંકડો વર્ષ સુધી એકલા હાથે જૈનોએ જ પ્રભુત્વ ભોગવ્યું છે. કાવ્યની સંખ્યાનો સુમાર નથી. અનેક કાવ્યો ઉપરાંત દ્વિસંધનકાવ્ય, ત્રિસંધાનકાવ્ય, અને છેક સપ્તસંધાનકાવ્ય એટલે જેના શ્લોકમાંથી સાત સંબંધવાળા અર્થ નીકળે ને સાતના જુદા જુદા જીવન સમજાય તેવાં પણ રહ્યાં છે. એક અષ્ટલક્ષી નામનો ગ્રંથ છે. તેમાં એક શ્લોકના આઠ લાખ અર્થો કર્યા છે. શ્રી હેમચંદ્રાચાર્યે છંદશાસ્ત્ર તથા અલંકાર પર સ્વતંત્ર ગ્રંથો રચ્યાં છે. શ્રી વાગ્ભટે પણ કાવ્યાલંકાર નામે અલંકારશાસ્ત્ર રચ્યું છે. શ્રી અમરચંદસૂરિએ કવિશિક્ષાવૃત્તિ, કવિકલ્પતા, છંદ રત્નાવલિ, કલાકલાપ વગેરે ગ્રંથો રચ્યાં છે. શ્રી નમિસાધુએ પ્રખ્યાત કાવ્યાલંકાર પર ટીપ્પણ રચ્યું છે. શ્રી નરેન્દ્રપ્રભસૂરિએ અલંકાર મહોદધિ બનાવ્યો છે. શ્રી માણિકચંદ્રસૂરિએ કાવ્યપ્રકાશસંકેત બનાવ્યો છે. અને કોશની રચનામાં તો શ્રી હેમચંદ્રાચાર્યે હદ કરી છે. અભિધાનચિંતામણી, અનેકાર્થ કોશ, દેશીનામમાલા, નામશેષ, નિઘંટુ એ એ બધા એમણે એકલાએ જ રચ્યાં છે, ઉપરાંત સટીક ધાતુપાઠ, સટીક ધાતુપારાયણ ધાતુમાલા, લિંગાનુશાસન વગેરે સંસ્કૃત ભાષાશાસ્ત્રમાં મહત્વના ગ્રંથો રચ્યાં છે. ધનંજય કવિએ ધનંજય નામમાળા બનાવી છે. શ્રી હર્ષકીર્તિજીએ શારદીય નામમાલા રચી છે. બીજાઓએ પણ ઘણું કર્યું છે.

❑ **મહાકાવ્યો :** ઘણા તીર્થંકરોનાં ચરિત્રો શિષ્ટ કાવ્યોમાં લખાયેલાં છે. શ્રી શાંતિનાથ ચરિત્ર, શ્રી નેમિનાથ ચરિત્ર, શ્રી પાર્શ્વનાથ ચરિત્ર, શ્રી વાસુપૂજ્ય ચરિત્ર વગેરે ઘણાં કાવ્યો છે. એ સિવાય શ્રી અભયદેવસૂરિએ જયંત વિજય મહાકાવ્ય લખ્યું છે. શ્રી અમરચંદસૂરિએ પદ્માનંદભ્યુદય મહાકાવ્ય તથા બાળભારત મહાકાવ્ય રચ્યાં છે. ઉદયપ્રભસૂરિએ ધર્માભ્યુદય મહાકાવ્ય રચ્યું છે. કવિશ્રી જયશેખરસૂરિએ જૈન કુમારસંભવ કાવ્ય લખ્યું છે. શ્રી દેવપ્રભસૂરિ મલ્લધારીએ પાંડવચરિત્ર મહાકાવ્ય બનાવ્યુ છે. શ્રી ધનંજય મહાકવિએ રાઘવ પાંડવીયમહાકાવ્ય (દ્વિસંધાન મહાકાવ્ય) રચ્યું છે. શ્રી નયનચંદ્રસૂરિએ હમ્મીર મહાકાવ્ય તથા પદ્મચંદ્રજીએ ધન્નાભ્યુદય મહાકાવ્ય લખ્યું છે. વળી પદ્મસુંદરગણિએ રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય તથા પાર્શ્વનાથ કાવ્ય રચ્યાં છે. તથા માણિક્યચંદ્રસૂરિએ પાર્શ્વનાથ ચરિત્ર તથા નલાયન કાવ્યની રચના કરી છે. શ્રી હેમચંદ્રાચાર્યે પણ ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત તથા દ્વયાશ્રય નામનાં મહાકાવ્ય લખ્યાં છે. એ સિવાય બીજાં પણ ઘણાં કાવ્યો છે. ખંડ કાવ્યો, સ્તોત્ર અને સ્તુતિઓનો તો પાર જ નથી.

❑ **નાટકો :** રઘુવિલાસ, નલવિલાસ, રાઘવાભ્યુદય, સત્ય હરીશચંદ્ર, કૌમુદીમિત્રાનંદ, નિર્ભયભીમવ્યાયોગ (કર્તા, શ્રી હેમચદ્રાચાર્યના પ્રખ્યાત શિષ્ય શ્રી રામચંદ્ર) હમીર મદમર્દન (કર્તા, જયસિંહ) રંભામંજરી (કર્તા, નયચંદ્રસૂરિ) મોહપરાજ્ય (કર્તા, યશપાલ) મુદિત કુમંદચંદ્ર, પ્રબુધ્ધ રોહિણેય, દ્રૌપદી સ્વયંવર, ધર્માભ્યુદય વગેરે.

❑ **કથાઓ :** સંસ્કૃત, પ્રાકૃત ને ગુજરાતી ભાષા જૈન કથાઓથી ભરપૂર છે. એમાં શ્રી હેમચંદ્રાચાર્યનું ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર તથા પરિશિષ્ટ પર્વ, શ્રી પાદલિપ્તાચાર્યની તરંગલોલા, દક્ષિણ્ય ચિન્હ, ઉદ્યોતનસૂરિની કુવલયમાલા શ્રી ભદ્રેશ્વરસૂરિની કથાવલી, વસુદેવહિંડી, શ્રી હરિભદ્રસૂરિની સમરાઈચ્ચકહા, શ્રી સિદ્ધર્ષિગણિની ઉપમિતિભવપ્રપંચ કથા, શ્રી ધનપાલ કવિની તિલકમંજરી, વગેરે મુખ્ય છે. આપણા આચાર્યોના હાથે પંચતંત્રનાં અનેક સંસ્કરણ થયા છે. કથાકલ્લોલ, સિંહાસનબત્રીશી, વૈતાલપચીસી, શુકસપ્તતિ વગેરે વગેરેનાં પણ ઘણાં સંસ્કરણો થયાં છે. એ ઉપરાંત રાસ અને જીવનચરિત્રો ઘણાં જ છે. એકલા ગુજરાતી ભાષામાં જ સાતસો ઉપરાંત રાસ છે. અને પ્રબંધની રચનામાં પણ જૈનો આગળ પડતા છે. શ્રી મેરુતુંગાચાર્યે પ્રબંધ

ચિંતામણિની રચના કરી છે. શ્રી રાજશેખરસૂરિએ ચતુર્વિશતિ પ્રબંધ રચ્યો છે. શ્રી પ્રભાચંદ્રસૂરિએ પ્રભાવકચરિત લખ્યું છે. શ્રી ભદ્રેશ્વરાચાર્યે પુરાતન પ્રબંધ સંગ્રહ, મહાકવિ રામચંદ્રે સો પ્રબંધો લખ્યા છે. આમ જૈનોના કથા અને પ્રબંધગ્રંથો પણ ઘણા જ છે.

❑ **કલા અને વિજ્ઞાન ઊપરના આપણાં ગ્રંથો :** શિલ્પશાસ્ત્ર, સંગીત, ધનુર્વિદ્યા, અશ્વપરીક્ષા, ગજપરીક્ષા, પક્ષીવિજ્ઞાન, રત્નપરીક્ષા, રસાયણ, આયુર્વેદ, ખગોળ, જ્યોતિષ વગેરે પર સારી સંખ્યામાં ગ્રંથો છે. એટલું જ નહીં પણ આજે વિશ્વજ્ઞાન કોશની રચના થાય છે, તેવી રચના પણ થયેલી છે. શિલ્પશાસ્ત્રની નિપુણતા જૈનોના અનેક ભવ્ય પ્રાસાદો જોતાં જણાઈ આવે છે. એ વિશે જૈન વિદ્વાન ઠક્કર ફેરુએ વાસ્તુસાર ગ્રંથ લખ્યો છે. વાસ્તુશાસ્ત્ર નામનો ગ્રંથ ભોજદેવે લખ્યો છે. સિવાય પ્રાસાદમંડન વગેરે ઘણા ગ્રંથો છે. શ્રી પાર્શ્વદેવ નામના જૈનાચાર્યે સંગીતસમયસાર તથા બીજા એક આચાર્યે સંગીત રત્નાકર લખી એ વિષમાં નામના મેળવી છે. એ સિવાય સંગીતદીપક, સંગીત રત્નાવલિ વગેરે ગ્રંથો પણ રચાયાં છે. રત્નપરીક્ષા નામનો એક ગ્રંથ ફ્રાંસના એક ઝવેરીએ ફ્રેન્ચ ભાષામાં અનુવાદ કરી થોડાં વર્ષ પહેલાં બહાર પાડ્યો છે. હીરક પરીક્ષા, સમસ્ત રત્નપરીક્ષા વગેરે ગ્રંથો પણ આ વિષયમાં મોજુદ છે. ધનુર્વેદ ધનુર્વિદ્યા, અશ્વાદિગુણ, ગજપરીક્ષણ, પક્ષીવિજ્ઞાન વગેરે ગ્રંથો પણ જુદા જુદા ભંડારોમાંથી મળી આવ્યા છે. ઠક્કર ફેરુએ સિક્કાઓ વિશે અગત્યનો ગ્રંથ લખ્યો છે. મંત્રતંત્ર વિષે ઘણું લખાયું છે. મંત્રો વિષે અગત્યનો ગ્રંથ વિદ્યાનુશાસન નામે છે તે જૈનાચાર્યની જ રચના છે. વળી, મંત્ર વિષયના જુદા જુદા ઘણા કલ્પો રચાયા છે. ભૈરવપદ્માવતી કલ્પ, શંખાવર્ત કલ્પ, વગેરે અનેક છે. સૂરિમંત્ર કલ્પ એ એક આમ્નાય કલ્પ છે તે પણ સાધુઓના ગચ્છો મુજબ જુદા જુદા રચાયેલા મળે છે. જ્યોતિષમાં ભદ્રબાહુ નામથી ભદ્રબાહુસંહિતા છે. હર્ષકીર્તિએ જ્યોતિષ સારોદ્ધાર નામનો ગ્રંથ રચ્યો છે જેમાં તારાઓ સંબંધી ઘણું ઊંડું જ્ઞાન છે. વળી એમાં સ્વપ્ન, મંત્ર અને બીજી ગુપ્ત વિદ્યાઓનું વર્ણન છે. એ સિવાય આરંભસિદ્ધિ, અર્ઘકાંડ, ચંદ્રરજ્જુ, ચક્રવિવરણ જાતકદીપિકા જ્યોતિષસાર સંગ્રહ, ભુવનદીપક વગેરે અનેક ગ્રંથો છે. રટ્ટાચાર્ય નામના જૈન સાધુએ રટ્ટસૂત્ર નામે ૧૩૦૦ ગાથાનો ગ્રંથ લખ્યો છે. જેમાં વરસાદ, ધરતીકંપ, વીજળી અને એવા અનેક વિષયોનાં પૂર્વલક્ષણો બતાવ્યા છે. વૈદકમાં પણ અનેક ગ્રંથ છે, જેવાં કે આયુર્વેદ મહોદધિ ચિકિત્સોત્સવ, દ્રવ્યાવલિ (નિઘંટુ), પ્રતાપ કલ્પગ્રંથ, માધવરાજ પદ્ધતિ, યોગરત્નાકર, રત્નસાગર, રસચિંતામણિ, વૈદક સારોદ્ધાર વગેરે. ગણિતના અનેક ગ્રંથો પૈકી શ્રી મહાવીરાચાર્યે ઈ.સ.ના નવમાં સૈકામાં રચેલ ગણિતસારસંગ્રહનો તો અંગ્રેજી અનુવાદ પણ થઈ ચૂક્યો છે. નિમિત્તશાસ્ત્રમાં તો જૈનાચાર્યો એ પોતાના અનુભવોનો ખજાનો લોકહિત માટે ખુલ્લો મૂકી દીધો છે. અંગવિદ્યા નામનો એક પ્રાચીન ગ્રંથ એ વિષે ઉપયોગી માહિતી આપે છે. દુર્ગદેવે રિષ્ટસમુચ્ચય નામનો ગ્રંથ બનાવ્યો છે. વિજ્ઞાનકોશની જેમ વિનયવિજયજી મહારાજે લોકપ્રકાશ નામનો ગ્રંથ બનાવ્યો છે. તેમાં સાતસો ગ્રંથની તો શાખ આપેલી છે. ગ્રંથની અંતે તે તે આચાર્યોએ પોતાની પ્રશસ્તિઓ આપેલી હોય છે, જેમાં તેમના ગુરુઓ અને તે સમયના રાજાઓ, મંત્રીઓ, ગૃહસ્થો અને તેમણે કરાવેલાં શુભ કાર્યોની નોંધ પણ આપી હોય છે. તે પ્રશસ્તિઓ ઈતિહાસ માટે ઉપયોગી પુરવાર થાય છે એવી જ રીતે એ પુસ્તકોની અંતે લેખન સમયની પણ પ્રશસ્તિઓ હોય છે. તે પણ ઘણી માહિતી આપે છે. આ પ્રશસ્તિઓ શિલાલેખ જેટલી જ પ્રામાણિક મનાય છે.

આ લેખમાં થયેલી સમગ્ર ચર્ચા જૈન ધર્મની શ્વેતામ્બર મૂર્તિપૂજક પરંપરાને સંલગ્ન છે. ❑❑❑

## પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તથા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે પરમાનંદ કાપડિયા જન્મશતાબ્દી વર્ષની ઉજવણી

### વ્યાખ્યાનોનો કાર્યક્રમ

૧૯૯૩-૯૪નું વર્ષ શ્રી પરમાનંદ કાપડિયા જન્મશતાબ્દી વર્ષ છે. શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે સ્વ. પરમાનંદ કાપડિયા જન્મશતાબ્દી વર્ષ ઊજવવાનું નક્કી થયું છે. તે અનુસાર વ્યાખ્યાનોનો બે દિવસનો નીચે મુજબનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

**બુધવાર, તા. ૧લી ડિસેમ્બર, ૧૯૯૩**

❑ **પ્રથમ વ્યાખ્યાન :** શ્રી યશવંત દોશી
❑ **વિષય :** પરમાનંદ કાપડિયા-એક વિલક્ષણ પ્રતિભા
❑ **બીજું વ્યાખ્યાન :** શ્રી હરીન્દ્ર દવે
❑ **વિષય :** પરમાનંદ કાપડિયા-એક વિલક્ષણ પ્રતિભા
પ્રમુખ : ડૉ. રમણલાલ ચી. શાહ
સંચાલન : શ્રી ચીમનલાલ જે. શાહ

❀ ❀ ❀

**ગુરુવાર, તા. ૨જી ડિસેમ્બર, ૧૯૯૩**

❑ **પ્રથમ વ્યાખ્યાન :** ડૉ. ઉષાબહેન મહેતા
❑ **વિષય :** સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓનો ફાળો
❑ **બીજું વ્યાખ્યાન :** શ્રી નારાયણ દેસાઈ
❑ **વિષય :** સંપૂર્ણ લોકક્રાંતિની વિભાવના
પ્રમુખ : ડૉ. રમણલાલ ચી. શાહ
સંચાલન : શ્રી ચીમનલાલ જે. શાહ
❑ **સ્થળ :** ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બર હોલ, ચર્ચગેટ, મુંબઈ -૪૦૦ ૦૨૦.
❑ **સમય :** બંને દિવસે સાંજના ૬-૦૦ કલાકે

સર્વને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે.

| | |
|---|---|
| નિરુબહેન એસ. શાહ | રમણલાલ ચી. શાહ |
| પ્રવીણચંદ્ર કે. શાહ | સૂર્યકાંત છો. પરીખ |
| મંત્રીઓ | મેનેજિંગ ટ્રસ્ટીઓ, |
| શ્રી મુંબઈ જૈન યુવક સંઘ | પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ |

સુબોધભાઈ એમ. શાહ
સંયોજક

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૪ ● અંક : ૧૨ ● ● તા. ૧૬-૧૨-૧૯૯૩ ● ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. પરમાનંદ કાપડિયા જન્મ શતાબ્દી વર્ષ

૧૯૯૩-૯૪નું વર્ષ સ્વ. પરમાનંદભાઈ કુંવરજી કાપડિયાનું જન્મ શતાબ્દી વર્ષ છે.

સ્વ. પરમાનંદભાઈ જૈન યુવક સંઘના ભૂતપૂર્વ સૂત્રધાર હતા; સંઘના મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી હતા. લગભગ પાંસઠ વર્ષના જૈન યુવક સંઘના ઈતિહાસમાં સ્વ. પરમાનંદભાઈએ ત્રણ દાયકાથી અધિક સમય માટે મૂલ્યવાન સેવા આપી હતી. વસ્તુત: શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઘડતરમાં સ્વ. પરમાનંદભાઈનું યોગદાન સૌથી મોટું અને મહત્ત્વનું રહ્યું છે. ઉત્સાહી, પ્રસન્નચિત્ત, ચિંતનશીલ પરમાનંદભાઈ સંઘના પ્રાણ સમા હતા. સંઘ સાથે તેઓ એકરૂપ બની ગયા હતા. એક રીતે કહીએ તો પરમાનંદભાઈનો સંઘ સાથેનો સંબંધ અવિનાભાવ સંબંધ હતો. યુવક સંઘની પ્રવૃત્તિઓમાં તેઓ સતત રોકાયેલા રહેતા. તેમનું ચિત્ત સતત તે અંગે જ સક્રિય રહેતું. પરમાનંદભાઈ ઈ. સ. ૧૯૨૯માં સંઘની સ્થાપના થઈ ત્યારથી યુવાનવયે તેમાં જોડાયા હતા અને સંઘની ગતિ સાથે તેઓ સતત ગતિ કરતા રહ્યા હતા. ૭૮ વર્ષની ઉંમરે તેઓ સ્વર્ગવાસ પામ્યા ત્યારે પણ તેઓ 'પ્રબુદ્ધ જીવન', પર્યુષણ વ્યાખ્યાનમાળા અને સંઘની ઈતર પ્રવૃત્તિના મુખ્ય સૂત્રધાર રહ્યા હતા. શરીરથી તેઓ અવશ્ય વૃદ્ધ થયા હતા, પરંતુ મનથી તેઓ પૂરા સ્વસ્થ હતા. ૧૯૨૯ના આરંભકાળમાં સ્વ. મણિલાલ મોકમચંદ અને અન્ય વડિલ કાર્યકર્તાઓ સાથે તેઓ એક સભ્ય તરીકે પોતાની સેવા આપતા રહ્યા હતા. એ વર્ષોને જો ગણતરીમાં લઈએ તો એમનો સંઘ સાથેનો સંબંધ ચાર દાયકાથી અધિક સમયનો હતો. કોઈ પણ એક સંસ્થા સાથે સક્રિયપણે આટલા દીર્ઘકાળ પર્યંત અવિરત સંકળાયેલા રહેવું એ જેવી તેવી સિદ્ધિ નથી. કેટલાક કહેતા હોય છે કે 'વ્યક્તિ નહિ, સંસ્થા મહાન છે.' એ સૂત્ર સાચું હોય તો પણ અપૂર્ણ છે. મહાન વ્યક્તિઓ થકી જ સંસ્થા મહાન બની શકે છે. માત્ર સામાન્ય લોકોની બનેલી કોઈ પણ સંસ્થા મહાન થઈ શકતી નથી. અલબત્ત, કેટલીક વ્યક્તિઓ સંસ્થાના પદ દ્વારા મોટી (મહાન નહિ) દેખાય છે, પરંતુ પદ કે ખુરશી ચાલ્યાં જતાં તેઓ વામન બની જાય છે. મહાન વ્યક્તિઓ સંસ્થા છોડી જાય તે પછી પણ મહાન જ રહે છે, પરંતુ એમના તેજથી વંચિત થઈ ગયેલી સંસ્થા, જો એને એવી બીજી કોઈ વ્યક્તિ ન મળે તો ઝાંખી પડી જાય છે. કેટલીક વાર મહાન વ્યક્તિને સાચવવા ખાતર સંસ્થાના નિયમોમાં અપવાદ કરવા પડે છે. કેટલીક વાર વ્યક્તિ જો ખરેખર મહાન ન હોય તો સંસ્થાના નિયમો આગળ, પોતે સાચી હોય તો પણ ઝૂકવું પડે છે.

(સ્વ. પરમાનંદભાઈ વિશે આ અંકમાં અન્ય લખાણ હોવાથી અહીં આ શતાબ્દી પ્રસંગે મને સ્ફુરેલા થોડા વિચારો રજૂ કરું છું.)

સામાન્ય રીતે લાખો કરોડો લોકોમાંથી બે-પાંચ એવી વ્યક્તિ નીકળે કે જે પોતે પોતાની જિંદગીનાં સો વર્ષ પૂરાં કરે છે. શ્રી સુધર્માસ્વામી સો વર્ષના હતા. સૌથી વધુ શતાયુ લોકો રશિયામાં હોય છે. 'શતં જીવ શરદં' એવા આશીર્વાદ અપાય છે; પણ સો વર્ષ પૂરાં કરવાં એ એટલી સરળ વાત નથી. છતાં કોઈક શતાયુ વ્યક્તિ એવી પણ હોય છે કે જે પોતાના જીવનમાં કશુંક મહાન કાર્ય કરે છે. અથવા છેવટે પોતાના શરીરને સાચવવાની સિદ્ધિ પણ બતાવે છે, અને એવી વ્યક્તિની જન્મશતાબ્દી એમની હયાતીમાં, એમની જ ઉપસ્થિતિમાં ઊજવવામાં આવે છે. આવી ઘટનાઓ અત્યંત વિરલ હોય છે. પરંતુ તે બને છે ખરી. મહર્ષિ કર્વે, પ્રો. દેવધર વગેરે પોતાની જન્મશતાબ્દી જોઈને ગયેલા. (થોડાં વર્ષ પહેલાં સંઘની સમિતિના સભ્ય શ્રી શાંતિલાલ દેવજી નંદુના પિતાશ્રીની જન્મશતાબ્દી એમની હયાતીમાં ઉજવાયેલી. પરમ પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજનાં માતુશ્રી સાધ્વી શ્રી મનોહરશ્રીજીની જન્મ શતાબ્દી એમની હયાતીમાં આ ૩૦મી ડિસેમ્બરે ઉજવાશે.)

સ્વર્ગસ્થ થયેલી કોઈપણ વ્યક્તિના જન્મ શતાબ્દીના વર્ષની જ્યારે ઉજવણી કરવામાં આવે છે ત્યારે અનેક એવા માણસો વિદ્યમાન હોય છે કે જેમની પાસે એમનાં સંસ્મરણો સચવાઈ રહેલાં હોય છે. સો વર્ષનો કાળ એ દૃષ્ટિએ બહુ મોટો નથી. તેથી જ શતાબ્દી પ્રસંગે વ્યક્તિના સ્વજનો અને એમના સંપર્કમાં આવેલા મિત્રો, સંબંધીઓ, ચાહકો, વગેરે લોકો વિદ્યમાન હોય છે. તેઓ વારંવાર આવી સ્વર્ગસ્થ વ્યક્તિ સાથેના પોતાનાં અંગત સંસ્મરણો વાગોળતા હોય છે. વ્યક્તિ હયાત હોય ત્યારે એમના જીવન વિષેની તમામ માહિતી આધારભૂત રીતે સાંપડી શકે છે. પરંતુ એમના અવસાન પછી કેટકેટલી વિગતો ખૂટવા લાગે છે. સમય જતાં સળંગ આખું ચરિત્ર મેળવવું દુર્લભ થઈ જાય છે. પ્રસંગો પણ સ્મૃતિને આધારે રજૂ થાય છે. એટલે જન્મ-શતાબ્દી વખતે ચરિત્ર નાયકના સંસ્મરણો તાજાં કરવાનો, એમની સિદ્ધિઓનું ગૌરવ તથા મૂલ્યાંકન કરવાનો એક સરસ અવસર સાંપડી રહે છે.

દ્વિશતાબ્દી, ત્રિશતાબ્દી કે તે પછીના વખતે ચરિત્રનાયકના જીવંત સંપર્કમાં આવેલી વ્યક્તિઓમાંથી કોઈ જ હયાત હોતી નથી. એટલે ત્યારે ઉપલબ્ધ એવી લેખન-સામગ્રી, તસ્વીરો, ફિલ્મ વગેરે દ્વારા તેના ચરિત્રને ઉપસાવવાનું રહે છે. એથી ક્યારેક ઐતિહાસિક તથ્યની સાથે કલ્પનાનું તત્ત્વ ભળી જાય છે કેટલીક કિંવદંતીઓ પ્રચલિત બને છે. તથા કર્ણોપકર્ણ ચાલી આવતી કિંવદંતીઓમાં સહેતુક કે અહેતુક ફેરફારો પણ થાય છે. કાળનો પ્રવાહ એવા વેગથી ધસમસે છે અને એની તાકાત એટલી જબરજસ્ત હોય છે કે કેટકેટલી વસ્તુઓને તે જીર્ણશીર્ણ કે નષ્ટ કરી નાંખે છે. પરંતુ એથીજ બેપાંચ શતાબ્દી પછી ખરેખર જે મહાન હોય છે એવી વ્યક્તિઓને જ ભવિષ્યની પ્રજા પછી સંભારે છે. માત્ર

તત્કાલીંન મોટા દેખાતા હોય એવા અસંખ્ય માણસો કાળસાગરમાં ડૂબી જાય છે.

પરમાનંદભાઈનો કિશોરકાળ અને યૌવનકાળ એટલે આઝાદી પહેલાંનો સમય, મુખ્યત્વે તે સમયે ભાવનગરમાં અને ગુજરાતમાં વીતેલો. પરમાનંદભાઈનો તે પછીનો કાળ, વિશેષત: આઝાદી પછીનો કાળ મુખ્યત્વે મુંબઈમાં વીતેલો. હરભાઈ ત્રિવેદી, નાનાભાઈ ભટ્ટ, કાકા કાલેલકર, પં. સુખલાલજી, મુનિ જિનવિજયજી વગેરેના સહવાસમાં પરમાનંદભાઈની રાષ્ટ્રીય વિચારધારાનું પોષણ થયેલું. તેમના ઉત્તરકાળના જીવનમાં મુંબઈની ઘણી વ્યક્તિઓના સહવાસમાં એમનું જીવન વીતેલું. આમ પણ પરમાનંદભાઈ નવી નવી તેજસ્વી, પ્રતિભાવંત વ્યક્તિઓને મળવા માટે હંમેશાં મુગ્ધભાવે બહુ ઉત્સુક રહેતા. કોઈપણ પ્રકારની ઔપચારિકતા રાખ્યા વિના આવી જુદી જુદી અનેક વ્યક્તિઓને સામેથી મળવા તેઓ પહોંચી જતા. અને એવી તેજસ્વી વ્યક્તિઓને યુવક સંઘના મંચ ઉપર લાવતા.

દરેક વ્યક્તિ પોતાના યુગનું સંતાન છે. જે સમયમાં, જે સ્થળે, જે પરિવારમાં માણસનો જન્મ થાય છે તે બધાને આધારે તેનું ઘડતર થાય છે. એના વિચારો અને એની ભાવનાઓ, એનાં કાર્યો વગેરેમાં તત્કાલીન સમયના સમાજનો ઘણો મોટો પ્રભાવ પડેલો હોય છે. કેટલીક વ્યક્તિઓ માત્ર તત્કાલીન સમાજની નીપજ જ ન બની રહેતાં પોતાની આગવી પ્રતિભાથી અને પ્રબળ પુરુષાર્થથી સમાજ ઉપર પોતાનો પ્રભાવ પાડે છે અને સમાજ જે સ્થિતિએ હોય છે તેનાં કરતાં તેને થોડી ઉંચી સ્થિતિએ લઈ જાય છે. આવી રીતે ક્યારેક વ્યક્તિ સમાજને ઘડે છે. કેટલીક વ્યક્તિઓ સમાજથી ઘડાય છે અને સમાજને પછી ઘડે પણ છે. આવી વ્યક્તિઓના જીવનમાં આદાન-પ્રદાન એમ ઉભય પ્રકારની ક્રિયા જોવા મળે છે. એકબાજુ સામાજિક પરિબળો જેમ એના ઘડતરમાં ઘણું મોટું યોગદાન આપે છે, તેમ સમય જતાં વ્યક્તિ પોતે સમાજના ઘડતરમાં પોતાનું યોગદાન આપે છે. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન અનેક તેજસ્વી વ્યક્તિઓ ઉપર ગાંધીજીનો અસાધારણ મોટો પ્રભાવ પડેલો. પરમાનંદભાઈના જીવન અને કાર્યમાં પણ તે જોવા મળશે.

જીવન સતત ગતિશીલ છે. તેમ છતાં સ્થિરતાનું તત્ત્વ પણ એમાં એટલું જ મહત્ત્વનું અને આવશ્યક છે. એક પગને સ્થિર કર્યા વગર માણસ બીજો પગ ઉઠાવી શકતો નથી. જીવન અને જગત એટલાં સંકુલ અને ગહન છે કે એનાં બધાં જ પરિબળોનાં બધાં જ રહસ્યને એક સાથે પામવાનું ઘણું દુષ્કર છે. કાળના પ્રવાહમાં ભૂતકાળમાં જેમ જેમ દૂર દૂર સુધી દૃષ્ટિ નાખતાં જઈએ તેમ તેમ કેટકેટલી ઘટનાઓ અને વિષયો જુદા જુદા પરિપ્રેક્ષ્યમાં નાનાં કે મોટાં થતા દેખાય છે. વર્તમાનમાં જે વ્યક્તિ મહાન લાગતી હોય તે જ વ્યક્તિ બસો ચારસો વર્ષ પછી એટલી મહાન ન પણ લાગે. એક નાનો સરખો પદાર્થ આડો આવીને આખી નજરને ઢાંકી દઈ શકે છે અને મોટા મોટા પર્વતો નાની કીકીની દૃષ્ટિમાં સમાઈ જાય છે. આવી જ રીતે સાંસ્કૃતિક પ્રવાહ ઉપર કાળનો ઘણો મોટો પ્રવાહ રહે છે. એ રહેવો પણ જોઈએ. કાળનો પ્રવાહ જો ન રહે તો વ્યક્તિ, પ્રસંગ, પરિસ્થિતિ, પદાર્થ વગેરેનું યથાર્થ મૂલ્ય સમજાય નહિ. એ દૃષ્ટિએ જ્યારે વિચારીએ છીએ ત્યારે કાળ આશીર્વાદરૂપ લાગે છે. કુદરતનાં પરિબળો-હવા, તેજ, પાણી વગેરે ભૌતિક તત્ત્વોની ચીજવસ્તુઓ ઉપર થતી અસરો, વાવાઝોડાં, નદીઓનાં પૂર, ધરતીકંપ, વગેરે પ્રકારની ઘટનાઓની અસરો પણ તટસ્થ સાપેક્ષ કાળ-દષ્ટિથી જોતાં ક્યારેક છૂપા આશીર્વાદરૂપ લાગે છે. એમ જો ન બનતું હોત તો આ જગત કેટલા બધા જૂના જૂના કચરાઓથી ઉભરાતું હોત અને ઉકરડા જેવું બની ગયું હોત. જગતમાં ટકવા જેવું બધું જ ટકી રહે છે અને નષ્ટ થવા જેવું બધું જ નષ્ટ પામે છે એવી શ્રદ્ધા કાળ ભગવાનના યથાર્થ સ્વરૂપના દર્શનમાંથી પ્રગટે છે.

જૈન યુવક સંઘનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે એનાં બે સ્વરૂપ દેખાય છે : ૧૯૨૯ માં આરંભમાં એક ક્રાંતિકારી સંસ્થા તરીકે અને ત્યાર પછી એક સંસ્કારલક્ષી સામાજિક સંસ્થા તરીકે. ખુદ પરમાનંદભાઈનાં જીવનમાં પણ મને આવા બે તબક્કા જણાય છે. ત્રીશીના વખતના યુવાન ક્રાન્તિવીર તરીકે અને આઝાદી પછીના સમયમાં સંસ્કારલક્ષી સમાજચિંતક તરીકે. બાળદીક્ષાનો વિરોધ કરવા માટે યુવક સંઘનો જન્મ થયો. ત્યારે બ્રિટિશ રાજ્ય અને જુદાં જુદાં દેશી રાજ્યો હતાં. બાળદીક્ષા ઉપર કાયદેસર પ્રતિબંધ લાવવાનું સરળ નહોતું. આઝાદી પછી મુંબઈ રાજ્યની વિધાનસભામાં કોંગ્રેસની સંપૂર્ણ બહુમતી હતી અને પ્રભુદાસ પટવારીએ બાલદીક્ષા ઉપર પ્રતિબંધ લાવવા માટે વિધાનસભામાં ખરડો રજૂ કર્યો. એ પસાર કરવા માટે સંપૂર્ણ બહુમતી હતી, છતાં તે ખરડો પાછો ખેંચી લેવામાં આવ્યો તે વખતે યુવક સંઘે ૧૯૨૯ જેવું કોઈ આંદોલન કર્યું નહિ. બદલાયેલી પરિસ્થિતિ અને પરિબળોનો એમાંથી અણસાર મળી રહે છે.

જીવનનો વિકાસ જેમ સીધી લીટીએ થતો રહેતો નથી તેમ સંસ્થાઓનો વિકાસ પણ એક સરખી સીધી લીટીએ સતત થયા કરે એ પણ સંભવિત નથી. સંસ્થાઓમાં સમયે સમયે નવા નવા સૂત્રધારો આવે છે અને તે દરેક પોતપોતાની શક્તિ, દૃષ્ટિ અને આવડત અનુસાર સંસ્થાને નવો મોડ આપે છે. બદલાતા જતા સંદર્ભોમાં એમ થવું જરૂરી પણ છે. એક કાળે સમાજના જે પ્રશ્નો સળગતા દેખાતા હોય એ જ પ્રશ્નો કાળાંતરે પોતાની મેળે ઓલવાઈ જાય છે. એને સંકોરીને ફરી સળગાવવાનું માત્ર નિરર્થક જ નહિ, હાસ્યસ્પદ પણ બની રહે છે, કારણ કે સમયની એવી માંગ હોતી નથી. વિજ્ઞાનના ક્ષેત્રે ભૂતકાળની કેટકેટલી શોધો આજે જૂની અને કાળગ્રસ્ત બની ગઈ છે. વેપાર ઉદ્યોગના ક્ષેત્રે ગઈકાલની રીતરસમ કે આર્થિક નીતિ જે પ્રાણવાન લાગી હોય તે આજે નિષ્પ્રાણ બની જાય છે. રાજકારણના ક્ષેત્રે એક સમયે જે સમસ્યાઓ અત્યંત ગંભીર કે ભયાનક લાગતી હોય તે સમસ્યાઓ કાલાંતરે અર્થહીન બની જાય છે. કાળચક્રના ફરવા સાથે આમ બનવું સ્વાભાવિક છે. એવી જ રીતે સંસ્થાઓના ઇતિહાસની અંદર પણ આવા કાળચક્રનો ઘુમાવ રહ્યા કરે છે. એથી જ યુગે યુગે તાટસ્થ્યુક્ત પુનર્મૂલ્યાંકનનો અવસર આવીને ઊભો રહે છે. એવાં પુનર્મૂલ્યાંકન વિના સાચો ઇતિહાસ સંભવી શકે નહિ.

સમાજ, ધર્મ, રાજકારણ વગેરેના ક્ષેત્રોમાં વખતોવખત આમૂલ પરિવર્તનની જરૂર રહે છે. ક્રાંતિવીરો તેવાં પરિવર્તનો આણે છે. ક્રાંતિ કરનાર વ્યક્તિના પક્ષે સ્વાર્પણની પણ અપેક્ષા રહે છે. જેઓ સહન કરવા તૈયાર થાય છે તેઓ જ ક્રાંતિના કદમ ઉઠાવી શકે છે. ક્રાંતિ જ્યારે થાય છે ત્યારે દરેક વખતે ધાર્યું જ પરિણામ આવે એવું નથી હોતું. ક્રાંતિ ક્યારેક નિષ્ફળ પણ જાય છે અને તે કરનારને હતાશ કરી નાખે છે. ક્યારેક ક્રાંતિ કર્યા પછી તે કરનારનો તેમાંથી રસ ઊડી જાય છે, કારણ કે તેના સહકાર્યકર્તાઓનો પછી સહકાર રહેતો નથી. ક્યારેક ખુદ ક્રાંતિકારને પોતાને પણ અણધાર્યા વિપરીત પરિણામ જોયા પછી ભ્રમ-નિરસનનો અનુભવ થાય છે. ક્યારેક વ્યક્તિનું જીવન જ બે તબક્કામાં વહેંચાઈ ગયું હોય છે-એક ક્રાંતિનો તબક્કો અને બીજો સ્થિરતાનો તબક્કો. ક્યારેક ક્રાંતિ કરનાર વ્યક્તિને પોતાની ક્રાંતિનાં પરિણામો ઝટ ઝટ ભોગવવાની ઈચ્છા જાગે છે અને તેમ કરવા જતાં અન્ય લોકોની ઈર્ષ્યાનો તે ભોગ બની જાય છે. ક્યારેક ક્રાંતિની સામે પ્રતિક્રાંતિ પણ ગતિ પકડે છે. આમ ક્રાંતિના ચક્રને સમજવું એટલું સરળ નથી. યુવાનવયે પોતાના ઘરમાંથી ભગવાનની મૂર્તિ અને જપમાળાને કૂવામાં પધરાવી દેનાર કવિ નર્મદ પ્રૌઢાવસ્થામાં ભગવાનની મૂર્તિ સામે રાખીને વ્યાઘ્ર ચર્મ ઉપર બેસીને જપમાળા ફેરવતો જોવા મળે છે ત્યારે દ્વિધા થાય છે કે આ બે માંથી સાચો નર્મદ ક્યો ? જેમ બદલાયેલી પરિસ્થિતિ ભલભલા ક્રાંતિવીરોને લાચાર કરી મૂકે છે તેમ પશ્ચાત્ કાળનું ડહાપણ પણ ભલભલા ક્રાંતિવીરોના જીવનમાં પરિવર્તન આણે છે.

ક્રાન્તિ એ જીવનની દવા છે, રોજનો આહાર નથી.

❑ રમણલાલ ચી. શાહ

# પરમાનંદ કાપડિયા એક વિલક્ષણ પ્રતિભા

❑ યશવંત દોશી

પરમાનંદ કાપડિયામાં અનેક વિશિષ્ટ લક્ષણો હતાં એટલે એમને એક વિલક્ષણ પ્રતિભા કહેવામાં આપણે કંઈ વધારે પડતી વાત, કંઈ અત્યુક્તિ કરતા નથી. જોકે એમની ખૂબી એ હતી કે વિશેષતાઓને એ સામાન્યતાના દેખાવ નીચે ઢાંકી રાખતા.

પરમાનંદભાઈ સાથે ઘણોબધો અંગત પરિચય હતો એવો દાવો મારાથી થાય તેમ નથી. તેમ એમનું જીવનચરિત્ર વાંચીને એની સિલસિલાબંધ હકીકતો આપવાનું પણ મેં ધાર્યું નથી. ધાર્યું હોય તોયે એ શક્ય નથી, કારણ કે એમનું જીવનચરિત્ર પ્રગટ થયું જ નથી. શતાબ્દી પ્રસંગે એ ખૂટતું સાહિત્ય ઉપલબ્ધ બનાવવું જોઈએ. જો કે મુંબઈ જૈન યુવક સંઘના કુશળ સંચાલકોએ એની યોજના કરી જ હશે.

અત્યારે તો એમના પરિચયમાં આવવાનું જે થોડું ઘણું બન્યું છે, એમને વિષે જે કંઈ જાણ્યું છે, અને સૌથી વિશેષ તો એમનું લખેલું જે કંઈ વાંચ્યું છે તેની સ્મૃતિને આધારે થોડીક છૂટીછવાઈ વાતો જ કરી શકાશે.

કોઈ પ્રતિભાસંપન્ન વ્યક્તિની વાત કરતી વેળાએ એના પૂર્વજોની વાત કરવી વાજબી ગણાય કે નહિ તે તો શી ખબર, પુત્રનાં લક્ષણ પારણામાંથી કે બાપ તેવા બેટા એ કહેવતો મોટા ભાગની કહેવતોની જેમ અર્ધસત્ય જ છે. પણ પરમાનંદભાઈનું કુટુંબ ભાવનગરનું એક અગ્રણી કુટુંબ હતું. બીજાં કુટુંબોથી જુદું તરી આવતું કુટુંબ હતું. જે યુગમાં ભાવનગરના વાણિયાઓના છોકરાઓ દુકાનદારી કરતા કે ગુમાસ્તાગીરી કરતા એ દિવસોમાં ભાવનગરની જૈન કોમનાં જે બે પાંચ કુટુંબોનાં સંતાનોએ ઉચ્ચ શિક્ષણ લીધું તેમાંનું એક આ કુટુંબ.

ભાવનગરની મોટી બજારમાં આણંદજી પરસોતમની કાપડની દુકાન હતી. આણંદજીભાઈના ત્રણ પુત્રોએ ભાવનગરમાં મોટી પ્રતિષ્ઠા મેળવેલી. ગિરધરભાઈ વેપાર સંભાળતા, કુંવરજીભાઈ મોટા વિદ્વાન હતા અને ગુલાબચંદભાઈ નાગરસેવક હતા અને વર્ષો સુધી ઑનરરી મેજિસ્ટ્રેટ તરીકે મ્યુનિસિપાલિટીના કેસો ચલાવતા હતા.

ભાવનગરની જૈન સાહિત્યના સંશોધન-સંપાદનની પ્રવૃત્તિ કરતી કેટલીક સંસ્થાઓ સાથે દેશવિદેશમાં જાણીતી હતી. તેમાંની બે સંસ્થાઓ સાથે આ કુટુંબ ઘનિષ્ઠ રીતે સંકળાયેલું. જૈન ધર્મ પ્રસારક સભા કુંવરજીભાઈની સભા તરીકે જ ઓળખાતી. એ સભાના માસિક 'જૈન ધર્મ પ્રકાશ'ના તંત્રી પણ કુંવરજીભાઈ હતા. જૈન ધર્મનું વિષેનું પરંપરાગત જ્ઞાન એમણે એટલું આત્મસાત કરેલું કે સાધુ-સાધ્વીઓ પણ શંકાસ્પદ બાબતો એમને પૂછવા આવે અને કેટલાંક એમની પાસે ભણવા આવે. બીજી સંસ્થા જૈન આત્માનંદ સભાને ગુલાચંદભાઈની સંચાલશક્તિનો લાભ મળેલો.

આ ત્રણે ભાઈઓના પુત્રોની સેવાઓ મુંબઈને મળી. ગિરધરભાઈના પુત્ર મોતીચંદ કાપડિયા. મહાવીર જૈન વિદ્યાલય સાથે એમનું નામ કાયમ માટે લેવાતું રહેશે. કુંવરજીભાઈના પુત્ર પરમાનંદ કપડિયા અને ગુલાબચંભાઈના બે પુત્રો મનુભાઈ કાપડિયા અને ધીરુભાઈ કાપડિયાને પણ મુંબઈ જાણે છે.

પરમાનંદભાઈ બી. એ., એલએલ. બી. થયા પણ વકીલ-સોલિસિટર બનવાને બદલે હીરાના વેપારી થયા. વેપાર કરવા માંડયો ખરો પણ જીવ વિદ્યાપ્રેમી, પ્રવૃત્તિશીલ, ક્રાંતિકારી અને પરિણામે શિક્ષણસંસ્થાઓની અને સામાજિક સંસ્થાઓની અસંખ્ય વ્યક્તિઓ સાથે એમને પરિચય કેળવાયો. સાહિત્યકારો અને કળાકારો સાથે ઘનિષ્ઠ સંબંધો બંધાયા.

પરમાનંદ કાપડિયાનું નામ પહેલવહેલું બહુ રસપ્રદ સંજોગોમાં સાંભળ્યું. ભાવનગર ગયેલા ત્યારે કોઈને વાત કરતાં સાંભળ્યા કે પરમાનંદ કાપડિયાએ નાતમાંથી રાજીનામું આપ્યું. સાંભળીને નવાઈ લાગી. આવું કોઈ દિવસ સાંભળ્યું નહોતું. ૧૯૩૦-૪૦ના એ દાયકામાં હજી તો જ્ઞાતિઓ એટલી જોરાવર હતી ખરી કે એ કોઈને નાત બહાર મૂકે. પણ સામે ચાલીને નાત બહાર નીકળનાર આ માણસ કોણ હશે ? પરમાનંદભાઈએ શુદ્ધ ગાંધીવાદી માર્ગ અપનાવ્યો હતો એમ કહેવાય. પોતાની પુત્રીનું લગ્ન બીજી નાતના યુવક સાથે કરવું હતું. લગ્ન વિષેના જ્ઞાતિના નિયમો, બંધનો એમને માન્ય નહોતાં. એવા સંજોગોમાં જાતે જ છૂટા થઈ જવાનું પરમાનંદભાઈને જ સૂઝે. એમણે જ્ઞાતિને એક કપરી કામગીરીમાંથી બચાવી લીધી.

૧૯૩૬માં અમદાવાદમાં જૈન યુવક પરિષદ ભરાઈ. પ્રમુખસ્થાને પરમાનંદ કાપડિયા હતા. એમણે એ દિવસોમાં એમના મનમાં જે પ્રશ્ન રમ્યા કરતો હતો તેને જોરદાર વાણીમાં શ્રોતાઓ સમક્ષ મૂક્યો. એ સમયે એ દેવદ્રવ્યને સામાજિક કાર્યો માટે વાપરવાની હિમાયત સતત કર્યા કરતા હતા. એ વિષે ઘણું લખેલું. ઘણું બોલેલા. પરિષદના પ્રમુખપદેથી પણ એમણે એ વાત કરી. અને અમદાવાદના જૈનોના રૂઢિચુસ્ત વર્ગમાં હાહાકાર મચી ગયો.

જૈનોનાં અનેક તીર્થસ્થળોનાં દેરાસરોનો વહીવટ કરતી આણંદજી કલ્યાણજીની પેઢીનું વડું મથક અમદાવાદમાં. કેટલાયે મોટા મોટા જૈન શ્રેષ્ઠિઓ અમદાવાદમાં વસે અને અહીં આવીને મુંબઈનો એક માણસ દેવદ્રવ્ય સામાજિક કાર્યોમાં વાપરવાની વાત કરી જાય ? એને સંઘ બહર મૂકો. અમદાવાદના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘે પરમાનંદ કાપડિયાને સંઘ બહાર જાહેર કર્યા. ખરેખર તો એ પ્રક્રિયા નિરર્થક હતી, કારણ કે પરમાનંદભાઈ મુંબઈના સંઘના, સભ્ય હતા, અમદાવાદના નહિ. જે સંઘમાં એ હતા જ નહિ તેમાંથી તેમને બહાર કેવી રીતે મૂકાય ? છતાં અમદાવાદ સંઘના મોવડીઓએ એ સંતોષ લીધો.

પરિષદ બોલાવનાર અમદાવાદ જૈન યુવક સંઘે આ પગલા સામે વળતું પગલું લેવાનું નક્કી કર્યું. એણે પરમાનંદ કાપડિયા સાથે પ્રીતિભોજન ગોઠવ્યું. આવી જાઓ. અમે જાહેર રીતે પરમાનંદભાઈ સાથે બેસીને જમીશું અને એમની સાથે એકતા જાહેર કરીશું. મૂકો અમને બધાને સંઘ બહાર !

પ્રીતિભોજનની દરખાસ્ત પરમાનંદભાઈ સમક્ષ મૂકવામાં આવી ત્યારે એમણે બે શરત મૂકી. ભોજન તદ્દન સાદું રાખવું રોટલા, ભાખરી, શાક, દાળ એવું. આપણે કોઈ જમણવાર નથી કરવો. ફક્ત સાથે બેસીને જમવું છે. અને બીજી શરત. દરેક જણે પૈસા આપીને જમવાનું. પ્રીતિભોજન થઈ ગયું. સંઘે કંઈ કર્યું નહિ. અને વાત ત્યા પૂરી થઈ.

પરમાનંદ કાપડિયા નાના-મોટા સૌના મિત્ર બની જતા. મિત્ર બનવાની કોઈક અદ્‌ભૂત કળા એમણે સિદ્ધ કરી હતી. તમે એમના પરિચયમાં આવો પછી ધીમે ધીમે કરતાં ક્યારે એમના મિત્ર બની ગયા એનો તમને ખ્યાલ પણ ન રહે. એમને મન મિત્ર બનાવવા માટે કોઈ અતિ મોટું નહિ, અતિ નાનું નહિ. કાકાસાહેબ કાલેલકર અને નાનાભાઈ ભટ્ટ પણ એમના મિત્ર હોય, અને મહાવીર જૈન વિદ્યાલયમાં નવોસવો આવેલો કોઈ વિદ્યાર્થી પણ એમનો મિત્ર હોય. આના મૂળમાં એમની તદ્દન સ્વાભાવિક એવી વિનમ્રતા હતી. ગૌરવભરી, સ્નેહભરી વિનમ્રતાનું આચરણ કેવું હોય તે વિષે ડેઈલ કાર્નેગીને પણ એ કદાચ એક-બે વાત શીખવી શકે.

એમના વિશાળ મૈત્રીનિર્માણની એક ચાવી એમની ઉગ્રતા વિનાની તાર્કિકતા હતી. એ તમારી સાથે હંમેશા ચર્ચા કરવા તૈયાર હોય પણ પોતાની વાત તમારા મનમાં ઉતારવાની એમને ઉતાવળ ન હોય. ચર્ચાનો તમારો પક્ષ પૂરેપૂરો સાંભળવાની એમનામાં ધીરજ હતી. અને પોતાની વાત તર્કબદ્ધ રીતે મૂકવાની કુશળતા હતી. સામો પક્ષ આકળો થઈ જાય તો તેનાં હથિયાર હેઠાં મૂકાવી તેને શાંત કરી દેવાની આવડત હતી. એક દિવસ જયવદન તકતાવાલાની ઓફિસમાં અમે મળી ગયા. ચર્ચાએ ચડયા. મહારાષ્ટ્ર સરકારે દારૂબંધી હળવી બનાવવા ધારેલું. પરમાનંદભાઈને લાગ્યું કે પ્રસ્તાવ સારો છે અને તેથી દારૂબંધી વધુ સફળ બનશે એમણે 'પ્રબુદ્ધ જીવન'માં એનુ સમર્થન કરતી નોંધ લખી. ચર્ચાનો વિષય એ હતો. મેં થોડાક ઊંચા અવાજે અને કંઈક ઉગ્રતાથી એમને દારૂબંધીના વિરોધી ગણાવી દીધા. એમણે સ્મિત સહિત અને મૃદુ અવાજે એક નાનકડું વાક્ય જ કહ્યું : 'તમે તો જાણો છો કે એવું નથી !'

પરમાનંદભાઈ વિચારક તરીકે તત્ત્વને, સિધ્ધાંતને વળગી રહેવાનું અને વ્યવસ્થાની, વ્યવહારની બાબતોમાં હોય તે પ્રમાણે ફેરફાર કરવાનું વલણ રાખતા. એને લીધે ક્યારેક લોકો ભડકી જતા. મહાવીર જૈન વિદ્યાલયના છાત્રો શહેરની સાહિત્યિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં હાજર રહે એવું પરમાનંદભાઈ ઈચ્છતા. કોલેજના વિદ્યાર્થીઓ માટે એ શૈક્ષણિક ઘડતરનું સાધન છે એમ એ માનતા પણ એમાં એક મુશ્કેલી આવતી હતી. આ બધી પ્રવૃત્તિઓ-મુખ્યત્વે વ્યાખ્યાનો, ચર્ચાઓ, પરિસંવાદો- સાંજના છથી આઠ વાગ્યાની વચ્ચે હોય. પણ જૈન સંસ્થામાં રાત્રીભોજનની મનાઈ હોવાથી વિદ્યાર્થીઓ આ જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લેવા જઈ શકે નહિ. જૈન સંસ્થામાં રાત્રીભોજન છૂટ આપવાની તો વાત જ ઉચ્ચારી શકાય નહિં. તેમ છતાં પરમાનંદભાઈએ આ વિષે નોંધ લખી કંઈક રસ્તો શોધી કાઢવાનું સૂચવ્યું. કોલેજકક્ષાના વિદ્યાર્થીઓને શહેરની જાહેર પ્રવૃત્તિઓથી દૂર રહેવું પડે એ એમને મોટું શૈક્ષણિક નુકસાન લાગતું હતું. એ નોંધ ઉપર સારી પેઠે ઊહાપોહ થયેલો. પછી શું થયું તેની મને ખબર નથી.

એક લેખમાં પરમાનંદભાઈએ માંસાહારની વિરુદ્ધમાં સમર્થ દલીલો કરી છે. પણ એમણે તાત્ત્વિક દલીલોને વળગી રહીને ક્ષણિક, ઉપલકિયા દલીલોથી દૂર રહેવાની સલાહ આપી છે. વનસ્પતિઆહાર માંસાહાર કરતાં વધુ શક્તિદાયી છે, માંસાહાર અમુક રોગો પેદા કરે છે એવી વાતો સાચી હોય કે ખોટી, પણ માંસાહારનો ત્યાગ એની ઉપર આધાર રાખતો નથી. એ ત્યાગના પાયમાં તો કરુણાની વૃત્તિ જ રહેલી હોવી જોઈએ. માંસાહાર વધારે તાકાત આપે છે એમ સાબિત થાય, વનસ્પતિઆહાર પણ અમુક રોગો પ્રગટાવે છે એમ પુરવાર થાય, તોપણ માંસાહાર નિષિધ્ધ જ ગણાવાનો રહે. માંસાહારત્યાગ વિજ્ઞાન કે આરોગ્યશાસ્ત્ર પર નહિ પણ ધર્મ, કરુણા અહિંસા પર નિર્ભર છે.

એક વિચારપત્રના તંત્રી તરીકે પરમાનંદભાઈની નજર સર્વત્ર ફરતી. 'પ્રબુધ્ધ જૈન'ને પણ એમણે જૈનોના વિષયો પૂરતું મર્યાદિત ન રાખ્યું અને પાછળથી એ વિશાળ દૃષ્ટિને લીધે જ સામયિકનું નામ ફેરવીને 'પ્રબુધ્ધ જીવન' રાખ્યું. કોઈનું ભાષણ સાંભળ્યું, કોઈનું પુસ્તક વાંચ્યું, કોઈની સાથે ચર્ચા થઈ અને એમાં કંઈ સત્ત્વ લાગ્યું તો એ વ્યક્તિને લેખ લખવાનું કહ્યું જ હોય. એ રીતે જીવનનાં કેટલાંયે ક્ષેત્રો વિષે લેખો લખાવ્યાં.

મારાથી બહું લેખો નહિ લખાયેલા પણ એક લેખ અંગેનો અનુભવ યાદ આવે છે. ૧૯૫૩ના અરસામાં રુક્મિણીદેવી એરંડેલે સંસદમાં પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા સામે એક બિલ રજૂ કરેલું. ભાવનગરમાં થિયોસોફિકલ સોસાયટીએ એને વિષે એક સભા રાખી. મેં એ સભામાં બધાથી જરા જુદો મુદ્દો ઉઠાવ્યો. આપણે સૌ એક બાજુ માણસો પ્રત્યે જાતજાતની ક્રૂરતા આચરીએ છીએ અને પ્રાણીઓ પ્રત્યેની ક્રૂરતા અટકાવવાની કયે મોંએ વાત કરવા જઈએ ? આ મુદ્દા વિષે અનેક દાખલા-દલીલો પણ આપ્યાં. બીતાં બીતાં એ ભાષણ 'પ્રબુધ્ધ જીવન'માં મોકલ્યું. એ વખતે પરમાનંદભાઈ સાથે કશો પરિચય નહિં, આપણને ભાવનગરની બહાર કોઈ ઓળખે પણ નહિ, અને વિષય આવો તોફાની. લેખ કેમ છપાય ? અને છતાં છપાયો. કોઈક જુદું દૃષ્ટિબિંદુ જોવા મળ્યું એટલે પરમાનંદભાઈ એ ઝડપી લેતાં. લેખની નીચે તંત્રીની લાંબી નોંધ હતી. પોતે સંમત ન હોતા પણ મુદ્દો વિચારવા જેવો હતો.

તંત્રી તરીકે એ જે લખતા તેમાં સૌથી વધુ ગમી જાય તેવું તત્ત્વ એમનું પ્રગતિશિલ વલણ હતું. રાજકીય અર્થમાં નહિ, સામાજિક અર્થમાં. મનુષ્ય પ્રત્યેની ઉદારતાના અર્થમાં. એક જાણીતા જૈન કુટુંબની પુત્રીની પ્રેમકથા વિગતે આપેલી પણ સમગ્ર લખાણમાં ભારોભાર સહાનુભૂતિ હતી. એક જૈન સાધુ વર્ષો પછી પણ પત્નીના આકર્ષણે સાધુવેશ ત્યજીને પાછો આવવા માગતો હતો તે જોઈ પત્નીએ આત્મહત્યા કરી. આ વિષેના લખાણમાં પણ બન્ને પક્ષને સમજવાનું વલણ હતું.

એમણે લખેલી અવસાનનોંધો એમના લખાણોનો જ નહિ પણ ગુજરાતી પત્રકારત્વનો સુધ્ધાં ઉત્તમ નમૂનો છે. અવસાનનોંધમાં ફક્ત સારું સારું લખવું અને મરેલાની પ્રશંસા કરવી એ પરમાનંદભાઈની પધ્ધતિ નહોતી. વ્યક્તિને તેનાં તમામ પાસાં સાથે યથાતથ ઉપસાવી આપવી એ એમની રીત હતી. બે લાંબી અવસાનનોંધો સ્મૃતિમાં આવે છે. શ્રી અરવિંદ વિષે અને મહંમદઅલી ઝીણા વિષેની, એમણે લખેલી નમૂનેદાર અવસાનનોંધોનો એક સંગ્રહ આજે પણ પ્રગટ કરવા જેવો છે.

પરમાનંદ કાપડિયા લેખનની કલામાં, લેખનની સુંદરતામાં પણ ઊંડા ઊતરતા. આ શબ્દને બદલે પેલો શબ્દ શોભશે, વાક્યરચના આમ ફેરવવાથી વધારે સારી લાગશે એવી ચિવટ એમને સતત રહેતી, આવેલા લેખો પણ ભાષાની દૃષ્ટિએ મઠારે. લખાણ વાંચવામાં સુખદ, આનંદદાયક હોવું જોઈએ એ જોવાનું તંત્રીનું કામ માનતા.

અનુવાદમાં તો એમની કસોટીમાંથી પાર ઊતરવું અઘરું હતું. ચાર-પાંચ પુસ્તકોના અનુવાદ કર્યા પછી મને એવી આત્મશ્રદ્ધા ખરી કે આપણે તો સરસ અનુવાદ કરીએ પણ કોઈ લેખના અનુવાદમાં પરમાનંદભાઈ જે સુધારા કરે તે માથે ચડાવવા જેવા જ હોય.

જૈનોને પરંપરાગત સાંપ્રદાયિક વ્યાખ્યાનોના સંકુચિત વાડામાંથી જ્ઞાનના વિસ્તૃત જગતમાં લઈ જવા માટે એમણે પર્યુષણ વ્યાખ્યાનમાળા શરૂ કરી. મુંબઈની જે સૌથી વધુ વ્યાપક જાહેર પ્રવૃત્તિઓ છે તેમાં આ વ્યાખ્યાનમાળા પણ ગણાવી શકાય. તેના વ્યાખ્યાતાઓની નામાવલિ અને વિષયોની યાદી જોઈએ ત્યારે ખ્યાલ આવે છે કે પરમાણંદભાઈની નજર કેટલા મોટા વિસ્તાર ઉપર ફરતી હતી. આજના કેટલાયે ધૂરંધરોને તેમણે તેઓના ચઢાણને પ્રારંભે જ ઝડપેલા.

છેલ્લે બે વાત. એક, આગળ કહી ગયો તેમ, પરમાનંદભાઈનું જીવનચરિત્ર પ્રગટ કરવું જોઈએ. બીજી વાત, એમનાં બધાં લખાણોમાંથી તારવણી કરીને જાળવવાં જેવાં હવે ગ્રંથસ્થ કરી લેવાં. એમાં ધોરણ એક જ હોવું જોઈએ : જાળવવા જેવું છે કે નહિ ? વિષય, પૃષ્ઠ સંખ્યા એ કશાનો વિચાર કર્યા વિના સંઘરવા જેવું સંઘરી લેવું જોઈએ. મુંબઈ જૈન યુવક સંઘ ખમતીધર સંસ્થા છે.

આ આનંદદાયક પ્રસંગે કંઈક કહેવાનો અવસર પૂરો પાડવા માટે મુંબઈ જૈન યુવક સંઘના સંચાલકોનો હું આભાર માનું છું.

**[મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે યોજાયેલી પરમાનંદ કાપડિયા જન્મશતાબ્દી વર્ષની ઉજવણીમાં તા. ૧-૧૨-૧૯૯૩ના દિવસે આપેલું વ્યાખ્યાન.]** ❑❑❑

# જીવન વ્યવહારમાં શું ખૂટે છે ?

❑ 'સત્સંગી'

બાહ્ય રીતે જીવનવ્યવહાર રૂડોરૂપાળો પણ ભાસે છે. ગાડીઓ, બસો, પ્લેનો વગેરે સમયપત્રક પ્રમાણે દોડાદોડ કરે છે, સરકારી ઓફિસો સમય પ્રમાણે કામ કરે છે, શાળાકોલેજો અને યુનિવર્સિટીઓ ચાલે છે, પરીક્ષાઓ લેવાય છે, પરિણામો બહાર પડે છે, અદાલતોમાં કેસ લડાતા હોય છે અને ન્યાયમૂર્તિઓના ચૂકાદા બહાર પડતા હોય છે, લોકસભા અને ધારાસભાઓમાં સત્ર દરમ્યાન ખરડાઓ પસાર થતા હોય છે અને પ્રધાનો વહીવટ કરતા હોય છે, બજારોમાં માલની લેવેચ થતી હોય છે, સમાજમાં ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક, પરહિતવાદી, મનોરંજક વગેરે અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલતી રહે છે, વર્તમાનપત્રો, સામયિકો, નિયમિત બહાર પડે છે, પુસ્તકો પણ બહાર પડતાં જ રહે છે, હોસ્પિટલોમાં અને ખાનગી ડોક્ટરો પાસે અનેક દર્દીઓની સારવાર ચાલતી રહે છે. આ સઘળા જીવન વ્યવહારથી કેટલાક ગ્રામજનો તો દિઙ્મૂઢ થઈ જાય અને કેટલાક શહેરીજનો પણ ભારતની પ્રગતિનું ગૌરવ લે.

પરંતુ ગાડીઓ, બસો, વિમાનો વગેરેના ભયંકર અકસ્માતો બનતા હોય, સરકારી ઓફિસોમાં કામનો નિકાલ ન થતો હોય, શિક્ષણની ગુણવત્તા નૈરાશ્ય ઉપજાવે, અદાલતોમાં ન્યાયનો વિલંબ થતો રહે, લોકસભા અને ધારાસભાઓમાં ઝગડાઓ જ ચાલતા હોય,સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓમાં પ્રદર્શનનું તત્વ મુખ્ય રહેતું હોય, વર્તમાનપત્રો આર્થિક કમાણીનું મુખ્ય ધ્યેય રાખતાં હોય, સારી વાચનસમાગ્રી આપતાં સામયિકો ચાલતાં ન હોય જ્યારે મનોરંજક સામયિકોથી પૈસાની સારી કમાણી થતી હોય, વેપારીઓ ભેળસેળ અને યેનકેન પ્રકારેણ વધારે નફામાં જ રસ ધરાવતા હોય, ડોક્ટરો ધનવાન દર્દીઓની સારવારમાં જ રસ લેતા હોય અને અર્થોપાર્જનમાં જ મુખ્ય રસ હોય, વિશેષમાં ભ્રષ્ટાચાર, લાંચરૂશ્વત વગેરેનો મહિમા વધતો રહેતો હોય એ બધું કાન પર અથડાય ત્યારે આ રૂડારૂપાળા લાગતા જીવનવ્યવહાર પ્રત્યે સામાન્ય માણસને પણ દુ:ખદ આશ્ચર્ય થયા વિના રહે નહિ.

આ ભીતરની આઘાતજનક પરિસ્થિતિનો ખ્યાલ આવે છે ત્યારે આપણને લાગી આવે છે અને વિચારતાં ભાન થાય છે કે આ ચાલતા રહેલા જીવનવ્યવહારમાં કંઈક મહત્વનું ખૂટે છે. આ જે ખૂટે છે તે છે માર્ગદર્શન, રસ્તો બતાવવાની ઉમદા અને પવિત્ર ફરજને જે દેશ સમગ્ર વિશ્વ માટે પ્રકાશરૂપ બન્યો છે અને રસ્તો બતાવી શકે તેમ છે તે જ દેશમાં માર્ગદર્શનના અભાવનું વાતાવરણ છે એમ જાણીને આઘાત લાગે છે. મહાત્મા ગાંધીજીએ જવાહલાલ નહેરુને તેમના વારસદાર ઠરાવ્યા હતા, પરંતુ જ્યારે નહેરુની ઉંમર વધતી જતી હતી ત્યારે પત્રકારો, વિચારકો, રાજકારણીઓ વગેરે એક જ પ્રશ્ન પૂછતા હતા, 'નહેરુ પછી કોણ ?' સૌ કોઈને એક જ જવાબ દેખાતો હતો-શૂન્યવકાશ. રાજકીયનેતા પોતાના સાથીદારોના સહકારથી પ્રજાને દોરવણી આપે છે એ સાચું. પરંતુ નેતાની બીજી ફરજ એ છે કે પોતાના જવા પછી શૂન્યવકાશ ન સર્જાય તે માટે પોતાના સાથીદારોને નેતા તરીકે તૈયાર કરે. મહાત્મા ગાંધીએ પ્રજામાં ચેતન રેડવા સાથે નેતાઓ, કાર્યકરો વગેરે સહૃદયતાથી તૈયાર કર્યા. પરંતુ તેમના પછી આવી ઉમદા પ્રક્રિયા થંભી ગઈ. પરિણામે, હમણાં દોઢ વર્ષ પછી જ લોકસભાની ફરી ચૂંટણી થઈ અને તેમ છતાં ત્રિશંકુ લોકસભા બની અર્થાત્ લઘુમતી સરકાર ક્યારે સંસદમાં વિશ્વાસનો મત ગુમાવી બેસે એ કહી શકાય નહિ. તેમજ જે વડા પ્રધાન બને તેમને પોતાના સાથીદારોના વિશ્વાસની પણ ખાતરી રહેતી નથી. રાજ્ય સરકારો માંડ પાંચ વર્ષ પૂરાં કરતી હોય છે. અવારનવાર વિધાનસભાનું વિસર્જન થતું હોય છે અને રાષ્ટ્રપતિ શાસન સ્થપાતું હોય છે. આ પરિસ્થિતિમાં જે સમય, શક્તિ અને દેશનાં નાણાંનો દુર્વ્યય થાય છે તે કેવળ અક્ષમ્ય છે એવી આ ગંભીર પરિસ્થિતિ ગણાય.

આ પરિસ્થિતિનાં મૂળમાં માર્ગદર્શનના અભાવનું વાતાવરણ જવાબદાર ગણાય. મહાત્મા ગાંધીજીએ જેમ સહૃદતાથી લોકોને તૈયાર કર્યા તેવી પ્રણાલિકા અવિરતપણે ચાલુ રહી હોત તો આજે આવી પરિસ્થિતિ ન જ થઈ હોત. અલબત્ત દરેક નેતા ગાંધીજી બની શકે નહિ, પરંતુ વ્યવહારિક દૃષ્ટિએ પણ નેતાઓ પોતાના સાથીદારોને તાલીમ આપી શક્યા હોત. ચાર દાયકા પછી પણ એકડો ઘૂંટવા જેવી પરિસ્થિતિ ઊભી રહી છે ! અલબત્ત માર્ગદર્શનનો પ્રશ્ન ઘણો ગંભીર અને વિચારપૂર્ણ છે. એવું બને છે કે માણસ કોઈ યુવાનને આશ્રય આપે, આર્થિક સહાય કરે, તેને નોકરી આપાવે તેને હૂંફ અને સાંત્વના આપે, તેના અન્ય પ્રશ્નો ઉકેલવામાં સહાયભૂત બને વગેરે વગેરે. પરંતુ માણસ તેના હાથ નીચે કામ કરતા માણસને સહૃદયી માર્ગદર્શન આપવામાં, તેને તે ક્ષેત્રમાં ફાવટ આવે એવી રીતે તૈયાર કરવામાં, તે ક્ષેત્રમાં સૂઝ કે હૈયાઉકલત આવે એવી દૃષ્ટિ આપવામાં એવી ખિન્નતા અનુભવે છે કે પોતાનાં ક્ષેત્રની પ્રગતિ ન થાય તો તે ચલાવી લેવા તૈયાર છે, પરંતુ તેની હાથ નીચેના માણસ કે માણસોને પોતાની હરોળમાં તેઓ સ્થાન ધરાવે એવી તાલીમ તે આપતો નથી. આમ ન કરવા પાછળ માણસની દલીલ એ હોય છે કે પોતાના જેવો માણસને તૈયાર કરવામાં આવે તો પોતાની કિંમત ઘટી જાય અને એવું પણ બને કે તૈયાર થયેલો માણસ પોતાનું સ્થાન લઈ લે અથવા તો તેની સામે જ તેવું કામ શરૂ કરીને તેનો જબ્બર સ્પર્ધક બને. આ પ્રકારની દહેશત દરેક પ્રકારનાં ક્ષેત્રમાં મુખ્ય માણસ અને મુખ્ય વહીવટકર્તાને પક્ષે રહે છે.

એક સામાન્ય દાખલો લઈએ. એક યુવાનને સરકારી કે ખાનગી સંચાલનની ઓફિસમાં જુનિઅર કારકુન તરીકેની નિમણૂંક મળે છે. આ યુવાનને કારકુની કામનો અનુભવ નથી, તેની પાસે માત્ર ડિગ્રી છે. જે સીનિઅર કર્મચારીઓ, હેડ કલાર્ક, ઓફિસ સુપરિન્ટેન્ડન્ટ વગેરે હોય તે સૌ નવા આગંતૂક પ્રત્યે ઘડીક કુતુહલ દાખવે તો ઘડીક કરડી નજર નાખતા રહે. નોકરી મળવાના આનંદ સાથે આવેલો યુવાન પહેલે જ દિવસે નર્વસ બનતાં શીખે છે. આ યુવાનને પછી કંઈક કામ પણ સોંપવામાં આવે અને તે માટે થોડીક ઝડપી સૂચના પણ આપી દેવાય. તેને જરૂર હોય છે હૂંફભર્યા માર્ગદર્શનની, તેને જરૂર હોય છે તેનાં કામની સમજ પડે એવી સમજાવટની અને તેને આશા હોય છે કે તેની ભૂલ થશે તો કરડી નજરને બદલે સહાનુભૂતિથી ભૂલ સુધારવામાં આવશે. પરંતુ તેને મોટે ભાગે સ્વયંશિક્ષણનો સિદ્ધાંત અપનાવવો પડે છે. અન્ય કર્મચારીઓએ પણ સ્વયંશિક્ષણના સિદ્ધાંતથી ઓફિસનો સમય વ્યતીત કર્યો હોય છે. આ પરિસ્થિતિ હોય ત્યાં કિસ્સાઓ 'પેન્ડીંગ'ન રહે તો બીજું શું થાય ? જરૂરી કાગળ શોધતાં બે ત્રણ દિવસ નીકળી જાય તો નવાઈ નહિ અને પછી તે કાગળની શોધ બિનજરૂરી ગણાય તો તેમાં આશ્ચર્ય પામવા જેવું ન રહે.

સંભવ છે કે આ પરિસ્થિતિને કારણે તાલીમ અને ખાતાકીય પરીક્ષાઓ પર ભાર મૂકવામાં આવ્યા હોય. પરંતુ જે બાબત ધરેડ તરીકે આવે છે. ત્યારે તેમાં ચૈતન્ય આવતું નથી. શિક્ષકોની વાત લઈએ તો ઠીક ઠીક સમયથી બીનતાલીમી શિક્ષકોને નોકરી માટે પણ સ્થાન જ

નથી એવી પ્રણાલિકા સ્થાપિત થઈ છે. તેવી જ રીતે પ્રોફેસરો માટે પણ તાલીમ જેવી શિબિરો કે ઓપનવર્ગો યોજવામાં આવે છે. તેમ છતાં શિક્ષણ અંગે વિદ્યાર્થીઓ ભણવા માગતા નથી, વાલીઓ ધ્યાન આપતા નથી, સમાજમાં ભૌતિકવાદનાં મૂલ્યો સર્વસ્વ બન્યાં છે વગેરે કારણો આપી શિક્ષકો અને પ્રોફેસરો પોતાની જવાબદારી બરાબર સંભાળે છે એવું ચિત્ર ઉપસાવાય છે. આઝાદી પહેલાં તાલીમમાં ન સમજાવી શકાય એવું ચૈતન્ય રહેતું જ્યારે આજે સઘળી તાલીમો ઘરેડની બાબત બની ગઈ છે અને નિયમ પ્રમાણેનાં ભથ્થાંના બિલ બનાવવાની પ્રક્રિયા બની ગઈ છે. ડૉક્ટરો, ઈજનેરો અને તંત્રવિદોની જાણકારી સવિશેષ ટેકનીકલ ગણાય, છતાં તે ક્ષેત્રો અંગે ગૌરવ લેવા જેવું ખાસ નથી. વર્તમાનપત્રો દ્વારા આ જાણકારોની અક્ષમ્ય નબળાઈઓ જાણવા મળતી હોય છે. તાલીમ લેનારાઓને તાલીમ લઈને પોતાની શક્તિનો આવિર્ભાવ કરવાનાં ઉમંગ અને ઉત્સાહ નથી હોતો. આ પ્રકારની તાલીમ તાલીમીઓને સર્વગુણસંપન્ન બનાવે એવી હિમાયત અહીં નથી. પરંતુ જે પાયાની સામાન્ય બાબત ગણાય તેની જાણકારી અને આવડત તાલીમીઓને મળે તો તે ઘણું જ સારું ગણાય.

આ પ્રમાણે અલગ રીતે તાલીમ અપાય અને મુખ્ય વ્યક્તિ અથવા જાણકાર પોતાની સાથે કામ કરનારાઓને તૈયાર કરે તેમાં શો ફેર ? મુખ્ય વ્યક્તિ અથવા જાણકાર પોતાની સાથે કામ કરનારાઓને તૈયાર કરે એમાં તૈયાર થનારા કામથી અલગ બનતા નથી. તેઓ પોતાનું કામ કરે છે અને સાથે સાથે મુખ્ય વ્યક્તિ પાસેથી માર્ગદર્શન મેળવતા રહે છે. અહીં કાર્ય અને તાલીમ વચ્ચે એકસૂત્રતા જળવાય છે. ધારો કે કાર્યમાં કંઇ ભૂલ પડી કે કાર્ય સંતોષકારક ન થયું હોય તો તાલીમ આપનાર તૈયાર કરનારનું ત્વરિત માર્ગદર્શન મળે છે; પરિણામે, નવા કર્મચારીને પોતાની ભૂલ કે કાર્યની ખામી સમજાય છે, શું ખ્યાલમાં લેવાનું છે તે તે ગ્રહણ કરાય છે, ભૂલ સુધરી જાય છે અથવા કાર્ય બરાબર થાય છે ને કાર્ય વિલંબિત સ્થિતિમાં રહેતું નથી. આમ નવા આગંતુકો શરૂમાં પોતાનાં કાર્ય અંગે ક્ષેત્ર પ્રમાણે માહિતગાર થતા જાય છે, જાણકારી કેળવતા જાય છે અને મહાવરાથી પોતાનાં કામમાં ફાવટ મેળવી શકે છે. આ પ્રકારની તાલીમમાં બીજો વિશિષ્ટ ફાયદો એ રહે છે કે નવા આગંતુકોને તૈયાર કરનાર સાથે વૈયક્તિક સંપર્ક રહે છે. આ વૈયક્તિક સંપર્કનું અનન્ય સુપરિણામ એ આવે છે કે સમય જતાં નવા આગંતુકોમાં તૈયાર કરનારની દ્રષ્ટિનું સંક્રમણ થાય છે. વળી, તૈયાર કરનાર વ્યક્તિને પોતાનાં કામનો જેટલો ઉત્સાહ હોય છે તેનાથી વિશેષ ઉત્સાહ સાથે કામ કરનારાઓને તૈયાર કરવામાં રહે છે. તે બીજાંને તૈયાર કરવામાં પોતાની ફરજ અને ગૌરવ ગણે છે. આ પ્રકારની રોજિંદી તાલીમમાં ભાષણની જરૂર પડતી નથી, વખતે થોડી વાતચીતની જરૂર પડે છે અને કેટલીકવાર તો હળવાં વાતાવરણમાં પણ કોઈ કોઈ બાબતની ગમ પડી જતી હોય છે.

અલગ રીતે જે તાલીમ અપાય છે તેમાં રોજિંદા કામ સાથે સંબંધ રહેતો નથી, પરંતુ તાલીમ સૈદ્ધાંતિક બની જાય છે. તાલીમ આપનારાઓ ક્ષેત્રે પ્રમાણે મુદ્દાઓ, નિયમો,કાર્યપદ્ધતિ વગેરે સમજાવી જાય છે. પરંતુ આ સમજણ વ્યવહારમાં તાદૃશ થાય તેવું પ્રાયોગિક કાર્ય તાલીમ દરમ્યાન હોતું નથી. જ્યાં પ્રાયોગિક કાર્ય રહેતું હોય છે ત્યાં પ્રાયોગિક કાર્ય પણ સૈદ્ધાંતિક બની જતું હોય છે. એક પ્રકારનાં ચોકઠાંમાં સૌ પ્રાયોગિક કાર્ય કરી લે છે. પોતાની જે નોકરી થોડા સમય બાદ રીતસર કરવાની છે. તેમાં આ પ્રાયોગિક કાર્યનું સંક્રમણ થતું નથી. વળી, તાલીમ આપનારાઓને તાલીમાર્થીઓ સાથે વૈયક્તિક સંપર્ક નહિવત જ રહે છે. વિશેષમાં તાલીમ આપનારાઓને તાલીમ આપવાનો ઉત્સાહ એકસરખો રહેતો નથી અને તાલીમાર્થીઓને તેમના તરફથી ઉષ્માભર્યું વાતાવરણ મળતું નથી. સાથે સાથે કડવું સત્ય એ પણ છે કે તાલીમાર્થીઓને તેમની નોકરીનાં કામમાં રસ છે, પરંતુ તાલીમ તેમને બોજારૂપ લાગે છે. પરિણામે સાવ જ ટૂંકા ગાળાની કે રીતસર એકબે વર્ષના અભ્યાસક્રમવાળી તાલીમનો હેતુ સારો છે, પણ તે બર આવતો નથી. તાલીમ પ્રત્યેક ક્ષેત્ર માટે જરૂરી છે, બલકે અનિવાર્ય છે, પરંતુ તાલીમનો પ્રશ્ન ગંભીર વિચારણા માગે છે એમ કહેવું યોગ્ય લાગે છે. સઘળો વાંક તાલીમાર્થીઓનો કાઢવામાં તાલીમાર્થીઓને અન્યાય જ થયો ગણાશે એ મુદ્દો સ્વીકારવો જ ઘટે. આપણા દેશના આર્થિક સમેત સઘળા સંજોગોને ખ્યાલમાં રાખીને તાલીમના પ્રશ્નની ગંભીર વિચારણાની આવશ્યકતા છે. અલગ રીતે તાલીમ ન જ અપાવી જોઇએ એવી અહીં હિમાયત નથી.

આઝાદી પહેલાં પ્રાથમિક શાળાથી માંડીને કોલેજના વિદ્યાર્થીઓ સુધી વિદ્યાર્થીઓ ક્યા શિક્ષક કે પ્રોફેસર પાસે ભણ્યા છે તે પરથી તેમનાં જ્ઞાન, સમજ વગેરેનો ખ્યાલ લેવાતો. તેવી જ રીતે કોઇ વ્યક્તિ ક્યાં અમલદાર, વકીલ, ડૉક્ટર, વેપારી કે પત્રકાર પાસે તૈયાર થઇ છે તે મુખ્ય મુદ્દાની બાબત ગણાતી. ત્યારે આજે તાલીમનાં સર્ટિફિકેટોનું પણ વજન પડતું નથી. જે વ્યક્તિ પરદેશની છાપ લઇ આવી હોય તેનો થોડો ભાવ પૂછાય છે. પરંતુ વિદેશથી તાલીમ લઇ આવેલી વ્યક્તિ પોતાના દેશબંધુઓને પોતાની તાલીમનો લાભ સહૃદયતાથી કેટલો આપતા હશે એ તો પ્રશ્ન જ છે. આઝાદી બાદ પોતાની સાથે કામ કરનારાઓને તૈયાર કરવાની ધગશ થોડો જ સમય રહી અને અલગ તાલીમનો યુગ શરૂ થયો. તેની ફળશ્રુતિ તરીકે પ્રાથમિક શાળાના શિક્ષણકાર્યથી માંડીને નેતાગીરી સુધીનાં તમામ કાર્યક્ષેત્રોમાં કાર્યની ગુણવત્તા અને કામ કરનારની નિષ્ઠાનાં ધોરણ અંગે આપણે વર્તમાનપત્રો દ્વારા અને અનુભવ દ્વારા નિહાળી રહ્યા છીએ! માનવશક્તિ કરતા કોમ્પ્યુટરશક્તિ વધારે ઝડપી અને અસરકારક છે એ યુગનાં એંધાણ પણ આપણે આપણી સગી આંખે જોઇ જ રહ્યા છીએ

માનવશક્તિની ઘોર અવગણના થાય એ માનવજાતની કમનસીબી જ ગણાય. યંત્રો માટે મોટા માણસો ગમે તેટલું ખર્ચ કરવા તૈયાર છે, પણ જ્યાં કામ કરતા જીવંત માણસને પગાર વધારવાની અને જરૂરી સુવિધાઓ આપવાની વાત આવે ત્યાં તેઓ તરત આર્થિક બોજાની વાત કરવા લાગે છે. આ મોટા માણસોની એવી પ્રાર્થના રહેતી હશે કે સ્વયંસંચાલિત યંત્રો હોયતો બધી વાતે નિરાંત થઈ જાય આવી પ્રાર્થના પાછળ માણસનાં 'આત્મકેન્દ્રીપણું' અને પોતાનાં ભાઇબહેનો પ્રત્યેનો તિરસ્કાર છતો થાય છે, યંત્રોને લીધે કામ કરનારાઓને ડૉક્ટરો નિદાન ન કરી શકે તેવા રોગો થાય છે તેની કહેવાતા મોટા માણસોને પડી નથી. યંત્રોને સર્વસ્વ બનાવવાથી બેકારી વધે તેની ચિંતા મોટા માણસોને હોતી નથી. વાસ્તવમાં કામ કરનાર માણસને પ્રેમ અને માર્ગદર્શન મળે તો તેનામાં રહેલી અદભુત શક્તિ આવિર્ભાવ પામે એ સત્યનો સ્વીકાર કરવાની જરૂર છે. યંત્રો માટે તો શરૂથી જ મોટી મૂડી રોકવી પડે છે. યંત્રો રીપેરિંગ ન માગે ? તેના માવજત, દેખભાળ વગેરે ન રાખવાં પડે? એક વાર રીપેરિંગ કરાવવું પડે ત્યાં કેટલી રકમ ચૂકવવી પડે એ તો મોટા માણસો સાચી વાત કહે તો ખબર પડે. તો પછી જીવંત માનવયંત્રને ઘસારો ન લાગે ? તેને ઓઇલિંગની જરૂર ન પડે ? અહીં યંત્રોના નાશની વાત નથી, પરંતુ યંત્રોને સર્વસ્વ બનાવી અમૂલ્ય માનવધન વેડફવા સામે માત્ર ટકોર જ છે.

વર્તમાન પરિસ્થિતિ એટલી બધી છિન્નભિન્ન અને અયોગ્ય વળાંકવાળી બની છે કે એનો ઉપાય શોધવો ઘણો કઠિન છે. બાજી હાથથી સરકી ગયા જેવો ખેલ બન્યો છે. તેથી વસતિવધારાનું ગાણું ગાવાને બદલે સૌ કોઇ એકબીજાને ઉપયોગી થવાની કિંમત માગ્યા વિના પરસ્પર ઉપયોગી થાય તો ધીમે ધીમે વિકટ પરિસ્થિતિમાંથી બહાર નીકળવું શક્ય બને. અલબત્ત કોઇનો ટાંટીયો ખેંચવો કે યેન કેન પ્રકારેણ મોટી આવક ઊભી કરવી વગેરે જેવાં અન્ય વ્યક્તિનાં ખતરનાક કાર્યો માટે ટેકો આપવો કે ઉપયોગી થવાની વાત હોય જ નહિ. મુખ્ય મુદ્દો એ છે કે અનુભવીઓ અને જાણકારો ઊગતી પેઢીને પ્રેમભાવથી અને નિખાલસતાપૂર્વક યોગ્ય માર્ગદર્શન આપતા રહે તો વૈયકિતક તેમજ સમષ્ટિની દૃષ્ટિએ વર્તમાન વણસેલી પરિસ્થિતિમાંથી સારી પરિસ્થિતિ થવા લાગે એ શેખચલ્લીના વિચારો જેવી બાબત નથી. આ માટે અનુભવીઓ અને જાણકારોએ બીક રાખવી ન ઘટે કે માર્ગદર્શન આપવાથી પોતાની કિંમત ઘટશે કે પોતાનું સ્થાન જશે. જેમ દીકરો બાપથી સવાયો થાય તો બાપ તેવા દીકરાનું ગૌરવ લે અને તેણે લેવું જ જોઇએ, તેમ શીખવનાર કરતાં શીખનાર સવાયો થાય તો તે અંગે શીખવનારે ગૌરવ લેવું જોઇએ. વળી, આવા જાણકારો પોતાની જાણકારીનું પુસ્તક પણ લખી શકે જેથી અનેકને તે જ્ઞાન, માર્ગદર્શન વગેરેનો લાભ મળે.

તેવી જ રીતે ઊગતી પેઢીના લોકોએ પણ પોતાનાં ક્ષેત્રમાં પ્રવેશ મળે એટલે અનુભવીઓ અને જાણકારો પાસેથી નમ્ર શિષ્યભાવ રાખીને જ્ઞાન, કૌશલ્ય, જાણકારી વગેરે મેળવવામાં અંશમાત્ર નાનમ ન જ અનુભવવી ઘટે. આ નમ્રતા અને ઋણભાવ કાયમી રહેવાં ઘટે. તદ્દન આપમેળે જાણકારી પ્રાપ્ત કરનાર વિરલ હોય છે. એકલવ્ય અર્જુનને ઝાંખો પાડી દે એવી બાણવિદ્યા આપમેળે જરૂર શીખ્યો, તો પણ તેનામાં ગુરૂ પ્રત્યે અસીમ શ્રદ્ધા અને અપાર પરિશ્રમ તથા લગની હતાં એ ન જ ભૂલવું ઘટે. પોતે સમાજને કંઇક નથી આપ્યું એવું જીવન વ્યક્તિને પોતાની સાર્થકતાના અભાવનું ભાન કરાવે છે, ખાલીપાની લાગણીનો અનુભવ કરાવે છે. આ પ્રકારનાં વ્યથા અને ખિન્નતા તન અને મનનાં સ્વાસ્થ્યમાં ગરબડ કરે છે. સમાજ પ્રત્યેનું યોગદાન એટલે પોતાનાં કાર્યક્ષેત્રની જાણકારી પ્રાપ્ત કરવી અને તદનુરૂપ પ્રામાણિકપણે ઉદ્યમ કરતાં રહેવું. વળતર માટે કામ કર્યું તેથી યોગદાન ન ગણાય એમ વ્યક્તિ માનવા તૈયાર થાય; પરંતુ માણસ માત્ર વળતર લેનાર પ્રાણી નથી, તેનામાં ચૈતન્ય છે, આદર્શનાં અરમાનો હોય છે, કંઇક વિશિષ્ટ કરવાની ધગશ હોય છે, તેને અંતરાત્મા હોય છે-તેનું આ મનુષ્યત્વ વળતરથી પર હોય છે. જે માણસ પોતાના અંતરાત્માના અવાજને સાંભળીને કામ કરે છે તેની કિંમત વળતરમાં આંકી શકાતી નથી-આ બને છે વ્યક્તિનું યોગદાન.

છેલ્લે, જૂના અનુભવી કાર્યકારો, જાણકારો, અમલદારો, હિતેચ્છુઓ, સલાહકારો જુદા જુદા પ્રકારના નેતાઓ વગેરે લોકોએ 'common Good-સામાન્ય શુભ' માટે યુવાનોને ક્ષેત્ર પ્રમાણે મોટાં મનથી માર્ગદર્શન આપવામાં ગૌરવ અને આનંદ અનુભવવાં જોઇએ. સૌ કોઇ ઉચિત અર્થમાં પ્રગતિ કરે તે માટે યથામતિ અને યથાશક્તિ યોગદાન આપવું એ માનવજીવનનો અનન્ય લહાવો છે. આ પવિત્ર અને ઉમદા કાર્યની કોઇ કદર નહિ કરે તો ભગવાન ( વિશ્વની પરમ સત્તા) અવશ્ય કદર કરશે અને જે કદર અનન્ય જ હોય એવી શ્રદ્ધા રાખવી સર્વથા હિતાવહ છે. આ સત્યની પ્રતીતિ સાથે જીવનનાં દરેક ક્ષેત્રમાં મોટેરાઓ નાનેરાઓને પોતાના ગણીને પોતાની જાણકારી, આવડત, કૌશલ્ય વગેરેનો પ્રેમથી લાભ આપે તો આજે સમાજમાં જે કાગારોળ, દેકારો અને હોબાળો મચતાં રહે છે તે શમવા પામે અને સમગ્ર જીવનવ્યવહાર કોઇ સારા લેખકે સ્વપ્નદૃષ્ટા તરીકે પોતાની નવલકથામાં વ્યક્ત કર્યા હોય તે આ ધરતી પર સાકાર બનવા પામે. આપણે સૌ 'Common Good-સામાન્ય શુભ' માટે, સૌ કોઇની ઉચિત સુખાકારી માટે નિ:સ્વાર્થભાવે અને સહૃદયતાથી 'કંઇક' અચૂક કરતા રહીએ તો આપણો બહારથી રૂડોરૂપાળો લાગતો પણ અંદરથી છિન્ન-ભિન્ન, કદરૂપો અને દરિદ્ર જીનવ્યવહાર યોગ્ય અર્થમાં સુંદર અને સમૃધ્ધ બનતો રહેશે. અલબત્ત લોભામણાં ઇંદ્રિયસુખોની મોહજાળમાં વીસરાઇ ગયેલાં આ સત્ય માટે સૌ કોઇએ કમર કસવાની અવશ્ય રહે છે.

□□□

## શ્રી પરમાનંદ કાપડિયા સ્મારકનિધિ
## તથા
## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુકત ઉપક્રમે
## એક વિશિષ્ટ વર્કશોપ

અમને જણાવતાં આનંદ થાય છે કે શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તથા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સંયુક્ત ઉપક્રમે નવયુવાનો માટે શનિવાર તથા રવિવાર, તા. ૧૨ અને ૧૩ ફેબ્રુઆરી, ૧૯૯૪નો રોજ નીચેના વિષય ઉપર એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. એનું સંચાલન તે વિષયની નિષ્ણાત વ્યક્તિઓ કરશે.

વિષય : PERSONAL GROWTH AND LEADERSHIP DEVELOPMENT

નોંધ : (૧) આ વર્કશોપની કાર્યવાહી અંગ્રેજી ભાષામાં રહેશે.
(૨) વર્કશોપ શનિવારે સવારના ૯-૦૦ વાગ્યાથી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી તથા રવિવારે સાવારના ૧૦-૦૦ વાગ્યાથી ૧-૦૦ વાગ્યા સુધી રહેશે.
(૩) શનિવારે બપોરનું ભોજન આયોજકો તરફથી આપવામાં આવશે.
(૪) યોગ્યતા : ભાગ લેનાર વ્યક્તિ ઓછામાં ઓછી ગ્રેજ્યુએટ હોવી જોઈએ.
(૫) ભાગ લેનાર વ્યક્તિએ સંઘના કાર્યાલયમાં રજિસ્ટ્રેશન ફી તરીકે રૂ. ૧૦૦/- ભરવાના રહેશે. બાકીનો તમામ ખર્ચ સ્મારકનિધિ ભોગવશે.
(૬) ભાગ લેનાર વ્યક્તિએ દસેક લીટીમાં પોતાનો લેખિત પરિચય આપવાનો રહેશે અને તે પછી તેની જો પસંદગી થશે તો જ તે વર્કશોપમાં ભાગ લઈ શકશે. તે અંગે સંઘના કાર્યાલયનો સંપર્ક કરવો.
(૭) વર્કશોપનું સ્થળ નકકી થયે તથા તેના કાર્યક્રમની વિગતો નકકી થયે ભાગ લેનારાઓને તેની જાણ વ્યક્તિગત રીતે કરવામાં આવશે.

નિરુબહેન એસ. શાહ — રમણલાલ ચી. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ — સૂર્યકાંત છો. પરીખ
માનદ્ મંત્રીઓ — મેનેજિંગ ટ્રસ્ટીઓ

પ્રદીપ એ. જે. શાહ
સંયોજક

# વેદાન્ત અને વિશ્વચેતના

❑ પૂર્ણિમા પકવાસા

આ વિષય જેટલો ગહન છે, તેટલો જ વિશાળ છે. અને સમજવા ચાહે તેઓને સમજાય તેવો પણ છે. 'વેદાન્ત' જેવા ભારે શબ્દથી ગભરાઈ જવાનું નથી. પરંતુ આદિકાળથી ચાલતા આવેલા અને જનસાધારણમાં સન્માન્ય તેવા વેદાન્તસાહિત્યને જાણવા અને સમજવા પૂરી કોશિશ કરવાથી આપણા દેશના સમૃદ્ધ વિજ્ઞાન-સાહિત્યનો પરિચય થશે, તેમ જ તેમાં આપેલા જીવનને ઉન્નતિ તરફ અગ્રેસર કરનાર વિચારોને આત્મસાત કરવા તરફ પ્રેરણા મળશે.

એક કોન્ફરન્સ અંગે દિલ્હી જવાનું થયું. મારા દિલ્હી નિવાસ દરમ્યાન જાણવા મળ્યું કે આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદજીનાં સ્મરણમાં ૧૯૬૯થી દરવર્ષે દિલ્હીમાં આકાશવાણી તરફથી એક વ્યાખ્યાનમાળાનું આયોજન થાય છે. આ વ્યાખ્યાનમાળામાં અત્યારસુધીમાં દેશનાં ઘણા જ્ઞાની વિદ્વાન વક્તાઓનાં વિવિધ વિષયો પર વ્યાખ્યાનો યોજાઈ ગયાં છે. આ વખતનાં બે વ્યાખ્યાનો તા. ૨૫-૨૬ નવેમ્બર, ૯૩નાં આપણા દેશના પ્રથમ કોટિનાં વિદ્વાન વ્યાખ્યાતા ડૉ. કરણસિંહના યોજાયા હતા.

ડૉ. કરણસિંહ એટલે કાશ્મીરનાં યુવરાજ. પછી 'સદરે રિયાસત' થયેલા. ૧૯૬૭માં ઈંદિરા ગાંધીનાં રાજ્યકાળમાં તેઓ ૩૬ વર્ષની નાની ઉંમરે કેન્દ્રિય મંત્રીમંડળમાં જોડાયા હતા. ૧૯૭૯માં શિક્ષણ અને સંસ્કૃતિનાં મંત્રી તરીકે તેમણે સેવા આપેલી. આ મંત્રીપદોની અવધિમાં તેઓએ કોઈપણ પ્રકારનું વેતન કે સુવિધા ન લેતા માનદમંત્રી જ રહેલા. મંત્રીશ્રીઓને નિવાસ માટે મળતા બંગલા કે અન્ય સુવિધાઓ પણ તેઓએ લીધી ન હતી. તે પછી અમેરિકામાં ભારતના રાજદૂત તરીકે તેઓએ સેવા આપેલી. જમ્મુ અને કાશ્મીર વિશ્વવિદ્યાલય તેમ જ બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલયના કુલપતિ તરીકે તેમણે વર્ષો સુધી સેવા આપેલી. તેઓએ પોતાના અનુભવ અને જ્ઞાનના નિચોડરૂપે કેટલાક પુસ્તકો તેમજ કાવ્યો પ્રગટ કર્યાં છે. તેઓ છટાદાર હિંદી તથા અંગ્રેજી બોલી શકે છે. તદ્ઉપરાંત પંજાબી, ઉર્દૂ અને ડોગરા ભાષાના પણ સારા જાણકાર છે. તેઓ સંસ્કૃત ભાષા પણ સરસ જાણે છે. તેઓને ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું વિસ્તૃત જ્ઞાન છે. તેઓ ભારતના એક ઉત્કૃષ્ટ કોટિના ચિંતક મનાય છે. પરદેશમાં પણ તેઓની ખ્યાતિ ખૂબ વિસ્તરેલી છે. તેઓ સાદા સીધા, સરળ, નિરાડંબરી, સૌમ્ય, હસમુખા અને પ્રસન્ન વ્યક્તિત્વવાળા છે. તેમની વાણિમાં પ્રાસાદિકતા હોય છે. આવા ડૉ. કરણસિંહના બે વ્યાખ્યાનો સાંભળવાની તક મળી તેથી ઘણો આનંદ થયો. ભારતીય સંસ્કૃતિનો તેમને ગહન અને વિસ્તૃત અભ્યાસ હોવાથી તેમના વ્યાખ્યાનો ઘણા મનનીય રહે છે. તેમના વ્યાખ્યાનનો વિષય 'વેદાન્ત અને વિશ્વચેતના' પણ ખૂબ સરસ અને ભારતીય સંસ્કૃતિને અનુરૂપ હતો.

ભારતીય સંસ્કૃતિમાં સંકીર્ણત ક્યારેય પ્રવેશ કરી શકતી નથી. વિશ્વ તો શું પરંતુ પૂરા બ્રહ્માંડની સાથે તેનો સંબંધ રહે છે. પરંતુ તેમણે કહ્યું કે વર્તમાન સમયમાં આપણી પ્રાચીનકાળથી ચાલી આવતી ઉપયોગી અને જરૂરી એવી માન્યતાઓ તૂટી રહી છે અને નવી માન્યતાઓનો જન્મ નથી થતો. ખરી રીતે તો જૂની માન્યતાઓમાંથી કેટલીક તૂટવા જેવી તૂટવી પણ જોઈએ જ. અને તો જ નવી તાજી માન્યતાઓને માટે જગા થઈ શકે. જે માન્યતાઓ તૂટે છે, તેની અસલી બુનિયાદ સાબૂત રહેવી જોઈએ કારણ કે જો તળીયૂ મજબૂત હોય તો તેના પર દેશકાળને તેમજ પ્રાચીન સંસ્કૃતિને અનુરૂપ સંવાદિતામય એક એવી સંસ્કૃતિ નિર્માણ થઈ શકે છે કે જેમાં સારી સારી દરેક જીવનોપયોગી ચીજોનો સમાવેશ થઈ શકે છે. આનું નામ 'પુરાણાનો નાશ, અને નવાનો જન્મ કહી શકાય. 'નવાં ક્લેવર ધરો હંસલા' પરંતુ તે જન્મ નથી થતો તે ઘણા શોકની વાત છે. આતો જાણે સર્વવિનાશનુ શીતયુદ્ધ ચાલી રહ્યું છે. તેમ લાગે છે. વિશ્વીકરણ થઈ રહ્યું છે, પરંતુ વિશ્વચેતના ઉભરાતી નથી.

અમાનવીય (દૈવી)વેદો આદિકાળથી ચાલ્યા આવે છે. તેમાંથી ઉપનિષદો નિર્માણ થયાં. એટલે એમ કહી શકાય કે વેદો જો હિમાયલ પર્વત સમાન છે, તો ઉપનિષદો તેના નાના મોટા શિખરો છે. જેમાંથી ઘણું ઘણું ગ્રહણ કરવાની તેઓ સદા પ્રેરણા આપતા રહે છે. વિજ્ઞાનની જેમ જેમ પ્રગતિ થતી જાય છે, તેમ તેમ વેદાન્તની વાતો અને તેમાં રહેલાં સત્યો અધિક મહત્વપૂર્ણ બનતા જાય છે. 'કુમારસંભવમાં' હિમાલયનું વર્ણન છે. તે અદ્વિતીય છે. અને હિમાલયની આ શોભા સદા અદ્વિતિય જ રહેવાની છે.

વેદોમાં પાંચ પ્રમુખ વિચારધારાઓ સમાયેલી છે, જે વિશ્વચેતનાનો આધાર બની શકે છે.

(૧) ઈશાવાસ્ય ઉનિષદ બતાવે છે કે સમસ્ત બ્રહ્માંડ એક જ શક્તિમાં ઓતપ્રોત છે. માત્ર પૃથ્વીપર જ નહીં, પરંતુ અનંત બ્રહ્માંડમાં તે શક્તિ વ્યાપ્ત છે અને તે શક્તિથી જ અનંત બ્રહ્માંડ પ્રકાશમાન છે. વિજ્ઞાન તેનું જ સંશોધન કરી રહેલ છે, કે એ કઈ શક્તિ છે ? જેનો કોઈ તાગ નથી મળી શકતો ! જો એ શક્તિની પરિભાષા મળી જાય તો તે પર આગળ સંશોધન થઈ શકે અને જો સમસ્ત બ્રહ્માંડમાં એ એક જ સત્ય વ્યાપ્ત છે. તો સમસ્ત માનવજાતમાં પણ તે જ શક્તિ અંતર્નિહિત રહેલી છે તે નક્કી થાય છે. આપણા સૌના હૃદયમાં પણ તે જ શક્તિ વિરાજમાન છે તેની પ્રતીતિ થઈ જાય.

(૨) આપણે તો 'અમૃતસ્ય પુત્રા:' છીએ. આપણે કંઈ દુષ્ટપુત્રો નથી, પરંતુ અમૃતપુત્રો છીએ. આવો વિચાર માત્ર કરવાથી આપણી સંકીર્ણતા નષ્ટ થવા માંડે છે. જો સંકીર્ણતાનો નાશ થાય તો પછી શોક ક્યાં ? મોહ ક્યાં ? દુઃખ ક્યાં રહે છે ? શોક મોહ અને દુઃખ આદિ તત્ત્વો સંકીર્ણતા સાથે જોડાયેલા છે. તરંતુ વિશાળ ચેતના સાથે તો વિશાળતા જ સદા જોડાયેલી રહે છે. આ વિશાળતાનું એકત્વ જેમ અંદરનું છે, તેવી જ રીતે બહારનું પણ છે, બહારની દુનિયામાં રહેલા સર્વ જીવો, સર્વ વસ્તુઓ સાથે એકતા સધાય તો કેવી સરસ એકતાનો અનુભવ થઈ શકે ? આ એકત્વનો વિચાર જ આપણને પરમ એકતા સુધી પહોંચાડવામાં સાધન બની શકે છે. અને અહીંથી જ પરમ સુધી પહોંચવા માટેનું પ્રથમ પગલું ભરી શકાય.

(૩) આ અંદર અને બહારનું જે એકત્વ છે તે જ સમસ્ત વેદાંતનો સાર છે. જે આપણો ધર્મ બની જાય છે. જેથી કરી વ્યક્તિ સાથે આપણને સારો પ્રેમાળ વ્યવહાર કરવાનું ગમે છે. કારણકે દરેક વ્યક્તિમાં આપણે જ રહેલા છીએને ? વેદાન્તનાં નિયમ પ્રમાણે જો દરેક વ્યક્તિમાં ઈશ્વરનો નિવાસ છે, તો તો પછી સમસ્ત માનવજાતિ એક જ પરિવાર છે, તેની આપણને પ્રતિતી થવી જોઈએ. 'મારું તારું' એ તો લઘુ ચેતના છે, કનિષ્ટ ચેતના છે, માત્ર સંકીર્ણ મર્યાદિત ચેતના છે, પરંતુ વેદાન્તની ઉદાર વિચારધારામાં તો 'વસુધૈવ કુટુંમ્બકમ' નો વિચાર મુખ્ય રહેલો છે. આવો સુંદર, ઉદાર અને વિશ્વએકતાનો વિચાર જ્યારે આપણી સંસ્કૃતિના

પાયામાં છે, તે છતાં આપણે કેવા સંકુચિત અને દીનહીન દરિદ્ર વિચારધારામાં ફસેલા રહીએ છીએ ? નાતજાતના વર્ણ, ધર્મ આદિ ભેદભાવના શિકાર બની ગયાં છીએ ? વળી આજકાલ તો નાત જાત વર્ણ ભાષા, ધર્મ પક્ષની અને વિચારની દિવાલો બની રહી છે અને તે દિવાલો વધતી જાય છે, મજબૂત બનતી જાય છે. આ કેટલું દુઃખદાયક છે ? આપણે તો રાષ્ટ્રીયતાથી પણ ઉપર ઉઠીને વિશ્વ એકતા સુધી જવાનું છે. ભવાની ભારતીથી આગળ વધીને સમસ્ત વસુંધરાની પૂજા કરવાની છે. માત્ર મારો સીમાડો જ સારો અને પવિત્ર, બીજાનો નહીં, તેવો વિચાર હવે ચાલી શકે નહીં. આવી સંકુચિતતાથી તો આપણે સમસ્ત માનવજાતને વિનાશના માર્ગે જ ધકેલી દઈશું.

જ્યારે વિશ્વમાં લાખો લોકો ભૂખથી મરી રહ્યા છે, તેવા સમયમાં અબજો રૂપિયા બૉંબ અને વિનાશક શસ્ત્રો બનાવવામાં ખર્ચાઈ રહેલા છે. આખાય વિશ્વને ભસ્મસાત કરવાના સાધનો વધારવામાં લોકો લાગી પડેલા છે. આ બધી અધમતાથી બચવું હશે તો 'વસુધૈવ કુટુંબકમ'નો વિચાર જ ખપમાં આવશે.

(૪) વેદાન્ત કહે છે કે સત્ય એક છે, પરંતુ તેને પ્રગટ કરવાના રસ્તાઓ અલગ અલગ છે. આખરે તો તે બધા રસ્તાઓનું અંતિમ બિન્દુ એક જ છે. ત્યાં જ બધાએ પહોંચવાનું છે. વાસ્તવમાં પેલી દિવ્યશક્તિ છે તે વહેલીમોડી સ્વયં પ્રગટ થવાની જ છે. સ્વામી વિવેકાનંદે જે ધર્મની આહલેક જગાવી છે, તેના પ્રતિધ્વનિ આજ પણ આપણને સંભળાઈ રહ્યાં છે. તેમાંથી જોરદાર પડઘા પડે છે. એ જે ધ્વનિ સંભળાય છે, તેમાંથી એ સંદેશો મળે છે કે અલગ અલગ રસ્તેથી આપણું લક્ષ્ય, આપણું મિલનસ્થાન એક જ છે. 'અંતતોગત્વા' એક જ બિંદુપર આપણે પહોંચવાનું છે.

વિશ્વમાં ધર્મના નામ પર જેટલી નિર્મમ હત્યાઓ થઈ છે તેટલી મોટી સંખ્યામાં બીજા કોઈ કારણથી હત્યાઓ નથી થઈ. ધર્મના નામની કેવી મોટી વિડંબના ! નામ ધર્મનું, કે જેમાં અહિંસાનો વિચાર પ્રમુખ પણે હોય છે, તે જ ધર્મના નામપર આટલી મોટી ખૂનામરકી ? હત્યાઓ, લોહીની નદીઓ વહાવવી આદિ બની રહ્યું હોય તો સત્વર જાગી જવું જરૂરી છે અને તે કહેવાતા ધર્મમાં ક્યા શું ખૂટે છે, તે શોધી કાઢવું જોઈએ. ભગવાનના નામ પર બીજા પર અત્યાચાર કેવી રીતે થઈ શકે? વેદાંતના ખાસ સાર ઉપર ધ્યાન આપવું ઘટે કે બીજા ધર્મોનો, બીજા સંપ્રદાયોનો અને બીજા વિચારોનો પણ આદર કરી આખરે બધામાં એ જ પ્રભુનો નિવાસ છે ને ?

(૫) માનવજાતિ અને સમસ્ત વિશ્વના કલ્યાણની વાત છે. 'બહુજન હિતાય બહુજન સુખાય' એ આપણી સંસ્કૃતિનું એક આગવું સૂત્ર છે. આપણી રોજંદી પ્રાર્થનામાં 'સર્વેપિ સુખીનઃ સંતુ, સર્વે સંતુ નિરામયા' અર્થાત્ માત્ર સ્વયં આપણાં એકલાના જ સુખની વાત નથી, માનવજાતિ જ માત્ર નહીં, પરંતુ સર્વે જીવોના કલ્યાણની વાત કરવામાં આવી છે. આપણી ચેતના ખૂબ વિશાળ બનાવવાની વાત છે. જેથી આપણું તો કલ્યાણ સધાય જ, સાથે સાથે જગતનું પણ ભલું થાય. આ 'જગહિતાય' પર જે રીતે ધ્યાન અપાવું જોઈએ તે રીતે ધ્યાન નથી અપાતું જે ઘણાખરા દુઃખોનું કારણ બને છે.

સામુહિક રીતે આ પાંચ વિચારો અપનાવીએ તો જીવન સરસ બની શકે. આપણા દેશના વિવિધ દર્શનોનાં વિચારો તો ઉત્તમોત્તમ છે, પરંતુ ખરેખર વ્યવહારમાં તે ઉત્તમ વિચારોનો અમલ નથી થતો, તે મોટા દુખની વાત છે. શું કારણ છે ? દેશ કેમ આટલો પાછળ પડી ગયો ? જાપાન જૂઓ; જર્મની જૂઓ, ખૂનખાર યુદ્ધ પછી બરબાદ થઈ ગયેલા લોકોએ દેશને કેવા ઉપર ઉઠાવી લીધા છે ? આજે વિશ્વમાં તેઓએ નામ કાઢયું છે. કારણ ? તે કર્મઠ લોકો પુનઃ નિર્માણનાં કામમાં તનમન અને ધનથી લાગી ગયા છે. દેશના વિકાસને પ્રાથમિકતા આપીને જ આવો ચમત્કાર સર્જી શકાય છે. પ્રખર દેશપ્રેમ, અનુકરણીય શિસ્ત, અને અથાક પરિશ્રમ હોય તો શું ન બની શકે, તેના જીવંત ઉદાહરણનું તેઓએ જગતને દર્શન કરાવ્યું છે.

આપણી શિક્ષાપદ્ધતિમાં વેદાન્તની વિચારધારાને ખાસ સ્થાન અપાવવું જોઈએ. કારણ કે વેદાંત વિચાર સંપ્રદાયાતીત છે, ધર્માતીત છે. જેની આજે તાતી જરૂર છે. તે પ્રમાણેનું જીવન, અને તે પ્રમાણેની રહેણીકરણી આદિને દેશમાં પુનઃસ્થાપિત કરવી પડશે. ભારત એક એવો દેશ છે કે જે પ્રાચીન પરંપરાથી સંસ્કૃતિનાં ઉન્નત અને સુદૃઢ પાયાપર રચાયેલો છે. જેથી તેનામાં વિશ્વના ગુરુ બની શકવાની પૂર્ણ ક્ષમતા છે. પરંતુ વર્તમાન ભારતનું દર્શન તદ્દન વિપરિત છે, નિરાશાજનક છે. તે વિપરિત દર્શનને જો પલટાવી દેવુ હશે તો કેવળ વિચાર, મનન, ચિંતન નહીં ચાલે. પરંતુ પ્રચંડ કર્મયોગ આદરવો પડશે. અને ઉપનિષદરૂપી ધનુષ્યને ઉઠાવીને તેમાં આત્મારૂપી તીરનું સંધાન કરીએ. એકાગ્રચિત્ત થઈને ધનુર્ધારી અર્જુનની જેમ તીરનું અનુસંધાન કરીએ.

'પાર્થને કહો ચઢાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.'

ધરી ગાંડીવ ટંકાર સાર્થ કરેલો પાર્થનો ધનુષ્ય પ્રયોગ કદાપિ ખાલી ન જાય તેવો દૃઢ વિશ્વાસ સાથે સાધના કરીએ અને સર્વકલ્યાણ માટે આપણા વેદાન્ત વિજ્ઞાનનો વિશ્વમાં પ્રચાર કરીએ, તે જ મહાકલ્યાણનો માર્ગ બનશે. ❑❑❑

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
## વાર્ષિક સામાન્ય સભા

સંઘની વાર્ષિક સામાન્ય સભા મંગળવાર, તા. ૧૮-૧-૯૪ના રોજ સાંજના ૫-૩૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે, જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ૧૯૯૧-૯૨ તથા ૧૯૯૨-૯૩ના વાર્ષિક વૃત્તાંત તથા સંઘ તેમજ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો મંજૂર કરવા.

(૨) ૧૯૯૩-૧૯૯૪ના વર્ષના અંદાજપત્રો મંજૂર કરવા

(૩) સંઘના પદાધિકારીઓ તેમજ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી.

(૪) સંઘ તેમજ વાચનાલય-પુસ્તકાલયના ઓડિટર્સની નિમણૂંક કરવી.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘનો વૃત્તાંત તથા સંઘ તેમજ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૩-૧-૯૪થી તા. ૧૦-૧-૯૪ સુધીના દિવસોમાં બપોરના ૧થી ૫ સુધીમાં કોઈ પણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને પ્રશ્ન પૂછવાની ઇચ્છા હોય તો બે દિવસ અગાઉ લેખિત મોકલી આપવા વિનંતી.

વાર્ષિક સામાન્ય સભામાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
માનદ્ મંત્રીઓ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ
## તા. ૩૧મી માર્ચ, ૧૯૯૩ના દિવસનું સરવૈયુ

| ૧૯૯૨ | ફંડો અને દેવું | | |
|---|---|---|---|
| | **રીઝર્વ ફંડ** | | |
| ૧૫૧૫૯૪૩-૧૮ | ગયા સરવૈયા મુજબ બાકી | ૧૫૨૮૯૫૫-૧૮ | |
| ૧૦૦૧૨-૦૦ | ઉમેરો : આજીવન સભ્યોના લવાજમના વસુલ (નેટ) | ૮૨૫૪-૦૦ | |
| ૩૦૦૦-૦૦ | પેટ્રન સભ્યોના લવાજમના | | |
| ૧૫૨૮૯૫૫-૧૮ | | | ૧૫૩૭૨૦૯-૧૮ |
| | **અન્ય ફંડ :** | | |
| ૧૪૫૪૯૪૯-૧૦ | પરિશિષ્ઠ અ પ્રમાણે | | ૧૪૧૧૧૭૬-૮૦ |
| | **દેવું :** | | |
| ૬૦૯૨૪-૧૪ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના | ૭૬૧૧૬-૫૪ | |
| ૫૦૮૮૨૦-૦૦ | પરચુરણ દેવું | ૬૦૨૪૫૭-૦૦ | |
| ૫૬૯૭૪૪-૧૪ | | | ૬૭૮૫૭૩-૫૪ |
| | **શ્રી જનરલ ફંડ** | | |
| ૯૭૨૪૯-૧૩ | ગયા સરવૈયા મુજબ | ૧૧૪૪૯૨-૭૭ | |
| ૧૭૨૪૩-૬૪ | વર્ષ દરમિયાન આવકનો વધારો | ૭૮૧૯૦-૧૩ | |
| ૧૧૪૪૯૨-૭૭ | | | ૧૯૨૬૮૨-૯૦ |
| ૩૬૬૮૧૪૧-૧૯ | | | ૩૮૧૯૬૪૨-૪૨ |

| ૧૯૯૨ | મિલ્કત અને લેણું | | |
|---|---|---|---|
| | **બ્લોક (કરાર મુજબ)** | | |
| | રસધારા કો.ઓ.હા. સો. લિ. | | |
| ૫૧૨૩૦-૪૦ | ગયા સરવૈયા મુજબ બાકી | | ૫૧૨૩૦-૪૦ |
| | **ઈન્વેસ્ટમેન્ટ ચોપડા પ્રમાણે** | | |
| | **પરિશિષ્ટ (b) પ્રમાણે** | | |
| ૨૨૫૦૦-૦૦ | શેરો તથા ડિબેન્ચર્સ | ૫૦૦-૦૦ | |
| ૨૦૨૦૦૦-૦૦ | યુનિટ ટ્રસ્ટ ઓફ ઇ. યુનિટો | ૨૦૨૦૦૦-૦૦ | |
| ૨૩૮૫૦૦૦-૦૦ | ગર્વ. કું.માં ડિપોઝીટ | ૨૫૪૫૦૦૦-૦૦ | |
| ૬૩૫૦૦૦-૦૦ | બેંકોમાં ફિક્સ ડિપોઝીટ | ૬૩૫૦૦૦-૦૦ | |
| ૩૨૪૪૫૦૦-૦૦ | | | ૩૩૮૨૫૦૦-૦૦ |
| | **ફર્નિચર અને ફિક્ષર (ચોપડાં પ્રમાણે)** | | |
| ૩૧૩૪૧-૨૪ | ગયા સરવૈયા મુજબ બાકી | ૩૧૩૪૧-૨૪ | |
| ૧૫૪૧૧-૨૪ | બાદ : ઘસારાના ૧૯૯૧ સુધી | ૧૭૦૦૪-૨૪ | |
| ૧૫૯૩-૦૦ | ચાલુ વર્ષ દરમિયાન ઘસારાના ૧૦% | ૧૪૩૩-૦૦ | |
| ૧૪૩૩૭-૦૦ | | | ૧૨૯૦૪-૦૦ |
| | **ડિપોઝીટ** | | |
| ૧૨૫-૦૦ | પોસ્ટ ઓફિસમાં | ૧૨૫-૦૦ | |
| ૧૩૨૫-૦૦ | બી.ઇ.એસ.ટી. | ૧૩૨૫-૦૦ | |
| ૩૬૦-૦૦ | ટેલિફોન અંગે | ૩૬૦-૦૦ | |
| ૧૧૦૦-૦૦ | બિરલા ક્રીડા કેન્દ્ર | ૧૧૦૦-૦૦ | |
| ૨૯૧૦-૦૦ | | | ૨૯૧૦-૦૦ |
| | **લેણું સધ્ધર** | | |
| ૬૦૩૯૫-૫૨ | શ્રી એમ.એમ. શાહ લાઈબ્રેરી | ૭૬૩૯૧-૫૨ | |
| ૭૨૭૫-૦૦ | ઇન્કમટેક્ષ રિફંડ | ૨૧૬૪૭-૦૦ | |
| ૭૯૪૨૯-૭૯ | ડિબેન્ચરો-ડિપોઝીટ પર ચઢેલ વ્યાજના | ૯૩૬૧૦-૩૪ | |
| ૫૦૮૦૮-૮૮ | સ્ટાફ પાસે અને અન્ય | ૧૧૨૧૭૪-૮૮ | |
| ૧૯૭૯૦૯-૧૯ | | | ૩૦૩૮૨૩-૭૪ |
| | **રોકડ તથા બેંક બાકી** | | |
| ૯૩૮૬-૬૩ | બેંક ઓફ ઇન્ડિયા ચાલુ ખાતે | ૨૧૫૬૪-૫૩ | |
| ૧૪૬૯૬૨-૦૭ | બેંક ઓફ ઇન્ડિયા બચત ખાતે | ૪૪૫૬૫-૫૧ | |
| ૯૦૫-૯૦ | રોકડ પુરાંત | ૧૪૪-૨૪ | |
| ૧૫૭,૨૫૪-૬૦ | | | ૬૬૨૭૪-૨૮ |
| ૩૬૬૮૧૪૧-૧૯ | | | ૩૮૧૯૬૪૨-૪૨ |

**ઓડીટરોનો રીપોર્ટ :**

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ મુંબઈનું તા. ૩૧-૩-૯૩ના દિવસનું ઉપરનું સરવૈયુ મજકુર સંઘના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારું ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટ અનુસાર જુદા રીપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ તા. ૧૧-૧૦-૯૩ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

રમણલાલ ચી. શાહ, પ્રમુખ
ચીમનલાલ જે. શાહ, ઉપપ્રમુખ
પન્નાલાલ ર. શાહ, કોષાધ્યક્ષ

નીરુબહેન એસ. શાહ, મંત્રી
પ્રવીણચંદ્ર કે. શાહ, મંત્રી

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ

### તા. ૩૧-૩-૯૩ના દિવસના સરવૈયામાં બતાવેલ ટ્રસ્ટ ફંડો અને ટ્રસ્ટ ખાતાઓનું વિગત દર્શાવતું પરિશિષ્ઠ

પરિશિષ્ઠ a

| ટ્રસ્ટ ફંડો | ૩૧-૩-૯૨ના | વર્ષ દરમિયાન ભેટ | વ્યાજના હવાલા | વર્ષ દરમિયાન ખર્ચ | હવાલા આવક જાવકમાં | ૩૧-૩-૯૩ના રોજ |
|---|---|---|---|---|---|---|
| ૧ મકાન ફંડ | ૪૧૮૪-૬૯ | | | | | ૪૧૮૪-૬૯ |
| ૨ પુસ્તક પ્રકાશન ખાતું | (ઉધાર) ૫,૩૬૦-૯૧ | ૧૮૭૫-૦૦ | | ૨૦૫-૫૦ | | (ઉધાર) ૩૬૯૧-૪૧ |
| ૩ પ્રબુદ્ધ જીવન કાયમી ફંડ | ૨૦૦૦-૦૦ | | | | | ૨૦૦૦-૦૦ |
| ૪ સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ ખાતું | ૩૦૦૦૦૦-૦૦ | ૫૦૦૦૦-૦૦ | | | | ૩૫૦૦૦૦-૦૦ |
| ૫ ધીરજલાલ ધનજીભાઈ શાહ શ્રેષ્ઠ લેખક પારિતોષિક | ૧૧૦૦૦-૦૦ | | | | | ૧૧૦૦૦-૦૦ |
| ૬ શ્રી ધીરજબહેન દીપચંદ રમકડાં ઘર | ૭૭૫૦૬-૪૯ | | | | | ૭૭૫૦૬-૪૯ |
| ૭ મહાવીર વંદના સ્નેહ મિલન | ૧૫૦૦૦૦-૦૦ | | | | | ૧૫૦૦૦૦-૦૦ |
| ૮ શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા : અનાજ રાહત ફંડ | ૯૯૨૪૬-૦૦ | | | | | ૯૯૨૪૬-૦૦ |
| ૯ શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' પારિતોષિક ફંડ | ૧૫૦૦૦-૦૦ | | | ૧૫૦૦૦-૦૦ (પાછા આપ્યા) | | ૦૦-૦૦ |
| ૧૦ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ વસંત વ્યાખ્યાનમાળા | ૫૧૦૦૦-૦૦ | | | | | ૫૧૦૦૦-૦૦ |
| ૧૧ શ્રી કિશોર ટીંબડિયા કેળવણી યોજના ફંડ | ૧૦૫૦૦૦-૦૦ | | | | | ૧૦૫૦૦૦-૦૦ |
| ૧૨ શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરી નેત્રયજ્ઞ કાયમી ફંડ | ૧૫૧૦૦૦-૦૦ | | | | | ૧૫૧૦૦૦-૦૦ |
| ૧૩ શ્રીમતી ભાનુબહેન પ્રવીણચંદ્ર શાહ નેત્રયજ્ઞ કાયમી ફંડ | | ૧૦૦૦૦૦-૦૦ | | | | ૧૦૦૦૦૦-૦૦ |
| કુલ રકમ | ૯૬૦૫૭૬-૨૭ | ૧૫૧૮૭૫-૦૦ | | ૧૫૨૦૫-૫૦ | | ૧૦૯૭૨૪૫-૭૭ |
| **ખાતાઓ** | | | | | | |
| ૧ મંગળજી ઝવેરચંદ મહેતા વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખાતું | ૪૫૦૦૦-૦૦ | | | ૫૬૮૦-૫૦ | | ૪૦૩૨૬-૪૦ |
| મંગળજી ઝવેરચંદ મહેતા આવક-જાવક | ૧૦૦૬-૯૦ | | | | | |
| ૨ શ્રી વિદ્યાબેન મહાસુખભાઈ ખંભાતવાલા પ્રેમળજ્યોતિ ખાતું: | ૩૩૩૪૮૩-૯૬ | ૪૬૬૧૯-૦૦ | | ૨૧૯૦૮૦-૨૦ | | ૧૬૧૦૨૨-૭૬ |
| ૩ શ્રી દીપચંદ ત્રી. શાહ ટ્રસ્ટ ખાતું | ૬૦૭૭૬-૬૨ | ૭૮૯૧-૦૦ | ૬૦૭૮-૦૦ | ૬૫૩૨૯-૫૦ | | ૯૪૧૬-૧૨ |
| ૪ શ્રી સરસ્વતી ડાહ્યાભાઈ ઝવેરી ચશ્માઘર | ૩૨૯૧૩-૫૦ | ૫૦૦-૦૦ | | ૩૮૧૫-૦૦ | | ૨૯૫૯૮-૫૦ |
| ૫ શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' પા. આવક-જાવક | ૩૫૦૦-૦૦ | | | | ૩૫૦૦-૦૦ | ૦૦-૦૦ |
| ૬ શ્રી ધીરજબેન દીપચંદ રમકડાંઘર આવક-જાવક | ૫૮૭૮-૯૫ | ૮૨૯૮-૦૦ | ૭૭૫૧-૦૦ | ૧૧૪૫૬-૫૦ | | ૧૦૪૭૧-૪૫ |
| ૭ શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત આવક-જાવક | ૧૧૭૮૯-૯૦ | ૩૩૩૭૭-૦૦ | ૯૯૨૫-૦૦ | ૩૫૩૨૮-૦૦ | | ૧૯૭૬૩-૯૦ |
| ૮ શ્રી વિદ્યાબેન મહાસુખભાઈ ખંભાતવાલા સ્નેહસંમેલન આ.જા. | ૦૦-૦૦ | | ૧૫૦૦૦-૦૦ | ૧૫૦૦૦-૦૦ | | ૦૦-૦૦ |
| ૯ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ વ્યાખ્યાનમાળા આ.જા. | ૦૦-૦૦ | ૧૦૧-૦૦ | ૩૦,૦૦-૦૦ | ૩૦૧૦૧-૦૦ | | ૦૦-૦૦ |
| ૧૦ શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ શ્રેષ્ઠ પારિતોષિક આવક-જાવક | ૧૫૦-૦૦ | | ૧૧૦૦-૦૦ | | | ૯૫૦-૦૦ |
| ૧૧ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ વસંત વ્યાખ્યાનમાળા આ.જા. | ૦૦-૦૦ | | ૫૧૦૦-૦૦ | ૫૧૦૦-૦૦ | | ૦૦-૦૦ |
| ૧૨ શ્રી કિશોર ટીંબડિયા કેળવણી ફંડ આવક-જાવક | ૧૭૩-૦૦ | ૨૪૫૦૦-૦૦ | ૧૦૫૦૦-૦૦ | ૧૨૮૯૧-૧૦ | | ૨૨૨૮૧-૯૦ |
| ૧૩ શ્રી નેત્રયજ્ઞ આવક-જાવક ખાતું | ૦૦-૦૦ | | ૨૦૧૦૦-૦૦ | | | ૨૦૧૦૦-૦૦ |
| | ૪૯૪૩૭૨-૮૩ | ૧૨૧૨૮૬-૦૦ | ૧૦૫૫૫૪-૦૦ | ૪૦૩૭૮૧-૮૦ | ૩૫૦૦-૦૦ | ૩૧૩૯૩૧-૦૩ |
| કુલ | ૧૪૫૪૯૪૯-૧૦ | ૨૭૩૧૬૧-૦૦ | ૧૦૫૫૫૪-૦૦ | ૪૧૮૯૮૭-૩૦ | ૩૫૦૦-૦૦ | ૧૪૧૧૧૭૬-૮૦ |

### તા. ૩૧-૩-૯૩ના રોજ ઈન્વેસ્ટમેન્ટ પરિશિષ્ટ (b)

| ૧૯૯૨ | વિગત | | |
|---|---|---|---|
| | (૧) શેરો અને ડિબેન્ચરો | | |
| ૫૦૦-૦૦ | રસધારા કો.ઓ.હા.સો. લિ. શેર-૧૦ | | ૫૦૦-૦૦ |
| ૫૦૦-૦૦ | | | |
| ૪૦૦૦-૦૦ | તાતા ઓઈલ કું. લિ. ડિબેન્ચરો | | |
| ૧૫૦૦૦-૦૦ | બોમ્બે ડાઈંગ એન્ડ મેન્યુ. કું. લિ. | | |
| ૩૦૦૦-૦૦ | વોલ્ટાસ લિ. | | |
| ૨૨૦૦૦-૦૦ | | | |
| ૨૦૨૦૦૦-૦૦ | (૨) યુનિટ ટ્રસ્ટ ઓફ ઈ.ના યુનિટો | | ૨૦૨૦૦૦-૦૦ |
| | (૩) ગર્વ. કું. ફિક્સ ડિપોઝીટ | | |
| ૩૪૦૦૦૦-૦૦ | ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. | ૩૪૦૦૦૦-૦૦ | |
| ૪૦૦૦૦-૦૦ | રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર | ૦૦-૦૦ | |
| ૬૫૫૦૦૦-૦૦ | સ્ટીલ ઓથોરિટી ઓફ ઈ. લિ. | ૬૫૫૦૦૦-૦૦ | |
| ૧૦૦૦૦૦-૦૦ | મદ્રાસ રિફાઈનરી કું. લિ. | ૧૦૦૦૦૦-૦૦ | |
| ૫૦૦૦૦-૦૦ | નેયવેલી લેગ્નાઈટ કોર્પોરેશન | ૫૦૦૦૦-૦૦ | |
| ૧૦૦૦૦૦-૦૦ | સિમેન્ટ કોર્પોરેશન ઓફ ઈ. લિ. | ૧૦૦૦૦૦-૦૦ | |
| ૪૦૦૦૦૦-૦૦ | ઈન્ડિયન પેટ્રો કેમિકલ્સ કોર્પો. લિ. | ૪૦૦ ૦૦૦-૦૦ | |
| ૭૦૦૦૦૦-૦૦ | હાઉસિંગ ડેવલોપમેન્ટ ફાઈ. કોર્પો. લિ. | ૯૦૦૦૦૦-૦૦ | |
| ૨૩૮૫૦૦૦-૦૦ | | | ૨૫૪૫૦૦૦-૦૦ |
| | (૪) બેંકોમાં ફિક્સ ડિપોઝીટ | | |
| ૨૭૫૦૦૦-૦૦ | બેંક ઓફ ઈન્ડિયા ફિક્સ ડિપોઝીટ | ૨૭૫૦૦૦-૦૦ | |
| ૯૦૦૦૦-૦૦ | માંડવી કો.ઓ. બેંક લિ. | ૯૦૦૦૦-૦૦ | |
| ૬૦૦૦૦-૦૦ | ધી બોમ્બે મર્કન્ટાઈલ્સ કો.ઓ. બેંક લિ. | ૬૦૦૦૦- ૦૦ | |
| ૯૦૦૦૦-૦૦ | સારસ્વત કો.ઓ. બેંક લિ. | ૯૦૦૦૦-૦૦ | |
| ૧૨૦૦૦૦-૦૦ | કપોળ કો.ઓ. બેંક લિ. | ૧૨૦૦૦૦-૦૦ | |
| ૬૩૫૦૦૦-૦૦ | | | ૬૩૫૦૦૦-૦૦ |
| ૩૨૪૪૫૦૦-૦૦ | | | ૩૩૮૨૫૦૦-૦૦ |

### તા. ૩૧-૩-૯૨ના રોજ દેવું અને લેણું

| | | |
|---|---|---|
| **દેવું** | | |
| ચિખોદરા : હૉસ્પિટલ | ૬૮૮૪૨-૦૦ | |
| નેત્રયજ્ઞના અગાઉથી આવેલા | ૪૨૫૨૦-૦૦ | |
| દરબાર ગોપાલદાસ ટી.બી. હૉસ્પિટલ | ૧૦૦૧-૦૦ | |
| કિડની ફંડ અંગે | ૩૩૩૫૪૮-૦૦ | |
| સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ | ૩૨૭૨-૦૦ | |
| ચિખોદરાની મુલાકાત (ડિપોઝીટ) | ૮૦૦-૦૦ | |
| ખર્ચ અંગે | ૧૫૦૦-૦૦ | |
| શ્રી ભગવાન મહાવીર વચનો પુસ્તક પ્રકાશન અંગે અગાઉથી આવેલા | ૧૦૭૬૧૧-૦૦ | |
| ઠક્કર કેટેરરસ | ૩૮૮૫૦-૦૦ | |
| પ્રવાસ ફંડ | ૪૫૧૩-૦૦ | |
| | | ૬૦૨૪૫૭-૦૦ |
| **પ્રોવિડન્ડ ફંડ** | | |
| શ્રી એલ.એમ. મહેતા પ્રો. ફંડ | ૫૩૯૬૧-૨૪ | |
| શ્રી ચીમનલાલ એમ. શાહ પ્રો. ફંડ | ૬૮૯૩-૯૦ | |
| શ્રી મનસુખભાઈ બી. મહેતા પ્રો. ફંડ | ૬૧૩૬-૮૦ | |
| પ્યુન અશોક પલસમકર પ્રો. ફંડ | ૪૫૮૫-૪૦ | |
| પ્યુન વિજય સાવંત પ્રો. ફંડ | ૪૫૩૯-૨૦ | |
| | | ૭૬૧૧૬-૫૪ |
| **લેણું : સ્ટાફ પાસે અને અન્ય** | | |
| શ્રી એલ.એમ. મહેતા | ૬૦૮૬૧-૦૦ | |
| શ્રી ચીમનલાલ એમ. શાહ | ૧૧૦૦૦-૦૦ | |
| શ્રી મનસુખલાલ બી. મહેતા | ૧૩૦૦-૦૦ | |
| પ્યુન હરિચંદ એ. નવાળે | ૧૦૩૬૦-૦૦ | |
| પ્યુન અશોક પલસમકર | ૧૧૯૬૦-૦૦ | |
| પ્યુન વિજય સાવંત | ૧૩૬૬૦-૦૦ | |
| અલ્પાહાર | ૩૦૩૩-૮૮ | |
| | | ૧૧૨૧૭૪-૮૮ |

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ
### તા. ૩૧-૩-૯૩ના રોજ પૂરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૯૨ | આવક | | |
|---|---|---|---|
| | ભેટના | | |
| ૧૬૯૬૪૭-૦૦ | ચાલુ ભેટના | ૪૦૪૮૬-૦૦ | |
| ૧૦૧-૦૦ | પ્રબુદ્ધ જીવનને | | |
| ૧૬૯૭૪૮-૦૦ | | | ૪૦૪૮૬-૦૦ |
| | લવાજમ | | |
| ૧૯૮૦-૦૦ | વસુલ આવ્યા | ૨૧૪૧-૦૦ | |
| ૫૦૫૫-૦૦ | પ્રબુદ્ધ જીવન લવાજમના | ૪૫૯૩-૦૦ | |
| ૭૦૩૫-૦૦ | | | ૬૭૩૪-૦૦ |
| | વ્યાજ તથા અન્ય | | |
| ૨૧૦૦-૦૦ | ડિબેન્ચરો અને બોન્ડના | | |
| ૧૧૩૪૨૫-૩૬ | બેંકની ફિક્સ ડિપોઝીટ પર | ૧૧૬૩૯૩-૫૫ | |
| ૨૭૫૦૭૧-૬૮ | ગવર્મેન્ટ કું.ની ડિપોઝીટ પર | ૩૫૦૦૧૬-૮૯ | |
| ૨૨૦૦૦-૦૦ | યુનિટ ટ્રસ્ટની યુનિટ પર | ૩૯૦૦૦-૦૦ | |
| ૧૩૮૦૦-૭૧ | ખાતા પર તથા અન્ય | ૧૨૨૫૨-૦૦ | |
| ૪૨૬૩૯૭-૭૫ | | ૫૧૭૬૬૨-૪૪ | |
| ૯૦૨૪૭-૦૦ | બાદ : અન્ય અંકિત ફંડોને ૧૦% | ૧૦૫૫૫૪-૦૦ | |
| ૩૩૬૧૫૦-૭૫ | | | ૪૧૨૧૦૮-૪૪ |
| | પરચુરણ આવક | | |
| ૯૦૪-૦૦ | શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ | | ૫૦૧-૦૦ |
| ૭૨૫૦-૦૦ | આ. વિજયવલ્લભસુરિ વ્યાખ્યાનશ્રેણીના | | |
| ૧૯૦-૫૦ | પરિસંવાદ આવકના | | |
| | શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' આવક જાવક | | ૩૫૦૦-૦૦ |
| ૮૩૪૪-૫૦ | | | |
| ૫૨૧૨૭૮-૨૫ | | | ૪૬૩૩૨૯-૪૪ |

| ૧૯૯૨ | વહીવટી અથવા વ્યવસ્થા ખર્ચ | | |
|---|---|---|---|
| ૧૦૨૬૬૫-૫૦ | પગાર, બોનસ તથા ગ્રેચ્યુટી | ૧૦૭૨૫૧-૦૦ | |
| ૧૪૯૭૮-૩૦ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડ ફાળો તથા વ્યાજના | ૧૬૪૭૧-૧૦ | |
| ૩૨૭૯૧-૨૫ | ગાડી ભાડું તથા અન્ય ખર્ચના | ૧૩૩૦૩-૦૬ | |
| ૩૦૯૧૦-૦૦ | સ્ટાફ બેનિફિટ ખર્ચ | ૩૨૭૧૮-૫૦ | |
| ૧૧૪૮૧-૦૦ | બ્લોક મેન્ટેનન્સ તથા વિજળી ખર્ચ | ૧૦૭૨૩-૦૦ | |
| ૪૩૦૯-૦૦ | ટેલિફોન ખર્ચ | ૪૧૬૫-૦૦ | |
| ૩૦૫૩-૨૫ | પ્રિન્ટિંગ અને સ્ટેશનરી | ૨૦૯૩-૫૦ | |
| ૩૮૦-૦૦ | પોસ્ટેજ | ૬૦૫-૦૦ | |
| ૩૩૪-૪૦ | બેંક કમિશન | ૪૧૩-૦૦ | |
| ૬૦૦-૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | ૬૦૦-૦૦ | |
| ૧૫૦૦-૦૦ | ઑડિટરોને ઓનેરિયમ | ૧૫૦૦-૦૦ | |
| ૧૦૧૩૬-૦૦ | બોમ્બે પબ્લીક ટ્રસ્ટ ફાળાના | ૩૨૦૮-૦૦ | |
| ૧૫૯૩-૦૦ | ફરનીચર પર ઘસારાના | ૧૪૩૩-૦૦ | |
| ૨૧૪૭૩૧-૭૦ | | | ૧૯૪૪૮૪-૧૬ |
| | ઉદ્દેશો અંગે | | |
| ૨૫૩૮૫-૯૬ | પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | ૪૩૫૭૯-૭૫ | |
| ૬૫૩૮-૮૫ | વસંત વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | ૯૬૩૫-૦૦ | |
| ૨૩૩૬૯-૦૦ | સ્નેહ સંમેલન અંગે ખર્ચ | ૩૧૦૭૩-૦૦ | |
| ૬૫૦૬-૦૦ | ભક્તિ સંગીત અંગે ખર્ચ | ૫૧૫૭-૦૦ | |
| | ચિંચણ મુલાકાત અંગે ખર્ચ | ૧૬૦૦-૦૦ | |
| | શિખોદરા મુલાકાત અંગે ખર્ચ | ૬૩૦-૦૦ | |
| ૨૯૪-૦૦ | કેસેટ ખર્ચ | ૧૯૮૦૦-૦૦ | |
| ૬૦૧૮-૫૦ | જ્ઞાનસત્ર ખર્ચ | ૮૬૩-૦૦ | |
| ૫૦૦૦૦-૦૦ | એમ.એમ. શાહ લાઈબ્રેરીને ઠરાવ પ્રમાણે | | |
| ૬૩૯-૦૦ | સર્વોદય પરિવાર ટ્રસ્ટ ખર્ચ | | |
| ૧૧૮૭૫૧-૩૧ | | | ૧૧૨૩૫૭-૭૫ |
| | બોમ્બે ડાઈંગના ડિબેન્ચરો વેચતા ઘટના | | ૩૭૦૦-૦૦ |
| | વૈદ્યકીય | | |
| ૧૮૯૪૯-૦૦ | નેત્રયજ્ઞને | | |
| ૨૦૦૦૦-૦૦ | અન્ય સંસ્થાઓને ઠરાવ પ્રમાણે | | ૩૦૦૦૦-૦૦ |
| ૧૬૭૭૬-૦૦ | સહયોગ કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ : પર્યટન તથા અન્ય ખર્ચ | | |
| ૫૫૭૨૫-૦૦ | | | |
| ૩૮૯૨૦૮-૦૧ | | | ૩૪૦૫૪૧-૯૧ |

| | | | ૧૯૯૨ | | | |
|---|---|---|---|---|---|---|
| ૫૨૧૨૭૮-૨૫ | પાછળથી લાવ્યા | ૪૬૩૩૨૯-૪૪ | ૩૮૯૨૦૮-૦૧ | પાછળથી લાવ્યા | | ૩૪૦૫૪૧-૯૧ |
| | | | | પ્રબુદ્ધ જીવન અંગે | | |
| | | | ૬૦૪૧-૬૦ | પ્રબુદ્ધ જીવન પોસ્ટ ખર્ચ | ૫૨૯૯-૯૦ | |
| | | | ૪૦૮૩-૦૦ | પ્રબુદ્ધ જીવન પુરસ્કાર ખર્ચ | ૩૨૯૫-૦૦ | |
| | | | ૪૨૦૮૦-૦૦ | પ્રબુદ્ધ જીવન પ્રિન્ટિંગ ખર્ચ | ૩૪૩૦૬-૦૦ | |
| | | | ૨૦૮૨-૦૦ | પ્રબુદ્ધ જીવન ખર્ચ | ૧૬૯૬-૫૦ | |
| | | | ૬૦૫૪૦-૦૦ | પ્રબુદ્ધ જીવન પેપર ખર્ચ | | |
| | | | ૧૧૪૮૨૬-૬૦ | | | ૪૪૫૯૭-૪૦ |
| | | | ૧૭૨૪૩-૬૪ | ખર્ચ કરતાં આવકમાં વધારો | | ૭૮૧૯૦-૧૩ |
| ૫૨૧૨૭૮-૨૫ | | ૪૬૩૩૨૯-૪૪ | ૫૨૧૨૭૮-૨૫ | | | ૪૬૩૩૨૯-૪૪ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર માલમ પડ્યો છે.

મુંબઈ
તા. ૧૧-૧૦-૧૯૯૩

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

રમણલાલ ચી. શાહ, પ્રમુખ
ચીમનલાલ જે. શાહ, ઉપપ્રમુખ
પન્નાલાલ ર. શાહ, કોષાધ્યક્ષ

નીરુબહેન એસ. શાહ, મંત્રી
પ્રવીણચંદ્ર કે. શાહ, મંત્રી

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, મુંબઈ
### તા. ૩૧-૩-૯૩ના દિવસનું સરવૈયું

| ૧૯૯૨ | ફંડો અને દેવું | | |
|---|---|---|---|
| | કાયમી ફંડ | | |
| ૩૫૭૮૯૪-૦૦ | ગયા સરવૈયા મુજબ | ૪૦૭૮૯૪-૦૦ | |
| ૫૦૦૦૦-૦૦ | ઉમેરો : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી | | |
| ૪૦૭૮૯૪-૦૦ | | | ૪૦૭૮૯૪-૦૦ |
| | શ્રી પુસ્તક ફંડ | | |
| ૫૫૦૦-૦૦ | ગયા સરવૈયા મુજબ | ૫૫૦૦-૦૦ | ૫૫૦૦-૦૦ |
| | શ્રી ફરનીચર ફંડ | | |
| ૨૪૦૦-૦૦ | ગયા સરવૈયા મુજબ | ૨૪૦૦-૦૦ | ૨૪૦૦-૦૦ |
| | શ્રી રીઝર્વ ફંડ | | |
| ૩૧૬૭૩-૪૨ | ગયા સરવૈયા મુજબ | ૩૧૬૭૩-૪૨ | ૩૧૬૭૩-૪૨ |
| | દેવું | | |
| ૩૦૭૫૧-૦૦ | પુસ્તકો અંગે ડિપોઝીટના | ૩૧૪૭૬-૦૦ | ૩૧૪૭૬-૦૦ |
| ૨૫૯૭૧-૩૭ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના | | |
| | ૧૨૧૧૯-૫૦ શ્રી ઈન્દિરાબેન ભટ્ટ | | |
| | ૧૯૧૭-૬૦ શ્રી હિના એચ. રાઠોડ | ૩૯૭૬-૮૦ | |
| | ૧૧૯૩૪-૨૭ પ્યુન હિરાચંદ નવાળે | ૧૪૪૭૯-૬૭ | |
| | ૨૫૯૭૧-૩૭ | | ૧૮૪૫૬-૪૭ |
| ૫૬૦૨૨-૩૭ | | | |
| ૬૦૩૯૫-૫૨ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘના | ૭૬૩૯૧-૫૨ | |
| ૧૦૦૦-૦૦ | ખર્ચ અંગે | ૨૦૦૦-૦૦ | |
| ૬૧૩૯૫-૫૨ | | | ૭૮૩૯૧-૫૨ |
| ૫૬૪૮૮૫-૩૧ | | | ૫૭૫૭૯૧-૪૧ |

| ૧૯૯૨ | મિલકત અને લેણું | | |
|---|---|---|---|
| | ઈન્વેસ્ટમેન્ટસઃ ફિક્સ ડિપોઝીટ | | |
| ૫૦૦૦૦-૦૦ | સ્ટીલ ઓથોરિટી ઓફ ઈ. લિ. | | ૫૦૦૦૦-૦૦ |
| | ફરનીચર (ખરીદ કિંમત) | | |
| ૨૦૧૮૭-૬૩ | ગયા સરવૈયા મુજબ | ૨૦૧૮૭-૬૩ | |
| | ઉમેરોઃવર્ષ દરમિયાન | | |
| ૧૧૮૬૪-૬૩ | બાદઃકુલ ઘસારાના ૧૯૯૨સુધી | ૧૨૬૯૬-૬૩ | |
| ૮૩૨-૦૦ | વર્ષ દરમિયાન ઘસારાના | ૭૪૯-૦૦ | |
| ૭૪૯૧-૦૦ | | ૧૩૪૪૫-૬૩ | ૬૭૪૨-૦૦ |
| | પુસ્તકો (ખરીદ કિંમતે) | | |
| ૭૦૯૨૪-૨૦ | ગયા સરવૈયા મુજબ | ૬૩૩૪૬-૫૫ | |
| ૩૦૬૦-૩૫ | ઉમેરો : વર્ષ દરમિયાન ખરીદી | ૩૬૬૮-૦૦ | |
| ૭૩૯૮૪-૫૫ | | ૬૭૦૧૪-૫૫ | |
| ૧૦૬૩૮-૦૦ | બાદ : વર્ષ દરમિયાન ઘસારાના લખી લાવ્યા | ૯૫૦૧-૦૦ | |
| ૬૩૩૪૬-૫૫ | | | ૫૭૫૧૩-૫૫ |
| | રોકડ તથા બેંક બાકી | | |
| ૨૧૭૬૫-૫૨ | બેંક ઑફ ઈન્ડીયા બચત ખાતે(ટ્રસ્ટ નામે) | ૩૬૦૬૦-૭૨ | |
| ૧૬-૨૬ | રોકડ પુરાંત | ૫-૮૧ | |
| ૨૧૭૮૧-૭૮ | | | ૩૬૦૬૬-૫૩ |
| | શ્રી આવક ખર્ચ ખાતું | | |
| ૩૨૩૮૧૪-૫૭ | ગયા સરવૈયા મુજબ | ૩૯૩૬૫૯-૯૮ | |
| ૬૯૮૪૫-૪૧ | ઉમેરોઃઆવક કરતાં ખર્ચનો વધારો | ૧૩૯૭૯-૩૫ | |
| ૩૯૩૬૫૯-૯૮ | | | ૪૦૭૬૩૯-૩૩ |
| | લેણું | | |
| ૩૨૪૧-૦૦ | ફિક્સ ડિપોઝીટ પર ચઢેલા વ્યાજના વસુલ નહિ થયેલ | | |
| ૨૫૦૦૦-૦૦ | પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ પાસે | | |
| ૩૬૫-૦૦ | ઈન્કમટેક્ષ રીફંડ બાકી લેણા | ૭૩૦-૦૦ | |
| | મ્યુનિસિપાલિટી ગ્રાંટના | ૧૭૧૦૦-૦૦ | |
| ૨૮૬૦૬-૦૦ | | | ૧૭૮૩૦-૦૦ |
| ૫૬૪૮૮૫-૩૧ | | | ૫૭૫૭૯૧-૪૧ |

### ઑડિટર્સનો રિપોર્ટ

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, મુંબઈનું તા. ૩૧-૩-૯૩ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર લાઈબ્રેરીના ચોપડા તથા વાઉચરો વગેરે સાથે તપાસ્યું છે. અને અમારા ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ના અનુસાર જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ તા. ૧૧-૧૦-૧૯૯૩ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

રમણલાલ ચી. શાહ
ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
પ્રવીણભાઈ મંગળદાસ શાહ
કે.પી. શાહ
ટ્રસ્ટીઓ

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, મુંબઈ
### તા. ૧-૪-૧૯૯૨થી તા. ૩૧-૩-૯૩ સુધીના વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૯૨ | આવક | | |
|---|---|---|---|
| | વ્યાજના | | |
| ૬૪૯૯-૦૦ | ગવરમેન્ટ કંપનીની ફિક્સ ડિપોઝીટ પર | ૬૪૯૯-૦૦ | |
| ૧૪૭૧-૯૯ | બેંક વ્યાજના | ૧૨૫૬-૦૦ | |
| ૭૯૭૦-૯૯ | | | ૭૭૫૫-૦૦ |
| | ભેટના તથા ગ્રાંટ અને લવાજમના | | |
| ૨૫૦૦૦-૦૦ | પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી | ૨૫૦૦૦-૦૦ | |
| | મ્યુનિસિપલ ગ્રાંટ | ૧૭૧૦૦-૦૦ | |
| ૧૧૮૯૦-૦૦ | પુસ્તક લવાજમના | ૯૨૧૫-૦૦ | |
| ૧૧૦૦-૦૦ | ભેટના | | |
| ૩૭૯૯૦-૦૦ | | | ૫૧૩૧૫-૦૦ |
| | પરચુરણ આવક | | |
| ૧૩૯૭-૦૦ | પસ્તી વેચાણના | ૧૩૧૯-૦૦ | |
| ૩૩૯-૫૦ | લેઈટ ફીના | ૫૧-૦૦ | |
| ૧૨૧૦-૦૦ | દાખલ ફીના | ૧૦૭૦-૦૦ | |
| ૨૫૦-૦૦ | પાસબુકના | ૩૫-૦૦ | |
| ૩૧૯૬-૫૦ | કુલ રકમ | | ૨૪૭૫-૦૦ |
| | વર્ષ દરમિયાન આવક કરતાં | | |
| ૬૯૮૪૫-૪૧ | ખર્ચનો વધારો | | ૧૩૯૭૯-૩૫ |
| ૧૧૯૦૦૨-૯૦ | કુલ રકમ | | ૭૫૫૨૪-૩૫ |

| ૧૯૯૨ | ખર્ચ | | |
|---|---|---|---|
| ૭૫૫૬-૧૫ | પેપર લવાજમના | ૭૦૦૩-૧૫ | |
| ૭૦૭૫૧-૫૦ | પગાર, બોનસ, ગ્રેચ્યુટી વગેરે | ૪૦૪૧૭-૦૦ | |
| ૩૪૨-૦૦ | બુક બાઈંડીંગ | ૯૨૦-૦૦ | |
| ૮૨૯૦-૦૦ | પ્રોવિડન્ડ ફંડ ફાળાના તેના પર વ્યાજના | ૫૭૪૫-૨૦ | |
| ૧૦૯-૦૦ | વિમા પ્રિમિયમ | ૧૦૯-૦૦ | |
| ૮૭૦૪૮-૬૫ | | | ૫૪૧૯૪-૩૫ |
| | વ્યવસ્થા ખર્ચ | | |
| ૧૦૦૦-૦૦ | ઓડીટરને ઓનેરિયમના | ૧૦૦૦-૦૦ | |
| ૧૧૪૨૮-૨૫ | સ્ટાફ બેનિફિટ ખર્ચના | ૪૯૬૦-૦૦ | |
| ૫૩૧૬-૫૦ | સાફ-સફાઈ તથા પરચુરણ ખર્ચ | ૪૫૨૦-૦૦ | |
| ૬૦૦-૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | ૬૦૦-૦૦ | |
| ૨૧૩૯-૫૦ | પ્રિન્ટિંગ ખર્ચ | | |
| ૨૦૪૮૪-૨૫ | | | ૧૧૦૮૦-૦૦ |
| | ઘસારાના | | |
| ૮૩૨-૦૦ | ફરનીચર પર ઘસારાના-૧૦% | ૭૪૯-૦૦ | |
| ૧૦૬૩૮-૦૦ | પુસ્તક પર ઘસારાના-૧૫% | ૯૫૦૧-૦૦ | |
| ૧૧૪૭૦-૦૦ | | | ૧૦૨૫૦-૦૦ |
| ૧૧૯૦૦૨-૯૦ | કુલ રકમ | | ૭૫૫૨૪-૦૦ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર માલુમ પડયો છે.

મુંબઈ:
તા. ૧૧-૧૦-૧૯૯૩

ઉતમચંદ સાકરચંદ શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

રમણલાલ ચી. શાહ
ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
પ્રવીણભાઈ મંગળદાસ શાહ
કે.પી. શાહ
ટ્રસ્ટીઓ

# પરમાનંદ કાપડિયા જન્મશતાબ્દી ઉત્સવ વ્યાખ્યાનોનો કાર્યક્રમ

❑ અહેવાલ : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ અને શ્રી મુંબઈ જૈન યુવક *સંઘના સંયુક્ત ઉપક્રમે પરમાનંદ કાપડિયા જન્મ શતાબ્દી વર્ષની ઉજવણી* પ્રસંગે મુંબઈમાં બે દિવસનાં વ્યાખ્યાનોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના સભાગૃહમાં બુધવાર, તા. ૧લી ડિસેમ્બર, ૧૯૯૩ના સાંજના છ વાગ્યે શ્રી યશવંત દોશીએ અને શ્રી હરીન્દ્ર દવેએ 'પરમાનંદ કાપડિયા એક વિલક્ષણ પ્રતિભા'એ વિષય પર વ્યાખ્યાનો આપ્યાં હતાં. ગુરુવાર, તા. ૨જી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ એજ સ્થળે ડૉ. ઉષાબહેન મહેતાએ 'સ્વતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓનો ફાળો' એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. આ દિવસના બીજા વ્યાખ્યાતા શ્રી નારાયણ દેસાઈ અનિર્વાય સંજોગોને કારણે વ્યાખ્યાન આપવા આવી શક્યા ન હતા. બંને દિવસની વ્યાખ્યાન સભાનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહે લીધું હતું. કાર્યક્રમનો અહેવાલ નીચે પ્રમાણે છે.

પહેલા દિવસના પ્રથમ વ્યાખ્યાતા શ્રી યશવંત દોશીએ કહ્યું હતું કે પરમાનંદ કાપડિયામાં અનેક વિશિષ્ટ લક્ષણો હતાં. એટલે એક વિલક્ષણ પ્રતિભા કહેવામાં આપણે કંઈ વધારે પડતી વાત, કંઈ અત્યુક્તિ કરતા નથી. જો કે એમની ખૂબી એ હતી કે વિશેષતાઓને સામાન્યતાના દેખાવ નીચે તેઓ ઢાંકી રાખતા. પરમાનંદભાઈમાં મિત્ર બનાવવાની અદ્‌ભૂત કલા હતી. તમે એમના પરિચયમાં આવો પછી ધીમે ધીમે કરતાં ક્યારે એમના મિત્ર બની ગયા તેનો તમને ખ્યાલ પણ ન રહે. એમના વિશાળ મૈત્રી નિર્માણની એક ચાવી એમની ઉગ્રતા વિનાની તાર્કિકતા હતી. એ તમારી સાથે હંમેશા ચર્ચા કરવા તૈયાર હોય પણ પોતાની વાત તમારા મનમાં ઉતારવાની ઉતાવળ ન હોય. ચર્ચાનો તમારો પક્ષ પૂરેપૂરો સાંભળવાની એમનામાં ધીરજ હતી અને પોતાની વાત તર્કબધ્ધ રીતે મૂકવાની કુશળતા હતી. સામો પક્ષ અકળાઈ જાય તો તેના હથિયાર હેઠાં મૂકાવી તેને શાંત કરી દેવાની આવડત તેમનામાં હતી.

પહેલા દિવસના બીજા વ્યાખ્યાતા શ્રી હરીન્દ્રભાઈ દવેએ કહ્યું હતું કે મને વૈષ્ણવ હોવાનું જેટલું ગૌરવ છે એટલું જ ગૌરવ મને જૈન હોવાનું છે. આવો દૃષ્ટિકોણ કેળવવા માટે જરૂરી એવી ધર્મની વિશાળતા મને પરમાનંદભાઈપાસેથી જાણવા મળેલી. મારા જીવનને, વિચારોને તેમના લખાણોએ વ સમૃધ્ધ કર્યું છે. પરમાનંદભાઈની વાત જોડે તમે સંમત થતા નથી એમ તેઓ જાણે ત્યારે ક્યારેય તમને જુદી પંગતના ગણી તેઓ તમારીઅવગણના નહિ કરે, એ તમારી સાથે બેસશે, તમારી જોડે ચર્ચા કરશે અને એમનું દૃષ્ટિબિંદુ સમજાવવા મથશે. તમારું દૃષ્ટિબિંદુ સમજવા યત્ન કરશે. 'પ્રબુધ્ધજીવન'નું પરમાનંદભાઈએ બત્રીસ વર્ષ સુધી તંત્રીપદ શોભાવ્યું હતું. સામાજિક, રાજકીય, સાહિત્યિક અને બીજા ઘણા સ્તરની ઘટનાઓને નિરપેક્ષ રીતે અને એક જ ત્રાજવા પર મૂલવનાર પત્રોમાં 'પ્રબુધ્ધજીવન'નું સ્થાન મોખરે હતું.

સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ જે શાહે ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે પરમાનંદભાઈનો અને મારો ચાર દાયકાનો સંબંધ હતો. પરમાનંદભાઈ સૌની સાથે એક કુટુંબની જેમ ભળી જાય. પરમાનંદભાઈ માણસભૂખ્યા હતા. પરમાનંદભાઈના બે પ્રિય વિષયો હતા એક 'પ્રબુધ્ધજીવન' અને બીજી પર્યુષણ વ્યાખ્યાનમાળા.

શ્રી પરમાનંદ કાપડિયા સ્મારક નિધિના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સૂર્યકાંત પરીખે પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે પરમાનંદભાઈ ક્રાંતદૃષ્ટા હતા. તેઓ આગળનું જોઈ શકતા અને તે મુજબ પોતાનો રાહ કંડારતા. પરમાનંદભાઈના જીવન પર દૃષ્ટિપાત કરતાં એક વાત એમના જીવનમાં સળંગ જોવો મળે છે કે તેઓ સદાય નવા વિચારના પુરસ્કર્તા હતા.

કાર્યક્રમના પ્રમુખ સુપ્રસિધ્ધ લેખક અને ચિંતક ડૉ. રમણલાલ ચી. શાહે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે પરમાનંદભાઈની જન્મશતાબ્દી એક ઐતિહાસિક ઘટના કહી શકાય. પાંસઠ વર્ષના જૈન યુવક સંઘના ઈતિહાસમાં પરમાનંદભાઈનો ફાળો બહુમૂલ્ય રહ્યો છે. પરમાનંદભાઈ એટલે બહુમુખી વ્યક્તિત્વ, પરમાનંદભાઈ એટલે સત્યના અને સૌંદર્યના પૂજારી, પરમાનંદભાઈ એટલે પ્રસન્નતા, વિચારશીલતા, ગુણગ્રાહકતા, સ્વસ્થતા, કલારસિકતા, સંનિષ્ઠા, ઉદારતા, નિર્દંભતા, નિર્ભિકતા, વત્સલતા, વગેરેથી ધબકતું જીવન. એમનું વ્યક્તિત્વ એવું ચેતનવંતુ હતું કે હજીયે એમની સાથેના કેટકેટલા પ્રસંગો જીવંત બનીને નજર સામે તરે છે.

કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી ગીતાબહેન પરીખ અને સૂર્યકાંત પરીખની પ્રાર્થનાથી થયો હતો. કાર્યક્રમના સંયોજક શ્રી સુબોધભાઈ શાહે સૌને આવકાર આપ્યો હતો. ડૉ. રમણલાલ શાહે બંને વક્તાઓનો પરિચય આપ્યો હતો. પરમાનંદભાઈની સુપુત્રી શ્રીમતી મીતાબહેન ગાંધીએ પોતાના પિતાના અંગત સંસ્મરણો કહ્યા હતાં. શ્રી પ્રદીપભાઈ અમૃતલાલ શાહે આભાર વિધિ કર્યા બાદ પ્રથમ દિવસના આ યાદગાર કાર્યક્રમની સમાપ્તિ થઈ હતી.

બીજા દિવસે ડૉ. ઉષાબહેન મહેતાએ 'સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓનો ફાળો'એ વિષય ઉપર બોલતાં જણાવ્યું હતું કે આપણો સ્વતંત્ર્ય સંગ્રામ મુખ્યત્વે અહિંસક રહ્યો હતો. આઝાદીની આ લડાઈમાં મહાત્મા ગાંધીના નેતૃત્વ નીચે એક તરફ જેમ અનેક સત્યાગ્રહી વીરોએ જે સાહસ, શૌર્ય અને સ્વાર્પણની ભાવના દાખવી હતી તેમ ભારતની મહિલાઓએ પણ સામી છાતીએ ગોળી ઝીલી હતી. નાના નાના ભૂલકાંઓને લઈને જેલમાં ગઈ હતી અને અનેક પ્રકારની યાતનાઓ મા ભોમની સ્વાતંત્ર્યતા કાજે સહન કરી હતી.

આઝાદી જંગમાં સૌથી મહત્વનો ફાળો કસ્તુરબાનો રહ્યા હતો, તેમણે સત્યાગ્રહની લડતમાં સ્ત્રીઓ ભાગ લઈ શકે તે માટે બાપુને સતત પ્રેરણા આપી હતી. આ લડતમાં ભાગ લેનાર મેડમ ભીખાજી, સરોજિની નાયડુ, કમલાદેવી ચટોપાધ્યાય, અરુણા અસફઅલી, કેપ્ટન લક્ષ્મીબાઈ વગેરેનો સ્મરણો તથા પોતાના જેલ જીવનનાં સ્મરણો તેમણે તાજાં કર્યાં હતાં.

બીજા દિવસના આ કાર્યક્રમનો પ્રારંભ શ્રીમતી કોકિલાબહેન વકાણીની પ્રાર્થનાથી થયો હતો. કાર્યક્રમના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે સ્વાગત પ્રવચન કરવાની સાથે વક્તા ડૉ. ઉષાબહેન મહેતાનો પરિચય આપ્યો હતો. પરમાનંદભાઈની સુપુત્રી ગીતાબહેન પરીખે પરમાનંદભાઈની જન્મશતાબ્દી નિમિત્તે રચેલ સોનેટ ગાયું હતું. કાર્યક્રમનું સંચાલન ચીમનલાલ જે. શાહે કર્યું હતું. આભારવિધિ શ્રી પ્રવીણચંદ્ર કે. શાહે કરી હતી.

❑❑❑

# 'રિમોટ કંટ્રોલ'નો યોગ્ય ઉપયોગ

❑ મનોજ્ઞા દેસાઈ

બધિર બાળકોને બોલતાં શીખવવું એ મારા કામનો એક ભાગ છે. એ માટે વાંદરામાં રહેતા એક બધિર બાળકને એનાં માતા મારી પાસે વાચા-બોલવાનું શીખવવા માટે લઈને આવતાં. એની શાળાના સમય સાથે મારી પાસે લાવવાના સમયનો મેળ ન પડતાં, અને બીજાં કેટલાંક કારણોસર એણે માત્ર રજાઓમાં, વેકેશનમાં એની આ વાચા-કેળવણી ચાલુ રાખવી એમ નક્કી કર્યું. વેકેશન શરૂ થતાં એનો ફોન આવ્યો. 'મારા દીકરાને વાચા-કેળવણી (સ્પીચ ટ્રેઈનિંગ)માટે ક્યારે લાવું ? હવે રજાઓ પડી ગઈ છે' એણે પૂછ્યું.

'સવારે અગિયાર વાગ્યે,' મારું સમયપત્રક જોઈ મેં કહ્યું.

'પણ અગિયાર વાગે તો એ ઊઠયો પણ નથી હોતો.'

'રાતે મોડે લગી જાગે છે ?'

'હા, બે વાગ્યા સુધી કેબલ પર પિક્ચર જુએ ને પછી બિચારો સવારે વહેલો શી રીતે ઊઠે ?' એણે એક સ્વાભાવિક પ્રશ્નરૂપે વિધાન કર્યું ૧૦-૧૨ વર્ષનું બાળક રોજ રાત્રે બે વાગ્યા સુધી 'કેબલ' પર પિક્ચર જુએ એ હકીકત જ મને ઠીક ઠીક અરુચિકર લાગી છતાં એ વિચાર બાજુ પર મૂકી મેં કહ્યું,

'ભલે તો પછી મને સાંજે ચાર વાગ્યે સમય મળશે. એને ચારથી પાંચના સ્સમયે લઈ આવજો.'

'એ પણ નહીં બને...' એનો દ્વિધા ભર્યો સ્વર સંભળાયો,

'બપોરે ત્રણ વાગ્યે કેબલ પર બપોરનું પિક્ચર શરૂ થઈ જાય પછી એ શી રીતે આવે ?' પછી ઉમેર્યું, 'માત્ર વેકેશનમાં જ તો એ બે પિક્ચર જોઈ શકે બાકી તો સ્કુલ હોય એટલે ન બને. તમને બીજો સમય ન ફાવે ?' 'આ બીજું વિધાન આઘાતપ્રદ હતું. બીજા કોઈ સમયે મને ફાવે એમ ન હોવાથી એણે બાળકને એક મહત્વની કેળવણી નહીં અપાય તો ચાલેશે એવું નક્કી કર્યું.

આ એક બાળકની કેળવણીના એક પાસાનો પ્રશ્ન નથી. માતા-પિતાના કે એકંદરે સમાજના કોઈ પણ કેળવણી તરફના વલણનો પ્રશ્ન છે. વીડિયો, ટી. વી., ડી. ડી. મેટ્રો, ઝી, એ. ટી. એન., એમ. ટી. વી. વગેરે દ્વારા ઉત્પન્ન થયેલી એક ગંભીર સમસ્યાનો પ્રશ્ન છે.

આ બધી ચેનલ્સ સાથે મારે બહુ નિકટનો પરિચય નથી. દરેક ચેનલ પર માહિતીપ્રદ, પ્રેરણાત્મક કાર્યક્રમો પણ આવે જ છે. કેટલીક જ્ઞાનવર્ધક સીરિયલો તો ખૂબ જ સરસ અને 'જોવી જ જોઈએ' એવો અભિપ્રાય આપી શકાય એવી પણ હોય છે. તેમ છતાં એકંદરે ફિલ્મબેઈઝડ (ચલચિત્રધારિત) અને નકામું કે અંગ્રેજીમાં 'ટ્રેશ' કહીએ એનું પ્રસારણ ખૂબ વધી ગયું છે એ પણ એટલું જ સાચું છે.

ત્રણેક વર્ષ પહેલાં મારે પરાંની એક શાળાના વાલીઓ સમક્ષ 'બાળકોની કેળવણીમાં ટી. વી., વીડિયો વગેરેનો રચનાત્મક (ક્રિયેટિવ) ઉપયોગ એ વિશે બોલવાનું હતું, તે વખતે કેબલ શરૂ થઈ ગયું હતું પણ બીજી બધી ચેનલોનો પ્રવેશ હજી થયો ન હતો. તે વખતે પણ બાળકો ઓછામાં ઓછું સરેરાશ અઠવાડિયાના ૧૦-૧૨ કલાક ટી. વી. જોતાં હશે એવી ગણતરી હતી.સ્કુલ અને વધતા જતા ગૃહકાર્યના બોજા છતાં પણ આ કલાકો વધ્યા હોય એવી પૂરી શક્યતા છે.

ટી. વી. પણ વિજ્ઞાનની બીજી અનેક દેન જેવું જ છે. જો યોગ્ય ઉપયોગ થાય તો વરદાનરૂપ અને નહીં તો અભિશાપરૂપ છે. બાળકો માટે આવતા ટી. વીના કાર્યક્રમોમાંથી તો બાળકો અનેકવસ્તુ શીખી શકે એવું હોય જ છે. તે ઉપરાંત બીજા માહિતીપ્રદ કાર્યક્રમો મોટેરાંના માર્ગદર્શન હેઠળ બતાવીએ તો બાળક એમાંથી પણ ઘણું ઘણું શીખી શકે છે. 'ટર્નિંગ પોઈન્ટ', 'ધ વર્લ્ડ ધિસ વીક' જેવાં કાર્યક્રમો તો દૂરદર્શનના જ છે. એ સિવાય દૂરદર્શનનું 'જંગલબૂક' બાળકોને ખૂબ જ મઝા આવે એવું હોય છે. આવા કાર્યક્રમોમાંથી બાળકોનું આડકતરી રીતે ચારિત્ર્યઘડતર પણ થતું હોય છે. વાર્તાઓ, સમાચાર કે બીજા અનેક કાર્યક્રમો જોવાથી ભાષાઓ પરનું પ્રભુત્ત્વ પણ વધે છે-કેટલાક કાર્યક્રમો ભાષા પર અવળી અસર કરે એવા પણ હોય છે. એટલે જો થોડું યોજનાબધ્ધ અવલોકન હોય તો ટી. વી. મનોરંજન અને માહિતી, જ્ઞાન અને ગમ્મત મબલખ પ્રમાણમાં પૂરાં પાડે છે.

પરંતુ ઘણા કિસ્સામાં બને છે તેમ, જો ટી. વી. જોવાનું સંયમિત અને યોજનાબધ્ધ ન હોય તો ? તો ટી. વી. માં આવતા કાર્યક્રમો જોતાં માત્ર કેટલાંક બાળકોનું જ નહીં આખી પેઢીનું ચારિત્ર્ય ઘડતર ભયમાં છે એમ કોઈ કોઈ વાર લાગી આવે છે.

ટી. વી. જોવાની પ્રક્રિયા એ સાવ 'પેસિવ' નિષ્ક્રિયતાભરી છે. માત્ર જોવા અને માણવા સિવાય આપણે કંઈ 'કરવાનું' હોતું નથી. કેટલાક કાર્યક્રમો પ્રયત્નપૂર્વક સમજવાના હોય છે, ઘણામાં તો એ પણ નથી હોતું. પુસ્તક વાંચવામાં પ્રમાણમાં ઓછી નિષ્ક્રિયતા છે. એમાં સમજવાની, ચિત્રોવિનાનું પુસ્તક હોય તો શબ્દોમાં આલેખાયેલા વર્ણન પરથી કલ્પનાઓ કરવાની વગેરે પ્રક્રિયાઓ વાંચવાની સાથે આપોઆપ જ થવા લાગે છે. બાળકોને માટે રમવા જેટલી સક્રિય પ્રક્રિયાઓ બહું ઓછી હશે. બગીચામાં જવાને બદલે કે રમવાને બદલે જો બાળક કાયમ સિનેમા જોવાનું કે ટી. વીના 'ટ્રેશ' કાર્યક્રમો જોવાનું પસંદ કરતું હોય તો બાળકનું એ વલણ એના સર્વાંગી વિકાસમાં નડતરરૂપ થાય એવી પૂરી શક્યતાઓ છે. ગમે એટલું ટી. વીનું આકર્ષણ હોય પણ એ છોડીને રમવા દોડી જતું બાળક પછીથી સારા વિકસિત નાગરિકો બને એવું માની શકાય.

ટી. વીની ટેવને લીધે શ્રવણ અને દૃશ્ય એ બંને ઈંદ્રિયોના સતત ઉપયોગને લીધે રેડિયો કે ટેઈપરેકોર્ડરનું મહત્ત્વ ખૂબ ઘટી ગયું છે. વળી સાથે દૃશ્ય ન હોય તો ટી. વીના ટેવાયેલા બાળકને માત્ર શ્રાવ્યનો ઉપયોગ કરવાં માટે ઘણીવાર એકાગ્રતા પણ ખૂટી પડે છે. ચિત્રવિનાનાં પુસ્તક વાંચતી વખતે બને એમ માત્ર સાંભળેલા શબ્દો દ્વારા વિચાર કરવા માટે એની કલ્પનાશક્તિ પણ સીમિત બની જાયછે. સુંદર, મધુર, કર્ણપ્રિય સંગીત પણ લાંબો સમય ધ્યાનથી સાંભળવું તેને માટે અઘરું થઈ પડે છે. ચિત્રો દોરવાં, નિબંધો લખવા વગેરે કલ્પનાશક્તિને ઉત્તેજિત કરે એવી પ્રવૃત્તિઓ કરતાં બાળક પોતાનો દરેક દિશામ વિકાસ વધારે સરળતાથી સાધી શકે છે.

બાળકોને માટે પ્રમાણમાં નકામું કે માત્ર મનોરંજક લાગે એવું ટી. વી. જોવાનું પણ રસપ્રદ બનાવી શકાય. કુદરતી દૃશ્યો ઉપ કોઈ ફિલ્મનું ગીત ચાલતું હોય તો તે વખતે આંખો બંધ કરીને કલ્પના કરવી કે 'કેવાં દૃશ્યો આવતાં હશે ?' અથવા તો શબ્દો પર વિચાર કરીને 'એ જ ગીતના દૃશ્યો આપણે બનાવવા હોય તો કેવા બનાવીએ ?વગેરે નાની નાની રમતો રમવાથી આપણે માત્ર મનોરંજક કાર્યક્રમોને ઘણું રસપ્રદ, સક્રિય અને વિકાસની દિશામાં દોરી શકે એવા બનાવી શકએ.

વેકેશનમાં કે રજાને દિવસે ઘરમાં આવતી વીડિયો ફિલ્મ પણ થોડું જોઈ વિચારને લાવીએ તો એમાં પણ બાળકના વિકાસ માટેની ભરપૂર શક્યતાઓ સમાયેલી છે. બાળકોમાં, સામાજમાં, હિંસાત્મક વાતાવરણ વધ્યું છે. એનું એકમાત્ર નહીં પણ એક કારણ ફિલ્મ અને ટી વી. છે. એમ ચોક્સપણે કહી શકાય.

વળી સિનેમાના પડદા પર ફિલ્મ જોવામાં પણ એક આંખો જ

આનંદ છે. વીડિયો અને ટી. વીના અતિરેકને કારણે તથા સારી ફિલ્મોના કાળને કારણે એ આનંદથી ઘણા બાળકો વંચિત રહેતા હોય છે. ટી. વીના પડદા પર બહુ ઓછા લોકો ગંભીરતા પૂર્વક ફિલ્મ જોઈ શકે છે. એ કારણે સારી ફિલ્મ બતાવવા છતાં એની અસર, થિયેટરના પડદા પર જોવાથી થતી અસર કરતાં ઓછી થાય છે.

મિત્રોને મળવું, સાથે રમવું, પત્રો લખવા, પ્રાણીબાગ વગેરે જોવા જવું એ બધી પ્રવૃત્તિઓનું પ્રમાણ હવે ઠીક ઠીક ઘટ્યું છે. આ બધી પ્રવૃત્તિઓનો રસ્તો એક નાનકડો ટી. વીનો પડદો રોકીને બેઠો છે. દરિયા કિનારે ભીની માટીના સ્પર્શનો અનુભવ, ટી. વીના પડદા પર એડ ફિલ્મમાં જાહેરખબરમાં દેખાડાતી દરિયાની માટીના દૃશ્યને ગમે તેટલી વાર જોવા છતાં પણ આપણને નહીં મળે. આપણા જીવનમાં, ડ્રોઈંગરૂમમાં પ્રવેશી ચૂકેલા આ ટી. વીનુ સ્થાન મહત્વનું છે પરંતુ એને યથાસ્થાને રાખવાનો સક્રિય પ્રયત્ન આવશ્ય છે.

'તમે 'સ્ટાર' લીધું છે ?'

'ના'

'સારું છે. અમારે તો 'સ્ટાર' આવ્યા પછી છોકરાં ભણતાં જ નથી' આ સંવાદો આજે 'ઘર ઘર કી કહાની' બની ગયા છે.

આપણા પોતાના શોખ માટે આપણે કરમાઈ ગયેલી નવી પેઢી તૈયાર કરીશું ? ખીલું ખીલું થઈ રહેલા બાળકોના બાળપણને ટી. વીના પડદા સામે કુંઠિત થવા દઈશું ?

અમેરિકામાં ટી. વીને માટે 'ઇલેક્ટ્રોનિક બેબીસિટર' શબ્દ વપરાય છે. બાળકને સાચવવાની ઉપાધિ ન કરવી હોય તો ટી. વી. સામે બેસાડી દેવું.

બાળકને સાચવવાનો કે એની ઉપાધિનો પ્રશ્ન જ નથી. એ બાળ-કળીની દરેક પાંખડી, એ કમળનું દરેક કમલદલ માત્ર ટી. વી. જોવાથી નહીં ઉઘડે. એ માટે સક્રિય રીતે આપણે પ્રયત્ન કરવો પડશે. બાળકો સામે આ પ્રલોભન મૂકી તો દીધું છે પણ હવે બાળકને એ આકર્ષણનો ઉત્તમ ઉપયોગ શી રીતે થઈ શકે એનું માર્ગદર્શન કરવું પડશે.

ટી. વી. સામે ખુલ્લું હોવા છતાં એનો ઉપયોગ કરતું 'રિમોટ કંટ્રોલ' આપણા હાથમાં છે. એમાં કયું બટન ક્યારે દાબવું એ અત્યારથી વિચારીશું તો ઉગતી પેઢીના વિકાસ અને ચરિત્રના 'રિમોટ'ને યોગ્ય સમયે સુકાનરૂપે સોંપી શકીશું. ❑❑❑

## સ્વ. જેઠાલાલ ઝવેરી

### (છેલ્લા પાનાથી ચાલુ)

ત્યારપછી તેમણે પોતાનું સમગ્ર લક્ષ્ય ધર્મ અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે દોર્યું હતું. પોતે તેરાપંથી સંપ્રદાયના હતા. એટલે સ્વાભાવિક રીતે જ આચાર્ય તુલસી તથા યુવાચાર્ય મહાપ્રજ્ઞ શ્રી નથમલજીના સંપર્કને લીધે તેઓ લાડનુની જૈન વિશ્વભારતી સંસ્થા સાથે વધુ અને વધુ સંકળાયેલા રહ્યા. વખત જતાં તેઓની ત્યાં વિઝિટીંગ પ્રોફેસર તરીકે નિમણૂંક કરવામાં આવી. એ રીતે જૈન વિશ્વભારતીમાં તથા અન્યત્ર વખતો વખત તેમનાં વ્યાખ્યાનો યોજાતાં રહ્યાં હતાં.

પ્રેક્ષાધ્યાનની શિબિરોનાં સંચાલનની તથા અન્ય પ્રકારની વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓમાં તેમણે સક્રિય ભાગ લીધો હતો. તેરાપંથી સભા, અણુવ્રત સમિતિ, તુલસી આધ્યાત્મ નીડમ, જૈન વિશ્વભારતી વગેરે વિવિધ સંસ્થાઓમાં તેમણે જુદા જુદા હોદ્દા પર રહીને સંગીન કાર્ય કર્યું હતું. એમના મહત્ત્વના યોગદાનને માટે એમને 'પ્રેક્ષા પ્રવક્તા,' 'સમાજબંધુ' વગેરે વિવિધ બિરુદો પણ આપવામાં આવ્યાં હતાં.

સ્વ. જેઠાલાલભાઈ ઝવેરી તત્ત્વચિંતક હતા. એમણે પ્રેક્ષા ધ્યાન વિશે કેટલીક પુસ્તિકાઓ પણ લખી છે. તદુપરાંત એમણે અંગ્રેજીમાં 'ન્યૂરો સાયન્સ એન્ડ કર્મ' જેવાં કેટલાંક પુસ્તકો અંગ્રેજીમાં પ્રકાશિત કર્યા છે.

આવા તત્ત્વચિંતક, આરાધકને જીવનના અંતિમ સમયે સંથારો લઈને દેહ છોડવાનું મન થાય એ સ્વાભાવિક છે.

સંથારાની પ્રક્રિયા જૈન ધર્મની એક વિશિષ્ટ પ્રક્રિયા છે. પોતાના જર્જરિત થયેલા દેહને સ્વેચ્છાપૂર્વક છોડી દેવાની પ્રક્રિયા એ એક વિશિષ્ટ ધર્મક્રિયા છે. અનશનપૂર્વક દેહ છોડયાનાં ઉદાહરણો જૈન ધર્મમાં અનેક મળે છે. પ્રસન્નતાપૂર્વક દેહ છોડી દેવો એ કંઈ જેવી તેવી વાત નથી. ૧૦૦ વર્ષે પણ માણસને જીવવું ગમે છે. મરવું કોઈને એમ સહેલાઈથી ગમતું નથી.

દુઃખ, નિરાશા, આવેગ, ભય, ચિંતા, દેવું વગેરેમાંથી મુક્ત થવા માટે, માનસિક કે શારીરિક યાતનામાંથી છટકવા માટે કોઈ વ્યક્તિ પોતાના જીવનનો અચાનક અંત આણે તો એ આત્મહત્યા કહેવાય છે. તે અશુભ અને પાપરૂપ ગણાય છે તથા તેનો પ્રયાસ કાયદાની દૃષ્ટિએ ગુનો ગણાય છે. સંથારામાં અચાનક મૃત્યુ નથી હોતું, ક્રમિક મૃત્યુ હોય છે. માત્ર દેહનું પોષણ અટકાવવાની જ તેમાં વાત હોય છે. દેહ અને આત્માની ભિન્નતાની સમજણ અને પ્રતીતિ સાથે સ્વસ્થતાપૂર્વક, ઉલ્લાસ સાથે લેવાયેલો એ નિર્ણય હોય છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ તેમાં ઘણું ઊંડું રહસ્ય રહેલું છે. આત્મહત્યામાં અશુભ અધ્યવસાયો હોય છે. તેમાં કાયરપણું છે. તે છાની રીતે કરવામાં આવે છે. તેમાં જીવનનો અંત અચાનક આણવામાં આવે છે. સંથારો એ જાહેર ધર્મપ્રસંગ છે. તેમાં સ્વસ્થતા, નિર્ભયતા, સમજણ અને ઉચ્ચતત્ત્વદૃષ્ટિ રહેલાં હોય છે. સ્વજનોને પણ તે સ્વીકાર્ય હોય છે, તેમાં દેહત્યાગ ક્રમિક હોય છે. આખો પ્રસંગ ઉત્સવરૂપ હોય છે. આત્મહત્યામાં વ્યક્તિનો નિર્ણય અંગત હોય છે અને તે ઘણુંખરું ખાનગી રખાય છે. સંથારામાં ગુરુ કે વડીલની આજ્ઞા વિના તેવા નિર્ણયનો અમલ થઈ શકતો નથી. આત્મહત્યા થોડીક ક્ષણોની ઘટના હોય છે. સંથારો કેટલા દિવસ ચાલે તે કહી શકાય નહિ, પરંતુ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી આત્મચિંતન અને પ્રભુકીર્તનનો ઉત્સવ ચાલ્યા કરે છે. એટલે જ સંથારાને આત્મહત્યા ગણવામાં આવતો નથી. ભૂતકાળમાં ન્યાયાલયોએ પણ એજ પ્રકારના ચુકાદા આપ્યા છે. અન્ન-જળ ન લેવાં એ પણ મનુષ્યનો નૈસર્ગિક, સ્વૈચ્છિક અધિકાર મનાયો છે. કોઈ બાબતના વિરોધમાં આમરણાંત ઉપવાસ ઉપર ઊતરવું એ સંથારો નથી, કારણકે એમાં આસક્તિ છે, દ્વેષ છે. અશુભ અધ્યવસાયો છે. દબાણ લાવવાનો કૃત્રિમ પ્રયાસ છે અને પ્રશ્નોનું નિરાકણ થતાં ઉપવાસ છોડવાની છૂટ હોય છે. સમાધાન થયે ઉપવાસ છોડવાથી પોતે, રાજી થાય છે. દેહનું મમત્વ રહે છે. સંથારો શબ્દ 'સંસ્તારક' શબ્દ ઉપરથી આવ્યો છે. ભવસમુદ્રમાંથી સારી રીતે પાર ઉતારનાર તે સંસ્તારક એટલે કે સંથારો છે. જૈનોના કેટલાક ફિરકામાં ગૃહસ્થોને સંથારો લેવાની આજ્ઞા અપાતી નથી, કારણ કે સંથારાનાં ભયસ્થાનો પણ ઘણાં મોટાં છે. વળી પૂર્વના કાળમાં લોકોનાં શરીરમાં અને ચિત્તમાં જેટલું બળ હતું તેટલું અત્યારે રહ્યું નથી. એથી જ સંથારાની ઘટના ઘણી વિરલ ગણાય છે. એથી જ જૈનોના કેટલાક ફિરકાના, કેટલાક સમુદાયમાં સંથારાનાં પચ્ચકખાણ ગૃહસ્થોને આપવામાં આવતાં નથી, કેટલાક સમુદાયમાં તેવી છૂટ અપાય છે.

સ્વ જેઠાલાલભાઈએ સંથારો લઈને પોતાના મનુષ્યભવને સાર્થક અને ઉજ્જવળ કર્યો છે.

એમના આત્માને અવશ્ય સદ્ગતિ પ્રાપ્ત થઈ હશે ! એમના જીવનમાંથી આપણે પ્રેરણા લઈએ એજ અભ્યર્થના ! ❑❑❑

# સ્વ. જેઠાલાલ ઝવેરી

❑ રમણલાલ ચી. શાહ

૧૯૩૦ના જમાનાના વિજ્ઞાન શાખાના ગ્રેજ્યુએટ, સાધનસંપન્ન, દેશ-વિદેશમાં પ્રવાસ કરનાર, સફળ ઉદ્યોગપતિ, પ્રખર તત્ત્વચિંતક, પ્રેક્ષાધ્યાનના આરાધક, જૈન સમાજના એક અગ્રણી એવા શ્રી જેઠાલાલ ઝવેરીએ ૮૩ વર્ષની ઉંમરે સંથારો લઈ ૧૭મી નવેમ્બર, ૧૯૯૩ના રોજ અનશનના ૪૧મા દિવસે સમાધિપૂર્વક દેહ છોડયો. સ્વ. જેઠાલાલ ઝવેરીની એક શ્રાવક તરીકેની અંતિમ આરાધના અત્યંત વિરલ, પ્રેરક અને અનુમોદનીય રહી.

કેટલાક સમય પહેલાં સ્વ. જેઠાલાલભાઈની તબિયત બગડતી જતી હતી. ઉંમરને કારણે તેમને હૃદયરોગની, દમની અને સારણગાંઠની, એમ ત્રણ મોટી બીમારી ચાલુ હતી. એ બીમારીએ જ્યારે ગંભીર સ્વરૂપ પકડયું ત્યારે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં. ૮૩ વર્ષની ઉંમરે આવી ગંભીર બીમારીમાં જેઠાલાલભાઈને એમ લાગ્યું કે પોતાનું શરીર હવે સાધના માટે કશું કામનું રહ્યું નથી, એટલે એમણે સંકલ્પ કર્યો કે હોસ્પિટલમાંથી ઘરે પાછા ચાલ્યા જવું અને શાંતિથી દેહ છોડવો. ઓક્સિજન અને દવાઓ વગર તેઓ એકાદ બે દિવસથી વધારે ટકી નહિ શકે એવી ડોક્ટરની ચેતવણી છતાં જેઠાલાલભાઈ પોતાના નિર્ણયમાં અડગ રહ્યા. તેમને ઘરે લઈ જવામાં આવ્યા. તા. ૫મી ઓક્ટોબર, ૧૯૯૩ના રોજ કુટુંબના સર્વે સભ્યો સમક્ષ એમણે સંથારો લેવાનો પોતનો સંકલ્પ જાહેર કર્યો. પૂ. આચાર્ય તુલસીજી, પૂ. યુવાચાર્ય મહાપ્રજ્ઞજી, પૂ. મહેન્દ્રમુનિ વગેરેની સંમતિ અને આશીર્વાદ મેળવીને તા. ૭મી ઓક્ટોબરે તેમણે પૂ. સાધ્વી શ્રી સોહનકુમારીજી પાસે પચ્ચકખાણ લઈ સંથારો શરૂ કર્યો. 'આ દેહ મને છોડી જાય એ પહેલાં હું દેહને છોડી દેવા ઈચ્છું છું.' એવી ભાવના સાથે તેમનો સંથારો ચાલુ થયો. આશ્ચર્યની વાત તો એ છે કે સંથારો લીધા પછી તેમનો દેહ ભલે થોડો જર્જરિત થયો હતો તો પણ તેમનું મનોબળ અને આત્મબળ વધતું ગયું. તેમણે કુટુંબના સભ્યોને કહ્યું કે 'હું તમારો મોહ છોડી દઉં છું, અને તમારે મારો મોહ છોડી દેવો.' એમનાં પત્ની સૂરજબહેન અને સંતાનો વગેરે પાસે એવો સંકલ્પ કરાવ્યો કે આ ઉત્સવનો પ્રસંગ છે, માટે કોઈએ શોક કે રૂદન કરવાં નહિ, પણ પ્રસન્નતા ધારણ કરવી. એમની સલાહ કુટુંબીજનોએ સહર્ષ સ્વીકારી અને આખો પ્રસંગ ઘણી સારી રીતે પાર પાડયો.

સ્વ. જેઠાલાલભાઈએ સંથારો લેવાનો વિચાર તો પાંચેક વર્ષ પૂર્વે પોતાના જન્મદિને પૂ. આચાર્ય શ્રી તુલસીજીને વંદન કરવા ગયા હતા ત્યારે કરી લીધો હતો. સંથારામાં અન્ન અને પાણીના ત્યાગ દ્વારા દેહને કૃશ કરીને અનુક્રમે છોડી દેવાનો હોય છે. દેહના પાતળા થવા સાથે કષાયોને પણ પાતળા કરી નાખવાના હોય છે. એટલે સ્વ. જેઠાલાલભાઈએ જ્યારથી સંલેખના લેવાનો વિચાર કર્યો ત્યારથી જ દેહના પોષણને ક્રમિક અટકાવવાનો સંકલ્પ કરી લીધો હતો. આરંભમાં દર મહિને એક ઉપવાસ કરવાનું તેમણે ચાલુ કરી દીધું હતું. ત્યાર પછી તે વધારતા જઈને મહિનામાં બે ઉપવાસ, ત્રણ ઉપવાસ એમ તેઓ દસ ઉપવાસ સુધી પહોંચી ગયા હતા. આ રીતે સંથારા માટે તેમણે શારીરિક અને માનસિક એમ બંને રીતે પૂર્વ તૈયારી સારી રીતે કરી લીધી હતી. એ તૈયારી સાથે એમનું શ્રદ્ધાબળ પણ અનોખું વધતું જતું હતું.

અનશનના ૧૯મા દિવસે રાત્રે નવ વાગ્યે અમે સપરિવાર એમનાં દર્શન કરવા ગયાં હતાં. એ વખતે એમના સુપુત્ર શ્રી રશ્મિભાઈ ઝવે[રી] તથા પરિવારના સભ્યો અને દર્શનાર્થીઓ એમની પાસે બેસીને સ્તુતિ, સ્તોત્રો, પદો વગેરે મધુર કંઠે ગાઈ રહ્યાં હતાં. શ્રી જેઠાલાલભાઈ ત્યારે અત્યંત સ્વસ્થ અને પ્રસન્ન હતા. મને તેમની પાસે બેસવાની તક મળી. તેમણે ધર્મ અને તત્ત્વજ્ઞાનની કેટલીક સરસ વાતો કરી. પોતે રાગ રહિત દશામાં રહેવાનો પ્રશસ્ય પુરુષાર્થ કરી રહ્યા હતા. પરિવારના સભ્યો તરફ એમની આસક્તિ રહી નહોતી. તેઓ અત્યંત સ્વસ્થ, શાંત અને આત્મનિમગ્ન હતા. મૃત્યુ માટેની એમની માનસિક તૈયારી પૂરેપૂરી હતી. એ માટે એમનો ઉલ્લાસ ઘણો હતો, કારણ કે આ પ્રસંગ એમને માટે શોકનો નહિ, પરંતુ ઉત્સવનો હતો. એમની સાથે સંથારા વિશે કેટલીક વાતચીત થઈ. તેમણે કહ્યું, ઘરનાં સ્વજનોએ મને વિનંતી કરી હતી કે જો મારી દેવગતિ થાય તો તે પછી મારે દેવ તરીકે કુટુંબની સંભાળ રાખવા કોઈ કોઈ વખત પધારવું, પરંતુ મેં તેઓને કહ્યું હતું કે તમારે મારા તરફથી એવી કોઈ આશા રાખવી નહિ અને મારા પ્રત્યે એવી કોઈ આસક્તિ રાખવી નહિ, કારણ કે હું રાગરહિત રહેવા ઝંખું છું અને તમે પણ સૌ રાગરહિત થાવ એમ હું ઈચ્છું છું.

શ્રી જેઠાલાલભાઈની આવી ઉચ્ચ આત્મદશા જોઈને તેમના પ્રત્યે અમને ખૂબ આદરભાવ થયો હતો.

સ્વ. જેઠાલાલભાઈનો આત્મવિશ્વાસ કેટલો બધો દૃઢ હતો તે બીજા એક પ્રસંગ પરથી પણ જણાય છે. દિવાળીના દિવસો પાસે આ[વી] જતા હતા. એ દિવસોમાં પોતે દેહ છોડે, તો ભલે ઉત્સવરૂપ હોય [તો] પણ બાળજીવોમાં ગમગીની ફેલાય. એટલે જેઠાલાલભાઈએ કુટુંબીજ[નોને] કહી દીધું હતું કે દિવાળીના પર્વની તમે કોઈ ચિંતા કરશો ન[હિ] દિવાળી અને નૂતનવર્ષના દિવસ પછી જ દેહ છોડીશ. અનશ[નના] ત્રીસમા દિવસે પણ આવી દૃઢતાથી કહેવું એમાં એમનું કેટલું આત્મબળ રહેલું હતું તે જણાય છે. ખરેખર એમણે પોતાના સં[કલ્પ] અનુસાર સંવત ૨૦૫૦ની શરૂઆત થયા પછી જ દેહ છોડયો.

સ્વ. જેઠાલાલભાઈનો પરિચય મને મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રેક્ષાધ્યાન વિશે વ્યાખ્યાન આપવા માટે પધાર્યા ત્યારથી થયો હતો. મને એમની સાધના માટે ઘણો આદરભાવ હતો. પ્રેક્ષાધ્યાન એમનો ખાસ રસનો અને અભ્યાસનો વિષય હતો.

સ્વ. જેઠાલાલભાઈ ઝવેરીનો જન્મ કચ્છમાં ભુજ નગરમાં ઈ. સ. ૧૯૧૧ના એપ્રિલની ૧૭મી તારીખે થયો હતો. એમણે અભ્યાસ મુંબઈમાં આવીને કર્યો હતો. ઈ. સ. ૧૯૩૦માં એમણે મુંબઈ યુનિવર્સિટીની B. Sc.ની ડિગ્રી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈને પ્રાપ્ત કરી હતી. આમ તેમણે વિજ્ઞાન શાખાનો અભ્યાસ કર્યો હતો. ગણિત અને ભૌતિક વિજ્ઞાન એમના પ્રિય વિષયો હતા. તેમનની કારકિર્દી તેજસ્વી હતી. ત્યાર પછી તેમણે વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું. ઉત્તરોત્તર પ્રગતિ કરતાં કરતાં તેમણે હિન્દુસ્તાન ટાયર્સ લિમિટેડમાં તથા ભારત બિ[જલી] લિમિટેડમાં મેનેજિંગ ડાયરેક્ટર તરીકે કુશળ કામગીરી બજાવી. તેઓ એક સફળ ઉદ્યોગપતિ રહ્યા હતા. [વ્યવસાયને] નિમિત્તે વ્યાખ્યાનો આપવા માટે તેમણે દુનિયાના ઘણા દૂર દૂરના દેશોનો પ્ર[વાસ] પણ કર્યો હતો. ઈ. સ. ૧૯૭૯માં વ્યવસાયમાંથી તેઓ નિવૃત્ત

(અનુસંધાન પૃષ્ઠ ૧૯મું)

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. લેસરટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.